શ્રી અધ્યાત્મ રત્નમાળા.

(જીવવિચાર, નવતત્ત્વ વિગેરે સાથે.)

પ્રકાશક,

શાહ કેારશીભાઈ વીજપાલ જૈન

કચ્છ મોટા આસંબીઆવાળા, ૭૦ યેાર્ક રેાડ-રંગુન.

આવૃત્તિ ચેાથી. પ્રત ૧૦૦૦.

***

વીર સંવત ૨૪૬૩. ઈસ્વીસન ૧૯૯૩. સન ૧૯૩૬.

☞ પાલીતાણા—શ્રી બહાદુરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમાં
શા અમરચંદ બહેચરદાસે છાપ્યું.

અંચલગચ્છના પ્રવર્તણી સાધ્વીજી શ્રી

હેતશ્રીજી મહારાજ.

શ્રી પી. પ્રેસ–પાલીતાણા.

પ્રકાશકનું નિવેદન.

પરમ પૂજ્ય ઉપાધ્યાય મહારાજશ્રી રવિચંદ્રજી મહારાજના શિષ્ય શ્રી કર્પૂરચંદ્રજી મહારાજના સત્સમાગમનો લાભ મને પ્રથમ સંવત ૧૯૮૩ ના વૈશાખ માસમાં કચ્છપ્રદેશમાં આસંબીઆમાં થયો. આ શાંતમૂર્તિ સાધુવરના સદુપદેશથી મારા ત્રિતાપદગ્ધ ચિત્તને પરમશાંતિ પ્રાપ્ત થઇ. મારા જેવા જીવોને ઉપકારક થાય તેવા મહાત્માઓના વચનામૃતો પુસ્તક રૂપે છપાવી પ્રચાર કરવા મને સ્ફુરણા થતાં શ્રી કર્પૂરચંદ્રજી મહારાજ સંકલિત સૂક્તિ સંગ્રહમાંથી આ પુસ્તકની પ્રથમ આવૃતિ છપાવવામાં આવી હતી. તે આવૃતિ અલ્પ સમયમાં ખેંચાઇ જવાથી અને જીજ્ઞાસુ જનોની માંગણી હોવાથી સંવત ૧૯૮૫ માં બીજી આવૃતિ છપાવવામાં આવી. આ પરમોપકારી વચનામૃતોના પ્રચારની નિષ્કામ મનોકામના ઉત્તરોત્તર ફલવંતી થઈ અને વળી થોડાજ સમયમાં ત્રીજી આવૃતિ છપાવવા પ્રસંગ પ્રાપ્ત થયો, અને જ્ઞાનપિપાસુઓની પિપાસા સંતોષવા સદ્‌ભાગ્યે આ ચોથી આવૃતિ છપાવવાનું પણ બની આવ્યું છે. ત્યારે આ આવૃતિમાં સાધ્વીશ્રીજી શ્રી પુષ્પશ્રીજી રચિત છઢાળીઉં, દીક્ષા આદિના તથા અન્ય સ્તવનો આપવામાં આવ્યાં છે. તદુપરાંત જીવવિચાર, નવતત્ત્વ, દંડક અને લઘુ સંઘયણી વિ. બાળાવબોધ ઉમેરવામાં આવ્યા છે.

આ ચતુર્થ આવૃતિ બહુ અલ્પ સમયમાં અત્યંત કાળજીપૂર્વક શુદ્ધ રીતે છાપી આપી શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણાના શ્રી બહાદુરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસના માલીક સુજ્ઞ અને પ્રવીણ ભાઇશ્રી અમરચંદભાઇએ મને ઉપકૃત કર્યો છે તે ઋણ સ્વીકાર કરી, આ અધ્યાત્મ રત્નમાળારૂપી દીપક આત્મજ્ઞાનના વિકટ પણ કલ્યાણકારી પંથે પ્રયાણ કરનારાઓને કિંચિત્ માર્ગદર્શક થશે એવી શ્રદ્ધ વ્યકત કરી વિરમું છું.

લી૦ ચતુર્વિધ સંઘનો સેવક,
શા કોરશી વીજપાળ.

નિવાપાંજલિ.

પરમોપકારી પૂજ્ય પિતાશ્રી

સ્વર્ગસ્થ રણછોડભાઇને,

સરળતા અને શુચિતા, સમભાવ અને સહાનુભૂતિ સનિષ્ઠા અને સત્યવ્રતત્વ આવા અનેકાનેક ગુણાલંકૃત આત્મા જેમણે અમો સૌ તેના બાળકોને આદર્શો આપી આભારી બનાવ્યા છે, તે અમર-પંથના યાત્રી અમ પિતાને-ઉત્તમ આદર્શોને પોષણ આ પુસ્તક ભક્તિભાવે સસ્નેહ સમર્પી કૃતાર્થતા અનુભવીએ છીએ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઉપકૃત બાળક
શાંતિલાલ.

સાદર સમર્પણ.

પ્રત્યુષ સ્મરણીય અ. સૌ. સ્વ. પ્રિય પૂજ્ય વડિલ માતુશ્રી

રતનબાઈના પવિત્ર ચરણોમાં.

સ્થૂલદેહે આપ દૃષ્ટિ સમીપ નથી પરંતુ આપની અપત્યવત્સલતાનું સ્મરણ જેને રોમાંચિત કરી રહેલ છે તેવો હું આપના અનેકાનેક ઉપકારોને યાદ કરી આપના અગણિત ગુણોનું યથાશક્ય અનુકરણ કરવા પ્રયત્નશીલ રહું છું.

વૈભવ છતાં સાદાઈ, પરભોમમાં નિવાસ છતાં કુલાચાર પાલન અને નમ્રતા, ક્ષમા, દયા અને આસ્થાએ આપનું સ્થાન અમારા હૃદયમાં અવિચલિત રાખ્યું છે.

આપના નિઃસીમ અને નિઃસ્વાર્થ પ્રેમનો પુરસ્કાર વળી શું ? પરંતુ માનવ સુલભ વૃત્તિથી પ્રેરાઈ, આપના નિત્યસ્મરણ સારૂ આ અધ્યાત્મ રત્નમાળા (ચતુર્થ આવૃત્તિ) સાદર સમર્પું છું અને આપના ધર્મપરાયણ અમરાત્માને સદા સર્વદા શાંતિ હો એવી આંતરિક પ્રાર્થના સહ વિરમું છું.

આપનું સદા સ્મરણ કરતો પૌત્ર,
શાંતિલાલ રવજીભાઈ.

અ૦ સૌ૦ સ્વર્ગસ્થ શ્રીમતી રતનબાઇનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

આ ચરિત્રના નિરૂપ્ય શ્રીમતી રતનબહેનનો જન્મ કચ્છમાં ભિદડા ગામમાં સંવત ૧૯૩૬ માં થયો હતો. તેમના પિતા શેઠ લાધાભાઇ તથા માતુશ્રી માંકબાઈ. કચ્છમાં કન્યા કેળવણીનો પ્રચાર તે સમયમાં તો નહી જેવો હોઈ, રતન બ્હેનનો શાળામાં અભ્યાસ નામનોજ હતો પરંતુ સરલ હૃદયી ગુણાનુરાગી રતન બ્હેનને ધર્મની આસ્થા અને ઉત્તમ વિચારોનું શિક્ષણ કુટુંબમાં મળી રહ્યા.

સંવત ૧૯૪૯ માં ૧૩ વર્ષની વયે તેમનુ લગ્ન કચ્છમાં આસંબીઆ નિવાસી શેઠ વીજપાલ ભાઇના સુપુત્ર કેારશીભાઈ સાથે થયા. કેારશી ભાઇનું વય તે વખતે ૨૦ વર્ષનું હતું. શેઠ વીજપાલભાઇ સરલ પ્રકૃતિના ધર્મ પરાયણ અને પ્રમાણિક હતા. તેમના આ સદ્‌ગુણો સર્વાંશે તેમના સુપુત્ર કેારશીભાઇમાં ઉતરી આવ્યા હતા. કેારશીભાઇના માતુશ્રી હીરબાઈ પણ ઉદારચિત્ત અને દયાવાન હતા. માતાના આ સદ્‌ગુણી પુત્ર કેારશી ભાઈમાં ઉતર્યા. કેારશીભાઇએ રંગુનમાં રહી એક ધૈર્યશીલ, સાહસિક અને પ્રમાણિક વ્યાપારીની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી અને સ્વોપાર્જિત દ્રવ્યનો અનેક શુભ અને પરમાર્થી કાર્યોમાં–વિશેષે કરી જ્ઞાન પ્રચારમાં સદુપયોગ કરી રહ્યા છે.

રતનબ્હેનને સંવત ૧૯૫૩ માં રંગુનમાં આવવું બન્યું. રંગુનમાં આવી અભ્યાસ શરૂ કર્યો ! સાથેાસાથ નિત્યની ક્રિયાઓતો ભક્તિભાવ પૂર્વક કર્યા કરતા હતાજ. શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યે એમની અનન્ય ભક્તિ હતી. રતનબ્હેનને એક પુત્ર રવજીભાઇ અને એક પુત્રી પાનબાઇ સાંપડયા. વૈભવ હોવા છતાં સાદું જીવન ગાળનાર,

નિરભિમાની, ધર્મ પરાયણ, વિધાવ્યાસંગી આ આદર્શ કુટુંબ ચૌદિશ સુવાસ ફેલાવી રહ્યું.

યથા સમયે રવજીભાઇના લગ્ન થયા અને પિતાના બહોળા વ્યાપારમાં પોતાની લાક્ષણિક પ્રવીણતાથી આગળ વધ્યા. રવજીભાઈના સુપુત્ર શાંતિલાલભાઇ અને પુત્રીઓ. ચી. સુંદરબાઈ, કેસરબાઇ નિર્મળાબાઈ, રૂક્ષ્મણીબાઈ અને જયવંતીબાઈ. શાંતિલાલભાઇને ત્યાં તા. ૨૦–૧૦–૧૯૩૫ ના રોજ પુત્ર રત્ન પ્રાપ્તિ થઇ છે અને તેનું નામ હેમચંદ્ર રાખવામાં આવ્યું છે.

રતન બ્હેન આ બહોળા કુટુંબના અધિષ્ઠાત્રી દેવી હતા. પુત્રી પાનબાઈ તથા પૌત્રીઓને ઉચ્ચ સંસ્કાર પાડવા સદાય તત્પર રહેતા અને પોતે આધુનિક કેળવણીથી વંચિત રહેલા પરંતુ આધુનિક કેળવણીના સુંદર તત્ત્વ ગ્રાહ્ય કરેલા તેથી પોતાના પરિવારને યોગ્ય કેળવણી આપવા આગ્રહ રાખતા.

ધર્મપરાયણ શ્રદ્ધાળુ રતન બ્હેને શ્રી શત્રુંજય શ્રી ગિરનાર અને શ્રી સમેતશિખરજીની મોટી યાત્રાઓ કરી અને અનેક શ્હેરો અને ગામોના જિનાલયોના દર્શન કરી કૃતાર્થ થયા.

રતનબ્હેનના બે વિશિષ્ઠ લક્ષણો હતા. પરોપકાર વૃત્તિ અને વડિલો તરફ પૂજ્યભાવ. દીન હીન જનોને અન્ન અને વસ્ત્ર આપવા એ તેમનો નિત્ય ક્રમ હતો. વડિલો તરફનો પૂજ્યભાવ એટલો પ્રબળ હતો કે પોતે છેલ્લા દેશમાં આવ્યા ત્યારે તેમણે પોતાના પૂજ્ય સાસુમા હીરબાઇના ચરણો ધોઈ પીધાં હતાં.

સંવત ૧૯૮૩ માં રતનબહેનને કચ્છમાં સ્વજનના લગ્ન પ્રસંગે જવાનું થયું. ત્યાં થોડા દિવસની માંદગી ભોગવી તેમણે સંવત ૧૯૮૩ ના વૈશાખ શુદિ ૧૪ ને શનિવારે સ્થૂલદેહનો ત્યાગ કર્યો. જ્યારે પોતાને એમ લાગ્યું કે હવે આ સ્થૂલદેહ ટકશે નહી ત્યારે રતનબહેને સર્વ કુટુંબીજનોને હૃદયથી ખમાવ્યા અને અંતસમયે

માયાનું આવરણ અલગુ કરી, મૃત્યુના આગલે દીવસે અમુક પરિવારને પોતે બિદડા હતા ત્યાંથી આસંબીએ મોકલી દીધાં!

રતનબહેન કોરશીભાઇના ઘરનો જવલંત રત્નદીપક હતો. તે કાળને વશ ઓલવાયો પરંતુ ધૈર્યવાન કોરશીભાઇએ આ પ્રસંગે અનુકરણીય શાંતિ રાખી અને પોતાની સદ્‌ગત સુશીલ પત્નીના સ્મરણાર્થે પરોપકારી કામ આરંભ્યા. કોરશીભાઇ શેઠે કચ્છ આસંબીઆમાં જૈનપાઠશાળા તથા ઈંગ્લીશ સ્કૂલ ખોલી અને રૂપીઆ દશ હજાર આપ્યા, આ સંસ્થામાં વિદ્યાર્થીઓ ગુજરાતી, ઇંગ્લીશ, વ્યવહારિક શિક્ષણ લે છે તથા ધાર્મિક અભ્યાસ સુંદર રીતે કરાવવામાં આવે છે. આ સંસ્થા દિનપ્રતિદિન પ્રગતિ કરતી રહેતાં તેના નિભાવ અર્થે વિશેષ રકમ આપવા શેઠ કોરશીભાઇ ઇચ્છા ધરાવે છે. આસંબીઆ ગામ બહાર નદી કીનારે સોનાપુર (પ્રભ) આશરે સવાસો માણસો બેસી શકે તેવો હોલ રૂપીઆ પર૦૧) ના ખર્ચે બંધાવી આસંબીઆના શ્રીસંઘને અર્પણ કર્યો છે. આ હોલને પ્રભ નામ આપી તા. ૧૪–૫–૧૯૨૭ ની તારીખનો શિલાલેખ રતનબહેના સ્મરણાર્થે મૂકવામાં આવ્યો છે.

રતનબહેનના સ્મરણાર્થે ઉત્તમ પુસ્તકોના પ્રચારની યોજના કરવામાં આવી છે. મૂળ તો શ્રીમાન્ કોરશીભાઈની જ્ઞાન પ્રચાર કરવાની વૃત્તિ છે. ઇ. સ. ૧૯૦૧ માં પ્રખ્યાત જૈન વિચારક વાડીલાલ મોતીલાલ શાહકૃત, મધુમક્ષિકા અને સતી દમયંતી નામના બે પુસ્તકોની બસોહ બસોહ પ્રત ખરીદી વિના મૂલ્યે વહેંચવામાં આવી હતી. અમે અન્ય લેખકોના પુસ્તકોની હજારો પ્રતો વિના મૂલ્યે વહેંચી હતી, આ રીતે શેઠ કોરશીભાઈની જ્ઞાન પ્રચારની યોજના અનુસાર સ્વર્ગસ્થ રતનબાઇના સ્મરણાર્થ "પવિત્રતાને પંથે યાને અઢાર પાપ સ્થાનકમાંથી નિવૃત્ત થવાનો માર્ગ" એ નામના પુસ્તકની ૫૦૦ પ્રત છપાવીને વહેંચવામાં આવી, તથા

શ્રી સ્તંભનતીર્થ પાર્શ્વનાથ ચરિત્રની ૨૫૦ પ્રત તથા અઝાહરા પાર્શ્વનાથની ૨૫૦ પ્રત ભાવનગરની જૈન સસ્તી વાંચનમાળા સંસ્થા પાસેથી ખરીદી વિના મૂલ્યે જ્ઞાનપિપાસુઓને વહેંચવામાં આવી છે. અને તેજ રીતે શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથની ૨૫૦ પ્રતો છપાવી વહેંચી છે.

શ્રી અધ્યાત્મ રત્નમાળાની પ્રથમ આવૃતિ રતનબહેનના સ્મરણાર્થ છપાવવામાં આવી હતી. સંવત ૧૯૮૫ માં આ ઉત્તમ પુસ્તકની બીજી આવૃતિ છપાવવા સુયોગ પ્રાપ્ત થતાં બીજી આવૃતિમાં બેન પાનબાઈની શુભેચ્છાથી ભક્તામર, કલ્યાણમંદિર. રત્નાકર પચ્ચીશી અને અષ્ટાદશ સૂત્રો પણ તેમાં ઉમેરવામાં આવ્યા. ક્રાળક્રમે ત્રીજી આવૃતિ છપાણી અને અધુના આ ચતુર્થ આવૃતિ છપાવવાનો સુયોગ પ્રાપ્ત થયો છે. આ અધ્યાત્મ રત્નમાળા, શ્રાવિકારત્ન રત્નબહેનનું સુયોગ્ય સંસ્મરણ રહે એવી અભિલાષા પ્રદર્શિત્ત કરી, રત્નબહેનના પવિત્ર અમરાત્માની શાશ્વત શાંતિ ઈચ્છીએ છીએ. શ્રીમાન્ શેઠ કોરશીભાઇના વિદ્યાવ્યાસંગી ગુણાનુરાગી કુટુંબમાં જ્ઞાન પ્રચાર કરવાની જ્યોત જવલંતજ રહે છે. તેમના પૌત્ર શ્રીયુત શાંતિલાલભાઇએ " આર્યધર્મ " પુસ્તકની બે હજાર પ્રત, " મૃત્યુના મ્હોંમાં અથવા અમરતલાલનું અઠવાડિયું " અને " મસ્તવિલાસ " નામના પુસ્તકોની એક એક હજાર પ્રત વિનામૂલ્યે વહેંચવા છપાવવામાં આવી છે.

સદ્‌ગુણી સદ્‌ભાગી રતનબહેન સ્વર્ગવાસી થયા પછી શેઠ કોરશીભાઇના કુટુંબમાં ભારે દુઃખકારક બનાવ બન્યો. શેઠ કોરશીભાઈના સુપુત્ર શેઠ રવજીભાઇનું સાડત્રીશ વર્ષની યુવાનવયે, સંવત ૧૯૮૯ ના માહ શુદી ૨ ના રોજ અકાળે અવસાન થયું.

સ્વર્ગસ્થ રવજીભાઇએ પોતાના સચ્ચારિત્રથી સારી સુવાસ ફેલાવી હતી. ગર્ભશ્રીમંત, વિદ્યાનુરાગી અને ચારિત્ર્યશીલ કુલના

શેઠ કેારસીભાઇના હાથે સાર્વજનિક કાર્યોમાં કેાઇપણ જાતના ભેદ-ભાવ વિના સારી સખાવતો થવા પામી છે. પાલીતાણામાં રૂપીઆ ૧૪૦૦૦) ખર્ચી નવી ધર્મશાળા બંધાવી છે. બંગાળામાં વીર નિર્વાણની ભૂમિ પાવાપુરીમાં પણ રૂપીઆ ૧૪૦૦૦) ના ખર્ચે જૈન ધર્મશાળા બંધાવી છે. કચ્છ મોટા આસંબીઆમાં જૈનપાઠ-શાળા અને ઇગ્લીશ સ્કૂલ સ્થાપ્યા છે, તથા સોનાપુર અને ભવ્ય હોલ બંધાવ્યા છે. ચંપાપુરીમાં રૂપીઆ ૬૫૦૦) ના ખર્ચે અને રાજગ્રહીમાં રૂપીઆ ૫૫૦૦) ના ખર્ચે જૈન ધર્મશાળાઓ બંધાવી છે. શ્રી અયોધ્યામાં પંચમ પ્રભુ સુમતિનાથનું કલ્યાણુક દેરાસર અને એક મોટો હોલ બંધાવ્યા છે. તદુપરાંત અજીમગંજ જૈનપાઠશાળામાં અને મોમીનાબાદ વિદ્યાશાળા, રંગુન આર્યસમાજ ધર્મશાળા, રંગુન ગુજરાતી સ્કૂલ, જવાલાપુર (હિમાલય) કન્યાશાળા, અમરેલી વ્યાયામ મંદિર, ભીલ કેામના બાળકેાની શિક્ષણ સંસ્થા શ્રી ઘાટ-કેાપર સાર્વજનિક જીવદયા ખાતું—આ તમામ સંસ્થાઓને શ્રીમાન્ શેઠ કેારશીભાઇ અને તેમના સ્વર્ગવાસી સત્પુત્ર રવજીભાઈની ઉદાર-વૃત્તિની સખાવતનો વધુ ઓછે અંશે લાભ મળ્યો છે. આવા સચ્ચરિત્રશાળી ઉદારચિત્ત સુપુત્રનું ભરયુવાનવયે અકાળ અવસાન થતાં આ આદર્શ જણાતા કુટુંબ ઉપર ભારે વિપત્તિ આવી પડી પરંતુ ધૈર્યવાન્ અને અવિચલ આસ્થાવાળા કુટુંબે તે દુઃખ શાંતિથી સહ્યું છે. સ્વર્ગવાસી રવજીભાઇના અમરાત્માને અખંડ શાંતિ મળે એવી અત્ર પ્રાર્થના છે.

શ્રીમાન્ શેઠ કેારશીભાઇના પુત્રીરત્ન પાનબાઇમાં બાળપણથીજ ઉત્તમ સંસ્કારોનું સીચન થયું હતું. માતુશ્રી રતનબાઈની ધર્મપરા-યણતાએ પાનબાઇમાં ઉંડા મૂળ નાખ્યા અને નાની વયમાંથી પાનબાઇએ સંસારનો દુર્જય મોહ તજી દીક્ષા લેવાના વિચારો કરવા માંડયા. પોતાના એક માત્ર બંધુ રવજીભાઇના અકાળ અવસાનથી દુઃખિત અંતઃકરણવાળા પાનબાઇએ મિથ્યા કલેશ ન કરતાં, તીવ્ર

અંચલગચ્છના પ્રવર્તણી સાધ્વીજી શ્રી હેતશ્રીજી
મહારાજના શિષ્યા સાધ્વીજી શ્રી

પુષ્પાશ્રીજી મહારાજ.

જન્મ સં. ૧૯૫૬.
રંગુન.

દિક્ષા સં. ૧૯૯૦.
કચ્છ આસંબીઆ મોટા.

વૈરાગ્યના ઉદયથી, દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. સંબંધીઓએ મધુર-વાણીથી દીક્ષા ન લેતાં ઘરે બેઠા ધર્મધ્યાન કરવા કહ્યું પરંતુ પોતે બધાને યોગ્ય સમાધાનકારક ઉત્તરો આપ્યા અને પોતાના નિશ્ચયમાં સ્થિર રહ્યા અને સંવત ૧૯૯૦ ના ફાગણ શુદી ૫ ને રવીવારના શુભદીને શાન્તમૂર્તિ ઉપાધ્યાય શ્રી રવિચંદ્રજી મહારાજનાં સંઘાડામાં સાધ્વીજી શ્રી હેતશ્રીજી મહારાજ પાસે ભાગ્યવંતી પ્રવ્રજ્યા અંગીકાર કરી. દીક્ષા ત્રણ પ્રકારની હોય છે, જ્ઞાનગર્ભિત, સુખગર્ભિત અને દુઃખગર્ભિત. આ પ્રકારોમાં જ્ઞાનગર્ભિત દીક્ષા ઉત્તમોત્તમ છે. જ્ઞાનના પ્રકાશથી પૂર્ણ સમજી વિચારી પાનબાઇએ પોતાના પીઢ અને પ્રવીણ પિતા કેરશીભાઇની સંમતિ અને શીતક છત્ર નીચે, ભારે વૈભવો-માંથી સ્વયં તત્પર થઈ, ગુરૂજનને ઉત્કૃષ્ટ ભાવ પ્રદર્શિત કરી, મુહૂર્ત લેવા વિનંતિ કરી. દીક્ષા દુઃખના કારણે લેવાય એવો લોકમત અણસમજણ ભરેલો દર્શાવી આ જ્ઞાનગર્ભિત દીક્ષાના મંગળમુહૂર્ત લેવાયા અને પાનબાઇએ સાધ્વી શ્રી પુષ્પશ્રીજી નામાભિધાન કર્યું. આ દીક્ષા પ્રસંગે ત્રિગઢગઢ, ચૌમુખ પ્રભુજી, રૂપાના અશોકવૃક્ષ પ્રાતિહાર્ય સહિત આસંબીઆમાં અર્પણ કર્યા અને મોટી ધામ-ધૂમ સાથે અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયો. કંઠી અભડાસાદિ ૩૨ ગામોને આમંત્રણ આપવામાં આવ્યા. ઘણાં પ્રદેશમાં કેરશીભાઇનું કુટુંબ અને દીક્ષાજીજ્ઞાસુ સુપરિચિત આત્માને લઇને ઘણો જનસમાજ આ મંગળ મહોત્સવમાં ભાગ લેવા આવ્યો. બીદડાના શ્રીયુત જીવરાજભાઇ અને રાયણના માસ્તર સાહેબે ભાવપૂર્ણ ભાષામાં પ્રવચન કર્યા અને મંગલ વાદ્ય સહિત અભિવાદન થઇ આ મંગલ કાર્ય સંપૂર્ણ થયું.

સ્વર્ગસ્થ રતન ભાઇના આ સંક્ષિપ્ત જીવન ચરિત્રમાં તેમના સુપુત્ર સ્વર્ગસ્થ રવજી ભાઇની જીવન કલાનો નિર્દેશ કરી અને તેમના સત્પુત્રી સાધ્વીજી શ્રી પુષ્પશ્રીજીના ભગવતી દીક્ષા અંગીકારનું સંક્ષિપ્તે વર્ણન કરી છેવટે સ્વર્ગસ્થોના અમરાત્માને અખંડ શાંતિ મળે એવી હાર્દિક પ્રાર્થના કરવામાં આવે છે.

વાચક વર્ગને સૂચના.

આ પુસ્તક છાપવા માટે અત્યંત લક્ષ રાખવામાં આવ્યું છે. છતાં દૃષ્ટિ દોષથી કોઈકિ ભૂલો રહી ગઈ હોય, તો તે સુધારી વાંચવા વિનંતી છે. (ભૂલો સુચવનારનો આભાર થશે.)

આ પુસ્તકને રખડતું મુકી જ્ઞાનની આશાતના ન કરવા ખાસ ભલામણ છે.

—પ્રકાશક.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.
શ્રી નવકારનો છંદ	૧
શ્રી યશોવિજયજીકૃતસવાસોગાથાનું શ્રી સીમંધરસ્વામીનું સ્તવન	૪
શ્રી આનંદઘનજીકૃત ચોવીસી	૧૭
શ્રી દેવચંદ્રજીકૃત ચોવીસી	૪૩
શ્રી યશોવિજયજીકૃત ચોવીસી	૭૦
શ્રી સ્વરૂપચંદ્રજીકૃત ચોવીસી	૮૭
શ્રી દેવચંદ્રજીકૃત ચોવીસી	૧૦૭
શ્રી રવિચંદ્રજી મહારાજ કૃત ચોવીશી	૧૨૮
શ્રી સ્તવન સંગ્રહ ... ... ૧૫૭ થી	૨૩૮
આઠ દૃષ્ટિની સઝાય	૨૩૯
પંચભાવનાની સઝાય	૨૪૮
શ્રી પ્રભંજનાની સઝાય	૨૫૭
સમ્યકત્વના સડસઠ બોલની સઝાય	૨૬૨
વીસ અસમાધિની સઝાય	૨૭૧
સ્યાદ્વાદની સઝાય	૨૭૨
એકવીશ સબળની સઝાય	૨૭૪
દેવચંદ્રજીકૃત અષ્ટ પ્રવચનની સઝાયો	૨૭૬
બાર ભાવનાની સઝાય	૨૮૯
પુણ્યપ્રકાશનું સ્તવન	૩૦૩
શ્રી યશોવિજયજીકૃત સાડાત્રણસો ગાથાનું સ્તવન ...	૩૧૩
શ્રી ગોડી પાર્શ્વનાથજીનું પંચઢાળીઉં	૩૪૭
શ્રી મહાવીરસ્વામીના પાંચ કલ્યાણકનું ચોઢાળીઉં ...	૩૫૨

વિષય.	પૃષ્ઠ.
જ્ઞાનનું ચોઢાળીઉં	૩૫૯
ચંદનબાળાનું ત્રોઢાળીઉં	૩૬૪
નારકીનું છ ઢાળીઉં	૩૬૮
આદિનાથજીનું ચોઢાળીયું	૩૭૨
શ્રી ચોવીશ દંડકનું અઠાવીશદ્વારનું સ્તવન	૩૭૫
શ્રી વૈકુંઠ પંથ	૩૮૫
શ્રી નાની આરાધના	૩૯૦
શ્રી જીવ રાશીની સઝાય	૩૯૪
જીવા પાંત્રીસી	૩૯૭
ગર્વની સઝાય	૪૦૦
વૈરાગ્ય પચવીસી સઝાય	૪૦૨
ક્ષમા છત્રીસીની સઝાય	૪૦૪
ચિત્ત અને બ્રહ્મદત્તની સઝાય	૪૦૮
જીવદયાની સઝાય...	૪૧૦
કર્મ પચીશીની સઝાય	૪૧૧
મન ભમરાની સઝાય	૪૧૩
સોળ સતીઓની સઝાય	૪૧૫
સદ્ભકત્યા દેવ લોકે ચૈત્યવંદન	૪૧૬
સુગુરૂ પચીશી	૪૧૭
ગૌતમ સ્વામીનો રાસ	૪૨૦
મોટા આસંબીઆના દેરાસરનું સ્તવન...	૪૨૭
વૃદ્ધિવિજયજીકૃત દશ વૈકાલીકની સઝાય	૪૨૮
શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષનો છંદ	૪૪૦
શ્રી બૃહત શાન્તિ સ્તોત્રમ્	૪૪૨
શ્રી લઘુશાન્તિ સ્તવઃ	૪૪૫

વિષય.	પૃષ્ઠ.
શ્રી પાર્શ્વજીન સ્તુતિ	૪૪૭-૪૮
શ્રી સરસ્વતી સ્તોત્ર	૪૪૯
શ્રી ચતુર્વિંશતિ જિન સ્તુતિ	૪૫૦
શ્રી સામાન્ય જિન સ્તુતિ	૪૫૩
શ્રી સિદ્ધાચળ વર્ણન	૪૫૪
શ્રી રવિચંદ્રજી મહારાજ કૃત સ્તુતિ સંગ્રહ ...	૪૫૬-૪૬૬
શ્રી ઉતરાધ્યયન સૂત્રની સજાય	૪૬૭
શ્રી પરચુરણ સજાય સંગ્રહ	૪૭૩-૫૦૯
શ્રી પચ્ચખાણો	૫૧૦-૫૧૪
શ્રી દશવૈકાલીક અધ્યયન	૫૧૫
શ્રી સુરનર કીન્નર ચૈત્યવંદન	૫૧૯
શ્રી પંચતીર્થીનું સ્તવન	૫૧૯
શ્રી ॐ નમો જંબુદ્વીપે	૫૨૦
શ્રી વીરજીનના ચઉદ સ્વપ્નનું સ્તવન...	૫૨૧
શ્રી મહાવીર સ્વામીનું હાલરડું	૫૨૩
શ્રી શોભનમુનિકૃત સંસ્કૃત સ્તુતિ	૫૨૫-૫૪૬
શ્રી ભકતામર સ્તોત્ર	૫૪૭
શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર	૫૫૨
શ્રી રત્નાકર પચીશી	૫૫૭
શ્રી ભકતામર સ્તોત્ર ભાષાંતર	૫૫૯
શ્રી કલ્યાણમંદીર સ્તોત્ર ભાષાંતર	૬૬૫
શ્રી રત્નાકર પચીશી ભાષાંતર	૫૭૨
શ્રી જ્ઞાનબોધ છંદ...	૫૭૬
શ્રી સાધુ વંદના તથા વૈરાગ્યમયપદો	૫૭૮
શ્રી આદિજીનને વિનતિ	૫૮૫

વિષય.	પૃષ્ઠ.
શ્રી ઋષભનાથજીન સ્તવન	૫૮૭
શ્રી માનસરના મોતી	૫૮૮
હે પ્રભુ હે પ્રભુ	૫૮૯
શ્રી આદિનાથ જિન સ્તવન...	૫૯૧
શ્રી જીવવિચાર મુળ તથા અર્થ સાથે	૫૯૩
શ્રી નવતત્ત્વ મૂળ તથા અર્થ સાથે	૬૧૦
શ્રી દંડક મુળ તથા અર્થ સાથે	૬૩૬
શ્રી લઘુ સંઘયણી મુળ તથા અર્થ સાથે	૬૫૪
શ્રી જીવવિચાર બાળાવબોધ...	૬૬૬
શ્રી નવતત્વ બાળાવબોધ	૬૭૪
શ્રી દંડક બાળાવબોધ	૭૦૬
શ્રી લઘુ સંઘયણી બાળાવબોધ	૭૨૫
શ્રી પુષ્પમાળાના વિધવિધ છુટા પુષ્પોનો સંગ્રહ	૭૪૪–૭૭૮
શ્રી મલ્લીપ્રભુ સ્તવન	૭૭૬
શ્રી મહાવીર પ્રભુ સ્તવન	૭૭૬
શ્રી જન્મ મરણ સંબંધી સૂતક વિચાર ...	૭૮૦–૭૮૪
શ્રી વિહાર દર્શક ગામોની નામાવલી...	૭૮૫
છઠ્ઠા આરાની સજ્ઝાય	૮૦૪

अध्यात्म रत्नमाळा.

ॐ श्री अर्हद्भ्यो नमः । श्री सिद्धेभ्यो नमः ।
श्री आचार्येभ्यो नमः । श्री उपाध्यायेभ्यो नमः ।
श्री साधुभ्यो नमः ।

श्री नवकारनो छंद.

दोहा.

वंछित पूरे विविध परें श्री जिन शासन सार; निश्चे श्री नवकार नित, जपतां जय जयकार. ॥ १ ॥ अडसठ अक्षर अधिक फल, नवपद नवे निधान; वीतराग स्वयं-मुख वदे, पंच परमेष्टि प्रधान. ॥ २ ॥ एकज अक्षर एक चित्त, समर्या संपत्ति थाय; संचित सागर सातनां, पातक दूर पलाय. ॥ ३ ॥ सकलमंत्र शिर मुकुट मणी, सद्गुरु भाषित सार; सो भविया मन शुद्धशुं, नित जपीये नवकार. ॥ ४ ॥ " छंद हाटकी. " नवकार थकी श्रीपाल नरेशर, पाम्यो राज्य प्रसिद्ध; समशान विषे शिवनाम कुंभरने, सोवन पुरिसो सिद्ध. नव लाख ज-पंता, नरक निवारे, पामे भवनो पार; सो भवियां भत्ते चोखे चित्ते, नित्य जपीये नवकार. ॥ ५ ॥ आंधी वड शाखा शिंके बेसी, हेठल कुंड हुताश; तस्करने मंत्र स-

મધ્યેા શ્રાવકે, ઝડયેા તે આકાશ; વિધિ રીત જપ્યેા વિષધર વિષ ટાલે, ઢાલે અમૃતધાર સેા૦ ॥ ૬ ॥ બીજોરાં કારણ રાય મહાબલ, વ્યંતર દુષ્ટ વિરોધ; જેણે નવકારે હત્યા ટાલી, પામ્યેા યક્ષ પ્રતિબોધ; નવ લાખ જપતાં થાએ જિનવર, ઇસ્યેા છે અધિકાર. સેા૦ ॥ ૭ ॥ પદ્મિપતિ શીખ્યેા મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધ; પરભવ તે રાજસિંહ પૃથ્વીપતિ, પામ્યેા પરિગલ રિદ્ધ; એ મંત્ર થકી અમરાપુર પહેાતેા, ચારૂદત્ત સુવિચાર. સેા૦ ॥ ૮ ॥ સંન્યાસી કાશી તપ સાધંતેા, પંચાગ્નિ પર જાલ; દીઠેા શ્રી પાર્શ્વ કુમારે પન્નગ, અધબલતેા તે ટાલ; સંભલાવ્યેા શ્રી નવકાર સ્વયંમુખ, ઇંદ્રિભૂવન અવતાર. સેા૦ ॥ ૯ ॥ મન શુદ્ધે જપતાં મયણા સુંદરી, પામી પ્રિય સંયેાગ; ઇણ ધ્યાને કષ્ટ ટલ્યું ઉંબરનું, રક્તપિત્તના રેાગ; નિશ્ચે શું જપતાં નવનિધિ થાયે, ધર્મ તણેા આધાર. સેા૦ ॥ ૧૦ ॥ ઘટમાંહિ કૃષ્ણ ભુજંગમ ઘાલ્યેા, ધરણી કરવા ઘાત; પરમેષ્ઠિ પ્રભાવે હાર કુલનેા, વસુધામાં વિખ્યાત; કમલાવતીયે પિંગલ કીધેા, પાપ તણેા પરિહાર. સેા૦ ॥ ૧ ॥ ગયણાંગણ જાતિ રાખી ગ્રહીને, પાડી બાણ પ્રહાર; પદ પંચ સુણંતા, પાંડુ પતિ ઘર; તે થઇ કુંતા નાર; એ મંત્ર અમૂલખ મહીમા મંદિર; ભવ દુઃખ ભંજણહાર. સેા૦ ॥ ૧૨ ॥ કમલને સંબલ કાદવ કાઢયાં, શકટ પાંચશે માન; દીધે નવકારે ગયા દેવલેાકે, વિલસે અમર વિમાન; એ મંત્ર થકી સંપ્રતિ વસુધા તલે, વિલસે જૈન વિહાર. સેા૦ ॥ ૧૩ ॥

આગે ચોવીશી હુઇ અનંતિ, હોશે વાર અનંત; નવકાર તણી કોઇ આદિ ન જાણે; ઇમ ભાંખે અરિહંત; પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યા સંપત્તિ સાર. સો૦ ।। ૧૪ ।। પરમેષ્ટિ સુરપદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર; પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખ્યો, મણિધરને એક મોર; સદ્‌ગુરૂને સન્મુખ વિધિ સમરંતા, સફલ જન્મ સંસાર. સો૦ ।। ૧૫ ।। શુલીકારોપણ તસ્કર કીધો, લોહખરો પ્રસિદ્ધ; તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની ઋદ્ધ; શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યા, સુરે કરી મનોહાર. સો૦ ।। ૧૬ ।। પંચ પરમેષ્ટિ જ્ઞાન જ પંચ, પંચદાન ચારિત્ર; પંચ સઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત; પંચ પ્રમાદ વિષય તજે પંચ, પાળો પંચાચાર. સો૦ ।। ૧૭ ।। “ કલશ છપ્પય ” નિત જપીયે નવકાર, સાર સંપતિ સુખ દાયક; શુદ્ધ મંત્ર એ શાશ્વતો, ઇમ જપે શ્રી જગનાયક. શ્રી અરિહંત સુસિદ્ધ, શ્રી આચાર્ય ભણી જે, શ્રી ઉવજ્ઝાય સુસાધુ પંચ પરમેષ્ટિ સુણીજે, નવકાર સાર સંસાર છે, કુશલ લાભ વાચક કહે; એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વંછિત લહે. ।। ૧૮ ।। ઇતિ સંપૂર્ણ.

શ્રી યશોવિજયજી કૃત સવાસો ગાથાનું શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

।। ઢાલ પહેલી ।।

એક દિન દાસી દોડતી ।। એ દેશી ।।

સ્વામિ સીમંધર વિનતી, સાંભલેો માહરી દેવરે; તાહરી આણ હું શિર ધરૂં, આદરૂં તાહરી સેવરે, સ્વામિ સીમંધર વિનતી૦ ।। ૧ ।। કુગુરૂની વાસનાપાશમાં, હરણિ પરે જે પડ્યા લેાકરે; તેહને શરણ તુજ વિણ નહીં ટલવલે બાપડા ફેાકરે. સ્વામિ૦ ।। ૨ ।। જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે; લુંટે તેણે જન દેખતાં, કિંહા કરે લેાક પેાકારરે. ।। સ્વામિ૦ ।।૩।। જેહ નવિ ભવ તર્યા નિરગુણી, તારશે કેણી પરે તેહરે; એમ અજાણ્યા પડે ફંદમાં, પાપ બંધે રહ્યા જેહરે. સ્વામિ૦ ।। ૪ ।। કામ કુંભાદિક અધિકનું, ધર્મનું કેા નવિ મૂલ રે; દેાકડે કુગુરૂ તે દાખવે, શું થયું એ જગ શુલ રે. ।। સ્વામિ૦ ।। ૫ ।। અર્થની દેશના જે દીએ, ઓલવે ધર્મના ગ્રંથ રે; પરમ પદનેા પ્રગટ ચેારથી, તેહથી કેમ વહે પંથ રે. ।। સ્વામિ૦ ।। ૬ ।। વિષય રસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરૂ મદ પૂર રે; ધુમ ધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે. ।। સ્વામિ૦ ।। ૭ ।। કલહ કરી કદાગ્રહ ભર્યાં, થાપતા આપણા બેાલ રે; જિન વચન અન્યથા દાખવે, આજતેા વાજતે ઢેાલ રે. સ્વામિ૦ ।।૮।। કેઇ નિજ દેાષને ગેાપવા, રેાપવા કેઇ મત કંદ રે; ધ-

મંની દેશના પાલટે, સત્ય ભાષે નહિ મંદ રે ।। સ્વામી૦ ।। ૯ ।। બહું મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસ રે; ઢુંઢતા ધર્મને તે થયા, ભમર જેમ કમલની વાસ રે. ।। સ્વામિ૦ ।। ૧૦ ।।

।। ઢાલ બીજી ।।

રાગ ગોડી

ભોલીડા હંસારે વિષય ન રાચીએ ।। એ દેશી ।।

એમ ઢુંઢતા રે ધર્મ સોહામણો, મિલિઓ સદ્ગુરૂ એક; તેહને સાચોરે મારગ દાખવે, આણી હૃદય વિવેક. શ્રીસીમંધર સાહેબ સાંભલો. ।। ૧૧ ।। પર ઘરે જોતાંરે ધર્મ તુમે ફરો, નિજ ઘરે ન લહોરે ધર્મ; જેમ નવિ જાણેરે મૃગ કસ્તૂરીઓ, મૃગ મદ પરિમલ મર્મ. ।। શ્રી૦ ।। ૧૨ ।। જેમ તે ભૂલોરે મૃગ દશ દિશિ ફરે, લેવા મૃગ મદ ગંધ; તેમ જગ ઢુંઢેરે બાહિર ધર્મને, મિથ્યાદૃષ્ટિ રે અંધ. ।। શ્રી૦ ।। ૧૩ ।। જાતિ અંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ; મિથ્યાદૃષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ. ।। શ્રી૦ ।। ૧૪ ।। આપ પ્રશંસે રે પર ગુણ ઓલવે, ન ધરે ગુણને લેશ; તે જિન વાણીરે નવિ શ્રવણે સુણે, દિએ મિથ્યા ઉપદેશ. ।। શ્રી ।। ૧૫ ।। જ્ઞાન પ્રકાશેરે મોહ તિમિર હરે, જેહને સદ્ગુરૂ સુર; તે નિજ દેખેરે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપુર. ।। શ્રી૦ ।। ૧૬ ।। જેમ નિર્મલતારે રતન સ્ફટિક તણી, તેમ જે જીવ સ્વભાવ; તે જિન વીરેરે ધર્મ પ્રકાશીઓ, પ્રબલ કષાય અભાવ. ।। શ્રી૦ ।। ૧૭ ।।જેમ તે

રાતેરે પુલે રાતડું, શ્યામ કુલથીરે શ્યામ; પાપ પુણ્યથી રે તેમ જગ જીવને, રાગ દ્વેશ પરિણામ. ॥ શ્રી ॥ ૧૮ ॥ ધર્મ ન કહીએરે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડ વ્યાધી; પહેલે અંગેરે એણી પરે ભાષિયું, કરમે હોએ ઉપાધી. ॥ શ્રી૦ ॥ ૧૯ ॥ જે જે અંશેરે નિરૂપાધિક પણું, તે તે જાણોરે ધર્મ; સમ્યગ દૃષ્ટિ રે ગુણ ઠાણા થકી, જાવ લહે શિવ શર્મ. ॥ શ્રી૦ ॥ ૨૦ ॥ એમ જાણીને રે જ્ઞાન દશા ભજી, રહીએ આપ સ્વરૂપ; પર પરિણતિથી રે ધર્મ ન છાંડીએ, નવિ પડીએ ભવકપ. ॥ શ્રી૦ ॥ ૨૧ ॥

॥ ઢાલ ત્રીજી ॥

હવે રાણી પદ્માવતી ॥ એ દેશી ॥

જિહાં લગે આત્મ દ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું; તિહાં લગે ગુણઠાણું ભલું, કેમ આવે તાણ્યું. આત્મ તત્ત્વ વિચારીએ. ॥ ૨૨ ॥ આતમ અજ્ઞાને કરી, જે ભવ દુઃખ લહીએ; આતમ જ્ઞાને તે ટલે, એમ મન સદ્દહીએ. ॥ આતમ૦ ॥ ૨૩ ॥ જ્ઞાન દશા જે આકરી, તેહ ચરણ વિચારો, નિર્વિકલ્પ ઉપયોગમાં, નહીં કર્મનો ચારો. ॥ આતમ૦ ॥ ૨૪ ॥ ભગવઇ અંગે ભાષિઓ, સામાયિક અર્થ, સામાયિક પણ આતમા, ધરો સૂધો અર્થ. ॥ આતમ૦ ॥ ૨૫ ॥ લોક સાર અધ્યયનમાં, સમકિત મુનિ ભાવે મુનિ ભાવજ સમકિત કહ્યું, નિજ શુદ્ધ સ્વભાવે. ॥ આતમ૦ ॥ ૨૬ ॥ કષ્ટ કરો, સંજમ ધરો, ગાલો નિજ દેહ, જ્ઞાન દશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ. ॥ આતમ૦ ॥ ૨૭ ॥ બાહિર યતના બાપડા, કરતાં દૂહવાએ,

અંતર જતના જ્ઞાનની નવિ તેણે થાએ. ।। આતમ૦ ।।૨૮।। રાગ દ્વેશ મલ ગાલવા, ઉપશમ જલ ઝીલો, આતમ પરિણતિ આદરી, પરપરિણતિ પીલો. આતમ૦ ।। ૨૯ ।। હું એહનો એ માહરો, એ હું એણી બુદ્ધિ; ચેતન જડતા અનુભવે, ન વિમાસો શુદ્ધિ. ।। આતમ૦ ।। ૩૦ ।। બાહિર દૃષ્ટિ દેખતાં બાહિર મન ધાવે; અંતર દ્રષ્ટિ દેખતાં, અક્ષય પદ પાવે. ।। આતમ૦ ।। ૩૧ ।। ચરણ હોય લજ્જાદિકે, નવિ મનને ભંગે; ત્રીજે અધ્યયને કહ્યું, એમ પહેલે અંગે. ।। આતમ૦ ।। ૩૨ ।। અધ્યાતમ વિણ જે ક્રિયા, તે તનુ મલ તોલે; મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે. ।। આતમ૦ ।। ૩૩ ।। હું કરતા પર ભાવનો, એમ જેમ જેમ જાણે; તેમ તેમ અજ્ઞાની પડે, નિજ કર્મને ઘાણે. ।। આતમ૦ ।। ૩૪ ।। પુદ્ગલ કર્માદિક તણો, કરતા વ્યવહારે; કરતા ચેતન કર્મનો, નિશ્ચય સુવિચારે. ।। આતમ૦ ।। ૩૫ ।। કર્તા શુદ્ધ સ્વભાવનો, નય શુદ્ધે કહીએ, કર્તા પર પરિણામનો, બેઉ કિરિયા ગ્રહીએ. ।। આતમ ૩૬ ।।

।। ઢાલ ચોથી ।।

વીરમતી પ્રીતિ કારણી ।।એ દેશી ।।

શિષ્ય કહે જો પર ભાવનો, અકર્તા કહ્યો પ્રાણી; દાન હરણાદિક કેમ ઘટે, કહે સદ્ગુરૂ વાણી ।। શુદ્ધ નય અર્થ મન ધારીએ. એ આંકણી ।। ૩૭ ।। ધર્મ નવિ દિએ ન વા સુખ દિએ, પર જંતુને દેતો; આપ સત્તા રહે આપમાં એમ હૃદયમાં ચેતો. શુદ્ધ૦ ।। ૩૮।। જોગ વશે જે પૂદ્ગલ ગ્રહ્યા, નવિ જીવના તેહ; તેહથી જીવ છે જૂજૂઓ, વલી

જૂજૂઓ દેહ ।।શુદ્ધ૦ ।। ૩૯ ।। ભક્ત પાનાદિ પુદ્‌ગલ પ્રતે, ન દિએ છતિ વિના પોતે, દાન હરણાદિ પર જં-તુને, એમ નવિ ઘટે જોતે. શુદ્ધ૦ ।।૪૦।। દાન હરણાદિક અવસરે, શુભ અશુભ સંકલ્પે, દિએ હરે તું નિજ રૂપને, મુએ અન્યથા જલ્પે. શુદ્ધ૦ ।। ૪૧ ।। અન્યથા વચન અભિમાનથી, ફરી કર્મ તું બાંધે, જ્ઞાયક ભાવ જે એકલો, ગૃહે તે સુખ સાધે. શુદ્ધ૦ ।। ૪૨ ।। શુભ અશુભ વસ્તુ સંકલ્પથી, ધરે જે નટ માયા, તેટલે સહજ સુખ અનુભવે, પ્રભુ આતમ રાયા. શુદ્ધ૦ ।। ૪૩ ।। પર તણી આશ વિષ વેલડી, ફલે કર્મ બહુ ભાંતિ; જ્ઞાન દહને કરી તે દહે, હોએ એક જે જાતિ. શુદ્ધ૦ ।। ૪૪ ।। રાગ દોષ રહિત એક જે, દયા શુદ્ધ તે પાલે, પ્રથમ અંગે એમ ભાષિયું, નિજ શક્તિ અજુઆલે.।। શુદ્ધ૦ ।। ૪૫ ।। એકતા જ્ઞાન નિશ્ચય દયા, સુગુરૂ તેહને ભાષે; જેહ અવિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રાણને રાખે. ।। શુધ્ધ૦ ।। ૪૬ ।। જેહ રાખે પર પ્રાણને, દયા તાસ વ્યવહારે; નિજ દયા વિણ કહો પર દયા, હોએ કવણ પ્રકારે. શુદ્ધ૦ ।। ૪૭ ।। લોક વિણ જેમ નગર મેદિની, જેમ જીવ વિણ કાયા; ફોક તેમ જ્ઞાન વિણ પર દયા, જિસી નટ તણી માયા. ।। શુદ્ધ૦ ।। સર્વ આચારમય પ્રવચને, ભણ્યો અનુભવ યોગ; તેહથી મુનિ વમે મોહને, વલી અરતિ રતિ શોગ. ।। શુદ્ધ૦ ।। ૪૯ ।। સુત્ર અક્ષર પરાવર્તના, સરસ શેલડી દાખી; તાસરસ અનુભવ ચાખીએ, જિહાં એક છે સાખી. ।। શુધ્ધ૦ ।। ૫૦ ।। આતમ રામ અનુ-

ભવ ભજે, તજે પર તણી માયા; એહ છે સાર જિન વચનનો, વલી એ શિવ છાયા. ॥ શુધ્ધ૦ ॥ ૫૨ ॥

॥ ઢાલ પાંચમી. ॥

પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત ॥ એ દેશી ॥

એમ નિશ્ચય નય સાંભલીજી, બોલે એક અજાણ; આદરશું અમે જ્ઞાનને જી, શું કીજે પચ્ચખાણ. સોભાગી જિન, સીમંધર સુણો વાત. એ આંકણી ॥ ૫૨ ॥ કિરિયા ઉથાપી કરી જી, છાંડી તેણે લાજ; નવિ જાણે તે ઊપજે જી, કારણ વિણ નવિ કાજ. ॥ સો૦ ॥ ૫૩ ॥ નિશ્ચય નય અવલંબતા જી, નવિ જાણે તસ મર્મ; છોડે જે વ્યવહારને જી, લોપે તે જિન ધર્મ. ॥ સો૦ ॥ ૫૪ ॥ નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જી, પાલે જે વ્યવહાર; પુણ્યવંત તે પામશે જી, ભવ સમુદ્રનો પાર. ॥ ૫૫ ॥ તુરંગ ચઢી જેમ પામીએ જી, વેગે પુરનો પંથ; માર્ગ તેમ શિવનો લહે જી, વ્યવહારે નિર્ગ્રન્થ. ॥ સો૦ ॥ ૫૬ ॥ મહોલ ચઢંતાં જેમ નહીં જી, તેહ તુરંગનું કાજ; સફલ નહિં નિશ્ચય લહે જી, તેમ તનુ કિરિયા સાજ.॥ સો૦ ॥ ૫૭ ॥ નિશ્ચય નવિ પામી શકે જી, પાલે નવિ વ્યવહાર; પુણ્ય રહિત જે એહવા જી, તેહનો કુણ આધાર. ॥ સો૦ ॥ હેમ પરીક્ષા જેમ હુએ જી, સહત હુતાશન તાપ; જ્ઞાન દશા તેમ પરખીએ જી, જિહાં બહુ કિરિયા વ્યાપ. ॥ સો૦ ॥ ૫૯ ॥ આલંબન વિણ જેમ પડે જી, પામી વિષમી વાટ; મુગ્ધ પડે ભવ કુપમાં જી, તેમ વિણ કિરિયા ઘાટ. ॥ સો૦ ॥ ૬૦ ॥ ચરિત ભણી બહુ લોકમાં જી, ભરતાદિકનાં જેહ; લોપે

શુભ વ્યવહારને જી; બોધિ હણે નિજ તેહ. ।। સો૦ ।। ૬૧ ।। બહુ દલ દીસે જીવનાં જી, વ્યવહારે શિવયોગ; છીંડી તાકે પાધરો જી, છોડી પંથ અયોગ.।। સો૦ ।। ૬૨ ।। આવશ્યક માંહે ભાષિયો જી, એહજ અર્થ વિચાર, ફલ સંશય પણ જાણતાં જી, જાણીજે સંસાર. ।। સો૦ ।। ૬૩ ।।

।। ઢાલ છઠ્ઠી ।।

મુનિ મન સરોવર હંસલો (ઋષભનો વંશ રયણાયરૂ) ।। એ દેશી ।।

અવર ઇસ્યો નય સાંભલી, એક ગ્રહે વ્યવહારોરે, મર્મ દ્વિવિધ તસ નવિ લહે, શુદ્ધ અશુદ્ધ વિચારો રે. ।। ૬૪ ।। તુજ વિણ ગતિ નહીં જંતુને, તું જગ જંતુનો દીવો રે, જીવીએ તુજ અવલંબને તું સાહેબ ચીરંજીવો રે. ।। તુ૦ ।। ૬૫ ।। જેહ ન આગમ વારીઓ, દીશે અશઠ આચારોરે રે; તેહજ બુધ બહુ માનીઓ, શુદ્ધ કહ્યો વ્યવહારો રે. ।। તુજ૦ ।। ૬૬ ।। જેહમાં નિજ મતિ કલ્પના, જેહથી નવિ ભવ પારો રે; અંધ પરંપરા બાંધિઓ તેહ અશુદ્ધ આચારો રે. ।। તુજ૦ ।। ૬૭ ।। શિથિલ વિહારીએ આચર્યાં, આલંબન જે કુડાં રે; નિયત વાસાદિક સાધુને, તે નવિ જાણીએ રૂડાં રે.।। તુજ ।। ૬૮ ।। આજ ન ચરણ છે આકરું, સંહનનાદિક દોષે રે; એમ નિજ અવગુણ ઓલવી, કુમતિ કદાગ્રહ પોષે રે. ।। તુજ૦ ।। ૬૯ ।। ઉત્તર ગુણમાંહે હીણુડા, ગુરૂ કાલાદિક પાખે રે; મૂલ ગુણે નહીં હીણુડા એમ પંચાશક ભાષે રે. ।। તુજ૦ ।। ૭૦ ।। પરિગ્રહ ગ્રહ વશ લિંગીઆ, લેઈ કુમતિ રજ માથે રે, નિજ ગુણ પર

અવગુણ લવે, ઇંદ્રિય વૃષભ ન નાથે રે. ।। તુજ૦ ।। ।। ૭૧ ।। નાણ રહિત હિત પરિહરિ, નિજ દંસણ ગુણ લુંસે રે; મુનિ જનના ગુણ સાંભલી, તેહ અનારજ રુસે રે. ।। તુજ૦ ।। ૭૨ ।। અણુસમ દોષ જે પર તણો, મેરૂ સમાન તે બોલે રે; જેહશું પાપની ગોઠડી, તેહશું હિયડલું ખોલે રે. ।। તુજ૦ ।। ૭૩ ।। સૂત્ર વિરુદ્ધ જે આચરે, થાપે અવિધિના ચાળા રે; તે અતિ નિબિડ મિથ્યામતિ, બોલે ઉપદેશમાલા રે. ।। તુજ૦ ।। ૭૪ ।। પામર જન નવિ કહે, સહસા જૂઠ સશુકો રે; જુઠ કહે મુનિ વેષ જે, તે પરમામથ ચુકો રે. ।। તુજ૦ ।। ૭૫ ।। નિર્દય હૃદય છ કાયમાં, જે મુનિ વેષે પ્રવર્તે રે; ગૃહ યતિ ધર્મથી બાહેરા, તે નિર્ધન ગતિ વર્તે રે. ।। તુજ૦ ।। ૭૬ ।। સાધુ ભગતિ જિન પૂજના, દાનાદિક શુભ કર્મ રે; શ્રાવક જિન કહ્યો અતિ ભલો, નહીં મુનિવેષ અધર્મ રે. ।। તુજ ।। ૭૭ ।। કેવલ લિંગધારી તણો, જે વ્યવહાર અશુદ્ધો રે; આદરીએ નવિ સર્વથા, જાણી ધર્મ વિરૂદ્ધો રે,।। તુજ૦ ।। ૭૮ ।।

।। ઢાલ સાતમી ।।

આગે પૂરવ વાર નવાણું ।। એ દેશી.

જે મુનિ વેષ શકે નવિ છાંડી, ચરણ કરણ ગુણહીણા જી, તે પણ મારગ માંહે દાખ્યા, મુનિ ગુણ પક્ષે લીણા જી, મૃષાવાદ ભવ કારણ જાણી, મારગ શુદ્ધ પરુપેજી, વંદે નવિ વંદાવે મુનિને, આપ થઈ નિજ રૂપેજી. ।। ૭૯ ।। મુનિ ગુણ રાગે પૂરા શૂરા, જે જે જયણા પાલેજી; તે તેહથી શુભ ભાવ લહીને, કર્મ આપણાં ટાલેજી. આપ હીનતા જે

મુનિ ભાષે, માન સાંકડે લોકેજી; એ દુર્ધર વ્રત એહનું દાખ્યું, જે નવિ કુલે ફોકેજી. ॥ ૮૦ ॥ પ્રથમ સાધુ બીજે વર શ્રાવક, ત્રીજે સંવેગ પાખીજી; એ ત્રણે શિવ મારગ કહીએ, જિહાં છે પ્રવચન સાખીજી. શેષ ત્રણ ભવ મારગ કહીએ, કુમત કદાગ્રહ ભરિયાજી; ગૃહિ યતિ લિંગ કુલિંગે લખીએ, સકલ દોષના દરિયાજી ॥ ૮૧ ॥ જે વ્યવહાર મુગતિ મારગમાં, ગુણઠાણાને લેખેજી; અનુક્રમે ગુણ શ્રેણીનું ચઢવું, તેહજ જિનવર દેખેજી. જે પણ દ્રવ્ય ક્રિયા પતિપાલે તે પણ સન્મુખ ભાવેજી, શુકલ બીજની ચંદ્રકલા જેમ, પૂર્ણ ભાવમાં આવેજી. ॥ ૮૨ ॥ તે કારણ લજ્જાદિકથી પણ શીલ ધરે જે પ્રાણીજી; ધન્ય તેહ કૃત પુણ્ય કૃતારથ, મહાનિશીથે વાણીજી, એ વ્યહાર નયે મન ધારો, નિશ્ચય નય મન દાખ્યુંજી, પ્રથમ અંગમાં વિતિગિચ્છાએ, ભાવ ચરણ નવિ ભાખ્યું જી. ॥ ૮૩ ॥

॥ ઢાલ આઠમી ॥
॥ ચોપાઇની દેશી ॥

અવર એક ભાષે આચાર, દયા માત્ર શુદ્ધજ વ્યવહાર; જે બોલે તેહજ ઉત્થાપે, શુદ્ધ કરૂં હું મુખ ઇમ જપે. ॥ ૮૪ ॥ જિન પૂજાદિક શુભ વ્યાપાર, તે માને આરંભ અપાર, નવિ જાણે ઉતરતાં નઇ, મુનિને જીવદયા કયાં ગઈ. ॥ ૮૫ ॥ જો ઉતરતાં મુનિને નદી, વિધિ જોગે નવિ હિંસા વદી. તો વિધિ જોગે જિનપૂજના, શિવ કારણ મત ભૂલો જના. ॥ ૮૬ ॥ વિષયારંભ તણો જ્યાં ત્યાગ, તેહથી લહીએ ભવ જલ તાગ; જિન પૂજામાં શુભ ભાવથી,

વિષયારંભ તણો ભય નથી. ।। સામાયિક પ્રમુખે શુભ ભાવ, યદ્યપિ લહીએ ભવ જલ નાવ; તો પણ પૂજા એ સાર, જિનનો વિનય કહ્યો ઉપચાર. ।। ૮૮ ।। આરંભાદિક શાક ધરી, જે જિનરાજ ભક્તિ પરિહરી; દાન માન વંદન આદેશ તો તુજ સબલો પડયો કલેશ. ।। ૮૯ ।। સ્વરૂપથી દીસે સાવદ્ય, અનુબંધે પૂજા નિરવદ્ય; જે કારણે જિન ગુણ બહુ માન, જે અવસરે વરતે શુભ ધ્યાન. ।। ૯૦ ।। જિનવર પૂજા દેખી કરી. ભવિયણ ભાવે ભવજલ તરી, છ કાયના રક્ષક હો વલી, એહ ભાવ જાણે કેવલી. ।। ૯૧ ।। જલ તરતાં જલ ઉપર યથા, મુનિને દયા ન હોએ વૃથા; પુષ્પાદિક ઉપર તેમ જાણ, પુષ્પાદિક પૂજાને ઠાણ. ।। ૯૨ ।। તો મુનિને નહિં કિમ પૂજના, એમ તું શું ચિંતે શુભ મના, રોગીને ઔષધ સમ એહ, નીરોગી છે મુનીવર દેહ. ।। ૯૩ ।।

।। ઢાલ નવમી ।।

પ્રથમ ગોવાલા તણે ભવેજી ।। એ દેશી ।।

ભાવસ્તવ મુનિને ભલોજી, બેઉં ભેદે ગૃહી ધાર; ત્રીજે અધ્યયને કહ્યોજી, મહાનિશિથ મઝાર; સુણો જિન તુજ વિણ કવણ આધાર. ।। ૯૪ ।। વલી તિહાં ફલ દાખિયું જી, દ્રવ્ય સ્તવનું રે સાર; સ્વર્ગ બારમું જેહિનેજી, એમ દાનાદિક ચાર. ।। સુણો૦ ।। ૯૫ ।। છઠ્ઠે અંગે દ્રૌપદીજી, જિન પ્રતિમા પૂજેય; સૂરિયાભ પરે ભાવથીજી, એમ જિન વીર કહેય. ।। સુણો૦ ।। ૯૬ ।। નારદ આવ્યે નવિ થઇજી, ઊભી તેહ સુજાણ; તે કારણ તે શ્રાવિકાજી,

ભાષે આલ અજ્ઞાણ. ।। સુણે।૦ ।। ૯૭ ।। જિન પ્રતિમા આગલ કહ્યોજી, શક્રસ્તવ તેણે નાર; જાણે કુણ વિણ શ્રાવિકાજી, એહવિધ હૃદય વિચાર. ।। સુણે।૦ ।। ૯૮ ।। પૂજે જિન પ્રતિમા પ્રતેજી, સૂરિયાભ સૂર રાય; વાંચી પુસ્તક રત્નનાજી, લેઈ ધર્મ વ્યવસાય. ।। સુણે।૦ ।। ૯૯ ।। રાય પસેણી સૂત્રમાંજી, મોહોટો એહ પ્રબંધ; એહ વચન અણુમાનતાં જી, કરે કરમનો બંધ. ।। સુણે।૦ ।। ૧૦૦ ।। વિજયદેવ વક્તવ્યતાજી જીવાભિગમેરે એમ, જે થિતિ છે એ સુરતણિજી, તો જિન ગુણ થુતિ કેમ. ।। સુણે।૦ ।। ૧૦૧ ।। સિદ્ધારથ રાયે કર્યાજી, યાગ અનેક પ્રકાર; કલ્પસૂત્રે એમ ભાષિયુંજી. તે જિન પૂજા સાર. ।। સુણે।૦ ।। ૧૦૨ ।। શ્રમણેાપાસક તે કહ્યાજી, પહેલા અંગ મઝાર; યાગ અનેરા નવિ કરેજી, તે જાણેા નિરધાર. ।। સુણે।૦ ।। ૧૦૩ ।। એમ અનેક સૂત્રે ભણ્યુંજી, જિનપૂજા ગૃહીકૃત્ય જે નવિ માને તે સહીજી, કરશે બહુ ભવ નૃત્ય. ।। સુણે।૦ ।। ૧૦૪ ।।

।। ઢાલ દશમી ।।

જંસુરસંઘા સાસુરસંઘા (અથવા) એણે પુર કંબલ કેાઇ ન લેસી ।। એ દેશી ।।

અવર કહે પૂજાદિક ઠામે, પુણ્ય બંધ છે શુભ પરિણામે; ધર્મ નવિ ઇહાં કેાઇ દીસે, જેમ વ્રત પરિણામે મન હીસે. ।। ૧૦૫ ।। નિશ્ચય ધર્મ ન તેણે જાણ્યેા, જે શૈલેશી અંત વખાણ્યેા; ધર્મ અધર્મ તણેા ક્ષય કારિ, શિવ સુખ દે જે ભવજલ તારી. ।। ૧૦૬ ।। તસ સાધન તું જે જે દેખે નિજ નિજ ગુણઠાણાને લેખે; તેહ ધરમ

વ્યવહારે જાણો, કારજ કારણ એક પ્રમાણો. ।।૧૦૭।। એવંભુત તણો મત ભાખ્યો, શુદ્ધ દ્રવ્ય નય વલી એમ દાખ્યો; નિજ સ્વભાવ પરિણતિ તે ધર્મ, જે વિભાવ તે ભાવજ કર્મ ૧૦૮ ધર્મ શુદ્ધ ઉપયોગ સ્વભાવે, પુણ્ય પાપ શુભ અશુભ વિભાવે, ધર્મે હેતુ વ્યવહારજ ધર્મ નિજ સ્વભાવ પરિણતિનો મર્મ. ।। ૧૦૯ ।। શુભ યોગે દ્રવ્યાશ્રવ થાયે, નિજ પરિણામે ન ધર્મ હણાયે, યાવત્ યોગ ક્રિયા નહીં થંભી, તાવત્ જીવ છે યોગારંભી. ।। ૧૧૦ ।। મલિનારંભ કરે જે કિરિયા, અસદારંભ તજીને તરિયા; વિષય કષાયાદિકને ત્યાગે, ધર્મ મતિ રહિએ શુભ માગે. ।। ૧૧૧ ।। સ્વર્ગ હેતુ જો પુણ્ય કહી જે, તો સરાગ સંયમ પણ લીજે, બહુ રાગે જે જિનવર પૂજે, તસ મુનિની પરે પાતક ધુજે. ।। ૧૧૨ ।। ભાવસ્તવ એહથી પામી જે, દ્રવ્યસ્તવ એ તેણે કહી જે, દ્રવ્ય શબ્દ છે કારણવાચી, ભમે મ ભુલો કર્મ નિકાચી. ।। ૧૧૩ ।।

।। ઢાલ અગીયારમી ।।

દાન ઉલટ ધરી દીજીએ ।। દેશી ।।

કુમતી એમ સકલ દૂરે કરી, ધારીએ ધર્મની રીતરે, હારીએ નવિ પ્રભુ બલ થકી, પામીએ જગતમાં જીતરે; સ્વામી સીમંધર તું જયો, ।। ૧૧૪ ।। ભાવ જાણો સકલ જંતુના, ભાવે થકી દાસને લાખરે; બોલીયા બોલ જે તે ગણું, સફલ જો છે તુજ સાખરે. ।। સ્વા૦ ।। ૧૧૫ ।। એક છે રાગ તુજ ઉપરે, તેહ મુજ શિવ તરૂ કંદરે, નવિ ગણું તુજ પરે અવરને, જો મિલે સુર નર વૃંદરે. ।। સ્વા૦ ।। ૧૧૬ ।। તુજ વિના મેં બહુ દુઃખ લહ્યાં, તુજ મિલ્યે

તે કેમ હોયરે; મેહ વિણ મોર માચે નહીં, મેહ દેખી માચે સોયરે. ।। સ્વા૦ ।।૧૧૭।। મન થકી મિલનમેં તુજ કિયેા, ચરણ તુજ ભેટવા સાંધરે, કીજીએ જતન જિન એ વિના અવર ન વાંછીએ કાંધરે. ।। સ્વા૦ ।। ૧૧૮ ।। તુજ વચન રાગ સુખ આગલે, નવિ ગણું સુર નર શર્મ રે; કોડી જો કપટ દાખવે, નવિ તજું તેા એ તુજ ધર્મ રે. ।। સ્વા૦ ।। ૧૧૯ ।। તું મુજ હૃદય ગિરિમાં વસે, સિંહ જો પરમ નિરીહરે. કુમત માતંગના જુથથી, તેા ન કશી પ્રભુ મુજ બીહરે. ।। સ્વા૦ ।। ૧૨૦ ।। કોડિ છે દાસ પ્રભુ તાહરે, માહરે દેવ તું એકરે, કીજીએ સાર સેવક તણી, એ તુજ ઉચીત વીવેકરે. ।। સ્વા૦ ।। ૧૨૧ ।। ભક્તિ ભાવે ઇસ્યું ભાષીએ, રાખીએ એહ મનમાંહીરે, દાસના ભવદુઃખ વારીએ, તારીએ સેા ગ્રહી બાંહીરે. ।। સ્વા૦ ।। ૧૨૨ ।। બાલ જેમ તાત આગલ કહે, વીનવું હું તેમ તુજરે, ઉચિત જાણેા તેમ આચરૂં, નવી રહ્યા તુજ કિસ્યું ગુજરે. ।। સ્વા૦ ।। ૧૨૩ ।। મુજ હોજો ચિત્ત શુભ ભાવથી, ભવ ભવ તાહરી સેવરે, યાચીએ કોડી યતને કરી, એહ તુંજ આગલે દેવરે. ।। સ્વામી૦ ।। ૧૨૪ ।।

કલશ.

હરિગીત છંદ.

ઇમ સકલ સુખકર દુરિત ભયહર, વીમલ લક્ષણ ગુણ ધરેા; પ્રભુ અજર અમર નરિંદ વંદિત, વીનવ્યેા સીમંધરેા, નીજ નાદ તર્જિત મેઘ ગર્જિત ધૈર્ય નિર્જિત મંદરેા, શ્રી નયવિજય બુધ ચરણ સેવક, જસવિજય બુધ જય કરેા. ।।૧૨૫।।

અથ શ્રી આનંદઘનજી કૃત રુષભ પ્રમુખ ચોવીશ જિન સ્તુતિ પ્રારંભ.

।। દોહા ।।

ચિદાનંદ આનંદ મય ચિદરૂપી અવિકાર, સિદ્ધ બુદ્ધ સુવિશુદ્ધ તું તું જગ પરમાધાર. ।। ૧ ।। તુજ કૃપા-લતાથી કરૂં ભાષા ભાષા રૂપ, તવના જિન ચોવીશની આનંદઘન રસ કુપ. ।। ૨ ।। રાજ ઋદ્ધિ જેમ દેખીને દ્રુમક કરે મન આશ, બુદ્ધિ ઋદ્ધિ વિણ હું દ્રુમક અરથ રાજ ઋદ્ધિ રાશ. ।।૩।। આશય આનંદઘન તણો અતિ ગંભિર ઉદાર, બાલક બાંહ પ્રસારી જિમ કહે ઉદધિ વિસ્તાર. ।। ૪ ।। તેમ મનોરથ મુજ મને બુદ્ધિ વિણ કેમ થાય, ગુરૂ કૃપાથી ગહન નગ પંગુ પાર લંઘાય, પશી ભાષા ભાષા તણી કો એહવું કહિ દેય, પીસ્યાનું શું પીસવું પીસે ઠાણ ન લેય. ।। ૬ ।।

શ્રી રુષભ જિન સ્તવનં.

રાગ ભારૂ. ।। કરમ પરીક્ષા કરણ કુંવર ચલ્યો રે એ દેશી ।।

રૂષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત, રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. રૂષભ૦ ।।૧।। પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઇ ન કોય, પ્રીત સગાઇ રે નિરૂપાધિક કહી રે,

સોપાધિક ધન ખોય. ઋષભ૦ ॥ ૨ ॥ કોઇ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય, એ મેલો નવિ કહિયે સંભવે રે, મેલો ઠામ ન થાય. ઋષભ૦ ॥ ૩ ॥ કોઇ પતિ રંજન અતિ ઘણો તપ કરે રે, પતિ રંજન તન તાપ, એ પતિ રંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. ઋષભ૦ ॥ ૪ ॥ કોઇ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ, દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ઋષભ૦ ॥૫॥ ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ; કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. ઋષભ૦ ॥ ૬ ॥

॥ અથ શ્રી અજિત જિન સ્તવનં ॥

રાગ આશાઊરી.

॥ મારૂં મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે એ દેશી ॥

પંથડો નિહાલું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણ ધામ, જે તેં જીત્યારે તેણે હું જીતિઓરે, પુરૂષ કિસ્યું મુજ નામ. પંથડો૦ ॥ ૨ ॥ ચર્મ નયણે કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર; જ્ઞેણે નયણે કરી મારગ જોઇયે રે, નયણ તે દીવ્ય વિચાર. પંથડો૦ ॥ ૨ ॥ પુરૂષ પરંપરા અનુભવ જોવતાં રે, અંધો અંધ પુલાય, વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહી ઠાય. પંથડો૦ ॥ ૩ ॥ તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય, અભિમત વસ્તુ વસ્તુ ગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથ ॥ ૪ ॥ વસ્તુ વિચારે રે

દીવ્ય નયણ તણો રે, વિરહ પડયો નિરધાર, તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો૦ ।। ૫ ।। કાલ લબ્ધિ લહી પંથ નિહાલશું રે, એ આશા અવિલંબ, એ જન જીવે રે, જિનજી જાણુજો રે, આનંદ ઘન મત અંબ. પથડો૦ ।। ૬ ।। ઇતિ ।।

।। અથ શ્રી સંભવ જિન સ્તવનં ।।

રાગ રામગિરિ.

।। રાતડી રમીને કિહાંથી આવિયા રે, એ દેશી ।।

સંભવ દેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ, સેવન કારણ પહેલી ભૂમિકારે, અભય, અદ્વેષ, અખેદ. સંભવ૦ ।। ૧ ।। ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ, ખેદ પ્રવર્તિ હો કરતાં થાકિયે રે, દોષ અબોધ લખાવ. સંભવ૦ ।। ૨ ।। ચરમાવર્તે હો ચરમ કરણ તથા રે, ભવ પરિણતિ પરિપાક, દોષ ટલે વલી દૃષ્ટિ ખુલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન વાક. સંભવ૦ ।। ૩ ।। પરિચય પાતિક ઘાતક સાધુ શું રે, અકુશલ અપચય ચેત, ગ્રંથ અધ્યાત્મ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સંભવ૦ ।। ૪ ।। કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ; પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત ઉન્માદ. સં૦ ।। ૫ ।। મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ, દેજો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ. સંભવ૦ ।। ૬ ।। ઇતિ ।।

॥ અથ શ્રી અભિનંદન જિન સ્તવનં ॥

રાગ ધનાશ્રી ॥ સિંધુઓ ॥ આજ નિહેજોર દીસે નાહલો ॥ એ દેશી ॥

અભિનંદન જિન દરસન તરસિયે, દરસન દુર્લભ દેવ, મત મત ભેદેરે જો જઇ પુછિયે; સહુ થાપે અહમેવ. અભિનંદન ॥ ૧ ॥ સામાન્યે કરી દરિશણ દોહિલું, નિરણય સકલ વિશેષ; મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિ શશિ રૂપ વિલેખ. અભિનંદન૦ ॥ ૨ ॥ હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇયે, અતિ દૂર ગમ નય વાદ, આગમ વાદે હો ગુરૂ ગમ કો નહીં; એ સબલો વિખવાદ. અભિનંદન૦ ॥ ૩ ॥ ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ; ધીઠાઇ કરી મારગ સંચરૂં, સેંગુ કોઇ ન સાથ. અભિનંદન૦ ॥ ૪ ॥ દરિશણ દરિશણ રટતો જો ફરૂં, તો રણ રોઝ સમાન; જેહને પીપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષ પાન. અભિનંદન૦ ॥૫॥ તરસ ન આવે હો મરણ જીવન તણી, સીજે જો દરિશણ કાજ; દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અભિનંદન૦ ॥ ૬ ॥ ઇતિ.

॥ અથ શ્રી સુમતિ જિન સ્તવનં ॥

રાગ વસંત તથા કેદારો ॥

સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર; સુગ્યાની મતિ તરપણ બહું સમ્મત જાણીયે,

પરિસરપણ સુવિચાર; સુગ્યાની સુમતિ૦ ।। ૧ ।। ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરી ભેદ; ।।સુ૦।। બીજે અંતર આતમ તિસરો, પરમાતમ અવિચ્છેદ. ।। સુગ્યાની ।। સુમતિ૦ ।। ૨ ।। આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અધરૂપ; ।। સુગ્યાની ।। કાયાદિકનો હો સાખી ધર રહ્યો, અંતર આતમ રૂપ. સુગ્યાની સુમતિ૦ ।।૩।। જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વરજિત સકલ ઉપાધિ, સુગ્યાની૦ અતીંદ્રિય ગુણ ગણ મણિ આગરૂં, ઇમ પરમાતમ સાધ. ।। સુગ્યાની ।। સુમતિ૦ ।। ૪ ।। બહિરાતમ તજ અંતર આતમા, રૂપ થઇ થિર ભાવ, સુગ્યાની૦ ।। પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ. ।। સુગ્યાની ।। સુમતિ૦ ।। ।। ૫ ।। આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટલે મતિ દોષ; ।। સુગ્યાની૦ ।। પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદ ઘન રસ પોષ. ।। સુગ્યાની ।। સુમતિ૦ ।। ૬ ।।

।। અથ શ્રી પદ્મપ્રભ જિન સ્તવનં ।।

(રાગ મારૂ તથા સિંધુઓ)

ચાંદલીયા સંદેશો કહેજો મારા કંથનેરે ।। એ દેશી ।।

પદ્મપ્રભ જિન તુઝ મુઝ આંતરૂંરે, કિમ ભાંજે ભગવંત; કરમવિપાકે હો કારણ જોઇનેરે, કોઈ કહે મતિમંત. ।। પદ્મપ્રભ૦ ।। ૧ ।। પયઇઠિઇ અણુભાગ પ્રદેશથીરે, મૂલ ઉત્તર બહુ ભેદ; ઘાતિ અઘાતિ હો બંધોદય ઉદીરણાંરે; સત્તા કરમ વિચ્છેદ. ।। પદ્મપ્રભ૦ ।। ૨ ।। કનકોપલવત્ પયડી પુરૂષ તણીરે, જોડી અનાદિ સ્વભાવ; અન્ય સંજોગી

જિહાં લગે આતમારે, સંસારી કહેવાય. ।। પદ્મપ્રભ૦ ।। ૩ ।। કારણ જોગે હો બાંધે બંધનેરે, કારણ મુગતિ મુકાય; આશ્રવ સંવર નામ અનુક્રમેરે, હેય ઉપાદેય સુણાય. ।। પદ્મપ્રભ૦ ।। ૪ ।। પૂજન કરણે હો અંતર તુજ પડયોરે; ગુણ કરણે કરી ભંગ; ગ્રંથ યુક્તે કરી પંડિત જન કહ્યોરે, અંતર ભંગ સુઅંગ. ।। પદ્મપ્રભ૦ ।। ૫ ।। તુજ મુજ અંતર અંતર ભાંજસેરે, વાજસે મંગલ તૂર; જીવ સરોવર અતિશય વાધસેરે, આનંદઘન રસપૂર. પદ્મપ્રભ૦ ।। ૬ ।। ઇતિ.

।। અથ શ્રી સુપાર્શ્વ જિન સ્વતનં ।।

રાગ સારંગ મલ્હાર ।। લલનાની દેશી ।।

શ્રીસુપાસ જિન વંદિયે, સુખ સંપત્તિનો હેતુ. ।। લલના ।। શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ. ।। લલના ।। શ્રીસુપાસ૦ ।। ૧ ।। સાત મહા ભય ટાલતો સમ્મ જિનવર દેવ. ।। લલના ।। સાવધાન મનસા કરી, ધારો જિન પદ સેવ. ।। લલના ।। શ્રીસુપાસ૦ ।। ૨ ।। શિવશંકર જગદીશ્વરૂં, ચિદાનંદ ભગવાન; ।। લલના ।। જિન અરિહા તીર્થંકરૂં જ્યોતિસ્વરૂપ અસમાન; ।। લલના ।। શ્રી૦ ।। ૩ ।। અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિસરામ; ।। લલના ।। અભય દાન દાતા સદા, પૂરણ આતમરામ ।। લલના ।। શ્રી૦ ।। ૪ । વીતરાગા મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ; ।। લલના ।। નિદ્રા તંદ્રા દૂરં દશા, રહિત અબાધિત યોગ. ।। લલના ।। શ્રી૦ ।। ૫ ।। પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; ।। લલના ।। પરમ પદા-

રથ પરમેષ્ઠી, પરમ દેવ પરમાન. ।। લલના ।। શ્રી૦ ।। ૬ ।। વિધિ વિરંચી વિશ્વંભરૂં, હૃષીકેશ જગનાથ, ।। લલના ।। અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ. ।। લલના ।। શ્રી૦ ।। ૭ ।। એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર ।। લલના ।। જે જાણે તેહને કરે, આનંદઘન અવતાર, ।। લલના ।। શ્રી૦ ।। ૮ ।। ઇતિ.

।। અથ શ્રીં ચંદપ્રભ જિન સ્તવનં ।।

રાગ કેદારો તથા ગોડી ।। કુમરિ રેવે આકંદ કરે મુને કોઈ મુકાવે ।। એ દેશી ।।

દેખણ દેરે સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ; ।। સખી૦ ।। ઉપશમ રસનો કંદ. ।। સખી૦ ।। સેવે સૂર નર ઇંદ; સખી૦ ગત કલિ મલ દુઃખદંદ. સખી૦ ।। ૧ ।। સુહમ નિગોદે ન દેખીયે, સખી૦ બાદર અતિહિ વિશેષ; સખી૦ પુઢવી આઉ ન લેખીએ, સખી૦ તેઉ વાઉ ન લેસ. ।। ૨ ।। વનસ્પતિ અતિ ઘણા દિહા, સખી૦ દીઠા નહીં દીદાર; સખી૦ બિ તિ ચઉરિંદિ જલ લિહા, સખી૦ ગત સન્ની પણ ધાર. ।। સખી૦ ।। ૩ ।। સુર તિરિ નિરય નિવાસમાં, સખી૦ મનુજ અનારજ સાથ; સખી૦ અપજ્જત્તા પ્રતિભાસમાં સખી૦ ચતુર ન ચઢીએ હાથ. ।। સખી૦ ।। ૪ ।। ઇમ અનેક થલ જાણીયે, સખી૦ દરિશણ વિણ જિણ દેવ; સખી૦ આગમથી મત જાણીયે, સ૦ કીજે નિરમલ સેવ. સ૦ ।। ૫ ।। નિરમલ સાધુ ભક્તિ લહી, સખી૦ યોગ અવંચક હોય; સખી૦ કિરિયા

અવંચક તિમ સહી; સખી૦ ફલ અવંચક જોય, સખી૦ ॥ ૬ ॥ પ્રેરક અવસર જિનવરૂ, સખી૦ મોહનીય ક્ષય જાય, સખી૦ કામિત પૂરણ સુર તરૂ, સખી૦ આનંદઘન પ્રભુ પાય. સખી૦ ॥ ૭ ॥ ઇતિ.

॥ અથ શ્રી સુવિધિજિન સ્તવનં ॥

રાગ કેદારો ॥ એમ ધન્નો ધણને પરચાવે ॥ એ દેશી

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે, અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજીજે રે. સુવિધિ૦ ॥ ૧ ॥ દ્રવ્ય ભાવ સુચિ ભાવ ધરિને, હરખે દેહરે જઇયેરે, દહ તિગ પણ અહિગમ સાચવતાં, એક મના ધુરિ થઇયેરે. સુવિધિ૦ ॥ ૨ ॥ કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધુપ દીપ મન સાખીરે, અંગ પૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરૂ ગમ આગમ ભાખીરે. સુવિધિ૦ ॥ ૩ ॥ એહનું ફલ દોય ભેદ સુણી જે, અનંતર ને પરંપર રે, આણા પાલણ ચિત્ત પ્રસન્ની, સુગતિ સુગતિ સુર મંદિરરે. સુવિધિ૦ ॥ ૪ ॥ ફૂલ અક્ષત વર ધુપ પઇવો, ગંધ નિવેદ્ય ફલ જલ ભરીરે, અંગ અગ્ર પૂજા મલી અડ વિધ, ભાવે ભવિક સુભ ગતિ વરીરે. સુવિધિ૦ ॥ ૫ ॥ સત્તર ભેદ એકવીસ પ્રકારે, અઠોત્તર સત્ત ભેદેરે, ભાવ પૂજા બહું વિધિ નિરધારી, દોહગ દુરગતિ છેદે રે. સુવિધિ૦ ॥ ૬ ॥ તુરિય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગીરે, ચઉહા પૂજા ઇમ ઉત્તર ઝયણે, ભાષી કેવલ ભોગી રે. સુવિધિ૦ ॥ ૭ ॥ એમ પુજા બહુ ભેદ સુણીને, સુખ-

દાયક શુભ કરણી રે, ભાવિક જીવ કરશે તે લેશે, આનંદઘન પદ ધરણીરે. સુવિધિ. ॥ ૮ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી શિતલજિન સ્તવનં ॥

રાગ ધન્યાશ્રી ગોડી

॥ મંગલિક માલા ગુણહ વિશાલા એ દેશી ॥

શિતલ જિનપતિ લલિ ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહેરે, કરૂણા કોમલતા તીક્ષણુતા, ઉદાસીનતા સોહેરે. શીતલ૦ ॥ ૧ ॥ સર્વ જંતુ હિત કરણી કરૂણા, કર્મ વિદારણ તીક્ષણ રે, હાના દાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શીતલ૦ ॥ ૨ ॥ પર દુઃખ છેદન ઇચ્છા કરૂણા, તીક્ષણ પર દુઃખ રીઝે રે, ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શીતલ૦ ॥ ૩ ॥ અભયદાન તિમ લક્ષ કરૂણા, તીક્ષણુતા ગુણ ભાવેરે, પ્રેરણ વિણ કૃત ઉદાસીનતા, એમ વિરોધ મતિ નાવે રે. શીતલ૦ ॥ ૪ ॥ શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે, યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શીતલ૦ ॥ ૫ ॥ ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે, અચરિજકારી ચિત્ર વિચિત્રા, આનંદઘન પદ લેતી રે. શીતલ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી શ્રેયાંસ જિન સ્તવનં ॥

રાગ ગોડી ॥ અહે મત વાલે છાજના એ દેશી ॥

શ્રી શ્રેયાંસ જિન અંતર જામી, આતમ રામી નામી

રે, અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી૦ ।। ૧ ।। સયલ સંસારી ઇંદ્રિય રામી મુનીગણ આતમ રામી રે, મુખ્ય પણે જે આતમ રામી, તે કેવલ નિઃકામી રે, શ્રી૦ ।। ૨ ।। નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીયે રે, જે કિરિયા કરી ચઉ ગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી૦ ।। ૩ ।। નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે, ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી ।। ૪ ।। શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર વિકલ્પ આદરજો રે, શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી૦ ।। ૫ ।। અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસીરે, વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાસે, આનંદઘન મતવાસીરે. શ્રી૦ ।। ૬ ।। ઇતિ ।।

।। અથ શ્રી વાસુપુજ્યજિન સ્તવનં ।।

રાગ ગોડી તથા પરજીઓ

।। તુંગિયા ગિરિ શિખર સોહે ।। એ દેશી ।।

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ધન નામી પર નામી રે, નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. વાસુપૂજ્ય૦ ।। ૧ ।। નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે, દર્શન જ્ઞાન દુ ભેદ ચેતના; વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વા૦ ।। ૨ ।। કર્તા પરિણામિ પરિણામો, કર્મ જે જીવે કરીયે રે, એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરિયે રે. વા૦ ૩. દુઃખ સુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે, ચેતનતા પરિણામ ન ચુકે, ચેતન

કહે જિનચંદો રે. વા૦ ।। ૪ ।। પરિણામી ચેતન પરિણામો જ્ઞાન કરમ ફલ ભાવી રે, જ્ઞાન કરમ ફલ ચેતન કહીયે, લેજો તેહ મનાવી રે. વા૦ ।। ૫ ।। આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગીરે, વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે આનંદઘન મતિ સંગીરે. વા૦ ।। ૬ ।।

।। અથ શ્રી વિમલજિન સ્તવનં ।।

રાગ મલ્હાર ।। ઇડર આંબા આંબલીરે ઇડર દાડિમ દ્રાખ ।। એ દેશી ।।

દુઃખ દોહગ દૂરે ટલ્યાં રે, સૂખ સંપદશું ભેટ; ધીંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ. વિમલ જિન દીઠા લોયણ આજ, મારા સિધ્યા વાંછિત કાજ. વિમલજિન દીઠાં૦ ।। ૧ ।। ચરણ કમલ કમલા વસેરે, નિરમલ થિર પદ દેખ, સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિમલ૦ દીઠાં૦ ।। ૨ ।। મુજ મન તુજ પદ પંકજે રે, લીણો ગુણ મકરંદ; રંક ગણે મંદિર ધરા રે, ઇંદ ચંદ નાગિંદ. વિમલ૦ દીઠાં૦ ।।૩।। સાહેબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર, મન વિસરામી વાલહો રે, આતમનો આધાર. વિમલ૦ દીઠાં૦ ।।૪।। દરિશન દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ, દિનકર કર ભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિમ૦ દીઠાં૦ ।। ૫ ।। અમીય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘડે કોય, શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય. વિમલ૦ દીઠાં૦ ।। ૬ ।। એક અરજ સેવક તણીરે, અવધારો જિનદેવ; કૃપા કરી મુજ દીજીયેરે, આનંદઘન પદ સેવ. વિમલ૦ દીઠ.૦ ।। ૭ ।। ઇતિ ।।

॥ અથ શ્રી અનંતજિનસ્તવનં ॥

રાગ રામગ્રી ॥ કડખાની દેશીની ઢાલ પ્રસિદ્ધ છે ॥

ધાર તરવારની સોહિલી દોહિલી, ચૌદમા જિન તણી ચરણ સેવા; ધાર પર નાચતા દેખ બાજીગરા સેવના ધાર પર રહે ન દેવા, ॥ ધાર ॥ ૧ ॥ એ આંકણી છે ॥ એક કહે સેવીયે વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન દેખે; ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે. ॥ ધાર૦ ॥ ૨ ॥ ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે; ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦ ॥ ૩ ॥ વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ, સાંભલી આદરી કાંઇ રાચો. ॥ ધાર૦ ॥ ૪ ॥ દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો; શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે, છાર પર લીંપણો તેહ જાણો. ધાર૦ ॥ ૫ ॥ પાપ નહિ કોઈ ઉત્સુત્ર ભાષણ જિસો, ધર્મ નહિ કોઇ જગ સુત્ર સરિખો; સુત્ર અનુસાર જે ભાવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો. ॥ ધાર૦ ॥ ૬ ॥ એહ ઉપદેશનું સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે, તે નરા દીવ્ય બહુકાલ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે ॥ ધાર૦ ॥ ૭ ॥ ઈતિ.

॥ અથ શ્રી ધર્મજિન સ્તવનં ॥

રાગ ગોડી સારંગ ॥ રસીયાની દેશીમાં ॥

ધરમ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત; જિને૦ બીજો મન મંદિર આણું નહી. એ અમ કુલ વટ રીત. ॥ જિને૦ ॥ ધરમ૦ ॥૧॥ ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ; જિને૦ ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ. ॥ જિને૦ ॥ ધરમ૦ ॥૨॥ પ્રવચન અંજન જો સદ્‌ગુરૂ કરે, દેખે પરમ નિધાન; જિને૦ હૃદય નયણ નિહાલે જગધણી, મહિમા મેરૂ સમાન ॥ જિને૦ ॥ ધરમ૦ ॥૩॥ દોડત દોડત દોડત દોડીયો જેતી મનનીરે દોડ; જિને૦ પ્રેમ પ્રતીત વિચારો હુકડી, ગુરૂ ગમ લેજો રે જોડ. ॥ જિને૦ ॥ ધરમ૦ ॥૪॥ એક પખી કેમ પ્રીતિ પરવડે, ઉભય મિલ્યા હુએ સંધિ; જિને૦ હું રાગી હું મોહે ફંદીયો, તું નિરાગી નિરબંધ. જિ૦ ધ૦ ॥ ૫ ॥ પરમ નિધાન પ્રગટ મુખ આગલે, જગત ઓલંધી હો જાય, જિને૦ જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પુલાય. ॥ જિને૦ ॥ ધરમ૦ ॥ ૬ ॥ નિરમલ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ; જિને૦ ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી, માતા પિતા કુલ વંશ. ॥ જિને૦ ॥ ધરમ૦ ॥ ૭ ॥ મન મધુકર વર કર જોડી કહે, પદ કજ નિકટ નિવાસ; જિને૦ ધનનામી આનંદઘન સાંભલો, એ સેવક અરદાસ. જિને૦ ॥ ધરમ૦ ॥ ૮ ॥ ઇતિ.

॥ અથ શ્રી શાંતિજિન સ્તવનં ॥

રાગ મલ્હાર ॥ ચતુર ચોમાસું પડિકમી એ દેશી ॥

શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન રાય રે, શાંતિ સ્વરૂપ કેમ જાણિયે, કહો મન કેમ પરખાયરે. શાંતિ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે; ધીરજ મન ધરી સાંભલો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાંતિ૦ ॥ ૨ ॥ ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે, તે તેમ અવિતથ્થ સદ્દહે, પ્રથમ એ શાંતિ સેવરે. શાંતિ૦ ॥ ૩ ॥ આગમ ધર ગુરૂ સમકિતી, કિરિયા સંવર સાર રે, સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવાધાર રે. શાંતિ૦ ॥ ૪ ॥ શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે, તામસી વૃત્તિ સવી પરિહરી, ભજે સાત્વિકી સાલ રે. શાંતિ૦ ॥ ૫ ॥ ફલ વિસંવાદ જેમાં નહિ, શબ્દ તે અર્થ સંબંધિ રે, સકલ નય વાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિ રે. શાંતિ૦ ॥૬॥ વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે, ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસો આગમે બોધ રે, શાંતિ૦ ॥ ૭ ॥ દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાન રે; જોગ સામર્થ્ય ચિત્ત ભાવજે, ધરે મુગતિ નિદાન રે, શાંતિ૦ ॥ ૮ ॥ માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે; વંદક નિંદક સમ ગણે, ઇશો હોય તું જાણ રે, શાંતિ૦ ॥ ૯ ॥ સર્વ જગ જંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવરે; મુકિત સંસાર બેહુ સમ ગણે, મુણે ભવ જલનિધિ નાવરે, શાંતિ૦ ॥ ૧૦ ॥ આ-

પણે। આતમ ભાવ જે, એક ચેતના ધારરે; અવર સવિ-સાથ સંયેાગથી, એહ નિજ પરિકર સાર રે. શાંતિ૦ ।। ૧૧ ।। પ્રભુ મુખથી એમ સાંભલી, કહે આતમરામ રે; તાહરે દરિશણે નિસ્તર્યો, મુઝ સિદ્ધાં સવિ કામરે. શાંતિ૦ ।। ૧૨ ।। અહેા અહેા હું મુંઝને કહું, નમેા મુઝ નમેા મુઝરે; અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુઝ રે. શાંતિ૦ ।। ૧૩ ।। શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપરે; આગમ માંહે વિસ્તાર ઘણેા, કહ્યો શાંતિ જિન ભૂપ રે. શાંતિ૦ ।। ૧૪ ।। શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાનરે; આનંદઘન પદ પામશે, તે લેહેશે બહુ માન રે. શાંતિ૦ ।। ૧૫ ।। ઇતિ ।।

।। અથ શ્રી કુંથુજિન સ્તવનં ।।

।। રાગ ગુર્જરી તથા રામકલી ।।

(અંબર દે હેા મુરારી હમારેા એ દેશી)

કુંથુ જિન મનડું કિમહિ ન બાજે હેા;।। કુંથુ૦ ।। જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હેા. કુંથુ૦ ।। ૧ ।। રજની વાસર વસતિ ઉજડ, ગયણ પાયાલે જાય, સાપ ખાએ ને મુખડું થેાથું, એહ ઉખાણેા ન્યાય હેા. કુંથુ૦ ।। ૨ ।। મુક્તિ તણા અભિલાષી તપીયા, જ્ઞાનને ધ્યાન અભ્યાસે; વયરીડું કાંઇ એહવું ચિંતે, નાખે અવલે પાસે હેા. કુંથુ૦ ।। ૩ ।। આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધિ આંકુ; કિહાં કણે જો હઠ કરી હટકું, તેા વ્યાલ તણી પરે વાંકુ હેા. કુંથુ૦ ।। ૪ ।। જો ઠગ

કહું તો ઠર્ગતું ન દેખું, સાહુકાર પણ નાંહી; સર્વ માંહેને સહુથી અલગું, એ અચરિજ મનમાંહિ હો. કુંથુ૦ ॥૫॥ જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો; સુર નર પંડિત જન સમજાવે, સમજે ન મારો સાલો હો. કુંથુ૦ ॥ ૬ ॥ મેં જાણ્યું એ લિંગ નપુંસક. સકલ મરદને ઠેલે, બીજી વાતે સમરથ છે નર; એહને કોઇ ન જેલે. હો. કુંથુ૦ ॥ ૭ ॥ મન સાધ્યું તેણે સઘલું સાધ્યું, એહ વાત નહી ખોટી; એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો. કુંથુ૦ ॥ ૮ ॥ મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું; તે આગમથી મતિ આણું; આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું હો. કુંથુ૦ ॥ ૯ ॥ ઇતિ ॥

॥ अथ श्री अरजिन स्तवनं ॥

રાગ પરજ તથા આરૂ. ઋષભનો વંશ રયણાયરૂ એ દેશી.

ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે; સ્વપર સમય સમજાવિયે; મહિમાવંત મહંત રે. ધર્મ૦ ॥૧॥ એ આંકણી૦ શુદ્ધાતમ અનુભવ સદા, સ્વ સમય એહ વિલાસ રે; પરબડી છાંહડી જેહ પડે, તે પર સમય નિવાસ રે. ધર્મ૦ ॥ ૨ ॥ તારા નક્ષત્ર ગ્રહચંદની, જ્યોતિ દિનેશ મઝાર રે; દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ॥ ધર્મ૦ ॥ ૩ ॥ ભારી પીલો ચીકણો, કનક અનેક તરંગ રે, પર્યાયદૃષ્ટિ ન દીજીએ, એકજ કનક અભંગ રે. ધર્મ૦ ॥ ૪ ॥ દરશન જ્ઞાન ચરણ

થકી, અલખ સરૂપ અનેક રે, નિરવિકલ્પરસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે. ધર્મ૦ ।। ૫ ।। પરમારથ પંથ જે કહે તે રંજે એક તંત રે, વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે; ધર્મ૦ ।। ૬ ।। વ્યવહારે લખ દોહિલા, કાંઈ ન આવે હાથ રે; શુદ્ધ નય થાપના સેવતાં, નવી રહે દુવિધા સાથ રે. ધર્મ ।। ૭ ।। એક પખી લખિ પ્રીતની, તુંમ સાથે જગનાથ રે, કૃપા કરીને રાખજો, ચરણ તલેં ગ્રહી હાથ રે ધર્મ ।।૮।। ચકી ધરમ તીરથતણો, તીરથ ફલ તતસાર રે, તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે. ધર્મ૦ ।। ૯ ।। ઇતિ ।।

।। અથ શ્રી મલ્લિજિન સ્તવનં ।।

રાગ કાફી ।। સેવક કિમ અવગણિયે હો ।। એ દેશી ।।

સેવક કિમ અવગણિયે હો, મલ્લિ જિન એહ અમ શોભા સારી, અવર જેહને આદર અતિ દીયે, તેહને મૂલ નિવારી હો. મલ્લિ૦ ।। ૧ ।। જ્ઞાન સુરૂપ અનાદિ તમારૂં તે લીધું તુમે તાણી; જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતા કાણુ ન આણી હો. મલ્લિ૦ ।। ૨ ।। નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી; નિદ્રા સુપન દશા રીસાણી જાણી, ન નાથ મનાવી હો. મલ્લિ૦ ।।૩।। સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી; મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો, મલ્લિ૦ ।। ૪ ।। હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કર સાલી; નો-

કષાય શ્રેણી ગજ ચઢતાં; શ્વાનતણી ગતિ જાલી હો. મલ્લિ૦ ।। ૫ ।। રાગદ્વેષ અવિરતિની પરીણુતિ, એ ચરણ મોહના યોધા; વીતરાગ પરિણુતિ પરણુમતા, ઉઠી નાઠા બોદ્ધા હો. મલ્લી૦ ।। ૬ ।। વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી, નિઃકામી કરૂણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી હો. મલ્લી૦ ।। ૭ ।। દાન વિઘન વારિ સહુ જનને, અભય દાન પદ દાતા, લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા હો. મલ્લી૦ ।। ૮ ।। વીર્ય વિઘન પંડિત વીર્ય હણી, પુરણ પદવી યોગી; ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી હો. મલ્લી૦ ।। ૯ ।। એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિ જન વૃંદે ગાયા, અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદૂષણ મન ભાયા હો. મલ્લિ૦ ।। ૧૦ ।। ઇણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે; દીન બંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે હો. મલ્લિ૦ ।। ૧૧ ।। ઇતિ.

।। અથ શ્રી મુનિસુવ્રત જિન સ્તવનં ।।

રાગ કાફી ।। આઘા આમ પધારો પૂજ્ય ।। એ દેશી ।।

મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો; આતમ તત્ત્વ કયું જાણ્યું જગત ગુરૂ; એહ વિચાર મુજ કહિયો, આતમ તત્ત્વ જાણ્યા વિણ નિરમલ, ચિત્ત સમાધિ નવિ લહિયો, મુનિ૦ ।। ૧ ।। એ આંકણી૦ ।। કોઇ અબંધ આતમ તત માને, કિરિયા કરતો દિસે; ક્રિયા તણું ફલ કહો કોણ ભોગવે, એમ પૂછયું ચિત રીસે, મુનિ૦ ।।૨।।

જડ ચેતન એ આતમ એકજ, થાવર જંગમ સરિખો;
દુઃખ સુખ સંકર દુષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો;
મુનિ૦ ।। ૩ ।। એક કહે નિત્યજ આતમ તત, આતમ દરશણ લીનો; કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીણો. મુનિ૦ ।। ૪ ।। સૌગત મત રાગિ કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો; બંધ મોક્ષ સુખ દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુનિ૦ ।। ૫ ।। ભૂત ચતુષ્ક વરજિત આતમ તત, સત્તા અલગી ન ઘટે; અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે મુનિ૦ ।। ૬ ।। એમ અનેક વાદિ મત વિભ્રમ, સંકટ પડીયો ન લહે, ચીત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત કોઇ ન કહે, ।। મુનિ૦ ।।૭।। વલતું જગ ગુરૂ ઇણિ પરે ભાખે, પક્ષ પાત સબ છંડી, રાગ દ્વેષ મોહ પખ વર્જિત આતમ શું રઢ મંડી. ।।મુનિ૦ ।। ૮ ।। આતમ ધ્યાન કરે જો કોઇ, સો પ્રીરી ઇણિમેં નાવે વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે, ।। મુનિ૦ ।। ૯ ।। જેણે વિવેક ધરીયે પખ ગ્રહીયો તે તત જ્ઞાની કહીરે, ।। શ્રી મુનિસુવ્રત કૃપા કરોતો, આનંદઘન પદ લહિયે, મુનિ૦ ।। ૧૦ ।। ઇતિ ।।

।। અથ શ્રી નમિજિન સ્તવનં ।।

રાગ આશાવરી ।। ધન ધન સંપ્રતિ સાચો રાજા–એ દેશી ।।

ષટ દરશણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે, નમિ જિનવરના ચરણ ઉપાસક ષટ દરશણ આરાધેરે, ષટ૦ ।। ૧ ।। એ આંકણી. જિન સુર પાદપ પાય

વખાણું, સાંખ્ય જોગ દોય ભેદેરે, આતમ સત્તા વિવરણ કરતા, લહો દુગ અંગ અખેદે રે, ષટ૦ ।। ૨।। ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે લોકાલોક અવલંબન ભજિયે, ગુરૂ ગમથી અવધારી રે. ।। ષટ૦ ।।૩।। લોકા યતિક કૂખ જિનવરની, અંશ વિચારી જો કીજે રે, તત્ત્વ નિચાર સુધારસ ધારા, ગુરૂ ગમ વિણ કેમ પીજેરે. ।। ષટ૦ ।। ૪ ।। જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ; અંતરંગ બહિરંગેરે, અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ।। ષટ૦ ।। ૫ ।। જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શને જિનવર ભજના રે, સાગરમાં સઘલી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે. ।। ષટ૦ ।। ૬ ।। જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે, ભૃંગી ઇલીકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ।। ષટ૦ ।। ૭ ।। ચુરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ વૃત્તિ પરંપર અનુભવ રે, સમય પુરૂષના અંગ કહ્યા એ, જે છેદે તે દુરભવ રે. ।। ષટ૦ ।। ૮ ।। મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અર્થ વિનિયોગે રે, જે ધ્યાવે તે નવિ વંચી જે, ક્રિયા અવંચક જોગે રે. ।। ષટ૦ ।। ૯ ।। શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથા વિધ ન મિલેરે, કિરિયા કરી નવિ સાધી શકિયે, એ વિષવાદ ચિત્ત સઘલે રે. ।। ષટ૦ ।। ૧૦ ।। તે માટે ઉભા કર જોડી, જિનવર આગલ કહિયે રે. સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહિયે રે. ।। ષટ૦ ।। ૧૧ ।। ઇતિ ।।

॥ અથ શ્રી નેમનાથ જિન સ્તવનં ॥

રાગ મારૂણી ॥ ઘણરા ઢાલા ॥ એ દેશી ॥

અષ્ટ ભવંતર વાલહી રે, તું મુઝ આતમ રામ, મનરાવાલા, મુગતિ સ્ત્રી શું આપણે રે, સગપણ કોઈ ન કામ. ॥ મન૦ ॥ ૧ ॥ ઘર આવો હો, વાલિમ ઘર આવો, મારિ આશાના વિસરામ. ॥ મન૦ ॥ રથ ફેરો હો, સાજન રથ ફેરો, સાજન મારા મનના મનોરથ સાથ. ॥ મન૦ ॥ ॥ ૨ ॥ નારી પખો સ્યો નેહલો રે, સાચ કહે જગનાથ, ॥ મન૦ ॥ ઈશ્વર અરધાંગે ધરી રે, તું મુજ જાલે ન હાથ. ॥ મન૦ ॥ ૩ ॥ પશુ જનની કરૂણા કરીરે, આણી હૃદય વિચાર, ॥ મન૦ ॥ માણસની કરૂણા નહી રે, એ કુણ ઘર આચાર, ॥ મન૦ ॥ ૪ ॥ પ્રેમ કલ્પ તરૂ છેદીયોરે, ધરિયો જોગ ધતૂર, ॥ મન૦ ॥ ચતુરાઇરો કુણ કહો રે, ગુરૂ મિલીયો જગ સૂર, ॥ મન૦ ॥ ૫ ॥ મહારૂં તો એમાં કયુંહી નહીરે, આપ વિચારો રાજ. ॥ મન૦ ॥ રાજ સભામાં બેસતા રે, કિસડી બધસી લાજ, ॥ મન૦ ॥ ૬ ॥ પ્રેમ કરે જગ જન સહુરે, નિરવાહે તે ઓર, ॥ મન૦ ॥ પ્રીત કરીને છોડીદે રે, તે શું ન ચાલે જોર, ॥ મન૦ ॥ ૭ ॥ જો મનમાં એહવું હતું રે, નિસપતિ કરત ન જાણ, ॥ મન૦ ॥ નિસપતિ કરીને છાંડતાં રે, માણસ હુએ નુકસાન. ॥ મન૦ ॥ ૮ ॥ દેતાં દાન સંવત્સરી રે; સહુ લહે વંચિત પોષ. ॥ મન ॥ સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. ॥ મન ॥ ૯ ॥ સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ સેત; ॥ મન૦ ॥ ઈણ લક્ષણ સાચી સખી રે, આપ વિ-

ચારો હેત, ।। મન૦ ।। ૧૦ ।। રાગી શું રાગી સહુ રે, વેરાગી શો રાગ. ।। મન૦ ।। રાગ વિના કેમ દાખવો રે, મુગતિ સુંદરી માગ. ।। મન૦ ।। ૧૧ ।। એક ગુહ્ય ઘટતું નથી રે; સઘલોઈ જાણે લોક. ।। મન૦ ।। અનેકાંતિક યોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. ।। મસ૦ ।। ૧૩ જિણ જોણી તુમને જોઉં રે, તિણ જોણી જુવો રાજ, ।। મન. ।। એક વાર મુજને જુઓ રે તો સીજે મુજ કાજ. ।। મન૦ ।। ૧૩ ।। મોહ દશા ધરી ભાવતાં રે, ચિત્ત લહે તત્વ વિચાર. ।। મન. ।। વીતરાગતા આદરી રે, પ્રાણુનાથ નિરધાર. ।। મન૦ ।। ૧૪ સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ. ।। મન૦ ।। આશય સાથે ચાલીયે રે, એહિજ રૂડું કામ. ।। મન૦ ।। ૧૫ ।। ત્રિવિધ યોગ ધરી આદરયો રે, નેમનાથ ભરતાર. ।। મન૦ ।। ધારણ પોષણ તારણો રે, નવરસ મુગતા હાર. ।। મન૦ ।। ૧૬ ।। કારણ રૂપી પ્રભુ ભજયો રે, ગણયો ન કાજ અકાજ. ।। મન ।। કૃપા કરી મુજ દીજીયે રે; આનંદઘન પદ રાજ. ।।મન ।। ।। ૧૭ ।। ઇતિ

।। અથ શ્રી પાર્શ્વજિન સ્તવનં ।।

।। રાગ સારંગ રસીયાની દેસી ।।

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય. ।। સુજ્ઞાની ।। નિજગુણ કામી હો, પામી તું ધણી ધ્રુવ આરામી હો થાય. ।। સુજ્ઞાની ધ્રુવ૦ ।। ૧ ।। સર્વ વ્યાપી કહે સર્વ જાણુંગપણે, પર પરિણુમન સરૂપ, ।। સુજ્ઞાની ।।

પરરૂપે કરી તત્વપણું નહી, સ્વસત્તા ચિદ્રુપ, સુજ્ઞાની ।। ધ્રુ ।। ૨ ।। જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલ ભાજન રવિ જેમ, ।। સુજ્ઞાની ।। દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજ પદ રમતા હો ખેમ; ।। સુજ્ઞાની ।। ધ્રુવપદ૦ ।।૩।। પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન, ।। સુજ્ઞાની ।। અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યો, નિર્મલતા ગુણમાન, ।।સુ।। ।। ધ્રુવપદ૦ ।। ૪ ।। જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂં, કાલ પ્રમાણે રે થાય. ।। સુજ્ઞાની ।। સ્વકાલે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. ।। સુજ્ઞાની ।। ધ્રુવપદ ।। ૫ ।। પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ, ।। સુજ્ઞાની૦ આત્મ ચતુષ્ક મયી પરમાં નહી, તો કેમ સહુનો રે જાણ. સુજ્ઞાની ।। ધ્રુવપદ ।। ૬ ।। અગુરૂ લઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત ।। સુજ્ઞાની ।। સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાંત. ।। સુજ્ઞાની ।। ધ્રુવપદ ।। ।। ૭ ।। શ્રી પારસ જિન પારસ રસ સમો પણ ઇહાં પારસ નાંહી, ।। સુજ્ઞાની ।। પૂરણ રસીઓ હો નિજ ગુણ પરસનો, આનંદઘન મુજ માંહિ ।। સુજ્ઞાની ।। ધ્રુવપદ ।।

અથ શ્રી મહાવીર જિન સ્તવનં

રાગ ધનાશ્રી

વીરજીને ચરણે લાગું, વીર પણું તે માગું રે, ।। મિથ્યા મોહ તિમિર ભય ભાંગું, જિત નગારૂં વાગું રે, ।। વીર૦ ।। ૧ ।। છઉમત્થ વીરય લેસ્યા સંગે, અભિસંધિજ મતિ અંગેરે, ।। સૂક્ષ્મ થુલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમં-

ગેરે, ।। વીર૦ ।। ૨ ।। અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખેરે, ।। પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે, યથા શક્તિ મતિ લેખે રે. ।। વીર૦ ।। ૩ ।। ઉત્કૃષ્ટે વીરયને વેસે યોગ ક્રિયા નવિ પેસે રે; યોગ તણી ધ્રુવતાને લેસે, આતમ શક્તિ ન ખેસે રે. ।। વીર૦ ।। ૪ ।। કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે; સૂરપણે આતમ ઉપયોગી, થાયે તેહને અયોગી રે. વીર૦ ।। ૫ ।। વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણેરે, ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણેરે. વીર૦ ।। ૬ ।। આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે; અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘનપ્રભુ જાગે રે. ।। વીર૦ ૭ ।।ઇતિ।।

।। અથ શ્રી પાર્શ્વજિન સ્તવનં ।।

શાંતિ જિન એક મુજ વિનતિ ।। એ દેશી ।।

પાસ જિન તાહરા રૂપનું મુજ પ્રતિભાસ કેમ હોય રે; તુજ મુજ સત્તા એકતા અચલ વિમલ અકલ જોય રે. પાસ૦ ।। ૧ ।। એ આંકણી છે ।। મુજ પ્રવચન પક્ષથી નિશ્ચય ભેદ ન કોયરે; વિવહારે લખિ દેખીયે ભેદ પ્રતિભેદ બહુલોય રે. પાસ૦ ।। ૨ ।। બંધન મોખ નહિ નિશ્ચયે વિવહારે ભજ દોય રે; અખંડિત અબાધિત સોય કદા નિત અબાધિત સોય રે. પાસ૦ ।।૩।। અન્વય હેતુ વ્યતિરેકથી અંતરો તુજ મુજ રુપ રે; અંતર મેટવા કારણે આતમ સ્વરૂપ અનુપ રે પાસ૦ ।। ૪ ।। આતમતા પરમાતમતા શુદ્ધ નય ભેદ ન એક રે; અવર આરોપિત ધર્મ છે તેહના ભેદ

અનેક રે. પાસ૦ ॥ ૫ ॥ ધરમી ધરમથી એકતા તેહ મુજ રૂપ અભેદ રે; એક સત્તા લખ એકતા કહે તે મૂઢમતિ ખેદ રે, પાસ૦ ॥ ૬ ॥ આતમ ધરમ અનુસરી રમે જે આતમ રામે રે; આનંદઘન પદવી લહે પરમ આતમ તસ નામ રે. પાસ૦ ॥ ૭ ॥ ॥ઇતિ ॥

॥ અથ શ્રી મહાવીરજિનનું સ્તવનં ॥

પંથડો નિહાલું રે બીજા જિન તણો રે ॥ એ દેશી ॥

ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે; ભાવું કેમ સરૂપ, સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ ॥ ચરમ૦ ॥ ૧ ॥ આપ સરૂપે આતમમાં રમેરે, તેહના ધુર બે ભેદ, અસંખ ઉછ્છોસે સાકારી પદેરે, નિરાકારી નિરભેદ ॥ ચરમ૦ ॥ ૨ ॥ સુખમ નામ કરમ નિરાકાર જે રે, તેહ ભેદ નહિ અંત, નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અભેદ અનંત. ॥ ચરમ૦ ॥ ૩ ॥ રૂપ નહીં કઇયે બંધન ઘટયું રે, બંધન મોક્ષ ન કોય, બંધ મોક્ષ વિણ સાદિ અનંતનું રે, ભંગ સંગ કેમ હોય. ॥ ચરમ૦ ॥ ૪ ॥ દ્રવ્ય વિના તેમ સત્તા નવિ લહે રે, સત્તા વિણ સ્યો રૂપ, રૂપ વિના કેમ સિદ્ધ અનંતતા રે, ભાવું અકલ સરૂપ ॥ ચરમ૦ ॥ ૫ ॥ આતમતા પરિણતિ જે પરિણમ્યા રે, તે મુઝ ભેદા-ભેદ, તદાકાર વિણ મારા રૂપનું રે, ધ્યાવું વિધ પ્રતિષેધ. ॥ ચરમ૦ ॥ ॥ ૬ ॥ અંતિમ ભવગ્રહણે તુજ ભાવનું રે, ભાવશું શુધ્ધ સરૂપ, તઇયે આનંદઘન પદ પામશું રે, આતમ રૂપ અનુપ. ॥ ચરમ ॥ ૭ ॥

॥ શ્રી પાર્શ્વજિન સ્તવનં ॥

સ્વામિ શ્રી મંદિર વિનતિ એ દેશી.

પ્રણમું પદ પંકજ પાર્શ્વના; જશ વાસના અગમ અનુપરે, મોહ્યો મન મધુકર જેહથી, પામે નિજ શુધ્ધ સ્વરૂપ પ્રણમુ૦ ॥ ૧ ॥ પંક કલેંક શંકા નહી, નહીં ખેદાદિક દુખ દોષ રે, ત્રિવિધ અવંચક જોગથી, લહે અધ્યાતમ સુખ પોષ રે. પ્રણમું૦ ॥ ૨ ॥ દૂરંદશા દુરે ટલે, ભજે મુદિતા મૈત્રી ભાવ રે, વરતે નિતચિત્ત મધ્યસ્થતા, કરૂણામય શુદ્ધ સ્વભાવ રે, પ્રણમું૦ ॥ ૩ ॥ નિજ સ્વભાવ સ્થિર કર ધરે, ન કરે પુદ્ગલની ખેંચ રે, સાખી હુઇ વરતે સદા, ન કદા પરભાવ પ્રપંચ રે, પ્રણમુ૦ ॥ ૪ ॥ સહજ દશા નિશ્ચય જગે, ઉત્તમ અનુપમ રસ રંગ રે, રાચે નહી પરભાવ શું રંગ અભંગ રે, પ્રણમુ૦ ॥ ૫ ॥ નિજગુણ સબ નિજમેં લખે ન ચખે પરગુણની રેખરે. ખીર નીર વિવરો કરે, એ અનુભવ હંસ સું પેખરે, પ્રણમું૦ ॥ ૬ ॥ નિર્વિકલ્પ ધ્યેય અનુભવે, અનુભવ અનુભવની પ્રીત રે, ઓર ન કબહું લખી શકે, આનંદઘન પ્રીત પ્રતીત રે, પ્રણમુ૦ ॥ ૭ ॥

॥ શ્રી મહાવીરજિન સ્તવનં ॥

અભિનંદન જિન દરશિણ તરસીયેં—એ દેશો.

વીર જિનેશ્વર પરમેશ્વર જયો, જગત જીવન જિન ભૂપ, અનુભવ મિત્તે રે ચિતે હિત કરી, દાખવ્યું તાસ સ્વરૂપ,

વીર૦ ।। ૧ ।। જેહ અગોચર માનસ વચને, તેહ અતીંદ્રિય રૂપ, અનુભવ મિત્તે રે વ્યકિત શકિત શું, ભાખ્યું તાસ સ્વરૂપ, વીર૦ ।। ૨ ।। નયનિક્ષેપે રે જેહ ન જાણિયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ, શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવલ અનુભવ ભાણ. વીર૦ ।। ૩ ।। અલખ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ, સહજ વિશુદ્ધયેરે અનુભવ વયણ જે, શાસ્ત્ર તે સયલા રે ખેદ, વીર૦ ।। ૪ ।। દિશિ લેખાડી રે શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર બાત, કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત. વીર૦ ।।પા। અહો ચતુરાઈ રે અનુભવ મિત્તની, અહો તસ પ્રીત પ્રતીત, અંતરજામી સ્વામી સમીપ તે, રાખી મિત્ર સું રીત. વીર૦ ।। ૬ ।। અનુભવ સંગે રે રંગે પ્રભુ મલ્યા, સફલ ફલ્યા સવિ કાજ, નિજ પદ સંપદ જે તે અનુભવે, આનંદઘન મહારાજ. વીર૦ ૭.

ઇતિ શ્રી આનંદઘનજી કૃત ચોવીસ જિન સ્તુતિ સંપૂર્ણ.

॥ अथ श्री देवचंदजीकृत चोवीशी प्रारंभ ॥

॥ तत्र श्री रुषभजिन स्तवनं

નિદ્રડી વેરણ હુઈ રહી ॥ એ દેશી ॥

રૂષભ જિણુદ શું પ્રીતડી, કિમ કિજે હો કહો ચતુર વિચાર; પ્રભુજી જઇ અલગા વસ્યા, તિહાં કણે નવિ હો કોઇ વચન-ઉચ્ચાર. ઋષભ૦ ॥ ૧ ॥ કાગલ પણ પહોંચે નહિં, નવિ પહોંચે હો તિહાં કો પરધાન; જે પહોંચે તે તુમ સમો, નવિ ભાંખે હો કોઇનું વ્યવધાન. ઋષભ૦ ॥ ૨ ॥ પ્રીત કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ; પ્રીતડી જેહ અરાગીથી, ભેલવવી હો લોકોત્તર માગ. ઋષભ૦ ॥ ૩ ॥ પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુજ ભાવ; કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ; ઋષભ૦ ॥ ૪ ॥ પ્રીતિ અનંતિ પરથકી, જે તોડે હો તે જોડે એહ; પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ. ઋષભ૦ ॥ ૫ ॥ પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણ રાશ; દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ. ઋષભ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

॥ अथ श्री अजितजिन स्तवनं ॥

દેખો ગતિ દૈવની રે ॥ એ દેશી ॥

જ્ઞાનાદિક ગુણ સંપદા રે, તુજ અનંત અપાર, તે

સાંભલતા ઉપની રે રૂચિ તેણે પાર ઉતાર ।। ૧ ।। અજિત જિન તારજો રે તારજો દીન દયાલ ।। અજિત૦ ।। એ આંકણી. જે જે કારણ જેહનું રે સામગ્રી સંયોગ, મલતાં કારણ નીપજે રે કર્તા તેણે પ્રયોગ ।। અજિત૦ ।। ૨ ।। કાર્ય સિદ્ધ કર્તા વસુ રે લહી કારણ સંયોગ; નિજ પદ કારક પ્રભુ મિલ્યા રે હોય નિમિતહ ભોગ. અજિત૦ ।। ૩ ।। અજ કુલ ગત કેસરી લહે રે નિજ પદ સિંહ નિહાલ; તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે આતમ શક્તિ સંભાલ ।। અજિત૦ ।। ૪ ।। કારણ પદ કર્તા પણે રે કરી આરોપ અભેદ, નિજ પદ અરથી પ્રભુ થકી રે કરે અનેક ઉમેદ. અજિત૦ ।। ૫ ।। એહવા પરમાતમ પ્રભુ રે પરમાનંદ સ્વરૂપ, સ્યાદવાદ સત્તા રસી રે અમલ અખંડ અરૂપ. અજિત૦ ।। ૬ ।। આરોપિત સુખ ભ્રમ ટલ્યો રે ભાસ્યો અવ્યાબાધ, સમર્યું અભિલાખી પણું રે કર્તા સાધન સાધ્ય. અજિત૦ ।।૭।। ગ્રાહકતા સ્વામીત્વતા રે વ્યાપક ભોક્તાભાવ કારણતા કારજ દિશા રે સકલ ગ્રહ્યું નિજ ભાવ. અજિત૦ ।।૮।। શ્રદ્ધા ભાસન રમણતા રે દાનાદિક પરિણામ, સકલ થયા સત્તા રસીરે જિનવર દરશણ પામ. અજિત૦ ।। ૯ ।। તિણે નિર્યામક માહણો રે વૈદ્ય ગોપ આધાર, દેવચંદ્ર સુખ સાગરૂ રે ભાવ ધરમ દાતાર, અજિત૦ ।। ઇતિ ।।

।। અથ શ્રી સંભવજિન સ્તવનં ।।

ઘણરા ઢાલા-એ દેશી.

શ્રી સંભવ જિનરાજજી રે, તાહરૂં અકલ સ્વરૂપ,

જિનવર પૂજો, સ્વપર પ્રકાશક દિનમણિ રે, સમતારસનો ભૂપ. જિન૦ ।। ૧ ।। પૂજો પૂજો રે ભવિક જિન પૂજો, પ્રભુ પૂજ્યા પરમાનંદ. જિન૦ ।। એ આંકણી ।। અવિસંવાદ નિમિત્ત છો રે, જગત જંતુ સુખ કાજ. જિન૦ હેતુ સત્ય બહુ માનથી રે, જિન સેવ્યા શિવરાજ. જિન૦ ।। ૨ ।। ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ. જિન૦ ઉપાદાન કારણ પણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ. જિન૦ ।। ૩ ।। કારજ ગુણ કારણ પણે રે, કારણ કારજ અનૂપ. જિન૦ સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ. જિન૦ ।। ૪ ।। એક વાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય, જિન૦ કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીતિ કરાય. જિન૦ ।। ૫ ।। પ્રભુ પણે પ્રભુ ઓલખી રે, અમલ વિમલ ગુણ ગેહ. જિન૦ સાધ્ય દૃષ્ટિ સાધક પણે રે, વંદે ધન નર તેહ. જિન૦ ।। ૬ ।। જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ. જિન૦ જગત શરણ જિન ચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ. જિન૦ ।। ૭ ।। નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ અનંતનું ઠાણ. જિન૦ દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખ ખાણ. જિન૦ ।। ૮ ।।

।। અથ શ્રી અભિનંદન જિન સ્તવનં ।।

બ્રહ્મચર્ય પદ પૂજીયે–એ દેશી.

કયું જાણું કયું બની આવશે, અભિનંદન રસ રીત હો મિત્ત, પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત. કયું૦ ।। ૧ ।। પરમાતમ પરમેશ્વરૂ, વસ્તુગતે તે

અલિપ્ત હો મિત્ત, દ્રવ્યે દ્રવ્ય મિલે નહી, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત. કયું ।। ૨ ।। શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હો મિત્ત. આતમ વિભૂતિ પરિણમ્યો; ન કરે તે પરસંગ હો મિત્ત. કયું૦ ।। ૩ ।। પણ જાણું આગમ બલે, મલવો તુમ પ્રભુ સાથ હો મિત્ત; પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત્ત. કયું૦ ।।૪।। પર પરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ ભોગ હો મિત્ત, જડ ચલ જગની એહનો; ન ઘટે તુઝને ભોગ હો મિત્ત. કયું૦ ।। ૫ ।। શુદ્ધ નિમિત્ત પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત, આતમાલંબી ગુણ લહી, સહુ સાધકનો ધ્યેય હો મિત્ત. કયું૦ ।। ૬ ।। જિમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત, તિમ તિમ આતમાલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત. કયુ૦ ।। ૭ ।। સ્વ સ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત્ત, રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત્ત. કયું૦ ।। ૮ ।। અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત. દેવચંદ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત. કયું૦ ।। ૯ ।।

।। અથ શ્રી સુમતિજિન સ્તવનં ।।

કડખાની-દેશી.

અહો સિરી સુમતિ જિન શુદ્ધતા તાહરી, સ્વગુણ પર્યાય પરિણામ રામી; નિત્યતા એકતા અસ્તિતા ઈતર યુત, ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી. અહો૦ ।। ૧ ।। ઉપજે

વ્યય લહે તહવી તેહવો રહે, ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડિ, આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે, લોક પ્રદેશ મિત પણ અખંડી, અહો૦ ।। ૨ ।। કાર્ય કારણ પણે પરિણમે તહવી ધ્રુવ, કાર્ય ભેદે કરે પણ અભેદી, કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે; સકલ વેત્તા થકો પણ અવેદી. અહો૦ ।। ૩ ।। શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા; સહજ નિજ ભાવ ભોગી અયોગી; સ્વપર ઉપયોગી તદાત્મ્ય સત્તા રસી; શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી. અહો૦ ।। ૪ ।। વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકી, એટલે કોઇ પ્રભુતા ન પામે, કરે જાણે રમે અનુભવે તે પ્રભુ, તત્ત્વ સ્વામિત્વ શુચિ તત્ત્વ ધામે. અહો૦ ।। ૫ ।। જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલા ધાર નહિ તાસ રંગી, પર તણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા, વસ્તુ ધર્મે કદા ન પર સંગી. અહો૦ ।। ૬ ।। સંગ્રહે નહિં આપે નહિં પર ભણી, નવિ કરે આદરે ન પર રાખે, શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે, તેહ પરભાવને કેમ ચાખે. અહો ।। ૭ ।। તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઉપજે રુચિ તણે તત્ત્વ ઇહે, તત્ત્વરંગી થયો દોષથી ઉભગ્યો, દોષ ત્યાગે ટલે તત્ત્વ લીહે. અહો૦ ।। ૮ ।। શુદ્ધ માર્ગ વદ્યો સાધ્ય સાધન સધ્યો, સ્વામી પ્રતિછંદે સત્તા આરાધે આત્મ નિસપત્તિ તિમ સાધના નવિ ટકે, વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે. અહો૦ ।। ૯ ।। માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહી સાચો, દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો, તત્ત્વ ભકતે ભવિક સકલ રાચો. અહો૦ ।। ૧૦ ।। ઈતિ.

॥ અથ શ્રી પદ્મપ્રભ જિન સ્તવનં ॥

હું તુજ આગલ શી કહું કેશરીયા લાલ ॥ એ દેશી ॥

શ્રી પદ્મપ્રભ જિન ગુણ નિધિ રે લાલ, જગતારક જગદીશ રે, વાલ્હેસર ॥ જિન ઉપગાર થકી લહેરે લાલ, ભવિજન સિદ્ધિ જગીશરે. ॥ વા૦ ॥ ૧ ॥ તુજ દરિશણ મુજ વાલહું રે લાલ, દરિશણ શુદ્ધ પવિત્ત રે; વા૦ દર્શન શબ્દે નયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂત રે વા૦ ॥ તુ૦ ॥ ॥ ૨ ॥ બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પસરે ભૂજલ યોગ રે; વા૦ તિમ મુજ આતમ સંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે. ॥ વા૦ ॥ તુ૦ ॥ ૩ ॥ જગત જંતુ કારજ રૂચિ રે લાલ, સાધે ઉદયે ભાણ રે; વા૦ ચિદાનંદ સુવિલાસતા રે લાલ, વાધે જિણવર ઝાણ રે. ॥ વા૦ ॥ તુ૦ ॥ ॥ ૪ ॥ લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ, ઉપજે સાધક સંગ રે; વા૦ સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ, પ્રગટે તત્ત્વી રંગ રે. ॥ વા૦ ॥ તુ૦ ॥ ૫ ॥ લોહ ધાતુ કંચન હુવે રે લાલ. પારસ ફરસન પામી રે; વા૦ પ્રગટે અધ્યાતમ દીશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણ ગ્રામ રે, ॥ વા૦ ॥ ॥ તુ૦ ॥ ૬ ॥ આતમ સિદ્ધિ કારજ ભણી રે લાલ, સહજ નિર્યાસક હેતુ રે; વા૦ નામાદિક જિનરાજનાં રે લાલ, ભવસાગર માંહે સેતુ રે. ॥ વા૦ ॥ તુ૦ ॥ ૭ ॥ થંભન ઈંદ્રિય યોગનો રે લાલ, રકત વરણ ગુણ રાય રે વા૦ દેવચંદ્ર વૃંદે સ્તવ્યો રે લાલ, આપ અવર્ણ અકાય રે ॥ વા૦ ॥ ॥ તુ૦ ॥ ૮ ॥ ઈતિ ॥

॥ અથ શ્રી સુપાર્શ્વ જિન સ્તવનં ॥

હો સુંદર તપ સરિખો જગકો નહિં ॥ એ દેશી ॥

શ્રી સુપાસ આનંદ મે, ગુણ અનંતનો કંદ હો ॥ જીનજી ॥ જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો જિનજી૦ ॥ શ્રી૦ ॥ ૧ ॥ સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો. ॥ જિનજી ॥ કરતા પદ કિરિયા વિના, સંત અજેય અનંત હો જિનજી ॥ શ્રી૦ ॥ ૨ ॥ અગમ અગોચર અમર તું, અવ્યય રૂદ્ધિ સમુહ હો જિનજી; વર્ણ ગંધ રસ ફરસ વિણ, નિજ ભોકતા ગુણ વ્યુહ હો, ॥ જિનજી ॥ શ્રી ॥ ૩ ॥ અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો; ॥ જિનજી ॥ વીર્ય શકિત અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો ॥ જિનજી ॥ શ્રી ॥ ॥ ૪ ॥ એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો ॥ જિનજી ॥ નિરૂપચરિત નિદ્વદ્વ સુખ, અન્ય અહેતુક પીન હો ॥ જિનજી ॥ શ્રી૦ ॥ ૫ ॥ એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો ॥ જિનજી ॥ તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો ॥ જિનજી ॥ ॥ શ્રી૦ ॥ ૬ ॥ એમ અનંત ગુણનો ધણી, ગુણ ગણનો આનંદ હો ॥ જિનજી ॥ ભોગ રમણ આસ્વાદ યુત, પ્રભુ તું પરમાનંદ હો ॥ જિનજી ॥ શ્રી૦ ॥૭॥ અવ્યાબાધ રૂચિ થઇ, સાધે અવ્યાબાધ હો ॥ જિનજી ॥ દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો ॥ જિનજી ॥ શ્રી૦ ॥૮॥ ઇતિ

॥ અથ શ્રી ચંદ્રપ્રભજિન સ્તવનં ॥

શ્રી શ્રેયાંસ જિન અંતરયામી ॥ એ દેશી.

શ્રી ચંદ્રપ્રભ જિન પદ સેવા, હે વાયે હલિયાજી; આતમ ગુણ અનુભવથી મલિયા, તે ભવ ભયથી ટલિયાજી. ॥ શ્રી૦ ॥૧॥ દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વલી ગુણ ગ્રામોજી; ભાવ અભેદ થાવાની ઇહાં, પર ભાવે નિઃકામોજી ॥ શ્રી૦ ॥૨॥ ભાવ સેવ અપવાદે નૈગમ, પ્રભુ ગુણને સંકલ્પેજી; સંગ્રહ સત્તા તુલ્યા રોપે, ભેદા ભેદ વિકલ્પેજી ॥ શ્રી૦ ॥૩॥ વ્યવહારે બહુ માન જ્ઞાન નિજ, ચરણે જિન ગુણ રમણાજી; પ્રભુ ગુણ આલંબી પરિણામે, રૂજુ પદ ધ્યાન સ્મરણાજી ॥ શ્રી૦ ॥૪॥ શબ્દે શુકલ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી ॥ બીઅ શુકલ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી ॥ શ્રી૦ ॥૫॥ ઉત્સર્ગ સમકિત ગુણ પ્રગટયો, નૈગમ પ્રભુતા અંશેજી; સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિ પદ ભાવ પ્રશંસેજી ॥શ્રી૦ ॥ ૬ ॥ ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આતમ શકિત પ્રકાશેજી. યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી. ॥ શ્રી૦ ॥ ૭ ॥ ભાવ સયોગી અયોગી શૈલેસે, અંતિમ દુગ નય જાણોજી; સાધનતાયે નિજગુણ વ્યકિત, તેહ સેવના વખાણોજી. ॥ શ્રી૦ ॥ ૮ ॥ કારણ ભાવ તેહ અપવાદે, કાર્ય રૂપ ઉત્સર્ગેજી, આતમ ભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી. ॥ શ્રી૦ ॥ ૯ ॥ કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી, કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામિક ભાવોજી. ॥ શ્રી૦ ॥

।। ૧૦ ।। પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી, શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી. ।। શ્રી૦ ।। ૧૧ ।। ઇતિ ।।

।। અથ શ્રી સુવિધિજિન સ્તવનં ।।

થારા મહેલા ઉપર મેહ મરૂએ વીજલી હો લાલ એ દેશી.

દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો ।। હો લાલ ।। સમાધિ રસે ભર્યો ।। ભાસ્યું આતમ સ્વરૂપ અનાદિનો વિસર્યો ।। હો લાલ ।। અ૦ ।। સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ ।। થ૦ ।। સત્તા સાધન માર્ગ ભણી એ સંચર્યો હો લાલ ।। ભ૦ ।। ૧ ।। તુમ પ્રભુ જાણંગ રીતિ સર્વ જગ દેખતા ।। હો લાલ૦ ।। સ૦ ।। નિજ સત્તાયે શુદ્ધ સહુને લેખતા ।। હો લાલ૦ ।। સ૦ ।। પર પરિણતિ અદ્વેષ પણે ઉવેખતા ।। હો લાલ ।। પણે ।। ભોગ્ય પણે નિજ શકિત અનંત ગવેખતા ।। હો લાલ ।। ।। અ૦ ।। ૨ ।। દાનાદિક નિજ ભાવ હતા જે પરવશા ।। હો લાલ ।। હતા૦ ।। તે નિજ સંમુખ ભાવ ગ્રહી લહી તુજ દશા ।। હો લાલ ।। ગ્રહી ।। પ્રભુનો અદ્‌ભુત યોગ સ્વરૂપ તણી રસા ।। હો લાલ ।। સ્વરૂપ૦ ।। ભાસે વાસે તાસ જાસ ગુણ તુજ જિસા ।। હો લાલ ।। જાસ ।। ।। ૩ ।। મોહાદિકની ઘુમિ અનાદિની ઊતરે ।। હો લાલ ।। ।। અનાદિ૦ ।। અમલ અખંડ અલિપ્ત સ્વભાવજ સાંભરે ।। હો લાલ ।। સ્વભાવ૦ ।। તત્વ રમણ શુચિ ધ્યાન ભણી જે આદરે ।। હો લાલ ।। ભણી૦ ।। તે સમતારસ

ધામ સ્વામી મુદ્રા વરે ।। હો લાલ સ્વામી० ।। ૪ ।। પ્રભુ છો ત્રિભુવન નાથ દાસ હું તાહરો ।। હો લાલ ।। ।। દાસ० ।। કરૂણાનિધિ અભિલાખ અછે મુજ એ ખરો ।। હો લાલ ।। અછે० ।। આતમ વસ્તુ સ્વભાવ સદા મુજ સાંભરો ।। હો લાલ ।। સદા० ।। ભાસન વાસન એહ ચરણ ધ્યાને ધરો ।। હો લાલ ।। ચરણ० ।। ૫ ।। પ્રભુ મુદ્રાને યોગ પ્રભુ પ્રભુતા લખે હો લાલ ।। પ્રભુ० ।। દ્રવ્ય તણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓલખે ।। હો લાલ ।। સ્વ० ।। ઓલખતાં બહુ માન સહિત રૂચિ પણ વધે ।। હો લાલ ।। ।। સહિત० ।। રૂચિ અનુયાયી વીર્ય ચરણ ધારા સધે ।। હો લાલ ।। ચરણ ० ।। ૬ ।। ક્ષાયોપશમિક ગુણ સર્વ થયા તુજ ગુણરસી ।। હો લાલ ।। થયા० ।। સત્તા સાધન શકિત વ્યક્તતા ઉલ્લસી ।। હો લાલ ।। વ્યક્તતા० ।। હવે સંપૂરણ સિદ્ધ તણી શી વાર છે ।। હો લાલ ।। તણી० ।। દેવચંદ્ર જિનરાજ જગત આધાર છે ।। હો લાલ ।।જગત० ।। ૭ ।। ઇતિ ।।

।। અથ શ્રી શિતલજિન સ્તવનં ।।

આદર જીવ ક્ષમા ગુણ આદર એ દેશી. ।।

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહીય ન જાયજી; અનંતતા નિર્મલતા પૂરણતા, જ્ઞાન વિના ન જણાયજી. ।। શીતલ० ।। ૧ ।। ચરમ જલધિ જલમિણે અંજલી, ગતિ ઝીંપે અતિ વાયજી; સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી. ।। શીતલ० ।। ૨ ।। સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતાં, તેહથી ગુણ પર્યાયજી, તાસ વર્ગથી

અનંતગણું પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી. ।। શીતલ૦ ।। ૩ ।। કેવલ દર્શન એમ અનંતો, ગ્રહે સામાન્ય સ્વભાવજી, સ્વ-પર અનંતથી ચરણ અનંતો, સમરણ સંવર ભાવજી. ।। શીતલ૦ ।। ૪ ।। દ્રવ્ય ક્ષેત્રને કાલ ભાવ ગુણ, રાજ-નીતિ એ ચારજી, ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઇ ન લોપે કારજી. ।। શીતલ૦ ।। ૫ ।। શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી, અવ્યાબાધ અનંતો પામે, પરમ અમૃત સુખ ધામજી. ।। શીતલ૦ ।।૬।। આણા ઇશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી, ભાવસ્વાધીન તે અવ્યય રીતે, ઇમ અનંત ગુણ ભુપજી. ।। શીતલ૦ ।।૭।। અવ્યાબાધ સુખ નિર્મલ તે તો, કરણ જ્ઞાને ન જણાયજી, તેહજ એહનો જાણંગ ભોક્તા, જે તુમ સમ ગુણ રાયજી. ।। શીતલ૦ ।। ।। ૮ ।। એમ અનંત દાનાદિક નિજગુણ, વચનાતિતપ-ડૂરજી, વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપતિ તો અતિ દૂર જી. ।। શીતલ૦ ।। ૯ ।। સકલ પ્રત્યક્ષ પણે ત્રિભુવન ગુરૂ, જાણું તુજ ગુણ ગ્રામજી; બીજું કાંઇ ન માગું સ્વામી, એહિજ છે મુજ કામજી ।। શીતલ૦ ।। ૧૦ ।। એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુ રૂપજી, દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી. ।। શીતલ૦ ।। ૧૧ ।। ઇતિ.

।। અથ શ્રી શ્રેયાંસ જિન સ્તવનં ।।

પ્રાણી વાણી જિન તણી ।। એ દેશી ।।

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્ભુત સહજાનંદરે, ગુણ એક વિધ ત્રિક પરણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ

રે. ॥ ૧ ॥ મુનિચંદ જિણુંદ અમંદ દિણુંદ પરે, નિત્ય દીપતો સુખકંદરે ॥ એ આંકણી ॥ નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક દાતા પદ ઇંશ રે, દેખે નિજ દર્શન કરી નિજ, દૃશ્ય સામાન્ય જગીશરે. ॥ મુનિ૦ ॥ ૨ ॥ નિજ રમ્યે રમણ કરે, પ્રભુ ચારિત્રે રમતા રામ રે, ભોગ અનંતને ભોગવે, ભોગે તેણે ભોક્તા સ્વામ રે ॥ મુનિ૦ ॥ ૩ ॥ દેય દાન નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયંમેવ રે, પાત્ર તુમે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપક મય દેવ રે. ॥ મુનિ૦ ॥૪॥ પરિણામિક કારજ તણો, કરતા ગુણ કરણે નાથ રે; અક્રિય અક્ષય સ્થિતિમયી, નિકલંક અનંતી આથ રે. મુનિ૦ ॥ ૫ ॥ પરિણામિક સત્તા તણો, આવિર્ભાવ વિલાસ નિવાસ રે, સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પને નિઃપ્રયાસ રે. ॥ મુનિ૦ ॥ ૬ ॥ પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતાં કરતાં ગુણ ગ્રામ રે, સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણતિ પામરે. ॥ મુનિ૦ ॥ ૭ ॥ પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે, તત્ત્વ રમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે, ॥ મુનિ૦ ॥ ૮ ॥ પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદ રે, દેવચંદ્ર જિનરાજના, નિત્ય વંદો પદ અરવિંદ રે. ॥ મુનિ૦ ॥ ૯ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી વાસુપુજ્યજિન સ્તવનં ॥

પંથડો નિહાલુ રે બીજા જિન તણોરે ॥ એ દેશી ॥

પૂજના તો કીજેરે બારમા જિનતણી રે, જસુ પ્રગટયો પૂજ્ય સ્વભાવ, પરકૃત પૂજારે જે ઇચ્છે નહીં રે, સા-

ધક કારજ દાવ. ॥ પૂજના૦ ॥ ૧ ॥ દ્રવ્યથી પૂજારે કારણ ભાવનું રે. ભાવ પ્રશસ્ત ને શુદ્ધ, પરમ ઇષ્ટ વલભ ત્રિભુવન ધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુધ ॥ પૂજના૦ ॥ ૨ ॥ અતિશય મહિમા રે અતિ ઉપગારતારે, નિર્મલ પ્રભુગુણ રાગ, સુરમણિ સુર ઘટ સુરતરૂં તું છતે રે, જિનરાગી મહાભાગ. ॥ પૂજના૦ ॥ ૩ ॥ દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મનારે, પ્રભુ પ્રભુતા લયલીન, શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન. ॥ પૂજના૦ ॥ ૪ ॥ શુદ્ધ તત્વ રસ રંગી ચેતના રે, પામે આત્મ સ્વભાવ; આત્માવલંબી નિજગુણ સાધતો રે, પ્રગટે પૂજ્ય સ્વભાવ, ॥ પૂજના૦ ॥ ૫ ॥ આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ, નિજ ધન ન દીયે પણ આશ્રિત લહે રે અક્ષય અક્ષર રૂદ્ધિ. ॥ પૂજના૦ ॥ ૬ ॥ જિનવર પૂજારે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શકિત, પરમાનંદ વિલાસી અનુભવે રે; દેવચંદ્ર પદ વ્યકિત, ॥ પૂજના૦ ॥ ૭ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી વિમલજિન સ્તવનં ॥

દાસ અરદાસ શી પરે કરેજી—એ દેશી.

વિમલ જિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય, લઘુ નદી જિમ તિમ લંઘીયેજી, સ્વયંભૂ રમણ ન તરાય, વિમલ૦ ॥ ૧ ॥ સયલ પુઢવી ગિરિ જલ તરૂજી, કોઈ તોલે એક હાથ, તેહ પણ તુજ ગુણ ગણ ભણીજી, ભાંખવા નહીં સમરથ, વિમલ૦ ॥ ૨ ॥ સર્વ પુદ્ગલ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ, તાસ ગુણ ધર્મ પજજવ

સહુજી, તુજ ગુણ એક તણો લેશ. વિમલ૦ ॥ ૩ ॥ એમ નિજ ભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય, નાસ્તિતા સ્વપર પદ અસ્તિતાજી, તુજ સમકાલ સમાય. વિમલ૦ ॥ ૪ ॥ તાહરા શુદ્ધ સ્વભાવને જી. આદરે ધરી બહુ માન, તેહને તેહિજ નીપજેજી, એ કોઇ અદ્‌ભૂત તાન. વિમલ૦ ॥ ૫ ॥ તુમ્હ પ્રભુ તુમ્હ તારક વિભુજી, તુમ્હ સમો અવર ન કોય, તુમ દરિસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય. વિમલ૦ ॥ ૬ ॥ પ્રભુ તણી વિમલતા ઓલખીજી, જે કરે થિર મન સેવ, દેવચંદ્ર પદ તે લહે જી, વિમલ આનંદ સ્વયમેવ. વિમલ૦ ॥ ૭ ॥ ઇતિ.

॥ અથ શ્રી અનંતજિન સ્તવનં ॥

દીઠી હો પ્રભુ દીઠી જગ ગુરૂ તુજ—એ દેશી.

મુરતિ હો પ્રભુ મુરતિ અનંત જિણંદ, તાહરી હો પ્રભુ તાહરી મુજ નયણે વસીજી, સમતા હો પ્રભુ સમતા રસનો કંદ, સહેજે હો પ્રભુ સહેજે અનુભવ રસ લસીજી. ॥ ૧ ॥ ભવ દવ હો પ્રભુ ભવ દવ તાપિત જીવ, તેહને હો પ્રભુ તેહને અમૃત ઘન સમીજી, મિથ્યા વિષ હો પ્રભુ મિથ્યા વિષની ખીવ, હરવા હો પ્રભુ હરવા જાંગુલિ મન રમીજી. ॥ ૨ ॥ ભાવ હો પ્રભુ ભાવ ચિંતામણિ એહ, આતમ હો પ્રભુ આતમ સંપત્તિ આપવાજી, એહિજ હો પ્રભુ એહિજ શિવ સુખ ગેહ, તત્વ હો પ્રભુ તત્ત્વાલંબન થાપવાજી. ॥ ૩ ॥ જાયે હો પ્રભુ જાયે આશ્રવ ચાલ, દીઠે હો પ્રભુ દીઠે સંવરતા વધે જી, રત્ન હો પ્રભુ રત્નત્રયી ગુણ

માલ, અધ્યાતમ હો પ્રભુ અધ્યાતમ સાધન સધેજી. ।।૪।। મીઠી હો પ્રભુ મીઠી સૂરત તુઝ, દીઠી હો પ્રભુ દીઠી રૂચિ બહુ માનથીજી, તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુક્ત, સેવે હો પ્રભુ સેવે તસુ ભવ ભય નથીજી. ।। ૫ ।। નામે હો પ્રભુ નામે અદ્‌ભુત રંગ, ઠવણા હો પ્રભુ ઠવણા દીઠે ઉલ્લસેજી, ગુણ આસ્વાદ હો પ્રભુ ગુણ આસ્વાદ અભંગ, તન્મય હો પ્રભુ તન્મયતાયે જે ધસેજી ।। ૬ ।। ગુણ અનંત હો પ્રભુ ગુણ અનંતનો વૃંદ, નાથ હો પ્રભુ નાથ અનંતને આદરેજી, દેવચંદ્ર હો પ્રભુ દેવચંદ્રને આનંદ, પરમ હો પ્રભુ પરમ મહોદય તે વરેજી ।। ૭ ।। ઇતિ.

॥ અથ શ્રી ધર્મ જિન સ્તવનં ॥

સફલ સંસાર અવતાર એ હું ગણું દેશો.

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઇયે, આપણો આતમા તેહવો ભાવિયે ।। જાતિ જસુ એકતા તેહ પલટે નહિં, શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી ।।૧।। નિત્ય નિરવયવ-વલિ એક અક્રિય પણે, સર્વ ગત તેહ સામાન્ય ભાવે ભણે, તેહથી ઇતર સાવયવ વિશેષતા, વ્યકિત ભેદે પડે જેહની ભેદતા. ।। ૨ ।। એકતા પિંડને નિત્ય અવિનાશતા, અસ્તિ નિજ રૂદ્ધિથી કાર્યગત ભેદતા, ભાવશ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા, ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા ।। ૩ ।। ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા, નાશ ઉત્પાદ અનિત્ય પર નાસ્તિતા, ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવ્યકતતા, વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા ।। ૪ ।। ધર્મ પ્રાગ્

ભાવતા સકલ ગુણ શુદ્ધતા, ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા, શુદ્ધ સ્વ પ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા, વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકતા ।। ૫ ।। સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું, શુદ્ધ આત્મિક આનંદ પદ સંગ્રહ્યું, જહવી પરભાવથી હું ભવોદધિ વસ્યો, પર તણો સંગ સંસારતાયે ગ્રસ્યો ।। ૬ ।। તહવિ સત્તા ગુણે જીવ એ નિર્મલો, અન્ય સંશ્લેશ જિમ ફિટક નવિ શામલો, જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી, ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહીં ।। ૭ ।। તિણે પરમાત્મ પ્રભુ ભકિત રંગી થઈ, શુદ્ધ કારણ રસે તત્વ પરિણતિમયી, આત્મ ગ્રાહક થયે તજે પર ગ્રહણુતા, તત્ત્વ ભોગી થયે ટલે પર ભોગ્યતા ।। ૮ ।। શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવ ભોગી યદા, આત્મ ક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા, એક અસહાય નિસ્સંગ નિર્દ્વદ્વતા, શકિત ઉત્સર્ગની હોય સહુ વ્યકતતા ।। ૯ ।। તેણે મુજ આતમા તુજ થકી નીપજે, માહરી સંપદા સકલ મુજ સંપજે, તિણે મન મંદિરે ધર્મ પ્રભુ ધ્યાઇયે, પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઇયે. ।।૧૦ ઈતિ।।.

।। અથ શ્રી શાંતિ જિન સ્તવનં ।।

કિહાં છ રે એ દેશી.

જગત દિવાકર જગત કૃપાનિધિ, વહાલા મારા સમવસરણમાં બેઠારે, ચઉમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે ।। ૧ ।। ભવિક જન હરખો રે, નિરખી શાંતિજિણુંદ ।। ભ૦ ।। ઉપશમ રસનો કંદ, નહિં ઇણ

સરિખો રે ।। એ આંકણી ।। પ્રાતીહાર્ય અતિશય શોભા ।। વા૦ ।। તે તો કહિય ન જાવે રે, ધુક બાલકથી રવિ-કર ભરનું, વર્ણન કેણી પેરે થાવે રે. ભ૦ ।। ૨ ।। વાણી ગુણ પાંત્રીશ અનોપમ ।। વા૦ ।। અવિસંવાદ સરૂપે રે. ભવદુઃખ વારણ શિવસુખ કારણ, સુધો ધર્મ પ્રરૂપે રે ભ૦ ।। ૩ ।। દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિ મુખ ।। વા૦ ।। ઠવણા જિન ઉપકારી રે, તસુ આલંબન લહિય અનેકે, તિહાં થયા સમકિત ધારી રે. ।। ભ૦ ।। ૪ ।। ષટ્ નય કારજ રૂપે ઠવણા ।। વા૦ ।। સગ નય કારણ ઠાણી રે, નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે. ભ૦ ।। ૫ ।। સાધક તીન નિક્ષેપા મુખ્ય ।। વા૦।। જે વિણ ભાવ ન લહીયે રે, ઉપકારી દુગ ભાખ્યે ભાંખ્યા, ભાવ વંદકનો ગ્રહીયે રે ।। ભ૦ ।। ૬ ।। ઠવણા સમવસરણે જિનસેંતી ।। વા૦ ।। જો અભેદતા વાધી રે, એ આતમના સ્વસ્વભાવ ગુણ, વ્યકત યોગ્યતા સાધી રે, ।। ભ૦ ।।૭।। ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા ।।વા૦।। રસનાનો ફલ લીધો રે, દેવચંદ્ર કહે માહરા મનનો, સકલ મનોરથ સીધો રે ।। ।। ભ૦ ।। ૮ ।। ઇતિ ।।

।। અથ શ્રી કુંથુજિન સ્તવનં ।।

ચરમ જિનેસરૂ ।। એ દેશી ।।

સમવસરણ બેસી કરી રે, બારહ પરષદ માંહિ, વસ્તુ સ્વરૂપ પ્રકાશતા રે, કરૂણાકર જગના હો રે કુંથુ જિનેસરૂ. ।। ૧ ।। નિર્મલ તુજ મુખ વાણી રે, જે શ્રવણે

સુણે, તેહિજ ગુણમણિ ખાણી રે. કુંથુ૦ ।। ૨ ।। એ આંકણી૦ ગુણ પર્યાય અનંતતા રે, વલીય સ્વભાવ અગાહ, નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહો રે. ।। કુંથુ ।। ।। ૩ ।। કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધિ, ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધિ રે, ।। કુંથુ૦ ।। ૪ ।। વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામ, ગ્રાહક અવસર બોધથી રે, કહેવે અર્પિત કામો રે, ।। કુંથુ૦ ।। ૫ ।। શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધા બોધ, ઉભય રહિત ભાસન હુવેરે, પ્રગટે કેવલ બોધો રે ।। કુંથુ ।। ૬ ।। છતિ પરણતિ ગુણ વર્તના રે, ભાસન ભોગ આનંદ, સમકાલે પ્રભુ તાહરે રે, રમ્ય રમણ ગુણ વૃંદો રે. ।। કુંથુ૦ ।। ૭ ।। નિજ ભાવે સીય અસ્તિતા રે, પર નાસ્તિત્વ સ્વભાવ, અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે. ।। કુંથુ૦ ।। ।। ૮ ।। અસ્તિ સ્વભાવ જે આપણો રે, રૂચિ વૈરાગ્ય સમેત, પ્રભુ સન્મુખવંદન કરી રે, માગીશ આતમ હેતો રે ।। કુંથુ૦ ।। ૯ ।। અસ્તિ સ્વભાવ રૂચિ થઇ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ, દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે ।। કુંથુ૦ ।। ૧૦ ।। ઇતિ ।।

।। શ્રી અરજિન સ્તવનં. ।।

રામચંદ્ર કે બાગ ।। એ દેશી ।।

પ્રણમો શ્રી અરનાથ, શીવપુર સાથ અરોરી, ત્રિભુવન જન આધાર, ભવ નિસ્તાર કરોરી ।। ૧ ।। કર્તા કારણ

યેાગ, કારજ સિદ્ધિ લહેરી, કારણ ચાર અનુપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી ।। ૨ ।। જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી, ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી. ।। ૩ ।। ઉપાદાનથી ભિન્ન, જે વિણ કાર્ય ન થાયે, ન હુવે કારજ રૂપ, કર્તાને વ્યવસાયે ।। ૪ ।। કારણ તેહ નિમિત્ત ચક્રાદિક ઘટ ભાવે, કાર્ય તથા સમવાયિ, કારણ નિયતને દાવે ।। ૫ ।। વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી, તે અસાધારણ હેતુ, કુંભે થાસ લહેરી. ।। ૬ ।। જેહનેા નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુભાવી, ભૂમિ કાલ આકાશ, ઘટ કારણ સદ્દભાવી. ।। ૭ ।। એહ અપેક્ષા હેતુ, આગમ માંહિ કહ્યોરી, કારણ પદ ઉતપન્ન, કાર્ય થયે ન લહ્યોરી. ।। ૮ ।। કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિ પણેારી, નિજ સત્તા ગત ધર્મ, તે ઉપાદાન ગણેારી, ।। ૯ ।। યેાગ સમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી, વિધિ આચરણા ભકિત, જિણે નિજ કાર્ય સધેરી ।।૧૦ ।। નરગતિ પદમ સંઘયણ, તેહ અપેક્ષા જાણેા, નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણેા. ।। ૧૧ ।। નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી, પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી ।। ૧૨ ।। પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હલીયે, રીઝ ભકિત બહુમાન, ભેાગ ધ્યાનથી મલિયે ।। ૧૩ ।। મ્હેાટાને ઉત્સંગ, બેઠા ને શી ચિંતા, તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિચિંતા. ।। ૧૪ ।। અર પ્રભુ પ્રભુતા રંગ, અંતર શકિત વિકાસી, દેવચંદ્ર ને આનંદ, અક્ષય ભેાગ વિલાસી ।। ૧૫ ।। ઇતિ ।।

અથ શ્રી મલિજિન સ્તવનં

દેખી કામિની દેાયકે કામે વ્યાપીએરે કે કા૦ ॥ એ દેશી

મલ્લિનાથ જગનાથ ચરણ યુગ ધ્યાઇયેં રે, ચ૦ શુદ્ધાતમ પ્રાગ્ ભાવ પરમ પદ પાઇયેં રે; પરમ૦ સાધક કારક ષટ્ક કરે ગુણ સાધના રે, ક૦ તેહિજ શુદ્ધ સ્વરૂપ થાયે નિરાબાધનારે. થા૦ ॥ ૧ ॥ કર્તા આતમ દ્રવ્ય, કારજ નિજ સિદ્ધતારે, કા૦ ઉપાદાન પરિણામ, પ્રયુકત તે કરણતારે. પ્ર૦ આતમ સંપદ દાન, તેહ સંપ્રદાનતારે, તે૦ દાતા પાત્રને દેય, ત્રિભાવ અભેદતારે. ત્રિ૦ ॥ ૨ ॥ સ્વપર વિવેચન કરણ, તેહ અપાદાનથીરે, તે૦ સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથીરે; સં૦ બાધક કારક ભાવ, અનાદિ નિવારવારે. અ૦ સાધકતા અવલંબી, તેહ સમારવારે. તે૦ ॥ ૩ ॥ શુદ્ધ પણે પર્યાય, પ્રવર્તન કાર્યમેંરે. પ્ર૦ કર્તાદિક પરિણામ, તે આતમ ધર્મમેંરે. તે૦ ચેતન ચેતન ભાવ, કરે સમવેંતમેં રે. ક૦ સાદિ અનંતો કાલ, રહે નિજ ખેંતમેંરે, ૨૦ ॥ ૪ ॥ પર કતૃત્વ સ્વભાવ, કરે તાં લગી કરેરે, ક૦ શુદ્ધ કાર્ય રુચિ ભાસ. થયે નવિ આદરે રે; થયે૦ શુધ્ધાતમ નિજકાર્ય, રૂચિ કારક ફિરે રે. રૂ૦ તેહિજ મૂલ સ્વભાવ, ગ્રહે નિજ પદ વરે રે. ગ્ર૦ ॥ ૫ ॥ કારણ કારજ રૂપ, અછે કારક દશા રે. અ૦ વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનને વસ્યા રે; એ૦ પણ શુદ્ધ સરૂપ ધ્યાન, તે ચેતનતા ગ્રહે રે. તે૦ તવ નિજ સાધક ભાવ, સકલ કારક લહે રે. સ૦ ॥ ૬ ॥ માહરૂં પૂર્ણાનંદ, પ્રગટ કરવા ભણી રે. પ્ર૦ પુષ્ટાલંબન

રૂપ, સેવ પ્રભુજી તણી રે. સે૦ દેવચંદ્ર જિનચંદ્ર, ભગતિ મનમેં ધરો રે. ભ૦ અવ્યાબાધ અનંત, અક્ષય પદ આદરો રે. અ૦ ।। ૭ ।। ઇતિ. ।।

।। અથ શ્રી મુનિસુવત જિન સ્તવન ।।

ઓલંગડી ઓલંગડી સુહેલી હો શ્રી શ્રેયાંસની રે એ દેશી.

ઓલંગડી ઓલંગડી તો કીજે શ્રી મુનિસુવ્રત સ્વામિની રે, જેહથી નિજપદ સિદ્ધિ; કેવલ કેવલ જ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે, લહીયે સહેજ સમૃદ્ધિ. ઓ૦ ।। ૧ ।। ઉપાદાન ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે, પણ કારણ નિમિત્ત આધિન; પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિસ્યોરે, ગ્રાહક વિધિ આધિન. ।। ઓ૦ ।।૨।। સાધ્ય સાધ્ય ધર્મ જે માંહી હુવે રે, તે નિમિત્ત અતિપુષ્ટ, પુષ્પમાંહિ તિલ વાસક વાવાસનારે, તે નવિ પ્રધ્વંસક દુષ્ટ. ।। ઓ૦ ।। ૩ ।। દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણોરે, નવિ ઘટતા તસુ માંહિ; સાધક સાધક પ્રધ્વંસકતા અછેરે, તિણે નહિ નિયત પ્રવાહ. ।। ઓ૦ ।। ૪ ।। ષટ્ કારક ષટ્ કારક તે કારણ કાર્યનારે, જે કારણ સ્વાધીન; તે કર્તા તે કર્તા સહુ કારક તે વસુ રે, કર્મ તે કારણ પીન. ।। ઓ૦ ।। ૫ ।। કાર્ય કાર્ય સંકલ્પે કારક દશારે, છતિ સત્તા સદ્‌ભાવ; અથવા તુલ્ય ધર્મને જોયવેરે, સાધ્યા રોપણ દાવ. ।। ઓ૦ ।। ૬ ।। અતિશય અતિશય કારણ કારક કરણતારે, નિમિત્ત અને ઉપાદાન; સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવ નથી રે, કારણ વ્યય અપાદાન ।। ઓ૦ ।। ૭ ।। ભવન ભવન વ્યય વિણું કારજ

નવિ હુવેરે, જિમ દૃષ્ટે ન ઘટત્વ, શુદ્ધાચાર શુદ્ધાચાર સ્વ-
ગુણનું દ્રવ્ય છે રે, સત્તાધાર સુતત્વ ।। ઓ૦ ।। ૮ ।। આ-
તમ આતમ કર્ત્તા કારજ સિદ્ધતારે, તસુ સાધન જિનરાજ;
પ્રભુ દીઠે પ્રભુ દીઠે કારજ રૂચિ ઉપજે રે, પ્રગટે આત્મ
સમાજ. ।। ઓ૦ ।। ૯ ।। વંદન વંદન નમન સેવન વલિ
પૂજનારે, સ્મરણ સ્તવન વલી ધ્યાન; દેવચંદ્ર દેવચંદ્ર
કીજે જિનરાજનીરે, પ્રગટે પૂર્ણ નિધાન. ।। ઓ૦ ।। ૧૦ ।।
।। ઇતિ. ।।

।। અથ શ્રી નમિજિન સ્તવનં ।।

પીછો લારી પાલ ઉભા દોય રાજવીરે ।। એ દેશી ।।

શ્રી નમિ જિનવર સેવ ઘનાઘન ઉનમ્યોરે, ઘ૦ દીઠાં
મિથ્યા, રોરવ ભવિક ચિત્તથી ગમ્યોરે; ભ૦ શુચિ આચરણા
રીતી, તે અભ્ર વધે વડારે, તે૦ આતમ પરિણતિ શુદ્ધ, તે
વીજ ઝબુકડાં રે તે૦ ।। ૧ ।। વાજે વાયુ સુવાયુ તે પાવન
ભાવનારે. તે૦ ઇંદ્ર ધનુષ ત્રિક યોગ તે ભક્તિ એકમના
રે; તે૦ નિર્મલ પ્રભુ સ્તવ ઘોષ, ધ્વનિ ઘન ગર્જનારે.
ધ્વ૦ ત્રષ્ણા ગ્રીષ્મકાલ, તાપની તર્જના રે. તા૦ ।। ૨ ।।
શુભ લેશ્યાની આલી, તે બગ પંકતી બનીરે, તે૦ શ્રેણી
સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિરે; વ૦ ચઉગતિ મારગ
બંધ ભવિક નિજ ઘર રહ્યારે; ભ૦ ચેતન સમતા સંગ,
રંગમે ઉમહ્યારે. રં૦ ।। ૩ ।। સમ્યક્ દૃષ્ટિ મોર, તિહાં
હરખે ઘણું રે, તિ૦ દેખી અદ્‌ભુત રૂપ, પરમ જિનવર

તણુંરે, પરમ૦ પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહીરે, તે૦ ધરમ રૂચિ ચિત્ત ભૂમિ, માંહિ નિશ્ચલ રહીરે. માં૦ ॥ ૪ ॥ ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણોરે, ક૦ અનુભવ રસ આસ્વાદ, સકલ દુઃખ વારણોરે; સ૦ અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતારે, તૃ૦ વિરતિ તણા પરિણામ તે બીજની પૂરતારે. તે૦ ॥ ૫ ॥ પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાંરે, ત૦ સાધ્ય ભાવ નિજ થાપી, સાધનતા એ સધ્યારે, સા૦ ક્ષાયિક દર્શન જ્ઞાન, ચરણ ગુણ ઉપનારે, ચ૦ આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપનારે. આ૦ ॥ ૬ ॥ પ્રભુ દરિશણ મહામેહ, તણે પ્રવેશમેંરે, ત૦ પરમાનંદ સુભિક્ષ થયા મુઝ દેશમેંરે; થ૦ દેવચંદ્ર જિનચંદ્ર, તણો અનુભવ કરોરે. ત૦ સાદિ અનંતો કાલ, આતમ સુખ અનુસરોરે, આ૦ ॥ ૭ ॥ ઇતિ. ॥

॥ અથ શ્રીનેમનાથજિન સ્તવનં ॥

પદ્મપ્રભજિન જઈ અલગા વશ્યા ॥ એ દેશી ॥

નેમ જિણેસર નિજ કારજ કર્યો, છાંડયો સર્વ વિભાવોજી; આતમ શકિત સકલ પ્રગટી કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી. નેમ૦ ॥ ૧ ॥ રાજુલનારીરે, સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી; ઉત્તમ સંગેરે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી. નેમ૦ ॥ ૨ ॥ ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિનતી અગ્રાહ્યોજી; પુદ્ગલ ગ્રહવેરે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી નેમ૦ ॥ ૩ ॥ રાગી સંગેરે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી; નીરાગિથીરે રાગનું

જોડવું, લહીયે ભવનો પારોજી. નેમ૦ ૪ ।। અપ્રશસ્તતા રે ટાલી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી; સંવર વાધેરે સાધે નિર્જરા, આતમ ભાવ પ્રકાશેજી. નેમ૦ ।। ૫ ।। નેમિ પ્રભુ ધ્યાનેરે એકત્વતા, નીજતત્ત્વે એકતાનોજી; શુકલ ધ્યાનેરે સાધિ સુસિદ્ધતા, લહિયે મુકિત નિદાનોજી, નેમ૦ ।। ૬ ।। અગમ અરૂપીરે અલખ અગોચરૂં, પરમાતમ પરમીશોજી; દેવચંદ્ર જિનવરની સેવા, કરતાં વાધે જગીશોજી, નેમ૦ ।। ૭ ।। ।। ઇતિ ।।

।। અથ શ્રી પાર્શ્વજિન સ્તવનં ।।

કહખાની દેશી ।।

સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો, જ્ઞાન વૈરાગરે પ્રભુ સવાયો; શુદ્ધતા એકતા, તીક્ષ્ણતા ભાવથી, મોહ રિપુ જીતિ જય પડહ વાયો. ।। ૧ ।। સ૦ વસ્તુ નિજ ભાવ અવિભાસ નિકલંકતા, પરિણતિ વૃત્તિતા કરિ અભેદે; ભાવ તાદાત્મ્યતા શકિત ઉલ્લાસથી, સંતતિ યોગને તું ઉચ્છેદે. સ૦ ।। ૨ ।। દોષ ગુણ વસ્તુની લખિય યથાર્થતા, લહિ ઉદાસીનતા અપર ભાવે, ધ્વંસિ તજજન્યતા ભાવ કર્તાપણું, પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે. સ૦ ।। ૩ ।। શુભ અશુભ ભાવ અવિભાસ તહકીકતા, શુભ અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો; શુદ્ધ પરિણામતા વીર્ય કર્તા થઈ, પરમ અક્રિયતા અમૃત પીધો. સ૦ ।। ૪ ।। શુદ્ધતા પ્રભુ તણી આતમભાવ રમે, પરમ પરમાતમતા તાસ થાયે; મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા, ત્રિગુણ એકત્વ તુજ

ચરણ આયે, સ૦ ।। ૫ ।। ઉપશમ રસ ભરી સર્વ જન શંકરી, મૂર્તિ જિનરાજની આજ ભેટી; કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે, તિણે ભવ ભ્રમણની ભીડ મેટી. સ૦ ।। ૬ ।। નયર ખંભાયતે પાર્શ્વ પ્રભુ દરશને, વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યેા; હેતુ એકત્વતા રમણ પરિણામથી, સિદ્ધિ સાધક પણેા આજ સાધ્યેા. સ૦ ।। ૭ ।। આજ કૃત પુણ્ય ધન્ય દીહ માહરેા થયેા, આજ નર જનમ મેં સફલ ભાવ્યેા; દેવચંદ્ર સ્વામી ત્રેવિસમેા વંદીયેા, ભકિત ભર ચિત્ત તુજ ગુણ રમાવ્યેા. સ૦ ।। ૮ ।। ઇતિ ।।

।। અથ શ્રી મહાવીરજિન સ્તવનં।।

।। કડખાની દેશી ।।

તાર હેા તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલેા સુજશ લીજે; દાસ અવગુણ ભર્યેા જાણી પેાતા તણેા, દયા નિધિ દિન પર દયા કીજે. તાર૦ ।। ૧ ।। રાગ દ્વેષે ભર્યેા મેાહ વૈરી નડયેા, લેાકની રીતિમાં ઘણુંયે રાતેા; ક્રોધવશ ધમધમ્યેા શુદ્ધ ગુણ નવિ રમ્યેા, ભમ્યેા ભવમાંહિ હું વિષય માતેા, તાર૦ ।। ૨ ।। આદર્યું આચરણ લેાક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઇ કીધેા; શુદ્ધ શ્રદ્ધાન વલી આત્મ અવલંબન વિનુ, તેહવેા કાર્ય તિણે કેા ન સીધેા. તાર૦ ।। ૩ ।। સ્વામિ દરિશણ સમેા નિમિત્ત લહિ નિર્મલેા, જો ઉપાદાન એ શુચિ ન થાશે; દેાષ કેા વસ્તુનેા અહવા ઉદ્યમ તણેા, સ્વામિ સેવા સહી નિકટ લાશે; તાર૦ ।। ૪ ।। સ્વામી ગુણ ઓલખી સ્વામીને જે

ભજે, દરિશણ શુદ્ધતા તેહ પામે; જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી, કર્મ ઝીપી વસે મુકિત ધામે. તા૨૦ ।। ૫ ।। જગત વત્સલ મહાવીર જિણવર સુણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો; તારજ્યો બાપજી બિરૂદ નિજ રાખવા, દાસની સેવના રખે જોશો. તા૨૦ ।। ૬ ।। વિનતિ માનજ્યો શકિત એ આપજ્યો, ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે, સાધિ સાધક દશા સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તા૨૦ ।। ૭ ।। ઇતિ ।।

।। અથ કલશ ।।

ચોવીસે જિન ગુણ ગાઇયે, ધ્યાઇયે તત્વ સરૂપોજી; પરમાનંદ પાઇયે, અક્ષય જ્ઞાન અનૂપોજી. ચોવીસે૦ ।। ૧ ।। ચવદહસેં બાવન ભલા, ગણધર ગુણ ભંડારોજી; સમતામયી સાહુ સાહુણી; સાવય સાવઈ સારોજી. ચો૦ ।। ૨ ।। વર્દ્ધમાન જિનવર તણો, શાસન અતિ સુખકારોજી, ચઉવિહ સંઘ વિરાજતા, દૂસમકાલ આધારોજી. ચો૦ ।। ૩ ।। જિન સેવનથી જ્ઞાનતા, લહે હિતાહિત બોધોજી; અહિત ત્યાગ હિત આદરે, સંયમ તપની શોધોજી. ચો૦ ।। ૪ ।। અભિનવ કર્મ અગ્રહણુતા, જીર્ણ કર્મ અભાવોજી; નિઃકર્મીને અબાધતા, અવેદન અનાકુલ ભાવોજી. ચો૦ ।। ૫ ।। ભાવ રોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધોજી; પૂર્ણાનંદ દશા લહી, વિલસે સિદ્ધ સમાધોજી; ચો૦ ।। ૬ ।। શ્રી જિનચંદ્રની સેવના, પ્રગટે પુણ્ય પ્રભાવોજી; સુમતિ સાગર અતિ ઉલ્લસે, સાધુ રંગ પ્રભુ ધ્યાનોજી. ચો૦ ।। ૭ ।। સુવિહિત

ગચ્છ ખરતર વરૂ, રાજસાગર ઉવઝાયોજી; જ્ઞાન ધર્મ પાઠક તણો, શિષ્ય સુજશ સુખદાયોજી. ચો૦ ॥ ૮ ॥ દીપચંદ્ર પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજોજી; દેવચંદ્ર પદ સેવતાં, પૂર્ણાનંદ સમાજોજી. ચો૦ ॥ ૯ ॥ ઇતિ ॥

ઇતિ શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત ચતુર્વિંશતિ જિન સ્તવનં સંપૂર્ણમ ॥

॥ અથ શ્રી યશોવિજયજો ઉપાધ્યાય કૃત ચોવીશ જિન સ્તુતિ પ્રારંભ ॥

॥ તત્ર શ્રી રુષભજિન સ્તવનં

મહાવિદેહ ક્ષેત્ર સોહામણો ॥ એ દેશી ॥

જગજીવન જગવાલ હો, મરૂદેવીનો નંદલાલ રે; મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિ હિ આનંદ લાલ રે. જગ૦ ॥ ૧ ॥ આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે; વદન તે શારદ ચંદલો, અતિહિ રસાલ લાલરે. જગ૦ ॥ ૨ ॥ લક્ષણ અંગે વિરાજતા, અડહિય સહસ ઉદાર લાલરે, રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે. જગ૦ ॥ ૩ ॥ ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઇ ઘટિયું અંગ લાલરે; ભાગ્ય કિહાં થકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલરે. જગ૦ ॥

॥ ૪ ॥ ગુણ સઘલા અંગે કર્યાં, દુર કર્યાં સવિ દોષ લાલરે; વાચક યશ વિજયે થુણ્યેા, દેજો સુખનો પોષ લાલરે. જગ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી અજિતજિન સ્તવનં ॥

નિંદ્રડી વેરણ હોઈ રહ ॥ એ દેશી ॥

અજિત જિણંદ શું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગકે; માલતિ કુલે મોહિયેા, કિમ બેસે હો બાવલ તરૂ ભૃંગ કે. અ૦ ॥ ૧ ॥ ગંગાજલમાં જે રમ્યા, કેમ છિલ્લર હો રતિ પામે મરાલકે; સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાલકે. અ૦ ॥ ૨ ॥ કોકિલ કલ કુજિત કરે, પામી મંજરી હો પંજરી સહકારકે; ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યારકે, અ૦ ॥ ૩ ॥ કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીતકે; ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્તકે ॥ અજિત૦ ॥ ૪ ॥ તિમ પ્રભુ શું મુઝ મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાયકે, શ્રી નયવિજય વિબુધ તણેા, વાચક જસ હો નિત નિત ગુણ ગાય કે, ॥ અજિત૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી સંભવજિન સ્તવનં ॥

મન મધુકર મોહી રહ્યો ॥ એ દેશી ॥

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ જ્ઞાતા રે, આમી નહીં મુજ બીજમતેં, કદીય હોશેા ફલદાતા રે, ॥ સં-

ભવ૦ ।। ૧ ।। કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યા-
નો રે, જો મનમાં આણો નહીં, તો શું કહીયે છાનો રે,
।। સંભવ૦ ।। ૨ ।। ખોટ ખજાને કો નહીં, દીજે વાંછિ-
ત દાનો રે, કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો
રે, ।। સંભવ૦ ।। ૩ ।। કાલ લબધિ નહીં મતિ ગણો,
ભાવ લબધિ તુમ હાથેં રે, લડથડતું પણ ગજ બચ્યું,
ગાજે ગયવર સાથેં રે ।। સંભવ૦ ।। ૪ ।। દેશો તો તુ-
મહી ભલું, બીજા તો નવિ જાચુ રે, વાચક જસ કહે
સાંઇ શું, ફલશે અ મુઝ સાચુ રે, સં૦ ।। ૫ ।। ઇતિ ।।

।। અથ શ્રી અભિનંદનજિન સ્તવનં ।।

સુણજો હો પ્રભુ૦ ।। એ દેશી ।।

દીઠી હો પ્રભુ, દીઠી જગ ગુરૂ તુઝ, મૂરતિ હો પ્રભુ,
મૂરતિ મોહન વેલડજી; ।। મીઠી હો પ્રભુ; મીઠી તાહરી
વાણી, લાગે હો પ્રભુ લાગે જેસી સેલડીજી ।। ૧ ।। જાણું
હો પ્રભુ જાણું જન્મ કયથ્થ, જો હું હો પ્રભુ જો હું તુમ
સાથે મિલ્યોજી, સુરમણિ હો પ્રભુ, સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ, આંગણે મુઝ સૂરતરૂ ફલ્યોજી ।। ૨ ।।
જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પુણ્ય અંકુર, માગ્યા હો પ્રભુ, મુહ
માગ્યા પાસા ઢલ્યાજી, વુઠયા હો પ્રભુ, વુઠયા અમિરસ મેહ,
નાઠા હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વલ્યાજી, ।। ૩ ।।
ભુખ્યાં હો પ્રભુ, ભુખ્યાં મલ્યાં ઘૃતપૂર, તરસ્યાં હો પ્રભુ,
તરસ્યાં દીવ્ય ઉદક મીલ્યાજી, થાકયાં હો પ્રભુ, થાકયાં
મિલ્યા સુખપાલ, ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજન હેજે

હલ્યાજી, ।। ૪ ।। દીવો હો પ્રભુ, દીવો નિશા વન ગેહ, સાથી હો પ્રભુ, સાથી થલેં જલ નૌકા મલિજી, કલિજુગેં હો પ્રભુ, કલિજુગેં દુલ્લહો મુઝ, દરિશન હો પ્રભુ, દરિસન લહ્યું આશા ફલિજી ।। ૫ ।। વાચક હો પ્રભુ, વાચક યશ તુમ દાસ, વીનવે હો પ્રભુ, વીનવે અભિનંદન સુણોજી, કહિયેં હો પ્રભુ, કહિયે. મ દેશો છેહ, દેજો હો પ્રભુ, દેજો સુખ દરિશણ તણોજી ।। ૬ ।। ઈતિ ।।

॥ અથ શ્રી સુમતિ જિન સ્તવનં ॥

ઝાંઝરીયા મુનિવરની દેશી ।।

સુમતિનાથ ગુણ શું મિલીજી, વાધે મુઝ મન પ્રીતિ, તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલિ રીતિ, સો-ભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ ।। ૧ ।। સજ્જન શું જે પ્રીતડીજી, છાની તે ન રખાય, પરિમલ કસ્તૂરી તણોજી, મહિમાહે મહકાય સો૦ ।। ૨ ।। આંગલીયે નવિ મેરૂ ઢંકાયે, છાબડીયેં રવિ તેજ, અંજલિમાં જિમ ગંગ ન માયે; મુઝ મન તિમ પ્રભુ હેજ, સો૦ ।। ૩ ।। હુઓ છિપે નહિં અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ, પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુઝ પ્રેમ અભંગ, સો૦ ।। ૪ ।। ઢાંકી ઇક્ષુ પલાશશું જી, ન રહે લહી વિસ્તાર, વાચક યશ કહે પ્રભૂ તણોજી, તિમ મુઝ પ્રેમ પ્રકાર સો૦ ।। ૫ ।। ઈતિ ।।

॥ અથ શ્રી પદ્મજિન સ્તવનં ॥

સહજ સલુણા હો સાધુજી ॥ એ દેશી ॥

પદ્મપ્રભજિન જઇ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી, કાગલને મશી તિહાં નવિ સંપજે, ને ચલે વાટ વિશેષોજી, સુગુણ સનેહારે, કદીય ન વીસરે, ॥ આંકણી ॥ ૧ ॥ ઈહાંથી તિહાં જઇ કોઈ આવે નહિં, જેહ કહે સંદેશોજી, જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપકિ લેશોજી, ॥ સુ૦ ॥ ૨ ॥ વીતરાગ શું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી, ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી, સુ૦ ॥ ૩ ॥ સાચી ભકિત રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી, હોડા હોડે રે બિહું રસ રીઝથી, મનના મનોરથ સીઝેજી, ॥ સુ૦ ॥ ૪ ॥ પણ ગુણવંતા રે ગોઠે ગાજિયે, મોહોટા તે વિશ્રામજી, વાચક યશ કહે એહજ આશ રે, સુખ લહું ઠામો ઠામજી. સુ૦ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી સુપાસજિન સ્તવનં ॥

લાછલ દે માત મલાર ॥ એ દેશી ॥

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ, આજ હો છાજે રે, ઠકરાઈ પ્રભુ પદ તણીજી, ॥ ૧ ॥ દીવ્ય ધ્વની સુર કુલ, ચામર છત્ર અમૂલ, આજ હો રાજે રે, ભામંડલ ગાજે દુંદુભિજી, ॥ ૨ ॥ અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર, આજ હો કીધા રે, એ-

ગણીશે સુર ગુણ ભાસુરેજી, ।। ૩ ।। વાણી ગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ, આજ હો રાજે રે, દીવા જે છાજે આઠશુંજી, ।। ૪ ।। સિંહાસન અશોક, બેઠા મોહે લોક, આજ હો સ્વામી રે, શીવ ગામી, વાચક યશ થુણ્યોજી, ।। ૫ ।। ઈતિ ।

।। અથ શ્રી ચંદપ્રભ જિન સ્તવનં ।।

ઘણરા ઢાલા ।। એ દેશી ।।

ચંદ્રપ્રભજિન સાહિબા રે, તુમેં છો ચતુર સુજાણ, મનના માન્યા, સેવા જાણો દાસની રે, દેશો પદ નિરવાણ, મનના માન્યા, આવો આવો રે ચતુર સુખ ભોગી, કીજે વાત એકાંત અભોગી, ગુણ ગોઠેં પ્રગટે પ્રેમ, મનના માન્યા ।। ૧ ।। એ આંકણી ।। ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ, ।। મ૦ ।। આપે ફલ જે અણ કહે રે, ગિરુઓ સાહેબ તેહ, ।। મ૦ ।। ૨ ।। દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ, ।। મ૦ ।। જલ દીયે ચાતક ખીજવી રે, મેઘ હુઆ તિણે શ્યામ, ।। મ૦ ।। ૩ ।। પીઉ પીઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ, ।। મ૦ ।। એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ, ।। ૪ ।। મોડું વહેલું આપવું રે; તો શી ઢીલ કરાય, ।। મ૦ ।। વાચક યશ કહે જગ ધણી રે, તુમ તુઠે સુખ થાય ।। ૫ ।। ઈતિ ।।

॥ અથ શ્રી સુવિધિજિન સ્તવનં ॥

સુણ મેરી સજની રજની ન જાવે રે—એ દેશી.

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે, જગ ગુરૂ તુમને દીલમાં લાવું રે, કુણને એ દીજે શાબાસી રે, કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે. લ૦ ॥ ૧ ॥ મુઝ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે, તેહ હરીનો તું છે માજી રે, યોગી પણ જે વાત ન જાણે રે, તેહ અચરિજ કુણથી હુએ ટાણે રે. લ૦ ॥ ૨ ॥ અથવા થિર માંહિ અથિર ન માવે રે, મોહોટો ગજ દર્પણમાં આવે રે, જેહને તે જે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાસી રે. લ૦ ॥ ૩ ॥ ઉર્ધ્વમૂલ તરૂઅર અધ શાખા રે, છંદ પુરાણે એહવી છે ભાખા રે, અચરિજ વાલે અચરિજ કીધું રે, ભકતે સેવક કારજ સીધું રે. લ૦ ॥ ૪ ॥ લાડ કરી જે બાલક બોલે રે, માત પિતા મન અમિયને તોલે રે, શ્રી નયવિજય વિબુધનો શિષો રે, યશ કહે ઈમ જાણો જગદીશો રે. લ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી શીતલજિન સ્તવનં ॥

અલિ અલિકે કદિ આવેગો—એ દેશી.

શ્રી શીતલજિન ભેટીયે, કરી ચોખું ભકતે ચિત્ત હો, તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો. શ્રી૦ ॥ ૧ ॥ દાયક નામે છે ઘણા; પણ તું સાયર તે કુપ હો, તે બહુ બાજુવા તગ તગે, તું દિનકર તેજસ રૂપ હો. શ્રી૦ ॥ ૨ ॥ મોહોટો જાણી આદરયો, દારિદ્ર

ભાંજે જગ તાત હો, તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણા પાત્ર વિખ્યાત હો. શ્રી૦ ॥ ૩ ॥ અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો, મા આગલ મોશાલના, શ્યા વરણુવા અવદાત હો. શ્રી૦ ॥૪॥ જાણો તો તાણો કિશ્યું, સેવા ફલ દીજે દેવ હો, વાચક યશ કહે ઢીલની એ, ન ગમે મુજ મન ટેવ હો. શ્રી૦ ॥ ૫ ॥ ઇતિ.

॥ અથ શ્રી શ્રેયાંસજિન સ્તવનં ॥

કર્મ ન છુટે રે પ્રાણીયા—એ દેશી.

તુમેં બહુ મિત્રી રે, સાહેબા મારે તો મન એક, તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુઝ મોહોટી રે ટેક, શ્રી શ્રેયાંસ કૃપા કરો. ॥ ૧ ॥ મન રાખો તુમેં સવિ તણાં, પણ કિહાં એક મળી જાએ, લલચાવો લખ લોકને, સાથી સહેજ ન થાએ. શ્રી૦ ॥ ૨ ॥ રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ, ચિત્ત તુમારો રે સમુદ્રનો, કોય ન પામે તાગ. શ્રી૦ ॥ ૩ ॥ એવા શું ચિત્ત મેલવ્યું, કેલવ્યું પહેલા ન કાંઇ, સેવક નિપટ અબૂઝ છે, નિર્વહશો તુમેં સાંઈ. શ્રી૦ ॥ ૪ ॥ નીરાગી શું રે કિમ મીલે, પણ મલવાનો એકંત, વાચક યશ કહે મુઝ મિલ્યો, ભકતેં કામણ તંત. શ્રી૦ ॥ ૫ ॥ ઇતિ.

॥ અથ શ્રી વાસુપૂજ્યજિન સ્તવનં ॥

સુણી શ્રીરંગ બહેતો આવ્યો ધાઈ સાહેબા મોતીડા હમારો—એ દેશી.

સ્વામી તુંમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારૂં ચોરી

લીધું, સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય, એ આંકણી. અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું, સા૦ ।। ૧ ।। મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા, મન વૈકુંઠ અકુંઠિત ભક્તેં, યોગી ભાંખેં અનુભવ યુક્તેં. સા૦ ।। ૨ ।। કલેશેં વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવ પાર, જો વિશુદ્ધ મન ઘર તુમેં આવ્યા, પ્રભુ તો અમે નવ નિધિ ઋદ્ધિ પાવ્યા. સા૦ ।। ૩ ।। સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતેં અમ મનમાં પેઠાં, અલગાને વલગા જે રહેવું, તે ભાણા ખડ ખડ દુઃખ સહેવું. સા૦ ।। ૪ ।। ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકેં, ખીર નીર પરેં તુમશું મલશું, વાચક યશ કહે હેજેં હલશું. સા૦ ।। ૫ ।। ઇતિ ।।

।। अथ श्री विमलजिन स्तवनं ।।

આદર જીવ ક્ષમા નમોરે નમો શ્રી શેત્રુંજા ગિરિવર-એ દેશી

સેવો ભવિયા વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી, એવા પ્રભુનું દરિસન લેવું, તે આલસ માંહે ગંગાજી, સેવો૦ ।। ૧ ।। અવસર પામી આલસ કરશે, તે મૂરખમાં પહેલોજી, ભુખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સેવો૦ ।। ૨ ।। ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી, વિકટ પંથ જે પોળ પોળીયો, કર્મ વિવર ઉઘાડેજી. સેવો૦ ।। ૩ ।। તત્ત્વ પ્રીતિ કરી પાણી પાએ, વિમલા લોકે આંજિજી, લોયણ ગુરૂ પરમાન્ન

દીએ તવ, ભર્મ નાંખે સર્વ ભાંજિજી. સેવો૦ ।। ૪ ।। ભર્મ ભાંગ્યેા તવ પ્રભુશું પ્રેમેં, વાત કરૂં મન ખેાલિજી, સરલ તણે જે હઇડે આવે, તેહ જણાવે બેાલિજી. સેવો૦ ।। ૫ ।। શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચું જી. કેાડિ કપટ જો કેાઈ દિખાવે, તેા પ્રભુ વિણ નહિં રાચું જી. સેવો૦ ।। ૬ ।। ઇતિ.

।। અથ શ્રી અનંતજિન સ્તવનં ।।

સાહેલડીઆ – દેશી.

શ્રી અનંત જિનશું કરેા, સાહેલડીયાં ।। ચેાદ્વ મજીહનેા રંગ રે, ગુણ વેલડીયાં, સાચેા રંગ તે ધર્મનેા સાહેલડીયાં, બીજો રંગ પતંગ રે, ગુણ વેલડીયાં. ।। ૧ ।। ધર્મ રંગ જીરણ નહિ; સા૦ દેહ તે જીરણ થાય રે ગુણ૦ સેાનું તે વિણસેં નહીં, સા૦ ઘાટ ઘડામણ જાય રે ગુણ૦ ।। ૨ ।। ત્રાંબુ જે રસ વેધિઉં, સા૦ તે હેાય જાચું હેમ રે, ગુણ૦ ફરિ ત્રાંબું તે નવિ હુવે, સા૦ એહવેા જગ ગુરૂ પ્રેમરે. ગુણ૦ ।। ૩ ।। ઉત્તમ ગુણ અનુરાગથી, સા૦ લહિયે ઉત્તમ ઠામ રે, ગુણ૦ ઉત્તમ નિજ મહિમા વધે, સા૦ દીપે ઉત્તમ ધામ રે, ગુણ૦ ।। ૪ ।। ઉદક બિંદુ સાયર ભલ્યેા. સા૦ જિમ હેાય અખય અભંગ રે, ગુણ૦ વાચક યશ કહે પ્રભુ ગુણે, સા૦ તિમ મુઝ પ્રેમ પ્રસંગ રે. ગુણ૦ ।। ૫ ।। ઇતિ.

॥ અથ શ્રી ધર્મનાથજિન સ્તવનં ॥

બેહલે ભાર ઘણો છે રાજ વાતાં કેમ કરો છા—એ દેશી.

થાશું પ્રેમ અન્યો છે રાજ, નિરવહેશો તો લેખે, મેં રાગી થેં છો નીરાગી, અણ જુગતે હોયે હાંસી; એક પખો જે નેહ નિરવહેવો, તેહ માંકી શાબાશી. ॥ ૧ ॥ નીરાગી સેવે કાંઈ હોવે, ઈમ મનમાં નવિ આણું, ફલે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થા૦ ॥ ૨ ॥ ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે, સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થા૦ ॥ ૩ ॥ વ્યસન ઉદય જે જલધિ અણુહરે; શશીને તેહ સંબંધે, અણુસંબંધે કુમુદ અણુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થા૦ ॥ ૪ ॥ દેવ અનેરા તુમથી છોટા, થેં જગમે અધિકેરાં, યશ કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હૈ મેરા. થા૦ ॥ ૫ ॥ ઇતિ.

॥ અથ શ્રી શાંતિજિન સ્તવનં ॥

રહ્યો રે આવાસ દુવાર—એ દેશી.

ધન દીન વેલા ધન ઘડિ તેહ, અચિરારો નંદન જિન જદિ ભેટશું જી, લહિશું રે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટશું જી. ॥ ૧ ॥ જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ, બીજા રે રસ તેહને મન નવિ ગમે જી, ચાખ્યો રે જેણે અમિલવ લેશ; બાકશ બુકશ તસ ન રૂચે ફિમે જી, ॥ ૨ ॥ તુજ સમકિત રસ સ્વાદનો જાણ,

પાપ કુલકતેં બહુ દિન સેવીયું જી, સેવે જો કર્મને જોગે તોહિ, વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યું જી. ॥ ૩ ॥ તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ, તેહજ જ્ઞાનને ચારિત્ર તેહ છેજી, તેહથી રે જાએ સઘલાં પાપ, ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોય પીછેં જી. ॥ ૪ ॥ દેખી રે અદભૂત તાહરૂં રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરેજી, તાહરી ગત તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી. ॥ ૫ ॥ ઇતિ.

॥ અથ શ્રી કુંથુજિન સ્તવનં ॥

સાહેલાં—એ દેશી.

સાહેલાં હે કુંથું જિનેશ્વર દેવ, રત્ન દીપક અતિ દીપતો, હો લાલ, સા૦ મુજ મન મંદિર માંહિ, આવે જો અરિઅલ ઝીપતો, હો લાલ. સા૦ ॥ ૧ ॥ મિટે તો મોહ અંધાર અનુભવ તેજેં જલ હલે, હો લાલ, સા૦ ધુમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે. હો લાલ. સા૦ ॥ ૨ ॥ પાત્ર કરે નહિં હેઠ, સૂર્ય તેજે નવિ છિપે; હો લાલ સા૦ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે. હો લાલ સા૦ ॥ ૩ ॥ જેહ ન મરૂતને ગમ્ય ચંચલતા જે નવિ લહે, હો લાલ સા૦ જેહ સદા છે રમ્ય, પૃષ્ટ ગુણેં નવિ કૃશ રહે. હો લાલ સા૦ ॥ ૪ ॥ પુદ્‌ગલ તેલ ન ખેય, તેહ ન શુદ્ધ દશા દહે, હો લાલ; સા૦ શ્રીનયવિજય સુશિષ્ય, વાચક યશ ઇણિ પરે કહે, હો લાલ. સા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી અરજિન સ્તવનં ॥

આસણુરા જોગી—એ દેશી.

શ્રી અરજિન ભવ જલનો તારૂ, મુઝમન લાગે વારૂ રે; મન મોહન સ્વામિ, બાંહ્ય ગ્રહિ એ ભવજલ તારે, આણે શિવપુર આરેરે. મન૦ ॥ ૧ ॥ તપ જપ મોહ મહા તોફાને નાવ ન ચાલે માનેરે. મન૦ પણ નવિ ભય મુઝ હાથો હાથે, તારે તે છે સાથેરે, મન૦ ॥ ૨ ॥ ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઇરે, મન૦ કાયા કષ્ટ વિના ફળ લહિયે, મનમાં ધ્યાન ધરેઇરે, મન૦ ॥ ૩ ॥ જે ઉપાય બહુ વિધની રચના, યોગ માયા તે જાણોરે; મન૦ શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણોરે, મન૦ ॥ ૪ ॥ પ્રભુપદ વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે, મન૦ વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે, મન૦ ॥ ૫ ॥ ઇતિ. ॥

॥ અથ શ્રી મલ્લિજિન સ્તવનં ॥

નાભિરાયા કે બાગ ॥ એ દેશી ॥

તુજ મુજ રીઝની રીઝ, અટ પટ એહ ખરીરી; લટ પટ નાવે કામ, ખટ પટ ભાંજ પરીરી. ॥ ૧ ॥ મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરિ; દોય રીઝણનો ઉપાય, સાહામું કાંઈ ન જુએરી. ॥ ૨ ॥ દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી, એક દુહવાએ ગાઢ, એક ને બોલે હસીરી; ॥ ૩ ॥ લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઇરી, તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઇરી, ॥ ૪ ॥

રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી, શ્રી નયવિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી ॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી મુનિસુવ્રતજિન સ્તવનં

પાંડવ પાંચે વંદતા ॥ એ દેશી ॥

મુનિસુવ્રત જિન વંદતા, અતિ ઉલ્લસિત તન મન થાય રે, વદન અનોપમ નિરખતાં, માહારાં ભવ ભવના દુઃખ જાય રે, ॥ ૧ ॥ માહારા ભવ ભવનાં દુઃખ જાય, જગત ગુરૂ જાગતો, સુખ કંદ રે, સુખ કંદ અમંદ આણંદ, પરમ ગુરૂ દીપતો, ॥ સુ૦ ॥ એ આંકણી ॥ નિશિ દિન સુતાં જાગતાં, હઇડાથી ન રહે દુર રે, જખ ઉપકાર સંભારીયે, તવ ઉપજે આનંદ પૂર રે, ॥ ત૦ ॥ જ૦ ॥ ॥ સુ૦ ॥ ૨ ॥ પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે, ગુણ ગુણ અનુભવ થી હુઆ તે તો અક્ષય ભાવ કહાય રે, ॥ તે૦ જ૦ ॥ સુ૦ અક્ષય પદ દીયે પ્રેમજે, પ્રભુનું તે અનુભવ રૂપરે, અક્ષર સ્વર ગોચર નહીં, એ તો અકળ અમાપ અરૂપ રે. એ૦ ॥ જ૦ ॥ સુ૦ ॥ ૪ ॥ અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે, વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે, ॥ ૫ ॥ જ૦ ॥ સુ૦ ॥ ૫ ॥ ઇતિ.

॥ અથશ્રો નમિનાથજિન સ્તવનં ॥

આ ભવ રત્ન.

શ્રી નમિજિનની સેવા કરતાં; અલિય વિઘન સવિ દૂરે નાસેજી; અષ્ટ મહા સિદ્ધિ નવ નિધિ લીલા, આવે બહુ

મહે મુર પાસેંજી, શ્રી૦ ।। ।। ।। ૧ ।। મયમત્તા અંગણ ગય ગાજે; રાજે તેજી તુઆર તે ચંગાજી, બેટા બેટી બંધવ જોડી, લહિયે બહુ અધિકાર રંગાજી; શ્રી૦ ।। ૨ ।। વલ્લભ સંગમ લહિજે, અણ વાહલા હોય દૂર સહેજેંજી; વાંછા તણેા વિલંબ ન દૂજો, કારજ સીઝે ભૂરિ સહજેંજી; ।। શ્રી૦ ।। ૩ ।। ચંદ્ર કિરણ ઉજ્જવલ યશ ઉલસે, સૂરજ તુલ્ય પ્રતાપી દીપેજી, જે પ્રભુ ભકિત કરે નિત્ય વિનયેં, તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી, શ્રી૦ ।। ૪ ।। મંગલ માલા લચ્છી વિશાલા, આલા બહુલે પ્રેમ રંગેજી; શ્રી નયવિજય વિબુધ પય સેવક, કહે લહિયે સુખ પ્રેમ અંગેજી, ।। શ્રી૦ ।। ૫ ।। ઇતિ ।।

।। અથ શ્રી નેમિનાથ જિન સ્તવનં ।।

આહલાં દિન હું જાણતેા રે હાં ।। એ દેશી. ।।

તેારણ આવી રથ ફેરી ગયા રે હાં, પશુઆં દેઇ દેાષ મેરે વાલમાં, નવ ભવ નેહ નિવારિયેા રે હાં, રૂયેા જોઇ આવ્યા જોશ, ।। મે૦ ।। ૧ ।। ચંદ કલંકી જેહથી રે હાં; રામને સીતા વિયેાગ, ।। મે૦ ।। તેહ કુરંગને વયણુડેરે હાં; પતિ આવે કુણ લેાગ, ।। મે૦ ।। ૨ ।। ઉતારી હું ચિત્તથી રે હાં, મુકિત ધુતારી હેત, ।। મે૦ ।। સિદ્ધ અનંતે ભેાગવી રે હાં, તેહશું કવણ સંકેત, ।। મે૦ ।।૩।। પ્રીત કરતાં સેાહિલી રે હાં, નિરવહેતાં જંજાલ, મેરે૦, જેહવેા વ્યાલ ખેલાવવેા રે હાં, જેહવી અગનની ઝાળ, ।। મે૦ ।। ૪ ।। જો વિવાહ અવસરે દિએા રે હાં, હાથ ઉપર

નવિ હાથે; ।। મે૦ ।। દીક્ષા અવસર દીજીયેં રે હાં, શિર ઉપર જગનાથ, ।। મે૦ ।। ।। ૫ ।। ઇમ વલવલતી રાજુલ ગઇ રે હાં, નેમિ ઢને વ્રત લીધ મેરે૦ વાચક યશ કહે પ્રભુમી-યે રે હાં, એ દંપતિ દોય સિદ્ધ ।। મે૦ ।। ૬ ।। ઇતિ ।।

।। અથ શ્રી પાર્શ્વનાથજિન સ્તવનં ।।

દેખી કામની દોય ।। એ દેશી ।।

વામાનંદન જિનવર, મુનિ માંહે વડો રે, કે મુનિ-માંહે વડો; જિમ સુરમાંહી, સોહે સુરપતિ પરવડો રે કે, ।। સુર૦ ।। જેમ ગિરિમાંહિ સુરાચલ, મૃગમાંહે કેસરીરે; મૃગ૦ ।। જિમ ચંદન તરૂમાંહિ, સુભટ માહિ શુર અરિ રે, ।। ૧ ।। ।। સુ૦ ।। નદીય માંહિ, જિમ ગંગ, અનંગ સરૂપમાં રે, ।। અનં૦ ।। કુલમાંહિ અરવિંદ, ભરત પતિ ભૂપમાં રે, ।। ભર૦ ।। ઐરાવણ ગજમાંહિ, ગરૂડ ખગમાં યથા રે, ।। ગરૂડ૦ ।। તેજવંત માંહિ ભાણ, વખાણ માંહિ જિન કથા રે, ।। વ૦ ।। ૨ ।। મંત્રમાંહિ નવકાર, રત્ન-માંહિ સુરમણિ રે; ।। ૨૦ ।। સાગરમાંહિ સ્વયંભૂ-રમણ શિરોમણિ રે, ।। રમ૦ ।। શુકલ ધ્યાન જિમ ધ્યાનમાં; અતિ નિર્મલ પણે રે, ।। અતિ૦ ।। શ્રી નયવિજય વિબુધ, પય સેવક ઇમ ભણે રે, સેવક૦ ।। ૩ ।। ઇતિ ।।

॥ અથ શ્રી વર્ધમાનજિન સ્તવનં ॥

॥ રાગ ધન્યાશ્રી ॥

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે, સુણતા શ્રવણે અમી ઝરે, માહારી નિર્મલ થાયે કાયા રે, ॥ ગિ૦ ॥ ૧ ॥ તુમ ગુણ ગણુગંગાજલે, હું ઝીલી નિર્મલ થાઉં રે, અવર ન ધંધો આદરૂં, નિશિદિન તોરા ગુણ ગાઉં રે. ॥ ગિ૦ ॥ ૨ ॥ ઝીલ્યા જે ગંગાજલેં, તે છિલ્લર જલ નવિ પેસે રે; જે માલતી પુલે મોહિયા, તે બાવલ જઈ નવિ બેસે રે. ગિ૦ ॥ ૩ ॥ એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વલી માચ્યા રે, તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યા રે. ॥ ગિ૦ ૪ ॥ તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે; વાચક યશ કહે માહરે, તુ જીવન જીવ આધારો રે. ॥ ગિ૦ ૫ ॥ ઇતિ ॥

ઇતિ શ્રી ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી કૃત
ચોવીશ જિન સ્તવનં સંપૂર્ણમ્.

॥ શ્રી સ્વરુપચંદ્રજી કૃત ચોવીશી ॥

શ્રી રૂષભ જિન સ્તવનં.

બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરો છો—એ દેશી.

ઋષભ જિનેશ્વર દરશિણ દીજે; મુજ પર કરૂણા કીજે; સેવકને મનવંછિત હે જે, અજર અમર પદ દીજે, વંછિત પૂરોરે સાહેબજી સેવકનો. ॥ ૧ ॥ એ આંકણી૦ તુજ મુખ દરિસણ મુજ મન હરખ્યો, મુજને પ્રભુજી મલીયો; શિવ સુખ વંછા પૂરણ માનું આંગણ સુરતરૂ ફલીયો. વંછિત૦ ॥ ૨ ॥ આદિ પુરૂષ શ્રી આદિ જિનેસર, યુગલા ધર્મ નિવારી; ત્રિભુવન માંહે જિનજી સરિખો, નહીં કોઈ ઉપગારી. વંછિત૦ ॥ ૩ ॥ વિનીતા નગરી શોભે રૂડી, કુલ કર નાભિ બિરાજે; રાણી મરૂદેવી કુંખેથી, જનમ પ્રભુજીનો છાજે. વંછિત, ॥ ૪ ॥ યૌવન વય સમરથ ગુણ સંપદ, પ્રથમ રાય કહાયા; દાન સંવત્સરી દેઈ જ-नने, સંજમ લીએ સુખદાયા. વંછિત૦ ॥ ૫ ॥ લાખ ચોરાશી પૂરવ આયુ પાલી સધાવ્યા મુકતે; કેવલ કમલા લીલ વિલાસી સ્વરૂપચંદ્ર સુખ યુગતે. વંછિત૦ ॥ ૬ ॥ ઇતિ

॥ શ્રી અજિતજિન સ્તવનં ॥

શ્રી પંચાસરો પાસજીરે લાલ-એ દેશી.

શુભ ભાવે કરી સેવિયેરે લાલ, બીજા અજિત જિણંદ; ભવિ પૂજોરે, મંગલ માલા જેહથીરે લાલ, હોવે અતિહિ

આણુંદ, ભવિ પૂજોરે. વંદના માહરી જાણુજોરે લાલ; એ આંકણી૦ અયોધ્યા નગરી ભલીરે લાલ, જિતશત્રુ નૃપ તાત; ભવિ૦ અજિત જિનેશ્વર જનમીયાંરે લાલ, વિજયા રાણી માત. ભવિ૦ વંદના૦ ॥ ૨ ॥ ઇક્ષ્વાગ વંશે ઓપતારે લાલ,દેવ સકલ શિરદાર; ભવિ૦ પૂરવદિશિ જેમ ઉગીયોરે લાલ, દિનકર તેજ અપાર. ભવિ૦ વંદના૦ ॥ ૩ ॥ દેવ દૂજો નહી એહવોરે લાલ. સમોવડ ઇણે સંસાર; ભવિ૦ તસ પદ ભકિત ભલી પરેરે લાલ, ભાવ સહિત ચિત્ત ધાર. ભવિ૦ વંદના૦ ॥ ૪ ॥ લટભવથી ભમરી હુવેરે લાલ, ભમરી ભય સંભાર; ભવિ૦ મન સમરણ મહારાજનુંરે લાલ, કરતાં લહે ભવપાર. ભવિ૦ વંદના૦ ॥ ૫ ॥ જિનજીયે જેમ જીતીયારે લાલ, રાગ રોષ રિપુ સેન; ભવિ૦ જીતીએ તાસ સહાયથીરે લાલ, લહીયે શિવ સુખ ચેન. ભવિ૦ વંદના૦ ॥ ૬ ॥ એમ જાણી જિનરાજનીરે લાલ, દ્રવ્ય ભાવ ભરપૂર, ભવિ૦ પૂજા પરમાતમ તણીરે લાલ, આપે સુખ સસનૂર. ભવિ૦ વંદના૦ ॥ ૭ ॥ નિજપદ દાયક જિનતણીરે લાલ, ધારો અખંડિત આણ; ભવિ૦ સ્વરૂપચંદ્ર ભાવે કરીરે લાલ, એમ પયંપે વાણ. ભવિ૦ વંદના૦ ॥ ૮ ॥ ઇતિ. ॥

॥ શ્રી સંભવજિન સ્તવનં. ॥

રાજા જો મલે ॥ એ દેશી ॥

સંભવ સુખકર ત્રીજા દેવ, જેહની સુરનર સારે સેવ; જિન વંદિયે, અંતર ગત દર્શી જિનરાય. જાણે જીવ તણા

અભિપ્રાય. જિન૦ ।। ૧ ।। શિવગતિ સમરણ કીજે નિત, સેનાસુત ધ્યા૦ચે૦ નિજ ચિત્ત; જિન૦ અતિશય અજિત વ-જિંત પાપ, સમતા ગુણ ટાલે ભવ તાપ, જિન૦ ।। ૨ ।। ભવજલ તારણ ભૂવન પ્રદીપ, નેહશું રહીયે નિત્ય સમીપ; જિન૦ ક્ષમા વિનય ઋજુતા સંતોષ, ધારીને કીજે ગુણ પોષ. જિન૦ ।। ૩ ।। તપ સંયમ સત્ય શૌચિ વિશેષ, અ-કિંચન બ્રહ્મચર્ય અશેષ, જિન૦ પાલી દશવિધ ધર્મનો સાથ, ટાલી કર્મ તર્યો ભવ પાથ. જિન૦ ।। ૪ ।। પૂત્ર જિતારી પુત્ર ભવાંત, પામ્યા શિવરમણી સુખ કાંત; જિન૦ પુન્ય પુરા-કૃત નરભવ લદ્ધ, સ્વામી ભજન કરી કરો શુદ્ધ. જિન૦ ।। ૫ ।। ધર્મ અર્થ કામ એ ત્રણ વર્ગ, સાધનથી લહીયે અપવર્ગ; જિન૦ સૌભાગ્યચંદ્ર મુનીંદ્ર સુશીષ, સ્વરૂપચંદ્ર નમે જગદીશ. જિન૦ ।। ૬ ।। ઇતિ

।। શ્રી અભિનંદનજિન સ્તવનં ।।

સિદ્ધચક્ર પદ વંદા એ દેશી.

હિમવંત ગિરિ શિર પદ્મ દ્રહથી, સુરતટિની પ્રગટી છે, પૂરવ દિશિ એક પાવન કરતી, પૂરણ જલ ઉમટી છેરે, ભવિકા જિન મુખ વાણી સુણજો. તમે ત્રિપદીનો વિસ્તર ગણજોરે, ભવિ૦ જિન૦ ।। ૧ ।। એ આંકણી૦ સુર ન દીયે દિશિ ત્રણ ઉવેખી, અભિનંદન જિન દેખી; ત્રિગડે મધ્ય સિંહાસન પેખી, ચિહું દિશિ સરખી લેખીરે. ભવિ૦ જિન૦ ।। ૨ ।। કંચન તનુ હિમગિરિ મન આણો, મુખ પદ્મ દ્રહ જાણો; ચિહું મુખે તેહ દ્રહતટથી વાણી, ગંગા પ્રવાહ

વખાણેારે. ભવિ૦ જિન૦ પૂર્વાદિ દિશિ કીધ પવિત્રા, કરવા વચન વિલાસ; નય ગમ ભંગ પ્રમાણ સકારણ હેતુ આહરણ ઉલ્લાસરે. ભવિ૦ જિન૦ ।। ૪ ।। ચઉગતિ વારણ શિવસુખ કારણ; જાણી સુરનર તરીયા; ભાવ કલ્લોલમાં સ્નાન રમણતા કરતા ભવજલ તરિયારે. ભવિ૦ જિન૦ ।। ૫ ।। તે જિન વાણી અમીય સમાણી, પરમાનંદ નીસાણી; સોભાગ્યચંદ્ર વચનથી જાણી, સ્વરૂપચંદ્રે મન આંણીરે. ભવિ૦ જિન૦ ।। ૬ ।। ઇતિ

।। શ્રી સુમતિજિન સ્તવન ।।

મોહના મોતી દ્યો હમારા. એ દેશી.

અતુલીબલ અરિહંત નમીજે, મન તનુ વચન વિકાર વમીજે; શ્રી જિન કેરી આણ વહીજે, તો મનવંછિત સહેજે લીજે, સેવિયે ભવિ સુમતિ જિણંદા, ટાલીયે ભવફંદા. ।। ૧ ।। એ આંકણી૦ અશુભાશ્રવનો સંગ ન કીજે, સમકિત શુદ્ધ સુધારસ પીજે; અભય સુપત્તદાન દોય દીજે નિજ ગુરૂની ભલી ભક્તિ વહીજે. સેવીયે૦ ટાલિયે૦ ।। ૨ ।। સુમતિ જિનેસર સુમતિ જો આપે, જિન દરિશનથી દુર્ગતિ કાપે, નામ જપો અઠોત્તરશત જાપે, મોહ તિમિર હરો તપ રવિ તાપે. સવિયે૦ ટાલિયે૦ ।। ૩ ।। ત્રિકરણ શુદ્ધ નવવિધ નિર્દૂષણ, પહેરો શીલ સલીલ વિભૂષણ; સંશયથી નિત્ય રહીયેં લુખા, જબ લગે નભ અવગાહે પૂખા. સેવિયે૦ ટાલિયે૦ ।। ૪ ।। ધર્મનો કામ તે ભાવશું કીજે, ગુરૂ મુખ વચન વિનય કરી લીજે, ભવ સમુદ્ર તરવો વાંછીજે, જડ ચેતન બહુ ભિન્ન લખીજે. સેવિયે૦ ટાલિયે૦ ।। ૫ ।।

પંચમ ગતિ ગામી પ્રભુ પાયા, સવિ કારજ સીધાં દિલ ભાયા; સૌભાગ્યચંદ્ર ગુરૂ સુપસાયા, સ્વરૂપચંદ્રે જિનના ગુણ ગાયા. સેવિયે૦ ટાલિયે૦ ॥ ૬ ॥

॥ श्री पद्मप्रभजिन स्तवनं ॥

श्री शीतल जिन भेटीये—એ દેશી.

શ્રી પદ્મપ્રભ જિનરાજજી, તનુ રક્ત કમલ સમવાન હો; જ્ઞાન અનંત સુજાણુતા, દ્રગ કરૂણા ગેહ સમાન હો. શ્રી પદ્મ૦ ॥ ૧ ॥ કેવલ દર્શન દેખીને, કહે લોક અલોકની વાત હો; સમયાંતર ઉપયોગથી, સાકાર અનાકાર જાત હો. શ્રી૦ ॥ ૨ ॥ ભાવિ ભૂત ભવિષ્યની, ભવિ આગલ કહે જગનાથ હો; ચઉમુખે વાણી પ્રરૂપતા, તારણ કારણ ભવ-પાથ હો. શ્રી૦ ॥ ૩ ॥ પુષ્કર મેઘ થકી ભલી, બોધી અંકુર રોપણ હાર હો; શ્રદ્ધા ભાષણ રમણુતા, મૂલ કંદ ખંદ નિરધાર હો. શ્રી૦ ॥ ૪ ॥ સમ સંવેગ નિર્વેદતા, અનુકંપા અને આસ્તિકય હો; શાખાચાર અને ભલો, ઉર્ધ્વ શાખા તે બિડિમ આધિકય હો. શ્રી૦ ॥ ૫ ॥ પત્ર સંપત્તિ સુખ રૂપીયા, સુર સુખ છે તેહમાં કુલ હો; ફલ શિવ સુખ પામે ભવિ, જિહાં અક્ષય સ્થિતિ અનુકુલ હો. શ્રી૦ ॥ ૬ ॥ ભાવ મેઘ બહુ ગુણ જાણીયે, જિનવાણી સકલ મલ શોધ હો; વાણી ભવ નિસ્તારિણી, તે સુણી પામ્યો પ્રતિબોધ હો. શ્રી૦ ॥ ૭ ॥ તે ઉપકારી ત્રિલોકને આપે અવિચલ સુખવાસ હો; સૌભાગ્યચંદ્ર પસાયથી, કહે સ્વરૂપચંદ્ર ગુણ ભાસ હો. શ્રી૦ ॥ ૮ ॥ ઇતિ.

॥ શ્રી સુપાર્શ્વજિન સ્તવનં ॥

દક્ષિણ દેાહિલેા હેા રાજ—એ દેશી.

શ્રી જિન સાતમેા રાજ, સ્વામી સુપાસજી રાજ, તેહનુ દરિસણુ, હેા લહિયે પૂરણ પુન્યથી, પ્રભુ શુભ ધ્યાની હેા રાજ, સમકિત દાની હેા રાજ, શેાભા અધિકી હેા કહીયે સુરનર અન્યથી. ॥ ૧ ॥ જગત શિરેામણી રાજ, વાસ જિણુંદનેા રાજ, નમીયે તેહને રે શુદ્ધ ભાવિત ભક્તિથી, જિન પ્રતિમાને હેા રાજ, રૂપ વિધાને હેા રાજ, પૂજે પ્રણુમેા હેા ધ્યાવેા શુભ ખરી યુક્તિથી. ॥ ૨ ॥ વંછિત કાજે હેા રાજ, સ્વામી નિવાજે હેા રાજ, તે જિન આપે હેા રૂડી શિવપુર સંપદા, જસમુખ દીઠે હેા રાજ, પાતક નીઠે હેા રાજ, નામે નાવે હેા દારિદ્ર દેાહગતા કદા. ॥ ૩ ॥ બાહ્ય અભ્યંતર હેા રાજ, શુભગુણ શેાભતા હેા રાજ, સહસ અઠેાત્તર હેા આપે અનંત ગુણા કરા, દેાષ ન દીસે હેા રાજ, અઢાર અનેરા રાજ, નિજ ગુણ નિર્મલ હેા ભાસે જેમ નિશાકરા. ॥ ૪ ॥ નયરી વણારસી હેા રાજ, રયણે ઉલ્લસી રાજ, તિહાં પ્રભુ જનમ્યા હેા સ્વામી નરસુર ઇંદના, સૌભાગ્યચંદ્રનેા રાજ, સેવક બેાલ્યાજી રાજ, સ્વામી સાચી હેા માનેા સ્વરૂપની વંદના. ॥ ૫ ॥

॥ શ્રી ચંદ્રપ્રભજિન સ્તવનં ॥

આ છે લાલની—એ દેશી.

ચંદ્રપ્રભ જિનરાજ, મનમેાહન મહારાજ આ છે લાલ, અતિશય યતિ જિન આઠમેાજી, સકલ કુશલની વેલ,

પ્રતતન મંગલ કેલ, આછેo વર પુષ્કર જલધર સમોજી. ।। ૧ ।। દુરિત તિમિર વિધ્વંસ, નિર્મલ ગયણે હંસ આછેo જ્ઞાનાવરણ નિવારવાજી, સાગર કોડાકોડ, ત્રીશવડિ થતિ જોડ, આછેo ક્ષય કરી કેવલ ધારવાજી, ।। ૨ ।। સુરતરૂવર ઉપમાન, આપણ મોક્ષ નિદાન, આછેo નર સુર સુખ અનુક્રમે લહિજી, ભવજલ સાયર તાર, પહોંચાવણ પર પાર, આછેo મુકિત ગમન પ્રવહણ સહિજી. ।। ૩ ।। સુખ સંપત્તિ ગુણ હેત, શશિ લંછન તનુ શ્વેત, આછેo ચંદ્ર પ્રભજિન જગપતિજી, મન તનુ વચન એકત્વ, કરી ધ્યાવો નિજતત્ત્વ, આછેo જિમ પામો પંચમ ગતિજી. ।। ૪ ।। તાપ હરણ જિમ ચંદ, જિમ તમ હરણ દિણંદ, આછેo તિમ ભવ હર જિન સંભવેજી, સૌભાગ્યચંદ્ર ગુરૂરાય, પામી તાસ પસાય આછેo સ્વરૂપચંદ્ર ઇમ વિનવેજી. ।। ૫ ।।

।। શ્રી સુવિધિજિન સ્તવન ।।

હવે ન જાઉં મહી વેચવા રે લોલ—એ દેશી.

સાહેબ સુવિધિ જિણંદનેરેલો, પૂજો ધરી મન અંત, શુભ ભાવથી રે, ચાલો જઇયે જિન વાંદવારે લો, ઉજમ આણી અંગમાં રે લો, આલસ મૂકો દિગંત. શુભ ચાલો૦ ।। ૧ ।। ચરણ પાવન થાયે ચાલતાંરે લો, દરિસણે નયન પવિત્ર શુભ૦ પંચાભિગમન સંભારીનેરે લો, નિસિહિ ત્રિકરણ વિચિત્ર, શુભ૦ ચાલો૦ ।। ૨ ।। શિરનામી કર-જોડીનેરે લો, વંદન કરો એક ચિત્ત શુભ૦ દ્રવ્ય ભાવ તવ સાચવીરે લો, શુદ્ધ કરો સમકિત, શુભ૦ ચાલો૦ ।।૩।।

જિન પ્રતિમા જિન સારખી રે લો, તેહમાં નહિ સંદેહ; શુભ૦ તેહની ભકિત કર્યા થકી રે લો, લહીયે સુખ અછેહ. શુભ૦ ચાલો૦ ।। ૪ ।। શોભનવિધિ સુવિધિ પ્રભુરે લો, મકરલંછન મહારાય, શુભ૦ દીજે સોભાગ્ય પદ સેવતાં રે લો, આત્મ સ્વરૂપ પસાય, શુભ૦ ચાલો૦ ।। ૫ ।। ઇતિ ।।

।। શ્રી શીતલજિન સ્તવન ।।

ઘાડી તો આઇ થારા દેશમાં મારૂજી—એ દેશી.

શ્રી શિતલજિન સેવીયે ભવિ પ્રાણી, તાથે બહુત સુખ હોય હો મન માન્યો, જિણંદમેરે એહ હો સુખદાની એ આંકણી૦ બાર ભાંતિકી નિજ્જરા, ભવિ૦ કરી કે ભવ તોય હો. મન૦ ।। ૧ ।। સાદિ અનંત ભાંગે રહ્યો ભવિ૦ જ્યોતિમયી ગતી દેહ હો, મન૦ કેવલ યુગ સુખવીર્યનો ભવિ૦ અનંતપણાથી અછેહ હો. મન૦ ।। ૨ ।। જિનકે વચન સબહી શુને, ભવિ૦ ખીરોદધિકે તરંગ હો, મન૦ જો પણિ ઘટ જલ લેઇકે, ભવિ૦ રાખે નિજ ઘટ સંગ હો. મન૦ ।। ૩ ।। વરણા વરણી જલ ભયો, ભવિ૦ તબ ન ગ્રહે કોઉ ઓર હો, મન૦ ત્યું વાણી જિનમુખ વદી, ભવિ૦ ધારે સબ મત ચોર હો. મન૦ ।। ૪ ।। આપ આપણા મત થાપકે ભવિ૦ ન્યારે ન્યારે કહે ભેદ હો, મન૦ કરણી ન્યારી બતાય કે, ભવિ૦ નય ષટ ન્યારે વેદ હો. મન૦ ।। ૫ ।। સઘરે ઇચ્છિત સિદ્ધિકો, ભવિ૦ જો ભૂલે નગરકો પંથ હો, મન૦ તાહિમેં જીવ દયા બડી, ભવિ૦ જો બરનત નિર્ગંથ હો. મન૦ ।। ૬ ।। તાથેં જિનપદ

પાઇયે. ભવિ૦ દશમ જિનેંદ્રકે ભકત હો. મન૦ સોભાગ્ય ચંદ્ર દયા ભાખે, ભવિ૦ સ્વરૂપચંદ્ર સુખ યુકત હો. મન૦ ।। ૭ ।। ઇતિ.

।। અથ શ્રી શ્રેયાંસજિન સ્તવનં ।।

હો હલધરજી હવે કેમ કરવું નેમ પરાકમ મહોટું—એ દેશી.

હો જીનવરજી, નિજ દરિસણ દેખાડી પ્રીત સુધારીયે, તુમ દરિસણ છે ભવ ભય હરણો, આઠ કર્મ જલધી તારણ તરણો, સંસારીને શિવસુખ કરણો હો જિન૦ ।। ૧ ।। એ આંકણી. મુનિ શ્રાવક ધર્મ દુવિધ ભાખ્યો, તે ભવ્ય-જનો આગલ દાખ્યો, તેણે તુજ વચને અમૃત ચાખ્યો, હો જિનવરજી, નિજવાણી સંભલાવી સમકિત આપીયે, ।। ૨ ।। જે હુંતા પાપતણા કારી, તે તેં તાર્યા બહુ નર-નારી, તુજ સમ નહીં કોઈ ઉપગારી, હો જિનવરજી, નિજ કર અવલંબાવી તારક તારીયે. ।। ૩ ।। તું અધ્યાતમ સૂરજ ઉગ્યો તવ મોહાદિક તમ દૂર ગયો, ભવિ મનમાં જ્ઞાન પ્રકાશ થયો, હો જિનવરજી, મન ઉદયાચલ બેસી મિથ્યાત્વ નિવારિયેં ।। ૪ ।। તુજ વદન કમલ દરીસણ પ્યારો, તિહાં મન મધુકર મોહ્યો માહરો, ક્ષણ એક તિહાંથી ન રહે ન્યારો હો જિનવરજી અવલોકન નિત્ય તેહનો મુજને દીજીયે. ।। ૫ ।। ધરણિંદ્ર સહસ્સ મુખશું ભાખે, તાહરા ગુણ નિત્ય નવલા દાખે, તોહે પાર ન લહે ગુણનો લાખે, હો જિનવરજી, અનંત ગુણાત્મક તું સોહે ગુણ તાહરા. ।। ૬ ।। સૌભાગ્યચંદ્ર ગુરૂનો શિષ્ય કહે સ્વરૂપચંદ્ર

અહો જગદીશ, શ્રેયાંસપણું દીએો સુજગીશ, હો જિનવરજી નામ શ્રેયાંસ તમારૂં સમરૂં ધ્યાનમાં. ।। ૭ ।। ઇતિ.

।। અથ શ્રી વાસુપૂજ્યજિન સ્તવનં ।।

ધોળીરી બેટી તીખારે નયણારો પાણી લાગણો, મારૂડો રહ્યો લોભાય—એ દેશી.

જિણુંદ રાયા સુગુણ સુખાકર સુંદરૂ, કેવલજ્ઞાન ભંડાર, જિણુંદ. મોહ અંધાર નિવારવા, સમરથ તું દિનકાર. જિણુંદ૦ ।। ૧ ।। જિણુંદ૦ વાસુપુજ્ય મુજ વાલ હો, દ્રઢ મન રહ્યો રે લોભાય. એ આંકણી. જિણુંદ૦ ધર્મ ધુરંધર ધન્ય તું, ભરતક્ષેત્ર મઝાર, જિણુંદ૦ બોધ બીજ વાવ્યે વચનશું, ભવિમન કયારા ઉદાર. જિણુંદ૦ ।। ૨ ।। સુમતિ સહિત સહુ સમકેતી, પાલે નિજ વ્રત સાર, જિણુંદ૦ સંવરવાડી ભલી કરે, રહે અપ્રમત્ત આચાર. જિણુંદ૦ ।। ૩ ।। જિણુંદ૦ આશ્રવ શ્વાપદ વારતા, ધારતા જિનવર આણ, જિણુંદ૦ શીલ સુધારસ સીંચતા, લહે ચેતન ગુણ ખાણ. જિણુંદ૦ ।। ૪ ।। જિણુંદ૦ પામ્યો તે દરિસણ યદા, જાણ્યો તદા શિવશર્મ; જિણુંદ૦ કુગુરૂ કુદેવ કુધર્મનો, વાયો ચિત્તથી ભર્મ. જિણુંદ૦ ।। ૫ ।। જિણુંદ૦ અપ્પડિવાઈ દીજીયે, દરિસણ દોલત દાન જિણુંદ૦ સૌભાગ્યચંદ્ર સ્વરૂપને, વલ્લભ તુજ ગુણગાન. જિણુંદ૦ ।। ૬ ।। ઇતિ.

।। અથ શ્રી વિમલજિન સ્તવનં ।।

ઝુંમખડાની—દેશી.

વિમલ વિમલ ગુણ રાજતા, બાહ્ય અભ્યંતર ભેદ,

જેણું૬ જુહારીયેં, સૂચીપુલા દ્રષ્ટાંતથી, મન વચ કાય નિવેદ, જિણું૬૦ ॥ ૧ ॥ સ્પૃષ્ટ બદ્ધ નિધત્ત તે, નિકાચિત અતિશેષ. જિણું૬૦ આતમ પ્રદેશ માંહે મલ્યા, મલતે કર્મ પ્રદેશ. જિણું૬૦ ॥ ૨ ॥ અસંખ્ય પ્રદેશી ચિન્મયી, ચેતન ગુણ સંભાર, જિણું૬૦ પ્રદેશે પ્રદેશે રમી રહી, વર્ગણા કર્મ અપાર, જિણું૬૦ ॥ ૩ ॥ પંચ રસાયન ભાવના, ભાવિત આતમ તત્ત્વ, જિણું૬૦ ઉપલતા છાંડી કનકતા, પામે ઉત્તમ સત્ત્વ. જિણું૬૦ ॥ ૪ ॥ પ્રથમ ભાવના શ્રુત તણી, બીજી તપ તીય સત્ત્વ, જિણું૬૦ તુરીય એકત્ત્વ ભાવના, પંચમ ભાવ સુતત્ત્વ જિણું૬૦ ॥ ૫ ॥ એમ કરી સર્વ પ્રદેશને, વિમલ કર્યા જિનરાય, જિણું૬૦ નામ યથાર્થ વિચારીને, નમે સ્વ-રૂપ નિત્ય પાય. જિણું૬૦ ॥ ૬ ॥ ઇતિ.

॥ અથ શ્રી અનંતજિન સ્તવનં ॥

હાં રે લાલ રામપુરા બજારમાં—એ દેશી.

હાં રે લાલ ચતુર શિરોમણી ચૌદમો, જિનપતિ નામ અનંત મે રે લાલ, ગુણ અનંત પ્રગટ કર્યાં, કર્યો વિભાવનો અંત મેરે૦ ચતુર શિરોમણી ચિત્તધરો, એ આંકણી. ॥ ૧ ॥ હાંરે લાલ ચાર અનંતા જેહના, આતમ ગુણ અભિરામ મેરે લાલ, જ્ઞાન દર્શન સુખ વીર્યતા, કર્મે રૂંધ્યા ઠામ મેરે લાલ૦ ચતુર૦ ॥ ૨ ॥ હાં રે લાલ ચતુર ધરો નિજ ચિત્તમાં, એ જિનવરનું ધ્યાન મેરે લાલ, અરથી અરથ નિવાસને, સર્વે ધરી બહુ માન મેરે લાલ૦ ચતુર૦ ॥૩॥

હાં રે લાલ જ્ઞાનાવરણી ક્ષય કરી, લહ્યું અનંતુ જ્ઞાન મેરે૦ દર્શનાવરણ નિવારતા, દર્શન અનંત વિધાન, મેરે૦ ચતુર૦ ।। ૪ ।। હાં રે લાલ વેદનીય વિગમેં થયું, સુખ અનંત વિસ્તાર મેરે૦ અંતરાય ઓલંઘતાં, વીર્ય અનંત ઉદાર મેરે૦ ચતુર૦ ।। ૫ ।। હાંરે લાલ અનંત અનંત નિજ નામની, થિરતા થાપી દેવ મેરે૦ જિમ તરસ્યાં સરવર ભજે, તિમ સ્વરૂપ જિન સેવ, મેરે૦ ચતુર૦ ।। ૬ ।। ઇતિ.

।। અથ શ્રી ધર્મજિન સ્તવનં ।।

શેત્રુંજા ગિરિના વાસીરે, મુજરો માનજોરે—એ દેશી

ધર્મ જિણુંદને ધ્યાવો ધ્યાનમાં રે, જાસ વડાઇ છે કેવલ જ્ઞાનમાં રે, જિનજીયે ભાખ્યા ભવ અનેક, તે સાંભલતાં આવે હૃદય વિવેક, ભક્તવત્સલ પ્રભુ અમને ભવજલ તારસે રે. ।। ૧ ।। ધર્મ કર્યો છે રે વસ્તુ સ્વભાવને રે, વસ્તુ પ્રકાશેરે દ્રવ્ય અનાવનેરે, ચરથિર અવગાહન પરિવર્તિ પૂરણ ગલણ ચેતન ગુણ કીર્તિ, એહવા ભાવને ધર્મ વખાણીઓ રે. ।।૨।। પાંચ અનેરા રે આતમ દ્રવ્યથી રે, તેહનો જ્ઞાતા રે ચેતન ભવ્યથી રે, તસ પરિચય કરતાં સત્ત્વ, પામે પારમાર્થિક નિજ તત્ત્વ તેહનો રે લાભ અપાર સુખંકરૂ રે. ।। ૩ ।। જીવ સંસારીરે તે નિજ ધર્મનેરે, નિજ ચિંતવતો રે લહે શિવ શર્મનેરે, દ્રવ્યથી ગુણ પર્યાય વિશેષ, તન્મય થાતાં કાર્ય અશેષ, સાધક સાધે સાધનેં સાધ્યને રે, ।। ૪।। ચેતના દોય સાકારને પરા રે, અનાકાર અવગમ દ્રગ આગરા રે, પ્રત્યક્ષ ભાસે લોક અલોક, નાસે ભવ ભ્રમ-

ણાનો શોક, જિનજીને સેવ્યાં રે સવિ સુખ સંપજે રે, ॥ ૫ ॥ એહવા અતિશય ધર્મ જિણંદના રે, તે અનુમોદે રે વૃંદ મુણિંદનાંરે, તે લહે સુખ સૌભાગ્ય સહેત, અભિનવ ચંદ્રકલા સમવેત, આપો આતમ શક્તિ સ્વરૂપને રે. ॥ ૬ ॥ ઇતિ.

॥ અથ શ્રી શાંતિજિન સ્તવનં ॥

ગોરી બિન અવગુણ કિમ છોરી—એ દેશી.

સેવો ભવિ શાંતિ જિણંદ સનેહા, શાંત રસ ગેહા; શમામૃત ગેહા, સેવો ભવિ શાંતિ જિણંદ સનેહા. એ આંકણી૦ રાગદ્વેષ ભવ પાપ સંતાપિત, ત્રિવિધ તાપહર મેહા; માયા લોભ રાગ કરી જાનો, દ્વેષ ક્રોધ મદ રેહા. સેવો૦ ॥ ૧ ॥ અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની, પચ્ચખાણ સંજલ છેહા; નિજ અન્યોન્ય સદૃશથી ચઉસઠ, સંખ્યા વાસિત દેહા. સેવો૦ ॥ ૨ ॥ નોકષાય નવ હાસ્ય અરતિ રતિ, શોક જુગુપ્સ ભય રેહા; મન વચ કાય તપાવત તાથેં, કહીયેં તાપ અછેહા સેવો૦ ॥ ૩ ॥ જૈસે વનદવ તરૂ ગણ બાલે, ત્યેાં અંતર્ગત એહા, ખમ સમ દમ ઉપશમ શીતલતા, કરિ જલ લહેરી લેહા. સેવો૦ ॥ ૪ ॥ આતમરાય રાજ્ય અભિસંચ્યેા, પૂજિત ત્રિભુવન ગેહા; તુમ શિર છત્રકી છાહ અમાસિર, ઘેા સ્વરૂપ અનુપેહા. સેવો૦ ॥ ૫ ॥ ઇતિ.

॥ શ્રી કુંથુજિન સ્તવનં ॥

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરેારે—એ દેશી.

કુંથુનાથ સત્તરમા જિનપતિ જી, કુંથુતણા પણ નાથ;

તે જિન ભવ્ય સામગ્રીવંતને જી, સાચો શિવપુર સાથ. ॥ ૧ ॥ શ્રી દેવીસુત ગુણ સંભારીયે જી, મન કજ કોશ નિવાસ; મન મધુકર જિન પદકજ કર્ણિકા જી, વાસી લહો સુખવાસ, શ્રી દેવી૦ ॥ ૨ ॥ યોગ ખેમંકર ગુણ છે નાથમાંજી, કુંથુ ઉપર પણ એમ; અપ્રાપકને પ્રાપક યોગ છે જી, પ્રાપ્ત રક્ષણ ગુણ ખેમ. શ્રી દેવી૦ ॥ ૩ ॥ લૌકિક નાથ મહિપતિને કહ્યોજી, તે એ અરથ પ્રમાણ, લોકોત્તર જ્ઞાનાદિક ગુણ તણોજી, દાયક રક્ષક જાણ, શ્રી દેવી૦ ॥ ૪ ॥ તે ગુણનો અભિલાષી આતમા જી, સેવે શ્રી જગનાથ; જિનજી તેહને મધુ માધવ પરેંજી, આપે અદ્‌ભૂત આથ. શ્રી દેવી૦ ॥ ૫ ॥ તિમ હું કુંથુજિનેંદ્ર ઉપાસના જી, કરી માગું ગુણ દોય; ભવ પરિહાર મુગતિ સંપાદના જી, સત્ય સ્વરૂપ સુખ હોય. શ્રી દેવી૦ ॥ ૬ ॥ ઇતિ.

॥ શ્રી અરજિન સ્તવન ॥

દેઉ દેઉરે નણંદ હલીલી—એ દેશી.

અરનાથ અરજ અવધારો, નિજ ભક્તનાં કાર્ય સુધારો રે, મન મોહના મહારાયા, સંસાર અપારા વારે, જલઘોલના ન્યાય વિચારે રે, જગ સોહના જિનરાયા. ॥ ૧ ॥ પુદ્‌ગલ પરાવર્ત્ત અનંતા, થયા ભવ કલ્લોલ ભમતારે, મન૦ મનુજ ક્ષેત્ર કુલ આર્ય, ગુરૂ શ્રુત સદ્‌હણા સુ કાર્ય રે, જગ૦ ॥ ૨ ॥ એવી સામગ્રીને અભાવેં, જિન ધર્મ ન લાધો સુ ભાવેરે, મન૦ નિયતે લઘુકર્મા થઇને,

અનુક્રમે ગુણ ઠાણ લઇને રે જગ૦ ।। ૩ ।। જિન ધર્મ કલ્યાણક દેખી, ત્યાંથી કુગુરૂ કુદેવ ઉવેખી રે, મન૦ વલી સુગુરૂ સુદેવ ઉપાસી, થયેા સૂધેા જિનમત વાસીરે, જગ૦ ।। ૪ ।। ઇમ વ્યક્ત મિથ્યાત્વને વામ્યેા, અવ્યક્ત નિવારણ કામેા રે, મન૦ ષટખંડ જે તાર જિણંદા, જિસ્યા અંતર ષટ રિપુ વૃંદા રે. જગ૦ ।। ૫ ।। નિજ તુલ્ય કરણ તુમ શક્તિ, તુમે મુજ કામે કરેા વ્યકિત રે મન૦ ગુરૂ સૌભાગ્યચંદ્ર પસાયા, લહી સ્વરૂપચંદ્રે ગુણ ગાયા રે. જગ૦ ।। ૬ ।। ઇતિ૦

।। શ્રી મલ્લિજિન સ્તવન ।।

જીરે સફલ દિવસ થયેા આજનેા—એ દેશી.

જીરે મહિમા મલ્લિ જિણંદનેા, માની માહરે મન્ન, મેાહ મહિપતિ જીતિએા, વલી તસ પુત્ર મદન્ન. ।। ૧ ।। નિત નમીયેરે નીરાગતા, નમતાં હેાયે ભવ છેહ, દુઃખ દેાહગ દૂરે ટલે, એહમાં નહિં સંદેહ, જાણેા નિસંદેહ. નિત૦ ।। ૨ ।। જીરે મલ્લિ જિણંદની સાહેબી, દેખીને રતિ પ્રીતિ, વચન કહે નિજ કંતને, પતિ પ્રેમદાની રીતિ. નિત૦ ।। ૩ ।। જીરે નાથ કહેા એ કુણ અછે, કહે એ જિન દેવ, જિન તે કિમ તુમ વસ નહિં, કહે ઇમ સત્યમેવ. નિત૦ ।। ૪ ।। જીરે નહિં પ્રતાપ ઇહાં માહરેા, તેા વૃથા પૌરૂષ તુજ, હરખ્યેા મેાહ માહરેા પિતા, તેા રહ્યેા આશરેા મુજજ. નિત૦ ।। ૫ ।। જીરે તે સાંભળી રતિ પ્રીતિ બે, ત્રીજે કામ સખાણ, મલીને મલ્લિ જિ-

ણુંદની, શીર ધારી છે આણ. નિત૦ ।। ૬ ।। જીરે તે માટે તુમ વિનવું, વારો તેહ અશેષ, દ્યો સૌભાગ્ય સ્વરૂપને, સુખ લબ્ધિ વિશેષ. નિત૦ ।। ૭ ।। ઇતિ૦

।। શ્રી મુનિસુવ્રત જિન સ્તવન ।।

હાંરે થાહારી અંગલારી ખડકી ખોલ હો નણદીરા વીરા. બાહિર ભીજે મારૂડી એકલી, અહો થાહારી અંગલા એ-દેશી.

હાંરે થારો સમવસરણ દેખાડ હો મુગતિરા હીરા, આગલ ઉભો સેવક સામુહો રે, થાહારે મુજરે, હાંરે થારો સમવસરણ દેખાડ હો, મુગતિરા હીરા—એ આંકણી. હાંરે સુર સંવર્ત્તક પવને કરી રે લો, રજ હરિ કરે શુભ જલ સિત્ર હો, મુગતિરા હીરા, કુસુમોત્કર જલ થલ જાતિનાં રે લો, પંચ વર્ણના જાનું પ્રમિત્ત હો. મુગતિરા હીરા. ।। ૧ ।। આગલ૦ હાંરે થાહરો સમ૦ હાંરે જિહાં વૃક્ષ અશોક વિરાજતો રે લો. તિહાં દીવ્ય ધ્વની સુર વાદ્યહો, મુગતિ૦ હાંરે સિંહાસન બેઠા પ્રભુ તુમે રે લો, તવ વાજત દુંદુંભિ નાદહો. મુગતિ૦ ।। ૨ ।। હાંરે ચિહું દિશિ સિત ચામર વીંજતા રે લો, સુર સફલ કરે નિજ શક્તિ હો મુગતિ૦ ભામંડલ સિત દ્યુતિ શોભતો રે લો, ત્રણ છત્ર ધરી કરે ભક્તિ હો. મુગતિ૦ ।। ૩ ।। હાંરે પ્રાતિહાર્ય અત્તિશય પરિવર્યા રે લો, શ્રી મુનિસુવ્રત જિનરાય હો. મુગતિ૦ જિત શત્રુ અશ્વ ઉદ્ધારવા રે લો, આવ્યા ભરૂઅચ્છ સુર સમુદાય હો. મુગતિ૦ ।। ૪ ।। હાંરે રાય યજ્ઞ કરંતો વારીયો રે લો, તમે તાયો હય ધરી હેત હો.

મુગતિ૦ વાધીયેા યશ ત્રિહું લેાકમાં રે લેા, થયેા તીરથ એણે સંકેત હેા. મુગતિ૦ ॥ ૫ ॥ હાંરે તુમે એહવા ઉપગારી પ્રભુ રે લેા, દીયેા અવિચલ રાજ પસાય હેા મુગતિ૦ તુમ તુઠે સવિ સુખ પામિયેરે લેા, સ્વરૂપચંદ્રોદય થાય હેા. મુગતિ૦ ॥ ૬ ॥ આગલ હાંરે થાહરેા૦ ઇતિ૦

॥ શ્રી નમિનાથ જિન સ્તવનં ॥

સેાલમા શ્રી જિનરાજ એલગ સુણેા આતમતણી લલના એ દેશી.

મદવારી નમિનાથ જિનેશ્વર વંદિયે લલના, ભવ અનેકનાં સંચિત પાપ નિકંદીયે લલના, જીત્યાને શરણે જીત લહીજે એ ન્યાય છે લલના, રીપુ જિત્યાનેા એ પણ એક ઉપાય છે લલના. ॥ ૧ ॥ દ્રવ્ય શત્રુ જેણે ગર્ભ થકા સહેજે દમ્યા લલના, માન મૂકીને તે સઘલા આવી નમ્યા લલના, નામ નમિ ઇમ સાર્થક મનમાં ધ્યાઇયે લલના, તેા મન વાંછિત ઇહ પરભવ સુખ પાઇયે લલના. ॥ ૨ ॥ જીવ કર્મનેા વૈર અનાદિ નિબદ્ધ છે લલના, કિહાં એ જીવ કિહાં કર્મ સમર્થ સનદ્ધ છે લલના, ગેાસ્તનથી પય ખાણુથી કન કેાપલ પરે લલના, મલ્યા આવ્યા પણ તાસ વિભાવ અગની હરે લલના. ॥ ૩ ॥ તિમ પ્રભુ સમકિત લાભથી પંડિત વીર્યને લલના, ધારી વારી પ્રમાદ ધરી મન ધૈર્યને લલના, જીતી ભાવ વિપક્ષ સ્વપક્ષ વિચારીને લલના, સર્વ ઘાતિ દેશ ઘાતિ અઘાતિ નિવારીને લલના. ॥ ૪ ॥ લાધેા કેવલ યુગલ નિધાન સુમુકિતનેા લલના, જિનપદ ભેાગ સંયેાગ મિલાપ વિમુકિતનેા લલના,

ઈમ અહિરંતર શત્રુ નમાવી નમિ જિને લલના, દાખ્યો રિપુ જય ભેદ તે જાણ્યો ભવિજને લલના. ॥ ૫ ॥ ધર્મ દ્વિવિધ ઈમ સંઘ ચતુર્વિધ સાંભલે લલના, ભદ્ર દર્શન કેઈ દેશ સર્વ વિરતે ભલે લલના, જેમ તુમે જીત્યારે તેમ જીતાવો માહરા લલના, કહે સ્વરૂપ હવે ચરણ શરણુછે તાહરા લલના. ॥ ૬ ॥ ઇતિ.

॥ શ્રી નેમિનાથજિન સ્તવનં ॥

અપને પીયાજીકી બાતરે હું કેહને પુછું-એ દેશી.

નેમ જિણંદનો જ્ઞાન રે જગમાં જયકારી; જગત જંતુની રક્ષા કરવા, પ્રભુ અતિશય ઉપગારી રે, વંદો નરનારી. નેમ૦ એ આંકણી૦ જય સમુદ્ર વિજયાંગ ભૂ, શિવાદેવીના જાયા, શંખ લંછન અંજન છબી, દશ ધનુષ્યની કાયા. નેમ૦ ॥ ૧ ॥ અભયદાન સ્વાપદ ભણી, દીધું વરસી જનને; સંયમી બ્રહ્મચારી પણે, સાધ્યું નિજ મનને. નેમ૦ ॥ ૨ ॥ પ્રતિપદ પૃથ્વી પાવન કરી, સહસાવને સ્વામી, મૌનપણે ચોપન દિને, કેવલસિરિ પામી. નેમ૦ ॥ ૩ ॥ પૂછે પ્રભુને કૃષ્ણજી, સુણો ત્રિભુવન રાયા, ત્રિગુણ તિર્થે રૈવત પતિ, હરિવંશ સવાયા. નેમ૦ ॥ ૪ ॥ ઉત્તમ સ્ત્રી ગુણે પરિવરી, રાજીમતિ કન્યા; તુમ ચિત્તમાં કિમ નવિ વસી, અતિ તન્વી ધન્યા. નેમ૦ ॥ ૫ ॥ તવ સુરપતિ કહે કૃષ્ણને, જિન ચિત્ત અભંગે, જ્ઞાન ગર્ભ વૈરાગ્યને, ઉત્તરંગને રંગે; નેમ૦ ॥ ૬ ॥ ન મલે પ્રવેશ અનંગને, કૃશાંગીની શી વાત; તે સુણી રાજીમતિ કહે,

સુર નર વિખ્યાત. નેમ૦ ।। ૭ ।। ચિદાનંદ ચિત્તમાં તિહાં નહીં કોઇનું નામ; ચિદાનંદ સંયુત પ્રભુ, ધરૂં મુજ મન ધામ; નેમ૦ ।। ૮ ।। ઇમ કહી જિન દીક્ષા ગ્રહી, કરી સંયમ લીલા; રહનેમિ પ્રતિ બોધિઓ, સતિ પરમ સુશીલા. નેમ૦ ।। ૯ ।। એમ અનંત ગુણ રાશીનો, પર પાર ન આવે; સૌભાગ્યચંદ્ર સ્વરૂપને, જિન ધર્મ શીખાવે. નેમ૦ ।। ૧૦ ।। ઇતિ ।।

।। શ્રી પાર્શ્વજિન સ્તવન ।।

સખી આજ અષાઢો ઊનહ્યો, સખી ઝરમર વરસે મેહ–એ દેશી.

જી રે આજ દિવસ ભલે ઉગિયો, જી રે આજ થયો સુવિહાણ, પાસ જિણેસર ભેટિઆ, થયો આનંદ કુશલ કલ્યાણ હો, સાજન, સુખદાયક જાણી સદા, ભવિ પૂજો પાસ જિણંદ. ।। ૧ ।। એ આંકણી૦ જી રે ત્રિકરણ શુદ્ધિયે ત્રિહું સમે, જી રે નીસિહી ત્રણ સંભાર; ત્રિહું દિશિ નિરખણ વરજીને, દીજે ખમાસમણ ત્રણ વાર હો. સાજન૦ ।। ૨ ।। જી રે ચૈત્યવંદન ચોવિસનો, જી રે સ્વરપદ વર્ણ વિસ્તાર; અર્થ ચિંતન ત્રિહું કાલના, જિન નાથ નિક્ષેપા ચાર હો સાજન૦ ।। ૩ ।। જી રે શ્રી જિનપદ ફરસે લહે, કલિમલિન તે પદ કલ્યાણ; તે વલી અજર અમર હુવે, અપુનર્ભવ શુભ નિર્વાણ હો. સોજન૦ ।। ૪ ।। જી રે લોહભાવ મૂકી પરો, જી રે પારસ ફરસપસાય; થાએ કલ્યાણ કુધાતુથી, તિમ જિનપદ મોક્ષ ઉપાય હો. સાજન૦ ।। ૫ ।। જી રે ઉત્તમ નારી નર ઘણા, જી રે મન ધરી

ભકિત ઉદાર; આરાધી જિનપદ ભલો, થાએ જિન કરે જગ ઉપગાર હો. સાજન૦ ।। ૬ ।। જી રે એહવું મન નિશ્ચલ કરી, જી રે નિશિદિન પ્રભુને ધ્યાય, પામે સૌભાગ્ય સ્વરૂપને, નિવૃત્તિ કમલાવર થાય હો. સાજન૦ ।। ૭ ।। ઇતિ.

।। શ્રી મહાવીરજિન સ્તવનં ।।

રાજુલ પુછેરે સખી પ્રત્યે, રાજુલ પુછે વાતરે, સુણો સજની અમારી વાત—એ દેશી.

હું તુમ પૂછું રે પરમ ગુરૂ, હું તુમ પૂછું વાચરે; કહો પ્રશ્નનો ઉત્તર સાચ; હું એક માગું રે પરમ ગુરૂ, હું એક માગું વાચરે, દીએ નામ તુમારાનો સાચ. એ આંકણી૦ નામ તુમારો રે જગત ગુરૂ, નામ તુમારો વીરજી રે, તેહનો અદ્‌ભુત ભાવ; મન શું વિચારી જોઇયે, તવ ઉપજે વિવિધ બનાવરે, સુણો સદ્‌ગુરૂ માહરી વાચરે હું તુમ૦ ।। ૧ ।। નવરસ માંહે રે જગત ગુરૂ, નવરસ માંહે પાંચમો રે, રસનું નામ છે વીર, તે વલી ત્રિવિધ વખાણીયે, તેના નામ કહ્યાં ત્રણ ધીરરે. સુણો૦ ।। ૨ ।। આજિદાનમાંરે જગત ગુરૂ, આજિદાન તિમ ધર્મમાં રે, સમરથ કહીયે વીર; તન ધન મન શંકા નહીં, મનમોદ રોમાંચ શરીરરે. સુણો. હું તુમ૦ ।। ૩ ।। એ લક્ષણ રસરે જગત ગુરૂ, એ લક્ષણ રસ વીરનાંરે; છે તુમને પ્રત્યક્ષ; ગુણ સેનાની તે છતા, બહિરંતર લક્ષણ લક્ષરે. સુણો૦ હું તુમ૦ ।। ૪ ।। તત્વ પરીક્ષક રે જગતગુરૂ, સત્વ પરીક્ષક સુર દમ્યો રે, આજિવીર તુમે એમ; લોક

ઓરણ પૂરણ કર્યો, દાનવીર સંવત્સર પ્રેમ રે. સુણો૦ હું તુમ૦ ।। ૫ ।। કરમને જીતી રે જગત ગુરૂ, કર્મને જીતી કેવલી રે, વાર્યો ભવભય ભર્મ; સત્તા ધર્મ બતાવીયો, એવો ધર્મ વીર શીવ શર્મ રે, સુણો૦ હું તુમ૦ ।। ૬ ।। વીર ત્રિવિધ ગુણ રે જગત ગુરૂ, વીર ત્રિવિધ ગુણ રાજતાં રે, સેવું ચરણ યુગ તુજજ, સૌભાગ્યચંદ્ર સ્વરૂપ તે, દીઓ વીરજી વીરતા મુજજ રે. સુણો૦ હું તુમ૦ ।। ૭ ।। ઇતિ ।।

ઇતિ સ્વરૂપચંદ્રજી ચોવીશી સંપૂર્ણ.

।। અથ શ્રી દેવચંદ્રજી કૃત વીશી ।।

।। ૧ શ્રો સિમંધરજિન સ્તવનં ।।

સિદ્ધચક્ર પદ વંદો ।। એ દેશી ।।

શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો; શુદ્ધ ધર્મ પ્રગટયો જે તુમચો, પ્રગટો તેહ અમ્હારો રે, સ્વામી વિનવીયે મન રંગે. ।। ૧ ।। જે પરિણામિક ધર્મ તુમારો, તેહવો અમચો ધર્મ; શ્રદ્ધા ભાસન રમણ વિયોગે; વલગ્યો વિભાવ અધર્મ રે; સ્વામી વી૦ ।। ૨ ।। વસ્તુ સ્વભાવ સ્વજાતિ તેહનો, મૂલ અભાવ ન થાય; પર વિભાવ અનુગત પરિણતિથી; કરમે તે અવરાય રે, ।। સ્વામી વી૦ ।। ।। ૩ ।। જે વિભાવ તે પણ નૈમિત્તિક, સંતતિ ભાવ અ-

નાદી, પર નિમિત્ત તે વિષય સંગાદિક, તે સંયોગે સાદિ રે, સ્વામી વી૦ ।। ૪ ।। અશુદ્ધ નિમિત્તેં એ સંસરતા, અત્તા કત્તા પરનો, શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્ઘન, કરતા ભોક્તા ઘરનો રે, સ્વામી. વી૦ ।। ૫ ।। જેહના ધર્મ અનંતા પ્રગટયા, જે નિજ પરિણતિ વરીયો, પરમાતમ જિનદેવ અમોહી, જ્ઞાનાદિક ગુણ દરીયો રે. સ્વામી. વી૦ ।। ૬ ।। અવલંબન ઉપદેશક રીતે, શ્રી સીમંધર દેવ; ભજિયે શુદ્ધ નિમિત્ત અનોપમ; તજીયે ભવ ભય ટેવ રે, સ્વામી, વી૦ ।। ૭ ।। શુદ્ધ દેવ અવલંબન કરતાં, પરહરીયે પરભાવ; આતમ ધર્મ રમણ અનુભવતાં, પ્રગટે આતમ ભાવ રે, સ્વામી, વી૦ ।। ૮ ।। આતમ ગુણ નિરમલ નીપજતાં ધ્યાન સમાધિ સ્વભાવે, પૂર્ણાનંદ સિદ્ધતા સાધી, દેવચંદ્ર પદ પાવે રે, ।। સ્વામી૦ ।। ૯ ।। ઇતિ ।।

।। ૨ અથ શ્રી યુગમંધરજિન સ્તવનં ।।

।। નારાયણની—દેશી ।।

શ્રી યુગમંધર વીનવું રે, વીનતડી અવધાર રે, દયાલ રાય, એ પર પરિણતિ રંગથી રે; મુજને નાથ ઉગાર રે, ।। દ૦ ।। શ્રી૦ ।। ૧ ।। કારક ગ્રાહક ભોગ્યતા રે, મેં કીધી મહારાય રે, દ૦ ।। પણ તુજ સરિખો પ્રભુ લહી રે, સાચી વાત કહાય રે. દ૦ ।। શ્રી ।। ૨ ।। યદ્યપિ મૂલ સ્વભાવમેં રે, પરકર્તૃત્વ વિભાવ રે, ।। દ૦ ।। અસ્તિ ધરમ જે માહરો રે, એહનો તથ્ય અભાવ રે, ।। દ૦ ।। ।। શ્રી ।। ૩ ।। પર પરિણામિકતા દશા રે, લહી પર કારણ યોગ રે,

।। ૬૦ ।। ચેતનતા પરગત થઇ રે, રાચી પુદ્‌ગલ ભોગ રે, ।। ૬૦ ।। શ્રી૦ ।। ૪ ।। અશુદ્ધ નિમિત્ત તો જડ અછે રે, વીર્ય શક્તિ વિહીન રે. ।। ૬૦ ।। તું તો વીરજ જ્ઞાનથી રે, સુખ અનંતે લીન રે. ૬૦ ।। શ્રી૦ ।। ૫ ।। તિણ કારણ નિશ્ચે કર્યો રે, મુજ નિજ પરિણતિ ભોગ રે ।।૬૦।। તુજ સેવાથી નીપજેરે, ભાંજે ભવ ભય સોગરે. ।। ૬૦ ।। ।। શ્રી૦ ।। શુદ્ધ રમણ આનંદતારે, ધ્રુવ નિસ્સંગ સ્વભાવ રે. ।। ૬૦ ।। સકલ પ્રદેશ અમૂર્તતા રે, ધ્યાતા સિદ્ધ ઉપાયરે. ।। ૬૦ ।। શ્રી૦ ।। ૭ ।। સમ્યગ્ તત્વ જે ઉપદિશ્યોરે, સુણતાં તત્ત્વ જણાયરે; ।। ૬૦ ।। શ્રદ્ધા જ્ઞાને જે ગ્રહ્યો રે, તેહિજ કાર્ય કરાય રે, ।। ૬૦ ।। શ્રી૦ ।। ૮ ।। કાર્ય રૂચિ કરતા થયો રે, કારક સવિ પલટાય રે,।। ૬૦ ।। આતમ ગતે આતમ રમે રે, નિજ ઘર મંગલ થાય રે. ।। ૬૦ ।। શ્રી૦ ।। ૯ ।। પ્રાણ શરણ આધાર છો રે, પ્રભુજી ભવ્ય સહાય રે, ।। ૬૦ ।। દેવચંદ્ર પદ નીપજે રે, જિન પદકજ સુપસાય રે. ।। ૬૦ ।। શ્રી૦ ।। ૧૦ ।। ઇતિ ।।

।। ૩ અથ શ્રી બાહુજિન સ્તવનં ।।

સંભવજિન અવધારીયે ।। એ દેશી ।।

બાહુજિણંદ દયામયી વરતમાન ભગવાન, પ્રભુજી; મહાવિદેહે વિચરતા, કેવલ જ્ઞાન નિધાન ।। પ્ર૦ ।। બા૦ ।। ।। ૧ ।। દ્રવ્ય થકી છ કાયને, ન હણે જેહ લગાર ।। પ્ર૦ ।। ભાવ દયા પરિણામનો એહિજ છે વ્યવહાર ।। પ્ર૦ ।। ।। બા૦ ।। ૨ ।। રૂપ અનુત્તર દેવથી, અનંતગુણો અભિરામ

।। પ્ર૦ ।। જોતાં પણ જગ જીવને ન વધે વિષય વિરામ ।। પ્ર૦ ।। આ૦ ।। ૩ ।। કર્મ ઉદ્દે જિનરાજનો; ભવિજન ધર્મ સહાય ।। પ્ર૦ ।। નામાદિક સંભારતાં; મિથ્યા દોષ વિલાય ।। પ્ર૦ ।। આ૦ ।। ૪ ।। આતમ ગુણ અવિરાધના, ભાવ દયા ભંડાર ।। પ્ર૦ ।। ક્ષાયક ગુણ પર્યાયમેં નવિ પર ધર્મ પ્રચાર ।। પ્ર૦ ।। આ૦ ।। ૫ ।। ગુણ ગણ પરિણતિ પરણુમે, બાધક ભાવ વિહીન. ।। પ્ર૦ ।। દ્રવ્ય અસંગી અન્યનો, શુદ્ધ અહિંસક પીન. ।। પ્ર૦ ।। આ૦ ।। ૬ ।। ક્ષેત્રે સર્વ પ્રદેશમેં, નહીં પરભાવ પ્રસંગ ।।પ્ર૦।। અતનુ અયોગી ભાવથી, અવગાહના અભંગ ।। પ્ર૦ આ૦ ।। ૭ ।। ઉત્પાદ વ્યય ધ્રુવ પણે, સહેજે પરિણતિ થાય. ।। પ્ર૦ ।। છેદન યોજનતા નહી, વસ્તુ સ્વભાવ સમાય. ।। પ્ર૦ ।। આ૦ ।। ।। ૮ ।। ગુણ પર્યાય અનંતતા, કારક પરિણતિ તેમ ।।પ્ર૦।। નિજ નિજ પરિણતિ પરિણમે, ભાવ અહિંસક એમ. ।। પ્ર૦ ।। આ૦ ।। ૯ ।। એમ અહિંસકતા મયી, દીઠો તું જિનરાજ. ।। પ્ર૦ ।। રક્ષક નિજ પર જીવનો, તારણ તરણ જિહાજ. ।। પ્ર૦ ।। આ૦ ।। ૧૦ ।। પરમાતમ પરમેસરૂં ભાવ દયા દાતાર. ।। પ્ર૦ ।। સેવો ધ્યાવો એહને દેવચંદ્ર સુખકાર. ।। પ્ર૦ ।। આ૦ ।। ૧૧ ।। ઇતિ ।।

॥ ૪ અથ શ્રી સુબાહુજિન સ્તવનં ॥

મારો વ્હાલો બ્રહ્મચારી ।। એ દેશી ।।

શ્રી સુબાહુજિન અંતરજામી, મુજ મનનો વિસરામી રે, પ્રભુ અંતરજામી; આતમ ધર્મ તણો આરામી, પર

પરિણતિ નિઃકામી રે. ।। પ્ર૦ ।। ૧ ।। કેવલ જ્ઞાન અનંત પ્રકાશી, ભવિજન કમલ વિકાસી રે, ।। પ્ર૦ ।। ચિદાનંદ ઘન તત્ત્વ વિલાસી, શુદ્ધ સ્વરૂપ નિવાસી રે ।। પ્ર૦ ।।૨।। યદ્યપિ હું મોહાદિકે છલીયેા, પર પરિણતિશું ભલીયેા રે. ।। પ્ર૦ ।। હવે તુજ સમ મુજ સાહેબ મલિયેા તિણ સવિ ભવ ભય ટલીયેા રે. ।। પ્ર૦ ।। ૩ ।। ધ્યેય સ્વભાવે પ્રભુ અવધારી, દુર્ધ્યાતા પરિણતિ વારી રે. ।। પ્ર૦ ।। ભાસન વીર્ય એકતા કારી, ધ્યાન સહજ સંભારી રે. ।। પ્ર૦ ।। ।। ૪ ।। ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે, પર પરિણતિ વિછેદે રે. ।। પ્ર૦ ।। ધ્યાતા સાધક ભાવ ઉછેદે, ધ્યેય સિદ્ધતા વેદે રે. ।। પ્ર૦ ।। ૫ ।। દ્રવ્ય ક્રિયા સાધન વિધિ યાચી, જે જિન આગમ વાચી રે. ।। પ્ર૦ ।। પરણતિ વૃતિ વિભાવે રાચી, તિણ નવિ થાયે સાચી રે. ।। પ્ર૦ ।। ૬ ।। પણ નવિ ભય જિનરાજ પસાયેં, તત્વ રસાયણ પાયે રે, ।। પ્ર૦ ।। પ્રભુ ભગતે નિજ ચિત્ત વસાયે, ભાવ રેાગ મિટજાયે રે પ્ર૦ ।। ૭ ।। જિનવર વચન અમૃત અનુસરીયે તત્વ રમણ આદરીયે રે. પ્ર૦ દ્રવ્ય ભાવ આશ્રવ પરિહરિયે દેવચંદ્ર પદ વરીયે રે, પ્ર૦ ।। ૮ ।। ઇતિ ।।

૫ ।। અથ શ્રી સુજાતજિન સ્તવનં ।।

દેહુ દેહુ નણંદ હઠીલી ।। એ દેશી. ।।

સ્વામી સુજાત સુહાયા, દીઠાં આણંદ ઉપાયા રે, મન મોહના જિનરાયા; જિણે પૂરણ તત્વ નિપાયા, દ્રવ્યાસ્તિક નય ઠહરાયા રે; ।। મ૦ ૧ ।। પર્યાયાસ્તિક નયરાયા; તે

મૂલ સ્વભાવ સમાયારે. મ૦ જ્ઞાનાદિક સ્વપરજાયા નિજ કાર્ય કરણ વરતાયા રે. મ૦ ।। ૨ ।। અંશનય માર્ગ કહાયા, તે વિકલપ ભાવ સુણાયા રે. મ૦ ।। નય ચ્યાર તે દ્રવ્ય થપાયા, શબ્દાદિક ભાવ કહાયા રે. ।। મ૦ ૩ ।। દુર્નય તે સુનય ચલાયા, એકત્વ અભેદે ધ્યાયા રે, ।।મ૦।। તે સવિ પરમારથ સમાયા; તસુ વર્તન ભેદ ગમાયા રે. ।। મ૦ ।। ૪ ।। સ્યાદ્વાદિ વસ્તુ કહીજે, તસુ ધર્મ અનંત લહીજે રે. ।। મ૦ ।। સામાન્ય વિશેષનો ધામ, તે દ્રવ્યાસ્તિક પરિણામ રે. ।। મ૦ ।। ૫ ।। જિનરૂપ અનંત ગણીજે, તે દીવ્ય જ્ઞાન જાણીજે રે. ।। મ૦ ।। શ્રુતજ્ઞાને નય પથ લીજે, અનુભવ આસ્વાદન કીજે રે. ।। મ૦ ।। ।। ૬ ।। પ્રભુ શકિત વ્યકિત એક ભાવે, ગુણ સર્વ રહ્યા સમભાવે રે. ।। મ૦ ।। માહરે સત્તા પ્રભુ સરખી, જિન વચન પસાયે પરખી રે. ।। મ૦ ।। ૭ ।। તું તો નિજ સંપત્તિ ભોગી, હું તો પર પરિણતિનો ચોગી રે. ।। મ૦ ।। તિણે તુમ્હ પ્રભુ માહરા સ્વામી, હું સેવક તુજ ગુણ ગ્રામી રે. ।। મ૦ ।। ૮ ।। એ સંબંધે ચિત્ત સમવાય મુજ સિદ્ધિનો કારણ થાયે રે. ।। મ૦ ।। જિનરાજની સેવના કરવી, ધ્યેય ધ્યાન ધારણા ધરવી રે ।। મ૦ ।। ।। ૯ ।। તું પૂરણ બ્રહ્મ અરૂપી, તું જ્ઞાનાનંદ સ્વરૂપી રે, ।। મ૦ ।। ઈમ તત્વાલંબન કરીયે, તો દેવચંદ્ર પદ વરીયે રે. ।। મ૦ ।। ૧૦ ।। ઈતિ ।।

॥ ૬ અથ શ્રી સ્વયંપ્રભ જિન સ્તવનં ॥

મો મનડા હે ઠાઉહો મિસરિ ઠાકુરો મહદરો ॥ એ દેશી ॥

સ્વામી સ્વયંપ્રભુને હો જાઉં ભામણે, હરખે વાર હજાર; વસ્તુ ધરમ પૂરણ જસુ નીપનો, ભાવ કૃપા કિરતાર. ॥ સ્વા૦ ॥ ૧ ॥ દ્રવ્ય ધરમ તે હો જોગ સમારવા, વિષયાદિક પરિહાર; આતમ શકિત સ્વભાવ સુધર્મનો, સાધન હેતુ ઉદાર ॥ સ્વા૦ ॥ ૨ ॥ ઉપશમ ભાવે હો મિશ્ર ક્ષાયક પણે, જે નિજગુણ પ્રાગભાવ; પૂર્ણાવસ્થાને નીપજાવતો, સાધન ધર્મ સ્વભાવ ॥ સ્વા૦ ॥ ૩ ॥ સમકિત ગુણથી હો શૈલેશી લગે, આતમ અનુગત ભાવ; સંવર નિર્જરા હો ઉપાદાન હેતુતા, સાધ્યાલંબન દાવ. ॥ સ્વા૦ ॥ ૪ ॥ સકલ પ્રદેશી હો કર્મ અભાવતા, પૂર્ણાનંદ સ્વરૂપ, આતમ ગુણની હો જે સંપૂર્ણતા, સિદ્ધ સ્વભાવ અનૂપ. ॥ સ્વા૦ ॥ ૫ ॥ અચલ અબાધિત હો જે નિસ્સંગતા, પરમાતમ ચિદ્રુપ; આતમ ભોગી હો રમતા નિજ પદે, સિદ્ધ રમણ એ રૂપ. ॥ સ્વા૦ ॥ ॥ ૬ ॥ એહવો ધર્મ હો પ્રભુને નીપન્યો, ભાખ્યો તેહવો ધર્મ; જે આદરતાં હો ભવિયણ શુચિ હોવે, ત્રિવિધ વિદારી કર્મ. ॥ સ્વા૦ ॥ ૭ ॥ નામ ધરમ હો ઠવણ ધરમ તથા, દ્રવ્ય ક્ષેત્ર તિમ કાલ; ભાવ ધરમના હો હેતુ પણે ભલા, ભાવ વિના સહુ આલ. ॥ સ્વા૦ ॥ ૮ ॥ શ્રદ્ધા ભાસન હો તત્ત્વ રમણ પણે, કરતાં તન્મય ભાવ, દેવચંદ્ર જિનવર પદ સેવતાં, પ્રગટે વસ્તુ સ્વભાવ. ॥૯॥૪૬॥

॥ ૭ અથ શ્રી રુષભાનનજિન સ્તવનં ॥

વારીહું ગોડી પાસને ॥ એ દેશી ॥

શ્રી રૂષભાનન વંદીયે, અચલ અનંત ગુણવાસ જિન-વર; ક્ષાયક ચારિત્ર ભોગથી, જ્ઞાનાનંદ વિલાસ. ॥ જિ૦ ॥ ॥ શ્રી૦ ॥ ૧ ॥ જે પ્રસન્ન પ્રભુ મુખ ગ્રહે. તેહિજ નયન પ્રધાન; જિ૦ જિન ચરણે જે નામીયે; મસ્તક તેહ પ્રમાણ. ॥ જિ૦ ॥ ૨ ॥ અરિહા પદકજ અરચીયે, સલહીજે તે હત્થ, જિ૦ પ્રભુ ગુણ ચિંતનમેં રમે, તેહ જનમ સુકયથ્થ. ॥ જિ૦ ॥ શ્રી૦ ॥ ૩ ॥ જાણો છો સહુ જીવની, સાધક બાધક ભાંત; જિ૦ પણ શ્રી મુખથી સાંભલે, મન પામે નિરાંત. ॥ જિ૦ ॥ શ્રી૦ ॥ ૪ ॥ તીન કાલ જાણગ ભણી. શું કહીયે. વારંવાર જિ૦ પૂર્ણાનંદી પ્રભુ તણો, ધ્યાન તે પરમ આધાર ॥ જિ૦ ॥ શ્રી૦ ॥ ૫ ॥ કારણથી કારજ હુવે, એ શ્રી જિનમુખ વાણ, જિ૦ પુષ્ટ હેતુ મુજ સિદ્ધના જાણી કીધ પ્રમાણ. ॥ જિ૦ ॥ શ્રી૦ ॥ ૬ ॥ શુદ્ધ તત્ત્વ નિજ સંપદા, જયાં લગે પૂર્ણ ન થાય; જિ૦ ત્યાં લગે જગ ગુરૂ દેવના, સેવું ચરણ સદાય. ॥ જિ૦ ॥ શ્રી૦ ॥ ॥ ૭ કારજ પૂર્ણ કર્યા વિના કારણ કેમ મુકાય; જિ૦ કાર્ય રૂચી કારણ તણા, સેવે શુદ્ધ ઉપાય. ॥ જિ૦ ॥ શ્રી ॥ ॥ ૮ ॥ જ્ઞાન ચરણ સંપૂર્ણતા, આવ્યાબાધ અમાય, જિ૦ દેવચંદ્ર પદ પામીયે, શ્રી જિનરાજ પસાય. ॥ જિ૦ ॥ ॥ શ્રી૦ ॥ ૯ ॥ ઈતિ ॥

॥ ૮ અથ શ્રી અનંતવીરજિન સ્તવનં ॥

ચરણાલી ચામુંડા રણ ચડે ॥ એ દેશી ॥

અનંત વિરજ જિનરાજનો, શુચિ વીરજ પરમ અનંતરે; નિજ આતમ ભાવે પરિણમ્યો, ગુણ વૃત્તિ વરતનાવંતરે; મન મોહ્યો અમારો પ્રભુ ગુણે ॥ ૧ ॥ યદ્યપિ જીવ સહુ સદા વીરજ ગુણ સત્તાવંતરે; પણ કર્મે આવૃત ચલ તથા બાલ બાધક ભાવ લહંત રે, ॥ મ૦ ॥ ૨ ॥ અલ્પ વિરજ ક્ષયોપશમ અછે, અવિભાગ વરગણા રૂપરે; ષડ ગુણ એમ અસંખથી, થાયે યોગ સ્થાન સરૂપરે. ॥ મ૦ ॥ ૩ ॥ સુહુમ નિગોદી જીવથી, જાવ સન્નીવર પજ્જત્તરે, યોગનાં ઠાણ અસંખ્ય છે, તરતમ મોહે પરાયત્તરે, ॥ મ૦ ॥ ૪ ॥ સંયમને યોગે વીર્ય તે, તુમ્હે કીધો પંડિત દક્ષરે; સાધ્ય રસી સાધક પણે, અભિસંધિ રમ્યો નિજ લક્ષરે. ॥ મ૦ ॥ ॥ ૫ ॥ અભિસંધિ અબંધક નીપને, અનભિસંધિ અબંધક થાયરે; થિર એક તત્ત્વતા વરતતો, તે ક્ષાયક શકિત સમાયરે ॥ મ૦ ॥ ૬ ॥ ચક્ર ભ્રમણ ન્યાય સયોગતા, તજિ કીધ અયોગી ધામરે; અકરણ વીર્ય અનંતતા; નિજ સહકાર અકામરે. ॥ મ૦ ॥ ૭ ॥ શુદ્ધ અચલ નિજવીર્યની, નિરૂપાધિક શકિત અનંતરે; તે પ્રગટી મેં જાણી સહી, તિણે તુમહિ જ દેવ મહંતરે. ॥ મ૦ ॥ ૮ ॥ તુજ જ્ઞાને ચેતના અનુગમી, મુજ વીર્ય સ્વરૂપ સમાયરે; પંડિત ક્ષાયકતા પામશે, એ પૂરણસિદ્ધિ ઉપાયરે. ॥ મ૦ ॥ ૯ ॥ નાયક તારક તું ધણી, સેવનથી આતમ સિદ્ધરે. દેવચંદ્ર પદ સંપજે, વર પરમાણંદ સમૃદ્ધરે. મ૦ ॥ ૧૦ ॥ ઇતિ ॥

॥ ૯ અથ શ્રી સુરપ્રભજિન સ્તવનં ॥

દેશી કડખાની ॥

સૂર જગદીશની તિક્ષ્ણ અતિ સૂરતા તિણે ચિર કાલનો મોહ જીત્યો; ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ પરગાસ કરી નીપનો પરમ પદ જગવદીતો. ॥ સૂ૦ ॥ ૧ ॥ પ્રથમ મિથ્યાત્વ હણી શુદ્ધ દંસણ નિપુણ પ્રગટ કરી જેણે અવિરતિ પ્રણાસી; શુદ્ધ ચારિત્ર ગતવીર્ય એકત્વથી પરણતિ કલુષતા સવિ વિણાસી, ॥ સૂ૦ ॥ ૨ ॥ વારિ પર ભાવની કર્તૃતા મૂલથી આતમ પરણામ કર્તૃત્વ ધારી; શ્રેણી આરોહતાં વેદ હાસ્યાદિની સંગમી ચેતના પ્રભુ નિવારી. ॥ સૂ૦ ॥ ॥ ૩ ॥ ભેદ જ્ઞાને યથા વસ્તુતા ઓલખી દ્રવ્ય પર્યાયમેં થઇ અભેદી; ભાવ સવિ કલ્પતા છેદી કેવલ સકલ જ્ઞાન અનંતતા સ્વામી વેદી. ॥ સૂ૦ ॥ ૪ ॥ વીર્ય ક્ષાયક બલે ચપલતા યોગની રોધી ચેતન કર્યો સૂચિ અલેશી; ભાવ-શૈલેસીમેં પરમ અક્રિય થઈ ક્ષય કરી ચાર તનુ કર્મ શેષી. ॥ સૂ૦ ॥ ૫ ॥ વર્ણ ગંધ રસ વિણ ફરસ સંસ્થા વિનુ યોગ તનુ સંગ વિનુ જિન અરૂપી; પરમ આનંદ અત્યંત સુખ અનુભવી તત્ત્વ તન્મય સદા ચિત્ત સ્વરૂપી. ॥ સૂ૦ ॥ ॥ ૬ ॥ તાહરી સૂરતા ધીરતા તીક્ષ્ણતા દેખી સેવકતણો ચિત્ત રાચ્યો; રાગ સુપ્રસ્થથી ગુણી આશ્ચર્યતા ગુણી અદ્‌ભૂત પણે જીવ માચ્યો, ॥ સૂ૦ ॥ ૭ ॥ આતમ ગુણ રૂચિ થઈ તત્ત્વ સાધનરસી તત્વ નિષ્પત્તિ નિર્વાણ થાવે; દેવચંદ્ર શુદ્ધ પરમાતમ સેવન થકી પરમ આતમિક આનંદ પાવે. ॥ સૂ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

॥ ૧૦ અથ શ્રી વિશાલજિન સ્તવનં ॥

પ્રાણી વાણી જિન તણી ॥ એ દેશી ॥

દેવ વિશાલ જિણંદની, તુમે ધ્યાવો તત્ત્વ સમાધીરે; ચિદાનંદ રસ અનુભવી, સહજ અકૃત નિરૂપાધિરે; અરિહંત પદ વંદીયે ગુણવંતરે, ગુણવંત અનંત મહંત સ્તવો, ભવતારણો ભગવંતરે. ॥ ૧ ॥ ભવ ઉપાધી ગદ ટાલવા, પ્રભુજી છો વૈદ્ય અમો ઘરે; રત્નત્રયી ઓષધ કરી, તુમે તાર્યા ભવિજન ઓઘરે. ॥ અ૦ ॥ ૨ ॥ ભવ સમુદ્ર જલ તારવા, નિર્યામક સમ જિનરાજરે; ચરણ જહાજે પામીયે, અક્ષય શિવ નગરનું રાજરે. ॥ અ૦ ॥ ૩ ॥ ભવ અટવી અતિ ગહનથી, પારગ પ્રભુજી સથવાહરે, શુદ્ધ માર્ગ દર્શક પણે, યોગ ક્ષેમંકર નાહરે. ॥ અ૦ ॥ ૪ ॥ રક્ષક જિન છકાયના, વલિ મોહ નિવારક સ્વામરે; શ્રમણ સંઘ રક્ષક સદા, તિણે ગોપ ઇશ અભિરામરે. ॥ અ૦ ॥ ૫ ॥ ભાવ અહિંસક પૂર્ણતા, માહણતા ઉપદેશરે; ધર્મ અહિંસક નીપનો, માહણ જગદીશ વિશેષરે. ॥ અ૦ ॥ ૬ ॥ પુષ્ટ કારણ અરિહંતજી; તારક જ્ઞાયક મુનિચંદરે; મોચક સર્વ વિભાવથી, જિપાવે મોહ અરિંદરે. ॥ અ૦ ॥ ૭ ॥ કામ કુંભ સુરમણિ પરે, સહજ ઉપગારી થાયરે; દેવચંદ્ર સુખકર પ્રભુ, ગુણગેહ અમોહ અમાયરે. ॥ અ૦ ॥ ૮ ॥ ॥ ઇતિ ॥

॥ ૧૧ અથ શ્રી વજ્રધરજિન સ્તવનં ॥

નદી યમુનાકે તીર ॥ એ દેશી ॥

વિહરમાન ભગવાન, સુણેા મુજ વિનતી; જગતારક જગનાથ, અછેા ત્રિભુવન પતિ, ભાસક લેાકા લેાક, તિણે જાણેા છતિ, તેા પણ વીતક વાત કહું છું તુજ પ્રતિ. ॥૧॥ હું સરૂપ નિજ છેાડી, રમ્યેા પર પુદ્ગલે, ઝીલ્યેા ઉલ્લટ આણિ, વિષય તૃષ્ણા જલે, આશ્રવ બંધ વિભાવ, કરૂં રૂચિ આપણી, ભૂલ્યેા મિથ્યાવાસ, દેાષ દેઉં પર ભણી. ॥ ૨ ॥ અવગુણ ઢાંકણ કાજ, કરૂં જિનમત ક્રિયા, ન તજું અવગુણ ચાલ અનાદિની જે પ્રિયા, દૃષ્ટિ રાગનેા પેાષ, તેહ સમકિત ગણું, સ્યાદ્વાદની રીત ન દેખું નિજપણું ॥ ૩॥ મન તનુ ચપલ સ્વભાવ, વચન એકાંતતા, વસ્તુ અનંત સ્વભાવ, ન ભાસે જે છતાં, જે લેાકેાત્તર દેવ, નમું લૌકીકથી, દુર્લભ સિદ્ધ સ્વભાવ, પ્રભેા તહકીકથી ॥ ૪ ॥ મહાવિદેહ મઝાર કે, તારક જિનવરૂ, શ્રી વજ્રધર અરિહંત, અનંત ગુણકરૂ; તે નિર્યામિક શ્રેષ્ઠ, સહી મુજ તારશે, મહાવૈદ્ય ગુણ યેાગ, રેાગ ભવ વારશે. ॥ ૫ ॥ પ્રભુ મુખ ભવ્ય સ્વભાવ, સુણજો માહરેા, તેા પામે પ્રમેાદ, એહ ચેતન ખરેા; થાયે શિવપદ આશ, રાશી સુખ વૃંદની; સહજ સ્વતંત્ર, સ્વરૂપ ખાણ આણુંદની. ॥ ૬ ॥ વલગ્યા જે પ્રભુ નામ, ધામ તે ગુણ તણા, ધારેા ચેતન રામ, એહ થિર વાસન ; દેવચંદ્ર જિનચંદ્ર, હૃદય થિર થાપજો, જિન આણા યુક્ત ભકિત, શકિત મુજ આપજો. ॥ ૭ ॥ ઇતિ ॥

॥ ૧૨ અથ શ્રી ચંદ્રાનનજિન સ્તવનં ॥

વીરા ચંદલા ॥ એ દેશી ॥

ચંદ્રાનન જિન સાંભલી એ અરદાસ રે, મુજ સેવક ભણી, છે પ્રભુનો વિશ્વાસો રે. ॥ ચં૦ ॥ ૧ ॥ ભરતક્ષેત્ર માનવ પણો રે, લાધો દુસમકાલ, જિન પૂરવ ધર વિરહથી રે, દુલહો સાધન ચાલો રે. ॥ ૨ ॥ દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા રે, ભાવ ધર્મ રૂચિ હીન, ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન રે. ॥ ચં૦ ॥ ૩ ॥ તત્ત્વાગમ જાણુગ તજી રે, બહુ જન સંમત જેહ, મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરૂ કહાવે તેહ રે. ॥ ચં૦ ॥ ૪ ॥ આણાસાધ્ય વિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ, દંસણ નાણ ચરિત્તનો રે, મૂલ ન જાણ્યો મર્મ રે. ॥ ચં૦ ॥ ૫ ॥ ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ, આતમ ગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે. ॥ ચં૦ ॥ ૬ ॥ તત્ત્વ રસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ, જાણો છો જિનરાજજી રે, સઘલો એહ વિવાદો રે. ॥ ચં૦ ॥ ૭ ॥ નાથ ચરણ વંદન તણો રે, મનમાં ઘણો ઉમંગ, પુણ્ય વિના કેમ પામીયે રે, પ્રભુ સેવનનો સંગ રે. ॥ ચં૦ ॥ ૮ ॥ જગતારક પ્રભુ વાંદીએ રે, મહાવિદેહે મઝાર, વસ્તુ ધરમ સ્યાદવાદતા રે, સુણિ કરિયે નિરધાર રે ॥ ચં૦ ॥ ૯ ॥ તુજ કરૂણા સહુ ઉપરે રે, સરખી છે મહારાય, પણ અવિરાધક જીવને રે, કારણ સફલો થાય રે. ॥ ચં૦ ॥ ૧૦ ॥ એહવા પણ ભવિ જીવને રે, દેવ ભગતિ આધાર, પ્રભુ સ્મરણથી પામીયે રે, દેવચંદ્ર પદ સાર રે. ॥ ચં૦ ॥ ૧૧ ॥ ઇતિ ॥

॥ ૧૩ અથ શ્રી ચંદ્રબાહુજિન સ્તવનં ॥

શ્રી અરનાથ ઉપાસના ॥ એ દેશી ॥

ચંદ્રબાહુ જિન સેવના, ભવનાશિની તેહ, પર પરિણતિના પાસને, નિષ્કાસન રેહ. ॥ ચં૦ ॥ ૧ ॥ પુદ્ગલ ભાવ આસંસના, ઉદ્દઘાસન કેતુ; સમ્યગ્ દર્શન વાસના, ભાસન ચરણ સમેત ॥ ચં૦ ॥ ૨ ॥ ત્રિકરણ યેાગ પ્રસંસના, ગુણ સ્તવના રંગ; વંદન પૂજન ભાવના, નિજ પાવના અંગ ॥ ચં૦ ॥ ૩ ॥ પરમાતમ પદ કામના, કામ નાશન એહ, સત્તા ધરમ પ્રકાશના, કરવા ગુણ ગેહ. ॥ ચં૦ ॥ ૪ ॥ પરમેશ્વર આલંબના, રાચ્યા જેહ જીવ, નિર્મલ સાધ્યની સાધના, સાધે તેહ સદીવ. ॥ ચં૦ ॥ ૫ ॥ પરમાનંદ ઉપાયવા, પ્રભુ પુષ્ટ ઉપાય; તુજ સમ તારક સેવતાં પરસેવ ન થાય ॥ ચં૦ ॥ ૬ ॥ શુદ્ધાતમ સંપત્તિ તણા, તુમ્હે કારણ સાર, દેવચંદ્ર અરિહંતની સેવા સુખકાર ॥ ચં૦ ॥ ૭ ॥ ઇતિ ॥

॥ ૧૪ અથ શ્રી ભુજંગદેવજિન સ્તવનં ॥

॥ લુઅરની દેશી ॥

પુષ્કલાવઇ વિજયે હેા, કે વિચરે તિર્થપતિ; પ્રભુ ચરણને સેવે હેા, કે સુરનર અસુર પતી; જસુ ગુણ પ્રગટ્યા હેા, કે સર્વ પ્રદેશમાં, આતમ ગુણની હેા, કે વિકસી અંતરમાં. ॥ ૧ ॥ સામાન્ય સ્વભાવની હેા, કે પરિણતિ અસહાઇ; ધર્મ વિશેષની હેા, કે ગુણને અનુજાઇ; ગુણ સકલ પ્રદેશે હેા, કે નિજ નિજ કાર્ય કરે, સમુદાય પ્રવર્તે

હો, કે કરતા ભાવ ધરે. ॥ ૨ ॥ જડ દ્રવ્ય ચતુષ્કે હો, કે કરતા ભાવ નહી, સર્વ પ્રદેશે હો, કે વૃત્તિ વિભિન્ન કહી; ચેતન દ્રવ્યને હો, કે સકલ પ્રદેશ મલે, ગુણ વરતના વરતે હો, કે વસ્તુને સહેજ બલે. ॥ ૩ ॥ શંકર સહકારી હો, કે સહજે ગુણ વરતે, દ્રવ્યાદિક પરિણતિ હો, કે ભાવે અનુસરતે; દાનાદિક લબ્ધિ હો, કે ન હુવે સહાય વિના, સહકાર અકંપે હો, કે ગુણની વૃત્તિ ઘના ॥ ૪ ॥ પર્યાય અનંતા હો, કે જિનવર ગુણ પભણે; જ્ઞાનાદિક ગુણની હો, કે વરતના જીવ પ્રતે, ધર્માદિક દ્રવ્યને હો, કે સહકારે કરતે ॥ ૫ ॥ ગ્રાહક વ્યાપકતા હો, કે પ્રભુ તુમ ધર્મ રમી, આતમ અનુભવથી હો, કે પરિણતિ અન્ય વમી; તુજ શકિત અનંતી હો, કે ગાતાં ને ધ્યાતાં; મુજ શકિત વિકાસન હો, કે થાયે ગુણ રમતાં ॥ ૬ ॥ ઈમ નિજ ગુણ ભોગી હો, કે સ્વામિ ભુજંગ મુદા, જે નિત્ય વંદે હો, કે તે નર ધન્ય સદા, દેવચંદ્ર પ્રભુની હો, કે પુન્યે ભગતિ સધે, આતમ અનુભવની હો, કે નિત્ય નિત્ય શકિત વધે. ॥ ૭ ॥ ઇતિ ॥

॥ ૧૫ અથ શ્રી ઈશ્વરજિન સ્તવનં ॥

કાલ અનંતાનંત ॥ એ દેશી ॥

સેવો ઇશ્વરદેવ, જિણે ઇશ્વરતા હો નિજ અદ્‌ભુત વરી; તિણે ભાવની શકિત, આવિર્ભાવે હો સહુ પ્રગટ કરી. ॥ ૧ ॥ અસ્તિત્વાદિક ધર્મ, નિર્મલ ભાવે હો સહુને સર્વદા; નિત્યત્વાદિ સ્વભાવ, તે પરિણામી હો જડ ચેતન

સદા. ।। ૨ ।। કર્તા ભોક્તા ભાવ, કારક ગ્રાહક હો જ્ઞાન ચારિત્રતા, ગુણ પર્યાય અનંત, પામ્યા તુમચા હો પૂર્ણ પવિત્રતા. ।। ૩ ।। પૂર્ણાનંદ સ્વરૂપ; ભોગી અયોગી હો ઉપયોગી સદા; શક્તિ સકલ સ્વાધીન, વરતે પ્રભુની હો જે ન ચલે કદા. ।। ૪ ।। દાસ વિભાવ અનંત; નાસે પ્રભુજી હો તુજ અવલંબને; જ્ઞાનાનંદ મહંત, તુજ સેવાથી હો સેવક બને. ।। ૫ ।। ધન્ય ધન્ય તે જીવ, પ્રભુ પદ વંદી હો જે દેશના સુણે; જ્ઞાન ક્રિયા કરે શુદ્ધ; અનુભવ યોગે હો નિજ સાધક પણે ।। ૬ ।। વારંવાર જિનરાજ, તુજ પદ સેવા હો હોજો નિરમલી; તુજ શાસન અનુજાઇ, વાસન ભાસન હો તત્વ રમણ વલી ।। ૭ ।। શુદ્ધાતમ નિજ ધર્મ, રૂચિ અનુભવથી હો સાધન સત્યતા, દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તિ પસાયેં હો હોશે વ્યક્તતા. ।।૮ ।। ઇતિ ।।

।। ૧૬ અથ શ્રી નમિપ્રભુજિન સ્તવનં ।।

અરજ અરજ સુણોને રૂડા રાજીયા હોજી ।। એ દેશી ।।

નમિ પ્રભ નમિ પ્રભ પ્રભુજી વીનવું હોજી, પામી વર પ્રસ્તાવ, જાણો છો જાણો છો વિણ વીનવે હોજી, તો પણ દાસ સ્વભાવ. ।। ન૦ ।। ૧ ।। હું કરતા હું કરતા પરભાવનો હોજી, ભોકતા પુદ્ગલ રૂપ; ગ્રાહક ગ્રાહક વ્યાપક એહનો હોજી, રાચ્યો જડ ભવ ભૂપ. ।। ન૦ ।। ૨ ।। આતમ આતમ ધર્મવિસારીયો હોજી, સેવ્યો મિથ્યા માગ; આશ્રવ આશ્રવ બંધપણું કર્યો હોજી, સંવર નિર્જર ત્યાગ. ।। ન૦ ।। ૩ ।। જડચલ જડચલ કર્મ જે દેહને

હોજી, જાણ્યો આતમ તત્ત્વ, બહિરાતમ બહિરાતમતામેં ગ્રહી હોજી, ચતુરંગે એકત્વ ।। ન૦ ।। ૪ ।। કેવલ કેવલ જ્ઞાન મહોદધિ હોજી, કેવલ દંસણ શુદ્ધ; વીરજ વીરજ અનંત સ્વભાવનો હોજી, ચારિત્ર ક્ષાયક શુદ્ધ. ।। ન૦ ।। ૫ ।। વિશ્રામી વિશ્રામી નિજ ભાવના હોજી, સ્યાદ્વાદિ અપ્રમાદ; પરમાતમ પરમાતમ પ્રભુ દેખતા હોજી, ભાગી ભ્રાંતિ અનાદ. ।। ન૦ ।। ૬ ।। જિનસમ જિનસમ સત્તા ઓલખી હોજી, તસુ પ્રાગ્‌ભાવની ઇહ; અંતર અંતર આતમતા લહે હોજી, પર પરિણતિ નીરીહ. ।। ન૦ ।। ૭ ।। પ્રતિછંદે પ્રતિછંદે જિનરાજનો હોજી; કરતા સાધક ભાવ; દેવચંદ્ર દેવચંદ્ર પદ અનુભવે હોજી; શુદ્ધાતમ પ્રાગભાવ. ।। ન૦ ।। ૮ ।। ઇતિ ।।

।। ૧૭ અથ શ્રી વિરસેનજિન સ્તવનં ।।

લાછલ દે માત મલ્હાર ।। એ દેશી ।।

વીરસેન જગદીશ, તાહરી પરમ જગીશ; આજ હો દીસેરે વિરજતા ત્રિભુવનથી ધણીજી. ।। ૧ ।। અનહારી અશરીર, અક્ષય અજય અતિધીર; આજ હો અવિનાસી અલેશી ધ્રુવ પ્રભુતા ભણીજી. ।। ૨ ।। અતિ ઇંદ્રિય ગત કોહ વિગત માયા મયલોહ; આજ હો સોહે રે મોહે જગજનતા ભણીજી. ।। ૩ ।। અમર અખંડ અરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ; આજ હો ચિદ્રુપે થીર સમતા ઘણીજી. ।। ૪ ।। વેદ રહિત અકષાય, શુદ્ધ સિદ્ધ અસહાય; આજ હો ધ્યાય કેં નાયકને ધ્યેય પદે ગ્રહ્યોજી. ।। ૫ ।। દાન લાભ નિજ

ભોગ, શુદ્ધ સગુણ ઉપભોગ, આજ હો અભોગી કરતા ભોકતા પ્રભુ લહ્યોજી. ॥ ૬ ॥ દરિસણ જ્ઞાન ચારિત્ર સકલ પ્રદેશ પવિત્ર; આજ હો નિરમલ નિસ્સંગી અરિહા વંદીયેજી. ॥ ૭ ॥ દેવચંદ્ર જિનચંદ્ર, પૂર્ણાનંદનો વૃંદ; આજ હો જિનવર સેવાથી ચીર આનંદીયેજી. ॥૮॥ ઇતિ.

॥ ૧૮ અથ શ્રી મહાભદ્રજિન સ્તવનં. ॥

તટ યમુનાનોરે અતિ રલીયામણોરે ॥ એ દેશી. ॥

મહાભદ્ર જિનરાજ, રાજ વિરાજે હો આજ તુમારડોજી; ક્ષાયક વીર્ય અનંત, ધર્મ અભંગે હો તું સાહિબ બડોજી; હું બલિહારીરે, શ્રી જિનવર તણીરે. ॥ ૧ ॥ કર્તા ભોકતા ભાવ, કારક કારણ હો તું સ્વામી છતાજી; જ્ઞાનાનંદ પ્રધાન સરવ વસ્તુના હો ધરમ પ્રકાશતાજી. ॥ હું ॥ ૨ ॥ સમ્યગ્ દર્શન મિત્ત, થિર નિર્ધારેરે અવિસંવાદતાજી; અવ્યાબાધ સમાધિ, કોશ અનશ્વરેરે નિજ આનંદતાજી, ॥ હું૦ ॥ ૩ ॥ દેશ અસંખ્ય પ્રદેશ, નિજ નિજ રીતેરે ગુણ સંપત્તિ ભરીયાજી; ચારિત્ર દુર્ગ અભંગ, આતમ શકતે હો પરજય સંચરીયાજી. ॥ હું૦ ॥ ૪ ॥ ધર્મ ક્ષમાદિક સૈન્ય, પરિણતિ પ્રભુતા હો તુજ બલ આકારોજી; તત્વ સકલ પ્રાગ્ભાવ; સાદી અનંતીરે રીતે પ્રભુ ધર્યોજી ॥ હું ॥ ૫ ॥ દ્રવ્ય ભાવ અરિ લેશ, સકલ નિવારીરે સાહિબ અવતર્યોજી; સહજ સ્વભાવ વિલાસ, ભોગી ઉપયોગીરે જ્ઞાન ગુણે ભર્યોજી. ॥ હું૦ ॥ ૬ ॥ આચારિજ ઉવઝાય, સાધક મુનિવર હો દેશ વિરત ધરૂજી;

આતમ સિદ્ધ અનંત, કારણ રૂપેરે; યોગ ક્ષેમંકરૂજી. ॥ હું૦ ॥ ૭ ॥ સમ્યગ્ દૃષ્ટિ જીવ, આણારાગી હો સહુ જિનરાજનાજી; આતમ સાધન કાજ, સેવે પદ કજ હો શ્રી મહારાજનાજી. ॥ હું૦ ॥ ૮ ॥ દેવચંદ્ર જિનચંદ્ર, ભગતે રાચે હો ભવિ આતમ રૂચિજી; અવ્યય અક્ષય શુદ્ધ, સંપત્તિ પ્રગટે હો સત્તા ગતિ સુચીજી. ॥ હું૦ ॥૯॥૪૪॥

॥ ૧૯ અથ શ્રી દેવજસાજિન સ્તવનં ॥

મહાવિદેહ ક્ષેત્ર સોહામણું ॥ એ દેશી ॥

દેવજસા દરસણ કરો, વિઘટે મોહ વિભાવ લાલરે; પ્રગટે શુદ્ધ સ્વભાવતા, આનંદ લહરી દાવ લાલરે ॥ દે૦ ॥ ॥ ૧ ॥ સ્વામી વસો પુષ્કર વરે, જંબૂ ભરતે દાસ લાલરે; ક્ષેત્ર વિભેદ ઘણો પડયો, કિમ પહોંચે ઉલ્લાસ લાલરે. ॥ દે૦ ॥ ૨ ॥ હોવત જો તનુ પાંખડી, આવત નાથ હજૂર લાલરે; જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત પ્રભુ નૂર લાલરે. ॥ દે૦ ॥ ૩ ॥ શાસન ભકત જે સૂરવરા, વીનવું શીશ નમાય લાલરે; કૃપા કરો મુજ ઉપરેં, તો જિન વંદન થાય લાલરે. ॥ દે૦ ॥ ૪ ॥ પૂછું પૂર્વ વિરાધના, શી કીધી ઈણે જીવ લાલરે; અવિરતિ મોહ ટલે નહી, દીઠે આગમ દીવ લાલરે. ॥ દે૦ ॥ ૫ ॥ આતમ શુદ્ધ સ્વભાવને, બોધન શોધન કાજ લાલરે; રતન ત્રયી પ્રાપ્તિ તણો, હેતુ કહો મહારાજ લાલરે ॥ દે૦ ॥ ॥ ૬ ॥ તુજ સરિખો સાહિબ મિલ્યો, ભાંજે ભવ ભ્રમ ટેવ લાલરે; પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પર સેવ

લાલરે. ॥ દે૦ ॥ ૭ ॥ દીન દયાલ કૃપાલુ ઐો, નાથ ભવિક આધાર લાલરે; દેવચંદ્ર જિન સેવના, પરમામૃત સુખકાર લાલરે. ॥ દે૦ ॥ ૮ ॥

॥ ૨૦ અથ શ્રી અજિતવીર્યજિન સ્તવનં ॥

અજિત વીર્ય જિન વિચરતારે, મન મોહનારે લાલ, પુષ્કર અરધ વિદેહરે, ભવિ મોહનારે લાલ; જંગમ સુરતરૂ સરિખોરે મન૦ સેવે ધન ધન તેહરે ભવિ૦ ॥ ૧ ॥ જિન ગુણ અમૃત પાનથીરે મ૦ અમૃત ક્રિયા સુપસાયરે ભ૦ અમૃત ક્રિયા અનુષ્ઠાનથીરે મ૦, આતમ અમૃત થાયરે. ભ૦ ॥ ૨ ॥ પ્રીતિ ભકિત અનુષ્ઠાનરે, મ૦ વચન અસંગી સેવરે; ભ૦ કરતા તનમયતા લહેરે, મ૦ પ્રભુ ભકિત નિત્ય મેવરે. ભ૦ ॥ ૩ ॥ પરમેશ્વર અવલંબનેરે, મ૦ ધ્યાતા ધ્યેય અભેદરે, ભ૦ ધ્યેય સમાપ્તિ હવેરે, મ૦ સાધ્ય સિદ્ધિ અવિચ્છેદરે. ભ૦ ॥ ૪ ॥ જિન ગુણ રાગ પરાગથીરે, મ૦ વાસિત મુજ પરિણામરે; ભ૦ તજશે દુષ્ટ વિભાવતારે, મ૦ સરસે આતમ કામરે. ભ૦ ॥ ૫ ॥ જિન ભકિત રત ચિત્તનેરે, મ૦ વેધક રસ ગુણ પ્રેમરે; ભ૦ સેવક જિનપદ પામશેરે, મ૦ રસ વેધિત અય જેમરે. ભ૦ ॥ ૬ ॥ નાથ ભકિત રસ ભાવથીરે, મ૦ તૃણ જાણું પરદેવરે; ભ૦ ચિંતામણિ સુરતરૂ થકીરે, મ૦ અધિકી અરિહંત સેવરે. ભ૦ ॥ ૭ ॥ પરમાતમ ગુણ સ્મૃત થકીરે, મ૦ ફરસ્યો આતમ રામરે ભ૦ નીયમા કંચનતા લહેરે, મ૦ લોહ જયું પારસ પામરે.

ભ૦ ॥ ૮ ॥ નિર્મલ તત્વ રૂચિ થઇરે, મ૦ કરજો જિનપતિ ભકિતરે; ભ૦ દેવચંદ્ર પદ પામશોરે, મ૦ પરમ મહોદય યુકિતરે. ભ૦ ॥ ૯ ॥ ઇતિ ॥

કલશ.

રાગ ધનાશ્રી.

વંદો વંદો રે જિનવર વિચરંતા વંદો, કીર્તન સ્તવન નમન અનુસરતાં, પૂરવ પાપ નિકંદો રે જિનવર વિચરંતા વંદો. ॥ ૧ ॥ જંબૂદ્વીપે ચાર જિનેશ્વર, ધાતકી આઠ આણંદો રે. પુષ્કર અરધે આઠ મહા મુનિ, સેવે ચોસઠ ઇંદો રે. ॥ જિ૦ ॥ ૨ ॥ કેવલી ગણધર સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકા વૃંદો રે; જિન મુખ ધરમ અમૃત અનુભવતાં, પામે મન આણંદો રે. ॥ જિ૦ ॥ ૩ ॥ સિદ્ધાચલ ચોમાસે રહીને, ગાયો જિન ગુણ છંદો રે; જિનપતિ ભકિત મુકિતનો મારગ અનોપમ શિવ સુખ કંદો રે. જિ૦ ॥ ૪ ॥ ખરતર ગચ્છ જિનચંદ સૂરિવર પૂન્ય પ્રધાન મુણિંદો રે; સુમતિ સાગર સાધુ રંગ સુવાચક પીયો શ્રુત મકરંદો રે, ॥ જિ૦ ॥ ૫ ॥ રાજસાગર પાઠક ઉપગારી, જ્ઞાન ધરમ દિણંદો રે; દીપચંદ સદગુરૂ ગુણવંતા, પાઠક ધીર ગયંદો રે. ॥ જિ૦ ॥ ૬ ॥ દેવચંદ્ર ગણિ આતમ હેતે, ગાયા વીશ જિણંદો રે; રીદ્ધિ વૃદ્ધિ સુખ સંપત્તિ પ્રગટે, સુજસ મહોદય વૃંદો રે. ॥ જિ૦ ॥ ૭ ॥

॥ ઇતિ દેવચંદ્રજી કૃત વીશી સમાપ્ત. ॥

ઉ૦ મહારાજ શ્રી રવિચંદ્રજી મહારાજ કૃત.
॥ શ્રી ચોવીશજિન સ્તવનાદી પ્રારંભ. ॥

અથ શ્રી જગડિયામંડન આદિજિન સ્તવન.

ગઝલ.

અધ્યાતમ રૂપના રામી, સહજ સુખના પ્રભુ સ્વામી, સદાનંદ શાંતિ વરનારા, અરજ આદિ જિણુંદ પ્યારા. ॥ ૧ ॥ નહી કાયા નહી માયા, પરમ નિજ રૂપને પાયા, અહિત દુઃખ દૂર કરનારા, અરજ આદિ જિણુંદ પ્યારા. ॥ ૨ ॥ નહી તન રાગ ને રોષા, ગયા દૂર અષ્ટ દશ દોષા, સકલ જગ શાંતિ કરનારા, અરજ આદિ જિણુંદ પ્યારા ॥ ૩ ॥ નથી આશા નથી પ્યાસા, કરી દૂરે તનુ વાસા, જરા નહિ જન્મ મરનારા. અરજ આદિ જિણુંદ પ્યારા ॥ ૪ ॥ રોકી ગતિ ચારના બારા, સદા શિવ સેજ સૂનારા, જગતના ખેલ જોનારા, અરજ આદિ જિણુંદ પ્યારા ॥ ૫ ॥ અનંત ગુણ જ્ઞાન ધરનારા, સર્વ સંતાપ હરનારા, પરમ નિજ રૂપ રમનારા, અરજ આદિ જિણુંદ પ્યારા ॥ ૬ ॥ સદા મુજ આપજો સેવા, તુમે તો દેવના દેવા, પલકમાં પાપ હરનારા, અરજ આદિ જિણુંદ પ્યારા ॥ ૭ ॥ જગડિયામાં જિણુંદ જોયા, દર્શ કરતાં દુરિત ખોયા. અગોચર અલખ અવતારા, અરજ આદિ જિણુંદ પ્યારા ॥ ૮ ॥ વૃષભ લંછન પદેં પ્યારા, સુરાસુર નાથ નમનારા, નમે અર્કેંદુ અણગારા, અરજ આદિ જિણુંદ પ્યારા ॥ ૯ ॥

॥ અથ શ્રી અજિતજિન સ્તવનં ॥

રાગ ભરથરી

દર્શન જ્ઞાન અનંતતા, અક્ષય ચરણ મહંતજી; અ-
વ્યાબાધ અનંત પ્રભુ, તુજગુણ અનંતાનંતજી ॥ ૧ ॥ અ-
જિત જિણંદ અવધારજો, સેવક જન અરદાસજી; ભવ ભય
પાસ છોડાવીને, દેજો અવિચલ વાસજી. અજિત૦ ॥ ૨ ॥ દાન
દયા સમતા મયી, નિજ ગુણ શાંતિ અનંતજી; આર્જવ
માર્દવ મુક્તિતા, ખંતિ ભાવ મહંતજી. અજિત૦ ॥ ૩ ॥
ક્ષાયિક ભાવે ગુણ સવે, સાદિ અનંત સ્વભાવજી; અકલંકી
તુજ આતમા, ભોકતા નહિ પરભાવજી. અજિત૦ ॥ ૪ ॥
તારક વારક મોહના, ધારક ધર્મ અનંતજી; જેહ જાણે તેહને
કરે, આપ સમો અરિહંતજી. અજિત૦ ॥ ૫ ॥ ઉંચા દેહરા
સર્વથી, અડિયા જઇ આકાશજી; દર્શન કરતાં દેવનાં, સફ-
લી સહુ મન આશજી. અજિત૦ ॥ ૬ ॥ તારંગે ત્રિભુવન
ધણી. બલવંત બીજા જિણંદજી; પૂરણ ભાગ્યે મે ભેટીયા,
મુખ પૂનમકો ચંદજી; અજિત૦ ॥ ૭ ॥ વિજયાનંદનવાલ-
હા, ઉતારો ભવપારજી; લેશ્યા નયનિધિ ચંદ્રમાં, પોષ તેરસ
રવિવારજી. અજિત. ॥ ૮ ॥

॥ અથ શ્રી સંભવજિન સ્તવનં ॥

વીર કને જઇ વસીએ૦ એ દેશી.

મૂરતિ મોહનગારી, જિણંદા તોરી મૂરતી મોહનગારી;
રાગદ્વેષ વિણ નિર્મલ કાયા, નિરખણ નયન લોભાયા, કામ

ક્રોધ મદ માન હરાયા, દેવ સકલ કે રાયા. જિણું૦ ।। ૧ ।। આધિ વ્યાધિ નહિ ઉપાધિ, સાધી અનંત સમાધી, માયા મમતા દૂરથી દાધી, યશ ગુણ વાડી વાધી. જિણું૦ ।। ૨ ।। પંચ પ્રમાદ વિષય ક્ષય કીના, પંચાશ્રવ કરી દીના, વંદક પૂજક પાવન કીના પરમાતમ પદ લીના. જિણું૦ ।। ૩ ।। અંતરયામી આતમરામી, ત્રિભુવન સ્વામી નામી, અજર અમર અવિનાશી કામી, સહજ મુક્તિ ગતિ ગામી. જિણું૦ ।।૪।। સંભવ જિનવર દેવ જીતારી, મોહ મહામલ્લ મારી, રવિ નમે દુઃખ દુરિત નિવારી, નામ તણી બલીહારી. જિણું૦ ।।૫।।

।। અથ શ્રી અભિનંદનજિન સ્તવનં ।।

રાગ પીલુ.

અભિનંદન જિન વંદન કીજે, આતમ નિર્મલ ભાવે ભરીજે. અ૦ મોહ મિથ્યાતકી નિંદમે સૂતો, કામ ક્રોધ કલિ કીચલ ખુતો. અ૦ ઉદ્ધત ઇંદ્રિય અશ્વ જોડાયો, આતમ રથ ઉન્માગેં ચડાયો. અ૦ ।। ૧ ।। નિજ આતમહી દુર્ગુણ દરિયો, તે નવિ દેખે અજ્ઞાને આવરિયો અ૦ નિજ ઘર છોડી પર ઘર જાવે, તસ ધન માલ સવી લુંટ જાવે. અ૦ ।।૨।। પરદૂષણ લેવામાં પ્રીતિ; શીખ્યો નહિ તેથી નિજ ગુણ નીતિ. અ૦ ઉપરથી બહુ ડોલ બતાયો, પણ અંતર નહિ અનુભવ આયો. અ૦ ।। ૩ ।। ઉપરથી બહુ સરલ દેખાયો, પણ અંતર ઈર્ષાભાવે ભરાયો. અ૦ ઉલટી કરણી બહુપરે કીધી, સદ્‌ગુરૂ શીખ હઇએં નવ લીધી. અ૦ ।। ૪ ।। બહુ દુઃખ દેખી ચરણે આયો, તુમ આણાશિર અધિક સોહાયો. અ૦ અવિચલ સુખ દેજો અવિનાશી, તિમિરારિ તુજચરણ વિલાસી. અ૦ ।। ૫ ।।

॥ અથ શ્રી સુમતિજિન સ્તવન ॥

(ગઝલ.)

સુમતિ જિન દેવના સ્વામી, નમું જિન આતમારામી, સરવ સુખ શાંતિ કરનારા, સુમતિ જિન સાંભળો પ્યારા. ॥ ૧ ॥ અચલ નિજ રૂપ શ્રી ધારી, અખિલ જગ વાસના વારી, અલખ ગુણ જ્ઞાન ધરનારા. સુમતિ૦ ॥ ૨ ॥ કરમ કાયા ત્યજી માયા, અજર અમરાતમા રાયા, સકલ ભય દોષ હરનારા. સુમતિ૦ ॥ ૩ ॥ કુરાગે દ્વેષ વશ પડિયો, વળી અભિમાનમાં અડિઓ, નપૂજ્યા પાપ હરનારા. સુમતિ૦ ॥ ૪ ॥ હૃદયમાં દોષ બહુ રાખી, ઉપરથી સત્યતા દાખી મલિન મનવૃત્તિ હરનારા સુમતિ૦ ॥ ૫ ॥ ઠગે પર તે ઠગે નિજને; નહીં શાંતિ પ્રભુ ભજને, અશાંતિ દોષ હરનારા. સુમતિ૦ ॥ ૬ ॥ ન એથી આતમા તાર્યો, ઉરે જગદિશ નહિ ધાર્યો, સુધારો મુજ કુવિચારા૦ સુમતિ૦ ॥ ૭ ॥ તલાળામાં ત્રિજગરાયા, પૂરણ પુન્યે દરશ પાયા, નિજાતમ ધર્મ ધરનારા. સુમતિ૦ ॥ ૮ ॥ દઈ સદ્‌બોધ સુખકારી, અભ્યંતર દોષ દુઃખવારી, કરો અર્કે હુ ભવપારા. સુમતિ૦ ॥ ૯ ॥

॥ અથ શ્રી પદ્મપ્રભુજિન સ્તવનં. ॥

(રાગ ધન્યાશ્રી.)

દુર્ગતિ દૂર નિવાર, જિણુંદા પ્યારા દુર્ગતિ દૂર નિવાર, હું સેવક તું નાથ નગીનો, સમરથ જગ સિરદાર. જિણુંદા પ્યારા૦ હું પરવશ નિજ શક્તિગમાવું, ફરિયો

ચઉગતિ બાર જિણુંદા. ॥ ૧ ॥ કર્મારિ જીતી જગ જીત્યા, અજર અમર અવતાર. જિણુંદા૦ હું અજ્ઞાની અવગુણ ભરિયેા, ભરિયેા કલેશ અપાર. જિણુંદા૦ ॥ ૨ ॥ નાણ દંસણ ક્ષાયિક તુંજનંતેા, આતમ શાંતિ શ્રીકાર. જિણુંદા૦ હું રાગદ્વેષ કષાયે ભરિયેા, તરિયેા ન તેણે સંસાર. જિણુંદા૦ ॥૩॥ તેં તેા ભવ બીજાંકુર બાળ્યા; રેાગ અનાદિવિકાર, જિણુંદા૦ હું જડચલ જગએઠ આસંગી, ઈંદ્રિય વિષય પ્રકાર. જિણુંદા૦ ॥૪॥ તું નિજ ગુણ ગણનંત વિલાસી, આતમ સુખ અવિકાર જિણુંદા. પદ્મપ્રભુ સવિ પાવન કરજો, રવિ મનેારથ માલ. જિણુંદા૦ ॥ ૫ ॥

અથ શ્રી માંડવગઢ મંડન સુપાર્શ્વજિન સ્તવનં.

માંડવગઢ મન મેાહિયુંરે લાલ, માલવદેશ મઝારરે સુપારસદેવ, વિકટ મારગ વસમેા ઘણેારે લાલ, ઉન્નત અતિ આકારરે સુપા૦ ॥ ૧ ॥ જીરણ પ્રાસાદ સુમંદિરેારે લાલ, શેાભા કહી નવ જાયરે સુપારસ દેવ, ભૂમિઘર બહુ ઠામ છે રે લાલ, દેખવાને દિલ થાયરે. સુપા૦ ॥૨॥ પઈઠ નૃપતિ કુલચંદલેારે લાલ, પૃથ્વી દેવિકેા નંદરે. સુપા૦ સપ્તમ જિનવર સાહિબેારે લાલ, ત્રિજગ નયનાનંદરે. સુપા૦ ॥૩॥ દૂરદેશથી હું આવિયેારે લાલ, ભેટવા શ્રી જિનરાજરે, સુપા૦ સમરણથી સુખ પામિયેરે લાલ, સીજે વંચ્છિત કાજરે સુપા૦ ॥ ૪ ॥ મનમેાહન મુનિરાજનારે લાલ, ભવિચકેાર મન ચંદરે સુપા૦ સ્વસ્તિક લંછન પાઉલેરે લાલ, દુર્ગતિવારકનંદ રે. સુપા૦ ॥૫॥ મુજ મન મંદિર વાસજો રે

લાલ, કરૂણા નજર કરી જોયરે સુપા૦ ભાવ ભક્તિવિણ ભાવનારે લાલ, ઈહાં આવે નહિ કોયરે સુપા૦ ॥ ૬ ॥ અમલનેર સંઘ સાથમાંરે લાલ, જાત્રા કરી જિનરાજરે સુપા૦ દર્શન કરતાં દિલ ઠર્યું રે લાલ, સફલ જનમ થયો આજરે. સુપા૦ ॥ ૭ ॥ સમિતિ ક્ષેત્ર નિધિ ચંદ્ર માંરે લાલ, ચૈત્ર ચતુરથી સારરે સુપા૦ પુરૂષોત્તમ પરમાતમારે લાલ, રવિ નમે કવિવાર* સુપા૦ ॥ ૮ ॥

॥ અથ શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવનં ॥

(રાગ રામગ્રી.)

ચંદ્રપ્રભુ મને તારજો, સુણ દેવાધિદેવ; પાપ હરણ પરમાતમા, કરતા સુરનર સેવ. ચંદ્રપ્રભુ. ॥ ૧ ॥ નંદન લક્ષ્મણા દેવીના, મહાસેન કુલચંદ; શ્વેત વરણ સમતા નિધિ, નિરખત નયનાનંદ. ચંદ્રપ્રભુ. ॥ ૨ ॥ બહુ ભવ ભટકી આવિયો, તુમ ચરણે જિનરાજ; ભવદવ તાપ મિટાવજો, મનમોહન મહારાજ. ચંદ્રપ્રભુ. ॥૩॥ અંતરયામી છો ઉરના સહુ, જાણો જગનાથ; દોષ અનાદિ નિવારજો, સાચા શિવપુર સાથ. ચંદ્રપ્રભુ. ॥ ૪ ॥ દોઢસેં ધનુષની દેહડી, શશી લંચ્છન પ્રભુપ્રાય, કેવલ કમલના ધણી, ત્રિભુવન જન સુખદાય. ચંદ્રપ્રભુ. ॥ ૫ ॥ મોહનગારા મેંથુણ્યા, જગ બંધવ જગદીશ બલિહારી પ્રભુ નામની, નમત રવિ દિનનિશ, ચંદ્રપ્રભુ. ॥ ૬ ॥

---

* શુક્રવાર.

॥ અથ શ્રી સુવિધિજિન સ્તવન ॥

(મહીઆરી રે મહીનું મૂલ બતાવો. એ દેશી)

સુવિધિ જિન રે સન્મુખ જોને સ્વામી, મુજ માંહે છે બહુ ખામી, હવે ચરણ તમારા પામીરે, પ્રભુ અરજ કરૂં શિર નામીરે, બહુકાલેરે આપ મલ્યા વિશ્રામી, શિવ સુંદરી સુખ રામી. સુવિધિ૦ ॥૧॥ પ્રભુ નેકનજરથી નિહાળોરે, નિજ સેવક પ્રીતિ સંભાળોરે, અંતરનીરે સુરતા તુમ શું લાગી, શુદ્ધ પ્રેમ દશા મુજ જાગી. સુવિધિ૦ ॥ ૨ ॥ ચકોર જુએ ચંદ રાગેરે, જલ ચાતક મેઘપેં માગેરે, જલધરનારે શબ્દે મયુરા નાચે, નિત ભ્રમર માલતી જાચે. સુવિધિ ॥ ૩ ॥ મુજ મનને અવર ન ભાવેરે, તુમ તોલે કોઇ ન આવેરે, પ્રભુ પ્યારારે નિશદીન ચરણેં રાખો, ભેદ છેદ કરી નાખો. સુવિધિ૦ ॥ ૪ ॥ કોઇ કોડી કપટ જો દાખેરે, મન મહારૂં તોય ન રાખેરે, તુમ ગુણ વનરે ભ્રમર થયો મન મહારો; પ્રભુ કૃપા કરી જટ તારો સુવિધિ૦ ॥ ૫ ॥ જયા દેવીનંદન પ્યારારે, પ્રભુ દેજો શુદ્ધ વિચારારે, નમે ચરણેરે અકેંદુ થઇ રાગી, અવિનાશી પદ રઢ લાગી. સુવિધિ૦ ॥ ૬ ॥

॥ અથ શ્રી શીતલજિન સ્તવન ॥

(તેરી શરણ મેં આય કે ફિર૦ એ દેશી.)

મુજે જિણંદા તુંહી હૈ પ્રભુ, તારનારા તુંહી હૈ, તારનારા તુંહી હૈ, મોહ વારનારા તુંહી હૈ, આપ કે સમ ઔર નહીં, દુનિયાં મેં દેખા કોઇ હૈ, વર

કલ્પતરૂ કુ છોડકે કોન, આક આવલ સેવ હૈ, મુજે જિ-
ણુંદા તુંહી હૈ પ્રભુ૦ ।। ૧ ।। પરમાતમા પૂરણ કૃપાલુ,
દેવકે તુંહીં દેવ હૈ, ક્ષાયિકભાવે નાણુ દંસણુ, ચરણુ ભાવ
અનંત હૈ, મુજે૦ ।। ૨ ।। નહીં રાગ કે નહિ દોષ હૈ
તન, કર્મ બંધન નષ્ટ હૈ, નહી જન્મ કે નહી મરણુ હૈ
તુજ, તુંહી જગકા ઇશ હૈ, મુંજે૦ ।। ૩ ।। દેવ દાનવ
ચરણુ પૂજે, સુરઅસુર કે નાથ હૈ, શ્રી વચ્છ લંચ્છન દેવ
શીતલ, નાથ જગ જન પૂજ્ય હૈ. મુજે૦ ।। ૪ ।। દીજે
દિલાસા ચરણુ આયે, મુકિત પંથ બતાય કે, શ્રી આતમ
શાંતિ અનૂપ યાચત, અકેંદુ ગુણુ ગાય કે. મુજે૦ ।।૫।।

।। અથ શ્રીશ્રેયાંશ જિનસ્તવન.

(રાગ કવાલી)

તેરાહી નામ લેનેસેં, મુજે આનંદ હોતા હૈ, તેરાહી
ધ્યાન કરનેસેં, મેરા મન શાંત હોતા હૈ. તેરાહી૦ ।।૧।।
તુંહી સબ જ્ઞાન કે ધરતા, તુંહી સબ દોષકે હરતા, ઓ-
રકા નામ લેનેસેં, મુજે નહીં પ્રેમ આતા હૈ, તેરાહી૦
।। ૨ ।। મીટા દો ગર્ભકી પીડા, ફિટા દો મોહકી ક્રીડા,
ભગા દો કર્મકા પેરા, મિટા દો જન્મકા ફેરા. તેરાહી૦
।। ૩ ।। તુંહી સુલતાન શાંતિકા, તુંહી હરનાર ભ્રાંતિકા,
તુંહી કરનાર ક્રાંતિકા, તુંહી ખમનાર ખાંતિકા. તેરાહી૦
।। ૪ ।। મેરાહી દિલ લગાતોસેં, કરૂં પૂજન તેરા હોંશે,
છોડા દો ખ્યાલ દુનિયાંકા, મિટા દો મોહ કુનિયાંકા.
તેરાહી૦ ।। ૫ ।। જિણુંદ શ્રેયાંસ તુંહી મેરા, કરો મન

મંદિરે ડેરા, તેરા અકેંદુ ગુણ ગાવે, ઓર નહીં કોઈ મન ભાવે. તેરાહી૦ ।। ૬ ।।

।। અથ શ્રીવાસુપૂજ્ય જિન સ્તવન ।।

(સોરઠ રાગ.)

વહાલા વાસુપૂજ્ય જિનરાજ સેવકને તારનેરે, પ્યારા પરમદયાળુ પાપ સકળ નિવારનેરે, કર્મ વૈરીકેડે બહુ પડિયા, ઘાટ ઘણા તેણે મુજ ઘડિયા, તે દુઃખથી પ્રભુ હવે મને છોડાવનેરે, વહાલા વાસુપૂજ્ય૦ ।। ૧ ।। નરક નિગોદે બહુ ફરી આયેા, સ્થાવર વિગલેંદ્રિય દુઃખ પાયેા, જન્મમરણ જંજાલ થકી ઉગારનેરે. વહાલા વાસુપૂજ્ય૦ ।। ૨ ।। બહુ ભવ ભટકી શરણે આવ્યેા, કાંઈક પૂન્ય પૂરવથી લાવ્યેા, મહેર કરી મહારાજ સદા સુખ આપનેરે, વહાલા વાસુપૂજ્ય૦ ।। ૩ ।। ધર્મ પ્રભુ તુજ લાગે મીઠેા, ભવ ભવમાંહિ તે નવ દીઠેા, આતમ અનુભવ તણી સડક દેખાડનેરે, વહાલા વાસુપૂજ્ય૦ ।। ૪ ।। અનુપમ નાણ દંસણ ગુણ દેનેા, નિશદિન મન મંદિરે રહેનેા, અકેંદુના વહાલા સંકટ વારનેરે, વહાલા વાસુપૂજ્ય૦ ।।પા।

।। અથ શ્રી વિમલજિન સ્તવન ।।

(વાસુપૂજ્ય વિલાસી ચંપાના વાસી—એ રાગ.)

શ્રી વિમલ વિલાસી, કંપીલપુરવાસી; છેા અવિનાશી અવધારેા અરદાસ, શિવપુરવાસી, દુઃકૃતવિનાશી, નિજ ઘરવાસી, પૂરેા અમારી આશ ।। ૧ ।। રાગી થઈ હું ચરણે આવ્યેા, જાણી દીન દયાલ, આપદ વારેા કાજ

સુધારો, જગ જંતુ પ્રતિપાલરે, શ્રી વિમલ વિલાસી૦ ॥ ૨ ॥ દુઃખ દીઠાં બહુદેવ દયાલુ, ફરતાં ચઉગતિ ચોક, તુમ સરિખો કોઇ નવ દીઠો, જેહ ટાલે ભવશોકરે, શ્રી વિમલ વિલાસી૦ ॥ ૩ ॥ નાણ અનંતુ ક્ષાયિક ભાવે, કેવલ દર્શ મહંત, અવ્યાબાધ અનંત વિલાસી, પરમ સમાધિવંત રે, શ્રી વિમલ૦ ॥ ૪ ॥ આશ્રિતને નિરાશ ન કીજે, દીજે દરિસન રાજ, લીધા વિના નહીં છોડું કૃપાલુ, વારો અંતર દાઝ રે. શ્રી વિમલ૦ ॥ ૫ ॥ ત્રિભુવન તારક બિરૂદ ધરાવો, સહુનાં સુધારો કાજ, ચરણ નમે અકેંદુ રૂપાળા, તમે મહોટા મહારાજરે, શ્રી વિમલ૦ ॥ ૬ ॥

॥ અથ શ્રી અનંતજિન સ્તવન ॥

(નમિયે નમાવી શીર–એ રાગ.)

પૂજિયે પાવન પદ અનંત જિણંદા, (૨) અકલ ગતિ છે તહારી, મૂરતિ મોહનગારી, તારે બહુ નરનારી, સિંહસેન નંદા. પૂજિયે૦ ॥ ૧ ॥ જન્મ મરણ ભારી, દુઃખ દીયે વારી વારી, કર્મ નિવારી આપો, નિજ સુખ-કંદા. પૂજિયે૦ ॥ ૨ ॥ ચંદન ચડાવું ઘસી, મન વચ તનુલ્લસી, શુભ ધ્યાન કરી અસી, તોડિયેં દુઃફંદા. પૂજિયેં૦ ॥ ૩ ॥ પદ પૂજુ ગુણે રમી, કામ ક્રોધ મોહ સમી, સ્તુતિ કરૂં નિત્ય નમી. જિનવરચંદા. પૂજિયે૦ ॥ ૪ ॥ નિરંજન નાથ મારા, કરોદુઃખ દૂરે પ્યારા, પરમ પ્રીતિના કયારા, નમે અકેંદુ પૂજિયે મ ૫ ॥

॥ અથ શ્રી ધર્મ જિન સ્તવન ॥

(રાગ સોરઠ.)

વહાલા ધર્મ જિનેશ્વર કષ્ટ અનાદિ વારજોરે, પ્યારા પા-
રંગત પ્રભુ પરમાતમ પદ આપજો રે વહાલા. ત્રણ વૈરી કેડે
મુજ વલગ્યા, મહેર કરી કીજે પ્રભુ અલગા, દયા ઉરધારી
નરક નિગોદ નિવારજો રે. વહાલા૦ ॥ ૧ ॥ દુરમતિ દૂતી
પાસેં પડિયેા, દુઃખ સંસારે બહુ રડવડીયેા વિનતિ સુણી
મુજ વિઘ્ન કટક સંહારજો રે. વહાલા૦ ॥ ૨ ॥ રાગદ્વેષ આણે
હું ફસિયેા, રતિ અરતિ ડાકણ બિહું ડસીયેા, સુમતિ આપી
પ્રભુ મુજ જન્મ સુધારજોરે. વહાલા૦ ॥૩॥ આશ કરી આવ્યેા
પ્રભુ ચરણે, રાખેા મુજને ભવભવ શરણે, મન મેાહન
મહારાજ પરમપદ આપજોરે. વહાલા૦ ॥ ૪ ॥ અમૃત સમ
દર્શન તુજ દીઠાં, ધર્મ પ્રભુ મન લાગે મીઠાં, જગ વચ્છલ
જિનરાજ રવિને તારજોરે. વહાલા૦ ॥ ૫ ॥

॥ અથ શ્રી શાંતિ જિન સ્તવન ॥

(રાગ સિંહાનો કનરેા)

આજ સફલ દિન સફલ ઘડી મારી, શાંતિ જિણંદ દેખી
મૂરતિ તારી.. આ૦ શાંતિ શાંતિ કરણ દયાલુ, ત્રિભુવન
કીરતિ રાજ તુમારી. આજ૦ ॥ ૧ ॥ ચરણે આવ્યેા કષ્ટ
નિવારેા, નિસુણી તારક બિરૂદ તુમારેા. આજ૦ જન્મ જરા
દુઃખ સર્વ નિવારેા, પરમદયાલુ પાર ઉતારેા. આજ૦ ॥ ૨ ॥
પ્યારા પાતક પ્હાડ નિવારેા, સેવક જાણી કાજ સુધારેા. આજ૦
પરવસતા પ્રભુ સંકટ વારેા, કરૂણા કરી મુજ જન્મ સુધારેા.

આજ૦ ।। ૩ ।। અર્થી યાચક વંચ્છીત પામે, વંદક પૂજક વિઘ્ન નિવારી. આજ૦ પરદુઃખ ભંજક પ્યારી પ્રતિમા, કરજો દુર્ગત્તિ દૂર જિતારી. આજ૦ ।। ૪ ।। અચિરા નંદન વંદન મ્હારાં, લેજો ચરણમાં નાથ તમારા. આજ૦ મૃગલંચ્છન પદ સ્થિરતા ધારી; વાર નમે અકેં હુ હજારી. આજ૦ ।। ૫ ।।

।। અથ શ્રી કુંથુ જિન સ્તવન ।।

(રાગ ભરથરી)

કુંથુ પ્રભુ કરૂણા પતિ, દુર્ગતિ ભંજન હારજી, નરક નિગોદના દુઃખ થકી, ઉગારો જગ સારજી૦ કુંથુ પ્રભુ૦ ।। ૧ ।। જન્મ જરા દુઃખ મરણના, દીઠા દેવ અનંતજી, સાહિબ શરણે આવિયો, દીન દયાલુ ભદંતજી૦ કુંથુ૦ ।। ૨ ।। મોહ મિથ્યા તે મને હણ્યો, દીધું દુર્મતિ દાનજી, અવલો નાચ નચાવિયો, ભૂલાવી નિજ ભાનજી૦ કુંથુ ।। ૩ ।। લુંટારા જગ બહુ જણા, આપે અવલી શીખજી, અલ્પમતિ મુંઝે ઘણા, શરણું નહી કોઇ દેખજી૦ કુંથુ૦ ।। ૪ ।। કૃપા રસ ભરી મૂરતિ, દેવ સકલ સિરદારજી, સત્તરમા સુખ આપજો, શ્રી જિન રવિના આધારજી૦ કુંથુ ।। ૫ ।।

।। અથ શ્રી અરજિન સ્તવન.

(જિનરાજા તાજા મલ્લિ. એ દેશી.)

શ્રી અરજિન વરશું, પ્રીતિ કરૂં રે સાચા ભાવશું, કોઇક રાગી દ્વેશી દેવા, લોભી લંપટ ગાવે, કોઇક મદ માયામાં ભરિયા, મુજ મન તે નવ ભાવે હો૦ શ્રી અર૦

॥ ૧ ॥ અંતરયામી તું અલવેસર, સુરનર પૂજિત પાયા, પરમ કૃપાલુ ત્રિજગ બંધવ, સખ દેવનકે રાયાહો૦ શ્રી અરજિન૦ ॥ ૨ ॥ અતુલીબલ સમતારસ ભરિયા, દેવકી નંદનરાયા, નંદાવર્ત લંચ્છન રહે ચરણે, સેવક જન સુખ દાયા અર૦ ॥ ૩ ॥ કર્મ અનાદિ કેડે ફરતા, બહુ દુઃખ દેવે પ્યારા, રાગ દ્વેષ મુજ રંક બનાવ્યેા, નિજ સત્તા ક્ષયકારા, હેા શ્રી અર૦ ॥ ૪ ॥ જન્મ જરા ભવ ભ્રમણ નિવારી, આપ થયા સિદ્ધરાજા, અમને પણ આશા છે મેાટી, પૂરણ કરજો રાજા હેા શ્રી અર૦ ॥ ૫ ॥ ગજપુર નયરી પાવનકારી, સુદર્શન નૃપનંદા, અકે હુ પ્રેમે પદ પ્રણમે, અઢારમા જિનચંદા હેા શ્રી અર૦ ॥ ૬ ॥

॥ અથ શ્રી મલ્લિજિન સ્તવન. ॥

(રાગ ગઝલ.)

નમું પ્રીતે પ્રભુ પ્યારા, ત્રિજગ સંતાપ હરનારા, અનંતા સુખ વરનારા પ્રભુમલ્લિ મનેાહારા ॥ ૧ ॥ મુનિજન યેાગીયે ધ્યાયા, સુરાસુર નરવરે ગાયા, કરમ કાયાથકી ન્યારા, પ્રભુમલ્લિ મનેાહારા. ॥ ૨ ॥ સુરત તુજ શાંતિ કરનારી, અનાદિ દેાષ હરનારી, દશે દુઃખ દૂર કરનારા. પ્રભુમલ્લિ. ॥ ૩ ॥ સદા હું અલ્પ સુખ રાચ્યેા, મદનના મેાહમાં નાચ્યેા, પ્રભુ સહુ દેાષથી ન્યારા. પ્રભુ-મલ્લિ. ॥ ૪ ॥ સહસ અડ લક્ષણે શેાભે, તનું સુરનારી ચિત્ત થેાભે. અહિત દુખ તીન હરનારા. પ્રભુમલ્લિ૦ ॥૫॥ પ્રભાવતી પુત્રજગ દેવા, સદા ચાહું ચરણ સેવા, અ-

મર અજરાતમ સુખકારા. પ્રભુ મલ્લિ૦ ।। ૬ ।। જિતારિ કુંભકુલચંદા, નમે અકેંદુ જિનચંદા, તમે મુજ એક છો પ્યારા. પ્રભુમલ્લિ૦ ।। ૭ ।।

।। અથ શ્રી મુનિસુવ્રત સ્તવન. ।।

(રાગ બનજારો)

મુનિસુવ્રત જિન મનહારા, દેજો નિજ દર્શન પ્યારાં, સુમિત્ર તાત જિનરાયા, શુભ કંચન વરણી કાયા, કચ્છપ લંચ્છન પદ પ્યારા, મુનિસુવ્રત જિન મનહારા, ।। ૧ ।। નહી કર્મ વળી નહી કાયા, પદ્માવતી દેવીના જાયા, પ્રભુ પાપ તાપ હરનારા, મુનીસુવ્રત જિન મનહારા. ।। ૨ ।। તુજ દર્શન મુજ મન પ્યારાં, દુઃખ જન્મ મરણ હરનારાં, તુંહી ત્રિભુવન તારણહારા, મુનિસુવ્રત જિન. ।। ૩ ।। જિન ધર્મ વિના દુઃખ પાયા, ચઉ ગતિના ચોક ફરાયા, લહી પુન્યે નર અવતારા, મુનિસુવ્રત. ।। ૪ ।। પ્રભુ હાથ હવે મુજ ઝાલો, દુર્ગતિનાં દુઃખો ટાળો, તારો મન મોહનગારા. મુનિસુવ્રત. ।। ૫ ।। શ્રી વીશમા જિનવર રાયા, પુન્યે તુજ દર્શન પાયા, નમે અકેંદુ અણુગારા. મુનિસુવ્રત. ।। ૬ ।।

અથ શ્રી એકવીશમા શ્રી નમિજિન સ્તવન.

(જરી સામુ જુઓ શ્રી મહાવીર—એ રાગ.)

વહાલા વારે આવો શ્રી નમિદયાલ હો શિખર ગિરિવાસી રે વહાલા૦ જન્મ મરણ દુઃખ સહિયાં, તે તો

ન જાય કહિયાં, વેદન પામ્યેા કેઇવાર કેઇ કરરરરર રે વહાલા૦ ।। ૧ ।। ગર્ભાવાસે બહુ રમિયેા, સ્થાવર વિગલેંદ્રિ થઇયેા, છેદન ભેદન દુઃખડાં ટાલ ટાલ ટરરરરર રે વહાલા૦ ।। ૨ ।। નિજ ગુણ રમણીનારામી. અવિચલ આતમ સ્વામી, તારેા વારેા ચઉગતિ ચાલ ચાલ ચરરરરર રે વહાલા૦ ।। ૩ ।। નરકગતિ નિઃવારેા, જ્યાં દુઃખ અપરમપારેા, પરમાધામી મારે માર માર મરરરરર રે. વહાલા. ।। ૪ ।। મેાહન મનહારા પ્યારા, નેાધારાના આધારા, આપદ પાર ઉતાર તાર તરરરરર રે વહાલા૦ ।। ૫ ।। અંતરયામી જગનામી, સહજે શિવપુરના સ્વામી, અકેંદુનાં વંચ્છિત પાલ પાલ પરરરરર રે વહાલા૦ ।। ૬ ।।

।। અથ શ્રી નેમિજિન સ્તવન ।।

(રાગ કવ્વાલી.)

તુંહી સબ જ્ઞાન ધરનારે, તુંહી સબ પાપ હરનારે; તુંહી જગ તાર તરનારે, તુંહી મુજ નેમિજિન પ્યારે. ।। ૧ ।। પરમ મુજ પ્રીત કે કયારે, સભી જગજેલસેં ન્યારે; છુટા દેા કલેશ દુઃખ સારે, તુંહીં મુજ નેમિજિન પ્યારે ।। ૨ ।। મનેાહર મૂરતિ તેરી, હરલીની સુરતા મેરી; મિટાદેા ચઉગતિ બારે, તુંહીં મુજ. ।। ૩ ।। તુંહીં મુજ પ્રાણ આધારે, તુંહીં સબશાંતિ કરનારે; તુંહીં તનતાપ હરનારે, તુંહીં મુજ. ।। ૪ ।। હૃદયઘટ તુંહી રમનારે, અનાદિ દર્દ હરનારે; પ્રભુ તુજ તાન મિલનારે. તુંહીં૦ ।। ૫ ।। શિવાદેવી તણા નંદન, ગિરિ ગિરનાર કે મંડન;

જદુપતિ જગત દુઃખહારે. તુંહીં મુજ. ॥ ૬ ॥ સમુદ્ર-
ભૂપાલના નંદા, કટા સબ કર્મ કે ફંદા; નમે અકેંદુ
મન હારે. તુંહીં મુજ. ॥ ૭ ॥

॥ અથ શ્રી પાર્શ્વજિન સ્તવન. ॥

(રાગ–ગઝલ કવ્વાલી.)

અનાદિ કાલસેં દુઃખિયેા, કરી કરૂણા કરેા સુખિયેા;
દુરિત દુઃખ દૂર કરનારા, મુજેં શ્રી પાર્શ્વજિન પ્યારા.
॥ ૧ ॥ કરી પરપ્રાનની હાની, સુનિ નહિ સદ્‌ગુરૂ વાની;
જપી ન જિન નામની માલા, મુજેં શ્રી પાર્શ્વજિન પ્યારા.
॥ ૨ ॥ કરી ચેારી અને દારી, લવી જીહું ધરમહારી;
રહ્યો નરકે બહુ કાલા, મુજે શ્રી પાર્શ્વ. ॥ ૩ ॥ ક્રેાધા-
દિક ચેાર વશ પડિયેા, વિષય સુખપાસમાં અડિયેા; ગયા
નર જન્મ અવતારા, મુજેં શ્રી પાર્શ્વ. ॥ ૪ ॥ મમતમાં
માનખેા ખેાયેા, પછી નરકે જઈ રેાયેા; ન સેવ્યા શાંતિ
કરનારા, મુજેં શ્રી પાર્શ્વ. ॥ ૫ ॥ હવે છે આશરેા તારેા,
પ્રભુજી પાર ઉતારેા; શ્યામલિયા સુંદરાકારા. મુજેં શ્રી
પાર્શ્વ. ॥ ૬ ॥ પુરી ભદ્રાવતી રાયા; પૂરણ પુન્યે દરશ
પાયા, સુધારેા મનુજ અવતારા. મુજેં શ્રી પાર્શ્વ, ॥૭॥
મહાવીર વેદ યુગ શરણા, નયન શુભ વર્ષ દુઃખ હરણા,
શુકલ વૈશાક કવિવારા, મુજેં શ્રી પાર્શ્વ ॥ ૮ ॥ વિન-
તિવામા તનય ધરજો, સહુ સંકટ દુરે કરજો, નમે અકેંદુ
અણુગારા. મુજેં શ્રી પાર્શ્વ૦ ॥ ૯ ॥

॥ અથ શ્રી વીરજિન સ્તવન ॥

(રાગ-ગઝલ કવ્વાલી.)

પરમ નિજ ધર્મ ધરનારા, જગત તારીજ તરનારાં, શરણુગત શાંત કરનારા, મુજે મહાવીર જિન પ્યારા. ॥ ૧ ॥ સકલ જગ જેલથી ન્યારા, પતિત પર પ્રેમ કરનારા, અનાદિ દોષ હરનારા, મુજે મહાવીર જિન પ્યારા. ॥ ૨ ॥ અઢારે દોષથી ન્યારા, ગુણો નિજ આઠ ધરનારા, સુજ્યોતે જ્યોત મલનારા, મુજે મહાવીર૦ ॥ ૩ ॥ પ્રવર નિજ બોધ કરનારા, ભ્રમિત ભવ દોષ હરનારા; નયન નિજ દિવ્ય દેનારા, મુજે મહાવીર૦ ॥ ૪ ॥ મદનનો મોહ હરનારા, અમરપદ વાસ કરનારા, અચલ અવિનાશ પદ ધારા, મુજે મહાવીર૦ ॥ ૫ ॥ ત્રિશલા સુત દેવના દેવા, ચરણકજ આપને સેવા, સુવનવન દેહ સુખકારા, મુજે મહાવીર૦ ॥ ૬ ॥ અમલ અવિકારી અઘહારા, મૃગાધિપરાજ પદ ચારા, દેહી આતમ ગુણ ધારા, મુજે મહાવીર૦ ॥ ૭ ॥ અગમ અજ અલખ્ખ અવતારા, અજર અમરાત્મ જયકારા, નિવારો દુષ્ટ સંસારા, મુજે મહાવીર૦ ॥ ૮ ॥ બંદર ગંધાર સુખદાયા, પ્રભુ-ચોવીશમાં રાયા, અરજ અર્કે હુ સુણુનારા, મુજે મહાવીર૦ ॥ ૯ ॥

॥ અથ શ્રી અંતરિક્ષપાર્શ્વનાથનું સ્તવનં ॥

રાગ કલ્યાણ.

શ્રી જિનેશ્વરા અંતરિક્ષ ભય હરા, સાચી ભક્તિ આપજો સદાય સુખ કરા ॥ દૂર દેશ સુણી આવ્યો સાહિબ ભય ભંજન ભગવાન, દર્શન કરવા દેવ દયાળુ ॥ હર્ષ ધરી બહુમાન ॥ શ્રી જિનેશ્વરા૦ ॥ ૧ ॥ અંતરજામી આતમરામી ત્રેવીશના જિનરાજ ॥ પૂરણ કીધા આજ મનોરથ, સિધ્યા સઘળાં કાજ ॥ શ્રી જિનેશ્વરા૦ ॥ ૨ ॥ વામાનંદન પ્યારા પ્રભુજી પરમ કૃપાલુ દેવ ॥ શ્યામળીઆ મુજ સંકટ હરજો, આપી સુખકર સેવ ॥ શ્રી જિનેશ્વરા૦ ॥ ૩ ॥ એલચપુર નૃપના દુઃખ કાપ્યા, કોઢ રોગ કરી નાશ ॥ પ્રગટ થઇને પાવન કીધો પૂરી મનની આશ ॥ શ્રી જીનેશ્વરા૦ ॥ ૪ ॥ તીન રૂપ ત્રિકાલેં દીસેં, અતિશય વંત ઉદાર ॥ મોહન મૂરતિ મહિમા મંદિર, સેવક જન આધાર ॥ શ્રી જિનેશ્વરા૦ ॥૬॥ સંવત્ ઓગણીશ ચમોતેર વર્ષે માઘમાસમાં સાર ॥ સંઘ સહિત શ્રી જિનવર ભેટયા, અહિ લંછન અઘહાર ॥ શ્રી જિનેશ્વરા૦ ॥ ૭ ॥ કામિત પૂરણ કલ્પતરૂ જગ, હરજો દુઃખ જંજાળ ॥ દર્શનથી રવિ બહુ સુખ પામે, પારસદેવ દયાલ ॥ શ્રી જિનેશ્વરા૦ ॥ ૮ ॥

॥ अथ श्री सिद्धाचलमंडन आदिजिन स्तवनं ॥

રાગ કવ્વાલી.

નમો શ્રી નાભિકે નંદન, વિમલ ગિરિરાજ કે મં-ડન. નમો૦ જુઠા સબ ખ્યાલ દુનિયાકા, જુઠા સબ સ્નેહ-પરિ જનકા, સચ્ચા ગુરૂ દેવકા પૂજન, નમો શ્રી નાભિકે નંદન ॥ ૧ ॥ કર્મવશ બહુત દુઃખ પાયા, જન્મ જરા મરન કરવાયા, છુટાદો મોહકા બંધન, નમો શ્રી૦ ॥૨॥ તુંહી મુજ એક પ્યારા હૈ, જગત જંજાલ ન્યારા હૈ, મિ-ટાદો કર્મ કે ફંદન. નમો શ્રી૦ ॥ ૩ ॥ પ્રભુ મરૂદેવીકે નંદન, ચડાવું શુભ ચુવા ચંદન; કરૂં નિત્ય ચરનમે વં-દન. નમો શ્રી૦ ॥ ૪ ॥ પ્રભુ તુમ નામ પ્યારા હૈ, મગર સંસાર ખારા હૈ, નમે અર્કેંદુ શિવ મંડન. નમો શ્રી૦ ॥૫॥

॥ अथ श्री आदिजिन स्तवनं ॥

(સિદ્ધાચલથી મન મોહ્યું રે, મને ગમે ન બીજે કયાંય—એ રાગમાં.)

આદિજિણુંદ પ્રભુ પ્યારારે, આ સેવકની અરદાસ, આ સેવકની અરદાસ, હાંરે પૂરો વંચ્છિત આશ, આદિ જિણુંદ પ્રભુ પ્યારારે, આ સેવકની અરદાસ. એ આંકણી. હું ભવદુઃખથી છું ભરિયેા, આપદ સંકટ કેરેા દરિયેા; મુજથી નવી જાય તરિયેા, આલસ અંગે આચરિયેા રે. આ સેવકની૦ ॥ ૧ ॥ મદ ક્રોધ લેાભ માયા, અધ્યાત્મ દેાષ કહાયા; મુજ આતમ ગુણ ઓલવાયા, અંધકાર

અંતર આયા રે. આ સેવકની૦ ।।૨।। ભવ ભટકી ભટકી આયેા, મેં શરણુ તુમારેા પાયેા; તું દયાનિધિ કહાયેા, કરૂણાવંત સવાયેા રે. આ સેવકની૦ ।। ૩ ।। ભવ ભયનાં દુઃખડાં કાપે, તું અનુભવ રત્નને આપે; નિજ સ્વરૂપમાં સ્થિર સ્થાપે, તુજ વાણી સદા વ્યાપે રે. આ સેવકની૦ ।। ૪ ।। પ્રભુ ધ્યાન સદા સુખકારી, દૂર થાય વૃત્તિ વિકારી, રવિચંદ્રગુરૂ હિતકારી, કર્પૂર લહે ભવપારી રે. આ સેવકની૦ ।। ૫ ।।

શ્રી અજિતજિન સ્તવન.

(ધન ધન વેા જગમેં નરનાર, વિમલાચલકે જાનેવાલે—એ રાગ૦)

શ્રી અજિતનાથ મહારાજ, મ્હારાં સહેજે સુધારેા કાજ, હું અજ્ઞાને અલ્પ બુદ્ધિથી, રમ્યેા કુમતિ સંગ; સત્યાસત્ય ન જાણ્યું જેથી, થયેા ન ભ્રમણા ભંગ. શ્રી અજીતનાથ૦ ।। ૧ ।। સદ્‌ગુરૂનેા સંગ ન કીધેા, સ્વચ્છંદમાં રહ્યો લીન; વીર્યશકિત ઉલટી ચાલી, થઈ રહ્યેા છું દીન. શ્રી અજીતનાથ૦ ।। ૨ ।। અવિવેકમાંહિ આથડીયેા, ભાન ન રહ્યું ભગવાન; અધીરજથી આકુલ બનીઓ, શુભમતિ નાવિ સાન. શ્રી અજીતનાથ૦ ।। ૩ ।। તુજ મારગથી ઉલટેા ચાલી, ખાલી થયેા હેવાન; ચાર ગતિના ચેાકમાં, ચડિયેા ચક્કર તાન. શ્રી અજીતનાથ૦ ।। ૪ ।। તું અવિનાશી અકળ સ્વરૂપી, ચિદાનંદ અરિહંત; ધ્યાનનિધિ નિજ સેવક જાણી, આપેા સન્મતિ સંત. શ્રી અ-

જીતનાથ૦ ।। ૫ ।। સન્મુખ સ્થાપો વિવેક આપો, એહિજ છે અરદાસ; ઉપાધ્યાય રવિચંદ્રનો, કર્પૂર સદ્‌ગુરૂ દાસ. શ્રી અજીતનાથ૦ ।। ૬ ।।

શ્રી સંભવજિન સ્તવન.

(મહીયારીરે મહીનુ મૂલ બતાવો—એ રાગ.)

સંભવજિન રે સનમુખ રહોને સ્વામી, હું થયો છું તુજ ગુણ કામી; કિંકર નિરાશ ન કીજે રે; આશ્રય આશ્રિતને દીજે રે, શું કારણ રે સ્વામી મુને તરસાવો, કૃપાદૃષ્ટિ વરસાવો. સંભવજિનરે૦ ।। ૧ ।। હું નિગોદના દુઃખ પામ્યો રે, સ્થાવર વિકલેંદ્રીમાં જામ્યો રે; અજ્ઞાને રે કાળ બહુ ગયો મારો, શુદ્ધ પંથ મળ્યો છે તુમારો. સંભવજિનરે૦ ।। ૨ ।। હું રાગી થઇને આવ્યો રે, તું નિશ્ચય મનને ભાવ્યો રે; અંતરમાંરે કામણ શું તમે કીધું, મમ ચિતડું ચોરી લીધું. સંભવજિનરે૦ ।। ૩ ।। પ્રભુ થયો છું તુજ ગુણ રાગી રે, લઉં નિશદિન સેવા માગી રે; તુજ ગુણમાં રે રમણ કરીશ રતિ આણી, તું છો પ્રભુ કેવળનાણી. સંભવજિનરે૦ ।। ૪ ।। વિષયાસકિત હવે નાઠી રે, જે હતી અનાદિની માઠી રે; તુજ શરણથીરે, ભકિતમાંહે રમશું, નહીં દુરજનિયાથી ડરશું. સંભવજિનરે. ।। ૫ ।। સદ્‌ગુરૂના શબ્દથી જાણ્યો રે, તુજને ગુણથી પિછાણ્યો રે; ઉપાધ્યાય રે રવિચંદ્ર મુજ પ્યારો, તુમ ગુણથી કર્પુર ન ન્યારો. સંભવજિનરે૦ ।। ૬ ।।

શ્રી અભિનંદન જિન સ્તવન

(વહાલા વીર જીનેશ્વર જન્મ જરા નિવારજોરે, એ રાગ.)

મારા પ્રાણથી પ્યારા પ્રભુજી મુજને તારજો રે, દીના નાથ દયાલ પ્રીતમ ન વિસારજો રે; મારા પ્રાણથી પ્યારા૦ ભ્રમણાથી હું ભૂલો પડીઓ, માર્ગ ન સાચો તેથી જડીઓ, દયાનિધિ છો દેવ વાટ દેખાડજો રે. મ્હારા૦ ॥ ૧ ॥ કુમતિને સુમતિ કરી જાણી, સંત ચરણમાં વૃત્તિ ન આણી, નાથ નિરંજન કૃપા સદાય વધારજો રે, મારા પ્રાણથી૦ ॥ ૨ ॥ સાધન કરતાં કરતાં થાકયો, સ્વચ્છંદમાં હું થયો જ પાકો, સદ્‌ગુરૂ ઉપર શ્રદ્ધા મુજને આપજો રે, મારા પ્રાણથી૦ ॥ ૩ ॥ કષાયના કૂપમાં હું પડીઓ, રાગ દ્વેશ ભૂતે આથડીઓ, પ્રભુજી મહેર કરીને મારી વારે આવજો રે, મારા પ્રાણથી૦ ॥ ૪ ॥ શરણ તમારૂં લીધું સ્વામી, ભકિતમાં નહી રાખું ખામી; ત્રિવિધ તાપથી વહેલા વિભુ ઉદ્ધારજો રે. મારા પ્રાણથી૦ ॥ ૫ ॥ આજ મનોરથ મારો ફળીયો, પરમનાથ નિરંજન મળીયો; અનંત અવ્યાબાધ સુખમાં રાખજો રે. મારા પ્રાણથી૦ ॥ ॥ ૬ ॥ તું છો સાહેબ સાચો મારો, તુજ વિના નથી કોઈ આરો; સેવક કેરી સેવા ચરણે ધારજો રે. મારા પ્રાણથી૦ ॥ ૭ ॥ અભિનંદન પ્રભુ જગદાનંદન, નિત નિત ઉઠી કરૂં તુજ વંદન, શિષ્ય કર્પુર અકેં હુ કેરો નમેરે. મારા પ્રાણથી૦ ॥ ૮ ॥

શ્રી સુમતિ જિન સ્તવન.

(વાસુપૂજ્ય વિલાસી ચંપાના વાસી, એ રાગમાં)

સુમતિ જિન સ્વામી, છો નિષ્કામી; કર્મને વામી, મોક્ષના ગામી; આપ થયા જિનરાજ. સદા વિશ્રામિ, અવિચલ ધામી, પૂર્ણતા પામી શિવના સ્વામી, આપ થયા જિનરાજ. મોહરાયને મારી હઠાવ્યો, રાગાદિ પૂર્ણ નિરાશ; નામ અરિહંત સીદ્ધ કર્યું, પ્રભુ આપ થયા અવિનાશ. સુમતિજિન. ॥ ૧ ॥ ક્રોધને કાટયો, માનને માર્યો, માયાને દીધો માર; લોભ બિચારો આધો ભાગ્યો, નવનો કર્યો સંહાર. સુમતિજિન૦ ॥ ૨ ॥ ત્રણ અવસ્થા ત્યાગીને વલી, ચોથી શું કીધો નેહ; નિજ સ્વરૂપમાં રમણ કરો છો, અજ્ઞાનનો કર્યો છેહ. સુમતિજિન૦ ॥ ૩ ॥ દાનાદિ ચતુષ્ક સ્વવશ કીધા, નિજ અનાદિનાં જેહ; આવર્ણ મારાં ધ્વંસ કરો હવે, પ્રગટાવો મુજ તેહ. સુમતિજિન૦ ॥૪॥ કામ સુભટને તુંમે કાઢયો, નિજગુણ કામી આપ, ક્રૂર થઇ મુજને સંતાપે, ખવરાવે છે ભૂલ થાપ. સુમતિજિન૦ ॥ ૫ ॥ શુદ્ધ સ્વરૂપે શરણ છે તારૂં, તું છો તારણહાર; ભગવાન મારી ભૂલ ભુલીને, કરજો સેવક ઉદ્ધાર. સુમતિ-જિન૦ ॥ ૬ ॥ સદ્‌ગુરૂ સંગે તુજને પીછાણ્યોરે, મારો તુંહી છો નાથ; વાચક અર્કેંદુનો બાલક, કર્પુર થયો સનાથ. સુમતિજિન૦ ॥ ૭ ॥

॥ શ્રી શાંતિજિન સ્તવનં. ॥

(મુસાફર જીવડા, કાયાનો મહેલ નથી તારો એ-રાગ.)

શાંતિજીન પ્રભુજી શાંતિ સ્વરૂપ મને આપો, તાપ ત્રિવિધના કાપોરે, શાંતિજીન પ્રભુજી શાંતિ સ્વરૂપ મને આપો. આંક૦ વિભાવ દિશામાં વિવેક ન આણ્યો, ભૂલ્યો છું ભ્રમણા માંહિ, સત્ય સુધારસ તેથી નચાખ્યો, સદ્‌ગુરૂ સંગ ન સોહાયોરે. શાંતિજીન૦ ॥ ૧ ॥ બાહ્ય પ્રવૃત્તિમાં બહુ બંધાયો, અંતર દૃષ્ટિ ન રાખી, ધમા ધુમમાં ધર્મ માનીને, શુદ્ધ ક્રિયા નવિ ચાખીરે. શાંતિજીન૦ ॥ ૨ ॥ નિત્ય વસ્તુનો નામ ન જાણ્યું, નાશવંત નિત્ય માન્યો; રાગ દ્વેષને રંગે રંગાયો, તુજ સ્વરૂપ ન પિછાણ્યોરે. શાંતિજીન૦ ॥ ૩ ॥ ત્યાગ વૈરાગ્યને વ્રત પચ્ચખાણનો મૂલ મર્મ નવિ લાધો, અજ્ઞાને અંધ થઇને ભૂલ્યો, ક્રોધ અગ્નિ માંહિ દાધોરે. શાંતિજીન૦ ॥ ૪ ॥ હૃદયના વાસી પ્રભુ રટણ કરૂ છું, એક આધાર છે તારો, દાસ ભાવથી ચરણ સેવાની, હોંશે રમે છે હૈયું મારૂંરે. શાંતિજીન૦ ॥ ૫ ॥ શરણ તારામાં આવ્યો છું સાહેબ, હું સેવક તું સ્વામી, વાચક રવિચંદ્રનો બાલક, કર્પૂર કહે શીરનામીરે. શાંતિજીન૦ ॥ ૬ ॥

॥ શ્રી કુંથુંજિન સ્તવનં ॥

(રાગ ચોપાઇની દેશી.)

કુંથું જિણંદ પ્રભુ કુંથું નાથ, શિવપુર માર્ગ તું છો સાથ, તુંજ સ્વરૂપથી મુક્તિ મલે, અલિય વિઘ્ન સવિ દૂરે ટલે. કુંથું જિણંદ૦ ॥ ૧ ॥ તું ગતિ તું મતિ તું છો પતિ,

તુજ ધ્યાનથી ઉપજે રતિ, તુજ મુજ અંતર કર્મ તણો, કૃપા કરીને તેહને હણો. કુંથું જિણુંદ૦ ॥ ૨ ॥ ત્રણ લોકનો તું છો દેવ, સુરપતિ નરપતિ સારે સેવ, તુજ નામે આતમ સંપદા, ત્રિવિધ તાપના તોડો ફંદા. કુંથું જિણુંદ૦ ॥ ૩ ॥ હું રાગી રાગમાં રમ્યો, તું નિરાગી રાગને વમ્યો, દ્વેષ ભાવમાં હું છું પડ્યો, તુજથી તે અલગો જઈ અડ્યો. કુંથું જિણુંદ૦ ॥ ૪ ॥ આતમવૈરી તેં કર્યા નાશ, મુજને પકડ્યો બાંધી પાશ; તુજ આણાથી ફલસે આશ, તુંહિ નાથને હું છું દાસ. કુંથું જિણુંદ ॥ ૫ ॥ સેવ્ય સેવાને સેવક ભાવ, એક સ્વરૂપે સાધવ દાવ, અંતર ભાવમાં આવો સદા, નિશ્ચય નાસે સર્વાપદા. કુંથું જિણુંદ૦ ॥ ૬ ॥ સદ્‌ગુરૂ સંગે પ્રગટી ભક્તિ, ચિરંકાલ રહે આપો શક્તિ, વાંચક સૂર્ય શશિનો બાળ, કર્પૂર ગાવે ગુણ થઇ ઉજમાલ. કુંથું જિણુંદ૦ ॥ ૭ ॥

॥ શ્રી પાર્શ્વ જિન સ્તવનં ॥

(નમીયે નમાવી શિર પ્રથમ જિણુંદા. એ-રાગ)

સર્વ મંગલ કર પાર્શ્વ જીનંદા, પાર્શ્વ જીનંદા પ્યારા તોડો ભવ ફંદા, સહસ્ત્રફણા ધી જિનરાજ અખંડા. સર્વ૦ વામાદેવી નંદન, કરીયે સહુવંદન, અશ્વસેન કુલે ઉગ્યા દિણુંદા. સર્વ૦ ॥ ૨ ॥ મૂર્ત્તિ નીલ વર્ણે, અહિ લંચ્છન ચરણે, કરૂણા સિંધુ પ્રભુ, પ્રગટ અંતરમાં, સર્વ૦ ॥ ૩ ॥ દુરિતને દૂર કરો, વિઘ્નોને અપ હરો, કલ્યાણ કારી પ્રભુ હું છું શરણમાં. સર્વ૦ ॥ ૪ ॥ એક આધાર તારો, એહ નિશ્ચય મારો, રવિ કર્પુરના નમન સ્વીકારો, સર્વ૦ ॥ ૫ ॥

॥ શ્રી મહાવીરજિન સ્તવનં ॥

(સિદ્ધાચલથી મન મોહ્યું રે મુને ગમે ન બીજે ક્યાંય)

મહાવીર તુમારી વાણીરે, મુને લાગે અમૃત ધાર, લાગે અમૃતધાર, ભવોદધિથી તારનાર; મહાવીર૦ રાગદ્વેષને હરનારી, હાંરે મીઠી મોહનગારી, સુખ સંપત્તિની કરનારીરે, મુને લાગે અમૃત ધાર. મહાવીર૦ ॥ ૧ ॥ છે કર્મ તણી કાતરણી, લાગે છે શિવ નીસરણી, અનુભવ આતમની કરણીરે. મુને લાગે અમૃતધાર. મહાવીર૦ ॥ ૨ ॥ એક અનેક નયવાદ, તોડે અંતર પ્રમાદ, જેહમાં રહ્યો છે સ્યાદ્વાદરે, મુને લાગે અમૃતધાર. મહાવીર૦ ॥ ૩ ॥ હૃદય વિવેક પ્રગટાવે, આધિ વ્યાધિ મિટાવે, ઉપાધિ દૂર હઠાવેરે મુને લાગે અમૃતધાર૦ ॥ ૪ ॥ ભવ્યને આશ્રય આપે, ભવનારે દુઃખડાં કાપે, કર્પૂર રવિ ગુરૂ સ્થાપેરે, મુને લાગે અમૃતધાર. મહાવીર૦ ॥ ૫ ॥

॥ શ્રી મહાવીરજિન સ્તવનં ॥

(નંદકે લાલા હો મતવાલા કૃષ્ણ કનૈયા તુમિ તુંહો)

નાથ નિરંજન ભવ ભય ભંજન, દેવ દયાનિધિ તુંહિં તુંહો, અક્ષય સુખને આનંદકારી, કર્મ વિનાશક તુંહિં તુંહો નાથ નિરંજન૦ ॥ ૧ ॥ ભક્ત જનોના ભાવને જાણુક, મોહ વિદારક તુંહિ તુંહો, કામ ક્રોધાદિને ક્ષય કારક, જગત ઉદ્ધારક તુંહિ તુંહો, નાથ નિરંજન૦ ॥ ૨ ॥ કાશી મથુરાં મક્કે મદિને, સમેતશિખર પર તુંહિં તુંહો, દેવલ મસ્જીદ મંદિર માંહિ, અભેદ ભાવે તુંહિં તુંહો. નાથ નિરંજન૦

।। ૩ ।। રામ રહિમાન કૃષ્ણ અને શિવ, પાર્શ્વ ને બ્રહ્મા તુંહી તુંહો, નામ ભેદ છે ઠામ ભેદ છે, નિશ્ચય અભેદી તુંહી તુંહો. નાથ નિરંજન૦ ।। ૪ ।। ભેદ દેખીને ભક્તિ મ ચુકો, શુદ્ધ દૃષ્ટિથી તુંહી તુંહો. સદ્‌ગુરૂ વચને ભેદ ટળ્યો ત્યારે, મારો ત્રાતા તુંહી તુંહો. નાથ નિરંજન૦ ।। ૫ ।। સદ્‌ગુરૂ દેવ સદા એક રૂપે, વિવેક વિચારથી તુંહી તુંહો, સેવક શિરનામીને કહે છે, કૃપાસાગર તુંહી તુંહો. નાથ નિરંજન૦ ।। ૬ ।। ત્રિશલાનંદન હો નિતવંદન, શાસન નાયક તુંહી તુંહો, વાચક રવિચંદ્રનો શિષ્ય, કર્પૂર કહે પ્રભુ તુંહી તુંહો. નાથ નિરંજન૦ ।। ૭ ।।

વંકપુરમંડન શ્રી અજિતચંદ્રજિન સ્તવન.

અહો અહો પાસજી મને મલિયા રે—એ દેશી.

જીણુંદ વર મૂરતિ મનોહારીરે,
તારે ધ્યાનથી બહુ નરનારી. જિણુંદ૦

તું વિભાવ દશાથી ન્યારો રે, મુનિજન મનમોહનગારોરે;
હું સેવક તું સાહેબ મારો જિણુંદ૦ ।। ૧ ।।

પ્રભુ દર્શનથી સુખ પામું રે, નિત્ય ચરણમાં નિજ શિરનામું રે;
કરી કરૂણા જુઓ મુજ સામું. જિણુંદ૦ ।। ૨ ।।

રાતદિવસ રટણ કરૂં તારૂં રે, પ્રભુ કરૂણાએ કાજ સુધારૂં રે;
તુજ દર્શન એક મુજ પ્યારૂં. જિણુંદ૦ ।। ૩ ।।

રાજી થઈ મુજ હૃદયમાં આવોરે, પ્રિયતમ પ્રભુ કેમ તરસાવોરે;
નિત્ય કૃપા દૃષ્ટિ વરસાવો. જિણુંદ૦ ।। ૪ ।।

મુજ એક આધાર છે તારોરે, નિજ સેવક કાજ સુધારોરે;
અંતરની અરજ સ્વીકારો. જિણુંદ૦ ॥ ૫ ॥

વંકપુરમાં જિન ગુણ ગાયરે, ચંદ્રપ્રભુ અજિત જિનરાયારે;
અકેંદુ સદા સુખદાયા. જિણુંદ૦ ॥ ૬ ॥

॥ અથ શ્રી સુપાર્શ્વનાથ સ્તવનં ॥

ચાલો ચાલોને જઇએ સોરઠ દેશમાંરે—એ દેશી.

સખી ચાલોને જઇયેં જિન વાંદવારે, પ્રભુ વાંદ્યાથી ભવ દુઃખ જાય, શ્રી સુપાર્શ્વ જિણુંદ નમો નેહથી રે, રિદ્ધિ વૃદ્ધિ સદા સુખ પામિયેરે, પરમાતમ પદ નિર્માય.
શ્રી સુપાર્શ્વ૦ ॥ ૧ ॥

સાખી—પ્રભુ દર્શન કીધે થકે, કર્મતણું નહિં જોર;
જ્યાં મૃગેંદ્ર સંચરે, જગ ન કરે ત્યાં સોર.

ચાલ—તન સોવન્ન વરણે સોહંકરૂંરે,
વલી દોયસેં ધનુષ્ય પ્રમાણ. શ્રી સુપાર્શ્વ૦ ॥૨॥

સાખી—જિનમુખ દેખી સવિ ટલે, ભ્રમતણો જેહ રોગ;
જ્ઞાન તણી વૃદ્ધિ હુવે, મિથ્યા પામે સોગ.

ચાલ—પુરી વણારસીના અલવેશ્વરૂરે,
શોભે સ્વસ્તિક લંછન પાય. શ્રીસુપાર્શ્વ૦ ॥૩॥

સાખી—પઈઠ નૃપતિકુલ ચંદલો, પૃથ્વી દેવીકો નંદ;
સપ્ત મહાભય ટાલતો, સપ્તમ જિન ગુણવૃંદ.

ચાલ—પ્રભુ સપ્તમ સુખ ભવિને દીયેરે,
કરે સાત ગતિ પરિહાર, શ્રીસુપાર્શ્વ૦ ॥૪॥

સાખી—વીશ લાખ પૂરવતણું, પ્રભુ આયુનું માન;
એક લાખ પૂરવતણી, પ્રવ્રજ્યા નાવ સમાન.

ચાલ—પછી નવ મહીના જાતે થકેરે;
પામ્યા કેવલનાણ અનંત. શ્રી સુપાર્શ્વ૦ ।।૫।।

સાખી—પાંચસે મુનિ પરિવારશું, પરવરિયા જિનરાજ;
સમેત શિખર ગિરિ ઉપરે, લીધું મોક્ષનું રાજ.

ચાલ—સૂર્યચંદ્ર નમે પ્રભુને સદારે;
એહના નામથી દુરિત પલાય. શ્રીસુપાર્શ્વ૦ ।।૬।।

॥ અથ શ્રી અનંતનાથજીનું સ્તવનં ॥

તુમ બહુ સેવક સાહેબા, મારે તો તુંહિં દેવરે;
મન કદી બીજા શું નવિરમે, મુજ મન એહિજ ટેવરે.
અનંત પ્રભુ મુજ તારજો ।। ૧ ।।

રમ્યા જેહ ગંગા જલે, છિલ્લર હંસ નવિ જાયરે;
માલતી પુષ્પેરે અલીરમે, બાવલ નવિ આવે દાયરે. અ૦ ।।૨।।

ઇંદ્રાણીને મન સુરપતિ, લક્ષ્મીને મન કાનરે;
કુમુદિની અહોનિશ ધ્યાવતી, ચંદ્ર તણું મન ધ્યાનરે. અ૦।।૩।।

ચાતક જલધર જલ વિના, તરસ્યો નવિકરે પાનરે.
મેઘ વિણ બીજાના શબ્દથી, મયુરા નવિ પામે તાનરે. અ૦।।૪।।

મુજ મન મંદિરે પ્રભુ વસે, સુજસા સુત નિરધારરે;
બીજા શું ચિત્ત નવિ મલે, તું જગ તારણહારરે. અ૦ ।।૫।।

અયોધ્યાના અલવેશ્વરૂ, અલબેલા જિનરાજરે;
સિંહસેન નૃપ કુલે ચંદલો, મનમોહન મહારાજરે અ૦।।૬।।

સિંચાણો સુખનો ઇચ્છુ, સેવે નિશિદિન પાયરે;
કાંચન વર્ણે સોહામણી, ધનુષ્ય પચાશની કાયરે. અ૦ ।।૭।।
લાખ ત્રીશ વર્ષો તણું, પાલી સુંદર આયરે;
નિર્વાણ જાણીને આવીયા, સમેત શિખર ગિરિરાયરે. અ૦।।૮।।
સાત સહસ મુનિરાજ શું; વરિયા શિવ સુખ સારરે;
સૂર્યચંદ જિનરાજના, નામે જય જયકારરે. અ૦।।૯।।

ઉ૦ શ્રી રવિચંદ્રજી મહારાજ કૃત ચોવીશ જિન
સ્તવન સંપુર્ણમ.

અથ શ્રી સ્તવન સમુદાય.

શ્રી અરિહન્ત પ્રભુ સ્તવન

રાગ પુનમ ચાંદની ખીલી પુરી અહિંરે.

પુરણ પ્રેમેરે, વન્દુ શ્રી જીન સુખકરારે,
સ્વામી શ્રી સિદ્ધાચળ મંડણ ૠષભજીણુંદ,
પ્યારા પ્રથમ જીનેશ્વર મહેર કરી મને તારજોરે.

સાખી.

અંતર્યામિ અરિહન્ત તું, અજરામર પદ ધાર,
અલખ નિરંજન નાથજી, આવ્યો તુમ દરબાર,
દાદા દેવ દયાળુ દીન દાસના દુઃખ હરારે,
તારક ત્રાતા મ્હારા તોડી ભવ ભય ફંદ.

પ્યારા પ્રથમ જીનેશ્વર૦

સાખી.

તું ત્રિભુવન તારક પ્રભુ, તું જગ જન આધાર,
શિવપદ ધારક સ્વામિ તું, સેવકની કર સાર,
સ્વામી શિવ સુખ શાતા દાતા સાહેબ શિવ વરારે,
વ્હાલા વીમલાચળના વાસી પુનમ ચંદ.
પ્યારા પ્રથમ જીનેશ્વર૦

સાખી.

અનેક તાર્યા તેં પ્રભુ, તુજ ગુણનો નહિ પાર,
ચંદ્રોદય મંડળી તણી, કરો કૃપાળુ સાર,
સ્વામી શ્રી જગ નાયક જગ ચીંતામણી જીનવરારે,
મ્હારા પ્રાણ આધારા મારૂદેવીના નંદ,
પ્યારા પ્રથમ જીનેશ્વર૦

શત્રુંજય સ્તવન

રાગ (સદા સંસારમાં સુખ દુઃખ)

ગાવો ગીરીરાજના ગુણગાન ભવી આજ ભાવે,
ધ્યાવો દીલમાંય, તો સુખ થાય, ભવભય મીટ જાવે. ગાવો.

સાખી.

સુરમણી સુરતરૂ સારીખો, સુરઘટ સમ સુખદાય,
શત્રુંજય જો નીરખો, જન્મ સફળ થઇ જાય.
ધરી અતિ હર્ષ, એ ગીરી દર્શ, પ્રાણી પુન્યે પાવે,
ઉપાધી, આધી, ને વળી વ્યાધી, વેગે દુર થાવે. ગાવો.

સાખી.

ત્રણ ભુવનમાં જોવતાં, એ સમ તીરથ ન કોય,
ભવીયા ભાવે ભેટતાં, મન વાંછીત ફળ હોય. ગાવો.

સાખી.

સેવો, સમરો સર્વદા, સિદ્ધાચળ સુખકાર,
ચંદ્રોદય ગીરી ચરણુમાં, પ્રણુમે વારંવાર.
ધરી અતિ હર્ષ, એ ગીરી દર્શ, પ્રાણી પુન્યે પાવે,
ઉપાધિ, આધિ, ને વળી વ્યાધિ, વેગે દુર થાવે. ગાવો.

શ્રી અરિહન્ત પ્રભુ સ્તવન

રાગ શામળીયાજી કરજો મારી સારરે.

શ્રી જીનવરજી ભવજળ તારણ હારરે,
વ્હાલા દાસની અરદાસ ઉરમાં ધારજોરે;
અલબેલા શ્રી અરિહન્ત અમ આધારરે,
વ્હાલા દાસની અરદાસ ઉરમાં ધારજોરે;
વ્હાલા વીરજીન મેરા, પાયો દરીશન તેરા,
જન્મ મરણાદિ ફેરા, મીટાડો વત્સ કેરા;
મીટાડી મોહ માયા કેરી જાળ તાતજી તારજોરે. વ્હાલા૦

સાખી.

આનંદ અંગ અપાર, ભવ ભાવઠ ભાંગી અરે,
જોતાં તુમ દેદાર, જ્યોત્ય જબ જાગી અરે.
અર્જ અવધારોને, કર્મોને નીવારોને.
આશા પ્રભુ એક તહારી, અરે અન્તરે ઉતારી,
ચંદન બાળા જેમ તારી, ચંદ્રોદય લ્યો ઉગારી;
હેતે પ્રીતથી પડું હું પાય, પ્રણામ સ્વીકારજોરે. વ્હાલા૦

નવપદજીનું સ્તવન

અહો ભવી પ્રાણી રે સેવો, સિદ્ધચક્ર ધ્યાન સમો નહિ મેવો. અહો૦ જે કોઈ સિદ્ધાચક્રને આરાધે, તેહનો જગમાં જશ વાધે. અહો૦ ॥ ૧ ॥ પહેલે પદે રે અરિહંત, બીજે સિદ્ધ બુધ ધ્યાન મહંત, ત્રીજે પદે રે સૂરિશ, ચોથે ઉવઝાયને પાંચમે મુનિશ. અહો૦ ॥ ૨ ॥ છઠે દર્શન રે કીજે, સાતમે જ્ઞાનથી શીવ સુખ લીજે, આઠમે ચારિત્ર પાલો, નવમે તપથી મુક્તિ ભાલો. અહો૦ ॥ ૩ ॥ આંબીલ ઓળી રે કીજે, નોકરવાલી વીશ ગણીજે, ત્રણે ટંકના રે દેવો, પડીલેહણ પડીક્કમણું સેવો. અહો ॥ ૪ ॥ ગુરૂ મુખ કીયારે કીજે, દેવગુરૂ ભક્તિ ચિત્ત માં ધરિજે, એમ કહે રામના રે શીશો, વલી ઉજવીએ જગીશો. અહો૦ ॥ ૫ ॥

ઢાળ બીજી.

કોઈલો પર્વત ધુધલો એ દેશી.

માલવ ધુર ઉજેણીએ રે લોલ, રાજ્ય કરે પ્રજાપાળ રે, સુગુણનર, સુરસુંદરી મયણાસુંદરી રે લોલ, બે પુત્રી તસ બાલ રે. સુગુણનર, શ્રી સિદ્ધચક્ર આરાધીએ રે લોલ, જેમ હોય સુખની માલરે. સુ૦ ॥ ૧ ॥ પહેલી મીથ્યાશ્રુત ભણી રે લોલ, બીજી જિન સિદ્ધાંત રે, સુ૦ બુદ્ધિ પરિક્ષા અવસરે રે લોલ, પૂછે સમસ્યા તુરત રે. સુ૦ શ્રી. ॥૨॥ તૂઠો નૃપ વર આપવારે લોલ, પહેલી કરે તે પ્રમાણ રે, બીજી કર્મ પ્રમાણથી રે લોલ, કોપ્યો તબ નૃપ ભાણુરે. ॥ સુ ॥ શ્રી ॥ ૩ ॥ કુષ્ટિ

વર પરણાવીએા રે લેાલ, મયણા વરે ધરી નેહ રે ।। સુ।। રામા હજીયે વિચારીયે રે લેાલ, સુંદર વિણસે તુજ દેહ રે ।। સુ ।। શ્રી ।। ૪ ।। સિદ્ધચક્ર પ્રભાવથીરે લેાલ, નિરેાગી થયેા તસ દેહ રે, પુણ્ય પસાયે કમલા લહી રે લેાલ, વાધ્યેા ઘણેા સસનેહ રે. સુ૦ શ્રી ।। ૫।। માઉલે વાત જાણુતા રે લેાલ, વાંદવા આવ્યેા ગુરૂ પાસ રે, નિજ ઘર તેડી આવીએા રે લેાલ, આપે નિજ આવાસ રે ।। સુ ।। શ્રી ।। ૬ ।। શ્રીપાલ કહે કામીની સુણેા રે લેાલ, હુ જાઉરે પરદેશ, માલમતા બહુ લાવશું રે લેાલ, તુમ તણી ખંત પુરેશ ।। ૭ ।। અવધી કરી એક વર્ષની રે લેાલ, ચાલ્યેા નૃપ પરદેશ રે, શેઠ ધવલ સાથે ચાલ્યેા રે લેાલ, જલપંથે સુવિષેષ રે ।। સુ ।। શ્રી ।। ૮ ।।

ઢાળ ત્રીજી.

પરણી બબ્બરપતિ સુતા રે, ધવલ મુકાવ્યેા જ્યાંહ, જીનવર બાર ઉઘાડતાં રે, કનકકેતુ બીજી ત્યાહ, ચતુરનર, શ્રી શ્રીપાલ ચરિત્ર ।। ૧ ।। પરણી વસ્તુપાળની રે, સમુદ્ર તટે આવંત, મકરકેતુ નૃપની સુતારે, વીણા વાદે જીતંત ।। ચ ।। ૨ ।। પાંચમી ત્રૈલેાકસુંદરી રે, પરણી કુબજા રૂપ, છઠ્ઠી સમસ્યા પુરતી રે પંચ સખી શું અનુપ ।। ચ ।। ૩ ।। રાધાવેધે સાતમી રે, આઠમી વીષ ઉતાર, પરણી આવ્યેા નિજ ઘરે રે, સાથે બહુ પરિવાર ।। ૪ ।। પ્રજાપાલે સાંભલી રે, પરદલ કેરી વાત, ખંધે કુહાડી લેઇ કરી રે મયણા હુઈ વિખ્યાત ।। ૫ ।। ચંપા રાજ્ય

લેઇ કરી રે, ભોગવી કામીત ભોગ, ધર્મ આરાધી અવતર્યા રે, પહેતો નવમે સૂરલોક ॥ ૬ ॥

શ્રી મુનીસુવ્રતપ્રભુનું સ્તવન

(રાગ-મન મંદિર આવો રે)

સુણો સુવ્રત સ્વામી રે, અરજ એક હું ઉચ્ચરૂં, ભવસિંધુ ઉતારો રે, સદા તુજ ધ્યાન ધરૂં. સુણો૦ ॥૧॥

સાખી—હું પામર તું મહા પ્રભુ, સમરથ જગદાધાર,
તુજ આણા નવ શીર ધરી, એ મુજ વાંક અપાર,
તરતાને તારી રે શી શાબાસી ધરો, પણ દુખતો તારો રે,
તારક નામ ખરો. સુણો૦ ॥ ૨ ॥

સાખી—ભવસાગરમાં માહરૂં ચઢયું વહાણ ચકડોળ,
મહા નિર્યામક તું મલ્યો, નડે ન અંધ વંટોળ,
મમ સન્મુખ ભાળો રે, સુખીઓ થાઉં સદા,
ભવ ફેરા ન ફરીયે રે આતમરાય કદા. સુણો૦ ॥ ૩ ॥

શ્રી આદિનાથ પંચકલ્યાણક સ્તવન

ઋષભ જિનેશ્વર સાહેબ સાચો, પરમાનંદનો ઠામ રે, આષાઢ વદી ચોથે પ્રભુ આવ્યા, ગરભપણે, ગુણધામ રે. ॥ ઋષભ૦ ॥ ૧ ॥ ચૈત્ર વદી આઠમ દીન રૂડો, જન્મયા આદિજીણંદ રે, ઘર ઘર મહોચ્છવ રંગ વધાઇ, પ્રગટયો જીન આણંદ રે. ઋષભ૦ ॥ ૨ ॥ વદી ચૈત્રની આઠમ દિવસે, દિક્ષા ગ્રહે ભગવાન રે, ફાલગુન વદી એકાદશી, વરીઆ, ઉત્તમ કેવલ જ્ઞાન રે. ઋષભ૦ ॥ ૩ ॥ માઘ

વદી તેરસ શ્રીકારે, મોક્ષ લહે જગનાથ રે, સાદી અનંત ભાંગે સ્થિતી પ્રભુજી, કીધો કર્મ પ્રમાથ રે. ૠષભ૦ ॥૪॥ પાંચે નામે જીનવર ભજીયે, વારે દુઃખ જંજાલ રે, ઉદય સાગર સૂરી બુધ દર્શનને હોજો મંગલ માલ રે. ૠષભ૦ ॥૫॥

શ્રી વીરપ્રભુ સ્તવન

(રાગ-કરી વિલેપન)

કાહેકો વ્યર્થ ગુમાવે હો ભમરા, અવસર ફીર નહિ આવત હય, (૨) સ્વપ્ન તુલ્ય સંસારકી બાજી, આંખ ખુલે સબ જાવત હય. કા૦ ॥ ૧ ॥ દશ દૃષ્ટાંતે દુર્લભ નરભવ, પૂરવ પુણ્યે પાવત હય, ધર્મ કીયા બિન ફોકટ ખોવે, આખર તુમ પસ્તાવત હય. કા૦ ॥ ૨ ॥ સાહેબી તેરી સર્વ પતંગ જયું, પુન્યકા દોર જબ તુટત હય, ઉઠ ચલે જીવ ભમર બિચારા, હાથ ઘસત કયા હોવત હય કા૦ ॥ ૩ ॥ વિદ્યુતસે અતિ વેગ તુમારા, ક્ષણમેં બેહદ ચલત હય, છૂટે તેલ કે બેલી બાપડા, મોહ નિદ્રામેં સોવત હય. કાહેકો૦ ॥ ૪ ॥ ત્રિશલા નંદન વીર જીનેશ્વર, શાસન નાયક કહાવત હય, ચરણ કમલમેં સુમન તુમારા, પ્રેમસે શિર ઝુકાવત હય. કા૦ ॥ ૫ ॥

ખંભાત ગીમટીનાં મહાવીર સ્વામી સ્તવન

રાગ-ભારતકા ડંકા આલમમેં

ભવપાર કરો ભવી ભાવ ધરી, ભજીયે નીત્ય મહાવીર સ્વામી કો.(૨) જિસ ગુણ ગણકા કછુ પાર નહિ,

દેખા નહીં ઐસા નામીકેા. ભવ૦ ।। ૧ ।। ત્રિસલા સુત મહાવીર નામ બડા, જપતાં જે નહીં ભવ કુપ પડા, ઇસ પ્રભુજીકી મોહે ધુન લગી, પામરતા મેારી જાય ભગી. ભવ૦ ।। ૨ ।। સિધારથ નંદન ફૂંદ હરેા, નિજ દાસકેા ભવજલ પાર કરેા, તુમ નામ રટત દીનરાત કરૂં, નિજ દીલમેં ખુબ આનંદ ધરૂં. ભવ૦ ।। ૩ ।। સંગમ આદિ ઉપસર્ગ કરે, મનમેં નહિ જિન જરી ભેદ ધરે, શુદ્ધ દ્વાદશાંગીકા જ્ઞાન દિયા, દ્રવ્ય ગુણ પર્યાય વિકાસ કિયા. ભવ૦ ।। ૪ ।। ભંગ સાત સ્યાદ્વાદ સાર દિયાં, ભટકે નહીં હૃદયે સ્થાપ લિયા, નવ તત્ત્વજ્ઞાન પ્રકાસ કિયા, તસ દ્વારા સમકિત જ્ઞાન દિયા. ભવ૦ ।। ૫ ।। ચરણાનુયેાગ તસ ભાવ ભરા, પાયા સેા શિવવધુ ટીકેા વરા, લેતે શિવ આનંદ નિત્ય નરા, એ સ્થાન સારમેં સાર ખરા. ભવ૦ ।। ૬ ।। તુજ સેવક યહ આનંદ ચહે, મુજ આત્મ કમલ શુભ રેહ લહે, સૂરી લબ્ધિ સાર દિયેા મુજકેા, એ દેતાં વાર નહિ તુજકેા. ભવ૦ ।। ૭ ।।

સામાન્ય જિનપદ.

એક સરખા દિવસ કેાઇનાં સુખમાં જાતા નથી, એક સરખા દિવસ કેાઇનાં દુઃખમાં જાતા નથી, એથીજ બાલાપણ થકી જિનરાજને ભજતેા રહી. ।। ૧ ।। આતમ જ્ઞાની આતમા, મેળવશે ગુણવાન, ગુણી ગુણેાની સ્હાયથી, સ્વયં થશે ભગવાન. ।। ૨ ।। જીવન સુધારી તાહરૂં, દે પાય સર્વે તું તજી, અંતર વિષે જિનરાજનાં, શુભ ધ્યાનમાં સાળે સજી. ।। ૩ ।। કર ઉદ્યમ સદ્ધણું મળે, ઉદ્યમ

હીન ગમાર, સુતા સિંહના મુખમાં સ્વયં પડે ન શિકાર. ॥ ૪ ॥ મુકિત રમા જલ્દી વરીલે, દુઃખ સઘળાને દહી, આત્મકમલ આનંદથી, કુલશે લબ્ધિ લહી. ॥ ૫ ॥

શ્રી સંખેશ્વર પાર્શ્વપ્રભુ સ્તવન

રાગ—સોરઠ.

દાદા સંખેશ્વર મહારાજા તાજા આપજો રે, મીઠા મુકિત મેવા હેવા વિષયિક કાપજો રે, (અંચલી) અહર્નિશ સેવા તારી માગું, ભવ ભ્રમણાથી દુરે ભાગું, તારા નામની માલા હૃદયે સ્થાપજો રે. દાદા૦ ॥ ૧ ॥ જ્ઞાન રૂપ દર્શન રૂપ તુંહી, ચારિત્ર પણ તુંહી તુંહી, રત્નત્રયી એ સેવક ચિત્તે છાપજો રે. દાદા૦ ॥ ૨ ॥ રાત દિન તુજ ધ્યાને રાચું, ગુણ ગણ જોઇ તારા નાચું, મુજ વાણી નિત્ય જિન જિન ધ્રમ આલાપજો રે. દાદા૦ ॥ ૩ ॥ ભવદુઃખ હૃદયે ખટકે ભારી, મોહે દુર્દશા કરી અમારી, શરણાગત છું તારી સુખ અમાપજો રે. દાદા૦ ॥ ૪ ॥ મુજ મન તુજ નહિ શુદ્ધ ભકિત, કર્મે કરી અતિ કમબખ્તી, આત્મ કમલમાં લબ્ધિ તમને જાપજો રે. દાદા૦ ॥૫॥

શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

રાગ-વીરા વેશ્યાની થારિ

શ્રી સીમંધર સ્વામી, મુક્તિનાં ગામી, દીઠે પરમાનંદ, એ આંકણી૦ સુમતિ આપો કુમતિને કાપો, ટાલો ભવ ભય ફંદ, કર્મ અરિગણ દુર કરીને તોડો ભવતરૂ ફંદ રે. ॥ શ્રી૦ ॥ ૧ ॥ ચોત્રિશ અતિશય શોભતા રે,

પાંત્રિશ વાણી રસાળ, અષ્ટ પ્રાતિહાર્ય દીપતાં રે, બેઠી છે પરષદા બાર રે. ।। શ્રી૦ ૨ ।। મહા ગોપ મહા મહાણ કહીયે, નિર્યામક સથ્થવાહ, દોષ અઢારને દુર કરી રે, ભવજલ તારણ નાવ રે. ।। શ્રી૦ ।। ૩ ।। એકવાર દરિશણ દીજીયે રે, દાસની સુણી અરદાસ, ગુણી અવગુણ નવ લેખવે રે, એ ગીરૂઆનો આચાર રે. શ્રી૦ ।। ૪ ।। અગણીત શંકાએ હું ભર્યો રે, કોણ કરે તસ દુર, જ્ઞાની તમે દૂરે રહ્યાં રે, હું પડીયો ભવ કુપ રે. શ્રી૦ ।। ૫ ।। જો હોવત મુજ પાંખડી રે, તો આવત આપ હજુર, એ લબ્ધિ મુજ સાંપડે રે, તો ન રહું તમથી દુર રે. શ્રી૦ ।। ૬ ।। શાસન ભગ્ત જે સુરવરા રે, વીનવું શીશ નમાય, શ્રી સીમંધર સ્વામીનાં રે, ચરણ કમળ ભેટાડ રે. શ્રી૦ ।। ૭ ।। ધન્ય મહા વિદેહના જીવને રે, સદા રહે પ્રભુ પાસ, હું નિર્ભાગી ભરતે રહ્યો રે, શ્યાં કીધાં મેં પાપ રે. શ્રી૦ ।। ૮ ।। અરિહંત પદ સેવ્યા થકી રે, દેવપાલાદિક સિદ્ધ, હું પણ માગું એટલું રે, સૌભાગ્ય પદ સમ રિદ્ધ રે. શ્રી૦ ।। ૯ ।।

શ્રી પાર્શ્વપ્રભુ સ્તવન

રાગ–હારા રંગ મહેલો માંહે

પ્રેમ ધર્મનો જગાવ, તારા શુદ્ધ ચિત્તોમાં, પ્રભુ પાર્શ્વજી વસાવ. તારા૦ પાર્શ્વજીનેશ્વર પ્યારા, છો રાગ દ્વેશથી ન્યારા, હારા કર્મોને હટાવ, જાય શિવ મહેલોમાં. તારા૦ પ્રેમ૦ ।। ૧ ।। તું ચાર ગતિમાં રૂલ્યો, જો ધર્મ

ભાવના ભૂલ્યેા, સુંદર ભાવના જગાવ. ત્હારા૦ પ્રેમ૦ ॥૨॥ જીવ પુન્ય ઉદય અહીં આવ્યેા, વલી મીથ્યા ભાવ વમાવ્યેા, જીનરાજ ધર્મ સુહાયેા. ત્હારા૦ પ્રેમ૦ ॥ ૩ ॥ રહેા નિત્ય નામ જિન રટતા, હટશે હૃદયની જડતા, સુખ જામશે અનંતા. ત્હારા૦ પ્રેમ૦ ॥ ૪ ॥ નીજ ચિત્ત ઠામ જો આવે, લબ્ધિ આત્મકમલમાં જાગે, ગુણ ગણેા અતિ ઉભરાવે. ત્હારા૦ પ્રેમ૦ ॥ ૫ ॥

શ્રી મલ્લિનાથ જિન સ્તવન

(રાગ–રહેા રહેા રે રસભર દેા)

મલ્લિનાથ પ્રભુકે ગુણ ગાઉંગા, ગુણ ગાઉંગા ગુણ ગાઉંગા. મલ્લિ૦ અંચલી૦ મૈં અનાથ તુમ ત્રિભુવન નાથ, એકદિન તુમ સમ થાઉંગા. મલ્લિ૦ ॥ ૧ ॥ કારણ નિમિત્ત પ્રભુ તુમ સાચે, મૈં ઉપાદાન કહાઉંગા. ॥ મ૦ ૨ ॥ આરત રૌદર દુર નિવારી, ધરમ શુકલ ચિત્ત લાઉંગા. ॥ મ૦ ॥ ૩ ॥ કામ ક્રોધ મદ મોહ ઉપાધિ, સબકેા જડસે જલાઉંગા ॥ મ૦ ॥ ૪ ॥ કુંદન સમ નિજ રૂપકેા ધારી, ખોટ રહિત હેા જાઉંગા. ॥ મ૦ ॥ ૫ ॥ અજર અમર અક્ષય અવિનાશી, આત્મ લક્ષ્મી પાઉંગા. ॥ મ૦ ॥ ૬ ॥ પરમાનંદ હર્ષ ચિત્ત ધારી, વલ્લભ જ્યેાતિ મિલાઉંગા. ॥ મલ્લિ૦ ॥ ૭ ॥

શ્રી મહાવીરજિન સ્તવન.

રાગ—ભારતકા ડંકા ડંકા આલમમેં.

અહિંસાની પતાકા આ જગમે, ફરકાવી વીર મહાવીર તેં, ધર્મ વૃક્ષ રેાપી ધર્મ વૃક્ષ રેાપી, ખરેા ધર્મ

બતાવ્યો મહાવીર તેં. ॥ ૧ ॥ સુલસાદિકને પ્રભુ તેં તાર્યા, ચંદનબાળાનાં દુઃખ વાર્યાં, ઇંદ્રભૂતિ હતાં મહાભિમાની, સંશય ટાલ્યા પ્રભુ મહાવીર તેં. ॥ ૨ ॥ આનંદાદિકને તેં તાર્યો, શ્રેણિક જેવાને ઉદ્ધાર્યો, હરિબળ જેવાનો કર પકડી, સુપંથ બતાવ્યો મહાવીર તેં. ॥ ૩ ॥ અજ્ઞાની જનોની વાર કરી, જ્ઞાન વારી પાયુ પ્રભુ પ્રેમ ભરી, જ્ઞાન આપી સતત્ ઉપદેશ કરી, ઉગાર્યો વીર મહાવીર તેં ॥ ૪ ॥ કૈક ક્રોધી જીવોનો ક્રોધ હર્યો, સમતા શાસ્ત્રો તેં સામા ધર્યો, વહેવારનાં પણ ઉપદેશ કર્યા, જગ તારક એક મહાવીર તેં. ॥ ૫ ॥

શીતલ જિન સ્તવન

રાગ–આશાવરી

કર્મ તણી ગતી ન્યારી શીતલજીન, કર્મ તણી ગતી ન્યારી. પિતા તે મરીને પુત્રજ હોવે, માતા મરી થાયે નારી. ॥ ૧ ॥ મહીલા મરીને માતા થાવે, રાજા થાયે ભીખારી. શી૦ ॥ ૨ ॥ જગમાંહી જેને શત્રુજ જુવે, તે કરે મીત્રાચારી. શી૦ ॥ ૩ ॥ એક સુખી એક દુઃખી જણાએ, અનુભવ એમ વીચારી. શી૦ ॥ ૪ ॥ એમ સંબંધ જીવમાત્રની સાથે, કીધા ભવો ભવ ભારી. શી૦ ॥ ૫ ॥ ભવો ભમતા ઉત્તમ કુળ પામ્યો, આર્યભૂમિ અવતારી. શી૦ ॥ ૬ ॥ શ્રદ્ધાપૂર્વક જીનધર્મને જાણી, દેવગુરૂ સુખકારી. શી. ॥ ૭ ॥ એમ જીવોને સમકીત ફરશે, તો પામે ભવ પારી. શી૦ ॥ ૮ ॥ સુરી જીવોની વિચિત્રતા જોઈ, આનંદ મોતી ઉચ્ચારી. શી૦ ॥ ૯ ॥

॥ શ્રી સંભવજિન સ્તવન ॥

રાગ—સિધારથના રે નંદન વીનવું.

જીતારીનારે નંદન સાંભળો, બાળક કહે છે રે આજ; ભવ ચક્રોમાંરે હું બહુ ભમીયેા; હવે મુજ કરેા રે પસાય. જી૦ ।। ૧ ।। દર્શન જ્ઞાનજ ચારિત્ર મુજ દીયેા, જેહથી જાયે કષાય; ભવનાં ફેરા રે નવિ ભમવા પડે, સીઝે સઘળાં રે કાજ. જી૦ ॥ ૨ ॥ ચારિત્ર લેઇ રે ભવી પ્રતિબોધીને, દીધાં સમકીત દાન; ઘાતીચારેા રે કર્મજ ચુરીને, પામ્યા કેવળ જ્ઞાન. જી૦ ॥ ૩ ॥ ત્રિજગ સ્વામી રે શીવ સુખદાયક, સેના ઉદરે રતન, જીતારીનું રે કુળ દીપાવીયું, સંભવજી તુમને ધન્ય ધન્ય. જી૦ ॥ ૪ ॥ આગમેાદ્ધારક આનંદ સુરિશ્વર, નમીને તેહના રે પાય, પ્રવચનના એ જિન ત્રીજા કહ્યાં, મેાતી લાગે રે પાય. જી૦ ॥ ૫ ॥

चारुप मंडन श्री पार्श्वप्रभु स्तवन

(मेरे मैाला युलालेा भदीने मुज्जे)

મેરી અરજી પ્રભુજી સીકાર કરેા, ભવ ભવકી તેા ફેરી દુર કરેા, અંચલી૦ લાખ ચેારાસી જગતમેં જુન ધુંન સબ માને સહી, વિસ્તાર૦ ઉનકા વિન તેરે, આગમ કહીં દેખા નહી, દિવ્ય જ્ઞાન પ્રભુ તુમ આપ ધરેા. મેરી૦ ॥ ૧ ॥ સાત પૃથ્વી સાત પાની સાત [1]આતસ લાખ હૈ, સાત વાયુ ચૌદ સાધારણ હરી જીન સાખ હૈ, દશ લાખ પ્રત્યેક વિચાર ખરેા. મેરી૦ ॥ ૨ ॥ દેા ઇન્દ્રી દેા તી

---

૧ અગ્નિ.

ઈન્દ્રી–દ્વો ચઉ ઇન્દ્રી જાનિયે, દેવ નારક પશુ ચઉ ચઉ લાખ ગિનતી માનિયે, ચઉદ લાખ માનવ અવતાર બડો, મેરી૦ ।। ૩ ।। એક સરિખા રૂપ રસ ઔર ગંધ હોવે ફરસ ભી, સ્થાન પૈદા હોનકા, હોવે–નિરસ યા સરસ ભી, સબ ગિનતિમેં એક સમાન ધરો. મેરી૦ ।। ૪ ।। યે ચૌરાસી લાખ જૂનીમેં પ્રીયો કઇ વાર મૈં, અબ તો આયો નાથ શરણે, આપકે દરબારમેં, પ્રભુ શરણ આયેકી બાંહ ધરો. મેરી૦ ।। ૫ ।। ચારૂપ તીરથ મંડનો, પારસ પ્રભુ અલવેસરો, એક પાસે નાથ શીતલ, વામે આદિ ઇશ્વરો, પ્રભુ દર્શનસે કર્મ જંજાલ ટરો. મેરી૦ ।। ૬ ।। આતમ લક્ષ્મી આપકી, પ્રભુ હૈ વો મુજકો દીજિયે, નાથ તારક નામ અપના, વો સફલ કર લીજીયે, પ્રભુ વલ્લભ હર્ષ ભંડાર ભરો. મેરી૦ ।। ૭ ।।

આભાર,

પાઠશાળાનાં બાળકોને ગાવાનું ગાયન
(હરીગીત છંદ)

પૂજ્ય ગુરૂના પૂનીત પગલે, અમે સહુ પાવન થયાં;
ઉપદેશથી અમ હૃદય સીંચી, ચેાગ્યને નિર્મળ કર્યાં,
ઓગણીશને સત્યાશીનું, શુભ આગમન અમ ઉર વસ્યું,
અમ બાલનાં આ હૃદયક્ષેત્રે, ધર્મનું શુભ બીજ ઉગ્યું૦ ।। ૧ ।।
ગુરૂજી પધારી આપશ્રી(એ) લીધી પરીક્ષા પ્રેમથી,
સૌ બાળકો હેતે નમે, ઉપગાર જાણી હૃદયથી,
આપને સૌ શ્રેષ્ઠીઓ, સાધન બનો અમ માર્ગનાં,
વિનતી કરીને વિરમે છે બાલ આ સંસ્થા તણું૦ ।। ૨ ।

ભોયણીજો મંડન શ્રી મલ્લીપ્રભુ સ્તવન

સિદ્ધાચલ જાનેવાલે—એ રાગ.

તુમે મલ્લિનાથ મહારાજ, ભવોદધિ પાર લગાને વાલે, પૂરવ ભવકા પ્રેમ, અથવા રખીએ હમપેં રહેમ; તેરે નામોકેાં આધાર, દોનો ભવ તરાને વાલે. તુમે૦ ।। ૧ ।। મેં સ્વામી હું અનાથ, અબતો તુમે કરો સનાથ, અબ ઝાલી મેરા હાથ, ભવો ભવ પાર કરાને વાલે. તુમે૦ ।। ૨ ।। સમ્યગ ફરશે એકવાર, તો ભવકી ગણુતી કાર; જ્યું મુકિત હોય નિરધાર, સુરી આનંદ યાચન વાલે. તુમે૦ ।। ૩ ।। કુંભ નરેશ્વર કુળ, માતા પ્રભાવતીની કુખ, પ્રગટિ ભવી કીયેા ઉપગાર, કર્મો આઠ જલાને વાલે. તુ૦ ।। ૪ ।। ભોયણી પુર મહારાજ, તુમે આવી કીયેા વાસ, મ્હારા દુઃખ ગયા સબ આજ, હુવા દર્શ તુમારાં જ્યારે. તુ૦ ।। ૫ ।।

શ્રી શાન્તિપ્રભુ સ્તવન

(વીરા ઉંઘ છોડીને)

શાન્તિનાથજી દર્શ દિખાયા કરો, અપને દર્શનસે ત્રીપતિ બુઝાયા કરો. શાન્તિ૦ ।। ૧ ।। દર પદર સલતા ફીહાહું, મૈ ચેારાસી લાખમૈ પાપ ધારા બહ રહી હય, બહ ગયા ઉસ ધારમૈ, દુખી નૈયાકેા પાર લગાયા કરો. શાન્તિ૦ ।। ૨ ।। લેાભ, મેાહ, અહંકાર માયા, એ ચારેાને ઘેરાં મુઝે રાગ દ્વેશ ઘેરા મુઝે, ફસ ગયા ઉસ અંધેરમેં, ઇન્કે ફંદેસે મુજકેા છોડાય દીયેા. શાન્તિ૦ ।। ૩ ।।

નેન દોનુ કર રહે હૈ, ઇતેજારી આપકી, પ્યાસ ઇનકો લગ રહા હય, આપકે દિલદારકી, દેકે દરશન પ્યાસ બુજાયા કરો. શાન્તિ૦ ।। ૪ ।। દાન નિર્મલ માંગતા હૈ, ચરણ કમલોકી સેવા, શાન્તિ પદમેં પ્હોંચાદો, આપ શાન્તિનાથજી, અપને ચરણોકાં દાસ બનાયા કરો. શા૦ ।।૫।।

અધ્યાત્મિક સ્તવન.

રહેના ધર્મકે આધાર, આધાર મેરે પ્યારે, રહના ધર્મકે આધાર, બિના ધરમકે, કોઈ નહિ સાથી, મત-લબકા સંસાર, સંસાર મેરે પ્યારે. રહેના૦ ।। ૧ ।। અંત સમય કોઇ સંગ ન જાવે, કુટુંબને પરીવાર, પરીવાર મેરે પ્યારે. રહેના૦ જબ દમ નિકલે તબ સુત નારી, બન્ધુ સબ ફેકડે છેલા, છેલા મેરે પ્યારે. રહેના૦ ।। ૨ ।। મરને પીછે કોઇ સંગ ન જાવે, ઘરદે ચિતાકે મજાર, મજાર૦ રહેના૦ લકડી કુંક કે અગ્નિ લગાડે, કોઇ ન કરતા હિત પ્યાર, હિત૦ રહેના૦ ।। ૩ ।। પીઠ ફેરકે ઘરકું આતે, એસે હુવે લાચાર, લાચાર૦ રહેના૦ જબ એ ધરમ રહેતે સંગમે, તબ હુવે ભવપાર, ભવપાર. રહેના૦ ।। ૪ ।। શ્વાસ હય તબ તક સબ બાજી, કહેતા હય જ્ઞાન ઉચ્ચાર. રહેના૦ પ્રેમસે નિર્મલ અરજ કરત હય, દે દીજે મુકિત પ્હોંચાય, પ્હોંચાય મેરે પ્યારે રહેના૦ ।। ૫ ।।

॥ શ્રી મહાવીરપ્રભુ સ્તવન ॥

મંગલાચરણ—રાગ કલ્યાણ.

નમીયે પરમ પુરૂષ મહાવીર. (૨) હે જગબંધવ જગ ઉપકારી, મોક્ષ ગયા પ્રભુ કર્મ વિદારી, ત્રીશલા નંદન વીર પ્રભુ હે. નમીએ૦ ॥ ૧ ॥ જય જય મંગલ હે વીશરામી, અચલ અનંત પ્રભુ તું સુખ ધામી, શાસન નાયક વીર પ્રભુ હે. નમીએ૦ ॥ ૨ ॥ સત્ય અહિંસાની શુદ્ધ સિદ્ધી, અમ બાળકને આપી ખરી રિદ્ધી, રત્ન ચિન્તામણી ધીર પ્રભુ હે. નમીએ૦ ॥ ૩ ॥ અજરામર પ્રભુ તું ઉપકારી, ભવ સિન્ધુથી પાર ઉતારી, ભવ ભ્રમણથી ઉગાર પ્રભુ હે. નમીએ૦ ॥ ૪ ॥ વીર વીરના નાદ ગજાવી, સત્ય અમૃતનું ભાન કરાવી, નમીએ વારંવાર પ્રભુ હે. નમીએ૦ ॥ ૫ ॥

॥ શ્રી મહાવીરપ્રભુ સ્તવન અને ગરબો ॥

શાસન નાયક વીર જીણંદા, સેવે સદા સૂર ઇંદાં. શાસન૦ વ્યંતર, જ્યોતિષી, વૈમાનીક, દેવો સહુ મલી આવે, ક્ષત્રિયકુંડ નગરીને વીષે, જય જય જય સહુ ગાવે. શાસન૦ ॥ ૧ ॥ ચૈત્ર શુદી ત્રયોદશી દીવસે, ત્રીશલાદેવી કુંખે, વીર પ્રભુએ જગ ઉપકારી, જનમ્યાં જગનાં સુખે. શાસન૦ ॥ ૨ ॥ બાળપણમાં રમત કરવા, મીત્રો સાથે જાતાં, દેવ પરિક્ષા કરે તમારી, હારી થાયે નિરાસા. શાસન૦ ॥ ૩ ॥ યોવન વયમાં જબ પ્રભુ આવે. માત પીતા હરખાવે, ત્રિલોકપતીને અતી આગ્રહથી, જસોદા

રાણી ગ્રહાવે. શાસન૦ ।। ૪ ।। વડીલ જનોનાં વિનયની, પ્રભુ ખરી છાપ આ દીધી, ત્રીશ વર્ષની ઉંમરે પ્રભુએ, ભગવતી દીક્ષા લીધી. શાસન૦ ।। ૫ ।। દેશ વિદેશે વીચરી વીચરી, કૈક જીવો ઉપકાર્યા, ઉપસર્ગો ક્ષમાએ સહેતા, સામાં તેને તાર્યા. શાસન૦ ।। ૬ ।। ત્રણ લોકનું જ્ઞાન થયું જબ, જ્ઞાને તે દેખાયું, ત્રિગડે બીરાજી દેશના આપી, ભવ્ય જીવોને તારી. શાસન૦ ।। ૭ ।। અનેક જીવોનાં જડવાદોને, શાન્તિ ધરી સમજાવી, સત્ય અહિંસા પંથે ચઢાવી, શિવસુંદરી દેખાડી. શાસન૦ ।। ૮ ।।

।। શ્રી વીરપ્રભુનાં ગૌરવનું સ્તવન ।।

(વાલુ વાલુ મને મ્હારૂં વતન)

તારૂં શાસન વીર તારૂં શાસન, નમું સદા હું વીર તારૂં શાસન. અહિંસાની ધ્વજા જગે જગ ફરકાવી, તેનું સંભાળી અમે કરશું જતન. તારૂં૦ ।।૧।। ગૌતમ ગણધર સ્થુલીભદ્ર જેવા, તહારા શાસનના ઉંચા રતન. તારૂં૦ ।।૨।। હેમચંદ્ર યશોભદ્ર, ભદ્રબાહુસ્વામી, જ્ઞાન અર્પી કર્યું ઉંચુ જીવન. તારૂં૦ ।। ૩ ।। આનંદ શ્રેણીક જગડુશાહ જેવા, સેવા કરી માન્યો હૃદયે આનંદ. તારૂં૦ ।।૪।। તન મન ધનને અર્પણ કરીએ, તરીઆ ભવસિન્ધુ કરી સેવા શાસન. તારૂં૦ ।। ૫ ।। તુજ સદ્ રસ્તે ચાલી કૈક જીવો, અમૃત સાધી કર્યા તારા ભજન. તારૂં૦ ।। ૬ ।।

॥ શ્રી રીખભદેવસ્વામીનું સ્તવન ॥

રીખભદેવસ્વામી, તુમે અંતરજામી, વનીતા નગરીનાં તુમે રાય રાય રાય૦ ॥ ૧ ॥ માતા તુમારી મારૂદેવારે, પ્રભુ નાભીરાયાનાં તુમે જાય જાય જાય૦ ॥ ૨ ॥ ઉઠી સવારે કરૂં નિત્ય સેવા, પખાલ કરીને લાગું પાય૦ ॥૩॥ સંગ તમારે પાસ બહુ આવે, અંગીએા રચાવી ખુશી થાય૦ ॥ ૪ ॥ સાંજ સવારે નોબત વાગે, ઇંદ્ર ઇંદ્રાણી ગુણ ગાય૦ ॥૫॥ શીર નમાવી ધન મુની ગાવે, દુઃખડા હરી સુખ થાય થાય થાય૦ ॥ ૬ ॥ રીખભ૦ ઇતિ ॥

॥ શ્રી અષ્ટપ્રકારી પૂજાના દોહા ॥

જળ પૂજા.

(ટોપીવાળાના ટોળાં ઉતર્યા,)

શાણી એા બેનો સમજી સમજીને પૂજા કરો, જેથી થાશે આપણેા ઉદ્ધાર રે. શાણી૦ ॥ ૧ ॥ સામે પ્રતિમા પ્રભુ શ્રી વીરની, પૂજન કરે ભવસિન્ધુ તરાય રે. શાણી૦ ॥ ૨ ॥ પ્રથમ પ્રભુજીને પ્રક્ષાલવા, કળશ ધરો વીવીધ કરમાય રે. શાણી૦ ॥ ૩ ॥ સ્વચ્છ ગળેલાં જલથી ભરો, માહે નાંખો ગાવડી કેરાં દુધ રે. શાણી૦ ॥ ૪ ॥ કરો અભિશેક વિવેકથી, વરસે જેમ એક ધારે વરસાદ રે. શાણી૦ ॥ ૫ ॥ આત્માને કર્મનેા મેલ જે હશે, ટળશે ભાવે જળ પૂજા માંહે રે. ॥ ૬ ॥ શુદ્ધ સ્વેત અંગ લુછણાં, લઇને ત્રણ વખત કરો સાફ રે. શાણી૦ ॥ ૭ ॥

ચંદન પૂજા.

કેસર ચંદનનાં કચોળા ભરો, માંહે ભેળો કસ્તુરી બરાસ રે. શાણી૦ ।। ૧ ।। પ્રેમે નવ અંગે પૂજા કરો, કરો વિલેપન પ્રભુ અંગે ભાવ રે, શાણી૦ ।।૨।। આત્મ શીતલ કરવા ભણી, ચંદન પૂજા કહી શાસ્ત્ર માંહે રે. શાણી૦ ।।૩।।

પુષ્પ પૂજા.

સુમનો લહો કરે વિવીધ જાતીનાં, મોગરો, કેવડો, ગુલાબ, જુઇ, જાઈ રે. શાણી૦ ।। ૧ ।। શુભ ભાવે પ્રભુને ચડાવશો, જેમાં થયું કુમારપાળનું કલ્યાણ રે. શાણી૦ ।। ૨ ।। આત્માની મીથ્યાત્વતા તેથી ટળે, દુરગુણોની દૂરગંધ જાયે દૂર રે. શાણી૦ ।। ૩ ।।

ધૂપ પૂજા.

હવે ધૂપઘટા પ્રગટાવજો, નાશે હોય દૂરગંધ રૂપી પાપ રે. શાણી૦ ।। ૧ ।। આત્મા તેનાથી શુદ્ધ થશે, ઉંચ ગતીને કરશે તે તો પ્રાપ્ત રે. ।। ૨ ।।

દીપક પૂજા.

ભાવે દીપક પ્રગટાવજો, દીપકથી કરો કેવલજ્ઞાન ઉદ્યોત રે. ।। ૧ ।। આત્માને અંધકારી અજ્ઞાન જે, દીપકથી તુરત થાસે દૂર રે. શાણી૦ ।। ૨ ।।

અક્ષત પૂજા.

અક્ષત અણિશુદ્ધ ગ્રહો હસ્તમાં, જ્ઞાન, દર્શન, ચારિત્ર, કરી યાદ રે, શાણી૦ ।। ૧ ।। સિદ્ધશિલાને સ્મરણ

કરો, સ્વસ્તિક કરો નંદાવૃત રસાળ રે. શાણી૦ ।। ૨ ।। અક્ષતપૂજાથી અક્ષય સુખ મળે, જેનો ન હોય કદી પણ નાશ રે. શાણી૦ ।। ૩ ।।

નૈવેદ પૂજા.

વિવીધ જાતનાં પકવાન જે, બરફી, પેંડા, ઘેબર, મોતીચુર રે. શાણી૦ ।। ૧ ।। ઉંચા ભાવે ધરો પ્રભુ ધ્યાનમાં, થાશે જેથી ભવો ભવ કલ્યાણ રે. શાણી૦ ।। ૨ ।। અણાહારી પદને મેળવા, નૈવેદ પૂજા કહી શાસ્ત્રમાંહે રે. શાણી૦ ।। ૩ ।।

ફલ પૂજા.

આંબા નારીકેલ, દ્રાક્ષ, ને શેલડી, ધરો ધરી એક પ્રભુનું ધ્યાન રે. શાણી૦ ।। ૧ ।। ફળ ધરી પ્રભુજીની પાસમાં, માગો ઉંચુ ફળ મોક્ષનું સુખકાર રે. શાણી૦ ।। ૨ ।। અષ્ટ પ્રકારી પૂજા એમ કહી, શાસ્ત્રે પાને પાને લખ્યા પાઠ રે. શાણી૦ ।। ૩ ।। કઇકે જીવોએ અમૃત સાધીઆ, આઠે કર્મ આથી કર્યા દુર રે. શાણી૦ ।। ૪ ।।

શ્રી વીરપ્રભુ સ્તવન

વીરા વેખ્યાના યારી.

મહાવીર જિણંદા, શાસન ચંદા, સેવું તમારા પાય, સેવે સુર નર ઇંદા, જ્ઞાની મુણીંદા, સેવું તમારા પાય. ।। ૧ ।। નમન કરૂં પ્રથમ તમોને, આપો બુદ્ધિ રસાળ, આપનાં શાસનનાં સંતાનો, લળી લળી લાગે પાય રે,

મહાવીર૦ ।। ૨ ।। ગૌતમ ગણધર પાય નમું હું, યાદ કરી ત્રણ કાળ, હે જગવંદન પંચ પરમેષ્ટી, ઉતારો ભવ-પાર રે, મ૦ ।। ૩ ।। બાળક આપશું અર્જ ગુજારે, પાર ઉતારો દયાળ, દેવ દયાનિધી આપ કૃપાથી, કરીશું બેડો પાર રે. મ૦ ।। ૪ ।। અમૃત જ્ઞાન અમ આપ્યું સૂત્રે, ધરશું હૃદય મોજાર ભૂલ ચુક અમ બાળક કેરી, દીલ ન ધરો દાતાર રે. મ૦ ।। ૫ ।।

શ્રી નેમનાથનું સ્તવન

વીરા ઉંઘ છોડીને-રાગ

મોહે ગિરિકી ડગરીંઆ બતાદે સખી, નેમ શ્યામકું મોહે મીલાદે સખી. મોહે૦ ।। ૧ ।। ચેન નહીં ઉન બીન મુજે, ઓર નીંદ નયનમેં નહી, મેં તડપતી મીન જ્યું, દરશનકી કુછ આશા નહીં, મોહે પંખ લગાકે ઉ-ડાદે સખી. મોહે૦ ।। ૨ ।। નેહ નવ ભવ છોડ કર, પશુકી પૂકાર સુની પ્રભુ, મૈ ન ઠહરૂં ઇસ જગે, જાવુંગી જ્યાં વ્હાં હય પ્રભુ, જ્યાં પ્રિતમ હય વ્હાં પ્હોંચાડે સખી. મોહે૦ ।। ૩ ।। પાર કર દીજે પ્રભુ, સંસાર સાગર સેં મૂજે, તૂટી નૈયા હય મેરી, અબ લાજ રખ લીજે પ્રભુ, મોહે મુકિતકી રાહ બતાદે સખી. મોહે૦ ।। ૪ ।। રાજુલ ભકિત ભાવસે, સંજમ લીયે એક તારસે, અષ્ટ કર્મકો છોડ કર, અજરામર પદ કો લીયે, પ્રભુ નામસે ધ્યાનસે મુકિત મીલે. મોહે૦ ।। ૫ ।।

શ્રી મહાવીરજીનું સ્તવન

ખુન્ને જીગરકેા-રાગ

મહાવીર તમારે શરણે આવ્યેા, રાખેા મ્હારી લાજ; મુજ દીન દુઃખીઓ જાણી વ્હાલા! સારેા મ્હારા કાજ, ॥ ૧ ॥ પ્રભુ ત્રિશલા નંદન સ્વામી, તુજ કીર્તિ જગમાં જામી; તુમે જ્ઞાન દીવાકર પામી, પામી થયા શીવકામી. વ્હાલા૦ ॥ ૨ ।. તમે કાપી કર્મની જાળ, તમે છેા જીવનના પ્રતિપાળ, દીનબંધુ દીન દયાળ, સેવકની લેજો ભાળ. વ્હાલા૦ ॥ ૩ ॥ તુજ દર્શનથી હું આજ, પામ્યેા છું ધર્મ જહાજ; મને તારેાને શિરતાજ ? પ્રભુ તું છે ગરીબ નિવાજ. વ્હાલા૦ ॥ ૪ ॥ અલવેષર અવિનાશી, સ્વ-રૂપ રમણ સુવિલાસી; મને આપેા સદ્‌ગુણ રાશી, આપી કરેા શીવવાસી. વ્હાલા૦ ॥ ૫ ॥ નાથ નીરંજન પ્યારા, પ્રભુ દુઃખ હરેાને મ્હારા, શીવ સુખના દેનારા, ખેાલેા શીવપુરના બારા. વ્હાલા૦ ॥ ૬ ॥ કરૂણા નજરથી તારેા, જાણી સેવક તુમારેા; મને કર્મના ભયથી વારેા, આ દાસને દીલ ધારેા. વ્હાલા૦ ॥ ૭ ॥ તું અજરામર જગસ્વામી, હું પાય પડું શીરનામી; નીતિનેા ઉદય પામી, તુજ સેવાનેા છું કામી. વ્હાલા૦ ॥ ૮ ॥

॥ શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન ॥

શી કહું કથની-રાગ.

એક દીન પુંડરીકસ્વામી રાજ, એક દીન પુંડરીકસ્વામી; પ્રભુને કહે શીરનામી રાજ, એક દીન પુંડરીકસ્વામી.

પરમાનંદ પદ પામીશ કે દીન, શાશ્વત સુખ અવીનાશી;
ભવજળ તરીને શીવનગરીમાં, કયારે પામીશ ગુણરાશી.રાજ.
એકદીન૦ ।। ૧ ।। ઉત્તરમાં કહે આદિજીણુંદજી, પામશો
જ્ઞાનનો ભાણુ, શત્રુંજયગીરી હર્ષ ઉલ્લાસે, પામશો પદ
નિર્વાણુ. રાજ. એક૦ ।। ૨ ।। આદિજીણુંદનાં વચનો ઉરમાં,
ધરીને ચિત્ત ઉલ્લાસે, પરવરીયા પંચકોડશું સાથે, કરવા
કર્મનો હાસ. રાજ. એક૦ ।। ૩ ।। ગીરીવર ઉપર ચઢીયા
હર્ષે, અધ્યવસાય કરી શુદ્ધ, અષ્ટકરમ મહા ફોજની સાથે,
લગાવ્યું મોટું યુદ્ધ. રાજ. એક૦ ।।૪।। તીર્થ મહિમા અધિક
ફેલાસે, ગિરિવરનો બહુ જગમા, પુંડરીક ગિરિની પ્રસિદ્ધિ
થાશે, સર્વ જગતનાં નગમાં, રાજ. એક૦ ।।૫।। તમ વિદારી
મોહને મારી, ઘાતિ અઘાતિ વિદારી, કેવળ પામી કર્મોને
વામી, સન્મુખ કરી શીવનારી. રાજ. એક૦ ।।૬।। પુંડરીક
ગણધર સાથે પ્રભુમો, પંચકોટી અણગાર, ચૈત્રીપુનમ દીન
ગીરી પ્રદક્ષિણા, પૂજા અનેક પ્રકાર. રાજ. એક૦ ।। ૭ ।।
પુંડરીક પદનું સ્મરણ કરતાં, સકળ કર્મ ક્ષય થાય;
સૂરિનીતિનાં પાદ પસાયે, ઉદયનાં ભવ દુઃખ જાય. રાજ.
એકદીન૦ ।। ૭ ।।

।। શ્રી પાર્શ્વનાથનું સ્તવન ।।

કઇક કરમનો કરનારો, પ્રભુ શરણ તમારે આવ્યો રે.
મોહરાયે બાંધી રાખ્યો, હવે પ્રભુ છોડાવો રે૦ ।। ૧ ।।
પાપ કરતા પાછું ન જોયું, પ્રભુનું નામ હું ભુલ્યો રે,
દુર્જનની સંગત મેં કીધી, અજ્ઞાનમાં ડુબ્યો રે. કઇક૦

।। ૨ ।। અનાથ જંતુ રાંક બાપડા, તેમાં મેં કીધા વાસા રે,
લાખ ચોરાસી ફેરા ફરતાં, કરી મુક્તિની આશા રે. કઇક૦
।। ૩ ।। સોનું રૂપું જંતર મંતર, તંતર મારે તું છો રે,
આ દુનિયામાં નથીજ ગમતું, મળવા આતુર હું છું રે.
કઇક૦ ।। ૪ ।। સામલીઆ પ્રભુ પાર્શ્વજીનેશ્વર, વ્હાલા
વેગે આવો રે, પુરૂસાદાણી બીરૂદ તમારૂં, શાને ધ્યાન ન
લાવો રે. કઇક૦ ।। ૫ ।। નામ તણો મહીમા છે મ્હોટો,
કઇક જીવોને તાર્યા રે, એવું જાણી દાસ કલ્યાણે, પ્રભુ
પ્રેમે પોકાર્યા રે. કઇક૦ ।। ૬ ।।

जिनेश्वर स्तवन

મેરે મૈલા બુલાલો-રાગ

પ્રભુ દયા લાવો મુજ પાપી પરે; હું પાપી પણ તાહરો દાસ ખરે,

તાહરા ગુણો સ્તવવા નહિ સમર્થ પંડિત બૃહસ્પતિ;
તો કેમ વર્ણન થઇ શકે આ શુષ્ક માનવની મતિ;
હું તો કહું છું માહરા અવગુણ તને. પ્રભુ૦ ।। ૧ ।।

જીવો તણા વધ બહુ કર્યા, બોલ્યો મૃષા વાદ અરે,
ક્રોધ, લોભ, રાગ, માયા, માન બહુ મમ માંહ્ય રે,
વળી વિષય વિટંબણા પીડે અરે. પ્રભુ૦ ।। ૨ ।

પાપો અનંતા કઇ કર્યાં, કરતાં હજુ અટકયો નથી,
વાંકી મતિ મ્હારી સદા, અવળુ સુજાડે સત્યથી,
મ્હારૂં ચિત્ત આકુળવ્યાકુળ બને. પ્રભુ૦ ।। ૩ ।।

મ્હારે શું કહેવાનું રહે, જગનાથ તું જાણે મને;
રત્ન ઉડાડે કાગને, તેમ મેં મનુષ્ય ભવને;
યાચું ભવ ભવ તહારી સેવા મળે. પ્રભુ૦ ।। ૪ ।।

વરસાદ વરસે એક સરખો સારી નરસી ભૂ પરે;
શશી પ્રકાશે તેજ રીતે ઉંચ નીચનાં ઘર પરે,
તેમ કરો કૃપા હું રંક પરે. પ્રભુ૦ ।। ૫ ।।

શ્રી મહાવીરસ્વામી સ્તવન

ગરબો (રાગ—કાંઠે તે કાન).

સેવાના પાઠ વીરે શીખવ્યા હો રાજ, શીખો તમથી જેટલાં શીખાયરે, સુવર્ણ ભારતને આંગણે, સેવાના કામ બહુ દોહ્યલા હો રાજ, જીવના જોખમે એ-ડાય રે. સુ૦ ।। ૧ ।। ઘોર વીકરાળ મહા જંગલે હો રાજ, ફણીધર મહાકાળ રે. સુ૦ ।। ૨ ।। સંતે વિચાર્યું એના મન મહી હો રાજ; ગ્રહ્યું સમતા શસ્ત્ર શ્રીકાર રે. સુ૦ ।। ૩ ।। આત્મ શકિતના માપ માપશું હો રાજ, જગ-તમાં સહુ જીવ છે આજાદ રે. સુ૦ ।। ૪ ।। પ્રયાણ કર્યું આત્મ તેજથી હો રાજ, આવી ચહોંચ્યા જ્યાં છે મણીરાજ. સુ૦ ।। ૫ ।। ક્રોધે ધમધમી ફુફાડાં મારતો હો રાજ; ફેલાણી જ્વાલા ચારે પાસ રે. સુ૦ ।। ।। જેવો ક્રોધી ચંડકોશીઓ હો રાજ, તેવાં ક્ષમા સાગર ગંભીર વીર રે. સુ૦ ।। ૭ ।। સર્પ સ્વભાવે પ્રવૃત્તિ આદરી હો રાજ; વીરે સેવ્યું મૌન ત્યાં ઉદાર રે. સુ૦ ।। ૮ ।। ક્રોધીએ ક્રોધ ઘણો કાઢીઓ હો રાજ; વહ્યું નહી આત્મ તેજ

પાસ રે. સુ૦ ।। ૧૦ ।। અમ્રત સીંચ્યું વીરે કાનમાં હો રાજ; ક્રોધને કરી દે ભાઇ શાંત રે. સુ૦ ।। ૧૧ ।। ક્રોધે આવી ગતિ ઉપની હો રાજ; વધુ ક્રોધે થઇશિ બેહાલ રે. સુ૦ ।। ૧૨ ।। બુજ પ્રાણી અરે તું બાપડા હો રાજ; જગતમાં સહુ જીવ છેસમાન રે. સુ૦ ।। ૧૩ ।। શાન્ત સમાધી મરણે મર્યો હો રાજ; અમૃત સીંચ્યું જગમાં વીરે આમ રે. સુ૦ ।। ૧૪ ।।

શ્રી વીરપ્રભુ સ્તવન

ઉઠ જૈન વીર ભવિકા, સુપ્રભાતે બો.....લ;
બોલો વંદે વીરમ્.... ભવિકા મંત્ર એ વીરમ....બોલો૦ ।।૧।।

જેવા ભાવી જીવન જેનું; રંગે રંગ આદર્શ ભરેલું,
ખીલવો બંધુત્વ પહેલું; મંત્ર એ વીરમ્.....બોલો૦ ।।૨।।

વરષી દાન દઇને જેણે; ગૃહે ગૃહે ફરીને એણે,
સુણવ્યા સંદેશ પ્રેમે, મંત્ર એ વીરમ.....બોલો૦ ।।૩।।

ધર્મે ધર્મ વીર બનજો; કર્મે કર્મ વીર બનજો;
સત્ય અહિંસા ન તજજો; મંત્ર એ વીરમ્....બોલો૦ ।।૪।।

ગૃહસ્થોના ધર્મ સમજો; કલેશ કંકાસ તજજો;
દાન, શીળ, તપ, આચરજો; મંત્રએ વીરમ. બોલો૦ ।।૫।।

ક્ષમા ભાવ હૃદયે ધારો; હું પરનું મુળ બાળો;
સત્ય પંથને સ્વીકારો; મંત્ર એ વીરમ્.....બોલો૦ ।।૬।।

મરતાં શીખો જો પહેલું, જીવવાનું તો છે સહેલું;
અમૃત સધાશે વહેલું, મંત્ર એ વીરમ્.....બોલો૦ ।।૭।।

શ્રી વીરપ્રભુ સ્તવન

રે પડી ભૂમા-રાગ

મહાવીરનો મહામંત્ર જે, અહિંસા તણો છે આપણો; સિદ્ધાંત સમજી વીરના, જૈનત્વને દીપાવજો. મહા૦ ।। ૧ ।। શાન્તિ, ક્ષમા, સમભાવથી, સંસારના સહુ જીવથી; વર્તી પરસ્પર પ્રેમથી, જૈનત્વને દીપાવજો. મહા૦ ।। ૨ ।। સંસારના સંચીતની, સહુ સાંકળે સંકળાયેલા; નહી કોઈને દુભાવતા, જૈનત્વને દીપાવજો. મહા૦ ।। ૩ ।। પલટાય પળ પળ રંગ વીધવીધ, જીવનમાં સહુનાં અરે, કરણીજ તેવા ફળ મળે, જૈનત્વને દીપાવજો. મહા૦ ।।૪।। ચડતી અગર પડતી કદી, શુભ કે અશુભ એ કર્મથી; ચમકાર છે દીન ચારના, જૈનત્વને દીપાવજો. મહા૦ ।।પા નીતિ તણી નૌકા તણા, નાવિક થઇ તારો તરો, નિર્મળ જીવનના નીરથી; જૈનત્વને દીપાવજો. મહા૦ ।। ૬ ।। સેવક બનો સાચા તમે, સ્વપરના કલ્યાણનાં; રક્ષક બની રક્ષા કરો, જૈનત્વને દીપાવજો. મહા૦ ।। ૭ ।।

શ્રી મહાવીરપ્રભુ સ્તવન

તાત સિધારથ ત્રિસલા માતા, ભવ્ય જનોને આનંદ દાતા; પરમ પ્રતાટી પ્યારા હો, એ તો મહાવીર પ્રભુ અમારા; હાં હાં રે એ તો મહાવીર પ્રભુ અમારા. ।। ૧ ।। ભવી મન મંદીર માં રસ રેલે, તીર્થંકર પણ મમતાને મેલે; ગૌતમ તમ હરનારા હો, એતો મહાવીર પ્રભુ અમારા. હાં૦ ।। ૨ ।। જ્ઞાન દ્રષ્ટિથી મનહર મૂર્તિ

ભક્ત જનોને આનંદ કરતી, અચલ અમલ અવિકારા હો; એતો મહાવીર પ્રભુ અમારા. હાં૦ ॥ ૩ ॥ પ્રિતી પૂજ-નથી દર્શ દેનારા; કુંભ રાયનાં મન હરનારા; મુછાળા મહાવીરા હો; એતો મહાવીર પ્રભુ અમારા. હાં૦ ॥૪॥ અતી ઉજવલ અવતારી એવા; મહાગોપ મહામાહણ દેવા; આપો મોક્ષનાં મેવા હો, એતો મહાવીર પ્રભુ અમારા. હાં૦ ॥ ૫ ॥ પ્રીતેથી આગમ પાન કરાવે, ભવ બંધનનાં ભય મટાવે; નીરંજન પદ ધારા હો, એતો મહાવીર પ્રભુ અમારા. હાં હાં૦ ॥ ૬ ॥

શ્રી જીનેશ્વર સ્તવન

રાગ-જંગલા તાલ કહેરવા

પ્યારે પ્યારે મિલો તુમ આવો સદા, પ્રભુ ગાવો સદા મન લા કર તુમ. પ્યારે પ્યારે૦ (ટેક) ॥ ૧ ॥ જનમ અમુલક વૃથા હિ ખોયા, પ્રભુ સ્તવનના સુનકર તુમ; તુંતો પાપેાં કમાવે, મનમેં દ્વિતિયા કમાવે, છલ કપટેાં કરે હર દમ દમ દમ. પ્યારે પ્યારે૦ ॥ ૨ ॥ સંત મુનિયેાનેં સાંચ બિચારા, પાપેાં કરમકેા છોડો તુમ છોડો દુષ્ટોકા સંગ, હોંવો સંતોકા સંગ, મિટે પાપેાં કરમ, ના અજ્ઞાન હો તુમ. પ્યારે૦ ॥ ૩ ॥ જૈન ધરમસેં કરલે સુધારા, તરણ તારણ જૈન હય ધર્મ; ઐસે દીલસેં વિચારા, યહ હય ધર્મ હમારા, હૈ પ્રાણોસેં પ્યારા; જન્મો જનમ. પ્યારે૦ ॥ ૪ ॥ જ્ઞાન દર્શનસેં તત્વકેા પાયા, ચારિત્ર રત્નકેા દીલમેં ચાહુ, અબ તપોકે દ્વારા,

ખોલું શિવપુર બારા, અક્ષય પદકો પાઉં, મનુષ ભવ ન ગુમાઉં. પ્યારે૦ ।। ૫ ।। પ્યારે પ્યારે મિલો તુમ આવો સદા, પ્રભુ ગાવો સદા મન લા કર તુમ, પ્યારે૦

શ્રી સિદ્ધગિરિ મંડન આદિજીન સ્તવન

રાગ–કાલી કમલીવાલે તુમપે લાખો સલામ.

સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ (૨) અંચલી૦ આદિ જીનવર સુખકર સ્વામી, તુમ દર્શનથી શિવપદ પામી, થયા છે અસંખ્ય, જિનને ક્રોડો પ્રણામ. સિ૦ ।। ૧ ।। વિમલગિરિનાં દર્શન કરતાં, ભવો ભવનાં તિમિર હરતાં, આનંદ અપાર, જિનને ક્રોડો પ્રણામ. સિ૦ ।। ૨ ।। હું પાપી છું નીચ ગતિ ગામી, કંચનગિરિનું શરણું પામી, તરશું જરૂર. જિ૦ ક્રો૦ સિ૦ ।। ૩ ।। અણધાર્યો આ સમયમાં દર્શન, કરતાં હૃદય થયું અતિ પરસન, જીવન ઉજ્જવળ,– જિનને. ક્રો૦ સિ૦ ।। ૪ ।। ગોડી પાર્શ્વ જિનેશ્વર કેરી, કરણ પ્રતિષ્ટા વિનતી ઘણેરી, દર્શન પામ્યો માની. જિ૦ ક્રો૦ સિ૦ ।। ૫ ।। સંવત ઓગણીશ નેવું વર્ષે, શુદ પંચમી કર્યા દર્શન હર્ષે, મલ્યો જેષ્ટ શુભ માસ. જિનને ક્રોડો૦ સિ૦ ।। ૬ ।। આતમ કમલમાં સિદ્ધગિરિ ધ્યાને, જીવન ભળશે કેવલ જ્ઞાને, લબ્ધીસૂરિ શિવધામ. જિનને૦ ક્રો૦ સિ૦ ।। ૭ ।।

શ્રી બોધમય જીનેશ્વર સ્તવન

રાગ મેરી અરજી.

કોઇ પુન્ય પ્રભાવે સંસાર તરે, કોઇકર્મના બંધનો બાંધ્યા કરે, માયા મહીં મશ્ગુલ બની, જે માનવી માજા મુકે, જીવતાં અગર મરવા પછી, તે નામને કોઇ ના પૂછે, એવા પાપી પછી પસ્તાવ કરે, ખાડો ખોદે પોતે તેમાં આપ પડે. કોઇ૦ ।। ૧ ।। પુન્યશાળીની પુન્યાઇથી, કંઇક જીવોનું શુભ થાય છે. યશોગાન એવા આત્માના, અવની બધીએ ગાય છે, જન્મયા જીવ્યા જગત જેને ધન્ય કહે; દુનિઆ માંહે અમર તેનું નામ રહે. કોઇ૦ ।। ૨ ।। કાળનું ચક્કર ફરે, જે માનવી જાણે નહિ, પાપમાં રાચ્યાં રહે, પ્રભુ માર્ગ પીછાણે નહીં, બુરૂં ઇચ્છે બીજાનું પોતાનું થશે, જેવું વાવે તેવું તે વૃક્ષ થશે. કોઇ૦ ।।૩।। શુભ કર્મના શુભ યોગથી, ધનવાન જે જગમાં થયા, જ્ઞાનનાં અમૃત સીંચી, અજ્ઞાનથી અળગા રહ્યા, એવા શાસન પ્રેમી ભવસિંધુ તરે, વળી દેવ ગુરૂની નિત્ય ભક્તિ કરે. કોઇ૦ ।। ૪ ।। મનુષ્ય ભવ પામીને સદ્ધર્મને ભૂલે નહીં, દાન, શિયલ, તપ, ભાવના સાધના ચુકે નહીં, એવા ભવ્ય પ્રાણી શીવનારી વરે, ખરી શાંન્તિનાં ધારક તેહ બને. કોઇ૦ ।। ૫ ।।

सद्बोध हितोपदेष

હેન્ડબીલ અમે વાંચ્યું તમારૂં, તેમાં બતાવ્યું મોક્ષનું બારૂં, પણ ઘરનું છે મોટકું કારભારૂં ગુરૂરાજ મ્હારા

ધડપણમાં ગોવિંદ ગાશું, હાલ કામમાં નથી નવરાશું. ગુરૂરાજ૦ ।। ૧ ।। રાંડ કર્મે મલી છે કજીઆરી, નિત્ય કાળજું પ્રજાલે ભમરાલી, ત્યારે ઘરને શું નાખવું બાલી. ગુરૂરાજ૦ ।। ૨ ।। મોટો છોકરો વિલાયતે ગયો છે, નાનો છોકરો જુગારી થયો છે, એવો ઘરબાર ચાલી રહ્યો છે. ગુરૂરાજ૦ ।। ૩ ।। અમે મોટા કહેવાઇયે વેપારી, રાત દિવસ ઘણી હાડમારી, તેથી ક્યાંથી સાંભલીયે તુમારી. ગુરૂરાજ૦ ।।૪।। યુરોપ આફ્રીકા સુધી વિચરશું, આશ-ટ્રેલિયાનું સોનું સંગરશું, અમેરીકાની લક્ષ્મી આઇ ભરશું. ગુરૂરાજ૦ ।। ૫ ।। હજી જીવનદોરી છે મારી લાંબી, હજી કેડની નમી નથી કાંબી, હાલ વૃદ્ધાવસ્થા નથી આવી. ગુરૂરાજ૦ ।। ૬ ।। સાઠ વર્ષની ઉમર થઇ મારી, તે શું આંખે આવે છે તમારી, હજી લાલવી છે નવી નારી. ગુરૂરાજ૦ ।। ૭ ।। પરણી પિતળની થાળીમાં જમશું, રાગ રંગમા રોજ અમે રમશું, તોજ નવી નારીને ગમશું. ગુરૂરાજ૦ ।। ૮ ।। જ્યારે છોકરાનાં છોકરા પરણશે, તેના બાળુડા ખોલામાં મુતરશે, ત્યારે ચિત્તની ચિંતાઓ ટલશે. ગુરૂરાજ૦ ।। ૯ ।। સાઠ લાખની પુંજીને શું કરીયે, સાઠ અબજ તિજોરીમાં ભરીયે, ત્યારે કાંઇક શાન્તિ દિલ ધરીયે. ગુરૂરાજ૦ ।। ૧૦ ।। હજી થાશું હજાર મીલવાળા, ઉપર બાંધશું હજારો માળા, પછી ફેરવશું અમે રોજ માળા. ગુરૂરાજ૦ ।। ૧૧ ।। પેટ ભરવા કીધા બધા પોથા, ગમ વિના મારો બધા ગોથા, એવા જ્ઞાને માનું હું થોથા. ગુરૂરાજ૦ ।। ૧૨ ।। સર્વ

સાધનો લક્ષ્મી થકે સુજે, તેથી અંતરની આપદા બુજે, તેને વાપરતા દિલ મ્હારૂં ધ્રુજે. ગુરૂરાજ૦ ।। ૧૩ ।। ગુરૂ સોનાનાં કિમિયા બતાવો, થઇ ધનવાન ને લઇએ લાવો, તો તો અમને અતીશે ભાવો. ગુરૂરાજ૦ ।। ૧૪ ।। એમ કરતાં તો મરકી આવી, પછી રોગો અનેકે ફસાવી, મોત આવ્યુંને શેઠ ગયા ચાલી. ગુરૂરાજ૦ ।। ૧૫ ।। અમે યૌવનમાં ગોવીંદ ગાશું, અમે મેળવી લેશું નવરાશું અમે શેઠને પરે નવિ થાશું. ગુરૂરાજ૦ ।। ૧૬ ।।

શ્રી અષ્ટાપદનું સ્તવન

નિંદરણી વેરણ હુઇ રહી-એ દેશી

શ્રી અષ્ટાપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદીનાથ કે; ભાવે ચોસઠ ઈંદ્રશું, સમવસણ હો મલ્યા મોટા સાથ કે. શ્રી૦ ।। ૧ ।। વિનિતા પુરીથી આવીયો, બહુ સાથે હો વલી ભરત ભૂપાલ કે; વાંદી હીયડા હેજશું, તાત મુરતી હો નિકે નયણે નિહાલ કે. શ્રી૦ ।। ૨ ।। લઇ લાખીણા ભામણા કહે વયણા હો મોરા નયણ ધન કે, વિણ સાંકળ વિણ દોરડે બાંધી લીધું હો વહાલા તેં મ્હારૂં મન કે. શ્રી૦ ।। ૩ ।। લઘુ ભાઇએ લાડકાં તે તો તાતજી હો રાખ્યા હીયડા હજુર કે, દેશના સુણી વાંદી વદે, ધન્ય જીવડા હો જે તર્યા ભવપુર. શ્રી૦ ।। ૪ ।। પૂછે પ્રેમે પુરીયો, આ ભરતે હો આગલ જગદીશ કે; તીર્થંકર કેતા હોશે; ભણે ઋષભજી હો અમ પછી ત્રેવીસ કે શ્રી૦ ।। ૫ ।। માગની સાંભલી તેરશે, પ્રભુ પામ્યા

હો પદ પરમાનંદ કે; જાણી ભરતેશ્વર ભણે, સસ્નેહે હો નાભીરાયનાં નંદ કે. શ્રી૦ ।। ૬ ।। મન મોહન દીન એટલા, મુજ સાથે હો રૂષણા નવી લીધ કે; હેજ હૈયાનો પરહરી; આજ ઉંડાં હો અબોલડા લીધ કે. શ્રી૦ ।।૭।। વિણ વાંકે કાંઇ વિસારિયા તેં તો તોડયા હો પ્રભુ પ્રેમના ત્રાગ કે; ઇંદ્રે ભરતને બુજવ્યા, દોષ મેલો હો એ જિન વિતરાગ કે. શ્રી૦ ।। ૮ ।। શોક મુકી ભરતેશ્વરૂં, વારધિક ને હો વલી દીધ આદેશ કે; પૂજા કરો જિન થાનકે સકાર્યા હો તાતજી રીસહેસ કે. શ્રી૦ ।। ૯ ।। વલી બંધવ બીજા સાધુના તીહાં કીધા હો ત્રણ પૂજા અનુપ કે; ઉંચો સ્ફટીક રત્નનો, દેખી ડુંગર હો હરખ્યા ભલે ભૂપ કે. શ્રી૦ ।। ૧૦ ।। રતન કનક થુભ ઢુંકડો, કરો કંચન હો પ્રાસાદ ઉતંગ કે; ચોવારો ચુપે કરી, એક જોયણ હો માને મન રંગ કે. શ્રી૦ ।। ૧૧ ।। સિંહ નિષિધા નામનો ચોરાસી હો મંડપ પ્રાસાદ કે, ત્રણ કોશ ઉંચો કનકનો, ધ્વજ કલશ હો કરે મેરૂ શું વાદ કે. શ્રી૦ ।। ૧૨ ।। વાન પ્રમાણે લંછને જિન સરખી તીહાં પ્રતિમા કીધ કે; દોય ચાર આઠ દશ ભણી ઋષભાદિક હો કરી પરસિદ્ધ કે. શ્રી૦ ।। ૧૩ ।। કંચન મણી કમલે ઠવી પ્રતિમાની હો આણી નાષિકાં જોડ કે; દેવ વંદે રંગ મંડપે નીલા તોરણ હો કરી કોરણી કોડ કે. શ્રી૦ ।। ૧૪ ।। બંધવ બેન માતા તણી મોટી મુરતી હો મણી રતને ભરાય કે; મરૂદેવા મયગલ ચઢી; સેવા કરતી હો જિન મુરતીની પાય કે. શ્રી૦ ।। ૧૫ ।। પ્રાતિહારજ છત્ર ચામરા જજ્ઞાદિક હો કીધા આનિ મેષ કે; ગૌ મુખ ચતુર ચકેસરી ગઢવાડી હો કુંડ

વાવ્યા વિષેશ કે. શ્રી૦ ।। ૧૬ ।। પ્રતિષ્ટા પ્રતિમા તણી કરાવે હો રાજા મુનિવર હાથ કે; પૂજાસ્નાત્ર પ્રભાવના, સંઘ ભકિત હો ખરચી ખરી આપ કે. શ્રી૦ ।। ૧૭ ।। પડતે આરે પાપીયા મત પાડો હો કોઇ વીરૂઈ વાટ કે; એક એક જોયણ આંતરે ઇમ ચીંતવી હો કરો પાવડિયાં આઠ કે. શ્રી૦ ।। ૧૮ ।। દેવ પ્રભાવે એ દેહરાં રહેશે અચિલ હો છઠ્ઠા આરાની સીમ કે વાંદે આપલબ્દી ભલે નર તેણે ભવે હો ભવ સાગર ખીમ કે. શ્રી૦ ।। ૧૯ ।। કૈલાસગીરીના રાજીયા, દીએો દરીસણ હો કાંઈ મ કરો ઢીલ કે; અરથી હોજો ઉતાવળા મત રાખો હો અમશું કાંઇ ભેદ કે. શ્રી૦ ।। ૨૦ ।। મન માન્યાને મેલવે આવા સ્થાન કે; હો કોઇ ન મલે મિત્ર કે અંતરજામી મીલ્યા પછી કિમ ચાલે હો રંગ લાગ્યો મજીઠ કે. શ્રી૦ ।।૨૧।। ઋષભજી સિદ્ધી વધુ વર્યા ચાંદલીયા હો તે દેવડકે દેખાળ ભલે ભાવે વાંદી કરી માગું મુકિતના હો મુજ બાર ઉ-ઘાડ કે. શ્રી૦ ।। ૨૨ ।। અષ્ટાપદની જાતરા ફલ પામે હો ભાવે ભણે ભારી કે. શ્રી ભાવવિજય ઉવઝાયનો ભાણ ભાખે હો ફલે સઘલી આશ કે. શ્રી૦ ।। ૨૩ ।।

स्तवन.

શ્રી રાગ છાયા ખમાચ-ત્રિતાલ

મ્હારી નાડ તમારે હાથે પ્રભુ સંભાળજો રે, મુજને પોતાનો જાણીને પ્રભુ પદ પાળજો રે. મ્હારી૦ પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું; મને હશે શું

થાતું નાથ? નિહાળજો રે. મ્હારી૦ ।। ૧ ।। અનાદી આપ વૈદ્ય છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા, દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે. મ્હારી૦ ।। ૨ ।। વિશ્વેશ્વર શું હજી વિસારો, બાંહ્ય હાથ છતાં કાં હારો? મ્હારા મુંઝારો મારો, નટવર ટાળજો રે. મ્હારી૦ ।। ૩ ।। કેશવ હરિ મારૂં શું થાશે? ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે? લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે. મ્હારી૦ ।। ૪ ।।

શ્રી વીરપ્રભુ સ્તવન

તાળી સાથે ચાલે

વીર તમારૂં નામ વ્હાલું લાગે હો શ્યામ, શીવ સુખદાયા, પ્રભુ મોક્ષ સુખદાયા, મહાવીર નામ વ્હાલું લાગે હો શ્યામ. ।। ૧ ।। ક્ષત્રિય કુળમાં જન્મ્યા જીણુંદજી, ત્રીશૂકુમરી હુલરાવ્યા હો. શ્યામ૦ ।।૨।। માથાનાં મુગટ, છો આંખોના તારા, જન્મથી મેરૂ કંપાયા. હો શ્યામ૦ ।।૩।। મિત્રોની સાથે રમત રમતાં, દેવ ભૂજંગ રૂપ ઠાયા. હો૦ ।। ૪ ।। નિર્ભય થઈને ભૂજંગને ફેંકી, આમલ ક્રીડાને સોહાયા. હો૦ ।। ૫ ।। મહાવીર નામ દેવે નાથે ત્યાં દીધું, પંડિત વિસ્મય પામ્યા. હો ।। ૬ ।। ચારિત્ર લઇ પ્રભુ કર્મ હટાઈ, કેવલ જ્ઞાન પ્રગટાવ્યા. હો૦ ।। ૭ ।। હિંસા મૃષા ચોરી મૈથુન વારી, પરિગ્રહ બૂરા બતાવ્યા. હો૦ ।। ૮ ।। આત્મ કમલમાં શૈલેશી સાધી, શીવ લબ્ધી ઉપાયા. હો શ્યામ૦ ।। ૯ ।।

શ્રી આદિનાથ સ્તવન

(રાગ મેરે મૈલા બોલાલેા.)

આદિનાથ જિણુંદ ભવપાર કરેા, મારાં જન્મ મરણુનાં દુઃખ હરેા.

શેર.

તું પ્રભુ શિવધર બન્યેા ને હું અશિવ ઘરમાં રહું,
તું અનંત સુખમાં રમે છે, હું ભવ દુઃખ ભમુ,
મારી દુઃખી દશાનેા વિચાર કરેા. આદિ૦ ॥ ૧ ॥

શેર.

આદિ રાજા આદિ સાધુ, આદિ તું ભિક્ષાચરૂં,
આદિ તિર્થનાથ તુંહી ભવરક્ષા કરૂં,
મારા મન મંદિરમાં નિત્ય ફરેા. આ૦ ॥ ૨ ॥

શેર.

માતને કેવલ સમર્પી ભક્તિ લાહેા તેં વર્યો,
માત પણ સુત વધુ જોવા મુક્તિ નિલય દિલ ધર્યો,
પ્રભુ એ તેા અપૂર્વ સંબંધ ખરેા. આ૦ ॥ ૩ ॥

શેર.

ઉના નગરમાં આજ પામી, દર્શ મારૂં દિલ ઠર્યું,
મૂર્તિ પ્રભુની શાંત નિરખી, સમરસે જીગર ભર્યું,
મારી આત્મ દશાનેા વિકાસ કરેા. આદિ૦ ॥ ૪ ॥

શેર.

આત્મ કમલે જેહના શ્રી જિનવરો વસતા રહે,
લબ્ધીનાં ભંડાર તે નર, શિવપુર જલદી લહે,
મારા નાથ લબ્ધીનો ભંડાર ભરો. આદિ૦ ।। ૫ ।।

આદિ જિન સ્તવન

ચાલ. થઈ પ્રેમવશ પાતલીયા

પ્રભુ આદિ જિન સુખકંદા, હરો જન્મ મરણ ભય ફંદા રે. પ્રભુ૦ આદિ રાજ્ય ભોગી સૃષ્ટીમેં, તુમ વિન અવર ન કોઇ, શુદ્ધ ન્યાયસે દુનિયા મોહી, આચાર નિવારા ગંદા રે. પ્રભુ૦ ।। ૨ ।। આદિ ભવ સાગર તરનેકા મારગ આપ બતાયા, મતુ શુદ્ધ સંયમ મનભાયા, નાભિકુલ સાગર ચંદા રે. પ્રભુ૦ ।। ૨ ।। જ્ઞાન ધ્યાનસે કર્મારિકો, તુમને દુર નસાયા, ફિર કેવલ હૃદય વસાયા, પાયા પદ પરમાનંદા રે. પ્રભુ૦ ।। ૩ ।। મારૂદેવી નંદનકેરી, મૂરતિ મોહનગારી, ભવિજન સંકટ હરનારી, સેવે મુનિગણ સુરવૃંદા રે. પ્રભુ૦ ।। ૪ ।। કૃપા યદિ તુમ હોવે સ્વામી, આતમ લક્ષ્મી પાઉ; કહે તિલક લલિત ગુણ ગાઉં, ધ્યાઉં ધરી હર્ષ અમંદા રે. પ્રભુ૦ ।। ૫ ।।

સ્તવન

રાગ-શું કહું કથની મારી.

કયા કહું કથની મારી રાજ, કયા કહું કથની મારી; મેં તો કીની ન સેવા તુમારી. રાજ૦ ભવ અટનીમેં ભ્ર-

મણ કરત પ્રભુ, શુદ્ધ બુદ્ધ સઘલી હારી, વિણ તુમ ભિન નહીં શરણ મિલા કહીં, ઈસિ વિધ ગઇ મતિ મારી. રાજ૦ કયા૦ ।। ૧ ।। રાગ દ્વેષથી બહુ ભવ પાયેા, નરકાદિક દુઃખ ભારી, પુન્ય યેાગે માનવ ભવ પાયેા, હારી શરણ તુમ ધારી. રાજ૦ કયા૦ ।। ૨ ।। તુમ દરિશનસે પાપ પલાવે, જાવે મદન વિકારી, શિવ સુખ આપે ભવદુઃખ કાપે, નેક નજર પ્રભુ થારી. રાજ૦ કયા૦ ।। ૩ ।। શાન્ત સુધારસકે તુમ સાગર, શાન્ત કરેા અઘમારી, ભવદાવાનલમેંસેં નિકાલેા, પાલેાને નીતિ તુમારી. રાજ૦ કયા૦ ।।૪।। આતમ લક્ષ્મી વલ્લભ પાઉં, દુરિત ખપાઉં સારી; તિલક કહે પ્રભુ આ ભવમાંહી, તુમ સેવા દિલધારી. રાજ કયા કહું કથની મારી. કયા૦ ।। ૫ ।।

શ્રી આદિનાથ સ્તવન

જીરે સફલ દિવસ આજ માહરેા, દીઠેા પ્રભુનેા દેદાર, લય લાગી જીનજી થકી, પ્રગટયેા પ્રેમ અપાર, ઘડી એક વિસરેા નહિં સાહિબા, સાહિબા ઘણેા રે સનેહ, અંતરજામી છેા માહરા, મરૂદેવીના નંદ. ઘ૦ ।। ૧ ।। જીરે લઘુ થઈને મનડું રહી, પ્રભુ સેવાને કાજ, તે દિન કયારે આવશે, શિવ સુખના દાતાર. ઘ૦ ।। ૨ ।। જીરે પ્રાણેસર પ્રભુજી તુમેં, આતમના આધાર, માહરે મન પ્રભુ તુમેં એક છેા, જાણુજો જગદાધાર. ઘ૦ ।। ૩ ।। જીરે એક ઘડી પ્રભુ તુમ વિના, જાએ વરસ સમાન, પ્રેમ વિરહ તુજ કેમ ખમું, જાણેા વચન પ્રમાણ, ઘ૦ ।।૪।।

જીરે અંતર ગતની વાતડી, કહો કેને કહેવાય, વાલેસર વિશ્વાસીને, કહેતાં દુઃખ જાય. ધ૦ ।। ૫ ।। જીરે દેવ અનેક જગમાંહે છે, તેહની રીત અનેક, તુજ વિના અવરને નહી નમું, એવી મુજ મન ટેક. ધ૦ ।। ૬ ।। જીરે પંડિત વિવેકવિજય તણો, નમે શુભ મન ભાય, હર્ષ વિજય શ્રી ઋષભના, જુગતે ગુણ ગાય. ધ૦ ।। ૭ ।।

અથ શ્રી શાન્તિજિન સ્તવન

રાગ–ભરતને પાટે ભૂપતી રે.

શાન્તિ જીનેશ્વર સાહિબા રે, શાન્તિ તણો દાતાર, સલુણા૦ અંતરજામી છો માહરા રે, આતમના આધાર, સલુણા૦ શાન્તિ૦ ।। ૧ ।। ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મલવાને કાજ, સલુણા૦ નયણ ચાહે પ્રભુ નિરખવા રે, દ્યો દરિસણ મહારાજ, સલુણા૦ શાન્તિ૦ ।। ૨ ।। પલક ન વિસરો મન થકી રે, જેમ મોરા મન મેહ, સલુણા૦ એક પખો કેમ રાખીયે રે, રાજ કપટનો નેહ, સ૦ શાન્તિ૦ ।। ૩ ।। નેહ નજર નિહાલતાં રે, વાધે બમણો વાન, સ૦ અખુટ ખજાનો પ્રભુ તાહરો રે, દીજિયે વંછિત દાન, સ૦ શાન્તિ૦ ।। ૪ ।। આશ કરે જે કોઇ આપણી રે, નહી મૂકીયે નીરાશ, સ૦ સેવક જાણીને આપણો રે, દીજીયે તાસ દિલાસ, સ૦ શાન્તિ૦ ।। ૫ ।। દાયકને દેતાં થકાં રે, ક્ષણ નવિ લાગે વાર, સ૦ કાજ સરે નિજ દાસનાં રે, એ મોહોટો ઉપગાર, સ૦ શાન્તિ૦ ।। ૬ ।। એવું જાણીને જગધણી રે, દિલ-

માંહિ ધરજો પ્યાર, સ૦ રૂપ વિજય કવિ રાયનો રે, મોહન જય જયકાર, સ૦ શાન્તિ૦ ॥ ૭ ॥

શ્રી શાન્તિનાથ પ્રભુ સ્તવન

રાગ અવિકારી, અવિકારી, અવિકારી.

બલિહારી બલિહારી બલિહારી જગનાથ હો જાઉં તોરી, શાન્તિજીન શાન્તિ દરિસન દીજીયેં હોજી, કાલ અનાદિ કેરા, ફરતા હું જગમેં ફેરા, અંત ન આયો જીન ઉપકારી. જગનાથ૦ ॥ ૧ ॥ પુન્ય ઉદય થાયો, ચરણ શરણે દાયો, ઔર ન તુમ સમ જગ દાતારી. જગ૦ ॥ ૨ ॥ ચિદ્‌ઘન નામી સ્વામી, શીવપદ રામી પામી, ખોટ ન માનું અબ હીતકારી, જગ૦ ॥ ૩ ॥ દીન અનાથ નાથ, ગ્રહીયો મેં હાથોહાથ, તારો સેવક ભવજલ પારી. જગ૦ ॥ ૪ ॥ આતમ સુખ આપો, વલ્લભ દુઃખ કાપો, ફીર ન લહું ભવ અવતારી. જગ૦ ॥ ૫ ॥

શ્રી આદિનાથ જીન સ્તવન

રાગ-થયા છો રે.

પ્રભુ છોરે શ્રી નાભીરાજાનાં પુત્ર તુમે આદિનાથ, ભરતરાયને રાજ ભળાવી, લીધો સંજમભાર, પુર્વ કર્મ, જાણી મર્મ, એવો ધર્મ, તપ વર્ષો કરીને કર્મ ખપાવી, તુમે થયા વિતરાગ. પ્રભુ છોરે શ્રી૦ ॥ ૧ ॥ કોઇ મણી માણેક મોતિજ દેવે, કોઇ ગજરથ ભંડાર, હાથ જોડી માન મોડી, મારા સ્વામી, વીસરામી, કહે ભવ્ય જીવો પ્રભુ

પાય પડીને, વિનતિ સુણો આવાર. પ્રભુ૦ ।। ૨ ।। ૠષભદેવજી ત્યાંથી ચાલ્યા, શ્રી શ્રેયાંશ દરબાર, એક સો આઠ, ઘડા સાઠ, રૂડો આહાર, ઇક્ષુરસ વોહરાવી શ્રેયાંશ કુંવરજી થયા ખુશી અણગાર. પ્રભુ૦ ।। ૩ ।। કેવલ પામી માતાને દીધું, જ્ઞાન અનંત અપાર, કહે રિદ્ધિ, બહુ સિદ્ધિ, પ્રભુ પામ્યા, દુઃખ વામ્યા, પ્રભુ મારી ગતિ શી થાશે હો જીનજી તાર તાર મુજ તાર. પ્રભુ૦ ।। ૪ ।।

શ્રી ગૌતમ સ્વામી સ્તવન

રાગ-દાદા દુઃખ વારો રે.

વીર વ્હેલા આવોરે, ગૌતમ કહી બોલાવો રે,
દરિસણ વ્હેલા દીજીયે હોજી,
પ્રભુ તું ન સ્નેહી હું સસ્નેહી અજાણ. વીર૦ એ આંકણી

સાખી.

ગોતમ ભણું ભોં નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો,
પરગામ મુજને મોકલી, તું મુકિત રમણીને વર્યો;
પ્રભુજી ત્હારા ગુમ ભેદોથી અજાણ. વીર૦ ।। ૧ ।।

સાખી

શીવનગર થયું શું સાંકડું કે, હતી નહિ મુજ યોગ્યતા,
કહ્યું હોત જો મુજને તો, કોણ કોઇને રોકતા;
પ્રભુજી હું શું માગત ભાગ સુજાણ. વીર૦ ।। ૨ ।।

સાખી

મમ પ્રશ્નનાં ઉત્તર દઇ, ગૌતમ કઈ કોણ બોલાવશે,
કોણ સાર કરશે સંઘની, શંકા બિચારી કયાં જશે,
પુણ્ય કથા કહી પાવન કરો મુજ કાન. વીર૦ ।। ૩ ।।

સાખી

જીન ભાણ અસ્ત થતાં, તિમિર મિથ્યાત્વ સઘળે જાગશે,
કુમતિ કુશલ્ય જાગશે, વળી ચાર ચુગલ વધી જશે;
ત્રિગડે બેસી દેશનાં દીયે જીનભાણ. વીર૦ ॥ ૪ ॥

સાખી

મુનિ ચૌદ સહસ્ત્ર છે તાહરે, વીર માહરે તું એક છે,
રડવડતો મ્હને મુકી ગયા, પ્રભુ ક્યાં તમારી ટેક છે;
સ્વપનાંતરમાં અંતર ન ધર્યો સુજાણ. વીર૦ ॥ ૫ ॥

સાખી

પણ હું આજ્ઞા વાટ ચાલ્યો, ન મળે કોઇ અવસરે,
હું રાગ વશ રખડું નિરાગી, વીર શીવપુર સંચરે;
હું વીર વીર કહું વીર ન ધરે કાંઇ ધ્યાન. વીર૦ ॥ ૬ ॥

સાખી

કોણ વીરને કોણ ગોતમ, નહિ કોઇ કોઇનું કહ્યા,
એ રાગ ગ્રંથથી છૂટતાં, ને જ્ઞાન ગોતમને થતાં;
સુરતરૂ મણી સમ ગોતમ નામે નીધાન. વીર૦ ॥ ૭ ॥

સાખી

કાર્તિક માસે અમાસ રાતે, અષ્ટ દ્રવ્ય દીપક મળે,
ભાવ દીપક જ્યોત લોકો, દેવ દીવાળી ભણે;
વીર વિજયનાં નરનારી ધરે ધ્યાન. વીર વેગે૦ ॥ ૮ ॥

આદીશ્વરનું સ્તવન

રાગ-સિદ્ધાચલના વાસી.

શ્રી આદીશ્વર બાબા તુમસેં લાખો પ્રણામ, તુમસેં લાખો પ્રણામ. શ્રી૦ આપને યુગલા ધર્મ નીવારા, નીતિ

રીતીકેા કીના પ્રચારા, દીના વાર્ષીક દાન, તુમસેં લાખેા પ્રણામ. ।। ૧ ।। પંચ મહાવૃત ધર્મ સ્વીકારા, સાથમેં નીકલે ચાર હજારા, વાર્ષીક તપ અભિરામ, તુમસે લાખેા પ્રણામ ।। ૨ ।। કેવલ પાકર ધર્મ બતાયા, સત્ય શાન્તિ કા નાદ સુણાયા, ભવીક જીવ વીશ્રામ, તુમસે લાખેા પ્રણામ. ।।૩।। પુન્ય નસીબસેં જીન દર્શન પાયા, રતન ચિંતામણી હાથમેં આયા, મેારેકેા કયા કામ; તુમસે લાખેા પ્રણામ. ।। ૪ ।। મુકિત કમલમેં વાસ તુમારા, ચારિત્ર દર્શન જય જયકારાં, સીદ્ધાચલ શુભ ધામ; તુમસેં લાખેા પ્રણામ. ।। ૫ ।। શ્રી આદીશ્વર બાબા તુમસેં લાખેા પ્રણામ.

ઋષભદેવજીનું સ્તવન

રાગ-ચેામાસી પારણું આવે.

ઋષભ દેવજી વરસ ઉપવાશી, પુરવની પ્રિતી પ્રકાશી, શ્રી શ્રેયાંસ બેાલ્યા શાબાસી, બાવાજી વિનતી અવધારેા. ।। ૧ ।। સેલડી રસ સુજંતેા વેારેા, નાથજી તમે મુકશેા તેારેા, દરિશણ આલેા પ્રભુ તેારેા; બાવાજી વિનતી અવધારેા. ।। ૨ ।। પ્રભુજીએ માંડી પસલી, આહાર લેવા તણી ગતિ હંસલી, તીયા નાઠી દુરમતિ બશલી; બાવાજી વિનતિ અવધારેા. ।। ૩ ।। ચેાગાદિક પર્વતે જાણેા, અક્ષય દિન ત્રીજ વખાણેા, તિહા લેાક કરે ગેાલમાણેા; બાવાજી વિનતિ અવધારેા. ।। ૪ ।। અજુવાલી ત્રીજ વૈશાખી, પ્રગટયા પંચકાવ્ય સુર સાખી, તિહાં દાન તણી ગતિ દાખી; બાવાજી વિનતિ અવધારેા. ।। ૫ ।। સહસ્ર

વરસ જે કેવલ રહ્યા, એક લાખ પૂર્વ અરચાયા, તિહાં પ્રેમે મહોદય પાયા; બાવાજી વિનતિ અવધારો. ।। ૬ ।। શ્રી ઉદયરત્ન ઉવજ્ઝાયા, પૂજે શ્રી ઋષભજીણુંદના પાયા, જેણે જૈન ધર્મ ઉપાયા; બાવાજી વિનતિ અવધારો. ।।૭।।

ઋષભજીનું બાલુડો સ્તવન

માતા મારૂદેવી મન ચિંતવે રે લોલ, કરી કરી તે ઉંડો આલોચ રે, શોચ ભરી રોવંતી માવડી રે લોલ, નવી જાણો ઋષભ મુજ શોચ રે; એવો નીસ્નેહ મારો બાલુડો રે લોલ, બાલુડા તું કર મારી સાર રે, એવો નીસ્નેહ વાલા શું થયો રે લોલ. ।। ૧ ।। આંખે ન આવે મુજ નિદ્રડી રે લોલ, વલી જમતા ન ભાવે ભોજન રે, જનના શબ્દ કાને નવી ગમે રે લોલ, વલી બીયું તસ કેતા ઓલંબ રે. એવો નીસ્નેહ૦ ।। ૨ ।। ભરત પ્રત્યે દીયે ઓલંભા રે લોલ, ઘરે બેઠા છો તાત ગયા વન રે, રેરે ભરતે મુજને દાખવીયો રે લોલ, માજી મ કરો બાલુડાનું વિલાપ રે, એવું નીસ્નેહ મારો બાલુડો રે લોલ. ।। ૩ ।। માતા પ્રત્યે ભરત વિનવે રે લોલ, માજી મુજ પર મ કરો રીસ રે, એતો નિરાગી ત્રિલોકના રે લોલ, જાણે થયા છે નિશ્ચે ઇશ રે; એવું નીસ્નેહ મારો બાલુડો રે લોલ. ।। ૪ ।। ગજ અંબાડી બેસાડીયા રે લોલ, શબ્દ સુણી જાણીયો ખોટો સંસાર રે, ક્ષપક શ્રેણીક કેવલ પામ્યા રે લોલ, તરત ઓલ્યા છે મુકિતના દ્વાર રે, એવો નીસ્નેહ મારો બાલુડો રે લોલ. ।। ૫ ।। માતા

સમોવડ કોઈ નહી રે લોલ, વલી પુત્ર પણ તેવા રતન રે, બીયું પ્રતે કરૂં વંદના રે લોલ, આસપાસ છે વીર વચન રે; એવુ નીસ્નેહ મારો બાલુડો રે લોલ. ॥ ૬ ॥

શ્રી શાન્તિનાથ સ્તવન

રાગ–માતા અરૂદેવીના નંદ

માતા અચિરાદેવીનંદ ? અનુપમ શાંતિધારી મારૂં દીલડું ઠારોજી, કે મારા દુઃખડા વારોજી, જ્ઞાન ગુણાકર સુખ રત્નાકર, દુઃખી દુઃખ હરનાર, ગર્ભગતે પણ શાંતિ કીધી, વાર્યો રોગ વિકાર. માતા૦ ॥ ૧ ॥ શક્રાદિક સૂર વર સવિ મલીને, મેરૂ શિખર મઝાર, જન્મ મહોત્સવ જિનનો કરતાં, હૃદયે હર્ષ અપાર. માતા૦ ॥ ૨ ॥ ઈંદ્રાણી કટી હાથ ધરીને, નાચે ઠમ ઠમ તે ઠામ, પગે ઘુઘરા ઘમ ઘમ ઘમકે, ગાવે સ્વરોના ગ્રામ. માતા૦ ॥૩॥ એણીપરે રૂડો મહોત્સવ કરીને, જિન મુકી જનની પાસ, નંદીશ્વર અષ્ટાન્હિક મહોત્સવ, કરી ગયા નિજ વાસ. માતા૦ ॥ ૪ ॥ અનુક્રમે પ્રભુ વૃદ્ધિ પામી, કર્યું ષટ્ ખંડે રાજ્ય, ક્ષણુભંગુર તે ક્ષણુમાં ત્યાગી, લીધું સંયમ સામ્રાજ્ય. માતા૦ ॥ ૫ ॥ તપ કરીને પ્રભુ કેવલ પામ્યા, સ્થાપ્યું શાસન સાર, ભવ્ય જીવોને ભવસાગરથી, પાર થવા આધાર. માતા૦ ॥ ૬ ॥ શાસન સ્થાપી અસત્ય કાપી, કરી ઘણો ઉપકાર, આત્મલબ્ધિ લેવા કાજે, ગયા મોક્ષ મોઝાર. મા૦ ॥ ૭ ॥

શ્રી રાધનપુર મંડન શ્રી શાન્તિજિન

રાગ-મારૂં વતન આ મારૂં વતન

પ્રભુ નમન કર પ્રભુ નમન, ખરૂં ખરૂં છે પ્રભુ નમન, રાગ દ્વેશની છાયા નહિ જ્યાં, એવા પ્રભુથી ટળે ભવનું ભ્રમણ. પ્રભુ૦ ।। ૧ ।। ક્રોધ માન માયા દૂર કાઢો, લોભ તણા પ્રભુ તોડો ફંદન. પ્રભુ૦ ।। ૨ ।। શાંતિજિનેશ્વર જગ પરમેશ્વર, ભજન તમારૂં તાપ હરે ચંદન. પ્રભુ૦ ।। ૩ ।। ષડ્ ખંડ ત્યાગી સંજમ ધાર્યું, અદ્‌ભૂત ત્યાગી તને કરૂં વંદન. પ્રભુ૦ ।। ૪ ।। આત્મ કમલમાં લબ્ધિ સ્થાપો, તુંહી શરણ પ્રભુ તુંહી શરણ. પ્રભુ૦ ।।૫।।

શ્રી કુંથુજિન સ્તવન

રાગ-ગઝલ

કુંથુજિન મેરી ભવ ભ્રમણા, મિટા દોગે તો કયા હોગા ? (અંચલી) ચોરાસી લાખ યોનિમેં, પ્રભુ મૈં નિત્ય રૂલતા હું, દયાલુ દાસકો તેરે, બચાલોગે તો કયા હોગા ? કુંથુ૦ ।। ૧ ।। ઘટા ઘન મોહકી આઈ, છટા અંધેરકી છાઈ, પ્રકાસી જ્ઞાન વાયુસે, હટા દોગે તો કયા હોગા ? કુંથુ૦ ।। ૨ ।। અહો પ્રભુ નામકા તેરે, સહારા નિશદિન ચાહું, સમર્પી પ્રેમ અંતરકા, વિકાશોગે તો કયા હોગા ? કુંથુ૦ ।। ૩ ।। નહિ હૈ કામ સોનેકા, નહિ ચાંદી પસંદ મુજકો, ચાહું મૈ આત્મકી જ્યોતિ, દીખાદોગે તો કયા હોગા ? કુંથુ૦ ।। ૪ ।। સચ્ચી મૈ દેવકી સૂરત, તુમારેમેં

નિહાલી હૈ, લગા હૈ પ્રેમ ઇસ કારણ, નિભાલોગે તો કયા હોગા ? કુંથુ૦ ।। ૫ ।। કમલ જેસા તેરા મુખડા, દેખા છાયાપુરી માંહી, બના લબ્ધિ ભ્રમર ઇસમેં, છુપા-લોગે તો કયા હોગા ? કુંથુ૦ ।। ૬ ।।

શ્રી મલ્લિનાથ સ્તવન

રાગ-કેશરીઆ થાશું

મલ્લિજિન સ્વામી, આવ્યો તમારા દરબારમાં, કાલ અનંતો ભૂલ્યો રૂલ્યો, ગતિ નિગોદ મોઝારી, શ્વાસમાંહી ભવ સત્તર કીધા, દીઠી ન સુખની બારી રે. મલ્લિ૦ ।।૧।। નદી ગોલના ન્યાયે પત્થર જેમ, ગોલ મોલ હો જાવે, તેમ અકામે કરમ ઝરતાં, વ્યવહાર પદ પામે રે. મલ્લિ૦ ।। ૨ ।। પૃથ્વી પાની તેઉ વાઉ, વનસ્પતિમાં રૂલીયો, ત્યાંથી થોડા પુણ્ય ઉદયથી, વિકલેંદ્રિયમાં ભલિયો રે. મલ્લિ૦ ।। ૩ ।। ત્યાં પણ ટાઢ તડકા આદિ, વેઠી દુઃખ અપાર, શાન્ત સ્વભાવે પુણ્ય થવાથી, પંચેંદ્રિય અવતાર રે. મલ્લિ૦ ।। ૪ ।। ગાડે જોડયો એક્કે જોડયો, આરે તોડયો ચામ, કષ્ટ સહ્યાથી હલકો થઇ હું, પામ્યો વર નર ધામ રે. મલ્લિ૦ ।। ૫ ।। આર્ય ક્ષેત્રે શ્રાવક કુલે, પુણ્ય ઉદય હું આયો, અઢી વર્ષની બાલ ઉમ્મરમાં, દર બાર તુમ પાયો રે. મલ્લિ૦ ।। ૬ ।। ઠાઠમાઠ ને ભપકો દેખી, અચરિજ હું તો હોતો, દરબાર રૂપ જે હવે સ-મજ્યો, ત્યારે સમજ્યો નહોતો રે. મલ્લિ૦ ।। ૭ ।। સ્વરૂપ સમજી સ્મરણ કરે તે, લેવે ઉત્તમ ધામ, આત્મ લક્ષ્મી શુદ્ધ વરીને, પામે પદ નિર્વાણ રે. મલ્લિ૦ ।।૮।।

શ્રી પાર્શ્વજિન સ્તવન

રાગ-થઈ પ્રેમવશ પાતલીયા

શ્રી પાર્શ્વજિન ગુણ દરીઆ, મેરા દિલ પ્રભુને હરિયા રે, શંખેશ્વર વર નામ ધરાયેા, ભવ્ય જીવન મનેાહારી, તુજ ચરણે શિર ઝુકાઈ, કેઇ જીવ ભવેાદધિ તરીયા રે. શ્રી૦ ।। ૧ ।। પુરૂષાદાનીય નામ કરમસે, નામ અનેક તુમ ધારેા, જપનેસે હેાય સુધારેા, જાપક શુભ ગતિ અનુસરીયા રે. શ્રી૦ ।। ૨ ।। ગત ચેાવીશમેં યહ સુંદર, બિંબ પ્રભુકેા નિપાયેા, હમ પુણ્ય ઉદય ખુબ છાયેા, તબ દર્શન જિનકા કરીયા રે. શ્રી૦ ।। ૩ ।। લબ્ધિ ધારી મંગલ કારી, મેરૂ ઉપમા ધારેા, લક્ષણ હૈ પારાવારેા, પ્રભુ ભુવન જયંત જય કરીયા રે. શ્રી૦ ।। ૪ ।। આત્મ કમલ નીલેપી કારક, ભવ હારક શીવ કારેા, કિયે અનંત પુણ્ય અવધારેા, જિસે લબ્ધિ પાત્ર જિન મલીયા રે. શ્રી૦ ।। ૫ ।।

શ્રી ચારુપમંડણ પાર્શ્વજિન સ્તવન

રાગ-મેરાભેાલા ભુલાદે

વ્હાલા પાર્શ્વ પ્રભુ જરી મહેર કરેા, મારા નાથ! અનાથની સાર કરેા, જીવ હિંસા જુઠ ચેારી, દોષ મૈથુન વારીયે, પરિગ્રહનું પાપ વારી, ક્રોધ દૂષણ ટાળીયે, પ્રભુ માન માયાની જંજાલ હરેા. વ્હાલા૦ ।। ૧ ।। લેાભ વારેા રેાગ ટારેા, દ્વેષ મારેા દૂર કરેા, કલેશ દૂષણ દૂર

કહાડી, દાસ વિનતિ ચિત્ત ધરો, અભ્યાખ્યાન દુષણ પ્રભુ દૂર કરો. વ્હાલા૦ ।। ૨ ।। પૈશુન્ય દુષણ દુર ફેંકી, ટાર ખુશી દીલગીરી, છોડાવી પર પરિવાર મુજથી, ધો માયા મૃષા ચીરી, મારી મિથ્યા દશા હરી સુખ કરો. વ્હા૦ ।। ૩ ।। આજુ બાજુ આદિ શીતલ, મધ્યમાં પારસપ્રભુ, ચારૂપ તીર્થે દર્શ કરતાં, ખુશ બન્યો આતમ વિભુ, મારો જીવ સદા શુભ ધ્યાને ઠરો, વ્હા૦ ।। ૪ ।। ઓગણીસ છયાશી સાલમાં, ફાગણ વદી ષષ્ઠી હતી, ચારૂપ તીર્થે દર્શ પામી, ભકિત થઇ દિલથી અતી, કરો કૃપા સેવક શિવ લક્ષ્મી વરો. વ્હા૦ ।। ૫ ।। આત્મકમલે નાથ તારૂં, ધ્યાન આનંદ દઇ રહ્યું, અડવીસ લબ્ધિ સ્થાન ત્યાં આવિર ભાવે જઇ રહ્યું, આવો લાભ અપૂર્વ હું તો માનુ. ખરો. વ્હાલા૦ ।। ૬ ।।

શ્રી મહાવીર જિન સ્તવન

રાગ ધન્ય ધન્ય વો જગમેં નરનાર.

ભજલે મહાવીર ભગવાન, ભવસે પાર લગાને વાલે, સિદ્ધારથ કુળ નભ ચંદ, રાણી ત્રિશલા કે હૈ નંદ, કાહે જન્મ મરણ કે ફંદ, મોક્ષકે દ્વાર પહુંચાને વાલે. ભજ૦ ।। ૧ ।। શક ઇંદ્ર દિલમેં આયા, તબ મેરૂ પ્રભુને હીલાયા, તાકત હૈ જિનકી અપાર, જન્મસે મેરૂ ચલાને વાલે. ભજ૦ ।। ૨ ।। ક્ષત્રિય કુંડ નગર મોઝાર, લિયા જન્મ પ્રભુને ધાર, તારે હૈં લોક અપાર, મોક્ષ પાવામેં પાનેવાલે. ભજ૦ ।। ૩ ।। જો સ્મર લેવે જિનરાજ વો રાખે

ઉનકી લાજ, સબ પૂરણ કરદે કાજ, કર્મ જડકો એ હટાનેવાલે. ભજ૦ ।। ૪ ।। જંબુપુર નગર વિશાલ, સોહે જિન મંદિર નાલ, મૂલ નાયક હૈ પ્રતિપાલ, જ્ઞાન લબ્ધિ કે દાનેવાલે. ભજ૦ ।। ૫ ।।

સ્તવન

રાગ મેરી અરજી પ્રભુજી

મેરી અરજી ઉપર પ્રભુ ધ્યાન ધરો, મેરે દીલકે યે દર્દ તમામ હરો, કલી આધિ કલી વ્યાધિ, કલી ઉપાધિ આતી હૈ, સેવા જિનરાજકી સાચી, તીનોંકી જડ ઉડાતી હૈ, મેરી લાખ ચોરાશીકી પીર હરો. મેરી૦ ।। ૧ ।। જ્ઞાન ચાહું ધ્યાન ચાહું, મસ્ત આતમ ભાવમેં, જૈસે બને ઐસે કરો, હો દિલ નિજ સ્વભાવમેં, મેરા નુર મુજે બક્ષીસ કરો. મેરી૦ ।। ૨ ।। તુંહી ત્રાતા તુંહી ભ્રાતા, તુંહી રક્ષણકાર હૈ, તુંહી બ્રહ્મા તુંહી વિષ્ણુ તુંહી તારણહાર હૈ, મેરી ડુબત નૈયાકો પાર કરો. મેરી૦ ।। ૩ ।। પૂરવ ફીરા પશ્ચિમ ફીરા, દક્ષિણ ફીરા ઉત્તર ફીરા, દેખા નહિં દરબાર એસા, ચમકતા આતમ હીરા, મેરા જ્યોતિસે જ્યોત મીલાન કરો. મેરી૦ ।। ૪ ।। તું જુદા નહિં મેં જુદા નહીં, ઓર કોઇ જુદા નહીં, પર્દા ઉઠે જો કર્મકા, તો ભરમ સબ ભાગે સહી, પ્રભુ વોહી કરમ પટ દૂર કરો. મેરી૦ ।। ૫ ।। આતમ કમલમેં હૈ ભરી, ખુબ ખુબીયોં જિનરાજજી, લબ્ધિ વિકાસી નાથ મેરે, સારો સઘરે કાજજી. મેરે જ્ઞાન ખજાનેકો પૂર ભરો. મેરી૦ ।। ૬ ।।

શ્રી અષ્ટાપદ જિન સ્તવન

રાગ–વાલુ વતન મને વાલુ વતન.

પ્રભુ ભજન કર પ્રભુ ભજન, પ્યારૂં પ્યારૂં મને પ્રભુ ભજન. (અંચલી) જેની વાણીની મને પ્રીતિ લાગી છે, તે પ્રભુ પાસે મારે કરવું ગમન. પ્રભુ૦ ।। ૧ ।। ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મ સુપાર્શ્વ રટન. પ્રભુ૦ ।। ૨ ।। ચંદ્ર સુવિધિ શીતળ જિન અર્ચો, શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ જિણુંદ. પ્રભુ૦ ।। ૩ ।। અનંત ધર્મ કુંથુ અર મલ્લિ, સુવ્રત નમિ નેમી પાર્શ્વ ભજન. પ્રભુ૦ ।। ૪ । વીર પ્રભુ ભજો વીર થવાને, ચોવીશ જિનવર મોંઘા રતન પ્રભુ૦ ।। ૫ ।। આત્મ કમલમાં લબ્ધિ લેવા, સેવો સેવે પ્રભુ કરી યતન. પ્રભુ૦ ।। ૬ ।।

બોધ આસ્વાસન.

એક સરખા દિવસ કોઇના સુખમાં જાતા નથી, સરખા દિવસ કોઈના દુઃખમાં જાતા નથી. એથીજ શ સાહેબીથી લેશ પુલાતા નથી. ભાગ્ય રુઠે કે રીજે તમા તેને નથી, એજ શુરા તે મુશીબત જોઇ મું નથી, બીલે તે કરમાય છે, સરજાય તે લોપાય છે ચડે તે તે પડે, એ નિયમ પલટાતા નથી.

શ્રી વીરપ્રભુ સ્તવન

(રાગ–કાનુડા તારી કામણ કરનારી)

વીરજી તારી પાવન કરનારી, મનમાં આં લાગી, મીઠી વલી સેવક મન હરનારી, મનમાં આં

લાગી, ભવ ભય હરનારી તુમ સુણવા; વાણી સુખકારી, હું ચાહું હું ચાહું જિનવર થઇને હુશીયારી, મનમાં આંખલડી લાગી. વીર૦ ॥ ૧ ॥ દર્શન નરનારી તુમ કરવા, આવે શુભ ધારી, તું દાતા, તું દાતા, શિવસુખ થઇને શિવચારી, મનમાં આંખલડી લાગી. વી૦ ॥ ૨ ॥ અધહર ઉપકારી પ્રભુ તુમ છો, આતમ હિતકારી, હું માગું, હું માગું, સુખકર વલ્લભ ભવપારી; મનમાં આંખ-ડલી લાગી. વીર૦ ॥ ૩ ॥

શ્રી જિનેશ્વર સ્તવન

રાગ-પંજાબી ઠેકો - પ્રભુ નામસે

પ્રભુ વંદન કરે, નિત્ય નમન કરે, ભવસાગર તરે; જિન જપ જપ જપ; ક્રિયા પૂજા વિચાર, જો દોનોં પ્રકાર, કરે સારા સંસાર, ભવ ટપ ટપ ટપ. પ્રભુ૦ ॥ ૧ ॥ પૂજા સુખકી હૈ વેલ, મિલે સ્વર્ગોંકે ખેલ, હોવે સિદ્ધોં બિચ મેલ; કર્મ ખપ ખપ ખપ, પ્રભુ પૂજા સુધાર, કહી શાસ્ત્રાનુસાર, દુર્ગતિ કો નિવાર, નર્ક કપ કપ કપ. પ્ર૦ ॥ ૨ ॥ વીના સરધાન સહી, શુદ્ધ કિરિયા નહી, જિન દેવે કહી, તજ ગપ ગપ ગપ; ઉડા દુર્મતિ કાગ, જાવે મનોભવ ભાગ, લગા ધ્યાન સુલાગ; કર તપ તપ તપ. પ્રભુ ॥ ૩ ॥ પ્રભુ મૂર્તિ અમોલ, કરે આતમ કે તોલ, દેવે મોહકો રોલ; માર ધપ ધપ ધપ, ઐસો બલી પ્રભુ ભૂપ, નહીં પરે ભવકૂપ, હોવે ચેતન સરૂપ, નહી મપ

મપ મપ. પ્રભુ૦ ।। ૪ ।। કુલી આતમ કુલવાર, ક્ષમા શીલ જલધાર, સુંદર ગુણ ગલેંહાર, દેવે છપ છપ છપ; ઘન દેખકે મોર જૈસે ચંદ ચકોર, પ્રભુ દર્શસે જોર, વલ્લભ લપ લપ લપ. પ્રભુ૦ ।। ૫ ।।

અથ શ્રી સિદ્ધાચલજી ઉપર આદિનાથનું

અષ્ટ પ્રકારી પુજા સ્તવન

શોભા સોરઠ દેશની શી રે કહું, જીહાં પાલિતાણા તીર્થ પંકાય, જાઉં વારીરે આદિનાથ ભેટયાનાં વધામણાં. ।। ૧ ।। હું તો થાર ભરૂં સાચા મોતીનો, પછી પ્રભુજીને વધાવવા જઈશ. જાઉં૦ આ૦ ।। ૨ ।। હું તો કનક કળશા લઈ હાથમાં, પછી પ્રભુ અંગે નમન કરીશ. જાઉં૦ આદિ૦ ।। ૩ ।। હું તો કેશર કટોરા લઈ હાથમાં, પછી નવઅંગે તિલક કરીશ. જાઉં૦ આદિ૦ ।। ૪ ।। હું તો રજત રકેબી લઈ હાથમાં, રૂડા પુષ્પોની આંગીયેા રચીશ. જાઉં૦ આદિ૦ ।। ૫ ।। હું તો રત્ન જડીત્ર ધુપધ્યાનું લઈશ, પછી દીપકનો ઉદ્યોત કરીશ. જાઉં૦ આદિ૦ ।। ૬ ।। હું તો શુદ્ધ અક્ષત લઈ હાથમાં, પદ્માવતનો સાથીઓ પુરીશ. જાઉં૦ આદિ૦ ।।૭।। હું તો નૈવેદનો થાળ સન્મુખ ધરી, પછી મધુરા ફળો ધરીશ. જાઉં૦ આદિ૦ ।। ૮ ।। હવે શીવ સુત સૂરજ વિનતી, હું તોં આદિનાથ શરણે રહીશ. જાઉં૦ આદિ૦ ।। ૯ ।।

શ્રી અરિહંત પ્રભુ સ્તવન

રાગ-વિપતિ વસભી.

અરિહંત નહિ જબ અંતરમેં, અરિહંત કબી નહિ આવત હય, ત્રિપદી હથીઆર નહિ કરમેં, અરિ આકર ઉન્હે ડરાવત હય. અરિ૦ ।। ૧ ।। જિને પાપસે હાથ ઉઠાય લીયા, દયા ધર્મપેં ધ્યાન લગાય દીયા, એહ નિશ્ચય મનસેં ઠરાવ કીયા, અરિ સંગ વો જંગ મચાવત હય. અરિ૦ ।। ૨ ।। જબ ક્રોધ અરિ મહા ક્રૂર બની, અગ્નિ સમ તાપ તપાવત હય, તબ મેઘ સમા જલધાર ક્ષમા, અરિ તાપ કો આપ સમાવત હય. અરિ૦ ।। ૩ ।। જબ માન અરિ મદ મસ્ત બની, આકાશમેં જા લટકાવત હય, તબ દોર લઘુતાકે જોરસેં વો, ગિરતે નિજ પ્રાણ બચાવત હય. અરિ૦ ।। ૪ ।। જબ મોહ અરિ છળછેદ કરી, નિજ દાવમેં આય ફસાવત હય, તબ મિત્ર વૈરાગ્ય મહા બલસેં, અરિ મોહકો આપ હટાવત હય. અરિ૦ ।। ૫ ।। જબ લોભ અરિ બડી આસ દઈ, નઇ નઇ બાતેં લલચાવત હય, તબ પ્રાણ સંતોષકા બાણ ગ્રહી, અરિ ચારોંકો દૂર ભગાવત હય. અરિ૦ ।। ૬ ।।

શ્રી નેમપ્રભુ સ્તવન

પ્રભુ નેમ ગયા ગીરનાર, છોડી સંસારને, તજ્યા માતપિતા પરિવાર જાણી અસારને, પ્રભુ તું જો પ્રાણ આધાર જગતનાં લોકને, મ્હારા જીવન જગદાધાર ટાળો મુજ શોકને. ।। ૧ ।। પ્રભુ છોડી રાજુલ નાર, તોરણથી પાછા વર્યા, કરી પશુડાંને ઉપકાર પોતે ગિરિવર ચઢયાં,

હવે લોકાંતિક જે દેવ આવે આદર કરી, વરસાવે વરસી દાન, પ્રભુજી કૃપા કરી. ।। ૨ ।। ત્રણસેં અઠયાશી ક્રોડ, લાખ એશી વલી, દીયે સોનઈયાનું દાન, પ્રભુજી અતુલ બળી હવે દીક્ષા લેવા કાજ પ્રભુજી સંચર્યા, સહસાવન કરે નિવાસ રૈવત ગિરિ ઉપરે. ।। ૩ ।। પ્રભુ સિદ્ધને કરી પ્રણામ, સામાયિક ઉચર્યા, કરવા ઘાતિ કર્મને દુર, જાઇ કરી તપ કરે, દીન ચોપન એમ સુધી, પ્રભુજીએ તપ કર્યા; દીન પંચાવનમેં જ્ઞાન કેવલ રીધિ વર્યા. ।। ૪ ।। પ્રભુ તારી રાજુલ નારી, પોતાની જાણીને, પછી વર્યા શ્રી જિનરાજ મુક્તિ પટરાણીને, પ્રભુ મુક્તિવિજય મહારાજ, હૃદયમાં સ્થાપજો, તુજ ચરણ કમલની સેવ નિરંતર આપજો. ।। ૫ ।।

શ્રી જિનેશ્વર પ્રભુ સ્તવન

સ્વામી મુકિતકા રાહ દીખાદો મુઝે, સચ્ચા ચરણોંકા દાશ બનાદો મુઝે; સ્વામી ભૂલા હુઆ તેરે નામકો, વિષ્યાદિ કર્મમેં લીન હું, સર્વસ્વ અપના ખો દીયા કુધર્મ, કે આધીન હું, સત્ય ધર્મકા પ્રેમી બનાદો મુઝે. સ્વામી૦ ।। ૧ ।। પ્યાસા હું તેરે દર્શનકા, પ્રભુ અરજ એ સુણ લીજીયે. દાસ અપના જાનકે, શીવવાસ મુજકો દીજીયે, ધ્રુવ અવિચળ અમર બનાદો મુઝે. સ્વામી૦ ।। ૨ ।। પિતા માતા હે તુંહી ઓર, બંધુ સ્વજન હે તુંહી, સહાયક અમારા હે તુંહી, ઇશ્વર અમારા હે તુંહી, શીવનગરીકા ધામ બનાદો મુઝે. સ્વામી૦ ।। ૩ ।। કરૂણાસિંધુ દીનબંધુ

દીનકી રક્ષા કરો, દુરગુણો કો આપ પ્રભુજી, દુર હૈયેસે હરો, સદાચારકી રાહ ચલાદો મુઝે. સ્વામી૦ ।। ૪ ।। સંસાર સિંધુમેં હમારી નૈયા પડી મઝધાર હે, મુની ચેતમલ કહે હે પ્રભુ એક આપકા આધાર હે, તો નૈયા પકડકર તરાદો મુઝે. સ્વામી૦ ।। ૫ ।।

શ્રી વીર પ્રભુ સ્તવન

રાગ–ગોઠીડા તું બહાર.

ભલાજી મેરા વીર ગયા નિર્વાણ, એકીલા હોય કે, ગૌતમ ગણધર સોચ કરત હય, ભલાજી મેરા કોણ હશે આધાર એકીલા હોય કે. મેરા૦ ।। ૧ ।। ઇંદ્ર ભૂતિ નામે કરી મુજને, ભલાજી મેરા કોણ બોલાવશે ધરી પ્યાર, એંકીલા હોય કે. મેરા૦ ।। ૨ ।। વિનય ધરી તુમ વીનતી સેં આગે, ભલાજી મેરા પ્રશ્ન કરૂં જઇને ઉદાર, એકીલા હોય કે. મેરા૦ ।। ૩ ।। વીર વીર કરતો એમ ગૌતમ, ભલાજી મેરા વિતરાગ હો ગયા લાલ એકીલા હોય કે. મેરા૦ ।। ૪ ।। પાવાપુરીમાં વીર પ્રભુનું ભલાજી મેરા, સરોવર બિચ દેવળ સાર. એકીલા હોય કે. મેરા૦ ।।પા। જેમ માનસ સર રાજ હંસલો ભલાજી મેરા, દેવલ શોભે શ્રીકાર, એકીલા હોય કે. મેરા ।। ૬ ।।

શ્રી વીર પ્રભુ સ્તવન

રાગ–રે પડી ભૂમાં.

અહા કેવું ભાગ્ય જાગ્યું, વીરના ચરણો મલ્યા, રોગ શોક દારિદ્ર સઘળાં, જેહથી દૂરે ટળ્યાં. અહા૦ ।। ૧ ।। ફેરો ફર્યો છે દુર્ગતિનો, શુભ ગતિ તરફેણમાં,

અલ્પકાળે મોક્ષ પામી, વિચરશું આનંદમાં. અહા૦ ।। ૨ ।। જેમના તપનો ન મહિમા, કહી શકે શકેશભી, તેમને હું સ્તવું શું બાળક, શક્તિનો જ્યાં લેશ નહિ. અહા૦ ।। ૩ ।। કામધેનુ કામ કુંભ ચિંતામણી તું મલ્યેા, આજ મારે આંગણે, શ્રી વીર કલ્પતરૂ ફલ્યેા. અહા૦ ।। ૪ ।। લબ્ધિના ભંડાર વ્હાલા, વીર વીર જપતાં થયાં, ગૌતમ શ્રી મોક્ષ ધામી, એ પ્રભુની ખરી દયા. અહા૦ ।। ૫ ।।

શ્રી નેમનાથ પ્રભુ સ્તવન

પીયુજી આવી પાછા વલ્યા રે, કરી તોરણ તેજ પ્રકાશ રે. (૨) પશુઆં ઉપર કરૂણા કરી રે, મને મેલી ઉભી નિરાશરે. (૨) ।। ૧ ।। જાદવ લેાક ઝુરે ઘણું રે, થઇ મોટા તળે મરજાદ રે. (૨) બાંધવ હરી બળદેવના રે, તમે મ કરેા છેાકરવાદ રે. (૨) ।। ૨ ।। સુખભર પીયું પાછા વલ્યા રે, દઈ દાન દેખાવી દોષ રે. (૨) ગુણવંત ગુણના રાગીયા રે, તુજ દોષ વિનાશી રોષ રે. (૨) ।। ૩ ।। જાણેા પ્રીતમ વૈરાગીયા રે, મુજ રંગ રસીલી કાય રે, (૨) શંખનું લંછન નાથજી રે કેમ પ્રેમ મેળાવેા થાય રે. (૨) ।। ૪ ।। મેળા ખેળા સંસારના રે, મળવું હળવું એકાંત રે. (૨) રાહુ ગ્રહે રવિ ચંદ્રમા રે, તારા પર તેજ ગણુંત રે. (૨) ।। ૫ ।। વાલમ ચેારી ચતુરાઈ મેળે, કર પર ન દીયેા હાથ રે (૨) સાથ અવિચળ તેને કરી રે દીક્ષા શિર હાથ સનાથ રે. (૨) ।। ૬ ।। દાન દેઈ નેમિનાથજી રે, સહેસાવન સંજમ લીધ રે. (૨) ધ્યાન અંતર ધ્યાને ચડયા રે, પ્રભુ પામ્યા કેવળ સિદ્ધ રે. (૨) ।। ૭ ।। નવ

ભવ નેહ નિહાળતાં રે, રાજીમતી દીક્ષા લીધ રે, (૨) વરસાંતે થઇ કેવલી રે, સતીએ બોલ્યું તે કીધ રે (૨) ॥ ૮ ॥ દંપતી દોય મુકતે ગયા રે, બની સાદિ પ્રીત અનંત રે. સહજાનંદ વિલાસના રે. શુભવીર ભજો ભગવંત રે. (૨) ॥ ૯ ॥

શ્રી મહાવીર પ્રભુ સ્તવન

રાગ-મેરી અરજી.

મહાવીરજી સુનીયે પુકાર જરા, દશા બીગડીકા કરીયે ઉપકાર જરા, મહા૦ આપતો ખુદ તર ગયે, ભક્તોકો તારેગા કહો, ચંદનબાળા દીનકા બેડા ઉતારીયા પ્રભો; નૈયાં ભવસે કર દીજે પાર જરા. મહા૦ ॥૧॥ નગ્ર ક્ષત્રિકુંડમે સ્વામી જન્મ લીયેા તુમને, ઇન્દ્રાકા શંકા મિટાને મેરૂકો કંપાદીયેા, તેરી શક્તિકા જાઉં બલીહારી જરા. મહા૦ ॥ ૨ ॥ કીલ કાનોમેં જડી ઓર ખીર પાઉં પર ધરી, સંગમ સૂરે રાતકો પ્રભુ ઉપસર્ગો અનેક કી, તેરા ક્ષમા સાગરકા પાર નહિ. મહાવીરજી૦ ॥ ૩ ॥ ધન્ય અહિંસા કે પ્રચારક જૈન કે અવતારથેં, સદ્‌ગુણોસે યુક્ત સ્વામી વિદ્યાકે ભંડારથે, એસી વિદ્યાકા હો પ્રચાર જરા. મહા૦ ॥ ૪ ॥ ઘટ રહે આયુ દીન જાતે, ખબર ઉસકી લીજીયે, પહેલે જીસ પાનીસે સીંચે, ફીર ઉસીસે સીંચીએ, ઉજડા ગુલસનકા કરો ગુલજાર જરા. મહાવીર૦ ॥ ૫ ॥ ચાહું મેં દર્શન તેરે ફીર રહે નર નારી સબ, પાર નહિ માલુમ હોતાં દર્શ દેગેં આપ કબ, દીજે સેવકકો જલ્દી શીવપુર જરા. મહાવીરજી સુનીયે૦ ॥ ૬ ॥

શ્રી વીરપ્રભુ સ્તવન.

રાગ-આવી રૂડી ભક્તિ મેં.

મેં આયા તેરે દ્વાર પર, કુછ લેકર જાઉંગા, કુછ લેકર જાઉંગા, કુછ લેકર જાઉંગા. ।। ૧ ।। અપને સુખ દુઃખકી સારી બાતે, નાથ સુનાઉંગા. મે૦ ।। ૨ ।। જબસે તેરા કહલાતા હું, મેં સેવક દુનીયામેં; અબ કયેા કર જીવન દુઃખમે નાથ વીતાઉંગા. મે૦ ।। ૩ ।। વીતરાગ વિયેાગસે મુજકેા એ દુઃખ પાના હૈ, પર તુજકેા તજ કર ઓરનકા નહિ દાસ કહાલાઉંગા. મે૦ ।। ૪ ।। નિજ અનંત સુખમેં સે કુછ દે દીયેગા, તેા હરી કવીંદર અનુચરસેં તુજ ગુણ ગાઉંગા, મે આયા તેરે. ।। ૫ ।। ઇતિ.

શ્રી પાર્શ્વપ્રભુ સ્તવન.

ગાવેા ગાવેા હારે ગાવેા ગાવેા ખુશીસે ગાવેા સખી ગુણ પારસ પ્રભુ મહારાજ કે. ।। ૧ ।। હીલ મીલ કે ગાવેા સબ ખુશીઆ મનાવેા, આયે હય દીલ બહાર કે. હારે સ્વામી આયે. ગાવેા૦ ।। ૨ ।। તન મન કેા બારેા ઓર ધનકેા નિસારેા, કહેતા હય શિયલ પુકાર કે. હારે ગાવેા૦ ।। ૩ ।। પૂજા ભણાવેા ઓર આંગી રચાવેા, નયના દર્શ દીલદાર કે. હારે ગાવેા૦ ।। ૪ ।। લેલેા શરણ ઓર ભેટેા ચરણકેા, શિર નમાવેા બરે પ્રેમસે. હારે તુમ શિર ગાવેા. ।। ૫ ।। ઇતિ.

મહાવીર પ્રભુ સ્તવન.

રાગ–ખૂને જીગર કે.

મહાવીર તોરા દર્શન કરવા આયા છું દરબાર, મહાવીર થારા દર્શન કરવા આયા છું દરબાર૦ ॥ ૧ ॥ સિધારથ કુલ શણગારા, માતા ત્રિશલા દેવીના પ્યારા, નરનારી તોરા દર્શન કરવા આયા છું દરબાર, મહાવીર થારા૦ ॥૨॥ મૂરતી મોહનગારી, સહું સંઘને લાગે પ્યારી, ભવ ભવ તોરા ચરણોની સેવા દેજો વારંવાર. મહા૦ ॥૩॥ ભવ અનંતા ભમીયો, મુને મોહરાયે મુજવીઓ, પ્રભુ જન્મ મરણથી ઉગારો, મેંતો વીનવું વારંવાર, મહાવીર થારા૦ ॥ ૪ ॥ સબ મીત્ર મંડળી મીલ આવે, સુધારસનાં ગુણ ગાવે, પ્રભુ મોક્ષપુરીમાં વસીયા મેરી બાંહ પકડકે તાર. મહાવીર તોરા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ શ્રી જીનેશ્વર સ્તવન ॥

સાહેબ તેરી બન્દગી મૈ ભૂલતા નહિ, ભુલતા નહિ દેવ વિસરતા નહિ. સાહેબ૦ એ આંકણી૦ અષ્ટાદશ દોષરહિત હૈ સહી, ઔર દેવ અન્ય દેવ, મેં માનતા નહિ. સાહેબ૦ ॥ ૧ ॥ મુનિ હૈ નિગ્રન્થ સો તો, ગુરૂ હૈ સહી, ઔર ગુરૂ વેસધારી મેં માનતા નહિ. સાહેબ૦ ॥ ૨ ॥ જીવદયા શુદ્ધ સો તો શાસ્ત્ર હૈ સહી, ઔર શાસ્ત્ર આસ્યા રૂપી મેં માનતા નહિ. સાહેબ૦ ॥ ૩ ॥ દાન શિયલ તપ જપ, ધર્મ હૈ સહી, ઔર ધર્મ વિષય ધર્મ માનતા નહિ. સાહેબ૦

॥ ૪ ॥ મુક્તિ રૂપી સિદ્ધ શિલા, વાંછતા સહી, સંસાર દુઃખજાલ રૂપી મેટીયે સહી. સા૦ ॥ ૫ ॥ કહેત મુનિ ખેતમાલ, તારીયે મોહી, આવા ગમન મોરી પ્રભુ ટાળીયે સહી. સાહેબ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

॥ શ્રી નેમનાથપ્રભુ સ્તવન ॥

રાગ-ખુને જીગર કે.

મેં તો જીગર સે ચાહતી હું બચપણ સેં તોરી પ્રીત, વો કયા ગયેા મેરેા નેમી રે, નેમી હય મેરે પ્રીમી રે, નવ ભવકી તોડી પ્રીત. મેં૦ ॥ ૧ ॥ પ્રભુ સેલ કરી ગીરવરકી, પરવા ન રાખી ધનકી, અબ કેાન સુને મેરે મનકી, મનકી કહું કયા તનકી, નવ. મેંતો૦ ॥ ૨ ॥ મેં ગીરવર ચઢકે જોતી, નયનો આંસુ સે ધોતી, વો કયા ગયેા મેરેા નેમી રે, નેમી વીના નહિ રહેમી રે, નવ. મેંતો૦ ॥ ૩ ॥ પ્રભુ દયા પશુકી ધારી, સખી ચઢ ગયે ગઢ ગીરનારી, લીયા હય સંજમ ભારી, વો રહે સદા સુખકારી. નવ. મેંતો૦ ॥ ૪ ॥ કેવલ લે મોક્ષ સધાઇ, તીર્થરાજ કહે સુખદાઈ, મેં સ્તવન સભામેં ગાઈ, ગાઇ સખીકેા સુનાઇ, નવ ભવકી. મેંતો૦ ॥ઇતિ॥

॥ શ્રી મહાવીરપ્રભુ સ્તવન ॥

વીરપ્રભુ ત્રિભુવન ઉપગારી, જાન શરણ હમ આયે હૈ. વીરપ્રભુ૦ ॥ ૧ ॥ પાવાપુર સ્વામી દરશન પાયેા, દુઃખ સબ દૂર ગમાયેા હૈ, કેવલ પાયેા પાવાપુર આયેા, સમવસરણ બિરચાયેા હૈ. વીર૦ ॥ ૨ ॥ તીર્થ ચતુર્વિધ

થાપના કરકે, શિવપુર પંથ ચલાયે હૈ, મહિ મંડણ ભિચરન જીનવરજી, બહુ ચેતન સમજાયે હૈ. વીર૦ ॥૩॥ ઇતિ ॥

॥ શ્રી અજોતપ્રભુ સ્તવન ॥

રાગ–ગાવો ગાવો.

પુજો પુજો હારે પુજો પુજો હરખસે પુજો ભવી મીલ અજીતજીણુંદ જીનરાજકો૦ ॥ ૧ ॥ મોહની મૂરત સુન્દર શોભે, દેખ દરશન દીલદારકો, હારે સ્વામી શોભે દરસ દીલદારકો૦ ॥ ૨ ॥ દરસ દીખાકે મહેર કરી જે, જન્મ સફલ હોય દાસકો, હારે પ્રભુ. જન્મ૦ ॥ ૩ ॥ પ્રભુ દરસનસે વાંછીત પાવો, અષ્ટકર્મ જય નાસકો૦ ॥૪॥ દાસકો જ્ઞાનસે આશ પુરાવો, ચરણ ન છોડું મહારાજકો, હારે સ્વામી ચરણ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ શ્રી મહાવીરપ્રભુ સ્તવન ॥

રાગ–હવે શક્ર સુઘોષા.

મહાવીરજી મુજરો લીજે, સેવકકો શરણા દીજે, તુમ નિસકારણ ઉપગારી, ચંદનબાળા કો તારી, ઐસી નેહ નજર પ્રભુ કીજે, સેવકકો શરણા દીજે. મહા૦ ॥૧॥ ચંડકોસીઓ કર્મસે છોડાઈ, કિયો સ્વર્ગતણો અધીકાઇ, ઇયું બાંહ પકડ કર લીજે, સેવક. મહા૦ ॥૨॥ સંગમસેં કરૂણા કીની, ઉપસર્ગ મેં દ્રષ્ટિ ન દીની, પ્રભુ તારીફ કેતી કીજે, સેવક. મહા૦ ॥ ૩ ॥ તુમ અસિ મંડણ સ્વામી, પુન્યે પ્રભુ દરશણ પામી, કહે વીરવિજય સંઘ લીજે, સેવક. મહા૦ ॥ ૪ ॥

॥ શ્રી પાર્શ્વપ્રભુ સ્તવન ॥

બગડી નાથે સુધારના હોગા, બગડી નાથે બનાના હોગા, પિતા અશ્વસેન માતા વામાદેવી, પુત્ર પારસ કહાના હોગા૦ ॥ ૧ ॥ ભવસાગર બીચ નૈયા પડી હય, બેડા પાર લગાના હોગા. બગડી૦ ॥૨॥ કમઠ અનાદીને સર્પ જલાયા, નવકાર મંત્ર સુણાના હોગા. બગડી૦ ॥૩॥ કહતા હય ઈંદ્ર સુણીયે પ્રભુ પારસજી, અબતો મુક્તિ દિલાના હોગા. બગડી૦ ॥ ૪ ॥ ધરણેંદ્ર દેવ પદ્માવતી દેવી, ભવ્યોકાં ફેરા મિટાના હોગા, સંસાર દુઃખસે બચાના હોગા. બગડી૦ ॥ ૫ ॥ ઇતિ ॥

॥ શ્રી ચિંતામણીપ્રભુ સ્તવન ॥

રાગ-જાય છે જાય છે રે.

મેરા મેરા મેરા રે પ્રભુ પારસ ચિંતામણી મેરા, મીલ ગયા હીરા મીટ ગયા ફેરા, ધ્યાન ધરૂં નિત્ય તેરા રે. પ્રભુ૦ ॥ ૧ ॥ પ્રીત લગી મેરે પ્રભુજી સે પયારી, જેસે ચાંદ ચકોરા રે. પ્રભુ૦ ॥ ૨ ॥ મનોહર મૂર્તિ આનંદકારી, દેખત હર્ષ અપારી રે. પ્રભુ૦ ॥ ૩ ॥ આજી-મગંજ મેં દરશન પાયેા, ભવ ફેરા મીટ જાયેા રે. પ્રભુ૦ ॥ ૪ ॥ આનંદઘન પ્રભુ૦ સમર સમર કર, કર લીના મુક્તિ મે ડેરા રે. પ્રભુ૦ ॥ ૫ ॥

શ્રી ચિંતામણી પ્રભુ સ્તવન

રાગ સિદ્ધાચલે જાઉં રે.

ચિંતામણી સ્વામી રે, કહું શીર નામી રે, પ્રભુ સુણો વિનતી હોજી, પારસ પ્રભુ તુમ સમ દેવ ન કોય. વારી પ્રભુ દેખ લીયા જગ જોય. ચિં૦ ।। ૧ ।। હમ તુમ સરિખા નાથજી, જીવન ન ભેદ લગાર, તુમ નિજ રૂપ રમ રહે, હમ રૂલતે સંસાર, હારે પ્રભુ કર્મ તણા એ પ્રતાપ. ચિં ।। ૨ ।। કાલ પ્રવાહ અનાદિકો, ચેતન, કર્મ સબંધ, દૂર કિયા તુમને પ્રભુ, હમ બિચમેં રહે બન્ધ, હારે પ્રભુ તુમ વર નહિં નહિં સ્વામ. ચિં૦ ।। ૩ ।। ક્રોધ માન માયા અતિ લોભ પરમ યે દોષ, અંશ નહિ તુમમેં પ્રભુ વીતરાગ ગુણ પોષ, વારી પ્રભુ ચિદઘન રૂપ અમાપ. ચિં૦ ।। ૪ ।। નિર્દોષીકે ધ્યાનસે, ધ્યાતા ધ્યેય અદોષ, પારસમણી કંચન કરે, ગુણી અલંબન જોશ, વારિ પ્રભુ સેવક સમ સંગ આપ. ચિ ।। ૫ ।। લાલ બાગમેં રમ રહે, નિજગુણ દીન દયાલ, મોહમયી નગરી ખરી, વિણ નહિ મોહ જંજાલ, વારી પ્રભુયે તુમ નિજ ગુણ છાય. ચિં ।। ૬ ।। આતમ સતાં સારિખી, સબ જગ જીવ સ્વભાવ, આતમ લક્ષ્મી પામીયે, વિઘટે જીવ વિભાવ, વારિ પ્રભુ વલ્લભ હર્ષ મિલાપ. ચિં૦ ।। ૭ ।।

શ્રી મહાવીર પ્રભુ સ્તવન

રાગ-મૈને ભેટે વીર જીણંદ.

આજ પાવાપુરી આયેારી, સખી સમવસરણ જીનરાજ, દર્શન કરત જન્મ અઘનાસે, માનુષ્ય જન્મ સુફલ

હો જાસે, સિંહાસન પર સોહે ખાસે શ્રી જીનરાયેારી. સખી૦ ।। ૧ ।। ષટઋતુકે જહે ફૂલ અનેાખે, વાગન મેં જૂના કર પેાસે, સેાંપ નેવલમિલ બઇઠે ચેાખે, વૈરી નસાયેારી. સખી૦ ।। ૨ ।। તરૂ અશેાક લખી શેાક વિનાશે, ભાવ મંડલમે ભાવકે વાસે, સાત સાત ભવિ જ્ઞાન પ્રકાસે, વચન સુધારેારી. સખી૦ ।। ૩ ।। ચૌસઠ ચમર ઢલે શીર વાકે, તીન છત્ર તિહુ જગ પ્રભુ જાકે, ગણધર રહે કીર્તિ યશ ગાકે, હર્ષ બઢાયેારી. સખી ।। ૪ ।। સાઢાબાર કેાડ દુન્દવી, બાજ બજે ચહુ ઓર દુન્દવી, અમર કહે કરજોડ દુન્દવી, આનંદ છાયેારી. સખી ।। ૫ ।।

શ્રી વીરપ્રભુનું સ્તવન.

રાગ–આજ પાવાપુરી.

મૈને ભેટા વીર જીણુંદ, આજ પાવાપુર આયેારી, સિદ્ધારથ ત્રિસલાજી કે નંદા, વર્ધમાનજિન જન સુખ કંદન. ક્ષત્રિ કુંડમેં જન્મ ભયેા તબ, આનંદ છાયેારી. મૈને૦ ।। ૧ ।। ચૌસઠ ઇન્દ્ર ઉત્સવ કેા આયેા, સુર નર ગણ સબહી હર્ષાયેા, છપન્ન દિશિ કુમરી સબ મિલકે, મંગલ ગાયેારી. મૈને૦ ।। ૨ ।। દિક્ષા લેઇર કર્મ ખપાયેા, બાર માસ છદ્મસ્થ વિતાયેા, કેવલ પાવ પાવાપુર આયેા, જય જય થાયેારી. મૈને૦ ।। ૩ ।। ચરમ ચેામાસી પુરીમેં બિરાજે, ભવ્ય જીવેાકા કારજ સાધે સેાલ, પહેાર લગ દેઇ દેશના, મુક્તિ સિધાયેારી. મૈને૦ ।। ૪ ।। ભટકત ભટકત બહુ દુઃખ પાયેા, અબ મૈ પ્રભુજીકા શરણે આયેા, માણેકચંદ્ર કહે મેાહી તારેા. નજર નિહારેારી. મૈને૦ ।। ૫ ।।

શ્રી આદિનાથપ્રભુનું સ્તવન.

રાગ જેવી કરે જે કરણી.

પ્રભુ આદિનાથ સ્વામી, તુમ ચરણે શિષ નામી, દેવાધિ દેવ તુમ હો, નિર્દોષ દેવ તુમ હો, તારક દેવ તુમ હો, તુમરે હિ ગુન મેં ગાઉં. પ્રભુ૦ ।। ૧ ।। મંડણ તિર્થ તુમરી, તીર્થનાથ તુમહિ દિનાકે નાથ તુમહિ, સેવકમે તુમ કહાઉં. પ્રભુ૦ ।। ૨ ।। પૂરવ નવાણું આયા, રાયણ વૃક્ષ છાયા, દેખત તુમરે પાયા, પરતખ મેં મનાઉં. પ્રભુ૦ ।।૩।। જનમે વો ધન્ય કાયા, ગુણ ગાવે ધન્ય જિહા, મન ધન્ય જિસમે તુમહા, શુભ ધ્યાનમેં લગાઉં પ્રભુ૦ ।। ૪ ।। સરમાન ઇંસ ચાહે, ચાતક મેઘ પાની, જગનાથ ઐસે હરદમ, તુમહિ શરણુમેં આઉં. પ્રભુ૦ ।। ૫ ।। મોહન મૂર્તિ તારી, મુજ મનમેં લગાડી, હો દૃષ્ટિ બાંહ પડી હો, નહિ ઔર જન્મ પાઉં. પ્રભુ૦ ।। ૬ ।। આત્મ લક્ષ્મી સ્વામી, આત્મ લક્ષ્મી દીજે, વલ્લભ હર્ષ હોવે, નહિ ઔર તુમસે ચાઉં; પ્રભુ૦ ।। ૭ ।।

શ્રી નવકાર પદ સ્તવન

રાગ-હું તો મારવાડનો.

તુમ જપો મંત્ર નવકાર, દુઃખસે દુર હટાને વાલે, નવપદ મહિમા અપરંપાર, ઇસસે કોઇ નહિ જગતમેં સાર, ધરે ધ્યાન સો, પાવે પાર, સુખ સંપતી કે દેનેવાલે. ભવિતુમ૦ ।। ૧ ।। મયણાસુંદરી ને શ્રીપાલ, પૂજ્યા

નવપદ ધ્યાન લગાય, તતક્ષણ ક્રિયા ઉન્હે આરામ, કુષ્ઠી રોગ મિટાનેવાલે, ભવિ તુમ૦ ।। ૨ ।। મેં હું અનાથ, આપ હો અનાથ કે નાથ, રક્ષા કરો હમારી આજ, પ્રભુ તુમ પાર લગાને વાલે, ભવિ૦ ।। ૩ ।। આશો શુદી સપ્તમી સાર, ઓળી કરે ભવિ ઉદ્ધાર, પાવે ભવ સમુદ્ર કો પાર, નવપદ ધ્યાન લગાનેવાલે. ભવિ તુમ૦ ।। ૪ ।।

શ્રી મહાવીર પ્રભુ સ્તવન

મહાવીર સ્વામી આપ બિરાજો ચંદન ચોકમેં. (૨) દૂર દેશસે શિખર દેખે, શિખરકી છબી ન્યારી, હાથી ઘોડા રથ પાલખી, મનમેં ભક્તિ ભારી. આપ૦ મહા૦ ।। ૧ ।। દૂર દેશસે યાત્રી આવે, પૂજા આંગી રચાવે, અષ્ટ દ્રવ્ય પૂજામેં લાવે, મન વાંછીત ફળ પાવે. મહા૦ ।। ૨ ।। થારા સેવક અરજ કરે છે, સુણજો મહાવીર સ્વામી, મોહપેં કૃપા એસી કીજે, દીજે મોક્ષ નિસાની. મહા૦ ।। ૩ ।।

શ્રી નેમપ્રભુ સ્તવન

રાગ-કરી વિલેપન

ચલો સખી સર્વ દેખનકો, રથ ચઢ જદુનંદન આવત હય. ૨૦ મોર મુગુટ પિતાંબર સોહે, ગીરનારીકો ધ્યાવત હય. ચલો૦ ।। ૧ ।। તીન છત્ર ઔર તીન સિંહાસન, ઇંદ્ર ચોસઠ ચામર ઢોલાવસ હય. ચલો૦ ।। ૨ ।। લાલ-ચંદકી અરજ સુણીયે, સબ સખી મંગલ ગાવત હય. સખી૦ ।। ૩ ।।

શ્રી અભિનંદનજિન સ્તવન

રાગ-રહના ધર્મકે આધાર

ઉતાર મેરે જીનજી, ભવજલસેં પાર ઉતાર, યહ ટેક અભિનંદનજિન અંતરયામી, તારક જ્ઞાન દાતાર, દા૦ મેરે પ્રભુજી ભવજલસેં પાર ઉતાર. ॥ ૧ ॥ ચઉસઠ ઇંદ્રમિલ પૂજન કરતે, અક્ષય સુખ ભંડાર, ભં૦ મેરે પ્રભુજી ભવજલસેં પાર ઉતાર. ॥૨॥ ચાંદા શાન્તિ મંડલ મિલકર, કરતે ગુણોકી પુકાર પુકાર. ॥ ૩ ॥ ચૈારાસી લક્ષ જીવા યેાનિકા ટાલેા દુઃખ નિરાધાર. નિ૦ ॥ ૪ ॥ સંવત લેાક સિદ્ધિ નિધિ ઇન્દુ, (૧૬૮૩) શ્રાવણ શુક્લ સુખકાર. સુ૦ ॥ ૫ ॥ તૃતિયા દિન ગાયનકી રચના, કીની હર્ષ ઉદાર. ઉ૦ ॥૬॥ દેવચંદ્રસૂરિ કહે નિસદીન પૂજત, સાખ્ય અપાર. અ૦ ॥૭॥

શ્રી સુપાર્શ્વજિન સ્તવન

રાગ-આનંદ કંદ

સુપાર્શ્વનાથ ઇશ મેરે તાર તાર તાર, દીનકે દયાલ પ્રભુ ધાર ધાર ધાર. સુ૦ અષ્ટ કર્મ દૂર કીના, લીના તત્વ સાર, અષ્ટ દશ દેાષ રહિત, રાગ દ્વેષ વાર. સુ૦ ॥ ૧ ॥ ઇન્દ્ર ચન્દ્ર ભક્તિ કરતે, ભાવ શુદ્ધ ધાર, શેાભિત સપ્ત ફણ પ્રભુકે, દુષ્ટ ભય નિવાર. સુ૦ ॥ ૨ ॥ કર્મ શત્રુ દૂર કરકે મુક્તિ માર્ગ કાર, એક ચિત્ત ધ્યાનસે, પ્રભુ કર્મ ફન્દ જાર. સુ૦ ॥ ૩ ॥ કથિત વીતરાગ દેવ, માર્ગકેા

આધાર, ભવ્ય જીવ કરતે સત્ય, પન્થકો સ્વીકાર. સુ૦ ।। ૪ ।। દેવચંદ્રસૂરિ કહે, શુદ્ધ ધર્મ સાર, શાન્તિ મંડલ ગાતે હૈ, જીનેંદ્ર ગુણ અપાર. સુ૦ ।। ૫ ।।

શ્રી શિતલનાથ જિન સ્તવન

રાગ-કેાયેલ ટહુકી રહી મધુ.

શીતલનાથ નિરંજન મેરા પાપ પંક સબ હરેા પ્રભુ છીનમેં દે ઉપદેશ ભવિક જન તારે, ઘાતિ કર્મ કિયે દૂર પલમેં. શિ૦ ।। ૧ ।। તન ધન યૈાવન સબ હી ચંચલ, ચપલાકી તરહ સમજું મનમેં. શિ૦ ।। ૨ ।। મેરામન જિનવરસેં લાગા, જૈસે ચાતકકા ચિત્ત ઘનમેં. શિ૦ ।।૩।। સેાહની સૂરત મેાહનગારી, દેખત આશ ફલે તત્ક્ષણુમેં. શિ૦ ।। ૪ ।। દેવચંદ્ર સૂરિ કહે સ્વામી, શિતલતા પ્રગટાવેા સંઘમેં. શિ૦ ।। ૫ ।।

શ્રી મહાવીરપ્રભુ સ્તવન

શ્રી અભીમરા રાગ

મહાવીર જિનવરા, સપ્ત ભય હરા, દીજિયે આનંદ મૈંને ભાવ દિલધરા, ચૈાવિસમા તીર્થંકર સ્વામી, મહેર કરી જો રાજ, વિદ્યા બુદ્ધિ મુજકેા દીજો, સારેા મેરા કાજ, મહા૦ ।। ૧ ।। ચેાવિસી જિનવરકી કરકે, સફલ કીયા અવતાર, સંવત લેાક સિદ્ધિ નિધિ ઈંદુ ૧૬૮૩ શુલ્ક માઘ સુખકાર. મહા૦ ।। ૨ ।। પંચમા દીન રચના કીની. શાન્તિ મંડલ કાજ, જો થિર તન મન કરકે પઢત,

જન્મ સફલ ભવપાર. મહા૦ ।। ૩ ।। ભાવ સદા જો દિલમેં લા કર, જિન ગુણ ગાવે અપાર, સંપત્તિ ઘરમેં શુભ આવે, હોવે ચિત્ત ઉદાર. મહા૦ ।। ૪ ।। દેવચંદ્ર સૂરિ કહે સાહિબ, શાન્તિ મંડલ તાર, સત્ય પ્રભુકા વર્ણન કરતાં, પૂરે વાંછિત સાર. મહા૦ ।। ૫ ।।

શ્રી પાર્શ્વજિન સ્તવન

રાગ-વીરા વેશ્યા

ભદ્રાવતિ સ્વામી, શિવ ગતિ ગામી, તારો દીન દયાલ, જીન પાર્શ્વ સુજ્ઞાની, આતમરામી, ભવ ભય જાની તારો દીન દયાલ. ભદ્રા૦ ।। ૧ ।। તારક નામ તમારો સાહિબ, સબ જગ જન હિતકાર, ગુણ વર્ણન મેં કરૂં આપકા, કરતા અરજ પુકાર રે. ભદ્રા૦ ।। ૨ ।। સહુ સંઘ મિલકર પૂજન કરતે, સફલ જન્મકે કાજ, ઋદ્ધિ સિદ્ધિ વિદ્યા મુજે દેવો, સારો મેરા કાજ રે. ભદ્રા૦ ।। ૩ ।। દૂર દેશાંતરસેં મેં આયા, શ્રવણ સુણી પ્રભુ પાસ, પતિત ઉધારણ બિરૂદ તુમારા, ભવદધિ તારણહાર રે. ભદ્રા૦ ।। ૪ ।। વીનતિ સુણિયે દાસકી રે, મહેર કરી મહારાજ, જિનરાજ ભૂલ ચુક કી માફી કર કે, કરિયે મેરી સાર રે. ભદ્રા૦ ।। ૫ ।। પાર્શ્વ પ્રભુકી મૂર્તિ પ્યારી, પૂજક ચિંતિત હોય, જલતે કાષ્ટમેં સર્પ બચાયા, કૃપા કરી જિનરાજ રે. ભદ્રા૦ ।। ૬ ।। કર જોડીને વિનય કરત હૈ, શાન્તિ મંડલ આજ, ચાંદા જૈન વિદ્યાર્થિ મિલકર, નમન કરે હર્ષાય રે. ભદ્રા૦ ।। ૭ ।। દેવચંદ્ર સૂરિ અર્જ કરત

હે, સુણજો બાલ ગોપાલ, એક મના હોઇ કર કે પ્રભુ કો, સેવો વાંછિત દાય રે. ભદ્રા૦ ।। ૮ ।।

પ્રભુ પ્રક્ષાલ વખતે

મેરૂ શિખર નવરાવે હો સૂરપતિ. મેરૂ૦ જન્મકાલ જીનવરજીકો જાણી, પંચરૂપ કરી આવે હો. સુ૦ ।।૧।। ક્ષીર સમુદ્ર તિર્થોદક જાણી, સ્નાત્ર કરી ગુણ ગાવે હો. સુ૦ ।।૨।। રત્ન પ્રમુખ અડજાતિના કલશા, ઓષધિ ચુરણ મિલાવે હો. સુ૦ ।। ૩ ।। જીન પ્રતિમાકો ન્હવન કરીને, બોધ બીજ મન ભાવે હો. સુ૦ ।। ૪ ।। અનુક્રમ ગુણ રત્નાકર ફરસી, જીન ઉત્તમ પદ પાવે હો. સુ૦ ।। ૫ ।।

ગીરીરાજ સ્તવન.

રાગ-જાવોજી જાવો કીસ

આવોજી આવો ગિરિરાજકો, દિલ ધ્યાને વાલે, કર્મ કટાને વાલે, ભવ દુઃખ મીટાને વાલે, પુરે પુણ્યવાન શીર જિનરાજકો ઝુકાનેવાલે. આવો૦ ।। ૧ ।। ગિરિ એ સબ મેં મોટા, મોહરાય કે મુખ પર સોટા, ખોટે દૂનીઆકે ગંદે ધંધેકે હટાનેવાલે. આવો૦ ।। ૨ ।। યહાં પર શુદ્ધ ભાવ લાવે, ત્રીજે ભવે સિદ્ધિ પાવે, પૂર્વ પુણ્યે પુણ્ય ગિરિકે ગુણ ગાનેવાલે. આવો૦ ।। ૩ ।। તીર્થ પરમાર્થ આપે, કર્મકે ફંદે કાપે, ગિરિ ફરસનસે સિદ્ધિ સ્પર્શકો મિલાને વાલે. આ૦ ।। ૪ ।। આણંદ લબ્ધિ હોયે, નયન કમલસે જોયે, ઐસે ગિરિરાજસે શિવરાજકે સુખ પાને વાલે. આવો૦ ।। ૫ ।।

ઉના મંડન શ્રી આદિનાથ સ્તવન

રાગ–મેરે મૈલા ભુલાદે

આદિનાથ જિણુંદ ભવપાર કરો, મારા જન્મ મરણનાં દુઃખ હરો. શેર૦ તું પ્રભુ શિવધર બન્યો, (ને) હું અશિવ ઘરમાં રમું, તું અનંત સુખમાં રમે છે, હું ભવ દુઃખમાં ભમું, મ્હારી દુઃખી દશાનો વિચાર કરો. આદિ૦ ।। ૧ ।। આદિ રાજા આદિ સાધુ આદિ તું ભીક્ષાચરૂ, આદિ તીર્થ નાથ તુંહી, તુંહી ભવ રક્ષા કરૂં, મારા મન મંદિરમાં નિત્ય ફરો. આદિ૦ ।। ૨ ।। માતને કેવલ સમપીં, ભક્તિ લાવો તેં વર્યો, માત પણ સૂત વધુ જોવા, મુક્તિ નિલય દિલ ધર્યો, પ્રભુ એતો અપૂર્વ સંબંધ ખરો. આદિ૦ ।।૩।। ઉના નગરમાં આજ પામી, દર્શ મારૂં દીલ ઠર્યું, મૂર્તિ પ્રભુની શાંત નિરખી શમરસે જીગર ભર્યું આદિ૦ ।। ૪ ।। આતમ કમલે જેહના શ્રી જીનવરો વસતા રહે, લબ્ધિના ભંડાર તે નર, શીવપુર જલ્દી લહે, મારા નાથ લબ્ધિનો ભંડાર ભરો. ।। ૫ ।।

શ્રી સુમતિ જિન સ્તવન

રાગ–મેરે મૈલા ભુલાદે

તહારૂં ધ્યાન કરે ગુલતાન મને, મારૂં દીલ ચહે રહું તુજ કને. શેર૦ સંસારનાં જે મુળ રૂપે, તેં કષાયો કેળવ્યા, દુઃખના જે ડુંગરો, તે પાપથી મેં મેળવ્યા, હું રખડી રહ્યો છું ભવરૂપ વને, તહારૂં૦ ।। ૧ ।। મારા જેવા દુર્ભાગીને, તારા વિના શરણું નહિ, જિનરાજનું એ રાજ

છોડી, કયાં બીજે રહેવું જઈ, રોકો કર્મ પ્રભુ જે મને નિત્ય હણે. તારૂં૦ ।। ૨ ।। નારકી થઇ મેં કદી, હા ઘોર દુઃખો છે સહ્યાં, બે અંત દુઃખ નિગોદનાં, તે પ્રભુ મેં બહુ લહ્યાં, આપો રાહ જીવન સુખકાર બને. તારૂં૦ ।। ૩ ।। દેવલોકે દુઃખીયો, દુઃખી પશુ જીવન ધારી, માનવ જીવન પણ દુઃખમાં, વિણ ધર્મ હા એળે કરી, મને દીનને જોડો જિનધર્મ ઘને. તારૂં૦ ।। ૪ ।। આપો ગતિ મુજપંચમી, પંચમ પ્રભુ શીરતાજ છો, આતમ કમલ લબ્ધિ વિકાશી, જહાજ શ્રી જિનરાજ છો, નથી આશ બાંધી મેં પ્રભુ અન્ય જને (સ્થળે) તારૂં ।।૫।।

શ્રી ચંદ્રપ્રભુ સ્તવન

રાગ-કવાલી

ચંદા પ્રભુજી પ્યારા, મુઝકો દીયો સહારા, તુમે કર્મ કષ્ટ વારા, ઉસને હમે હૈ મારા. ચંદા૦ ।। ૧ ।। મેં ત્રાહી ત્રાહી કરતા, ચરણોમેં તેરે પડતા, કયેાં નહિ દુઃખોકો હરતા, મહા મોહસે હું મરતા. ચંદા૦ ।। ૨ ।। કરૂણા સમુદ્ર તું હૈ, નહિ તુજસે કોઇ આલા, મુજ બના હૈ પક્ષી, તુમ ગુણ ગણેા હૈ માલા. ચંદા૦ ।। ૩ ।। નરકાદિકેા મેં રૂલા, તુજ નામકો જો ભૂલા, ઉસકે બિના સહારે, પાકા હૈ દુઃખ અમૂલા. ચંદા૦ ।। ૪ ।। અબ પુણ્ય વાયુ વાયા, કરમે વિવર દીખાયા, સમ્યકત્વ ચિત્ત ધારા, તબ પાયા તમ દેદારા. ચંદા૦ ।। ૫ ।। આતમ કમલ દિનેશ્વર, દુર્લભ પ્રભુ જિનેશ્વર, નિજ શકિત સંપદા દો, શિશુ લબ્ધિકો બચાવો. ચંદા૦ ।। ૬ ।।

શ્રી વાસુપૂજ્યજિન સ્તવન

રાગ-પંજાબી ઠેકો

આનંદ દેતી પ્રભુજીકી મૂર્તિ અલેડ, દર્શન કરીએ મીટે સબ કર્મોકી ખોડ. આનંદ૦ સબ દેવનમેં દેવ નિરાલા, ષડ્ જીવનકે હુએ પ્રતિપાલા, રાજપાટ દીયા છીનકર્મે છોડ. આ૦ ॥ ૧ ॥ રાગ દ્વેષકેાં જડસે જલાયા, જ્ઞાનામૃતકા પ્યાલા પીલાયા. મહા મિથ્યાત્વકા બાધ ન તોડ. આ૦ ॥ ૨ ॥ સાધુસેવા મૈત્રીભાવ શીખાયા, મમતા ત્યાગી ધર્મ દીખાયા, ઐસે પ્રભુજી મેરે શીરકા મોડ. આનંદ૦ ॥ ૩ ॥ ધન્ય જનમ પ્રભુ દર્શન પાવે, નિત્ય ઉન્નત ગુણ ઠાણે ઠાવે, મિલા માનું ઉસે લાખ કરોડ. આનંદ૦ ॥ ૪ ॥ કાલ અનંતસે જગમેં રૂલાઇ, તત્વજ્ઞાન સહ દર્શન પાઇ, મનવા ચાહે મિલું જિનજીકેા દોડ. આ૦ ॥ ૫ ॥ વાસુપૂજ્ય જિન સુખકર સ્વામી, વઢવાણ કેમ્પમાં દર્શન પામી, મીલ ગયા માનું મુજે શિવપુર રોડ. આ૦ ॥ ૬ ॥ આતમ કમલ જિન લબ્ધિ દાતા, તાર તાર મુજ ભવદુઃખ ત્રાતા, ભવ ભ્રમણાકા ફેરા ત્રોડ. આનંદ૦ ॥ ૭ ॥

શ્રી વાસુપુજ્ય સ્વામી સ્તવન

રાગ-શું કહું કથની મારી

વાસુ પૂજ્ય નિરખ્યા આજ વાસુ પૂજ્ય પ્રભુ નિરખ્યા, રોમ રોમ તનુ હરખ્યા આજ૦ (અંચલી) પુણ્ય પટહ ત્રણ ભૂવને વાગે, તુજ શાસનના રાગે, મહા-

ભાગ્યે પ્રભુ તે મુજ મળીયું, આવ્યો તુમારી આગે રાજ. વા૦ ।। ૧ ।। જ્ઞાન ચારિત્રમાં પ્રભુ હુ સ્ફૂર્તિ, પાસે તમારી યાચું, જ્યાં સુધી પ્રભુ તે નહિં આપો, ત્યાં સુધી કામ બધું કાચું રાજ. વાસુ૦ ।।૧।। દીન અનાથ સેવકની અરજી, માનો પ્રભુ એ મરજી, પણ મારો આધાર ન બીજો, એક તમારો છું ગરજી રાજ. વાસુ૦ ।। ૩ ।। આગમ વાદે જાણું જીનજી, તાર્યા પ્રભુએ અપારા, પણ જો મારો આતમ તારો, તો થાય સાક્ષાત્કારા રાજ. વાસુ૦ ।। ૪ ।। સોહે 'કમલ' સમ વિકસિત મુખડું, લબ્ધિ તણા દાતારી, બાહ્ય લક્ષણ અષ્ટ સહસ્ત્ર, અભ્યંતરમાં અપારી રાજ. વાસુ૦ ।। ૫ ।। ત્રણ ભૂવન છાજે ઠકુરાઈ, જગ જયવંત જયંત, નવિન હોય એ અનુભવ જેને, તે કરે ભવનો અંત રાજ. વાસુ૦ ।। ૬ ।। આત્મ કમલ લબ્ધિ વિકાસક, જિન! તુજ દરિસણ જોતો. બુહારીમાં એમ વિચારૂં, મોહ રહ્યો હવે રોતો રાજ. વાસુ૦ ।। ૭ ।।

શ્રી મહાવીર સ્વામી સ્તવન

રાગ–ગઝલ

પેદા હુંવે હૈ ભગવત દુઃખસે છોડાને વાલે, ભૂલે હુવે જનોંકો, રસ્તા બતાને વાલે, સિધારથકે દુલારે, ત્રિશલા કે નંદ પ્યારે, આંખોકે મેરે તારે, દીલકો લોભાને વાલે. ।।૧।। વિષેકે જીસ હરદમ, ઈંદ્રોસે હો રહાથા, મિથ્યાત સૂર આયે, ઉસીકો હરાને વાલે. પેદા ।। ૨ ।। સંસાર મોહ

માયા, ધ્યાનસે હરાયા, આનંદ ધામ પાયા, કરૂણા સમુદ્ર વાલે દુઃખ. ॥ ૩ ॥ અહો બ્રહ્મજ્ઞાન ધારી, શિવમારગ વિહારી, વિપદા હરો અમારી, એ વીર નામ વાલે. ॥ ૪ ॥ દે કર કે દાન જનકો, કરકે નિરોધ મનકો, તપસે સુકાયા તનકો, શિવપુર કે પાનેવાલે. ॥ ૫ ॥ પ્રભુ આપકે તિલક કો, હય આપનામ શરણા સંસાર પાર કરના, કરકે લગાને વાલે. ॥ ૬ ॥

વીર જિન સ્તવન

ગઝલ

હમકો સદા મુબારક પ્રભુ જન્મ હો તુમારા જબ જન્મ આપ લીના, તીન લોકકો સુખ દીના, ત્રિસલાજી કે નગીના, સિદ્ધારથકા દુલારા, હમકો ॥ ૧ ॥ થે જન્મ-સે હી જ્ઞાની, ન થે તથાપી માની, પંડિતકે પાસ પઢને, કો હો ગયે તૈયારા. હમકો૦ ॥ ૨ ॥ એ જાન ઇંદ્ર આયા, આસન પેં ખુદ બેઠાયા, ફીર આપકે હી મુખસે, પંડિતકા શલ્ય ટારા. હ૦ ॥ ૩ ॥ મનધાર ધર્મ પુષ્ટી, કરલોચ પંચ મુષ્ટી, લે દેવ દુષ્ય તુમને, જગસે કીયા કીનારા. હ૦ ॥ ૪ ॥ બીજા આતમ ધ્યાન ધ્યાયે, કેવલ જ્ઞાન પાયે, રસ્તા સરસ બતાકે અનંતો કો પાર તારા. હમકો૦ ॥ ૫ ॥ હે વીર દેવાધિ દેવા, તુમ ચરણ સેવ મેવા, હૈ માંગતા તિલકબી, કરકે સદા પુકારા. ॥ ૬ ॥

શ્રી પાર્શ્વ જિન સ્તવન

ગઝલ.

વીના પ્રભુ પાર્શ્વકે દેખે મેરા દીલ બે કરારી હૈ, મેરા દીલ બે કરારી હૈ, ચોરાસી લાખમેં ભટકયેા, મનુષ્યકી દેહ ધારી હૈ, ઘેરા મુજે આઠ કર્મોને, ગલેમેં ફાસ ધારી હૈ. વીના૦ ।। ૧ ।। દુનિયાકે દેવ સબ દેખે સબીકેા લેાભ ભારી હૈ, કેાઇ ક્રોધી કેાઈ માની, કીસીકે સંગ નારી હૈ. વીના૦ ।। ૨ ।। મુશિબત જે પડી હમસેં ઉસીને ખુદ નિહારી હૈ, સેવકકેા કુગતિ સે તારી, એહી વીનંતી હમારી હૈ. વી૦ ।। ૩ ।।

આધ્યાત્મિક પદ.

રાગ–રે પડી ભુમા

ધ્યાનમેં જિનકે સદા લયલીન હેાના ચાહિયે, જ્ઞાન ગુરૂ જ્ઞાનીસે લે પરવીન હેાના ચાહિયે. ।।૧।। રાહ સંયમકી પકર, કલ્યાનકી સૂરત મિલે, કાળ ગફલતમે સજન નાહક ન ખેાના ચાહિયે. ધ્યાનમેં૦ ।। ૨ ।। ધર્મ ખેતી કીયા ચાહે, મન જમીનકેા સાફ રખ, બીજ સમકિતકા હૃદયમેં સત્યસે બેાના ચાહિયે. ધ્યાનમેં૦ ।। ૩ ।। કામના મનકી સકલ આનંદસે પૂરન ભઇ, અબતેા સમતા સેજ ઉપર, સુખસે સેાના ચાહિયે. ધ્યા૦ ।। ૪ ।। દાસ ચુંની અપને ઘર, આંગનમે ફુલેગા કલપ, ભવસ્થિતી પકનેસે મુક્તિ ફલ સલેાના ચાહિયે. ધ્યાનમેં૦ ।। ૫ ।।

आध्यात्मिक पद.

કાયાકા પીંજરા ડોલે, એક શ્વાસકા પક્ષિબોલે, તન સર્ગ મે હય મંદીર, પરમાત્મા ઉસકે અંદર, દો નયન હથ પાપી સમુદ્ર, નેકી બડીકેા તોલેરે. એક–મા બાપ પતિ પત્નિકા, કેાઇબી નહિ હય કીસીકા, જગડા હય એ જીતે જીવકા, બન પરે નેકી કરનારે એક આનેકી સાહદત જાના, જાને સે નહિ પસ્તાના, દુનિયા હય મુસાફર ખાના, અબ જાગ જગતમે સેા નારે. એક૦ ।। ૩ ।।

अथ श्री बोजनी सजाय

સખી મારે ચેાકમારે, ઉગતેા બીજનું ચંદ્ર નમીયે, ચંદ્ર વિમાને શાશ્વતા જીનવર, પ્રણમી પાતિક હરિયે, મનવચ કાયા જોવશ થીર કરીયે ભવ દરિયે જટ તરિયે, સખી૦ ।। ૧ ।। માતા પિતા સુત સસરેા, નાવલીયેા રૂપ રેલેા, કારમેા એ કુટુંબ કબીલેા, મલીયેા પંચી મેલેા. સખી૦ ।। ૨ ।। અભિનંદન સુમતિ શીતલજીન, વાસુપૂજ્ય અર સ્વામી, જન્મ ચ્યવન શીવનાણ ચ્યવનના કલ્યાણુક ગુણ ગ્રામી. સખી૦ ।। ૩ ।। વર્તમાન ચેાવીસીએ એ દીન, કલ્યાક જીનકેરાં, અનંત ચેાવિશીયે અનંત કલ્યાણુક, થાસે એમ ભલેરા. સખી૦ ।। ૪ ।। દુવિધ ધર્મ પ્રકાશ્યેા બીજે, કહે પ્રભુ ભવી આદરજ્યેા, ધ્યાન દેાય ત્યજી દેાય આદરજો, રાગદ્વેશ દેાય હરજ્યેા. સખી૦ ।। ૫ ।। નય નિશ્ચય વ્યવહાર ઉભયથી, તત્ત્વા તત્ત્વ પ્રકાશે, બીજ દીવસ ઉભય પ્રકારે આરાધેા ઉલ્લાસે. સખી૦ ।। ૬ ।। એ

દીન તપ ભવી જપ કરતાં ભાવે, નરક તિર્યંચ ગતિ વારે, દેવ મનુષ્ય ગતિ પુણ્ય મહોદય, અનુક્રમે શિવ સુખ સારે. સખી૦ ॥ ૭ ॥ કર્મબીજ તપ તપતાં, જળ મુળથી બળી જાવે, સહજ કલા નિધિ સૂરિ ઉદયે, જગદાનંદ સુખ પાવે. સખી૦ ॥ ૮ ॥

તમારો ધર્મ સંભાળો.

(સજેલાં શ્રી પ્રભુજીએ-એ રાગ)

પ્રભુશ્રી વીરને પ્યારા, પરાર્થે પ્રાણ દેનારા જગતમાં જૈન કહેનારા, તમારો ધર્મ સંભાળો. પ્રભુ૦ કઠીન આ કાળ વર્તાયે, વિષમ કોઇ વાયરા વાયે, થવાનું હોય તે થાયે, તમારો ધર્મ સંભાળો. પ્રભુ૦ કંઇ ઓછા અગર વત્તા જીવન છે દોશમય સહુના, બીજાનું માપવા કરતાં તમારો ધર્મ સંભાળો. પ્રભુ૦ ગુણોને અવગુણો બેમાં, કરી અવગુણને બળગા સહુંના ગુણને લેજ્યો, તમારો ધર્મ સંભાળો. પ્રભુ૦ દુઃખી જંજાળમયી જુઓ, જગતના માનવી સૌ છે દઈને, સહાયતા બનતી, તમારો ધર્મ સંભાળો. પ્રભુ૦ ભલું બુરૂ સહુનું તો, શુભાશુભ કર્મથી થાએ, જીવન જ્યોતિ જગ્યા સુધી, તમારો ધર્મ સંભાળો. પ્રભુ૦ પ્રભુશ્રી વીરના વચનો, સ્મરો સહુ કઠીન આ કાળે, કસોટી આકરીમાંથી, તમારો ધર્મ સંભાળો. પ્રભુ૦ પરાર્થે પુન્ય માર્ગોમાં, ભલાઇના ભરી પ્યાલા, જગત આગે સિંચો સજ્જન તમારો ધર્મ સંભાળો. પ્રભુ૦

સોળ મહા સતીનો ગરબો.

ઉંચી ભારત ભૂમી આજ (૨) જેનાં ચરિત્ર આજ શોભતાં (૨) એવી સતીઓ કેરાં શીલ (૨) સુવર્ણ ગ્રંથ પાને શોભતાં (૨) ઉંચી૦ બ્રાહ્મી ને સુંદરી બે બેનડીની જોડલી (૨) એક શીખી અક્ષર જ્ઞાન, બીજી ગણીત પંડિતા. જેના૦ ઉંચી૦ સતી ચંદન બાળીકા, હતી જે શુદ્ધ શ્રાવિકા (૨) વહોરાવ્યા વીર અડદ બાકુળા હો બેનડી. જેના૦ ઉંચી૦ ચોથી રાજુલ મહા સતી જે બ્રહ્મચારિણી (૨) સંયમમાં દૃઢ કર્યો રહનેમી હો બેનડી. જેના. ઉંચી૦ દ્રોપદી મહા સતી જે પાંડવ કુળે શોભતી (૨) શિયળના પ્રભાવે પૂર્યા ચીર મારી બેનડી. જેના૦ ઉંચી૦ શ્રી રામચંદ્રની જનેતા કૌશલ્યા મહા સતી (૨) ચંદનબાળાની માશી મૃગાવતી હો બેનડી. જેના૦ ઉંચી૦ શ્રી વીરની પહેલી શ્રાવિકા, સુલસા જે મહા સતી (૨) બત્રીશ પુત્ર સાથે મર્યા, ધર્મથી નહી ચલી. જેના૦ ઉંચી૦ સીતાજી મહા સતીને રાવણે હરી હતી (૨) લોકાપવાદે અગ્નીમાં પ્રવેશી, અગ્ની શાન્ત કરી. જેના૦ ઉંચી૦ ચંપાના બાર ઉઘાડયા શ્રી સુભદ્રા મહા સતી (૨) કુવામાંથી જળ કાઢયું, કાચે તાંતણે ચારણી વતી. જેના૦ ઉંચી૦ શીવા ને કુન્તી હતી જે રાજાની રાણીઓ (૨) શિલવતી જીનદત્ત શેઠની, દુહીતા હો બેનડી. જેના૦ ઉંચી૦ નલરાજની અર્ધાંગના દમયંતિ એ મહાં સતી (૨) વને વન ભમી દુઃખ પામી મારી બેનડી જેના૦ ઉંચી૦ ગુરુ સેવામાં તત્પર એવી, પુષ્પચુલા મહા સતી (૨) કેવળ જ્ઞાન પામી

છતા, કરી સેવા બેનડી. જેના૦ ઉંચી૦ ચેડા રાજાની પુત્રી પ્રભાવતી જે મહા સતી (૨) શ્રી કૃષ્ણ વાસુદેવની પતિવૃતા પદ્મવતી જેના૦ ઉંચી૦ પર પુરૂષને ભાઇ બાપ દીકરા સમાન લેખતી (૨) પ્રાતઃ ઉઠી અમૃત નમે સોળ એ મહા સતી. જેના૦ ઉંચી૦

બાળકોના હૃદય ઉદગાર

(અમે લીધી પ્રતીજ્ઞા પાળશું રે–રાગ)

લોક સેવાના મંત્ર અમે સાધશું રે (૨) ગણી પ્રથમ અમારો તે ધર્મ. (૨) લોક સેવા૦ મોટા થાશું જ્યારે અમો બાળકો રે (૨) કરીશું મોટાં મોટાં સહુ કામ. લોક સેવા૦ દાદા વીરના વચન શીરે ધારશું રે (૨) માની ધન્ય અમારો આ જન્મ. (૨) લોકસેવા૦ ગરીબોને સદ્ રસ્તે ચડાવશું રે (૨) આપી ઉંચી કેળવણી ખાસ. લોકસેવા૦ વીર પ્રભુના સુત્ર સમજાવશુંરે (૨) સત્ય અહિંસાના કહી પાઠ. લોક સેવા૦ કુસંપને ઉખેડી જડ મુળથી રે (૨) રોપીશું મોટું સંપ ઝાડ. લોકસેવા૦ મીઠી અમૃત છાંયડીએ અમે બેસશું રે (૨) ઝંડો રોપી દાદાનો ત્યાંય. લોક સેવા૦

વિદાય

રાગ-પંથીડા સંદેશો

મેમાનો હો વ્હાલા પુનઃ પધારજો, કયા ? દીલથી દઇએ, અમે આપ વિદાયજો. આતિથ્ય આપતણું, અમને

શું આવડે, ભૂલ ચુક અમ ઉણપ, કરજો માફજો. મેમાનો૦ શાળા આ ફરજ આપ તણી હૃદયે સહુ માનજો, ફરી ફરી દર્શન દેજો વડીલ સમાજજો, આપ તણાં દર્શનથી, કાળજડાં ઠરે, ઉત્સાહે વધશે, વિદ્યાર્થી અભ્યાસેજો. મેમાનો૦ ઉત્તેજન આપો છો, લક્ષ્મી એ ઘણું, પણ જો પધારી, સંસ્થાને નિરખાયજો, તો સુવર્ણ સુગંધ, બન્ને સાથે મળે અમૃત કહે છે, લળી લળી લાગી પાયજો. મેમાનો૦

॥ આઠ દૃષ્ટિની સજ્ઝાય પ્રારંભ ॥

ઢાલ પહેલી

॥ ચતુર સ્નેહી મોહના ॥ એ દેશી ॥

શિવ સુખ કારણ ઉપદિશી, યોગ તણી અડ દિઠ્ઠી રે; તે ગુણ થુણી જિન વીરનો, કરશું ધર્મની પુઠ્ઠી રે, વીર જિનેશ્વર દેશના૦ ॥ ૧ ॥ સઘન અઘન દિન રયણીમાં, બાલ વિકલને અનેરાં રે; અરથ જોયે જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે. વી૦ ॥ ૨ ॥ દર્શન જે થયા જુજુઆ, તે ઓઘ નજરને ફેરેં રે, ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત્ત દૃષ્ટિને હેરેં રે. વી૦ ॥ ૩ ॥ દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવેં રે; હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે. વી૦ ॥ ૪ ॥ દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજે રે રયણી શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તેમ છાજે રે. વી૦ ॥ ૫ ॥ એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહિયે રે; જિહાં મિત્રા તિહાં ઓઘ જે, તે તૃણ અગ્નિ ઓ લહિયેં રે;

વી૦ ।। ૬ ।। વ્રત પણ ઇહાં યમ સંપજે, ખેદ નહીં શુભ કાજે રે; દ્વેશ નહીં વલી અવરસું, એહ ગુણ અંગ વિરાજે રે; વી૦ ।। ૭ ।। યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રમાણે રે; ભાવા ચારજ સેવના, ભવ ઉદ્વેગ સુઠામે રે. વી૦ ।। ૮ ।। દ્રવ્ય અભિગ્રહ પાલવા, ઔષધ પ્રમુખને દાને રે; આદર આગમ આસરી, લિખનાદિ બહુ માને રે. વી૦ ।। ૯ ।। લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદગ્રાહો રે; ભાવ શિસ્તાર સઝાયથી ચિંતન ભાવન ચાહો રે. વી૦ ।। ૧૦ ।। બીજ કથા ભલી સાંભલી, રોમાંચિત હીયે દેહ રે; એહ અવંચક યોગથી, લહિયેં ધરમ સનેહ રે. વી૦ ।। ૧૧ ।। સદ્‌ગુરૂ યોગેં વદન ક્રિયા તેહથી ફલ હોયે જેહો રે; યોગ ક્રિયા ફલ ભેદથી ત્રિવિધ અવંચક અહો રે. વી૦ ।। ૧૨ ।। ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે; તેમ ભવિજન સહજ ગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે. વી૦ ।। ૧૩ ।। એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમા વરતે રે; સાધુને સિદ્ધ દશા સમો, બીજનું ચિત્ત પ્રવર્તે રે. વી૦ ।। ૧૪ ।। કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે; મુખ્ય પણે તે ઇહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે. વી૦ ।।૧૫।।

ઢાલ બીજી

મન મોહન મેરે ।। એ દેશી ।।

દર્શન તારા દૃષ્ટિમાં, મન મોહન મેરે, ગોમય અગ્નિ સુમાન; મન૦ શૌચ સંતોષને તપ ભલા, મન૦ સઝાય ઈશ્વર ધ્યાન, મન૦ ।। ૧ ।। નિયમ પંચ ઇહાં સંપજે,

મન૦ નહીં કિરિયા ઉદ્વેગ, મન૦ જિજ્ઞાસા ગુણ તત્ત્વની મન૦ પરણ નહીં નિજ હઠ ટેગ. મન૦ ॥ ૨ ॥ એ દૃષ્ટે હોય વરતતાં, મન૦ યોગ કથા બહુ પ્રેમ, મન૦ અનુચિત તેહ ન આચરે, મન૦ વાળ્યો વળે જેમ હેમ. મન૦ ॥ ૩ ॥ વિનય અધિક ગુણીનો કરે, મન૦ દેખે નિજ ગુણ હાણ; મન૦ ત્રાસ ધરે ભવ ભય થકી, મન૦ ભવ માને દુઃખ ખાણ, મન૦ ॥ ૪ ॥ શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મન૦ શિષ્ટ કહે તે પ્રમાણ; મન૦ સુયશ લહે એ ભાવથી, મન૦ ન કરે જુઠ ડફાણ. મન૦ ॥ ૫ ॥ ઇતિ ॥

ઢાલ ત્રીજી.

પ્રથમ ગોવાલે તણે ભવેજી એ દેશી.

ત્રીજી દૃષ્ટિ ભલા કહીજી, કાષ્ટ અગ્નિ સમ બોધ, ક્ષેપ નહી આસન સોધેજી, શ્રવણ સમીહા સોધે રે; જિનજી ધન ધન તુમ ઉપદેશ. ॥ ૧ ॥ તરૂણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત; સાંભલવા તેમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે. જિન૦ ધન૦ ॥ ૨ ॥ સરિ એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલ કુપ; શ્રવણ સમીહા તે કિસીજી, શયિત ગુણે જેમ ભુપ રે. જિન૦ ધન૦ ॥૩॥ મન રીજે તનુ ઉલ્લસેજી, રીજે બુજે એક તાન, તે ઇચ્છા વિણ ગુણ કથાજી, બહિરા આગલ ગાન રે. જિન૦ ધન૦ ॥ ૪ ॥ વિઘન ઇહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય, અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે. જિન૦ ધન૦ ॥ ૫ ॥ ઇતિ.

ઢાલ ચોથી

ઝાંઝરીયા મુનિવર ધન ધન તુમ અવતાર—એ દેશી

ચોગદૃષ્ટિ ચોથી કહીજી, દીપ્તા તિહાં ન ઉત્થાન, પ્રાણાયામ તે ભાવથિજી, દીપ પ્રભાસમ જ્ઞાન, મન મોહન જિનજી, મીઠી તાહરી વાણ. ॥ ૧ ॥ બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ, કુંભક થીરતા ગુણે કરી જી, પ્રાણાયામ સ્વભાવ. મન૦ ॥ ૨ ॥ ધરમ અરથી ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ, પ્રાણ અરથે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ. મન૦ ॥ ૩ ॥ તત્ત્વ શ્રવણ મધુરોદકેંજી, ઇહાં હોએ બીજ પ્રરોહ, ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરૂ ભકિત અદ્રોહ. મન૦ ॥ ૪ ॥ સુક્ષ્મ બોધતો પણ ઇહાંજી, સમકેત વિણ નવિ હોય, વેદ્ય સંવેદ્ય પદેં કહિઓજી, તે ન અવેદ્યેં જોય. મન૦ ॥ ૫ ॥ વેદ્ય બંધ શિવ હેતુ છે જી, સંવેદન તસ નાણ, નયનિક્ષેપે અતિભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ. મન૦ ॥૬॥ તે પદ ગ્રંથી વિભેદથીજી, છેહલી પાપ પ્રવૃત્તિ; તમ લોહ પદ પ્રતિ સમીજી, તિહાં હોય અંત નિવૃતિ. મન૦ ॥૭॥ એહ થકી વિપરીતે છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય, ભવ અભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય. મન૦ ॥ ૮ ॥ લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ, ભવ અભિનંદી ભવ ભય ભરીઓજી, અફલ આરંભ અયાણ. મન૦ ॥ ૯ ॥ એહવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર, સાધુ સંગ આગમ તણુજી, તે જીત્યો ધુરંધાર. મન૦ ॥ ૧૦ ॥ તે જીતે સહજેં ટલેજી, વિષમ કુતર્ક પ્રકાર,

દૂર નિકટ હાથી હણેજી, જેમ એ બહર વિચાર. મન૦ ।। ૧૧ ।। હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર, આલસુ આ ગુરૂ શિષ્યનોજી, તેતો વચન પ્રકાર. મન૦ ।। ૧૨ ।। દ્વીજે તે પત્તિ આવવુંજી, આપ મતે અનુમાન, આગમને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન. મન૦ ।। ૧૩ ।। નહિં સર્વજ્ઞ જુજુઆજી, તેહના જે વલી દાસ, ભગતિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ. મન૦ ।। ૧૪ ।। દેવ સંસારી અનેક છેજી, તેહની ભકિત વિચિત્ર, એક રાગ પર દ્વેષજી, એક મુગતિની અચિત્ર. મન૦ ।। ૧૫ ।। ઇંદ્રિયાર્થ ગત બુદ્ધિ છેજી, જ્ઞાન છે આગમ હેત, અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તેણે ફલ ભેદ સંકેત. મન૦ ।। ૧૬ ।। આદર ક્રિયા રતિ ઘણીજી, વિઘન ટલે મીલે લચ્છિ, જિજ્ઞાસા બુદ્ધ સેવનાજી, શુભ કૃતિ ચિન્હ પ્રત્યચ્છિ. મન૦ ।। ૧૭ ।। બુદ્ધિ ક્રિયા ભવ ફલ દીયેજી, જ્ઞાન ક્રિયા શિવ અંગ, અસંમોહ કિરિયા દીયેજી, શીઘ્ર મુગતિ ફલ ચંગ. મન૦ ।। ૧૮ ।। પુદ્ગલ રચના કારમીજી, તિહાં જશ ચિત્ત ન લીન, એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગદીન. મન૦ ।। ૧૯ ।। શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન, કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન. મન૦ ।। ૨૦ ।। શબ્દ ભેદ ઝગડો કિસ્યોજી, પરમારથ જો એક, કહો ગંગા કહો સુર નદીજી, વસ્તુ ફીરે નહિ છેક. મન૦ ।। ૨૧ ।। ધર્મ ક્ષમાદિક પણ મિટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ, તો ઝગડા ઝાંટા તેણોજી, મુનિને કવણ અભ્યાસ. મન૦ ।। ૨૨ ।। અભિનિવેશ સધલો ત્યજીજી,

ચાર લહી જેણે દૃષ્ટિ, તે લેશે હવે પંચમીજી, સુયશ અમૃતધન વૃષ્ટિ. મન૦ ।। ૨૩ ।। ઇતિ.

ઢાલ પાંચમી.

ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી.

દૃષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે, રતનપ્રભા સમ જાણોજી, ભ્રાંતિ નહી વલી બોધ તે સુક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ।। ૧ ।। એ ગુણ વીર તણા ન વિસારૂં, સંભારૂં દિનરાત રે, પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકેતને અવદાત રે. એ ગુણ૦ ।।૨।। બાલ ધુલિ ઘર લીલા સરિખી ભવ ચેષ્ટા ઇંહાં ભાસે રે, રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહાસિદ્ધિ પાસે રે. એ ગુણ૦ ।। ૩ ।। વિષય વિકારેં ન ઇંદ્રિય ભેડે, તે ઇહાં પ્રત્યાહારો રે, કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે. એ ગુણ૦ ।। ૪ ।। શીતલ ચંદનથી પણ ઉપનો, અગનિ દહે જેમ વનને રે, ધરમજનિત પણ ભોગ ઇંહાં, તેમ, લાગે અનિષ્ટ તે મનને રે. એ ગુણ૦ ।।૫।। અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે, ચિદાનંદ ઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આસી રે. એ ગુણ૦ ।। ૬ ।।

ઢાલ છઠી

ભોલીડા હંસારે વિષય ન રાચીએ—એ દેશી

અ ચપલ રોગ રહિત નિઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ, ગંધ તે સારો રે કાંતિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ

પ્રવૃત્તિ, ધન ધન શાસન શ્રી જિનવર તણું. આંકણી૦ ॥ ૧ ॥ ધીર પ્રભાવીરે, આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત; લાભ ઇષ્ટનો રે દ્વંદ્વ અધષ્ટતા, જિન પ્રિયતા હોય નિત્ય. ધન૦ ॥ ૨ ॥ નાશ દોષનો રે તૃપતિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ, નાશ વયરનોરે, બુદ્ધિ શત ભરા, એ નિષ્પન્નહ યોગ. ધન૦ ॥ ૩ ॥ ચિન્હ યોગનો રે જે પર ગ્રંથમાં, યોગાચારય દિઠ્ઠ, પંચમ દૃષ્ટિ થકી તે જોડીયેં, એહવા તે ગરીઠ્ઠ. ધન૦ ॥ ૪ ॥ છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ પ્રકાશ, તત્ત્વ મિમાંસા રે દૃઢ હોય ધારણા, નહી અન્ય શ્રુત વાસ. ધન૦ ॥ ૫ ॥ મન મહીલાનું રે વાહાલા ઉપરેં, બીજા કામ કરંત; તેમ શ્રુત ધર્મે રે; એહમાં મન ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ધન૦ ॥ ૬ ॥ એ હવે જ્ઞાને રે વિઘન નિવારણા, ભોગ નહી ભવ હેત, નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત. ધન૦ ॥ ૭ ॥ માયા પાણી રે જાણી તેહને, લંધી જાય અડોલ, સાચું જાણી રે તે બિહતો રહે; ન ચલે ડામાડોલ. ધન૦ ॥ ૮ ॥ ભોગ તત્ત્વને રે એમ ભય નવિ ટલે, જૂઠા જાણે રે ભોગ, તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે, લહે વલી સુયશ સંયોગ. ધન૦ ॥ ૯ ॥

ઢાલ સાતમી.

એ છઠ્ઠી કિહાં રાખીએ ॥ એ દેશી ॥

અર્ક પ્રભા સમ બોધ પ્રભામાં, ધ્યાન ક્રિયા એ દીઠ્ઠી, તત્ત્વ તણી પ્રતિ પ્રત્તે ઇહાં વલી રોગ નહિ સુખ પુઠ્ઠી રે, ભવિકાવીર વચન ચિત્ત ધરીયેં. એ આંકણી૦

।। ૧ ।। સઘલું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહિયે રે, એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિયે રે. ભવિકા૦ ।। ૨ ।। નાગર સુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી, અનુભવ વિણ તેમ ધ્યાન તણું સુખ, કુણ જાણે નરનારી રે. ભવિકા૦ ।।૩।। એ દૃષ્ટિમાં નિર્મલ બોધે, ધ્યાન સદા હોયે સાચું, દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રતન તે દીપે જાચું રે. ભવિકા૦ ।। ૪ ।। વિષ ભાગ ક્ષય શાંત વાહિતા શિવ મારગ ધ્રુવ નામ; કહે અસંગ ક્રિયા ઈહાં યોગી, વિમલ સુયશ પરિણામ રે. ભવિકા૦ ।। ૫ ।। ઇતિ૦

દૃષ્ટિ આઠમી

તુજ સાથે નહી બોલું મારા વાલા તેં મુજને વિસારીજી એ દેશી.

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી; આપ સ્વભાવેં પ્રવૃત્તિ પૂરણ, શશી સમબોધ વખાણુંજી; નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહી અતિચારીજી; આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી. ।।૧।। ચંદન ગંધ સમાનખિમાં ઈહાં, વાસકને ન ગવેષેજી આસંગે વર્જિત વલી એહમાં, કિરિયા નિજ ગુણ લેખેજી. શિક્ષા-થી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એ હોજી; તાસ નિયોગેં કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી. ।। ૨ ।। ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી; પર ઉપગાર કરી શિવ સુખ તે, પામે યોગ અયોગીજી; સર્વ શત્રુ ક્ષય સર્વ વ્યાધિ લય, પૂરણ સર્વ

સમીહાજી; સર્વ અરથ યોગેં સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી. ।। ૩ ।। એ અડદિઠ્ઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતજી; કુલ યોગીને પ્રવૃત ચક્ર જે, તેહ તણે હિત હેતેજી. યોગી કુલેં જાયા તસ ધર્મે અનુગત તે કુલ યોગેજી, અદ્વેષી ગુરૂદેવ દ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગેજી. ।। ૪ ।। શુશ્રુષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્ત ચક્ર તે કહિયેંજી, યમ દ્વય લાભી પરદુગ અર્થી આદ્ય અવંચક લહિયેંજી; ચાર અહિંસાદિક યમ ઈચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામેજી, શુધ્ધિ રૂચેં પાલે અતિચારહ, ટાલે ફલ પરિણામેજી. ।। ૫ ।। કુલ યોગીને પ્રવૃત્તિ ચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી; યોગ દૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણેં કહ્યું એ વાતજી; શુધ્ધ ભાવને સુનિ કિરિયા, બેહુમાં અંતર કેતોજી; જલહલતો સૂરજને ખજુઓ, તાસ તેજમાં તેતોજી. ।। ૬ ।। ગુહ્ય ભાવ એ તેહને કહિયેં, જેહશું અંતર ભાંજેજી; જેહસું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી. યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી; ખમશે તે પંડિત પરખદમાં, મુષ્ટિ પ્રહાર ને લાતોજી. ।। ૭ ।। સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદી સૂત્રે દીશેજી; તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી, લોક પૂર્યો નિજ નિજ ઈચ્છા, યોગ ભાવ ગુણ રયણેજી, શ્રી નય વિજય વિબુધ પય સેવક, વાચક યશને વયણેજી. ।। ૮ ।। ઇતિ સંપુરણ કુલ ગાથા ।।૭૬।।

શ્રી દેવચંદ્રજી પંડિત કૃત પંચ ભાવનાની સજ્ઝાય

॥ દુહા ॥

સ્વસ્તિ સીમંધર પરમ, ધર્મ ધ્યાન સુખ ઠામ; સ્યાદ્વાદ પરિણામ ધર, પ્રણમું ચેતન રામ. ॥ ૧ ॥ મહાવીર જિનવર નમું, ભદ્રબાહુ સુરિશ; વંદી શ્રી જિન-ભદ્રગણી, શ્રી ક્ષેમેંદ્ર મુનિશ. ॥ ૨ ॥ સદ્ગુરૂ શાસન દેવ નમી, બૃહતકલ્પ અનુસાર; શુધ્ધ ભાવના સાધુની, ભાવીશ પંચ પ્રકાર. ॥ ૩ ॥ ઇંદ્રિય યોગ કષાયને, જિપે મુનિ નિશંક; ઇણ જીત્યે કુ ધ્યાન જય, જાએ ચિત્ત તરંગ. ॥ ૪ ॥ પ્રથમ ભાવના શ્રુત તણી, બીજી તપ તિય સત્ત્વ; તુરિય એકત્વ ભાવના, પંચમ ભાવ સુતત્ત્વ. ॥ ૫ ॥ શ્રુત ભાવના મન સ્થિર કરે, ટાલે ભવનો ખેદ; તપ ભાવના કાયા દમે, વામે વેદ ઉમેદ. ॥ ૬ ॥ સત્ત્વ ભાવ નિર્ભય દશા, નિજ લઘુતા એક ભાવ; તત્ત્વ ભાવના આત્મ ગુણ, સિધ્ધિ સાધના દાવ. ॥ ૭ ॥ ઇતિ૦

ઢાલ પહેલી

લોક સ્વરૂપ વિચારો આતમા રે ॥ એ દેશી ॥

શ્રુત અભ્યાસ કરો મુનિવર સદારે, અતિચાર સહુ ટાલિ; હીણ અધિક અક્ષર મત ઉચ્ચરોરે, શબ્દ અર્થ સંભાલી. ॥ ૧ ॥ સુક્ષ્મ અર્થ અગોચર દૃષ્ટિથીરે, રૂપી રૂપ વિહીણ; જેહ અતીત અનાગત વર્તતારે, જાણે જ્ઞાની લીન. ॥ ૨ ॥ નિત્ય અનિત્ય એક અનેકતારે, સદસદ ભાવ

સ્વરૂપ; છ એ ભાવ એક દ્રવ્યે પરિણમ્યારે, એક સમયમાં અનુપ. ॥ ૩ ॥ ઉત્સર્ગે અપવાદે પદે કરીરે, જાણે સહુ શ્રુત ચાલ; વચન વિરોધ નિવારે યુક્તિથીરે, થાવે દૂષણ ટાલ. ॥ ૪ ॥ દ્રવ્યાર્થિક પર્યાયર્થિક ધરેરે, નયગમ ભંગ અનેક; નય સામાન્ય વિશેષે બેહુ ગ્રહેરે, લોકાલોક વિવેક. ॥ ૫ ॥ નંદી સૂત્રે ઉપગારી કહ્યોરે, વલી અશુચ્યા ઠામ; દ્રવ્ય શ્રુતને વાંદ્યો ગણધરેરે, ભગવઇ અંગે નામ. ॥ ૬ ॥ શ્રુત અભ્યાસે જિનપદ પામીયેરે, છઠ્ઠે અંગે સાખ, શ્રુતનાણી કેવલનાણી સમોરે, પન્નવણિજે ભાખ. ॥ ૭ ॥ શ્રુતધારી આરાધક સર્વનોરે, જાણે અર્થ સ્વભાવ; નિજ આતમ પરમાતમ સમ ગ્રહેરે, ધ્યાવે તે નય દાવ. ॥ ૮ ॥ સંયમ દરશન તે જ્ઞાને વધેરે, ધ્યાને શીવ સાધંત; ભવ સ્વરૂપ ચઉગતિનો તે લેખેરે, તેણે સંસાર તજંત. ॥ ૯ ॥ ઇંદ્રિય સુખ ચંચલ જાણી તજેરે, નવ નવ અર્થ તરંગ; જિમ જિમ પામે તિમ મન ઉલ્લસેરે, વસે ન ચિત્ત અનંગ. ॥ ૧૦ ॥ કાલ અસંખ્યાતા ભવ લખેરે, ઉપદેશક પણ તેહ; પરભવ સાથી આલંબન ખરોરે, ચરણ વિના શિવ ગેહ. ॥૧૧॥ પંચમકાલે શ્રુત બલ ઘટયોરે, તો પણ એહ આધાર; દેવચંદ્ર જિનમતનો તત્ત્વ એરે શ્રુતસ્યું ધરજો પ્યાર. ॥ ૧૨ ॥ ઇતિ. ॥

ઢાલ બીજી.

અનુમતિ દિધી માયે રોવતી ॥ એ દેશી ॥

રયણાવલી કનકાવલી, મુક્તાવલી ગુણરયણ; વજ્જમધ્યને જવ મધ્ય એ, તપ કરીને હો જીપ્યો રિપુ મયણ.

॥ ૧ ॥ ભવિયણ તપ ગુણ આદરો, તપ તેજેરે છીજે સહુ કર્મ, વિષય વિકાર સહુ ટલે, મન ગંજેરે ભંજે ભવ મર્મ. ભવિ૦ ॥ ૨ ॥ જોગ જય ઇંદ્રિય તદા, તપ જાણો હો કર્મ સૂંડણ સાર; ઉવહાણે ચોગ દુહા કરી; શિવ સાધેરે શુદ્ધા અણગાર. ભવિ૦ ॥ ૩ ॥ જિમ જિમ પ્રતિજ્ઞા દૃઢ થકો, વૈરાગીઓ તપસી મુનિરાય; તિમ તિમ અશુભ દલ છીજે, રવિ તેજેરે જિમ શીત વિલાય. ભવિ૦ ॥ ૪ ॥ જે ભિક્ષુ પડિમા આદરે, આસન અકંપ સુધીર; અતિ લીન સમતા ભાવમાં, તૃણની પરે હો જાણું ત શરીર. ભવિ૦ ॥ ૫ ॥ જિણ સાધુ તપ તલવારથી, સૂંડયો છે હો અરિમોહ ગયંદ; તિણ સાધુનો હું દાસ છું, નિત્ય વંદુ રે તસ પાય અરવિંદ. ભવિ૦ ॥ ૬ ॥ આચાર સૂયગડાંગમાં, તિમ કહ્યો ભગવઈ અંગ; ઉત્તરાધ્યયન ગુણ તીસમે, તપ સંગે હો સહુ કર્મનો ભંગ. ભવિ૦ ॥૭॥ તે દુવિધ દુષ્કર તપ તપે, ભવ પાસ આસ વિરક્ત; ધન્ય સાધુ મુનિ ઢુંઢણ સમા, ઋષિ અંધક હોતીસગ કુરૂદત્ત. ભવિ૦ ॥ ૮ ॥ નિજ આતમ કંચન ભણી, તપ અગ્નિ કરી શોધંત; નવ નવી લબ્ધિ બલ છતે, ઉપસર્ગે હોતે સહંત. ॥ ૯ ॥ ધન્ય તેહ જે ધન ગૃહ તજી, તન સ્નેહનો કરી છેહ; નિઃસંગ વનવાસે વસે, તપ ધારી હો અભિગ્રહ ગુણ ગેહ. ભવિ૦ ॥ ૧૦ ॥ ધન્ય તેહ ગચ્છ ગુફા તજી, જિન કલ્પ ભાવ અકૂંદ, પરિહાર વિશુદ્ધિ તપ તપે, તે વંદે હો દેવચંદ્ર મુનિંદ. ભવિ૦ ॥ ૧૧ ॥ ઇતિ. ॥

ઢાલ ત્રીજી.

હવે રાણી પદ્માવતી ॥ એ દેશી ॥

રે જીવ સાહસ આદરો, મત થાઓ દીન; સુખ દુઃખ સંપદ આપદા, પૂરવ કરમ આધીન. રે જીવ૦ ॥ ૧ ॥ ક્રોધાદિક વસે રણ સમે, સહ્યા દુઃખ અનેક; તે જો સમતામાં સહે, તો તુજ ખરો વિવેક. રે જીવ૦ ॥ ૨ ॥ સર્વ અનિત્ય અશાશ્વતો, જેહ દીસે એહ; ધન તન સયણ સગા સહુ, તિણશ્યું શ્યો નેહ. રે જીવ૦ ॥ ૩ ॥ જિમ બાલક વેલુ તણા, ઘર કરીય રમંત; તેહ છતે અથવા ઢહે નિજ નિજ ગ્રહ જંત. રે જીવ૦ ॥ ૪ ॥ પંથી જેમ સરાહમાં, નદી નાવની રીતી; તિમ એ પરિણય તો મિલ્યેા, તિણથી શી પ્રીતિ. રે જીવ૦ ॥ ૫ ॥ જ્યાં સ્વાર્થ ત્યાં સહુ સગા, વિણ સ્વાર્થ દૂર; પર કાજે પાપે ભલે, તું કેમ હોએ સૂર. રે જીવ૦ ॥ ૬ ॥ તજિ બાહિર મેલાવડો, મિલિયેા બહુ વાર; જે પૂરવ મિલિયેા નહિ, તિણશ્યું ધર પ્યાર. રે જીવ૦ ॥ ૭ ॥ ચક્રી હરિ બલ પ્રતિહારી, તસ વિભવ અમાન; તે પણ કાલે સંહર્યા, તુજ ધન શ્યે માન. રે જીવ૦ ॥ ૮ ॥ હા હા હું તો તું ફિરે, પરિયણ નિચિંત; નરક પડયાં કહે તાહરી, કોણ કરશે ચિંત. રે જીવ૦ ॥ ૯ ॥ રોગાદિક દુઃખ ઉપને, મન અરતિ મ ધરેવ; પૂરવ નિજ કૃત કર્મનો, એ અનુભવ હેવ. રે જીવ૦ ॥ ૧૦ ॥ એહ શરીર અશાશ્વતો, ખીણમેં સીજંત; પ્રીતિ કિસિ તે ઉપરે, જે સ્વાર્થવંત. રે જીવ૦ ॥ ૧૧ ॥ જ્યાં લગે તુજ ઇણ દેહથી, છે પૂરવ

સંગ; ત્યાં લગે કોટિ ઉપાયથી, નવિ થાય ભંગ રે જીવ૦ ॥ ૧૨ ॥ આગલ પાછલ ચિહું દિને, જે વિણસી જાય; રોગાદિકથી નવિ રહે, કીધે કોટી ઉપાય. રે જીવ૦ ॥૧૩॥ અંતે પણ એને તજ્યાં, થાયે શિવ સુખ; તે જો છુટે આપથી, તો તુજે શ્યો દુઃખ. રે જીવ૦ ॥ ૧૪ ॥ એ તન વિણસે તાહરે, નવિ કોઇ હાણ; જો જ્ઞાનાદિક ગુણ તણો, તુજ આવે જાણ. રે જીવ૦ ॥ ૧૫ ॥ તું અજરામર આતમા, અવિચલ ગુણ ખાણ; ક્ષણ ભંગુર આ દેહથી, તુજ કિહાં પિછાણ. રે જીવ૦ ॥ ૧૬ ॥ છેદન ભેદન તાડના, વધ બંધન દાહ; પુદ્ગલને પુદ્ગલ કરે, તું તો અમર અગાહ. રે જીવ૦ ॥ ૧૭ ॥ પૂર્વ કર્મ ઉદયે સહી, જે વેદના થાય, ધ્યાવે આતમ તિણ સમે, તે ધ્યાની રાય. રે જીવ૦ ॥ ૧૮ ॥ જ્ઞાન ધ્યાનની વાતડી, કરણી આસાન; અંત સમે આપદ પડયાં, વીરલા કરે ધ્યાન. રે જીવ૦ ॥ ૧૯ ॥ અરતિ કરી દુઃખ ભોગવે, પરવશ જેમ કીર; તો તુજ જાણપણા તણો, ગુણ કેવો ધીર. રે જીવ૦ ॥ ૨૦ ॥ શુદ્ધ નિરંજન નિર્મલો, નિજ આતમ ભાવ; તે વિણસ્યે કહે દુઃખ કિસ્યો, જે મિલીયો આવ. રે જીવ૦ ॥ ૨૧ ॥ દેહ ગેહ ભાડા તણો, એ આપણો નાહિં; તુજ ગૃહ આતમ જ્ઞાન એ, તિણમાંહે સમાહિ. રે જીવ૦ ॥ ૨૨ ॥ મેંતારજ સુકોસલો, વલી ગજ સુકુમાલ; સનત કુમાર ચકી પરે, તન મમતા ટાલ. રે જીવ૦ ॥ ૨૩ ॥ કષ્ટ પડયા સમતા રમે, નિજ આતમ ધ્યાય; દેવચંદ્ર તિણ મુનિ તણા, નિત વંદુ પાય. રે જીવ૦ ॥ ૨૪ ॥ ઇતિ. ॥

ઢાલ ચોથી.

પ્રાણી ધરીયે સંવેગ વિચાર—એ દેશી.

જ્ઞાન ધ્યાન ચારિત્રને રે, જો દૃઢ કરવા ચાહ, તો એકાકી વિહારતા રે, જિનકલ્પાદિ સાય રે. પ્રાણી૦ એકલ ભાવના ભાવો, શિવ મારગ સાધન દાવ રે. પ્રાણી૦ ॥૧॥ સાધુ ભણી ગૃહવાસની રે, છુટી મમતા તેહ, તો પણ ગચ્છવાસી પણો રે, ગણ ગુરૂ પર છે નેહ રે. પ્રાણી૦ ॥ ૨ ॥ વન મૃગની પરે તેહથી રે, છોડી સકલ પ્રતિબંધ, તું એકાકી અનાદિનો રે, કિણથી તુજ સંબંધ રે. પ્રાણી૦ ॥ ૩ ॥ શત્રુ મિત્રતા સર્વથી રે, પામી વાર અનંત, કોણ સજ્જન દુશ્મન કિસ્યો રે, કાળે સહુનો અંત રે. પ્રાણી૦ ॥ ૪ ॥ બાંધે કરમ જીવ એકલો રે, ભોગવે પણ તે એક, કિણ ઉપર કિણ વાતની રે, રાગ દ્વેષની ટેક રે. પ્રાણી૦ ॥ ૫ ॥ જો નિજ એકપણું ગ્રહે રે, છોડી સકલ પર ભાવ, શુદ્ધાતમ જ્ઞાનાદિશું રે, એક સ્વરૂપે ભાવ રે. પ્રાણી૦ ॥ ૬ ॥ આવ્યો છે તું એકલો રે, જાઇશ પણ તું એક, તો એ સર્વ કુટુંબથી રે, પ્રીતિ કિસિ અવિવેક રે. પ્રાણી૦ ॥ ૭ ॥ વનમાંહે ગજ સિંહાંદિથી રે, વિહરતાં ન ટલે જેહ, જિણ આસન રવિ આથમે રે, તિણ આસન નિશિ છેહ રે. પ્રાણી૦ ॥ ૮ ॥ આહાર ગ્રહે તપ પારણે રે, કરમાં લેપ વિહીન, એકવાર પાણી પીવતા રે, વનચારી ચિત્ત અદીન રે. પ્રાણી૦ ॥૯॥ એહ દોષ સવિ પરતણો રે, પરસંગે ગુણ હાણ, પર ધન ગ્રાહી ચોર તે રે, એકપણે સુખ આણ રે. પ્રાણી૦

।। ૧૦ ।। પર સંયેાગથી બંધ છે રે, પર વિયેાગથી મેાક્ષ, તેણે તજી પર મેલાવડા રે, એકપણેા નિજ પેાષ રે. પ્રાણી૦ ।। ૧૧ ।। જન્મ ન પામ્યેા સાથકેા રે, સાથ ન મરશે કેાય, દુખ વહેંચવા કેા નહી રે, ક્ષણભંગુર સહુ લેાય રે. પ્રાણી૦ ।। ૧૨ ।। પરિજન મરતેા દેખીને રે, શેાક કરે જન મૂઢ, અવસરે વારેા આપણેા રે, સહું જનની એ રૂઢ રે. પ્રાણી ।। ૧૩ ।। સુરપતિ ચક્રી હરિબલી રે, એકલા પરભવ જાય, તન ધન પરિજન સહુ મલિ રે, કેાઇ સખાઈ ન થાય રે. પ્રાણી૦ ।।૧૪।। એક આતમા માહરેારે, નાણ દંસણ ગુણવંત, બાહ્ય યેાગ સહુ અવર છે રે, પામ્યેા વાર અનંત રે. પ્રાણી૦ ।। ૧૫ ।। કરકંડુ નમી નહ ગઈ રે, દુમ્મહ પ્રમુખ ઋષિરાય, મૃગાપુત્ર હરિકેશીના રે, વંદુ હું નિત પાય રે. પ્રાણી૦ ।।૧૬।। સાધુ ચેલાતી સુત ભલેા રે, વળી અનાથી તેમ; એમ મુનિ ગુણ અનુમેાદતા રે, દેવચંદ્ર સુખ ખેમ રે. ।।૧૭।।

ઢાલ પાંચમી.

એણી પરે ચંચલ આઉખેા ।। એ દેશી ।।

ચેતન એ તન કારિમેા તુમે ધ્યાવેા રે, શુદ્ધ નિરંજન દેવ. ભવિક તુમે૦ શુદ્ધ સ્વરૂપ અનૂપ. ભવિક તુમે૦ ।। ૧ ।। નર ભવ શ્રાવક કુલ લહ્યો, તુમે૦ લાધેા સમકિત સાર; ભવિ૦ જિન આગમ રૂચિશું સુણેા, તુમે૦ આલસ નિંદ નિવાર. ભવિ૦ ।। ૨ ।। સમયાંતર સહ ભાવનેા, તુમે૦ દર્શન જ્ઞાન અનંત; ભવિ૦ આતમ ભાવે થિર સદા,

તુમ૦ અક્ષય ચરણ મહંત. ભવિ૦ ।। ૩ ।। તિનલોક ત્રિહુંકાલની, તુમે૦ પરિણતિ તિન પ્રકાર; ભવિ૦ એક સમયે જાણે તિણે, તુમે૦ નાણ અનંત અપાર. ભવિ૦ ।। ૪ ।। સકલ દોષ હર શાશ્વતો, તુમે૦ વીરજ પરમ અદીન; ભવિ૦ સુક્ષમ તનુ બંધન વિના, તુમે૦ અવગાહના સ્વાધીન. ભવિ૦ ।। ૫ ।। પુદ્ગલ સકલ વિવેકથી, તુમે૦ શુદ્ધ અમુર્તિ રૂપ; ભવિ૦ ઇંદ્રિય સુખ નિસ્પૃહ થઈ, તુમે૦ અકથ અબાહ સ્વરૂપ. ભવિ૦ ।। ૬ ।। દ્રશ્ય તણા પરિણામથી તુમે૦ અગુરૂ લઘુત્વ અનિત્ય; ભવિ૦ સત્ય સ્વભાવમયી સદા, તુમે૦ છોડી ભાવ અસત્ય. ભવિ૦ ।। ૭ ।। નિજ ગુણ રમતો રામ એ, તુમે૦ સકલ અકલ ગુણખાણ; ભવિ૦ પરમાતમ પર જ્યોતિ એ તુમે૦ અલખ અલેપ વખાણ. ભવિ૦ ।। ૮ ।। પંચ પૂજ્યથી પૂજ્ય એ. તુમે૦ સર્વ ધ્યેયથી ધ્યેય; ભવિ૦ ધ્યાતા ધ્યાનરૂપ ધ્યેય એ તુમે૦ નિશ્ચે એક અભેય. ભવિ૦ ।। ૯ ।। અનુભવ કરતાં એહનો, તુમે૦ થાએ પરમ પ્રમોદ; ભવિ૦ એક સ્વરૂપ અભ્યાસ શું, તુમે૦ શિવ સુખ છે તસ ગોદ. ભવિ૦ ।। ૧૦ ।। બંધ અબંધ એ આતમા, તુમે૦ કરતા અકરતા એહ; ભવિ૦ એહ ભોગતા અભોગતા, તુમે૦ સ્યાદ્વાદ ગુણ ગેહ. ભવિ૦ ।।૧૧।। એક અનેક સ્વરૂપ એ તુમે૦ નિત્ય અનિત્ય અનાદિ; ભવિ૦ સદસદ્ભાવે પરિણમ્યા, તુમે૦ મુકત સકલ ઉન્માદ. ભવિ૦ ।। ૧૨ ।। તપ જપ કિરિયા ખપ થકી, તુમે૦ અષ્ટ કર્મ ન ચિલાય; ભવિ૦ તે સહું આતમ ધ્યાનથી, તુમે૦ ક્ષિણમેં ખેરૂ

થાય. ભવિ૦ ।। ૧૩ ।। શુદ્ધાતમ અનુભવ વિના, તુમે૦ બંધ હેતુ શુભ ચાલ; ભવિ૦ આતમ પરિણામે રમ્યા, તુમે૦ એહજ અન્નવ પાલ. ભવિ૦ ।। ૧૪ ।। ઇમ જાણી નિજ આતમા, તુમે૦ વરજી સકલ ઉપાધિ; ભવિ૦ ઉપાદેય અવલંબને તુમે૦ પરમ મહોદય સાધ૦ ભવિ૦ ।।૧૫।। ભરત ઇલાસુત તેતલી, તુમે૦ ઇત્યાદિક મુનિવૃંદ; ભવિ૦ આતમ ધ્યાનથી એ તર્યા, તુમે૦ પ્રણુમે તે દેવચંદ્ર. ભવિ૦ ।। ૧૬ ।। ઇતિ ।।

ઢાલ છઠી.

શૈલેગ સેત્રુંજે સિદ્ધ થયા. ।। એ દેશી ।।

ભાવના મુક્તિ નિશાની જાણી, ભાવો આસકિત આણીજી; ચેાગ કષાય કપટની હાસી, થાયે નિર્મલ જાણીજી. ભાવના૦ ।। ૧ ।। પંચ ભાવના એ મુનિ મનને, સંવરખાણી વખાણીજી; બૃહત્કલ્પ સૂત્રની વાણી, દીઠી તેમ કહાણીજી. ભાવ૦ ।। ૨ ।। કર્મ કતરણી શિવ નિસરણી, ધ્યાન ઠાણ અનુસરણીજી; ચેતન રામ તણી એ ધરણી, ભવ સમુદ્ર દુખ હરણીજી. ભાવ૦ ।। ૩ ।। જયવંતા પાઠક ગુણધારી, રાજસાગર સુવિચારીજી; નિર્મલ જ્ઞાન ધર્મ સંભાલી, પાઠક બહુ હિતકારીજી. ભાવ૦ ।।૪।। રાજહંસ સહગુરૂ સુપસાયે, દેવચંદ્ર ગુણ ગાયાજી; ભવિક જીવ જે ભાવના ભાવે, તેહ અમિત સુખ પાયાજી. ભાવ૦ ।। ૫ ।। જેસલ મેરી શાહ સુત્યાગી, વર્દ્ધમાન વડભાગીજી; પુત્ર કલત્ર સકલ સોભાગી, સાધુ ગુણના રાગી-

જી. ભાવ૦ ।। ૬ ।। તસ આગ્રહથી ભાવના ભાઇ ઢાલ બંધમાં ગાઇજી, ભણશે ગણશે જે એ જ્ઞાતા, લહેશે તે સુખ શાતાજી. ભાવ૦ ।। ૭ ।। મન શુદ્ધે પંચે ભાવના ભાવો, પાવન નિજ ગુણ પાવોજી; મન મુનિવર ગુણ સંગ વસાવો, સુખ સંપત્તિ ગ્રહ થાવોજી. ભાવ૦ ।। ૮ ।।

।। ઇતિ પંચ ભાવના સંપૂર્ણ. કુલ ગાથા ।। ૯૫ ।।

।। શ્રી પ્રભંજનાની સજ્ઝાય ।।

।। દેશી નાટકયાની ।।

ગિરિ વૈતાઢયને ઉપરે, ચક્રાંકા નયરીરે લો, અહો ચક્રા૦ ચક્રાયુધ રાજા તિહાં, જિત્યા સવી વયરીરે લો. અહો૦ ।। ૧ ।। મદન લતા તસ સુંદરી, ગુણશીલ અચંભારે લો. અ૦ પુત્રી તાસ પ્રભંજના, રૂપે રતિ રંભારે લો. અ૦ ।।૨।। વિદ્યાધર ભૂચર સુતા, બહુ મલી એક પંતેરે લો. અ૦ રાધાવેધ મંડાવીઓ, વર વરવા બંતેરે લો. અ૦ ।।૩।। કન્યા એક હજારથી, પ્રભંજના ચાલીરે લો; અ૦ આર્યખંડમાં આવતા, વન બંડ વીચાલીરે લો. અ૦ ।।૪।। નિગ્રંથી સુપ્રતિષ્ઠતા, બહુ મુણુણી સંગેરે લો; અ૦ સાધુ વિહારે વિચરતા, વંદે મન રંગેરે લો. અ૦ ।। ૫ ।। આર્યા પુછે એવડો, ઉમાહો શ્યો છે રે લો; અ૦ વિનયે કન્યા વિનવે, વર વરવા ઇચ્છેરે લો. ।। ૬ ।। એ શ્યો હિત જાણો તુમે, એહથી નવિ સિદ્ધિરે લો; અ૦ વિષય હલાહલ વિષ જહાં, શી અમૃત બુદ્ધિરે લો. અ૦ ।।૭।। ભોગ સંગ કારમા કહ્યા, જિનરાજ સદાઇરે લો; અ૦

રાગ દ્વેષ સંગે વધે, ભવ ભ્રમણ સદાઇરે લેા. અ૦ ભ૦ ॥ ૮ ॥ રાજ સુતા કહે સાચ એ, જે ભાખેા વાણીરે લેા, અ૦ જે૦ પણ એ ભૂલ અનાદિની, કિમ જાએ છંડાણીરે લેા. અ૦ ॥ ૯ ॥ જેહ તજે તે ધન્ય છે, સેવક જિનજીનારે લેા; અ૦ સે૦ અમે જડ પુદ્‌ગલ રસ રમ્યા, મેાહે લયલીનારે લેા. અ૦ મેા૦ ॥ ૧૦ ॥ અધ્યાતમ રસ પાનથી પીના મુનિરાયારે લેા; અ૦ પી૦ તે પર પરિણુતિ રતિ તજી, નિજ તત્ત્વ સમાયારે લેા. અ૦ ॥ ૧૧ ॥ અમને પણ કરવેા ઘટે, કારણ સંયેાગેરે લેા; અ૦ પણ ચેતનતા પરિણમે, જડ પુદ્‌ગલ ભેાગેરે લેા. અ૦ જ૦ ॥ ૧૨ ॥ અવર કન્યા પણ ઉચ્ચરે, ચિંતિત હવે કિજેરે લેા; અ૦ ચિં૦ પછી પરમ પદ સાધવા, ઉદ્યમ સાધીજેરે લેા. અ૦ ઉ૦ ॥ ૧૩ ॥ પ્રભંજના કહે હે સખી, એ કાયર પ્રાણીરે લેા; અ૦ ધર્મ પ્રથમ કરવેા સદા, દેવચંદ્રની વાણીરે. લેા. અ૦ દે૦ ॥ ૧૪ ॥ ઇતિ ॥

ઢાલ બીજી.

હું વારેા ધના તુજ જાણુ ન દેસ એ દેશી

કહે સાહુણી સુણુ કન્યકારે ધન્યા, એ સંસાર કલેશ, એહને જે હિતકારી ગણેરે, ધન્યા તે મિથ્યા આવેશરે; સુજ્ઞાની, કન્યા સાંભલ હિત ઉપદેશ, જગ હિતકારી જિનેશ છેરે, ક૦ કીજે તસુ આદેશરે. સુજ્ઞાની૦ સા૦ ॥૧॥ ખરડીને વલી ધેાયવુંરે, ક૦ તેહ ન શિષ્ટાચાર; રત્નત્રયી સાધન કરેારે, ક૦ મેાહાધીનતા વારરે. ॥ ૨ ॥ જેહ પુરૂષ વરવા તણીરે, ક૦ ઇચ્છે છે તે જીવ. રૂપેા સંબંધ

પણે ભણેારે, ક૦ ધારી કાલ સદૈવરે. ॥ ૩ ॥ તવ પ્રભં-
જના ચિંતવેરે, અપ્પા, તું છે અનાદિ અનંત; તે પણ
મુજ સત્તા સમેારે, અ૦ સહજ અકૃત મહંતરે. ॥ ૪ ॥
ભવ ભમતા સવી જીવથીરે, અ૦ પામ્યેા સર્વ સંબંધ,
માત પિતા ભ્રાતા સૂતારે, અ૦ પુત્ર વધુ પ્રતિબંધરે.
॥ ૫ ॥ શ્યેા સંબંધ કહું ઈહાંરે, અ૦ શત્રુ મિત્ર પણ
થાય, મિત્ર શત્રુતા વલી લહેરે, અ૦ એમ સંસરણ સ્વ-
ભાવરે. ॥ ૬ ॥ સત્તા સમ સવી જીવ છેરે, અ૦ જોતાં
વસ્તુ સ્વભાવ; એ માહરેા એહ પારકેારે, અ૦ સવિ
આરેાપિત ભાવરે. ॥ ૭ ॥ ગુરૂણી આગલ એહવું'રે; અ૦
જુહું કેમ કહેવાય, સ્વપર વિવેચન કીજતારે, અ૦ માહરેા
કેાઈ ન થાયરે. ॥ ૮ ॥ ભેાગ્યપણું પણ ભૂલથીરે, અ૦
માને પુદ્ગલ ખંધ; હું ભેાગી નિજ ભાવનેારે, અ૦ પરથી
નહિ પ્રતિબંધરે. ॥ ૯ ॥ સમ્યક્ જ્ઞાને વહેંચતારે, અ૦
હું અમૂહુર્ત ચિદ્રુપ; કર્તા ભેાક્તા તત્ત્વનેારે, અ૦ અક્ષય
અક્રિય અનુપરે. ॥ ૧૦ ॥ જુદ્દેા સર્વ વિભાવથીરે, અ૦
નિશ્ચય નિજ અનુભૂત; પૂર્ણાનંદી પરમ એહરે, અ૦ નહિ
પર પરિણતિ રીતરે. ॥ ૧૧ ॥ સિદ્ધિ સમેા એ સંગ્રહેરે,
અ૦ પર રંગે પલટાય; સંગાંગી ભાવે કરીરે, અ૦ અશુદ્ધ
વિભાવ અપાયરે. ॥ ૧૨ ॥ શુદ્ધ નિશ્ચય નયે કરીરે,
અ૦ આતમ ભાવ અનંત; તેહ અશુદ્ધ નયે કરીરે, અ૦
દુષ્ટ વિભાવ મહંતરે. ॥ ૧૩ ॥ દ્રવ્ય કરમ કર્તા થયેારે,
અ૦ નય અશુદ્ધ વ્યવહાર; તેહ નિવારેા સ્વપદેરે, અ૦
રમતા શુદ્ધ વ્યવહારરે. ॥ ૧૪ ॥ વ્યવહારે સમરે થકીરે,
અ૦ સમરે નિશ્ચયાચાર, પ્રવૃત્તિ સમારે વિકલ્પનેરે, અ૦

તેહ સ્થિર પરિણતિ સારરે. ।। ૧૫ ।। પુદ્‌ગલને પર જીવથીરે, અ૦ કીધો ભેદ વિજ્ઞાન; બાધકતા દૂરે ટલીરે, અ૦ હવે કુણ રોકે ધ્યાનરે. ।। ૧૬ ।। આલંબન ભાવન વસેરે, અ૦ ધરમ ધ્યાન પ્રગટાય; દેવચંદ્ર પદ સાધવારે, અ૦ એહજ શુદ્ધ ઉપાયરે. ।। ૧૭ ।। ઇતિ ।।

ઢાલ ત્રીજી.

।। રાગ ધનાશ્રી. ।।

આયો આયોરે અનુભવ આતમયો આયો, શુદ્ધ નિમિત્ત આલંબન ભજતાં, આતમાલંબન પાયોરે, આ૦ ।। ૧ ।। આતમ ક્ષેત્રે ગુણ પર્યાય વિધિ, તિહાં ઉપયોગ રમાયો, પર પરિણતિ પર રીતે જાણી, તાસ વિકલ્પ સમાયોરે, આ૦ ।। ૨ ।। પૃથક્‌ત્વ વિતર્ક, શુકલ આરોહી, ગુણ ગણી એક સમાયો, પરજય દ્રવ્ય વિતર્ક એકતા, દુરધર મોહ ખપાયોરે, આ૦ ।। ૩ ।। અનંતાનુબંધી સુભટને કાઢી, દર્શન મોહ ગમાયો, તિરિ ગતિ હેતુ પ્રકૃતિ ક્ષય કીધી, થયો આતમ રસ રાચોરે. આ૦ ।।૪।। દ્વિતિય તૃતીય ચોકડી ખપાવી, વેદ યુગલ ક્ષય થાયો, હાસ્યાદિક સત્તાથી ધ્વંસી ઉદય વેદ મિટાયો રે. આ૦ ।। ૫ ।। થઇ અવેદી ને અવિકારી, હણ્યો સંજલનો કષાયો, માયો મોહ ચરણ ક્ષાયક કરી, પૂરણ સમતા સમાયો રે, આ૦ ।। ૬ ।। ઘનઘાતિ ત્રિક ચોધા લડીયા, ધ્યાન એકત્વને ધ્યાયો. જ્ઞાનવરણાદિક ભટ પડિયા, જિત નિશાન ધુરાયો રે. આ૦ ।। ૭ ।। કેવલ જ્ઞાન દર્શન

ગુણ પ્રગટ્યા, મહારાજ પદ પાયેા, શેષ અઘાતિ કર્મ ક્ષિણ દલ, ઉદય અબાધ દિખાયારે, ।। ૮ ।। સયેાગી કેવલી થયા પ્રભંજના, લેાકાલેાક જણાયેા, તિન કાલની ત્રિવિધ વરતના, એક સમયે ઉલખાયેારે, આ૦ ।। ૯ ।। સર્વ સાધવીએ વંદના કીધી, ગુણી વિનય ઉપજાયેા, દેવ દેવી તવ સ્તવે ગુણ સ્તુતિ, જગ જય પડહ વજાયેારે. આ૦ ।। ૧૦ ।। સહસ્ર કન્યકાને દીક્ષા દીધી, આશ્રવ સર્વ તજાયેા, જગ ઉપગારી દેશ વિહારે, શુદ્ધ ધર્મ દીપાયેારે. આ૦ ।। ૧૧ ।। કારણ યેાગે કારજ સાધે, તેહ ચતુર ગાઇજે, આતમ સાધન નિરમલ સાધે; પરમાનંદ પાઇજેરે. આ૦ ।। ૧૨ ।। એહ અધિકાર કહ્યો ગુણ રાગે, વૈરાગે મન ભાવી, વસુદેવ હિંડતણે અનુસારે, મુનિગુણ ભાવના ભાવીરે. આ૦ ।। ૧૩ ।। મુનિગુણ ગાતા ભાવ વિશુદ્ધે, ભાવ વિચ્છેદ ન થાવે, પૂર્ણાનંદ ઇહાંથી ઉલસે, સાધન શક્તિ જમાવેરે. આ૦ ।। ૧૪ ।। મુનિગુણ ગાવેા ભાવના ભાવેા, ધ્યાવેા સહજ સમાધિ, રત્નત્રયી એકત્વે ખેલેા, મેટી અનાદિ ઉપાધિરે. આ૦ ।। ૧૫ ।। રાજસાગર પાઠક ઉપગારી, જ્ઞાન ધર્મ દાતારી, દીપચંદ્ર પાઠક ખરતર વર, દેવચંદ્ર સુખકારીરે. આ૦ ।। ૧૬ ।। નયર લિંબડી માંહે રહીને, વાચંયમ સ્તુતિ ગાઇ, આતમ રસીક શ્રોતાજન મનને, સાધન રૂચિ સમજાઇરે. આ૦ ।।૧૭।। ઇમ ઉત્તમ ગુણ માલા ગાવેા, પાવેા હર્ષ વધાઇ, જૈન ધર્મ મારગ રૂચિ કરતાં, મંગલ લીલ સદાઇરે. આ૦।।૧૮।। ઇતિ પ્રભંજનાની સઝાય સંપૂર્ણ ।। કુલ ગાથા ।। ૪૯ ।।

॥અથ સમ્યકત્વના સડસઠ બોલની સજ્ઝાય પ્રારંભ॥

॥ દોહા ॥

સુકૃત વલ્લિ કાદંબિની, સમરી સરસતી માત સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત. ॥ ૧ ॥ સમકિત દાયક ગુરૂ તણો, પચ્ચુવયાર ન થાય ॥ ભવ કોડા કોડેં કરી, કરતાં સર્વ ઉપાય. ॥ ૨ ॥ દાનાદિક કિરિયા ન દીયે, સમકિત વિણ શિવ મર્મ ॥ તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ॥ ૩ ॥ દર્શન મોહ વિનાશથી, જે નિર્મલ ગુણ ઠાણ ॥ તે નિશ્ચય સમકિત કહ્યો, તેહનાં એ અહિઠાણ. ॥ ૪ ॥

॥ ઢાલ ॥

દેઈ દેઈ દરિસણ આપણું ॥ એ દેશી ॥

ચઉં સદ્દહણા તિલિંગ છે દશવિધ વિનય વિચારોરે, ત્રણ શુદ્ધિ પણ દૂષણ આઠ પ્રભાવિક ધારોરે. ॥૫॥ ત્રુટક૦ પ્રભાવિક અડ પંચ ભૂષણ પંચ લક્ષણ જાણીયેં ષટ્ જયણા ષટ્ આગાર ભાવને, છવ્વિયા મન આણીયે; ષટ્ ઠાણ સમકિત તણા સડસઠ, ભેદ એહ ઉદાર એ, એહનું તત્ત્વ વિચાર કરતાં, લહીજેં ભવપાર એ. ॥ ૬ ॥ ઢાલ ॥ ચઉ વિહ સદ્દહણા તિહાં જીવાદિક પરમત્થોરે. પ્રવચનમાં જે ભાંખિયાં લીજે તેહનો અત્થોરે. ॥ ૭ ॥ ત્રુ૦ ॥ તેહનો અર્થ વિચાર કરીયેં પ્રથમ સદ્દહણા ખરી, બીજી સદ્દહણા તેહના જે જાણ મુનિગુણ ઝવહરી ॥ સંવેગ રંગ તરંગ ઝીલે માર્ગ શુદ્ધ કહે બુધા ॥ તેહની સેવા કીજીયેં

જિમ પીજિયે સમતા સુધા. ।। ૮ ।। ઢાલ ।। સમકિત જેણે ગ્રહી વમિયું નિન્હવ ને અહાછંદારે, ।। પાસત્થાને કુસીલિયા વેષવિડંબક મંદારે. ।। ૯ ।। ત્રુ० ।। મંદા અનાણી દૂર છંડો ત્રીજી સદ્દહણા ગ્રહી ।। પરદર્શનીનો સંગ તજીયેં ચોથી સદ્દહણા કહી ।। હીણા તણો જે સંગ ન તજે તેહનો ગુણ નવિ રહે ।। જયું જલધિ જલમાં ભલ્યું ગંગાનીર લૂણપણું લહે. ।। ૧૦ ।।

।। ઢાલ ।।

કપૂર હોવે અતિ ઉજલોરે ।। એ દેશી. ।।

ત્રણ લિંગ સમકિત તણારે, પહિલો શ્રુત અભિલાષ ।। જેહથી શ્રોતા રસ લહેરે, જેહવી સાકર દ્રાખરે ।। પ્રાણી० ધારિયેં સમકિત રંગ, જિમ લહિયે સુખ અભંગરે ।। પ્રાણી० ધ० એ ટેક० ।। ૧૧ ।। તરૂણ સ્ત્રી પરિવરયોરે, ચતુર સુણે સુરગીત ।। તેહથી રાગે અતિ ઘણોરે, ધર્મ સુણ્યાની રીતરે. પ્રાણી० ।। ૧૨ ।। ભૂખ્યો અટવી ઉતર્યોરે, જિમ દ્વિજ ગેવર ચંગ ।। ઇચ્છે તિમ જે ધર્મનેરે, તેહિજ બીજું લિંગરે ।। પ્રાણી० ।। ૧૩ ।। વૈયાવચ્ચ ગુરૂ દેવનુંરે, ત્રિજું લિંગ ઉદાર ।। વિદ્યા સાધક તણી પરેંરે, આલસ નવિય લગારરે, ।। પ્રાણી० ।। ૧૪ ।।

।। ઢાલ ।।

પ્રથમ ગોવાલા તણે ભવેંજી ।। એ દેશી.

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ ચેઇય જિન પડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ; ચતુર

નર, સમજે વિનય પ્રકાર, જિમ લહિયેં સમકિત સાર ।। ચતુર૦ ।। ।। ૧૫ ।। ધર્મ ખિમાદિક ભાંખિઓજી, સાધુ તેહનારે ગેહ, આચારાય આચારનાજી, દાયક નાયક જેહ ।। ચતુર૦ ।। ૧૬ ।। ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણા-વણ હાર, પ્રવચન સંઘ વખાણીયેંજી, દરિસણ સમકિત સાર ।। ચતુર૦ ।। ૧૭ ।। ભક્તિ બાહ્ય પ્રતિપત્તિથી જી, હૃદય પ્રેમ બહુમાન, ગુણ થુતિ અવગુણ ઢાંકવાજી, આશા-તનાની હાણ ।। ચતુર૦ ।। ૧૮ ।। પાંચ ભેદ એ દશ તણોજી, વિનય કરે અનુકુલ, સિંચે નેહ સુધરસેંજી, ધર્મ વૃક્ષનું મૂલ ।। ચતુર૦ ૧૯ ।।

।। ઢાલ ।।

ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે ।। એ દેશી ।।

ત્રણ શુદ્ધિ સમકિત તણીરે, તિહાં પહેલી મન શુદ્ધિરે ।। શ્રી જિનને જિનમત વિનારે, જૂઠ સકલ એ બુદ્ધિરે, ચતુર વિચારો ચિત્તમાંરે. એ ટેક૦ ।। ૨૦ ।। જિન ભગતેં જે નવિ થયુંરે, તે બીજાથી નવ થાયરે, એવું જે મુખ ભાંખિયે, તે વચન શુદ્ધિ કહેવાયરે. ।। ચતુર૦ ।।૨૧।। છેદો ભેદો વેદનારે, જે સહતો અનેક પ્રકારરે, જિણ વિણ પરસુર નવિ નમેરે, તેહની કાયા શુદ્ધ ઉદારરે ।। ચતુર૦ ।।૨૨।।

।। ઢાલ ।।

।। મુનિજન મારગની ।। એ દેશી ।।

સમકિત દૂષણ પરિહરો, તેમાં પહેલી છે શંકારે, તે જિન વચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકારે, સમકિત

દૂષણ પરિહરો ।। એ ટેક૦ ।। ૨૩ ।। કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજિયે, પામી સુરતરૂ પરગડો, કિમ બાઉલ ભજિયેં ।। સમકિત૦ ।। ૨૪ ।। સંશય ધર્મના ફલ તણો, વિતિગિચ્છા નામેં ।। ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામેં ।। સમકિત૦ ।। ૨૫ ।। મિથ્યામતિ ગુણવર્ણનો, ટાલો ચોથો દોષ, ઉન્મારગ થુણતાં હુવે, ઉન્મારગ પોષ ।। સમકિત૦ ।। ૨૬ ।। પાંચમો દોષ મિથ્યમાતિ, પરિચય નવિ કિજેં, ઇમ શુભ મતિ અરવિંદની, ભલી વાસના લીજે ।। સમકિત૦ ।। ૨૭ ।।

।। ઢાલ ।।

।। ભોલીડા હંસારે વિષય ન રાચીયેં ।। એ દેશી. ।।

આઠ પ્રભાવિક પ્રવચનના કહ્યાં, પાવયણી ધુર જાણ, વર્તમાન શ્રુતના અર્થનો, જે પાર લહે ગુણ ખાણ, ધન ધન શાસન મંડન મુનિવરા ।। એ ટેક૦ ।। ૨૮ ।। ધર્મ કથી તે બીજે જાણીયેં, નંદિખેણ પરિ જેહ નિજ ઉપદેશેરે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ. ।। ધન ધન૦ ।। ૨૯ ।। વાદી ત્રીજોરે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરિ જેહ; રાજ. દ્વારેરે જયકમલા વરે, ગાજંતો જિમ મેહ. ધન ધન૦ ।। ૩૦ ।। ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત ક્ષીપણ કાજ; તેહ નિમિત્તિરે ચોથો જાણીયેં, શ્રી જિનશાસન રાજ. ધન ધન૦ ।। ૩૧ ।। તપ ગુણ ઓપેરે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ, આશ્રવ લોપેરે નવિ કોપે કદા, પંચમ તપસી જાણ, ધન ધન૦ ।। ૩૨ ।। છઠ્ઠો વિદ્યારે મંત્ર તણો વલી, જિમ શ્રીવયર મુણિંદ; સિદ્ધ સાતમોરે અંજન ચો-

ગથી, જિમ કાલિક મુનિચંદ. ધન ધન૦ ।। ૩૩ ।। કાવ્ય સુધારસ મધુર અરથ ભર્યા, ધર્મ હેતુ કરે જેહ; સિદ્ધસેન પરેં નરપતિ રીઝવે, અઠમ વર કવિ તેહ, ધન ધન૦ ।। ૩૪ ।। જ્ય નવિ હોવે પ્રભાવિક એહવા, તવ વિધિ પૂર્વ અનેક; જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવિક છેક. ધન ધન૦ ।। ૩૫ ।।

।। ઢાલ ।।

સતીય સુભદ્રાની દેશી.

સોહે સમકિત જેહથી, સખિ જિમ આભરણે દેહ; ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી તેહમાં નહિં સંદેહ. મુઝ સમકિત રંગ અચલ હોજો. એ ટેક૦ ।। ૩૬ ।। પહિલું કુશલપણું તિહાં, સખી વંદનને પચ્ચખાણ, કિરિયાનો વિધિ અતિઘણો, સખી આચરે તેહ સુજાણ, મુઝ૦ ।। ૩૭ ।। બીજું તીરથ સેવના, સખી તીરથ તારે જેહ; તે ગીતારથ મુનિવરા, સખી, તેહશું કીજે નેહ. મુઝ ।। ૩૮ ।। ભક્તિ કરે ગુરૂ દેવની, સખી, ત્રીજું ભૂષણ હોય; કિણહિ ચલાવ્યો નવિ ચલે, સખી, ચોથું ભુષણ જોય. મુઝ૦ ।। ૩૯ ।। જિન શાસન અનુમોદના, સખી, જેહથી બહુજન હુંત; કીજે તેહ પ્રભાવના, સખી, પાંચ ભુષણની ખંત. મુઝ૦ ।। ૪૦ ।।

।। ઢાલ ।।

ઈમ નવિ કીજે હો ।। એ દેશી ।।

લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં, ધુર ઉપશમ અનુકુલ; સુગુણ નર, અપરાધિશું પણ નવિ ચિત્ત થકી, ચિંત-

વીચે પ્રતિકુલ, સુગુણ નર શ્રીજિન ભાષિત વચન વિચારિયેં. એ ટેક૦ ॥૪૧॥ સુર નર સુખજે દુઃખ કરિ લેખવે, વંછે શિવ સુખ એક; સુ૦ બીજું લક્ષણ તે અંગીકારે, સાર સંવેગશું ટેક. સુ૦ શ્રી જિન૦ ॥ ॥ ૪૨ ॥ નારક ચારક સમભવ ઊભગ્યેા, તારક જાણિને ધર્મ સુ૦ ચાહે નિકલવું નિર્વેદ છે, ત્રીજું લક્ષણ મર્મ. સુ૦ શ્રી જિન૦ ॥ ૪૩ ॥ દ્રવ્ય થકી દુઃખીયાની જે દયા, ધર્મ હીણાની ભાવ; સુ૦ ચેાથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ, સુ૦ શ્રી જિન૦ ॥ ૪૪ ॥ જે જિન ભાંખ્યું તે નહી અન્યથા, એહવેા જે દૃઢ રંગ. સુ૦ તે આસ્તિકતા લક્ષણ પાચમું, કરે કુમતિનેા એ ભંગ. સુ૦ શ્રી જિન૦ ॥ ૪૫ ॥

॥ ઢાલ ॥

જિન જિન પ્રતિ વંદન દિસે ॥ એ દેશી. ॥

પર તિર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યા વલી જેહ; વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેયરે, ભવિકા સમકિત યતના કીજે. ટેક૦ ॥ ૪૬ ॥ વંદન તે કરજોડને કહિયેં, નમન તે શીશ નમાડે; દાન ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભગતિ દેખાડેરે. ભવિકા૦ ॥ ૪૭ ॥ અનુપ્રદાન તે તેહને કહિયેં, વાર વાર જે દાન; દોષ કુપાત્રેં પાત્ર મતિયેં, નહિ અનુકંપા માનરે. ભવિકા૦ ॥ ૪૮ ॥ અણ બેાલાવે જેહ ભાંખવું, તે કહિયેં આલાપ; વારંવાર આલાપ જે કરવેા, તે કહિયેં સંલાપરે. ભવિકા૦ ॥ ૪૯ ॥ એ જયણાથી સમકિત દીપે, વલી દીપે વ્યવ-

હાર; એમાં પણ કારણથી જયણા, તેના અનેક પ્રકારરે. ભવિકા૦ ।। ૫૦ ।।

।। ઢાલ ।।

।। લલનાની દેશી ।।

શુદ્ધ ધરમથી નવિ ચલે, અતિ દૃઢ ગુણ આધાર; લલના૦ તો પણ જે નવિ તેહના, તેહને એહ આગાર. લલના૦ ।। ૫૧ ।। બોલ્યું તેહવું પાલિયેં, દૃંતિદૃંત સમ બોલ; લલના૦ સજ્જનને દુર્જન તણા, કચ્છપ કોટીને તોલ; લલના૦ બો૦ ।। ૫૨ ।। રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ; લલના૦ તેહથી કાર્તિકની પરેં, નહિ મિથ્યાત સંયોગ; લલના૦ બો૦ ।। ૫૩ ।। મેલો જનનો ઘણ કહ્યો, બલ ચોરાદિક જાણ; લલના૦ ક્ષેત્ર પાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ. લલનો૦ બો૦ ।। ૫૪ ।। વૃત્તિ દુર્લભ આજીવિકા, તે સીખણ કંતાર; લલના૦ તે હેતેં દુષણ નહી, કરતાં અન્ય આચાર. લલના૦ બો૦ ।। ૫૫ ।।

।। ઢાલ. ।।

રાગ-મલ્હાર.

ભાવિજેંરે સમકિત જેહથી રૂયડું, તે ભાવનારે ભાવો મન કરી પરવડું; જો સમકિતરે તાજું સાજું મૂલરે, તો વ્રત તરૂરે દીયે શિવપદ અનુકુલરે. ।। ૫૬ ।। ત્રુટક ।। અનુકૂલ મૂલ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધરે; કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જૂઠો ધંધરે; એ પ્રથમ

ભાવના ગુણે રૂઅડી, સુણે બીજી ભાવના; બારણું સમકિત ધર્મ પૂરનું, એહવી તે પાવના. ॥ ૫૭ ॥ ઢાલ ॥ ત્રીજી ભાવનારે સમકિત પીઠ જો દૃઢ સહી, તો મોહોટોરે ધર્મ પ્રસાદ ડગે નહી; પાઇયેં ખોટેરે મોટો મંડાણ ન શોભીયેં, તેહ કારણુરે સમકિતશું ચિત્ત થોભીયેં ॥૫૮॥ ત્રુટક ॥ થોભીયેં ચિત નિત એમ ભાવી ચોથી ભાવના ભાવિયે, સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવિયેં; તેહ વિણ છુટા રત્ન સરિખા મુલ ઉત્તર ગુણ સવે; કિમ રહે તાકે જેહ હરખવા ચોર જોર ભવે ભવે. ॥ ૫૯ ॥ ઢાલ ॥ ભાવો પંચમીરે ભાવના શમ દમ સારરે, પૃથિવી પરેંરે સમકિત તસુ આધારરે; છઠ્ઠી ભાવનારે ભાજન સમકિત જો મલે, શ્રુત શીલનોરે તો રસ તેહમાં નવિ ઢલે. ॥ ૬૦ ॥ ત્રુટક ॥ નવિ ઢલે સમકિત ભાવના રસ અમિય સમ સંવર તણે; ષટ ભાવના એ કહી એહમાં કરો આદર અતિ ઘણે; ઇમ ભાવતાં પરમાર્થ જલનિધિ હોય નિત ઝકઝોલ એ ॥ ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે ચિદાનંદ કલ્લોલ એ. ॥ ૬૧ ॥

॥ ઢાલ. ॥

જે મુનિ વેષ શકે નવિ છાંડી ॥ એ દેશી ॥

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના ષટ વિધ કહિયેંરેઃ તિહાં પહેલું થાનક છે ચેતન, લક્ષણ આતમ લહિયેંરે. ખીર નીર પરેં પુદ્ગલ મિશ્રિત, પણ એહથી છે અલગોરે; અનુભવ હંસ ચંચ જો લાગે, તો નવિ દીસે વલગોરે. ॥ ૬૨ ॥ બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારેરે; બાલકને સ્તન પાન વાસના, પૂરવ

ભવ અનુસારેરે. દેવ મનુજ નરકાદિક તેહનાં, છે અનિત પર્યાયરે; દ્રવ્ય થકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમ રાયરે. ।। ૬૩ ।। ત્રીજું થાનક ચેતન કર્તા, કર્મ તણે છે ચેાગેંરે; કુંભકાર જિમ કુંભ તણેા જે, દંડાદિક સંચેાગેરે; નિશ્ચયથી નિજ ગુણનેા કર્તા, અનુપચરિત વ્યવહારેરે; દ્રવ્ય કર્મનેા નગરાદિકનેા, તે ઉપચાર પ્રકારેંરે. ।। ૬૪ ।। ચેાથું થાનક છે તે ભેાકતા, પુણ્ય પાપ ફલ કેરેારે; વ્યવહારેં નિશ્ચય નય દટેંઇ, ભુંજે નિજ ગુણ નેરેારે. પંચમ થાનક છે પરમ પદ, અચલ અનંત સુખ વાસેારે; આધિ વ્યાધિ તન મનથી લહિયેં, તસુ અભાવેં સુખ ખાસેારે. ।। ૬૫ ।। છઠું થાનક મેાક્ષ તણું છે, સંયમ જ્ઞાન ઉપાયેારે; જો સહિજે લહિયેં તેા સઘલે, કારણ નિઃફલ થાયેારે. કહે જ્ઞાનનય જ્ઞાનજ સાચું, તે વિણ જુઠી કિરિયારે; ન લહે રૂપું રૂપું જાણી શીપ ભણી જે ફરિયારે. ।। ૬૬ ।। કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશેરે, જલ પેસી કર પદ્મ ન હલાવે, તારૂ તે કિમ તરશેરે. દુષણ ભૂષણ છે ઇહાં બહુલાં, નય એકેકને વાદેરેં; સિદ્ધાંતી તે બહુ નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદેંરે. ।। ૬૭ ।। એણિપરેં સડસઠ બેાલ વિચારી, જે સમકિત આરાહેરે; રાગ દ્વેષ ટાલી મનવાલી, તે સમ સુખ અવગાહેરે. જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કેાઇ નહી તસ તેાલેરે; શ્રીનય વિજય વિબુધ પય સેવક, વાચક જસ ઇમ બેાલેરે. ।। ૬૮ ।।

ઇતિ શ્રી સમ્યકત્વના સડસઠ બેાલની સઝાય સંપૂર્ણમ્.

॥ અથ વિશ અસમાધિની સજ્ઝાય ॥

રાગ મલ્હાર ॥ ચતુર ચેામાસેા પડિકમી ॥ એ દેશી ॥

શ્રીજિન આગમ સાંભલી, ચિત્ત સમાધિ કરીજેરે, સ્થિર શુભ ચેાગે આતમા, સમતાયેં વાસીજેરે. શ્રી૦ ॥ ૧ ॥ વિશ બેાલ અસમાધિના, ચેાથે અંગે ભાંખ્યારે; આવશ્યક નિર્યુક્તિમાં, ચેાથે આવશ્યકે દાખ્યારે. શ્રી૦ ॥ ૨ ॥ દ્રુત દ્રુત પંથે ચાલવું, અપ્રમાર્જિત સ્થાને રહેવુંરે; તેમ દુપ્રમાર્જિત જાણીયેં, પંથે ગમનનું કરવુંરે. શ્રી૦ ॥ ૩ ॥ અધિક સયાસન સેવતેા, ઉપકરણાદિક લેવુંરે; રત્નાધિક મુનિ પરાભવે, સ્થવિરેાપઘાત ચિંતવુંરે. શ્રી૦ ॥ ૪ ॥ ભૂત પ્રાણી ઉપઘાતીયેા, બેાલા૦યેા બહુ કેાપેરે; દીર્ઘ રેાષ રાખે ઘણું, પીઠી માંસ આરેાપેરે. શ્રી૦ ॥ ૫ ॥ વાર વાર આક્રેાશશું; નહુર કલંકાદિક બેાલેરે; ક્રેાધાદિક જે ઉપશમ્યાં, ફરિ અધિકરણને બેાલેરે. શ્રી૦ ॥ ૬ ॥ કરે સજ્ઝાય અકાલમાં, કર પદ શિર નવિ પૂજેરે; ગાઢ સ્વરે રાત્રે લવે, કલહ માંહે ચિત્ત રંજેરે. શ્રી૦ ॥ ૭ ॥ ગણ ભેદાદિક મેાટકા, જંજ કરણનેા રાગીરે; સૂરજ ઉદયને આથમે, તિહાં અશનાદિક ભેાગીરે. શ્રી૦ ॥ ૮ ॥ એષણાદિકે સમિતેા નહિ, એ અસમાધે વરતેરે; ચિત્ત સમાધિ ન ઉપજે, દ્રવ્ય ક્રિયા બહુ કરતેરે. શ્રી૦ ॥ ૯ ॥ નામ થકી એ દાખીયા, પણ એહમાં બહુ આવેરે; આર્ત્તરૌદ્ર દેાય ધ્યાનથી, ચિત્ત ચપલતા થાવેરે. શ્રી૦ ॥ ૧૦ ॥ એહ પરિહરતાં મુનિ તણે, ચિત્ત સમાધિ

સલુજેરે; ભાવ ક્રિયા સફલી હુવે, જ્ઞાન વિમલ ગુણ સુજેરે. શ્રી૦ ।। ૧૧ ।।

ઇતિ વિશ અસમાધિની સજ્ઝાય સંપૂર્ણ.

।। અથ સ્યાદ્વાદની સજ્ઝાય. ।।

આ ભવ રત્ન ચિંતામણિ સરિખો ।। એ દેશી ।।

સ્યાદવાદ મત શ્રી જિનવરનો, તે કેમ કહિયે એકાંતજી; મત એકાંત કહે મિથ્યાત્વી, સાખી સકલ સિદ્ધાંતજી. સ્યાદ૦ ।। ૧ ।। સ્ત્રીયા રૂપ તિહાં ન રહે મુનિવર, સોલમે ઉત્તરાધ્યયને વિચારજી; સાધુ સાધવી વસે એકઠા, શ્રીઠાણાંગ પાંચ પ્રકારજી. સ્યાદ૦ ।। ૨ ।। જીવ અસંખ્ય કહ્યાં જલ ટપકે, પન્નવણા સૂત્ર જિનરાજજી; કલ્પસૂત્રમાં નિત્ય નદીને લંગે, મુનિવર વહોરણ કાજજી. સ્યાદ૦ ।।૩।। શ્રી ઠાણાંગે ચોથે ઠાણે, માંસ આહારી નરકે જાયજી; મદ્ય માંસ મધુ પણ આચરણો, આચારાંગે કહ્યો જિનરાજજી. સ્યાદ૦ ।। ૪ ।। પંચમ અંગે ન કરે શ્રાવક, ત્રિવિધે પન્નર કર્માદાનજી; હલ નિર્વાહ તણા પણ દીસે, સપ્તમ અંગે કિયા પરિમાનજી. સ્યાદ૦ ।। ૫ ।। હિંસા ન કરે ત્રિવિધે મુનિવર, પંચમે અંગે જુવો ધીરજી; જિનવર તેજુ લેશ્યા ઉપરે, શીત લેશ્યા મૂકી વીરજી. સ્યાદ૦ ।। ૬ ।। મહાવેદના હાથ લગાયા, વનસ્પતિને થાય અંગેજી; પડતો મુનિવર તેહજ પકડે, એહ અર્થ છે આચારાંગેજી. સ્યાદ૦ ।। ૭ ।। ઉત્તરાધ્યયને ભાખ્યો મુનિવર, સમય માત્ર ન કરે પ્રમાદજી; દશ વૈકાલિકે

ત્રીજી પોરસી, નિદ્રા તણી કીધી મરજાદજી. સ્યાદ૦ ॥ ૮ ॥ અંધ ભણી પણ અંધ ન કહેવો, દશ વૈકાલિક એ વિધિવાદજી; જ્ઞાતા અંગે યતિયે ભાખ્યા, નાગશ્રીના અવરણવાદજી. સ્યાદ૦ ॥ ૯ ॥ સૂત્રે દેવ અવિરતિ બોલ્યા, હવે પંચમ ઠાણે મનરંગજી; બ્રહ્મચરિજ વ્રત અતિ ઉતકૃષ્ટો દેવ ભણી બોલ્યા ઠાંણાંગજી. સ્યાદ૦ ॥ ૧૦ ॥ સૂત્ર ન વિઘટે પ્રકરણ વિઘટે, પ્રશ્ન પૂછી તેહનેં એહજી; ઋષભ બાહુબલી શિવપુર પોહોતા, એકણ દિન ભાંખ્યા સંદેહજી. સ્યાદ૦ ॥ ૧૧ ॥ સાત જણાશું મલ્લિ દીક્ષા, સપ્તમ ઠાણે શ્રી ઠાણાંગજી; છઠે અંગે સાત સયાસું, કોણ ખોટો કોણ સાચો અંગજી. સ્યાદ૦ ॥ ૧૨ ॥ નારી સહસ્ર બત્તીસેં જ્ઞાતા, સુયગડાંગ સોલ હજારજી; કૃષ્ણ તણી અંતે ઉર ભાંખી, કિમ મેલી જે એહ પ્રકારજી. સ્યાદ૦ ॥ ૧૩ ॥ કુલધર પનરે જંબુ પન્નતિ, સમવાયાંગે કુલધર સાતજી; હરિ બારમાં જિન આઠમે અંગે, તેરમાં ચોથે અંગ કહાતજી. સ્યાદ૦ ॥ ૧૪ ॥ ચારિત્ર વિરાધ્યું પાંચમે અંગે, ભવનપતિ માંહે સુર થાયજી, તો સુકુમાલિયા છઠે અંગે, કિમ બીજે દેવલોકે કહાયજી. સ્યાદ૦ ॥ ૧૫ ॥ સૂત્ર ટીકા નિર્યુક્તિ વખાણો, ચુર્ણી ભાષ્ય એ મેલો પંચજી; પંચ કહે તો તે મત સાચો, તેણે અર્થે મ કરો ખલ ખંચજી. સ્યાદ૦ ॥ ૧૬ ॥ જીવાભિગમે અસંઘયણી, ભાંખ્યા નારકી શ્રી ભગવંતજી; ઓગણીશમે શ્રી ઉત્તરાધ્યયને, માંસ પિંડ બોલ્યાં સિદ્ધાંતજી. સ્યાદ૦ ॥ ૧૭ ॥ વિણ વ્યાકરણે અર્થ કરે જે, અર્થ નહિ પણ અનર્થ

જાણુજી; ભાંગી નાવે નદી કેમ તરીએ, દશમે અંગે કહ્યા જિન ભાણુજી. સ્યાદ૦ ।। ૧૮ ।। શ્રી જિન પ્રતિમાનું વૈયાવચ્ચ, કરે કર્મ નિર્જરા કાજેજી; દશમે અંગે સાધુ ભણીયે, વિચાર કહ્યા જિનરાજેજી. સ્યાદ૦ ।। ૧૯ ।। જ્ઞેય હેય ઉપાદેય વખાણે, ઉત્સર્ગ અને અપવાદજી; વિધિ ચરિતાનુવાદ નય સંસ્થિત, નિશ્ચય નય વ્યવહાર મર્યાદજી. સ્યાદ૦ ।। ૨૦ ।। અનેકાંત નયવાદી જિનવર, આગમ માંહી વધા દશ બોલજી; કહે શ્રી સાર સમજી કે પરિખો, શ્રી સિદ્ધાંત રતન બહુ મૂલજી. સ્યાદ૦ ।। ૨૧ ।।

ઇતિ સ્યાદ્વાદની સજ્ઝાય સંપૂર્ણ.

।। અથ એકવીશ સબલની સજ્ઝાય. ।।

ચતુર ચોમાસો પડિકમી ।। એ દેશી ।।

કહું હવે સબલની વાર્તા, જે એકવીશે ભણીયારે; ચોથે અંગે આવશ્યકે, ગુરૂ મુખથી જે સુણીયારે. ।।૧।। ચારિત્ર સુધ્ધું ચિત્ત ધરો. ।। એ આંકણી૦ ।। સબલ તે ચરિત્ર મલીનતા, અનિયતિક્રમ અતિચારેરે; સાલંબને આરાધક કહ્યો વિરાધક અનાચારેરે. ચા૦ ।। ૨ ।। ઉત્તર ગુણની મલીનતા, તિહાં લગે ચરણનો સબલરે, મૂલ ગણે ઘાતિજીકે; ચરણ તે જિમ હિમેં કમલરે. ચા૦ ।। ૩ ।। કર મુખ અંગ કુશીલતા, હસ્ત કર્મનો કારીરે; દિવ્ય ઔદારિક ભેદથી, મૈથુન સેવન ચારીરે. ચા૦ ।। ૪ ।। દિવસે ગ્રહ્યું દિવસે જમ્યું, ઇત્યાદિક ચૌભંગીરે, સંનિધિ

પ્રમુખના યોગથી, રયણી ભોજન સંગીરે. ચા૦ ॥ ૫ ॥ અથવા દિન રયણીયે કર્યું ઇત્યાદિક ચૌભંગીરે; પ્રથમ વિના જે આહરે, તે પણ સબલનું લિંગીરે. ચા૦ ॥૬॥ ઇણી પરે આધાકર્મનો, રાજપિંડ કૃતપિંડરે; પામી ચ પાલટી આપવું, અછિજ ઉલાલિ લિયે ચંડરે. ચા૦ ॥૭॥ સનમુખ આણ્યું અભ્યાકૃતે, એહવા પિંડને ઇચ્છેરે; વારંવાર પચખી જિમે, ગણુથી ગણુંતરે ગચ્છેરે. ચા૦ ॥૮॥ માસ ષટકમાં તે કરે, ત્રણ દગ લેપ એક માસેરે, જલ થલ પદ જલ જિહાં હુએ, તે દગ લેપ વિભાષેરે. ચા૦ ॥ ૯ ॥ અર્ધજંઘા જલ સંઘટ્ટો, નાભિ લગે જલ લેપરે; તેહથી અધિક લેપોપરે, જેહથી હોય વ્રત લોપરે. ચા૦ ॥ ૧૦ ॥ માયા સ્થાનક સેવતો, માસ માંહિ ત્રણ ભિત્તરે, આકુટીયેં કરી સેવતો, હિંસાદિક અદત્તરે. ચા૦ ॥ ૧૧ ॥ સચિત્ત સબીજ જેહ ભૂમિકા, તિહાં સ્થાનાદિક કરતોરે, કંદમૂલ બીજ ભૂજંતો, દશ દગલેપ વર્ષે કરતોરે. ચા૦ ॥ ૧૨ ॥ માયા સ્થાંનક વરસમાં, સેવે જે દશ વારરે, સચિત્ત દગાઈ ભોજનાદિકે, દેતે લીયે આહારરે. ચા૦ ॥ ૧૩ ॥ એ એકવીશ કહ્યા નામથી, ચરણ મલીનતા ઠામરે; એહ સબલ ટાલે જીકે, જે મુનિ શુદ્ધ પરિણામેરે. ચા૦ ॥ ૧૪ ॥ એહમાં બહુ વિધ નીપજે, આશય ભેદે સબલારે; જ્ઞાન વિમલ ગુરૂથી લહ્યો, ચરણ કલા વિધુ વિમલારે. ચા૦ ॥ ૧૫ ॥ ઇતિ. ॥

દેવચંદ્રજી કૃત

અષ્ટ પ્રવચન માતાની સજ્ઝાય

દોહા

સુકૃત કલ્પ તરૂ શ્રેણિની, વર ઉત્તર કુરૂ ભોમિ,
અધ્યાતમ રસ શશિકલા, શ્રી જિનવાણી નૌમિ. ।। ૧ ।।
દીપચંદ પાઠક સુગુરૂ, પય વંદી અવદાત,
સાર શ્રમણ ગુણ ભાવના, ગાઇશું પ્રવચન માત, ।। ૨ ।।
જનની પુત્ર હિત શુભ કરી, તિમ એ પવયણ માય,
ચારિત્ર ગુણ ગણ વર્દ્ધિની, નિર્મલ શિવસુખદાય, ।। ૩ ।।
ભાવ અયોગી કરણ રૂચિ, મુનિવર ગુપ્તિ ધરંત
યદિ ગુપ્તિ જો ન રહિ શકે, તો સમિતિ વિચરંત. ।। ૪ ।।
ગુપ્તિ એક સંવરમયી આછરંગિક પરિણામ,
સંવર નિર્જર સમિતિથી, અપવાદે ગુણધામ ।। ૫ ।।
દ્રવ્યે દ્રવ્યત ચરણુતા, ભાવે ભાવ ચરિત,
ભાવદૃષ્ટિ દ્રવ્યત ક્રિયા, કરતાં શિવ સંપત્ત. ।। ૬ ।।
આતમ ગુણ પ્રાગ્‌ભાવથી જે સાધક પરિણામ,
સમિતિ ગુપ્તિ તે જિન કહે, સાધ્ય સિદ્ધિ શિવઠામ. ।। ૭ ।।
નિશ્ચય કરણ રૂચિ થઇ, સમિતિ ગુપ્તિધર સાધિ,
પરમ અહિંસક ભાવથી, આરાધે નિરૂપાધિ. ।। ૮ ।।
પરમ મહોદય સાધવા, જેહ થયા ઉજવલ,
શ્રમણ ભિક્ષુ માહણ યતિ, ગાઉં તસ ગુણમાલ. ।। ૯ ।।

પ્રથમ ઇરિયા સમિતિની સજ્જાય.

પ્રથમ ગોવાલાતણે ભવેંજી—એ દેશી.

પ્રથમ અહિંસક વ્રત તણીજી, ઉત્તમ ભાવના એહ. સંવર કારણ ઉપદિશીજી, સમતારસ ગુણગેહ, મુનીશ્વર ઇર્યા સમિતિ સંભાર, આશ્રવ કરતનુ યોગથીજી, દુષ્ટ ચપલતા વાર. મુ૦ ઇ૦ એ આંકણી. ।। ૧ ।। કાય ગુપ્તિ ઉત્સર્ગનોજી, પ્રથમ સમિતિ અપવાદ, ઇર્યા તેજે ચાલવુંજી, ધરિ આગમ વિધિ વાદ, મુ૦ ઇ૦ ।। ૨ ।। જ્ઞાનધ્યાન સઝાયમેંજી, સ્થિર બેઠા મુનિરાજ, શાને ચપલપણું કરેજી, અનુભવ રસ સુખરાજ. મુ૦ ઇ૦ ।। ૩ ।। મુનિ ઉઠે વસહી થકીજી, પામી કારણ ચાર, જિનવંદન ગ્રામાંતરેજી, કે આહાર નિહાર. મુ૦ ઇ૦ ।। ૪ ।। પરમ ચરણ સંવર ધરૂજી, સર્વ જાણ જિનદિઠું, શુચિ સમતા રૂચિ ઉપજેજી, તિણે મુનિને એ ઇઠું. મુ૦ ઇ૦ ।। ૫ ।। રાગ વધે સ્થિર ભાવથીજી, જ્ઞાનવિના પરમાદ, વીતરાગતા ઇહતાજી, વિચરે મુનિ સાલ્હાદ. મુ૦ ઇ૦ ।। ૬ ।। એ શરીર ભવમૂલ છેજી. તસુ પોષક આહાર, જાવ યોગી નવિ હુવેજી, તાં અનાદિ આચાર, મુ૦ ઇ૦ ।। ૭ ।। કવલાહારે નિહારછેજી, એહ અંગ વ્યવહાર, ધન્ય અતનુ પરમાતમાજી, જિહાં નિશ્ચલતા સાર. મુ૦ ઇ૦ ।। ૮ ।। પરપરિણતિ કૃત ચપલતાજી, કેમ મૂકશે એહ, એમ વિચારી કારણેજી, કરે ગોચરી તેહ, મુ૦ ઇ૦ ।। ૯ ।। ક્ષમાવંત દયાલુઆજી, નિઃસ્પૃહ તનુનીરાગ નીર વિષે ગજ ગતિપરેંજી, વિચરે મુનિ મહાભાગ. મુ૦ ઇ૦

।। ૧૦ ।। પરમાનંદ રસ અનુભવ્યાજી, નિજ ગુણ રમતા ધીર. દેવચંદ્ર મુનિ વંદતાંજી, લહીયે ભવજલ તીર મુ૦ ઇ૦ ।। ૧૧ ।। ઇતિ.

બીજી ભાષા સમિતિની સજ્જાય

ભાવના ભાલતી ચુશીયેં—એ દેશી.

સાધુજી સમિતિ બીજી આદરો, વચન નિર્દોષ પરકાસેરે, ગુપ્તિ ઉત્સર્ગનો સમિતિતે, માર્ગ અપવાદ સુવિલાસ રે. સા૦ એ આંકણી. ભાવના બીજી મહાવ્રત તણી, જિનભણી સત્યતા મૂલ રે, જેહથી અહિંસકતા વધે, સર્વ સંવર અનુકૂલ રે. સા૦ ।। ૨ ।। મૌનધારી મુનિ નવિ વહે, વચન જે આશ્રવ ગેહરે; આચરણ જ્ઞાનનેં ધ્યાનનો, સાધક ઉપદિસે તેહરે સા૦ ।। ૩ ।। ઉદિત પર્યાપ્તિ જે વચનની, તે કરિ શ્રુત અનુસારરે; બોધ પ્રાગ્‌ભાવ સઝાયથી, વલિ કરે જગત ઉપકારરે. સા૦ ।। ૪ ।। સાધુ નિજ વીર્યથી પરતણો, નવિ કરે ગ્રહણને ત્યાગરે; તે ભણી વચન ગુપ્તિ રહે, એહ ઉત્સર્ગ મુનિ માર્ગરે. સા૦ ।। ૫ ।। યોગ જે આશ્રવપદ હતો, તે કર્યો નિર્જરા રૂપરે; લોહથી કંચન મુનિ કરે, સાધતા સાધ્ય ચિદ્રુપરે. સા૦ ।। ૬ ।। આત્મહિત પરહિત કારણેં, આદરે પાંચ સઝાયરે; તે ભણી અશન વસનાદિકા, આશ્રય સર્વ અવવાયરે, સા૦ ।। ૭ ।। જિન ગુણ સ્તવન નિજ તત્ત્વને, જોઇ વા કરે અવિરોધરે; દેશના ભવ્ય પ્રતિ બોધવા, વાયણા કરણ નિજ બોધરે. સા ।। ૮ ।। નય ગમ ભંગ નિક્ષેપથી. સ્વહિત સ્યાદ્‌વાદ યુત વાણિરે; શીલ

દશ ચાર ગુણશું મલિ, કહે અનુયોગ સુપહાણરે. સા૦ ॥ ૯ ॥ સૂત્રને અર્થ અનુયોગ એ, બીય નિયુકિત સંજુત્તરે; તીય ભાષ્યે નયે ભાવિયેા, મુનિ વદે વચન એમ તંતરે. સા૦ ॥ ૧૦ ॥ જ્ઞાન સમુદ્ર સમતા ભર્યા, સંવરી દયા ભંડારરે; તત્ત્વ આનંદ આસ્વાદતા, વંદિયેં ચરણ ગુણધારરે. સા૦ ॥ ૧૧ ॥ મેાહ ઉદયેં અમેાહી એહવા, શુદ્ધ નિજ સાધ્ય લયલીનરે; દેવચંદ તેહ મુનિ વંદિયે, જ્ઞાન અમૃત રસ પીનરે. સા૦ ॥ ૧૨ ॥ ઇતિ.

ત્રીજી એષણા સમિતિની સજ્ઝાય

આંબરીયા મુનિવર, ધન્ય. એ દેશી.

સમિતિ તીસરી એષણાજી, પાચ મહાવ્રત મૂલ; અનાહારી ઉત્સંગનેાજી, એ અપવાદી અમૂલ. ॥ ૧ ॥ મન મન મેાહન મુનિવર, સમિતિ સદા ચિત્ત ધાર. એ આંકણી૦ ચેતનતા ચેતનતણાજી, નવિ પરસંગી તેહ; તિણ પર સનમુખ નવિ કરેજી, આતમ રતિ વ્રતી જેહ. મ૦ સ૦ ॥ ૨ ॥ કાયયેાગ પુદ્ગલ ગ્રહેજી, એહ ન આતમ ધર્મ; જાણગ કરતા ભેાગતાજી, હું માહરેા એ મર્મ. મ૦ સ૦ ॥ ૩ ॥ અનભિસંધિ ચલ વીર્યનેાજી, રેાધક શક્તિ અભાવ; પણ અભિસંધી વીર્યથીજી, કેમ ગ્રહે પરભાવ. મ૦ સ૦ ॥ ૪ ॥ ઇમ પરત્યાગી સંવરીજી, ન ગ્રહે પુદ્ગલ બંધ; સાધક કારણ રાખવાજી, અશનાદિક સંબંધ. મ૦ સ૦ ॥ ૫ ॥ આતમતત્ત્વ અનંતતાજી, જ્ઞાન વિના ન જણાય; તેહ પ્રગટ કરવા ભણીજી, શ્રુત સજ્ઝાય ઉપાય. મ૦ સ૦ ॥ ૬ ॥

તેહ જેહથી દેહ રહેજી, આહારેં બલવાન; સાધ્ય અધુરે હેતુનેંજી, કેમ તજે ગુણવાન. મ૦ સ૦ ॥ ૭ ॥ તનુ અનુયાયી વીર્યનોજી, વર્તન અશન સંજોગ; વૃદ્ધ યષ્ટિ સમ જાણિનેજી; અશનાદિક ઉપભોગ. મ૦ સ૦ ॥ ૮ ॥ જ્યાં સાધકતા નવિ અડેજી, તો ન ગ્રહે આહાર; બાધક પરિણતિ વારવાજી, અશનાદિક ઉપચાર. મ૦ સ૦ ॥૯॥ સુડતાલીશે દ્રવ્યનાજી, દોષ તજી નીરાગ; અસંભ્રાંતિ મૂર્ચ્છા વિનાજી, ભ્રમર પેરેં વડ ભાગ. મ૦ સ૦ ॥ ૧૦ ॥ તત્ત્વ રૂચિ તત્ત્વાશ્રયીજી, તત્ત્વ રસીક નિર્ગ્રંથ; કર્મ ઉદયેં આહારતાજી, મુનિ માને પલી પંથ. મ૦ સ૦ ॥ ૧૧ ॥ લાભ થકી પણ ઘન લહેજી, અતિ નિર્જરા કરંત, પામ્યે અણુવ્યાપક પણેજી, નિર્મલ સંત મહંત. મ૦ સ૦ ॥ ૧૨ ॥ અણાહારતા સાધતાજી, સમતા અમૃત કંદ; ભિક્ષુ શ્રમણ વાચંયમીજી, તે વંદે દેવચંદ. મ૦ સ૦ ॥ ૧૩ ॥ ઇતિ.

ચોથી આદાન નિક્ષેપણ સમિતિની સજ્ઝાય.

ભોલીડા હંસારે વિષય ન રાચિયેં—એ દેશી.

સમિતિ ચોથીરે ચઉગતિ વારણી, ભાખી શ્રીજિનરાજ; રાખી પરમ અહિંસક મુનિવરે, ચાખી જ્ઞાન સમાજ ॥૧॥ સહજ સંવેગીરે સમિતિ પરિણમે, એ આંકણી૦ સાધન આતમ કાજ, આરાધન એ સંવર ભવનો ભવજલ તારણ જહાજ. સ૦ ॥ ૨ ॥ અભિલાષી નિજ આતમ તત્ત્વના, સાખી કરી સિદ્ધાંત; નાખી સર્વ પરિગ્રહ સંગને ધ્યાનાકાશીરે સંત. સ૦ ॥ ૩ ॥ સંવર પંચ તણી એ ભાવના,

નિરૂપાધિક અપ્રમાદ; સર્વ પરિગ્રહ ત્યાગ અસંગતા તેહનો એ અપવાદ. સ૦ ।। ૪ ।। જ્ઞાને મુનિવર ઉપકરણ સંગ્રહે, જે પરભાવ વિરત્ત; દેહ અમોહીરે નવિ લોહી કદા રત્નત્રયી સંપત્ત. ।। ૫ ।। ભાવ અહિંસકતા કારણ ભણી, દ્રવ્ય અહિંસક સાધિ, રજોહરણ મુખ વસ્ત્રાદિક ધરે વરવાયોગ સમાધિ. સ૦ ।। ૬ ।। શિવ સાધનનુંરે મૂલ તે જ્ઞાન છે, તેહનો હેતુ સઝાય; તે આહારેં તે વલિ પાત્રથી જયણાયેં ગ્રહવાય. સ૦ ।। ૭ ।। બાલ તરૂણ નરનારી જંતુને, નગ્ન દુગંછાનો હેતુ, તિણ ચોલપટ ગ્રહી મુનિ ઉપદિસે, શુદ્ધ ધર્મ સંકેત. સ૦ ।।૮।। ડંસમસક શીતાદિ પરિસહ સહે, ન રહે ધ્યાન સમાધ; કલ્પક આદિક નિર્મોહિ પણે, ધારે મુનિ નિર્બોધ. સ૦ ।। ૯ ।। લેપ અલેપ નદીના જ્ઞાનનો, કારણ દંડ ગ્રહંત; દશ વૈકાલિક ભગવઈ સાખથી, તનુ સ્થિરતાને તંત. સ૦ ।। ૧૦ ।। લઘુ સજીવ સચિત્ત રજાદિનો, વારણ દુઃખ સંઘટ્ટ; દેખી પૂંજેરે મુનિવર તેહથી એ પૂરવ મુનિવટ્ટ. સ૦ ।। ૧૧ ।। પુદ્ગલ ખંધ ગ્રહણ નિષેવણા, દ્રવ્યેં જયણા તાસ; ભાવે આતમ પરિણત નવ નવી, ગ્રહતાં સમિતિ પ્રકાશ. સ૦ ।। ૧૨ ।। બાધક ભાવ અદ્વેષપણે તજે; સાધક લે ગતરાગ; પૂરવ ગુણ રક્ષક પોષક પણે, નિપજતે શિવ માર્ગ. સ૦ ।। ૧૩ ।। સંયમ શ્રેણેંરે સંચરતા મુનિ, હરે કર્મ કલંક; ધરતા સમતારસ એકત્વતા, તત્વ રમણિ નિઃશંક સ૦ ।। ૧૪ ।। જગ ઉપગારીરે તારક ભવ્યના, લાયક પૂર્ણાનંદ; દેવચંદ એહવા તે મુનિરાજના, વંદે પય અરવિંદ. સ૦ ।।૧૫।।

પાંચમી પારિઠાવણીયા સમિતિની સઝાય.

ચેતન ચેતજોરે—એ દેશી.

પંચમી સમિતિ કહિ અતિ સુંદરૂરે, પારિઠાવણીયા નામ; પરમ અહિંસક ધર્મ વધારણી, મૃદુ કરૂણા પરિણામ. મુનિવર સેવજોરે, સમિતિ સદા સુખદાય; થિરતા ભાવે સંયમ સોહાય, ધરે નિર્મળ સંવર થાય. મુ૦ એ આંકણી૦ ॥ ૧ ॥ દેહ નેહથી ચંચલતા વધેરે, વિકસે દુષ્ટ કષાય; તિણ તનું રાગ ધ્યાને રમેજી, જ્ઞાન ચરણ સુપસાય. મુ૦ ॥ ૨ ॥ જિહાં શરીર તિહાં મલ ઊપજેરે, તેહ તણો પરિહાર; કરે જંતુ ચર સ્થિર અથડહ્યારે, સકલ દુગંછા વાર. મુ૦ ॥ ૩ ॥ સંયમ બાધક આતમ વિરાધનારે; આણા ઘાતક જાણી; ઊપધિ અશન શિષ્યાદિક પરઠવેરે, આયતિ લાભ પિછાણિ. મુ૦ ॥ ૪ ॥ વધ્યા આહારે તપીયા પરઠવેરે, નિજ કોઠે અપ્રમાદ; દેહ અરાગી ભાત અવ્યાપતારે, ધીરનો એહ અપવાદ. મુ૦ ॥ ૫ ॥ સંલોકાદિક દુષણ પરહરીરે, વર્જી રાગ ને દ્વેષ; આગમ રીતે પરઠવણી કરે, લાઘવ હેતુ વિશેષ. મુ૦ ॥ ૬ ॥ કલ્પાતીત અહાલંદી ક્ષમીરે. જિન કલ્પાદિ મુનીશ; તેહને પરઠવણા એક મલ તણીરે, તેહ અલ્પ વલી દીસ. મુ૦ ॥ ૭ ॥ રાત્રે પ્રશ્નવણાદિક પરઠવેરે, વિધિ કૃત મંડલ થામ; થિવિર કલ્પનો પ્રતિ અપવાદ છેરે, ગ્લાનાદિક નહીં કામ. મુ૦ ॥ ૮ ॥ વલિ એહ દ્રવ્યથી ભાવેરે, બાધક જે પરિણામ, દ્વેષ નિવારી માદકતા વિનારે, સર્વ વિભાવ વિરામ. મુ૦ ॥ ૯ ॥ આતમ પરિણતિ તત્ત્વમયી કરેરે, પરિહરતા

પરભાવ; દ્રવ્ય સમિતિ પિણ ભાવ ભણી ધરેરે, મુનિનો એહ સ્વભાવ. મુ૦ ।। ૧૦ ।। પંચ સમિતિ સમતા પરિણામથીરે, ક્ષમા કોષ ગતરોષ; ભાવન પાવન સંયમ સાધતારે, કરતા ગુણ ગણ પોષ. મુ૦ ।। ૧૧ ।। સાધ્ય-રસી નિજ તત્ત્વે તન્મયીરે, ઉછરંગી નિર્માય; યોગ ક્રિયા ફલ ભાવ અવંચતારે, શુચિ અનુભવ સુખદાય. મુ૦ ।।૧૨।। આણાયુત નાણી દર્શનીરે, નિશ્ચય નિગ્રહવંત; દેવચંદ્ર એહવા નિર્ગ્રંથતેરે; મુજ ગુરૂ તત્ત્વ મહંત. મુ૦ ।। ૧૩ ।। ઇતિ.

।। છઠી મનોગુપ્તિ સજ્ઝાય ।।

વૈરાગી થયોરે—એ દેશી.

મુનિ મન વશ કરોરે, મન એ આશ્રવ ગેહો, મમતાને તો ઋષિ મન્નથીરે, ટાલો યતિ વર તેહો રે. મુ૦ ।। ૧ ।। પુષ્ટ તુરંગ ચિત્ત તે કહ્યું રે, સો મોહ નૃપતિ પ્રધાન; આર્ત રૌદ્રનું ક્ષેત્ર એરે, રોકતું જ્ઞાન નિધાનો રે. મુ૦ ।। ૨ ।। ગુપ્તિ પ્રથમ એ સાધુનેરે, ધર્મ શુકલનો કંદ; વસ્તુ ધર્મ ચિંતન રમ્યારે, સાધ્યે પુણ્યાનંદોરે, મુ૦ ।। ૩ ।। યોગતે પુદ્ગલ જોગછેરે, બાંધે અભિનવ કર્મ, યોગ વર્તના કંપનારે; નવિ એ આતમ ધર્મ. મુ૦ ।।૪।। વીર્ય ચપલ પરસંગમીરે, એહ ન સાધક પક્ષ; જ્ઞાન ચરણ સહ કારનારે; વરતાવે મુનિ દક્ષરે. મુ૦ ।। ૫ ।। સવિકલ્પક ગુણ સાધુનારે, ધ્યાનીને ન સુહાય; નિર્વિકલ્પ અનુભવ રસીરે, આત્માનંદી થાયોરે. મુ૦ ।। ૬ ।। રત્ન-ત્રયની ભેદતારે, એહ સમલ વ્યવહાર; ત્રિગુણ વીર્ય

એકત્વતારે; નિર્મલ આત્માચારોરે. મુ૦ ।। ૭ ।। શુકલ ધ્યાન શ્રુતલંબનીરે, એ પણ સાધન દાવ; વસ્તુ ધર્મ ઉછરંગમેંરે, ગુણ ગુણી એક સુભાવોરે. મુ૦ ।। ૮ ।। પર સહાય ગુણ વર્તનારે, વસ્તુ ધર્મ ન કહાય; સાધ્ય રસી તો કિમ ગ્રહેરે, સાધુ ચિત્ત સહાયોરે. મુ૦ ।।૯।। આતમરૂચિ આતમાલયીરે, ધ્યાતા તત્ત્વ અનંત, સ્યાદ્વાદ જ્ઞાની મુનિ રે, તત્ત્વ રમણ ઉપશાંતોરે. મુ૦ ।। ૧૦ ।। નવિ અપવાદ રૂચિ કદારે, શિવ રસીયા અણગાર; શક્તિ યથાગમ સેવતારે, નિંદે કર્મ પ્રચારોરે. મુ૦ ।। ૧૧ ।। શુદ્ધ સિદ્ધ નિજ તત્ત્વત્તારે, પૂર્ણાનંદ સમાજ. દેવચંદ્ર પદ સાધતારે, નમિયે તે મુનિરાજોરે. મુ૦ ।। ૧૨ ।। ઇતિ.।।

।। सातमो वचन गुप्तिनो सज्झाय ।।

समिति सदाએ दीलमें धरो–એ દેશી. અથવા હમીરીયાની–દેશી.

વચન ગુપ્તિ સુધી ધરો, વચન તે કર્મ સહાય; સલુણા, ઉદયાશ્રિત જે ચેતના, નિશ્ચે તેહ અપાય. સ૦ વચન ગુપ્તિ સુધી ધરો. ।। ૧ ।। એ આંકણી૦ વચન અગોચર આતમા, સિદ્ધ તે વચનાતીત; સ૦ સત્તા અસ્તિ સ્વભાવમેં, ભાષક ભાવ અનિત. સ૦ વ૦ ।। ૨ ।। અનુભવ રસ આસ્વાદતા, કરતા આતમધ્યાન; સ૦ વચન તે બાધક ભાવ છે, ન વદે મુનિ અજ્ઞાન. સ૦ વ૦ ।। ૩ ।। વચનાશ્રવ પલટાવવા, મુનિ સાધે સ્વાધ્યાય; સ૦ તેહ સર્વથા ગોપવો, પરમ મહારસ થાય. સ૦ વ૦ ।। ૪ ।।

ભાષા પુદ્ગલ વર્ગણા, ગ્રહણા નિસર્ગ ઉપાધિ; સ૦ કરવા આતમ વીર્યને, શાને પ્રેરે સાથી. સ૦ વ૦ ॥ ૫ ॥ યાવત્ વીરજ ચેતના, આતમ ગુણ સંપત્ત; સ૦ તાવત સર્વે નિર્જરા, આશ્રવ પર આયાત. સ૦ વ૦ ॥ ૬ ॥ ઈમ જાણિ સ્થિર સંયમી, ન કરે ચપલી મંથ; સ૦ આત્માનંદ આરાધતાં, આજ્ઞાથી નિર્ગ્રંથ. સ૦ વ૦ ॥૭॥ સાધ્ય શુદ્ધ પરમાત્મા, તસુ સાધન ઉત્સર્ગ, સ૦ બાર ભેદે તપ દ્વિવિધે, સકલ શ્રેષ્ઠ વ્યુત્સર્ગ; સ૦ વ૦ ॥ ૮ ॥ સમકિત ગુણે ઠાણે કર્યો સાધ્ય અયોગી ભાવ, સ૦ ઉપાદાનતા તેહની ગુપ્તિ રૂપ સ્થિર ભાવ. સ૦ વ૦ ॥૯॥ ગુપ્તિ રચી ગુપ્તે રમ્યા, કારણ સમિતિ પ્રપંચ; સ૦ કરતા સ્થિરતાઇ હતા, ગ્રહે તત્ત્વ ગુણ સંચ. સ૦ વ૦ ॥૧૦॥ અપવાદે ઉત્સર્ગની દૃષ્ટિ ન ચુકે જેહ, સ૦ પ્રણમે નિત્ય પ્રત્યે ભાવશું, દેવચંદ મુનિ તેહ. સ૦ વ૦ ॥૧૧॥ ઇતિ.

॥ આઠમો કાય ગુપ્તિ સજ્ઝાય ॥

કુલના ચોસર પ્રભુજીને શિર ચઢે—એ દેશી.

ગુપ્તિ સંભારોરે ત્રીજી મુનિવર, જેહથી પરમ આનંદોજી, મોહ ટલે ઘનઘાતિ પરગલે, પ્રગટે જ્ઞાન અમંદોજી. ગુ૦ ॥ ૧ ॥ કરી શુભ અશુભે ભવ ભ્રમ જે છે તિણ તજી તન વ્યાપારોજી; ચંચલ ભાવ તે આશ્રવ મૂલ છે, જીવ અચલ અવિકારોજી. ॥ ગુ૦ ॥ ૨ ॥ ઇંદ્રિય વિષય સકલનું દ્વાર એ, બંધ હેતુ દૃઢ એહોજી, અભિનવ કર્મ ગ્રહે તનુ યોગથી, તિણ થિર કરીયે દેહોજી. ગુ૦ ॥ ૩ ॥

આતમ વીર્ય કુરે પરસંગ જે, તે કહીયેં તનુ યેાગેાજી,
ચેતન સત્તારે પરમ અયેાગી છે, નિર્મલ સ્થિર ઉપયેાગેા-
જી. ગુ૦ ।। ૪ ।। જાવત કંપન તાવત બંધ છે, ભાખ્યું
ભગવઇ અંગેજી, તે માટે ધ્રુવ તત્વ રસેં રમે, માહણ ધ્યાન
પ્રસંગેજી. ગુ૦ ।। ૫ ।। વીર્ય સહાયીરે આતમ ધર્મનેા,
અચલ સહજ અપ્રયાસેાજી, તે પર ભાવ સહાયા કિમ
કરે, મુનિવર ગુણ આવસેાજી. ગુ૦ ।। ૬ ।। ખંતિ મુક્તિ
યુકિત અકિંચની, શૌચ બ્રહ્મ ધર ધીરેાજી, વિષય પરિસહ
સૈન્ય વિદારવા, વીર પરમ સેાંડીરેાજી. ગુ૦ ।। ૭ ।। કર્મ
પડલ દલક્ષય કરવા રસી, આતમઋદ્ધિ સમૃદ્ધેાજી, દેવચંદ
જિન આણા પાળતાં, વંદુ ગુરૂ ગુણ વૃદ્ધેાજી. ગુ૦ ।।૮।।

નવમી સાધુ સ્વરુપ વર્ણન સજ્ઝાય.

રસીયાની દેશી.

ધર્મ ધુરંધર મુનિવર સુલહી, નાણ ચરણ સંપન્ન;
સુગુણનર, ઇંદ્રિય ભેાગ તજી નિજ સુખ ભજી, ભવચારક
ઉદવિન્ન. સુ૦ ।। ૧ ।। દ્રવ્ય ભાવ સાચી સરધા ધરી,
પરિહરી શંકાદિ દેાષ; સુ૦ કારણ કારજ સાધન આદરી,
ધરી ધ્યાન સંતેાષ, સુ૦ ધ૦ ।। ૨ ।। ગુણ પર્યાયેં વસ્તુ
પરખતાં, શીખ ઉભય ભંડાર; સુ૦ પરિણતિ શકિત
સ્વરૂપમેં પરિણમી; કરતા તસુ વ્યવહાર. સુ૦ ધ૦ ।।૩।।
લેાકસન્ન વિતિગિચ્છા વારતા, કરતા સંયમ વૃધ્ધિ; સુ૦
મૂલ ઉત્તર ગુણ સર્વ સંભારતા, ધરતા આતમ શુદ્ધિ.
સુ૦ ધ૦ ।। ૪ ।। શ્રુતધારી શ્રુતધર નિશ્રારસી, વશ કર્યા

ત્રિક યોગ; સુ૦ અભ્યાસી અભિનય શ્રુત સારના, અવિનાશી ઉપયોગ. સુ૦ ધ૦ ।। ૫ ।। દ્રવ્ય ભાવ આશ્રવ મલ ટાલતા, પાળતા સંયમ સાર, સુ૦ સાચી જૈન ક્રિયા સંભાળતા, ગાળતા કર્મ વિકાર. સુ૦ ધ૦ ।। ૬ ।। સામાયિક આદિક ગુણ શ્રેણીમેં, રમતા ચઢતેરે ભાવ; સુ૦ તીન લોકથી ભિન્ન ત્રિલોકમેં, પૂજનીય જસુ પાવ. સુ૦ ધ૦ ।। ૭ ।। અધિક ગુણી નિજ તુલ્ય ગુણી થકી, મલતા તે મુનિરાજ; સુ૦ પરમ સમાધિ નિધિ ભવજલધિના, તારણ તરણ જહાજ. સુ૦ ધ૦ ।। ૮ ।। સમકિતવંત સંયમ ગુણ ઇહતા, તે ધરવા સમરથ; સુ૦ સંવેગ પક્ષી ભાવેં શોભતા કહેતા સાચોરે અર્થ. સુ૦ ધ૦ ।। ૯ ।। આપ પ્રશંસાયે નવિ માચતા, રાચતા મુનિગુણ રંગ, સુ૦ અપ્રમત મુનિ ગુણ શ્રુત તત્ત્વ પૂછવા, સેવે જાસુ અભંગ. સુ૦ ધ૦ ।। ૧૦ ।। સદ્દહણા આગમ અનુમોદતા, ગુણકર સંયમ ચાલ; સુ૦ વિવહારેં સાચી તે સાચવે, આયતિ લાભ સંભાલ. સું૦ ધ૦ ।। ૧૧ ।। દુષ્કરકારીથી અધિકા કહે, બૃહત્કલ્પ વ્યવહાર સુ૦ ઉપદેશમાળા ભગવઇ અંગને ગીતારથ અધિકાર. સુ૦ ધ૦ ।। ૧૨ ।। ભાવ ચરણ સ્થાનક ફરસ્યા વિના, ન હુવે સંયમ ધર્મ; સુ૦ તે શાને જુઠ તે ઉચરે, જે જાણે પ્રવચન મર્મ. સુ૦ ધ૦ ।। ૧૩ ।। જસ લાભેં નિજ સમ્મત થાપવા, પરજન રંજન કાજ; સુ૦ જ્ઞાન ક્રિયા દ્રવ્યત વિધિ સાચવે, તેહ નહીં મુનિરાજ. સુ૦ ધ૦ ।। ૧૪ ।। બાહ્ય દયા એકાંતે ઉપદિસે, શ્રુત આમ્નાય વિહીન; સુ૦ બગપરેં ઠગતા મૂરખ લોકને, બહુ ભમશે તેહ દીન. સુ૦ ધ૦ ।। ૧૫ ।। અધ્યાત્મ પરિણતિ સાધન

ગ્રહી, ઉચિત વહે આચાર; સુ૦ જિન આણા અવિરાધક પુરૂષ જે, ધન્ય તેહનો અવતાર. સુ૦ ધ૦ ॥ ૧૬ ॥ દ્રવ્ય ક્રિયા નૈમિત્તિક હેતુ છે, ભાવ ધર્મ લયલીન; સુ૦ નિરૂપાધિકતા જે નિજ અંશની, માને લાભ નવીન. સુ૦ ધ૦ ॥ ૧૭ ॥ પરિણતિ દોષ ભણી જે નિંદતા, કહેતા પરિણતિ ધર્મ, સુ૦ યોગ ગ્રંથના ભાવ પ્રકાશતા, તેહ વિદારે હો કર્મ. સુ૦ ધ૦ ॥ ૧૮ ॥ અલ્પ ક્રિયા પણ ઉપકારી પણે, જ્ઞાની સાથે હો સિદ્ધ; સુ૦ દેવચંદ્ર સુવિહિત મુનિવંદને, પ્રણમ્યાં સકલ સમૃદ્ધિ. ॥ ૧૯ ॥ ઇતિ.

કલશ.

રાગ ધન્યાશ્રી.

તે તરિયારે ભાઇ તે તરિયા; જે જિન શાસન અનુસરિયાજી, જેહ કરે સુવિહિત મુનિ ક્રિરિયા, જ્ઞાનામૃત રસ દરિયાજી. તે૦ એ આંકણી૦ વિષય કષાય સહુ પરહરિયા ઉત્તમ સમતા વરિયાજી, શીલ સન્નાહ થકી પાખરિયા, ભવ સમુદ્ર જલ તરિયાજી. તે૦ ॥ ૨ ॥ સમિતિ ગુપ્તિ શું જે પરવરિયા, આત્માનંદે ભરિયાજી; આશ્રવ દ્વાર સકલ આવરિયાં, વર સંવર સંવરિયાજી. તે૦ ॥ ૩ ॥ ખરતર મુનિ આચરણા ચરિયા, રાજ સાર ગુણ ગિરિયાજી; જ્ઞાન ધર્મ તપ ધ્યાને વસિયા, શ્રુત રહસ્યના રસિયાજી. તે૦ ॥ ૪ ॥ દીપચંદ પાઠક પદ ધરિયા, વિનય રયણ સાગરિયાજી; દેવચંદ્ર મુનિ ગુણ ઉચ્ચરિયા, કર્મ અરિ નિજર્જરિયાજી. તે૦ ॥ ૫ ॥ સુરગિરિ

સુંદર જિનવર મંદિર, શોભિત નગર સવાઇજી; નવાનગર ચોમાસું કરીને. મુનિવર ગુણથુતિ ગાઇજી. તે૦ ।। ૬ ।।

(હરિગીત.)

અરિહંત યશ જગમેં વિચર્યો. વિસ્તરી જસ સંપદા; નિર્ગ્રંથ વંદન સ્તવન કરંતા, પરમ મંગલ સુખ સદા. ઇતિ સંપૂર્ણ.

અથ શ્રી બાર ભાવના.

।। દોહા ।।

પાસ જિનેશ્વર પાયનમી, સદગુરૂને આધાર; ભવિયણ જનને હિત ભણી, ભણશું ભાવના બાર. ।। ૧ ।। પ્રથમ અનિત્ય અશરણપણું, એહ સંસાર અસાર; એકલપણું અન્યત્વ તિમ, અશુચિ આશ્રવ સંભાર. ।। ૨ ।। સંવર નિર્જર ભાવના, લોક સ્વરૂપ સુબોધ; દુર્લહ ભાવન જિન ધરમ, એણીપરે કર જીવ શુદ્ધિ. ।। ૩ ।। રસકુંપી રસ વેધીયે, લોહ થકી હોય હેમ; જિમ ઇણ ભાવન શુદ્ધ હુએ, પરમ રૂપ લહે તેમ. ।। ૪ ।। ભાવ વિના દાનાદિકા, જાણો અલુણું ધાન; ભાવરસાંગ મલ્યા થકી, ત્રુટે કરમ નિદાન. ।। ૫ ।।

ઢાલ ૧ લી.

ભાવનાની દેશી.

પહેલી ભાવના એણીપરેં ભાવીયેંજી; અનિત્યપણું સંસાર, ડાભ અણી ઉપર જલબિંદુઓજી, ઇંદ્ર ધનુષ

અનુહાર. ।। ૧ ।। સહજ સવેંગી સુંદર આતમાજી, ધર જિન ધર્મ સુરંગ, ચંચલ ચપલાની પરેં ચિંતવેજી, કૃત્રિમ સવિહુ સંગ. સ૦ ।। ૨ ।। ઇંદ્ર જાલ સુહણા શુભ અશુભજી. કૂડો તોષને રોષ; તિમ ભ્રમ ભૂલ્યો અથિર પદારથેંજી; શ્યો કીજેં મન શોષ. સ૦ ।। ૩ ।। ઠાર ત્રેહ યામરનાં નેહ જ્યું જી, એ યૌવન રંગ રોલ; ધન સંપદ પણ દીશે કારમીજી, જેવા જલધી કલોલ. સ૦ ।। ૪ ।। મુંજ સરિખે માંગી ભીખડીજી' રામ રહ્યા વનવાસ ઇણ સંસારે એ સુખ સંપદાજી, જેમ સંધ્યારાગ વિલાસ. સ૦ ।। ૫ ।। સુંદર એ તનું શોભા કારમીજી, વિણસંતા નહીં વાર. દેવતણે વચનેં પ્રતિ બૂજીયોજી, ચક્રી સનત કુમાર. સ૦ ।। ૬ ।। સૂરજ રાહુ ગ્રહણેં સમજીઓજી, શ્રી કીર્તિધર રાય; કરકંડૂ પ્રતિબૂજ્યો દેખીનેજી, વૃષભ જરા કુલ કાય. સ૦ ।। ૭ ।। કિહાં લગે ધૂઆ ધલહરા રહેજી, જલ પરપોટો જોય; આઉખું અથિર તિમ મનુષ્યનું જી, ગર્વ મ કરશો કોય. ।। ૮ ।। અતુલિ બલસુર જિનવર સારિખાજી, ચક્રિ હરિબલ જોડી; ન રહ્યો એણે જંગે કોઇ થિર થઇજી, સુરનર ભૂપતિ કોડી. સ૦ ।। ૯ ।। ઇતિ.

।। દોહા ।।

પલ પલ છીજે આઉખું, અંજલિ જલજ્યું એહ; ચલતે સાથે સંબલો, લેઈ શકે તો લેહ. ।। ૧ ।। લે અચિંત્ય ગલશું ગ્રહી, સમય સીંચાણો આવી; શરણ નહીં જિનવર વિણ, તેણ હવે અશરણ ભાવી. ।। ૨ ।।

ઢાલ ૨ જી.

રાગ રામગિરી, રામ ભણે હરી ઊઠિયેં, એ દેશી.

બીજી અશરણ ભાવના ભાવો હૃદય મઝારે, ધર્મ વિના પરભવ જતાં, પાપે ન લઇશ પારરે, જાઇશ નરક દુવારરે, તિહાં તુજ કવણ આધારરે, લાલ સુરંગારે પ્રાણીયા. ॥ ૧ ॥ મુકને મોહ જંજાલરે, મિથ્યામતિ સવિ ટાલરે; માયા આલપંપાલરે, લાલ૦ ॥ ૨ ॥ માત પિતા સુત કામિની, ભાઈ ભગિની સહાયરે; બેં બેં કરતાંરે, અજપરેં; કર્મે ગ્રહ્યો જીવ જાયરે, આડો કોઈ નવિ થાયરે; દુઃખ ન લીયે વહેંચાયરે. લાલ૦ ॥ ૩ ॥ નંદની સોવન ઝુંગરી આખર નાવી કો કાજરે, ચક્રી સુભૂમ તે જલધિમાં, હાર્યો છ ખંડ રાજરે, બૂડયો ચરમ જહાજરે; દેવ ગયા સવિ ભાજરે, લોભે ન રહિ તસ લાજરે. લાલ૦ ॥ ૪ ॥ દ્વીપાયન દહી દ્વારિકા, બલવંત ગોવિંદ રામરે, રાખી ન શક્યારે રાજવી, માત પિતા સુત ધામરે; તિહાં રાખ્યાં જિન નામરે, શરણ કિએો નેમિ સ્વ મરે, વ્રત લેઇ અભિરામરે, પહોતા શિવપુર ઠામરે. લાલ૦ ॥ ૫ ॥ નિત્ય મિત્ર સમ દેહડી, સયણાં પર્વ સહાયરે, જિનવર ધર્મ ઉગારસે, જિમ તે વંદનિક ભાયરે; રાખ્યો મંત્રી ઉપાયરે, સંતોખ્યો વલી રાયરે ટાલ્યા તેહના અપાયરે. લાલ૦ ॥ ૬ ॥ જનમ જરા મરણાદિક, વયરી લાગા છે કેડરે, અરિહંત શરણ તે આદરી, ભવ ભ્રમણ દુઃખ ફેડરે; શિવ સુંદરી વર તડરે, નેહ નવલ રસ રેડરે, સીંચી સુકૃત પેડરે. ॥ ૭ ॥ ઇતિ.

।। દોહા ।।

થાવચ્ચા સુત થરહર્યો, જોર દેખી જમ ધાડ, સંયમ શરણું સંગ્રહ્યું, ધણ કણ કંચન છાંડ. ।। ૧ ।। ઇણ શરણે સુખિયા થયા, શ્રી અનાથી અણગાર, શરણ લહ્યા વિણ જીવડા, ઇણીપરે રૂલે સંસાર. ઇતિ.

।। ઢાલ ૩ જી. ।।

રાગ મારૂણી.

ત્રીજી ભાવના એણીપરે ભાવીયેંરે, એમ સ્વરૂપ સંસાર, કર્મવશે જીવ નાચે નવનવ રંગશુંરે, ઐ ઐ વિવિધ પ્રકાર. ।। ૧ ।। ચેતન ચેતીયેંરે, લહી માનવ અવતાર. ચેતન૦ ભવ નાટકથી જો હુઓ ઉભગોરે, તો છાંડો વિષય વિકાર. ચેતન૦ ।। ૨ ।। કબહી ભૂજલ જલણાનિલ તરૂમાં વસ્યોરે, કબહી નરક નિગોદ, બિતિ ચઉરિંદ્રિયમાંહે કેઇ દિન વસ્યોરે, કબહીંક દેવ વિનોદ. ચેતન૦ ।। ૩ ।। કીડી પતંગ હરિ માતંગપણું ભજેરે, કબહી સર્પ શીયાલ; બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કહાવતોરે, હોવે શુદ્ર ચંડાલ. ચેતન૦ ।। ૪ ।। લખ ચોરાસી ચઉટે રમતો રંગશુંરે, કરી કરી નવ નવ વેશ; રૂપ કરૂપ ધની નિર્દ્રવ્ય, સોભાગિયોરે દુરભાગી દુરવેષ. ચેતન૦ ।। ૫ ।। દ્રવ્ય ક્ષેત્ર સૂક્ષ્મને બાદર ભેદશુંરે, કાળ ભાવ પણ તેમ, અનંત અનંતા પુદ્ગલ પરાવર્ત્તન કર્યાંરે, કહ્યો પન્નવણા એમ. ચેતન૦ ।। ૬ ।। ભાઇ બહિન નારી તાતપણું ભજેરે, માત-પિતા હોયે પુત્ર; તેહજ નારી વૈરીને વલ્લી

વાલહોરે, એહ સંસારહ સૂત્ર. ચેતન૦ ।। ૭ ।। ભૂવનભાનુ જિન ભાંખ્યા ચરિત્ર સુણી ઘણાંરે, સમજ્યા ચતુર સુજાણ, કર્મ વિવરવસે મૂકી, મોહ વિટંબનારે, મલ્યા મુક્તિ જિન ભાણ. ચેતન. ।। ૮ ।। ઇતિ૦

।। દોહા. ।।

ઇમ ભવ ભવ જે દુઃખ સહ્યા, તે જાણે જગનાથ; ભય ભંજણ ભાવઠ હરણ, ન મલ્યો અવિહડ સાથ. ।।૧।। તિણ કારણ જીવ એકલો, છોડી રાગ ગલપાસ; સવિ સંસારી જીવશું, ધરી ચિત્ત ભાવ ઉદાસ. ઇતિ.

ઢાલ ૪ થી.

રાગ ગોડી, પૂત ન કીજે હો સાધુ વિસાસડા. એ દેશી.

ચોથી ભાવના ભવિયણ મન ધરો, ચેતન તું એકાકીરે, આવ્યો તિમ જાઇશ પરભવ વલી, ઇહાં મૂકી સવિ બાકીરે. મમ કર મમતારે સમતા આદરો. ।। ૧ ।। આણો ચિત્ત વિવેકોરે, સ્વારથિયાં સજ્જન સહુ એ મલ્યાં, સુખ દુઃખ સહેશે એકોરે. મમ૦ ।। ૨ ।। વિત્ત વહેંચણ આવી સહુયે મલે, વિપતિ સમય જાય નાશીરે; દવ બલતો દેખી દશ દિશેં પુગે, જિમ પંખી તરૂવાસીરે. મમ૦ ।। ૩ ।। ખટ ખંડ નવ નિધિ ચૌદ રયણ ધણી, ચૌસઠ સહસ્સ સુનારીરે; છેહડે છોડી તે ચાલ્યા એકલા, હાર્યો જેમ જૂઆરીરે. મમ૦ ।। ૪ ।। ત્રિભુવન કંટક બિરુદ ધરાવતો, કરતો ગર્વ ગુમાનોરે; ત્રાગા વિણ નાગા તે સહુ ચાલ્યા, રાવણ સરિખા રાજાનોરે. મમ૦ માલ રહે ઘર સ્ત્રી વિ-

શ્રામિતા; પ્રેતવના લગેં લોકોરે; ચય લગેં કાયારે આખર એકલો, પ્રાણી ચલે પરલોકોરે. મમ૦ ॥ ૬ ॥ નિત્ય કલહો બહુ મેલેં દેખીએ, બિહું પણ અટપટ થાયરે; વલયાની પરેં વિહરિશ એકલો, ઇમ બૂજ્યો નમીરાયરે. મમ૦ ॥ ૭ ॥

॥ દોહા ॥

ભવ સાયર બહુ જલધિ દુઃખ, જન્મ મરણ તરંગ; મમતા તંતુ તિણે ગ્રહ્યો, ચેતન ચતુર માતંગ. ॥ ૧ ॥ ચાહે જો છોડણ ભણી, તો ભજ ભગવંત મહંત; દુર કરે પરબંધને; જિમ જલથી જલકંત. ॥ ૨ ॥

ઢાલ ૫ મી.

રાગ કેદારો–ગોડી કપૂર હુવે અતિ ઉજલોરે—દેશી.

પાંચમી ભાવના ભાવિયે રે, જુઓ અન્યત્વ વિચાર; આપ સવારથી એ સહુરે, મલિઓ તુજ પરિવાર. ॥૧॥ સંવેગી સુંદર બૂજમાં મૂંજ ગમાર, તાહરૂં કો નહીં ઇણ સંસાર; તુ કેહનો નહિ નિરધાર. સંવે. ॥૨॥ પંથ સિરે પંથી મલ્યારે, કીજે કિમ સું પ્રેમ; રાતિ વસે પ્રહ ઉઠી ચલેરે, નેહ નિવાહે કેમ સં. ॥૩॥ જિમ મેળો તીરથ મલેરે, જન વણજની ચાહ. કેઇ ત્રોટો કેઇ ફાયદોરે, લેઇ લેઈ નિજ ઘર જાય. સં. ॥ ૪ ॥ જિહાં કારજ જેહનાં સરેરે, તિહાં લગે દાખે નેહ; સૂરીકાંતા નારીપરેં રે, છટકી દેખાડે છેહ. સં. ॥ ૫ ॥ ચુલણી અંગજ મારવારે, કુડું કરી જતુ ગેહ; ભરત બાહુબલી ઝુઝીયારે,

જો જો બંધવ નેહ. સં. ।।૬।। શ્રેણિક પુત્રેં બાંધીઓરે, લીધું વહેંચી રાજ્ય; દુઃખ દીધું બહુ તાતનેરે, દેખો સુતના કાજ. સં. ।। ૭ ।। ઈણ ભાવના, શિવપદ લહેરે, શ્રી મરૂદેવી માય; વીર શિષ્ય કેવલ લહ્યુંરે, શ્રી ગૌતમ ગણરાય. સં. ।। ૮ ।। ઇતિ.

।। દોહા ।।

મોહ વસુ મન મંત્રવી, ઇંદ્રિય મલ્યા કલાલ, પ્રમાદ મદિરા પાયકે, બાંધ્યો જીવ ભૂપાલ. ।।૧।। કર્મ જંજીર જડી કરી, સુકૃત માલ સવિ લીધ; અશુભ વિરસ દુરગંધ મય, તનગો તાહરેં લીધ. ।।૨ ।।

ઢાલ ૬ ઠી.

રાગ-સિંધુ સામેરી.

છઠી ભાવના મન ધરો જીવ અશુચિ ભરી એ કાયારે, શી માયારે; માંડે કાચા પિંડશું એ. ।। ૧ ।। નગર બાલ પરેં નિત વહે, કફમલ મૂત્ર ભંડારરે, તિમ દ્વારોરે; નર નવ દ્વાદશ નારિનાં એ. ।।૨।। દેખી દુરગંધ દૂરથી, તું મુહ મચકોડે માણેરે, નવિ જાણેરે; તિણ પુદ્ગલ નિજ તનું ભર્યું એ. ।।૩।। માંસ રૂધિર મેદારસેં, અસ્થિ મજ્જા નર બીજેરે; શું રીઝેરે; રૂપ દેખી દેખી આપણું એ. ।।૪।। કૃમિ વાલાદિક કોથલી, મોહરાયની ચેટીરે; એ પેટીરે, ચર્મ જડી ઘણા રોગની એ. ।।૫।। ગર્ભ-વાસ નવ માસમાં, કૃમિ પરેં મલમાં વસિયોરે; તું રસીયોરે, ઉંધે માથે એમ રહ્યો એ. ।।૬।। કનક કુવરી ભોજન

ભરી, તિહાં દેખી દુરગંધ બૂજ્યારે; અતિજુગુપ્સ્યારે, મલ્લિ મિત્ર નિજ કર્મશું એ. ॥ ૭ ॥ ઇતિ.

॥ દોહા ॥

તન છિદ્વર ઇંદ્રિ મચ્છા, વિષય કલણ જંબાલ; પાપ કલુષ પાણી ભર્યું, આશ્રવ વહે વડનાલ. ॥ ૧ ॥ નિર્મલ પખ સહજે સુગતિ, નાણ વિનાણ રસાલ; શું બગની પરેં પંકજલ, ચુંથે ચતુર મરાલ. ॥ ૨ ॥

ઢાલ ૭ મી.

રાગ-ધોરણી.

આશ્રવ ભાવના સાતમીરે, સમજો સુગુરૂ સમીપ; ક્રોધાદિક કાંઇ કરોરે, પામી શ્રી જિન દીપોરે. ॥ ૧ ॥ સુણ સુણ પ્રાણીયા, પરિહર આશ્રવ પંચોરે; દશમેં અંગે કહ્યા, જેહના દુષ્ટ પ્રપંચોરે. સુણ૦ ॥ ૨ ॥ હોંશે જે હિંસા કરેરે, તે લહે કટુક વિપાક; પરિહાસેં ગોત્રાસનીરે, જો જો અંગ વિપાકોરે. સુણ૦ ॥ ૩ ॥ મિથ્યા વયણે વસુ નડ્યોરે, મંડિક પરધન લેઈ; ઇણ અગ્રહ્યું રોલવ્યારે, ઇંદ્રાદિક સુર કેઇરે. સુણ૦ ॥૪॥ મહા આરંભ પરિગ્રહેંરે, બ્રહ્મદત્ત નરક પહુત્ત; સેવ્યાં શત્રુપણું ભજેરે, પાંચે દુરગતિ દૂતોરે. સુણ૦ ॥ ૫ ॥ છિદ્ર સહિત નાવા જલેંરે, બૂડે નીર ભરાય; તિમ હિંસાદિક આશ્રવેરે, પાપેં પિંડ ભરાયોરે. સુણ૦ ॥ ૬ ॥ અવિરતિ લાગે એકેંદ્રિયારે, પાપસ્થાન અઢાર; લાગે પાંચેહી ક્રીયારે, પંચમ અંગ વિચારોરે. સુણ૦ ॥ ૭ ॥ કટુક ક્રિયા થાનક ફલેરે, બોલ્યા બીજેરે

અંગ; કહેતાં હીયડું કમકમેરે, વિરૂઓ તાસ પ્રસંગોરે. સુણ૦ ।। ૮ ।। મૃગ પતંગ અલિ માછલોરે, કરી એક વિષય પ્રપંચ; દુખિયા તે કિમ સુખ લહેરે, જસ પરવશ એહ પંચોરે. સુણ૦ ।। ૯ ।। હાસ્ય નિંદ વિકથા વસેરે, નરક નિગોદેરે જાત; પૂરવધર શ્રુત હારીનેંરે, અવરાની શી વાતો રે. સુણ૦ ।। ૧૦ ।। ઇતિ.

।। દોહા ।।

શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલિ, નવદલ શ્રી નવકાર પય, કરી કમલાસન કેલિ. ।। ૧ ।। પાતક પંક પખાલીનેં, કરી સંવરની પાલ, પરમ હંસ પદવી ભજે, છોડી સકલ જંજાલ. ।। ૨ ।।

ઢાલ ૮ મી.

ઉલૂની-દેશી.

આઠમી સંવર ભાવનાજી, ધરી ચિત્ત શું એકતાર, સમિતિ ગુપ્તિ સુધી ધરોજી, આપો આપ વિચાર. સલૂણા, શાંતિ સુધારસ ચાખ ।। એ આંકણી ।। વિરસ વિષય ફલ કુલડેજી, અટતો મન અલિ રાખ. સ૦ ।। ૧ ।। લાભ અલાભેં સુખ દુખેંજી, જીવિત મરણ સમાન, શત્રુ મિત્ર સમ ભાવતો જી, માન અને અપમાન. સ૦ ।।૨।। કહીયેં પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમ ભાર, શ્રાવક ચિંતે હું કદા જી; કરીશ સંથારો સાર. સ૦ ।।૩।। સાધુ આશંસા ઇમ કરેજી, સૂત્ર ભણીશ ગુરૂ પાસ, એકલ મલ્લ પ્રતિમા વહિજી, કરીશ સંલેષણ ખાસ. સ૦ ।। ૪ ।। સર્વ જીવ

હિત ચિંતવેજી, વૈર મ કર જગમિત્ત, સત્ય વયણ મુખ ભાંખિયેંજી, પરિહર પરનું વિત્ત. સ૦ ।। ૫ ।। કામ કટક ભેદણ ભણીજી, ધર તું શીલ સનાહ, નવવિધ પરિગ્રહ મૂકતાંજી, લહિયેં સૂખ અથાહ. સ૦ ।। ૬ ।। દેવમણુઅ ઉપસર્ગ શું જી, નિશ્ચલ હોઇ સધીર, બાવીશ પરિસહ જિતીયેંજી, જેમ જીત્યા શ્રી વીર. સ૦ ।। ૭ ।। ઇતિ.

।। દોહા ।।

દઢ પ્રહારી દઢ ધ્યાન ધરી, ગુણ નિધિ ગજ સુકુમાલ મેતારજ મદન ભ્રમેાં, સુકેાશલ સુકુમાલ ।।૧।। એમ અનેક મુનિવર તર્યા. ઉપશમ સંવર ભાવ, કઠિન કર્મ સવિ નિર્જર્યાં, તિણ નિર્જર પ્રસ્તાવ. ।।૨।।

ઢાલ ૯ મી.

રાગ-ગેાડી, મન ભમરારે—એ દેશી.

નવમી નિર્જર ભાવના, ચિત ચેતેારે, આદરેા વ્રત પચ્ચખ્ખાણ, ચતુર ચિત ચેતેારે, પાપ આલેાવેા ગુરૂ કને ચિત૦ ધરિયેં વિનય સુજાણ ચતુ૦ ।।૧।। વેયાવચ્ચ બહુવિધ કરેા. ચિ૦ દુર્બલ બાલ ગિલાન. ચ૦ આચારજ વાચક તણેા. ચિ૦ શિષ્ય સાધર્મિક જાણ. ચતુ૦ ।। ૨ ।। તપસી કુલ ગણ સંઘનેા. ચિ૦ થિવિર પ્રવર્ત્તક વૃદ્ધ. ચતુ૦ ચૈત્ય ભક્તિ બહુ નિર્જરા. ચિ૦ દશમેં અંગ પ્રસિદ્ધ. ચતુ૦ ।। ૩ ।। ઉભયટંક આવશ્યક કરેા. ચિ૦ સુંદર કરી સઝાય. ચતુ૦ પેાસહ સામાયિક કરેા. ચિ૦ નિત્ય પ્રત્યેં નિયમ મન ભાય. ચતુ૦ ।। ૪ ।। કર્મસૂડન કનકાવલી,

ચિ૦ સિંહાદિ ક્રીડિત દોય, ચતુ૦ ।। શ્રી ગુણ રયણ સંવત્સરૂ, ચિ૦ સાધુ પડિમા દશ દોય, ચતુ૦ ।। ૫ ।। શ્રુત આરાધન સાચવો. ચિ૦ યોગ વહન ઉપધાન. ચતુ૦ શુકલ ધ્યાન સૂધું ધરો, ચિ૦ શ્રી આંબિલ વર્દ્ધમાન. ચતુ૦ ।। ૬ ।। ચૌદ સહસ્સ અણુગારમાં, ચિ૦ ધન ધન્નો અણુગાર, ચતુ૦ સ્વયંમુખ વીર પ્રશંસીઓ ચિત૦ ખંધક મેઘ કુમાર. ચતુ૦ ।। ૭ ।। ઇતિ.

।। દોહા ।।

મન દારૂ તન નાલિ કરી, ધ્યાનાનલ સલગાવિ, કર્મ કટક ભેદણ ભણી, ગોલા જ્ઞાન ચલાવી. ।। ૧ ।। મોહરાય મારી કરી, ઉંચો ચઢી અવલોય, ત્રિભુવન મંડપ માંડણી, જેમ પરમાનંદ હોય. ।। ૨ ।।

ઢાલ ૧૦ મી.

રાગ ગોડી, જંબુદ્વીપ મઝાર—એ દેશી.

દશમી લોક સ્વરૂપરે, ભાવન ભાવીયેં, નિસુણી ગુરૂ ઉપદેશથી એ. ।। ૧ ।। ઉર્ધ્વ પુરૂષ આકારરે, પગ પહોળા કરી, કર દોય કટિ રાખિયેં એ. ।। ૨ ।। ઇણ આકારે લોકરે, પુદ્ગલ પૂરિઓ, જિમ કાજલની કપલી એ. ।।૩।। ધર્મા ધર્માકાશરે, દેશ–પ્રદેશ એ,જીવ અનંતે પૂરીઓ એ. ।। ૪ ।। સાત રાજ દેશોનરે, ઉર્ધ્વ તિરિય મલી, અધોલોક સાત સાધિકૂં એ. ।। ૫ ।। ચૌદરાજ ત્રસનાડી રે, ત્રસજીવાલય, એક રજ્જૂ દીર્ઘ વિસ્તરૂ એ. ।। ૬ ।। ઉર્ધ્વ સુરાલય સારરે, નિરય ભૂવન નીચે, નાભિ નર તિરિ

દેા સુરા એ. ।। ૭ ।। દ્વીપ સમુદ્ર અસંખ્યરે, પ્રભુ મુખ સાંભલી, રાય ઋષિ શિવ સમજીઓ એ. ।। ૮ ।। લાંબી પહેાળી પય થાલ રે, લખ જોયણ લહી, સિદ્ધ શિલા શિર ઉજલી એ. ।। ૯ ।। ઉંચા ધનુસય તિન્નરે, તેત્રીશ સાધિકે સિદ્ધ જોજનને છેહડે એ. ।। ૧૦ ।। અજર અમર નિકલંકરે, નાણુ દંસણુ મય, તે જોવા મન ગહગહે એ. ।। ૧૧ ।। ઈતિ૦

।। દેાહા ।।

વાર અનંતી ફરસીઓ; છાલી વાટક ન્યાય, નાણુ વિના નવિ સંભવેરે, લેાક ભ્રમણ ભડ વાય. ।। ૧ ।। રત્નત્રય ત્રિહું ભૂવનમેં, દુલ્લહ જાણી દયાલ, બેાધિ રયણ કાજેં ચતુર; આગમ ખાણિ સંભાલ. ।। ૨ ।।

ઢાલ ૧૧ મી.

રાગ—ખંભાતી.

દશ દષ્ટાંતે દેાહિલેારે, લાધેા મણુઅ જનમારેા રે, દુલ્લહેા ઉંબર કુલ જ્યુંરે, આરજ કુલ અવતારેારે, મેારા જીવનરે, બેાધિ ભાવના ઇગ્યારમીરે, ભાવેા હૃદય મઝારેારે. મેા૦ ।। ૧ ।। એ આંકણી૦ ।। ઉત્તમકુલ તિહાં દેાહિલેારે. સહગુરૂ ધર્મ સંયેાગેારે, પાંચે ઇંદ્રિય પરવડારે, દુલ્લહેા દેહ નિરેાગેારે. મેા૦ ।। ૨ ।। સાંભલવું સિદ્ધાંતનું રે, દેાહિલુ તસ ચિત્ત ધરવું રે, સૂધી સદહણા ધરીરે, દુષ્કર અંગે કરવું રે. મેા૦ ।। ૩ ।। સામગ્રી સઘલી લહીરે, મૂઢ મુધા મમ હારેારે, ચિંતામણિ દેવેં દીએારે, હાયેાં જેમ

ગમારોરે. મો૦ ।। ૪ ।। લોહ કીલકને કારણેરે, કુણ યાન જલધિમાં ફોડેરે, ગુણ કારણ કોણ નવલખોરે, હાર હીયાનો ત્રોડેરે. મો૦ ।। ૫ ।। બોધિ રયણ ઉવેખીનેરે, કોણ વિષયાર્થે દોડેરે, કાંકર મણિ સમોવડ કરેરે, ગજ વેચે ખર હોડેરે. મો૦ ।। ૬ ।। ગીત સુણી નટણી કનેરે, ક્ષુલ્લકે ચિત્ત વિચાર્યું રે, કુમારાદિક પણ સમજીયારે, બોધિ રયણ સંભાર્યું રે. મો૦ ।। ૭ ।। ઇતિ૦

।। દોહા ।।

પરિહર હરિહર દેવ સવિ, સેવ સદા અરિહંત, દોષ રહિત ગુરૂ ગણધરા, સુવિહિત સાધુ મહંત. ।। ૧ ।। કુમતિ કદાગ્રહ મૂક તું, શ્રુત ચારિત્ર વિચાર, ભવજલ તારણ પોતસમ, ધર્મ હિયામાં ધાર. ।। ૨ ।।

ઢાલ ૧૨ મી.

કંગરીયાની દેશી.

ધન ધન ધર્મ જગહિત કરૂ, ભાંખ્યો ભલો જિન દેવરે, ઇહ પરભવ સુખદાયકો, જીવડા જનમ લગિ સેવરે. ।।૧।। ભાવના સરસ સુર વેલડી, રોપિ તું હૃદય આરામરે, સુકૃત તરૂ લહિય બહુ પસરતી, સફલ ફલશે અભિરામરે, ભાવ૦ ।। ૨ ।। ક્ષેત્ર શુદ્ધિ કરિય કરૂણા રસે, કાઢિ મિથ્યા-દિક સાલરે, ગુપ્તિ ત્રિહું ગોપિ રૂડી પરે નીક તું સુમતિની વાલરે, ભા૦ ।। ૩ ।। સીંચજે સુગુરૂ વચનામૃતે, કુમતિ કંથેર તજી સંગરે, ક્રોધ માનાદિક સૂકરા, વાનરો વારિ અનંગરે. ભા૦ ।। ૪ ।। સેવતાં એહને કેવલી,

પન્નરસય તીન અણુગારે, ગૌતમ શિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવ ગુરૂ સારરે. ભા૦ ।। ૫ ।। શુક પરિવ્રાજક સીધલેા, અર્જુનમાલી શિવવાસરે, રાય પરદેશી જે પાપીઆ, કાપીએા તાસ દુઃખ પાસરે. ભા૦ ।। ૬ ।। દૂસમ સમય દુપસહ લગેં, અવિચલ શાસન એહરે, ભાવસું ભવિયણુ જે ભજે, તેહ શુભમતિ ગુણ ગેહરે. ભા૦ ।।૭।। ઇતિ.

ઢાલ ૧૩ મી.

રાગ ધન્યાશ્રી.

તુમેં ભાવેારે, ભવિ ઇણીપરેં ભાવના ભાવેા, તન મન વયણુ ધર્મ લય લાવેા, જિમ સુખ સંપદ પાવેારે. ભા૦ ।। ૧ ।। લલના લેાચન ચિત્ત ન ડેાલાવેા, ધન કારણ કાંઇ ધાવેા, પ્રભુશું તારેા તાર મિલાવેા, જો હેાય શિવપુર જાવેારે, કાંઇ ગર્ભાવાસ ન આવેારે. ભ૦ ।।૨।। જંબુની પરેં જીવ જગાવેા, વિષય થકી વિરમાવેા, એ હિત શીખ અમારી માની, જગ જશ પડહ વજાવેારે. ભ૦ ।। ૩ ।। શ્રી જસ સેામ વિબુધ વૈરાગી, જગ જસ ચિહું ખંડ ચાવેા, તાસ શિષ્ય કહે ભાવન ભણુતાં, ઘરઘર હેાયે વધાવેારે. ભ૦ ।। ૪ ।।

।। દેાહા ।।

ભેાજન નભ ગુણ વરસ શુચિ, સિત તેરસ કુજવાર, ભક્તિ હેતુ ભાવન ભણી, જેસલમેર મઝાર. ભ૦ ।। ૫ ।।

ઇતિ સંપૂર્ણ.

॥ પુણ્યપ્રકાશનું સ્તવન. ॥

॥ દુહા ॥

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીસે જીનરાય; સદ્ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ॥ ૧ ॥ ત્રિભુવન-પતિ ત્રિસલાતણો, નંદન ગુણ ગંભીર; શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ॥ ૨ ॥ એક દિન વીર જીણંદને, ચરણે કરી પ્રણામ; ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ॥ ૩ ॥ મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પેરે અરિહંત, સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ॥ ૪ ॥ [૧]અતિચાર આળોઇએ, [૨]વ્રત ધારીએ ગુરૂ શાખ; [૩]જીવ ખમાવો સયળ જે, ચોનિ ચોરાશી લાખ. ॥ ૫ ॥ [૪]વિધિશું વળી વોસરાવિએ, પાપસ્થાનક અઢાર; ચાર [૫]શરણ નિત્ય અનુસરો, [૬]નિંદો દુરિત આચાર. ॥ ૬ ॥ [૭]શુભકરણી અનુમોદીએ, [૮]ભાવ ભલો મન આણ; [૯]અણુસણ અવસર આદરી, [૧૦]નવપદ જપો સુજાણ. ॥ ૭ ॥ શુભ ગતિ આરાધન તણા, એ છે દસ અધિકાર; ચિત્ત આણિને આદરો, જેમ પામે ભવ પાર. ॥૮॥

ઢાલ ૧ લી.

કુમતીએ છોડી કીહાં રાખી—એ દેશી.

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ, એ પાંચે આચાર; એહ તણા એહ ભવ પરભવના, આલોઇએ અતિચારરે પ્રાણી. જ્ઞાન ભણો ગુણખાણી; વીર વદે એમ વાણીરે પ્રા૦ ॥ ૧ ॥ આંકણી. ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનયે,

કાળે ધરી બહુ માન; સુત્ર અરથ તદુભય કરી સુધાં; ભણીએ વહી ઉપધાન રે. પ્રા૦ જ્ઞા૦ ॥ ૨ ॥ જ્ઞાનોપગ-રણ પાટી પોથી, ઠવણી નોકારવાલી, તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાલી રે. પ્રા૦ જ્ઞા૦ ॥ ૩ ॥ ઇત્યાદિક વિપરીતપણાથી જ્ઞાન વિરાધ્યું જેહ, આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે. પ્રા૦ જ્ઞા૦ સમકિત હ્યેા શુદ્ધ જાણી વીર વદે એમ વાણી રે. પ્રા૦ સ૦ જીનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાખ; સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખરે. પ્રા૦ સ૦ ॥૫॥ મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ; સામ્મી ધરમે કરી થીરતા, ભક્તિ પરભાવના કરીએરે. પ્રા૦ સ૦ ॥ ૬ ॥ સંઘ ચૈત્ય પ્રાસાદ તણેા જે, અવર્ણવાદ મન લેખ્યેા; દ્રવ્ય દેવકેા જે વિણસાડયેા, વિણસંતાં ઉવેખ્યેા રે. પ્રા૦ સ૦ ॥ ૭ ॥ ઇત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડયું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ મિચ્છામિ-દુક્કડં તેહરે. પ્રા૦ સ૦ ॥ ૮ ॥ પ્રાણી ચારિત્ર હ્યેા ચિત્ત આણી ॥ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય; સાધુ તણે ધરમે પરમાદે, અશુદ્ધ વચન મન કાયરે. પ્રા૦ ચા૦ ॥ ૯ ॥ શ્રાવકને ધર્મે સામાયક, પોસહમાં મન વાળી; જે જયણા પૂર્વક એ આઠે, પ્રવચન માય ન પાળીરે. પ્રા૦ ચા૦ ॥ ૧૦ ॥ ઇત્યાદિક વિપરીત-પણાથી, ચારિત્ર ડોહોળ્યું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે. પ્રા૦ ચા. ॥૧૧॥ બારે ભેદે તપ નવિ કીધેા, છતે જોગે નિજ શક્તિ છતે; ધર્મે

મન વચ કાયા વીરજ, નવી ફોરવીઉં ભગતેરે. પ્રા. ચા. ।।૧૨।। તપ વિરજ આચાર એણીપરે વિવિધ વિરાધ્યાં જેહ, આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે. પ્રા૦ ચા૦ ।। ૧૩ ।। વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ; વીર જીણેસર વયણ સુણીને, પાપ મેલ સવી ધોઇએરે. પ્રા૦ ચા૦ ।। ૧૪ ।।

ઢાલ ૨ જી,

પામી સુગુરૂ પસાય, એ દેશી.

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતિ; એ પાંચે થાવર કહ્યાએ. ।। ૧ ।। કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં; કુવા તળાવ ખણાવીયાએ. ।। ૨ ।। ઘર આરંભ અનેક, ટાંકાં ભુઇરાં, મેડી માળ ચણાવીઆંએ. ।। ૩ ।। લીંપણ ગુંપણ કાજ, એણી પરે પરંપરે; પૃથ્વીકાય વિરાધીયાએ. ।। ૪ ।। ધોયણ નાહણ પાણી, જીવણ અપકાય, છોતિ ધોતિ કરી દુહવ્યાએ. ।। ૫ ।। ભાઠીગર કુંભાર, લોહ સોવનગરા; ભાડભુંજા લીહા લાગરાએ. ।। ૬ ।। તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ, રંગણ, રાંધન રસવતિએ. ।। ૭ ।। એણી પરે કર્માદાન, પરે પરે કેલવી, તેઉ વાયુ વિરાધીયાએ. ।। ૮ ।। વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાનપુલ ફળ ચુંટીયાએ. ।। ૯ ।। પુંહેક પાપડી શાક, સેકયાં સુકવ્યાં; છેદ્યાં છુંદ્યાં આથીયાંએ. ।। ૧૦ ।। અળશીને એરંડા, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ. ।। ૧૧ ।। ઘાલી કોલું માંહે, પીલી સેલડી, કંથમુલ ફળ

વેચીયાંએ. ।। ૧૨ ।। એમ એકેંદ્રી જીવ હણ્યા હણાવીયા, હણતાં જે અનુમોદિયાંએ. ।। ૧૩ ।। આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે તે મુજ મિચ્છામિદુક્કડં એ. ।। ૧૪ ।। કૃમી સરમીયા કીડા, ગાડર ગંડોલા; ઈઅળ પુરા ને અલશીયાંએ. ।। ૧૫ ।। વાળાજળો ચુડેલ, વિચલિત રસ તણા; વળી અથાણા પ્રમુખનાંએ. ।। ૧૬ ।। એમ બેઇંદ્રી જીવ, જેહ મેં દુહવ્યા; તે મૂજ મિછામિદુક્કડં એ. ।। ૧૭ ।। ઉધેહી, જું, લીખ, માંકડ મંકોડા; ચાંચડ કીડી કંથુઆએ. ।। ૧૮ ।। ગધીઆં ઘીમેલ, કાનખજુરીઆ, ગીંગોડાં ધનેરીયાંએ. ।। ૧૯ ।। એમ તે ઇંદ્રી જીવ, જેહ મેં દુહવ્યાં; તે મુજ મિછામિદુક્કડં એ. ।। ૨૦ ।। માંખી મચ્છર ડાંસ, મસા પતંગીયા; કંસારી કોલિયાવડાએ. ।। ૨૧ ।। ઢીંકણ વિછુ તીડ, ભમરા ભમરીયો; કોતાંબગ ખડમાંકડીએ, એમ ચૌરીંદ્રી જીવ જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડં એ. ।। ૨૨ ।। જળમાં નાંખી જાળરે, જળચળ દુહવ્યા; વનમાં મૃગ સંતાપીયાએ. ।। ૨૩ ।। પીડ્યા પંખી જીવ; પાડી પાસમાં પોપટ ઘાલ્યા પાંજરે એ. ।। ૨૪ ।। એમ પંચેંદ્રી જીવ જે મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડં એ. ।। ૨૫ ।।

ઢાલ ૩ જી.

વાણી વાણી હિતકારીજી. એ દેશી.

ક્રોધ લોભ ભય હાંસથીજી, બોલ્યા વચન અસત્ય; કુડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્તરે; જિનજી મિચ્છામિદુક્કડં આજ. તુમ સાખે મહારાજ રે, જીનજી

દેઈ સારો કાજ રે; જીનજી મિચ્છામિ દુક્કડં આજ. એ આંકણી૦ દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યાં જેહ; વિષયારસ લંપટપણેજી, ઘણું વિટંબ્યો દેહરે, જીનજી૦ ।। ૨ ।। પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ; જે જિહાંની તે તિહાં રહીજી, કોઇ ન આવે સાથરે. જીનજી૦ ।। ૩ ।। રયણી ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ; રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે. જીનજી૦ ।। ૪ ।। વ્રત લેઈ વિસારીયાંજી, વળી ભાગ્યાં પચ્ચખાણ; કપટ હેતુ કીરીયા કરીજી, કીધાં આપ વખાણરે. જીનજી૦ ।। ૫ ।। ત્રણ ઢાળે આઠે દુહેજી, આલોયા અતિચાર; શિવ ગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકારરે જીનજી; મિચ્છામિદુક્કડં આજ. ।।૬।।

ઢાલ ૪ થી.

સાહેલડીજી—એ દેશી.

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો; યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે, પાળો નિરતિચારતો. ।। ૧ ।। વ્રત લીધાં સંભારીએ સા૦ હૈડે ધરીએ વિચાર તો શિવગતિ આરાધન તણો. સા૦ એ બીજો અધિકાર તો. ।। જીવ સવે ખમાવીએ સા૦ ચોની ચોરાશી લાખ તો, મન શુદ્ધે કરી ખામણાં. સા૦ કોઇશું રોષ ન રાખ તો. ।। ૩ ।। સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઇ ન જાણો શત્રુ તો, રાગ દ્વેષ એમ પરિહરો સા૦ કીજે જન્મ પવિત્ર તો. ।। ૪ ।। સ્વામી સંઘ ખમાવીએ, સા૦ જે ઉપની અપ્રીતિ તો; સજ્જન કુટુંબ કરો ખામણાં. સા૦

એ જીન શાસન રીતી તેા. ।। ૫ ।। ખમીએ ને ખમાવીએ સા૦ એહજ ધર્મનું સાર તેા; શિવગતિ આરાધન તણેા. સા૦ એ ત્રીજો અધિકાર તેા. ।। ૬ ।। મૃષાવાદ હિંસા ચેારી સા૦ ધન મુરછા મૈથુન તેા; ક્રોધ માન માયા તૃષ્ણા સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તેા. ।। ૭ ।। નિંદા કલહ ન કીજીએ સા૦ કુડેા ન દીજે આળ તેા; રતિ અરતિ મિથ્યા તજો સા૦ માયા મેાસ જંજાળ તેા. ।। ૮ ।। ત્રિવિધ ત્રિવિધ વેાસરાવીએ સા૦ પાપસ્થાન અઢાર તેા; શિવગતિ આરાધન તણેા સા૦ એ ચેાથેા અધિકાર તેા. ।।૯।।

ઢાલ ૫ મી.

હવે નિસુણેા ઈહાં આવીયા. એ દેશી.

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તેા; કર્યાં કર્મ સહુ અનુભવે એ, કેાઈ ન રાખણહાર તેા. ।। ૧ ।। શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તેા; શરણ ધર્મ શ્રી જૈનનેા એ, સાધુ શરણ ગુણવંત તેા. ।। ૨ ।। અવર મેાહ સવિ પરિહરી એ, ચાર શરણ ચિત્ત ધાર તેા; શિવગતિ આરાધન તણેા એ, એ પાંચમેા અધિકાર તેા. ।। ૩ ।। આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કેઇ લાખ તેા; આતમા સાખે તે નિંદીએ એ, પડિકકમિએ ગુરૂ સાખ તેા. ।। ૪ ।। મિથ્યામતિ વર્તાવિયાં એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તેા; કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તેા. ।। ૫ ।। ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણાં એ; ઘંટી હળ હથિઆર તેા, ભવ ભવ મેલ્લી મુકીયાંએ, કરતાં જીવ સંહાર તેા. ।। ૬ ।। પાપ કરીને

પોષીઆ એ, જનમ જનમ પરિવાર તો; જનમાંતર પોહોત્યા પછી એ, કોણે ન કીધી સાર તો. ॥ ૭ ॥ આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો, ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ, આણિ હૃદય વિવેક તો. દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કરો પરિહાર તો; શિવગતિ આરાધનતણો એ, એ છઠો અધિકારતો. ॥ ૯ ॥

ઢાલ ૬ ઠી.

આવે તું જોયને જીવડા, એ દેશી.

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ; દાન શીયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધ૦ ॥ ૧ ॥ શત્રુંજાદિક તીર્થની, જે કીધી યાત્ર, જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ॥ ૨ ॥ પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીનહર જિન ચૈત્ય; સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર. ધન૦ ॥ ૩ ॥ પડિક્કમણાં સુપરે કર્યાં અનુકંપા દાન, સાધુ સૂરિ ઉવઝાયને; દીધાં બહુ માન. ધન૦ ॥ ૪ ॥ ધર્મ કાજ અનુમોદિએ, એમ વારંવાર; શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ॥ ૫ ॥ ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ, સમતા ભાવે ભાવિએ, એ આતમરામ. ધન૦ ॥ ૬ ॥ સુખ દુઃખ કારણ જીવને, કોઇ અવર ન હોય; કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦ ॥ ૭ ॥ સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યના કામ; છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ॥ ૮ ॥ ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર; શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ ॥ ૯ ॥

ઢાલ ૭ મી.

રૈવત ગીરી હુઆ, પ્રભુના ત્રણ કલ્યાણ એ દેશી.

હવે અવસર જાણી, કરી સંલેખણ સાર; અણસણ આદરિયે, પચ્ચખી ચારે આહાર, લલુતા સવિ મુકી, છાંડી મમતા અંગ; એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ।। ૧ ।। ગતિ ચારે કીધાં, આહાર અનંત નિશંક પણ તૃપ્તિ ન પામ્યેા, જીવ લાલચીઓ રંક; દુલહેા એ વળી વળી અણસણનેા પરિણામ; એહથી પામીજે, શિવ પદ સુરપદ ઠામ. ।।૨।। ધન ધનાશાલિભદ્ર, ધંધેા મેઘકુમાર; અણસણ આરાધી, પામ્યા ભવનેા પાર; શિવ મંદિર જાશે, કરી એક અવતાર આરાધન કરેા, એ નવમેા અધિકાર. ।। ૩ ।। દશમે અધિકારે મહામંત્ર નવકાર; મનથી નવિ મુકેા, શિવસુખ ફલ સહકાર; એહ. જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર; સુપરે એ સમરેા, ચૌદ પુરવનું સાર. ।।૪।। જનમાંતર જાતાં, જે પામે નવકાર; તેા પાતિક ગાળી, પામે સુરપતિ અવતાર એ નવપદ સરિખેા, મંત્ર ન કેાઇ સાર; એહ ભવને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ।। ૫ ।। જ્યું ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય; રાણી રતનવતી બેહું, પામ્યા છે સુરભેાગ; એક ભવ પછી લેશે, શિવવધુ સંજોગ. ।। ૬ ।। શ્રીમતીને એ વલી, મંત્ર ફલ્યેા તત્કાલ; ફણીધર ફીટીને, પ્રગટ થઈ કુલમાળ; શિવકુમરે જોગી, સેાવન પુરીશેા કીધ, એમ એણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ. ।। ૭ ।। એ દશ અધિકારે, વીર જીણેસર ભાખ્યેા; આરાધન કેરેા વિધિ,

જેણે ચિત્તમાંહી રાખ્યેા; તેણે પાપ પખાળી, ભવભય દુરે નાખ્યેા, જીન વિનય કરંતાં, સુમતી અમૃતરસ ચાખ્યેા. ॥૮॥

ઢાલ ૮ મી.

નમેા ભવિ ભાવશું—એ દેશી.

સિધારથ રાય કુળ તિલેા એ, ત્રિસલા મલ્હારતેા; અવનિતલ તમે અવતર્યા એ, કરવા અમ ઉપકારતેા, જયેા જીનવીરજીએ. ॥ ૧ ॥ મેં અપરાધ કર્યા ઘણાએ, કહેતા ન લહું પારતેા; તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તેા તાર. જયેા. ॥ ૨ ॥ આશ કરીને આવીયેા એ, તુમ ચરણે મહારાજ તેા; આવ્યાને ઉવેખશેા એ, તેા કેમ રહેશે લાજતેા. જયેા. ॥ ૩ ॥ કરમ અલુજણ આકરાં એ, જન્મ મરણ જંજાલતેા, હું છું એહથી ઉભગેા એ, છેાડવેા દેવ દયાળ તેા. જયેા. ॥૪॥ આજ મનેારથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદેાલતેા; તુઠયેા જીન ચેાવીશમેા એ, પ્રગટયાં પુન્ય કલ્લેાલ તેા. જયેા. ॥૫॥ ભવેા ભવે વિનય તુમારડેા એ, ભાવ ભક્તિ તુમ પાય તેા; દેવ દયા કરી દીજીએ એ, બેાધ બીજ સુપસાયતેા. જયેા. ॥ ૬ ॥

કળશ.

ઈહિ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જયેા; શ્રી વીર જીનવર ચરણ થુણતાં અધિક મન ઉલ્લટ થયેા. ॥૧॥ શ્રી વિજય દેવ સુરિંદ પ્રકટધર, તિરથ

જંગમ ઇણે જગે; તપગચ્છપતિ શ્રી વિજય પ્રભુસૂરિ, સૂરિ તેજે ઝગમગે. ।।૨।। શ્રી હિરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરૂ સમો, તસ્સ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જીન ચોવીસમો. ।।૩।। સયસત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસુંએ; વિજય દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ।।૪।। નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસ એ; નિર્જરા હેતે સ્તવન રચિયું, નામેં પુન્ય પ્રકાશ એ. ।। ૫ ।।

ઇતિ પુન્ય પ્રકાશનું સ્તવન સંપૂર્ણ.

શ્રી યશોવિજયજી કૃત

॥ સાડા ત્રણસો ગાથાનું સ્તવન ॥

ઢાલ ૧ લી.

એ છડિ કિહાં રાખી-એ દેશી.

શ્રી સીમંદિર સાહિબ આગેં, વિનતડી એક કીજેં, મારગ શુદ્ધ મયા કરી મુજને, મોહન મૂરતિ દીજેં રે. જિનજી વીનતડી અવધારો. ॥ ૧ ॥ ચાલે સૂત્ર વિરૂદ્ધ-ચારે, ભાષે સૂત્ર વિરૂદ્ધ, એક કહું અમે મારગ રાખું, તે કેમ માનું શુદ્ધરે, ॥ જિ૦ વી૦ ॥ ૨ ॥ આલંબન કુડા દેખાડી, મુગધ લોકને પાડે, આણા ભંગ તિલક તે કાલું, થાપે આપ નિલ્લાડેંરે. ॥ જિ૦ વી૦ ॥ ૩ ॥ વિધિ જોતાં કલિયુગમાં હોવે, તિરથનો ઉચ્છેદ, જિમ ચાલે તિમ ચલવે જઇયેં, એહ ધરે મતિ ભેદરે. ॥ જિ૦ વી૦ ॥ ॥ ૪ ॥ ઇમ ભાષિ તે મારગ લોપે, સૂત્ર ક્રિયા સવિ પીસી, આચરણા શુદ્ધિ આચરિયેં, જોઈ યોગની વીસીરે. ॥ જિ૦ વી૦ ॥ ૫ ॥ પંચમે આરે જિમ વિષમારે, અવધિ દોષ તિમ લાગે, ઇમ ઉપદેશ પદાદિક દેખી, વિધિ રસિઓ જન જાગરે. ॥ જિ૦ વી૦ ॥ ૬ ॥ કોઈ કહે જિમ બહુ જન ચાલે, તિમ ચલિયેં શી ચર્ચા, મારગ મહાજન ચાલેં ભાખ્યો, તેહમાં લહીયે અર્થારે. ॥ જિ૦ વી૦ ॥ ૭ ॥ એ પણ બોલ મૃષા મન ધરીયેં, બહુ જન મત આદરતાં, છેહ ન આવે બહુલ અનારય, મિથ્યા મતમાં ફિરતાંરે. ॥ જિ૦ વી૦ ॥ ૮ ॥ થોડા આર્ય અનારય જનથી, જૈન આર્યમાં

થોડા, તેમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલ્પ બહુ મોડારે. ।। જિ૦ વી૦ ।। ૯ ।। ભદ્ર બાહુ ગુરૂ વદન વચન એ, આવશ્યકમાં લહિયેં, આણા શુદ્ધ મહાજન જાણી, તેહની સંગ રહિયેરે. ।। જિ૦ વી૦ ।। ૧૦ ।। અજ્ઞાની નવિ હોવે મહાજન, જેપણ ચલવે ટોલું, ધર્મ દાસ ગણિ વચન વિચારી, મન નવિ કીજે ભોલુંરે, ।। જિ વી૦ ।। ૧૧ ।। અજ્ઞાની નિજ છંદે ચાલે, તસનિશ્રાયેં વિહારી, અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે તો અનંત સંસારીરે. ।। જિ૦ વી૦ ।। ૧૨ ।। ખંડ ખંડ પંડિત જે હોવે, તે નવિ કહીયેં નાણી, નિશ્ચિત સમય લહે તે નાણી, સંમતિનિસહી નાણીરે. ।। જિ૦ વી૦ ।। ૧૩ ।। જિમ જિમ બહુશ્રુત બહુજન સંમત, બહુ શિષ્યેં પરવરિઓ, તિમ તિમ જિનશાસનનો વયરી, જે નવિ નિશ્ચય દરીઓરે. ।। જિ૦ વી૦ ।। ૧૪ ।। કોઈ કહે લોચાદિક કષ્ટેં, મારગ ભિક્ષા વૃત્તિ, તે મિથ્યા નવિ મારગ હોવે, જન મનની અનુવૃત્તિરે. ।। જિ૦ વી૦ ।। ૧૫ ।। એ કષ્ટે મુનિ મારગ પાવે, બળદ થાઓ તો સારો, ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારોરે. ।। જિ૦ વી૦ ।। ૧૬ ।। લહે પાપ અનુબંધી પાપેં, બલહરણી જન ભિક્ષા, પૂરવ ભવ વ્રત ખંડન ફલ એ, પંચ વસ્તુની શિક્ષારે. ।। જિ૦ વી૦ ।। ૧૭ ।। કોઈ કહે અમેં લિંગે તરશું, જૈનલિંગ છે વારૂ, તે મિથ્યા નવિ ગુણ વિણું તરિયેં, ભૂજવિણ ન તરે તારૂરે. ।। જિ૦ વી૦ ।। ૧૮ ।। કુટ લિંગ જિમ પ્રગટ વિડંબક, જાણી નમતાં દોષ, નિર્દંભસ જાણીને નમતાં, તિમજ કહ્યો તસ પોષરે. ।। જિ૦ વી૦ ।। ૧૯ ।।

શિષ્ય કહે જિમ જિન પ્રતિમાને, જિનવર થાપી નમિયેં, સાધુવેશ થાપી અતિ સુંદર, તિમ અસાધુને નમિયેંરે. ।। જિ૦ વી૦ ।। ૨૦ ।। ભદ્રબાહુ ગુરૂ બોલે પ્રતિમા, ગુણવંતિ નહિ દુષ્ટ, લિંગ માંહે બે વાના દીસે, તે તો માનિ અદુષ્ટરે. ।। જિ૦ વી૦ ।। ૨૧ ।। કોઇ કહે જિન આગે માંગી, મુક્તિ મારગ અમેં લેશું, નિરગુણને પણ સાહેબ તારે, તસ ભક્તિ ગહ ગહિસુંર. ।। જિ૦ વી૦ ।। ૨૨ ।। પામી બોધ ન પાલે મૂરખ, માંગે બોધ વિચાલેં, લહિયેં તેહ કહેા કુણ મૂલેં, બોલ્યું ઉપદેશમાલેંરે. ।। જિ૦ વી૦ ।। ૨૩ ।। આણા પાલે સાહેબ તુસે, સકલ આપદા કાપે, આણાકારી જે જન માગે, તસ જસ લીલા આપેરે. ।। જિ૦ વી૦ ।। ૨૪ ।।

ઢાલ ૨ જી.

આદર જીવ ક્ષમા ગુણ આદર. એ દેશી.

કોઈ કહે અમે ગુરૂથી તરસું, જિમ નાવાથી લોહારે; તે મિથ્યા ન લહે સહવાસેં, કાચપાચની સોહારે. ।। ૧ ।। શ્રી સીમંદિર સાહેબ સુણજો. ભરત ખેત્રની વાતોરે; લહું દેવ કેવલ રતિ ધણેયુગે, હું તો તુંજ ગુણ રાતોરે. શ્રી સી૦ ।। ૨ ।। કોઈ કહે જે ગચ્છથી ન ટલ્યા, તે નિરગુણ પણ સાધોરે; નાતિ માંહે નિરગુણ પણ ગણીયેં, જશ નહીં નાતિ બાધોરે. શ્રી સી૦ ।। ૩ ।। ગુણ અવગુણ ઈમ સરિખા કરતો, તે જિન શાસન વૈરીરે; નિરગુણ જો નિજ છંદે ચાલે, તો ગચ્છ થાએ સ્વૈરીરે. શ્રી સી૦ ।। ૪ ।। નિરગુણનો ગુરૂ પક્ષ કરે જે, તસ ગચ્છ ત્યજવો દાખ્યોરે; તે જિનવર મારગનો ઘાતક, ગચ્છાચારે ભાખ્યોરે. શ્રી સી૦ ।। ૫ ।।

વિષમ કાળમાં નિરગુણ ગચ્છે, કારણથી જો વસીયે રે;
દ્રવ્ય થકી વ્યવહારે ચલીયે, ભાવે નવિ ઉલ્લસીયેરે. શ્રી
સી૦ ॥ ૬ ॥ જિમ કુવૃષ્ટિથી નગર લોકને, ઘહેલા દેખી
રાજારે; મંત્રિ સહિત ઘહેલા હોઇ બેઠા, પણ મન માંહે
તાજારે. શ્રી સી૦ ॥ ૭ ॥ ઇમ ઉપદેશપદે એ ભાખ્યું,
તિહાં મારગ અનુસારિરે; જાણીને ભાવે આદરીયે, કલ્પ
ભાષ્ય નિરધારિરે. શ્રી સી૦ ॥ ૮ ॥ જ્ઞાનાદિક ગુણવંત પર-
સ્પર, ઊપગારે આદરવોરે; પંચ વસ્તુમાં ગચ્છ સુગુણને,
અવર કહ્યો છે ત્યજવોરે. શ્રી સી૦ ॥ ૯ ॥ જે નિરગુણ
ગુણ રત્નાકરને આપ સરિખા દાખેરે, સમકિત સાર રહિત
તે જાણો, ધર્મદાસ ગણી ભાખેરે. શ્રી સી૦ ॥ ૧૦ ॥ કોઇ
કહેજે બકુસ કુશીલા, મૂલોત્તર પડિસેવીરે; ભગવઈ અંગે
ભાખ્યા તેથી, અંતવાત નવિ લેવીરે. શ્રી સી૦ ॥ ૧૧ ॥ તે
મિથ્યા નિઃકારણ સેવા, ચરણ ઘાતીની ભાષીરે; મુનીને
તેહને સંભવ માત્રે સત્તમ ઠાણું સાખીરે. શ્રી સી૦ ॥ ૧૨ ॥
પડિ સેવા વચને તે જાણો, અતિચાર બહુ લાઇરે; ભાવ
બહુલતાયે તે ટાલે, પંચ વસ્તુ મુનિ ધ્યાઇરે. શ્રી સી૦
॥ ૧૩ ॥ સહસા દોષ લગે તે છુટે, સંયતને તતકાલેરે;
પછિ તે આકુટ્ટિયે કીધું, પ્રથમ અંગની ભાલેરે. શ્રી સી૦
॥ ૧૪ ॥ પાયચ્છિત્તાદિક ભાવ ન રાખે, દોષ કરી નિ
સૂકોરે; નિદ્ધંધસ સેઢીથી હેઠો, તે મારગથી ચૂકોરે. શ્રી સી૦
॥ ૧૫ ॥ કોઇ કહેજે પાતિક કીધાં, પડિકમતાં છુટીજેરે;
તે મિથ્યા ફલ પડિકમણાનું અપુણ કરણથી લીજેરે. શ્રી
સી૦ ॥ ૧૬ ॥ મિથ્યા દુક્કડ દેઈ પાતિક, તે ભાવે જે

સેવેરે; આવશ્યક સાંખે તે પરગટ, માયા મોહને સેવેરે. શ્રી સી૦ ।। ૧૭ ।। મૂલ પદેં પડિકમણું ભાખ્યું, પાપ તણું અણ કરવુંરે; શક્તિ ભાવ તણે અભ્યાસે, તે જસ અર્થે વરવું રે. શ્રી સી૦ ।। ૧૮ ।। ઇતિ.

ઢાલ ૩ જી.

તુંગીયા ગિરિ શિખર સોહે ।। એ દેશી ।।

દેવ તુજ સિદ્ધાંત મીઠો, એક મને ધરિએ, દુષ્ટ આલંબન નિહાલી, કહો કેમ તરિએ. દેવ તુજ૦ ।। ૧ ।। દુષ્ટ આલંબન ધરેજે, ભગ્ન પરિણામિ, તે આવશ્યકેં ભાખ્યા, ત્યજે મુની નામિ, દેવ તુજ૦ ।। ૨ ।। નિયત વાસ વિહાર ચેઇય, ભક્તિનો ધંધો મૂઢ અજ્જા લાભ થાપે, વિગય પડિબંધો. દેવ તુજ૦ ।। ૩ ।। કહે ઉગ્ર વિહાર ભાગા સંગમ આયરિઓ; નિયત વાસ ભજે બહુ શ્રુત, સુણિઓ ગુણ દરિઓ. દેવ તુજ૦ ।। ૪ ।। ન જાણે તે બીણ જંઘા, બલથિવિર તેહો; ગોચરીના ભાગ કલ્પી, બહુ રહ્યો જેહો. દેવ તુજ૦ ।। ૫ ।। ચૈત્ય પૂજા મુક્તિ મારગ, સાધુને કરવી, જિણે કીધી વયર મુનિવર, ચૈત્ય વાસ ઠવી. દેવ તુજ૦ ।। ૬ ।। તીર્થ ઉન્નતિ અન્ય શાસન, મલિનતા ટાણે; પૂર્વ અવિચિત પુષ્પ મહિમા, તેહ નવિ જાણે. દેવ તુજ૦ ।। ૭ ।। ચૈત્ય પૂજા કરત સંયત, દેવ ભોઇ કહ્યો; શુભ મને પણ માર્ગ નાશિ, મહાનિશીથેં લહ્યો. દેવ તુજ૦ ।। ૮ ।। પુષ્ટ કારણ વિના મુનિ નવિ, દ્રવ્ય અધિકારી; ચૈત્ય પૂજાયેં ન પામે, ફલ અનધિકારી. દેવ તુજ૦ ।। ૯ ।। માર્ગ અન્નિય પુત્ત અજ્જા, લાભથી લાગા; કહે નિજ લાભેં અતૃપ્તા,

ગોચરી ભાગા, દેવ તુજ૦ ।। ૧૦ ।। ન જાણે ગત શિષ્ય અવમે, થિવિર બલ હીણો, સુગુણ પરિચિત સંયતિકૃત, પિંડ વિધિ લીણો. દેવ તુજ૦ ।। ૧૧ ।। વિગય લેવી નિત્ય સૂજે, લષ્ટ પુષ્ટ ભણે; અન્યથા કિમ દોષ એહનો, ઊદાયન ન ગણે. દેવ તુજ૦ ।। ૧૨ ।। ઊદાયન રાજર્ષિ તનુ નવિ, સીત લુક્ષ સહે; તેહ વ્રજમાં વિગય સેવે, શું તે ન લહે. દેવ તુજ ।। ૧૩ ।। લોક આલંબને ભરિઓ, જન અસંયતને, તેહ જગમાં કાંઈ દેખે, ધરે તેહ મને, દેવ તુજ૦ ।। ૧૪ ।। શિથિલ આલંબન ગહે મુની, મંદ સંવેગી; સંયતા લંબન સુજસ ગુણ, તીવ્ર સંવેગી, દેવ તુજ૦ ૧૫ ઈતિ.

ઢાલ ૪ થી.

પ્રભુ પાર્શ્વનું મુખડું જોતાં ભવ ભવના પાતિક ખોતાં–એ દેશી.

સુણજો સીમંદિર સ્વામી, વળી એક કહું શિરનામી, મારગ કરતાને પ્રેરે, દૂર્જન જે દૂષણ હેરે. ।। ૧ ।। કહે નિજ સાંખે વ્રત પાલો, પણ ધર્મ દેશના ટાલો, જન મેલ્યાનું શું કામ, બહુ બોલ્યું નિંદા ઠામ. ।। ૨ ।। એમ કહેતાં મારગ ગોપે, ખોટું દુષણ આરોપે, જે નિર્ભય મારગ બોલે, તે કહ્યો દ્વીપને તોલે. ।। ૩ ।। અજ્ઞાની ગારવ રસિયા, જે જન છે કુમતે ગ્રસીયા, તેહનો કુણ ટાલણહાર વણ ધર્મ દેશના સાર. ।। ૪ ।। ગીતારથ જયણાવંત, ભવ ભીરૂ જેહ મહંત, તસ વયણે લોકે તરીયેં, જેમ પ્રવહણથી ભર દરીયેં. ।। ૫ ।। બીજા તો બોલી બોલે, શું કીજે નિર્ગુણ ટોલે, ભાષા કુશીલનો લેખો, જન મહાનીસીથેં દેખો, ।।૬।। જન મેલનની નહી ઈહા, મુની ભાષે મારગ નીરીહા, જો

બહુ જન સુણવા આવે, તો લાભ ધર્મનો પાવે. ॥ ૭ ॥
તેહને જો મારગ ન ભાષે, તો અંતરાય ફલ ચાખે, મુનિ
શક્તિ છતી નવિ ગોપે, વારે તેહને શ્રુત કોપે. ॥ ૮ ॥
નવિ નિંદા મારગ કહેતાં, સમપરિણામે ગહગહતાં, મુની
ભદ્ર ચરિત મન રંગે, જોઇ લીજે બીજે અંગે. ॥ ૯ ॥
કોઇ ભાષેં નવી સમજાવો, શ્રાવકને ગૂઢા ભાવો, તે જુઠ
કહ્યા લદ્ધટ્ઠો, શ્રાવક સૂત્રેં ગહિયટ્ઠો. ॥ ૧૦ ॥ કહે કોઇ
નવી સિ જોડી, શ્રુતમાં નહી કાંઇ ખોડી, તે મિથ્યા ઊદ્ધત
ભાવા, શ્રુત જલધિ પ્રવેશે નાવા. ॥ ૧૧ ॥ પૂરવ સૂરીયેં
કીધી, તેણે જો નવિ કરવી સિદ્ધી, તો સર્વે કીધો ધર્મ,
નવી કરવો જોયો મર્મ. ॥ ૧૨ ॥ પૂરવ બુધને બહુ માને,
નિજ શક્તિ મારગ જ્ઞાને, ગુરૂકુલવાસીને જોડી, યુવતિ
એહમાં નહી ખોડી. ॥ ૧૩ ॥ એમ શ્રુતનો નહી ઉચ્છેદ,
એતો એક દેશનો ભેદ, એ અર્થ સુણિ ઉલ્લાસે, ભવિ વરતે
શ્રુત અભ્યાસે. ॥ ૧૪ ॥ ઇહાં દુષણ એક કહાય, જે
ખલને પીડા થાય, તો પણ એ નવી છોડીજે, જો સજ્જનને
સુખ દીજે. ॥ ૧૫ ॥ તે પુન્યે હોસે તોષ, તેહને પણ
ઇમ નહી દોષ, ઊજમતાં હીયડે હીસી, જોઇ લીજે પહેલી
વીસી. ॥ ૧૬ ॥ કહે કોઇક જુદી રીતે, મુનિ લિક્ષા ભાંજે
ભીતેં, તે જુહું શુભ મતિ ઇહે, મુનિ અંતરાયથી બીહે.
॥ ૧૭ ॥ જે જન છે અતિ પરણામી, વલી જેહ નહી
પરણામી; તેહને નિતે સમજાવે, ગુરૂ કલ્પ વચન મન
ભાવે. ॥ ૧૮ ॥ ખલ વયણ ગણે કુણ સૂરા, જે કાઢે
પયમાં પૂરા; તુજ સેવામાં જો રહીયેં, તો પ્રભુ જશ લીલા
લહીયેં. ॥ ૧૯ ॥ ઇતિ. ॥

ઢાલ ૫ મી.

રાગ-રામગ્રી. મંત્રી કહે એક રાજસભામાં-એ દેશી.

વિષમ કાલને જોરેં કેઇ, ઉઠયા જડમલ ધારીરે;
ગુરૂ ગચ્છ છોડી, મારગ લોપી, કહે અમે ઊગ્ર વિહારીરે.
॥ ૧ ॥ શ્રી જિન તું આલંબન જગને, તુજ વિણ કવણ
આધારોરે, ભગત લોકને કુમતિ જલધિથી, બાંહિ ગ્રહિને
તારોરે. શ્રી જિન૦ ॥ ૨ ॥ ગીતારથ વિણ ભૂલા ભમતાં,
કષ્ટ કરે અભિમાનેરે; પ્રાયેં ગંઠી લગેં નવી આવ્યા, તે
ખુતા અજ્ઞાનેરે. શ્રી જિન૦ ॥ ૩ ॥ તેહ કહે ગુરૂ ગચ્છ
ગીતારથ, પ્રતિબંધે સું કીજેરે; દર્શન જ્ઞાન ચરિત આદરિયેં,
આપે આપ તરીજેરે શ્રી૦ ॥ ૪ ॥ નવી જાણે તે પ્રથમ
અંગમાં, આદિ ગુરૂ કુલ વાસોરે; કહ્યો ન તે વિણ ચરણ
વિચારો, પંચાશક નય ખાસોરે. શ્રી૦ ॥ ૫ ॥ નિત્યે
ગુરૂકુલ વાસેં વસવું, ઊત્તરાધ્યયને ભાખ્યુંરે; તેહને અપમાને
વલી તેહમાં, પાપ શ્રમણપણું દાખ્યુંરે. શ્રી૦ ॥ ૬ ॥
દસવૈકાલિક ગુરૂ શુશ્રુષા, તસ નિંદા ફલ દાખ્યારે;
આવંતિમાં દ્રહ સમ સદ્દગુરૂ, મુની કુલ મચ્છ સમ ભાખ્યારે.
શ્રી૦ ॥ ૮ ॥ ગુરૂ દૃષ્ટિ અનુસારેં રહેતા, લહે પ્રવાદ
પ્રવાદેંરે; એ પણ અર્થ તિહાં મન ધરિયેં, ભહુ ગુણ
સુગુરૂ પ્રસાદેંરે. શ્રી ॥ ૮ ॥ વિનય વધે ગુરૂ પાસે વસતાં,
જે જિન શાસન મૂલોરે; દર્શન નિર્મલ ઊચિત પ્રવૃત્તિ,
સુભરાગેં અનુકૂલોરે. શ્રી૦ ॥ ૯ ॥ વૈયાવચ્ચેં પાતિક ત્રુટે,
ખંતાદિક ગુણ શકતીરે; હિતોપદેશેં સુવિહિત સંગે,
બ્રહ્મચર્યની ગુપ્તિરે. શ્રી૦ ॥ ૧૦ ॥ મન વાધે મૃદુ બુદ્ધિ

કેરા, મારગ ભેદ ન હોવેરે; બહુ ગુણ જાણે એ અધિકારે, ધર્મ રયણ જે જોવેરે. શ્રી૦ ।।૧૧।। નાણુ તણો સંભાગી હોવે, થિર મન દર્શન ચરિત્તેરે; ન ત્યજે ગુરૂ કહિયેં એ બુધ, ભાખ્યું આવશ્યક નિર્યુક્તેરે. શ્રી૦ ।। ૧૨ ।। ભોત પ્રત્યે જેમ બાણે હણુતા, પગ અણ ફરસી સબરારે; ગુરૂ છાંડિ આહાર તણો ખપ, કરતા તેમ મુનિ નિવરારે. શ્રી૦ ।। ૧૩ ।। ગુરૂ કુલ વાસેં જ્ઞાનાદિક ગુણ, વાચંયમને વાધેરે; તો આહાર તણો પણ દૂષણ, ખપ કરંતા નવિ બાધેરે. શ્રી૦ ।। ૧૪ ।। ધર્મ રતન ઊપદેશ પદાદિક, જાણી ગુરૂ આદરવોરે; ગચ્છ કહ્યો તેહનો પરિવારો, તે પણ નિત અનુસરવોરે. શ્રી૦ ।। ૧૫ ।। સારણા વારણ પ્રમુખ લહીને, મુકિત મારગ આરાધેરે, શુભ વીરય તિહાં સુવિહિત કિરિયા, દેખાદેખેં વાધેરે. શ્રી૦ ।।૧૬।। જલધિ તણો સંખોભ અસહતા, જેમ નીકલતા મીનોરે; ગચ્છ સારણાદિક અણસહતા, તિમ મુની દુખિયા દીનોરે. શ્રી૦ ।। ૧૭ ।। કાક નર્મદા તટ જેમ મૂકી, મૃગ તૃષ્ણા જલે જાતારે; દુઃખ પામ્યા તેમ ગચ્છ તજીને, આપ મતિ મુનિ થાતારે. શ્રી૦ ।। ૧૮ ।। પાળ વિના જેમ પાણી ન રહે, જીવ વિના જેમ કાયારે; ગીતારથ વિણ તેમ મુની ન રહે, જૂઠ કષ્ટની માયારે. શ્રી૦ ।।૧૯।। અંધ પ્રતેં જેમ નિર્મલ લોચન, મારગમાં લેઇ જાયરે; તેમ ગીતારથ મૂરખ મુનિને, દૃઢ આલંબન થાયરે. શ્રી૦ ।।૨૦।। સમ ભાષી ગીતારથ નાણી, આગમ માંહે લહિયેરે; આતમ અરથી શુભ મતિ સજ્જન, કહો તે વિણ કેમ રહિયેરે. શ્રી૦ ।। ૨૧ ।।

લોચન આલંબન જિન શાસન, ગીતારથ છે મેઢીરે; તે વિણ મુનિ ચઢતી સંયમની, આરોહે કેમ સેઢીરે. શ્રી૦ ।। ૨૨ ।। ગીતારથને મારગ પૂછી, છાંડીજે ઊન્માદોરે; પાળે કિરિયા તે તુજ ભક્તિ, પામે જગ જશ વાદોરે. શ્રી૦ ।। ૨૩ ।। ઇતિ.

ઢાલ ૬ ઠી.

રાસડાની દેશી અથવા હિત શિક્ષા છત્રીશીની દેશી.

પ્રથમ જ્ઞાનને પછેં અહિંસા, દશ વૈકાલિક સાંખીરે; જ્ઞાનવંત તે કારણ ભજીયેં; તુજ આણા મન રાખીરે. સાહેબ સુણજોરે. ।। ૧ ।। દ્રવ્ય ક્ષેત્રને કાલ ન જાણે, ભાવ પુરૂષ પડિસેવેરે; નવિ ઉત્સર્ગ લહે અપવાદહ, અગીતારથ નિત મેવરે. સા૦ ।। ૨ ।। સચિત્ત અચિત્ત મિશ્ર નવી જાણે, કલ્પ અકલ્પ વિચાર રે, યોગ્ય ન જાણે નિજ નિજ ઠામે, દ્રવ્ય યથાસ્થિત સાર રે. સા૦ ।। ૩ ।। ક્ષેત્ર ન જાણે તેહ યથાસ્થિત, જન પદ અધ્વ વિશેષરે; સુભિક્ષ દુર્ભિક્ષ કલ્પ ન જાણે, કાલ વિચાર અશેષરે. સા૦ ।। ૪ ।। ભાવ હિઠગિલાણ ન જાણે, ગાઢ અગાઢહ કલ્પરે; ખમતો અખમતો જન ન લહે, વસ્તુ અવસ્તુ અનલ્પરે. સા૦ ।। ૫ ।। જે આકુટ્ટી પ્રમાદેં દર્પે, પડિસેવા વલિ કલ્પરે; નવિ જાણે તે તાસ યથાસ્થિત, પાયચ્છિત્ત વિકલ્પરે. સા૦ ।। ૬ ।। નયણ રહિત જેમ અનિપુણ દેશેં, પંથનકૂ જેમ સત્થરે; જાણે હું ઠામે પોચાવું, પણ નહી તેહ સમત્થરે. સા૦ ।।૭।। અગીતાર્થ તેમ જાણે ગરવેં, હું

ચલવું સવિ ગચ્છરે. પણ તસ પાસે ગુણ ગણ ગ્રાસે, હોઈ ગલાગલ મચ્છરે. સા૦ ॥૮॥ પચ્છિત્તે અતિ માત્ર દીએ જે, અપચ્છિત્તે પચ્છિત્તરે, આસાયણ તસ સૂત્રે બોલી, આસાયણ મિચ્છત્તરે સા૦ ॥ ૯ ॥ તવસી અબહુશ્રુત વિચરંતો, કરિ દોષની શ્રેણિરે; નવિ જાણે તે કારણ તેહને, કેમ વાધે ગુણ શ્રેણિરે. સા૦ ॥ ૧૦ ॥ માર્ગ માત્ર જાણે જેમ પંથી, અલહી તાસ વિશેષરે; લિંગાચાર માત્ર તે જાણે, પામે મૂઢ કલેશરે. સા૦ ॥૧૧॥ ભેદ લહ્યા વિણ નાના પરિણતિ, મુની મનની ગત બોધરે; બીણ રાતા બિણ તાતા થાતા, અંતે ઉપાધ વિરોધરે. સા૦ ॥ ૧૨ ॥ પથ્થર સમ પામર આદરતાં, મણિ સમ બુધ જિન છોડીરે; ભેદ લહ્યા વિણ આગમ થિતિનો, તે પામે બહુ બોડીરે. સા૦ ॥ ૧૩ ॥ જ્ઞાન ભક્તિ ભાંજી અણલહેતાં, જ્ઞાન તણો ઉપચારરે; આરાસારે મારગ હોપે, ચરણ કરણનો સારરે. સા૦ ॥૧૪॥ ઉત્કર્ષે તેહને દે શિક્ષા; ઉદાસીન જે સારરે, પુરૂષ વચન તેહને તે બોલે, અંગ કહે આચારરે. સા૦ ॥ ૧૫ ॥ અમ સરિખા હોજો તુમે જાણો, નહી તો સ્યાતુમ બોલરે; એમ ભાષી જાત્યાદિક દૂષણ, કાઢે તેહનિ ટોલરે, સા૦ ॥૧૬॥ પાસત્થાદિક દૂષણ કાઢી, હિલે જ્ઞાની તેહરે; યથા છંદતા વિણ ગુરૂઆણા, નવિ જાણે નિજ રેહરે. સા૦ ॥૧૭॥ જ્ઞાનીથી તેમ અલગા રહેતા, હંસ થકી જેમ કાકરે; ભેદ વિનયના ભાવન ભાખ્યા, ન લહે તસ પરિપાકરે. સા૦ ॥૧૮॥ સર્વ ઉદ્યમે પણ તસ બહુ ફલ, પડે કષ્ટ અન્નાણરે; સૂત્ર અભિન્ન તણે અનુસારે, ઉપદેશ માલા વાણિ રે; સા૦

।। ૧૯ ।। તે તો રૂજુ ભાવે એકાકી, ચાલે તેહને જુત્તરે; વામ્ય કુવાસન જે અકુવાસન, દેશારાધક ઉત્તરે. સા૦ ।। ૨૦ ।। અજ્ઞાની ગુરૂ તણું નિયોગેં, અથવા શુભ પરિણામરે; કમ્મ પયડી સાંખે સુદૃષ્ટિ, કહિયે એહનો ઠામરે. સા૦ ।।૨૧।। જે તો હઠથી ગુરૂને છાંડિ, ભગ્ન ચરણ પરિણામરે; સર્વ ઉદ્યમેં પણ તસ નિશ્ચય, કાંઇ ન આવે ઠામરે. સા૦ ।। ૨૨ ।। આણા રૂચી વિણ ચરણ નિષેધેં, પંચાશકે હરિ ભદ્રરે; વ્યવહારે તો થોડું લેખે, જેહ સક્કારેં સદ્દરે. સા૦ ।। ૨૩ ।। શિષ્ય કહે જો ગુરૂ અજ્ઞાની, ભજતાં ગુણનિધિ જાણીરે; જો સુવાસના, તો કિમ ત્યજતાં, તેને અવગુણ જાણિરે. સા૦ ।। ૨૪ ।। ગુરૂ બોલે શુભ વાસન કહિંયેં, પન્નવણિજ સુભાવરે, તે આયત્તપણે છે આદ્યે, જશ મને ભદ્રક ભાવરે, સા૦ ।। ૨૫ ।। સૂધું માની સૂધું થાતાં, ચઉભંગી આચારરે; ગુરૂ કહણેં તેહમાં ફલ જાણી, લહીયે સુજશ અપારરે. સા૦ ।। ૨૬ ।। ઇતિ.

ઢાલ ૭ મી.

રાજગીતાની દેશી અથવા સુરતિ મહિનાની.

કોઈ કહે ગુરૂ ગચ્છ ગીતારથ સારથ શુદ્ધ, માનું પણ નવિ દિસે જોતાં કોઇ વિશુદ્ધ; નિપુણ સહાય વિના કહ્યો સૂત્રેં એક વિહાર, તેહથી એકાકી રહેતાં નહી દોષ લગાર. ।। ૧ ।। અણદેખતાં આપમાં તે સવિગુણનો યોગ, કિમ જાણે પરમાં વ્રત ગુણનો મૂલ વિયોગ, છેદ દોષ તાંઇ નવી કહ્યા પ્રવચને મુનિ દુશીલ, દોષ લવેં પણ થિર

પરિણામી બકુશ કુશીલ. ।। ૨ ।। જ્ઞાનાદિક ગુણ પણ ગુરૂવાદિક માંહે જોય, સર્વ પ્રકારેં નિર્ગુણ નવિ આદરવો હોય; તે છાંડે ગીતારથ જે જાણે વિધિ સર્વ, ગ્લાનૌષધ દૃષ્ટાંતે મૂઢ ધરે મન ગર્વ ।। ૩ ।। તે કારણ ગીતારથને છે એક વિહાર, અગીતારથને સર્વ પ્રકારે તે નહી સાર; પાપ વરજતો કામ અસજતો ભાખ્યો જેહ, ઉત્તરાધ્યયને ગીતારથ એકાકી તેહ. ।। ૪ ।। પાપ તણો પરિવર્જનને વલિ કામ અસંગ, અજ્ઞાનીને નવી હુએ તે નવિ જાણે ભંગ, અજ્ઞાની શું કરશે શું લેશે શુભ પાપ, દશ વૈકાલિક વયણે પંચાશક આલાપ. ।। ૫ ।। એક વિહારે દેખો આચારેં સંવાદ, બહુ ક્રોધાદિક દૂષણ વલી અજ્ઞાન પ્રમાદ; વલિય વિશેષ વાર્યો છે અવ્યકત વિહાર, પંખી પોત દૃષ્ટાંતે જાણો પ્રવચન સાર. ।। ૬ ।। એકાકિને સ્ત્રી રિપુશ્વા ન તણો ઉપઘાત, ભિક્ષાની નવિ શુદ્ધિ મહાવ્રતનો પણ ઘાત; એકાકિ સછંદ પણે નવિ પામે ધર્મ, નવિ પામે પૃચ્છાદિક વિણ તે પ્રવચન મર્મ ।। ૭ ।। સુમતિ ગુપતિ પણ ન ધરે એકાકી નિઃશંક, ભાવ પરાવર્તે આલંબન ધરે સપંક, જુદા જુદા થાતાં થવિર કલ્પનો ભેદ, ડોલાએ મન લોકના થાએ ધર્મ ઉચ્છેદ. ।। ૮ ।। ટાલે પણ જે ભોલે અંધ પ્રવાહ નિપાંત, આણાવિણ નવિ સંઘ છે અસ્થિ તણો સંઘાત, તો ગીતારથ ઉદ્ધરે જેમ હરી જલથી વેદ, અગીતારથ નવિ જાણે તે સવિ વિધિનો ભેદ. ।।૯।। કારણથી એકાકીપણું પણ ભાખ્યું તાસ, વિષમ કાલમાંતો પણ રૂડો ભેલો વાસ, પંચકલ્પ ભાષ્યે ભણ્યું આતમ રક્ષણ એમ, શાલિ એરંડતણે એમ ભાંગે લહિએ ખેમ. ।। ૧૦ ।। એકાકી પાસત્થો સછંદો ગતયોગ,

ઠાણવાસી ઉસન્નો બહુ દૂષણ સંયોગ, ગચ્છ વાસી અણુ-ઓગી ગુરૂ સેવી વલિ હોય, અનિયતવાસી આઉતો બહુ ગુણ એમ જોય ।। ૧૧ ।। દોષ હાણી ગુણ વૃદ્ધિ જયણા ભાષેં સૂરિ, તે શુભ પરિવારેં હુયે વિઘન ટલે સવિ દૂરિ, દેવ કહે જો અંગણે તુજ કરૂણા સુરવેલિ, શુભ પરિવારેં લહિયેં, તો સુખ જસ રંગ રેલિ. ।। ૧૨ ।। ઇતિ.

ઢાલ ૮ મી.

(પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત—એ દેશી.)

કોઈ કહે સિદ્ધાંતમાંજી, ધર્મ અહિંસા સાર, આદરિયેં તે એકલીજી, ત્યજીયેં બહુ ઉપચાર, મન મોહન જિનજી, તુજ વયણે મુજરંગ. ।। ૧ ।। નવિ જાણે તે સર્વ ત્યજીને, એક અહિંસારંગ, કેવલ લૌકિક નીતિ હોવે, લોકોત્તર પંથ ભંગ. મન૦ ।।૨।। વનમાં વસતાં બાલ તપસ્વી, ગુરૂ નિશ્રા વિણ સાધ, એક અહિ સાયેં તે રાચે, ન લહે મર્મ અગાધ. મન૦ ।। ૩ ।। જીવાદિક જેમ બાલ તપસ્વી, અણજાણંતો મૂઢ, ગુરૂ લઘુ ભાવ તથા અણલહેતો, ગુરૂ વર્જિત મુનિ ગૂઢ. ।।૪।। ભાવ મોચક પરિણામ સરિખો, તેહનો શુભ ઉદ્દેશ, આણારહિતપણે જાણીજે, જોઈ પદ ઉપદેશ. મન૦ ।। ૫ ।। એક વચન જાલીને છાંડે, બીજા લૌકિક નીતિ, સકલ વચન નિજ ઠામે જોડે, એ લોકોતર નીતિ. મન૦ ।। ૬ ।। જિન શાસન છે એક ક્રિયામાં, અન્ય ક્રિયા સંબંધ, જેમ ભાષી જે ત્રિવિધ અહિંસા, હેતુ સ્વરૂપ અનુબંધ. મન૦ ।।૭।। હેતુ અહિંસા જયણા રૂપેં; જંતુ અઘાત

સ્વરૂપ, ફલ રૂપ જે તેહ પરિણમે, તે અનુબંધ સ્વરૂપ. મન૦ ।। ૮ ।। હેતુ સ્વરૂપ અહિંસા આપે, શુભ ફલવિણુ અનુબંધ, દઢ અજ્ઞાન થકી તે આપે, હિંસાનો અનુબંધ. મન૦ ।। ૯ ।। નિન્હવ પ્રમુખતણી જેમ કિરિયા, જેહ અહિંસારૂપ, સુર દુરગતિ દેઇ તે પાડે, દુત્તર ભવજલ કૂપ. મન૦ ।। ૧૦ ।। દુર્બ્બલ નગ્ન માસ ઉપવાસી, જો છે માયા રંગ, તો પણ ગરભ અનંતા લેશે, બોલે બીજુ અંગ, મન૦ ।। ૧૧ ।। નિંદિત આચારેં જિનશાસન, જેહને હીલે લોક, માયા પહેલી તસ અજ્ઞાને, સર્વ અહિંસા ફોક. મન૦ ।। ૧૨ ।। સ્વરૂપથી નિરવદ્ય તથા જે, છે કિરિયા સાવદ્ય, જ્ઞાન શકિતથી તેહ અહિંસા, દિએ અનુબંધે સદ્ય. મન૦ ।।૧૩।। જિન પૂજા અપવાદ પદાવિક, શીલ વ્રતાદિક જેમ, પુન્ય અનુત્તર મુનીને આપી, દિએ શિવપદ બહુ એમ. મન૦ ।। ૧૪ ।। એહ ભેદ વિણુ એક અહિંસા, નવિ હોવે થિર થંભ, યાવત યોગ ક્રિયા છે તાવત, બોલ્યો છે આરંભ. મન૦ ।।૧૫।। લાગે પણ લગવે નહિ હિંસા, મુનીએ માયાવાણિ, શુભ કિરિયા લાગી જે આવે, તેમાં તો નહી હાણિ. મન૦ ।। ૧૬ ।। હિંસા માત્ર વિના જો મુનીને, હોય અહિંસકભાવ, સૂક્ષ્મ એકેંદ્રિયનેં હોવે, તો તે શુદ્ધ સ્વભાવ. મન૦ ।। ૧૭ ।। ભાવેં જેહ અહિંસા માને, તે સવિ જોડે ઠામ, ઉત્સર્ગે અપવાદેં વાણી, જિનની જાણે જામ. મન૦ ।। ૧૮ ।। કોઇ કહે ઉત્સર્ગે આણા, છાંડો છે અપવાદ, તે મિથ્યા અણુપામેં અર્થે, સાધારણ વિધિવાદ. મન૦ ।। ૧૯ ।। મુખ્ય પણે જેમ ભાવે આણા, તેમ તસ કારણ તેહ, કાર્ય ઇચ્છતો કારણ ઇચ્છે, એ છે

શુભ મતિ રેહ. મન૦ ॥૨૦॥ કલ્પેં વચન કહ્યું અપવાદેં, તે આણાનું મૂલ, મિશ્રપક્ષ તે મુનીને ન ઘટે, તેહ નહી અનુકલ. મન૦ ॥ ૨૧ ॥ અપુનર્બંધકથી માંડિને, જાવ ચરમ ગુણઠાણ, ભાવ અપેક્ષાયેં જિન આણા, મારગ ભાષે જાણ. મન૦ ॥ ૨૨ ॥ એક અહિંસામાં જે આણા, ભાષે પૂરવ સૂરિ, તે એકાંત મતિ નવિ ગ્રહિયે, તિહાં નય વિધિ છે ભૂરિ. મન૦ ॥૨૩॥ આતમ ભાવ હિંસનથી હિંસા, સઘલા એ પાપ સ્થાન, તેહ થકી વિપરીત અહિંસા, તાસ વિરહનું ધ્યાન. મન૦ ॥ ૨૪ ॥ તસ ઉપાય જે જે આગમમાં બહુ વિધ છે વ્યવહાર, તે નિઃશેષ અહિંસા કહિયેં, કારણ ફલ ઉપચાર. મન૦ ॥૨૫॥ જીવ અજીવ વિષય છે હિંસા, નૈગમ નય મત્ત જુત્ત, સંગ્રહ વ્યવહારે ષટકાયે, પ્રતિજીવેં રજુ સુત્ત. મન૦ ॥ ૨૬ ॥ આતમ રૂપ શબ્દ નયતિને, માને એમ અહિંસ, ઓઘવૃત્તિ જોઇને લહિયેં, સુખ જશ લીલ પ્રશંસ. મન૦ ॥ ૨૭ ॥ ઇતિ.

ઢાલ ૯ મી.

ચૈત્રી પુનમ અનુક્રમેં—એ દેશી.

કોઇક સૂત્રજ આદરે, અર્થ ન માને સાર; જિનજી. આપ મતિ અવલું કરે, ભૂલા તેહ ગમાર. જિનજી. તુજ વયણેં મન રાખીયેં. ॥ ૧ ॥ પ્રતિમા લોપે પાપીઆ, યોગ અને ઉપધાન; જિ૦ ગુરૂનો વાસ ન શિર ધરે, માયાવી અજ્ઞાન. જિ૦ તુજ૦ ॥ ૨ ॥ આચરણા તેહની કેવી, કેતિ કહીયે દેવ; જિ૦ નિત ત્રુટે છે સાંધતા, ગુરૂ

વિણ તેહની ટેવ. જિ૦ તુ૦ ॥ ૩ ॥ વૃત્તિ પ્રમુખ જોઈ કરી, ભાષે આગમ આપ; જિ૦ તેહજ મૂઢા ઓલવે, જેમ કુપુત્ર નિજ બાપ. જિ૦ તુ૦ ॥ ૪ ॥ વૃત્યાદિક અણુમાનતા, સૂત્ર વિરાધે દીન, જિ૦ સૂત્ર અરથ તદુભય થકી, પ્રત્યનીક કહ્યા તીન. જિ૦ તુ૦ ॥ ૫ ॥ અક્ષર અર્થજ એકલો, જો આદરતા એમ; જિ૦ ભગવઈ અંગે ભાષિઓ, ત્રિત્રિધ અર્થ તો કેમ. જિ૦ તુ૦ ॥ ૬ ॥ સૂત્ર અરથ પહેલો બીજો; નિજજુત્તીયે બીસ; જિ૦ નિરવશેષ ત્રીજો વલી, ઇમ ભાષે જગદીશ. જિ૦ તુ૦ ॥ ૭ ॥ છાયા નર ચાલે ચલે, રહે થિતિ તસ જેમ, જિ૦ સૂત્ર અરથ ચાલે ચલે, રહે થિતિ તસ તેમ. જિ૦ તુ૦ ॥૮॥ અર્થ કહે વિધિ વારણા, ઉભય સૂત્ર જેમ ઠાણ; જિ૦ તેમ પ્રમાણ સામાન્યથી, નવિ પ્રમાણ અપ્રમાણ. જિ૦ તુ૦ ॥ ૯ ॥ અંધ પંગુ જેમ બે મલે, ચાલે ઇચ્છિત ઠાણ; જિ૦ સુત્ર અરથ તેમ જાણીયેં, કલ્પ ભાષ્યની વાણ. જિ૦ તુ૦ ॥ ૧૦ ॥ વિધિ ઊદ્યમ ભય વર્ણના, ઊત્સર્ગહ અપવાદ; જિ૦ તદુભય અર્થે જાણીયેં, સુત્ર ભેદ અવિવાદ. જિ૦ તુ૦ ॥ ૧૧ ॥ એહ ભેદ જાણ્યા વિના, કંખા મોહ લહંત; જિ૦ ભંગંતર પ્રમુખે કરી, ભાખ્યું ભગવઈ તંત. જિ૦ તુ૦ ॥ ૧૨ ॥ પરિવાસિત વારી કરી, લેપન અશન અશેષ; જિ૦ કારણથી અતિ આદર્યા, પંચ કલ્પ ઉપદેશ. જિ૦ તુ૦ ॥ ૧૩ ॥ વર્ષા ગમન નિવારીઓ, કારણે ભાખ્યું તેહ જિ૦ ઠાણુંગે શ્રમણી તણું, અવલંબાદિક જેહ. જિ૦ તુ૦ ॥ ૧૪ ॥ આધાકર્માદિક નહી, બંધ તણો એકંત; જિ૦ સુયગડે તે કેમ ઘટે, વિણ વૃત્યાદિક તંત. જિ૦

તુ૦ ।। ૧૫ ।। વિહરમાન ગણધર પિતા, જિન જનકાદિક જેહ, જિ૦ ક્રમ વલી આવશ્યક તણો, સૂત્ર માત્ર નહી તેહ. જિ૦ તુ૦ ।। ૧૬ ।। અર્થ વિના ક્રેમ પામિયેં, ભાવ સકલ અનિબદ્ધ; જિ૦ ગુરૂ મુખ વાણી ધારતાં, હોવે સર્વ સુબુદ્ધ. જિ૦ તુ૦ ।।૧૭।। પુસ્તક અર્થ પરંપરા, સઘલી જેહને હાથ; જિ૦ તે સુવિહિત અણુમાંનતાં, ક્રેમ રહેસે નિજ આથ. જિ૦ તુ૦ ।। ૧૮ ।। સદ્‌ગુરૂ પાસે શિખતાં, અર્થ માંહે નવિ રોધ; જિ૦ હેતુ વાદ આગમ પ્રતેં જાણે જેહ સુબોધ. જિ૦ તુ૦ ।। ૧૯ ।। અર્થે મત ભેદાદિકે; જેહ વિરોધ ગણંત, જિ૦ તે સુત્રે પણ લેખસે, જો જોશે એકંત. જિ તુ૦ ।। ૨૦ ।। સંહરતા જાણે નહી, વીર કહે એમ કલ્પ; જિ૦ સંહરતાં પણ નાણનો, પ્રથમ અંગ છે જલ્પ. જિ૦ તુ૦ ।।૨૧।। ઋષભ કૂટ અડજોયણો, જંબુ પન્નત્તિ સાર; જિ૦ બાર વલી પાઠાંતરે, મૂલ કહે વિસ્તાર. જિ૦ તુ૦ ।। ૨૨ ।। સત્તાવન સયમલ્હિને, મણ નાણી સમવાય, જિ૦ આઠ સયા જ્ઞાતા કહે, એ તો અવર ઉપાય. જિ૦ તુ૦ ।। ૨૩ ।। ઉત્તરાધ્યયને સ્થિતિ કહી, અંતર મુહૂર્ત્ત જઘન્ય; જિ૦ વેદનીયની બાર તે, પન્નવણામાં અન્ય. જિ૦ તુ૦ ।।૨૪।। અનુજોગ દ્વારે કહ્યા, જઘન નિક્ષેપા ચાર; જિ૦ જીવાદિકતો નવી ઘટે, દ્રવ્ય ભેદ આધાર. જિ૦ તુ૦ ।। ૨૫ ।। એમ બહુવચન નયંતરે, કોઈ વાચના ભેદ; જિ૦ એમ અર્થે પણ જાણીયેં, નવિ ધરીયેં મન ખેદ. જિ૦ તુ૦ ।। ૨૬ ।। અર્થકારથી આજના, અધિકા શુભમતિ કોણ; જિ૦ તોલે અમિય તસુ નહિં, આવે કહિયેં ગુણ. જિ૦ તુ૦ ।। ૨૭ ।। રાજા સરિખું સૂત્ર

છે, મંત્રિ સરિખો અર્થ. જિ૦ એમાં એકે હેલીઓ, દ્વિયે સંસાર અનર્થ. જિ૦ તુ૦ ।। ૨૮ ।। જે સમ તોલેં આચરે, સૂત્ર અર્થ સુપ્રીતિ; જિ૦ તે તુજ કરૂણાયેં વરે, સુખ જશ નિર્મલ નીતિ. જિ૦ તુ૦ ।। ૨૯ ।। ઈતિ.

ઢાલ ૧૦ મી.

આપ છંદ છબીલા છલવરે એ દેશી.

જ્ઞાન વિના જે જીનવરે, ક્રિયામાં છે દોષરે; કર્મ બંધ છે તેહથીરે, નહી સમ સુખ સંતોષરે. ।। ૧ ।। પ્રભુ તુજ વાણી મીઠડીરે, મુજ મન સહેજ સુહાયરે; અમીય સમી મન ધારતારે, પાપ તાપસ વિન્નયરે, પ્રભુ તુજ વાણી મીઠડીરે. ।। ૨ ।। લોકપંતિ કિરિયા કરેરે, મન મેલે અન્નાણરે; ભવ ઇચ્છાના જોરથીરે, વિણ શિવ સુખ વિન્નાણરે, પ્રભુ૦ મુજ૦ ।। ૩ ।। કામકુંભ સમ ધર્મનું રે, મૂલ કરી એમ તુચ્છરે, જન રંજન કેવલ લહેરે, ન લહે શિવતરૂ ગુચ્છરે, પ્રભુ૦ મુજ૦ ।। ૪ ।। કરૂણા ન કરે હીનનીરે, વિણ પણિ હાણ સનેહરે; દ્વેષ ધરતા તેહસું રે, હેઠા આવે તેહરે. પ્રભુ૦ મુજ૦ ।। ૫ ।। એક કાજમાં નવિ ધરેરે, વિણ પ્રવૃત્તિ થિર ભાવરે; જિહાં તિહાં મોહોડું ઘાલતાંરે, ધારે ઢોર સ્વભાવરે. પ્રભુ૦ મુજ૦ ।। ૬ ।। વિના વિઘન જય સાધુનેરે, નવિ અવિછિન્ન પ્રયાણરે; કિરિયાથી શિવપુરી હોય રે, કેમ જાણે અન્નાણરે. પ્રભુ૦ મુજ૦ ।। ૭ ।। શીત તાપ મુખ વિઘન છેરે, બાહેર અંતર વ્યાધિરે; મિથ્યા દર્શન એહનીરે, માત્રા મૂઢ મધ્યાધિરે. પ્રભુ૦ મુજ૦

॥ ૮ ॥ આશન અસન જયાદિકેરે; ગુરૂ યોગેં જય તાસરે, વિઘન જોર એ નવિ ટલેરે; વગર જ્ઞાન અભ્યાસરે, પ્રભુ૦ મુઝ૦ ॥ ૯ ॥ વિનય અધિક ગુણ સાધુનોરે, મધ્યમનો ઉપગારરે; સિદ્ધિ વિના હોવે નહીરે, કૃપા હીનની સારરે. પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૦ ॥ વિણ વિનિયોગ ન સંભવેરે, પરને ધર્મે યોગરે, તેહ વિનાં જનમાંતરરે, નહિ સંતતિ સંયોગરે, પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૧ ॥ કિરિયામાં ખેદે કરીરે, દૃઢતા મનની નાહિરે; મુખ્ય હેતુ તે ધર્મનોરે, જેમ પાણી કૃષિ માંહિરે. પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૨ ॥ બેઠા પણ જે ઉપજેરે, કિરિયામાં ઉદ્વેગરે; યોગ દ્વેષથી તે ક્રિયારે, રાજ વેઠ સમવેગરે. પ્રભુ૦ મુઝ ॥ ૧૩ ॥ ભ્રમથી જેહ ન સાંભરેરે, કાંઈ અકૃત કૃત કાજરે; તેહથી શુભ કિરિયા થકીરે, અર્થ વિરોધી અકાજરે. પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૪ ॥ શાંતવાહિતા વિણ હોવેરે, જે યોગે ઉત્થાનરે, ત્યાગ યોગ છે તેહથીરે, અણછંડાતું ધ્યાનરે, પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૫ ॥ વિચે વિચે બીજા કાજમાંરે, જાએ મન તે ખેપરે; ઉખણતા જિમ શાલિનુંરે, ફલ નહી તિહાં નિર્લેપરે, પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૬ ॥ એકજ ઠામેં રંગથીરે, કિરિયામાં આસંગરે; તેહજ ગુણ ઠાણે થિતિરે, તેહથી ફલ નહીં ચંગરે. પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૭ ॥ માંડી કિરિયા અવગણીરે, બીજે ઠામે હર્ષરે; ઇષ્ટ અર્થમાં જાણીયેંરે અંગારાનો વર્ષરે. પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૮ ॥ રોગ હોએ સમજણ વિનારે, પીડા ભંગ સુરૂપરે; શુદ્ધ કિરિયા ઉચ્છેદથીરે, તેહ વંધ્ય ફલ રૂપરે. પ્રભુ૦ મુઝ૦ ॥ ૧૯ ॥ માન હાનીથી દુઃખ દિએરે, અંગ વિના જેમ ભોગરે; શાંતો દાન્ત પણા વિનારે, તેમ કિરિયાનો યોગરે. પ્રભુ૦ મુઝ૦

॥ ૨૦ ॥ શાંત તે કષાય અભાવથીરે, જે ઉદાત્ત તે ગંભીરરે; કિરિયા દોષ તજી લહેરે, તે સુખ જશ ભર ધીરરે. પ્રભુ૦ મુઝ૦ ॥ ૨૧ ॥ ઇતિ.

ઢાલ ૧૧ મી.

દોહાની દેશી.

એકવીસ ગુણ પરિણમે, જા સચિત્ત નિતમેવ; ધર્મરત્નની યોગતા, તાસ કહે તું દેવ. ॥ ૧ ॥ [૧]ખુદ નહી વલી [૨]રૂપનિધિ [૩]સોમ્ય [૪]જનપ્રિયજ ધન્ય; [૫]ક્રુર નહી ભીરૂ [૬] વલી [૭]અશઠ [૮]નાર દખિન્ન. ॥ ૨ ॥ [૯]લજાલુઓ, [૧૦]દયાલુઓ, [૧૧]સોમદિઠિ મઝથ્થ; [૧૨]ગુણરાગી [૧૩]સતકથ [૧૪]સુપક્ખ [૧૫]દીરધરશિઅથ્થ. ॥ ૩ ॥ [૧૬]વિશેષજ્ઞ [૧૭]વૃદ્ધાનુગત, [૧૮]વિનયવંત [૧૯]કૃત જાણ; [૨૦]પરહિતકારી [૨૧]લબ્ધ લક્ખ, ગુણ એકવીસ પ્રમાણ. ॥ ૪ ॥ ખુદ નહી તે જેહ મને, અતિ ગંભીર ઉદાર; ન કરે જન ઉતાવલો, નિજ પરનો ઉપગાર. ॥ ૫ ॥ શુભ સંઘયણી રૂપનિધિ, પુરણ અંગ ઉપંગ. તે સમરથ સેજે ધરે, ધર્મ પ્રભાવન ચંગ. ॥ ૬ ॥ પાપ કર્મ વરતે નહિ, પ્રકૃતિ સોમ્ય જગ મિત્ત; સેવનીક હોવે સુખે, પરને પ્રશમ નિમિત્ત. ॥ ૭ ॥ જન વિરૂદ્ધ સેવે નહીં, જન પ્રિય ધર્મે શૂર; મલિન ભાવ મનથી તજી, કરી શકે અક્રુર, ॥ ૮ ॥ ઇહ પરલોક અપાયથી, બીહે ભીરૂક જેહ; અપયશથી વલી ધર્મનો, અધિકારી છે તેહ. ॥ ૯ ॥ અશઠ ન વંચે પરપ્રતેં, લહે કિર્તિ વિશ્વાસ; ભાવ સાર ઉદ્યમ કરે, ધર્મ ઠામ તે ખાસ. ॥ ૧૦ ॥ નિજ કારય છાંડી કરી

કરે અન્ય ઉપકાર; સુદખિન્ન જન સર્વને ઉપાદેય વ્યવહાર. ।। ૧૧ ।। અંગીકૃત ન ત્યજે ત્યજે, લજ્જાલુઓ અકાજ ધરે દયાલુ ધર્મની, દયામૂલની લાજ. ।। ૧૨ ।। ધર્મ મર્મ અવિતથ લહે, સોમદિઠ્ઠિ મઝત્થ; ગુણ સંયોગ કરે સદા, વરજે દોષ અણુત્થ. ।। ૧૩ ।। ગુણરાગી ગુણ સંગ્રહે, દ્વસે ન ગુણ અનંત; ઉવેખે નિર્ગુણ સદા, બહુમાને ગુણવંત. ।। ૧૪ ।। અશુભ કથા કલુષિત મતિ, નાસે રતન વિવેક; ધમ્મત્થિ સતકથા હુએ, ધર્મ નિદાન વિવેક. ।। ૧૫ ।। ધર્મ શીલ અનુકૂલ યશ, સદાચાર પરિવાર; ધર્મ સુપખ્ખ વિધને રહિત, કરી શકી તે સાર. ।। ૧૬ ।। માંડે સવિ પરિણામ હિત, દીરઘદર્શી કામ; લહે દોષ ગુણ વસ્તુના, વિશેષજ્ઞ ગુણધામ. ।। ૧૭ ।। વૃદ્ધાનુગત સુસંગતે, હોવે પરિણત બુદ્ધિ; વિનયવંત નિયમા કરે, જ્ઞાનાદિકની શુદ્ધિ. ।। ૧૮ ।। ગુણ જોડે ગુરૂઆદરે, તત્ત્વ બુદ્ધિ કૃત જાણ; પરહિતકારી પરપ્રતે, થાપે માર્ગ સુજાણ. ।। ૧૯ ।। શીખે લખે સુખે સકલ, લબ્ધલક્ષ શુભ કાજ; એમ એકવીસ ગુણે વર્યો, લહે ધર્મનું રાજ. ।। ૨૦ ।। પૂરણ ગુણ ઉત્તમ કહ્યો, મધ્યમ પાદે હીન; અર્દ્ધ હીન જઘન્ય જન, અપર દરિદ્રી દીન. ।। ૨૧ ।। અરજે વરજી પાપને, એહ ધર્મ સામાન્ય; પ્રભુ તુજ ભક્તિ જશ લહે, તેહ હોએ જન માન્ય. ।।૨૨।। ઈતિ.

ઢાલ ૧૨ મી.

ચોપાઇની દેશી.

એકવીસ ગુણ જેણે લહ્યા, જે નિજ મર્યાદામાં રહ્યા; તેહ ભાવ શ્રાવકના લહે, તસ લક્ષણ એ તું પ્રભુ કહે.

।। ૧ ।। કૃત વ્રત કર્મા શીલાધાર, ગુણવંતોને ઋજુ વ્યવહાર, ગુરૂ સેવીને પ્રવચન દક્ષ, શ્રાવક ભાવેં એ પ્રત્યક્ષ. ।। ૨ ।। શ્રવણ જાણણા ગ્રહણ ઉદાર, પડિસેવા એ ચાર પ્રકાર; પ્રથમ ભેદ નામ ન ધારીયે, અર્થ તાસ ઇમ અવતારીયેં. ।। ૩ ।। બહુમાને નિસુણે ગિયથ્થ; પાસે ભંગાદિક બહુ અથ્થ; જાણે ગુરૂ પાસે વ્રત ગ્રહે, પાલે ઉપસર્ગાદિક સહે. ।। ૪ ।। સેવે આયતણા ઉદ્દેશ પરગ્રહ તજે અણુભડ વેસ; વચન વિકાર ત્યજે શિશુ લીલ, મધુર ભણે એ ષટ વિધ શીલ. ।। ૫ ।। આય તને સેવે ગુણ પોષ, પરગ્રહ ગમને વાધે દોષ; ઉદ્ભટ વેષ ન શોભા લાગ, વચન વિકારે જાગે રાગ. ।। ૬ ।। મોહ તણો શિશુ લીલા લિંગ, અનર્થ દંડ અછે એ ચંગ; કઠિણ વચનનું જલ્પ ન જેહ, ધર્મિને નહિં સમ્મત તેહ. ।। ૭ ।। ઉદ્યમ કરે સદા સઝાય. કરણ વિનયમાં સર્વ ઉપાય; અનભિનિવેશી રૂચિ જિન આણ, ધરે પંચ ગુણ એહ પ્રમાણ. ।। ૮ ।। સઝાયેં ધારે વૈરાગ, તપ નિયમાદિક કરણે રાગ; વિનય પ્રયું જે ગુણનિધિ તણો, જેમ મન વાધે આદર ઘણો. ।। ૯ ।। અનભિનિવેશી અવિતત્થ ગણે, ગીતારથ ભાષી તજે સુણે, સદ્દહણાએ સુણ વાચાહ; સમકિતનો મોટો ઉચ્છાહ. ।। ૧૦ ।। અવિતત્થ કથન અવંચક ક્રિયા, પાતિક પ્રકટ ન મત્રીં પ્રિયા; બોધ બીજ સદ્ભાવેં સાર. ચાર ભેદ એ ઋજુ વિવહાર. ।। ૧૧ ।। ગુરૂ સેવી ચઉવિહ સેવના, કારણ સંપાદન ભાવના; સેવે અવસરે ગુરૂને તેહ, ધ્યાન યોગનો ન કરે છેહ. ।।૧૨।। તિહાં પ્રવર્તાવે પરપ્રતેં, ગુરૂ ગુણ ભાષે નિજ પર છતેં; સંપાદે ઔષધ મુખ વલી, ગુરૂભાવે ચાલે અવિચલી. ।।૧૩।।

સૂત્ર અર્થ ઉત્સગ્ગવવાય, ભાવે વ્યવહારે સોપાય; નિપુણ પણું પામ્યો છે જેહ, પ્રવચન દક્ષ કહિજે તેહ. ॥૧૪॥ ઉચિત સૂત્ર ગુરુ પાસે ભણે, અર્થ સુતીર્થે તેહનો સુણે; વિષય વિભાગ લહે અવિવાદ, વલી ઉત્સર્ગ તથા અપવાદ. ॥ ૧૫ ॥ પક્ષભાવ વિધિમાંહે ધરે, દેશ કાલ મુખ જેમ અનુસરે; જાણે ગીતારથ વ્યવહાર, તેમ સવિ પ્રવચન કુશલ ઉદાર. ॥ ૧૬ ॥ કિરિયાગત એ ષટ વિધ લિંગ, ભાવે તું જિનરાજ અભંગ; એ વિધિ શ્રાવક જે આચરે, સુખ જશ લીલા તે આદરે. ॥ ૧૭ ॥ ઇતિ૦

ઢાલ ૧૩ મી.

છઠી ભાવના મન ધરો—એ દેશી.

ભાવ શ્રાવકના ભાખિયે, હવે સત્તર ભાવ ગત તેહોરે, નેહોરે, પ્રભુ તુજ વચને અવિચલ હોજો એ. ॥ ૧ ॥ ઇચ્છિ ચંચલ ચિત્તથી, જે વાટ નરકની મોટીરે, ખોટીરે; છાંડે એ ગુણ ધુરેં ગુણોએ. ॥ ૨ ॥ ઇંદ્રિય ચપલ તુરંગને, જે રૂંધે જ્ઞાનની રાશિરે, પાસેરે; તે બીજો ગુણ શ્રાવક ધરે એ. ॥ ૩ ॥ કલેશ તણું કારણ ઘણું જે અર્થ અસારજ જાણેરે, આણેરે; તે ત્રીજો ગુણનિજ સંનિધિએ. ॥ ૪ ॥ ભવ વિડંબના મય અછે, વલી દુઃખરૂપી દુઃખ હેતોરે, ચેતોરે; એમ ચોથો ગુણ અંગીકરે એ. ॥ ૫ ॥ ખિણ સુખ વિષય વિષોપમા, એમ જાણી નવી બહુ ઇહેરે બીહેરે; તેથી પંચમ ગુણ વરોએ. ॥ ૬ ॥ તીવ્રારંભ તજે સદા, ગુણ છઠ્ઠાનો સંભાગીરે, રાગીરે; નિરારંભ

જનનો ધણુએ. ।। ૭ ।। માને સત્તર ગુણ વર્યો. જન પાસ સદશ ગૃહ વાસોરે, અભ્યાસોરે; મોહ જિતવાનો કરેએ. ।। ૮ ।। અકુમ દંસણ ગુણ ભર્યો, બહુ ભાંતેક રે ગુરૂ ભક્તિરે, શકિતરે; નિજ સદહણાની ફેારવેએ. ।। ૯ ।। લોક સન્નાહ વિ પરિહરે, જાણે ગાડરિઓ પરિવાહોરે. લાહોરે; એમ નવમાં ગુણનો સંપજેએ. ।। ૧૦ ।। આગમનેં આગલ કરે, તે વિણ કુણ મારગ સાખીરે,ભાષી રે; એમ કિરિયા દશમા ગુણ થકીએ. ।। ૧૧ ।। આપ અબાધાયેં કરે, દાનાદિક ચાર શકિતરે, વ્યકિતરે; એમ આવે ગુણ ઇગ્યારમોએ. ।। ૧૨ ।। ચિંતામણી સરિઓ લહી, નવી મુગ્ધ હસ્યો પણ લાજેરે, ગાજેરે; નિજ ધર્મે એ ગુણ બારમોએ. ।। ૧૩ ।। ધન ભવનાદિક ભાવમાં, જે નવિરાગી નવિદ્વેષીરે; સમપેષીરે; તે વિલસે ગુણ તેરમેંએ.।। ૧૪।। રાગ દ્વેષ મધ્યસ્થનો, સમગુણ ચઉદમે ન બાધેરે, સાધેરે; તે હઠ છાંડી મારગ ભલોએ. ।। ૧૫ ।। ક્ષણ ભંગુરતા ભાવતો, ગુણ પન્નરમે સેવંતોરે, સંતોરે; ન ધનાદિ સંગતિ કરેએ. ।।૧૬।। ભાવ વિરતિ સેવે મનેં, ભોગાદિક પર અનુરોધેરે, બોધેરે; એમ ઉલ્લસે ગુણ સોલમેંએ. ।। ૧૭ ।। આજ કાલ એ છાંડિયું, એમ વેશ્યા પરેં નિસનેહોરે, ગેહોરે; પરમાને ગુણ સત્તરમેંએ. ।। ૧૮ ।। એ ગુણ વૃંદે જે ભર્યા, તે શ્રાવક કહિયેં ભાવેંરે. પાવેરે, સુજશપૂર તુઝ ભક્તિથી એ. ।। ૧૯ ।। ઇતિ.

ઢાલ ૧૪ મી.

તે ભાવ સાધુ પણું લહે, જે ભાવ શ્રાવક સાર, તેહના

લક્ષણ સાત છે, સવિ જાણે હો તું ગુણ ભંડાર, સાહેબજી સાચી તાહરી વાણી ।। ૧ ।। કિરિયા મારગ અનુસારણિ; શ્રદ્ધા પ્રવર અવિવાદ, રૂજુ ભાવે પન્નવણિજ્જત્તા, કિરિયામાં હો નિત્યે અપ્રમાદ. સા૦ ।। ૨ ।। નિજ શક્તિ સારૂં કાજનો, આરંભ ગુણ અનુરાગ, આરાધના ગુરૂઆણની, જેહથી લહિયેં હો ભવજલ તાગ. સા૦ ।। ૩ ।। માર્ગ સમયની થિતિ તથા, સંવિજ્ઞ બુધની નીતિ, એ દોઈ અનુસારે કિયા, જે પાલે હો તે ન લહે ભીતિ. સા૦ ।। ૪ ।। સૂત્રે ભણ્યું પણ અન્યથા જુદું જ બહુગુણ જાણ, સંવિજ્ઞ વિબુધે આચર્યું, કાંઈ દિસે હો કાલાદિ પ્રમાણ. સા૦ ।। ૫ ।। કલ્પનું ધરવું ઓલિકા, ભાજને દવરકદાન, તિથિ પજૂસણની પાલટી, ભોજન વિધિ હો ઇત્યાદિ પ્રમાણ. સા૦ ।। ૬ ।। વ્યવહાર પાંચે ભાષીયા, અનુક્રમેં જેહ પ્રધાન. આજતો તેમાં જીત છે, તે તજીએં હો કેમ વિગર નિદાન. સા૦ ।। ૭ ।। શ્રાવક મમત્વ અશુદ્ધ વલી, ઉપકરણ વસતિ આહાર, સુખશીલ જે જન આચરે, નવિ ધરિયેં હો તે ચિત્ત લગાર. સા૦ ।। ૮ ।। વિધિ સેવના અવિતૃપ્તિ શુભ, દેશના ખલિત વિશુદ્ધિ; શ્રદ્ધા ધર્મ ઇચ્છ ઘણી, ચઉભેદેં હો એમ જાણે સુબુદ્ધિ. ।। સા૦ ।। ૯ ।। દૃઢ રાગ છે શુભ ભોજ્યમાં, જેમ સેવતાયેં વિરૂદ્ધિ; આપદામાં રસ જાણને, તેમ મુનીને હો ચરણે તે શુદ્ધિ. સા૦ ।। ૧૦ ।। જેમ તૃપ્તિ જગ પામે નહીં, ધન હીન લેતો રત્ન, તપ વિનય વેયાવચ્ચ પ્રમુખ, તેમ કરંતો હો મુનિવર બહુ યત્ન. ।। ૧૧ ।। ગુરૂની અનુજ્ઞા લેઇને, જાણતો પાત્ર કુપાત્ર; તેમ દેશના શુદ્ધિ દિએ, જેમ દીપે હો નિજ સંયમ ગાત્ર. સા૦ ।। ૧૨ ।। જે કદાચિત લાગે વ્રતેં, અતિચાર પંક કલંક;

આલોયણેં તે શોધતાં, મુનિ ધરે હો શ્રદ્ધા નિઃશંક. સા૦ ।। ૧૩ ।। શ્રદ્ધા થકી જે સર્વ લહે, ગંભીર આગમ ભાવ; ગુરૂ વચન પન્નવણિજ્જતે, આરાધક હો હોવે સરલ સ્વભાવ. સા૦ ।। ૧૪ ।। ષટકાય ઘાત પ્રમત્તને, પડિલેહણાદિક યોગ; જાણી પ્રમાદી નવિ હોએ, કિરિયામાં હો મુનિ શુભ સંયોગ. સા૦ ।। ૧૫ ।। જેમ ગુરૂ આર્ય મહાગિરી, તેમ ઉજમે બલવંત; બલ અવિષય નવી ઉજમેં, શિવભૂતિ હો જેમ ગુરૂ હીલંત. સા૦ ।। ૧૬ ।। ગુણવંતની સંગતિ કરે, ચિત્ત ધરત ગુણ અનુરાગ; ગુણ લેશ પરનું થુણે, નિજ દોષે હો અવગુણ વડ ભાગ. સા૦ ।। ૧૭ ।। ગુરૂ ચરણ સેવા રત્ત હોઇ, આરાધતો ગુરૂ આણ; આચાર સર્વનો મૂલ ગુરૂ, તે જાણે હો ચતુર સુજાણ. સા૦ ।। ૧૮ ।। એ સાત ગુણ લક્ષણ વર્યો, જે ભાવ સાધુ ઉદાર, તે વરે સુખ જશ સંપદા, તુજ ચરણે હો જશ ભક્તિ અપાર, સા૦ ।। ૧૯ ।। ઇતિ ।।

ઢાલ ૧૫ મી.

આજ મારે એકાદશીરે, નણદલ મૌન કરી મુખ રહીયેં-એ દેશી.

ધન્ય તે મુનિવરારે, જે ચાલે સમભાવેં; ભવસાયર લીલાએ ઉતરે સંયમ કિરિયા નાવેં. ધન્ય૦ ।। ૧ ।। ભોગ પંક તજી ઊપર બેઠા, પંકજ પરેં જે ન્યારા; સિંહ પરેં નિજ વિક્રમ શુરા, ત્રિભુવન જન આધારા. ધન્ય૦ ।। ૨ ।। જ્ઞાનવંત જ્ઞાનીશું મલતા, તન મન વચને સાચા; દ્રવ્ય ભાવ સુધા જે ભાષે, સાચી જિનની વાચા. ધન્ય૦ ।। ૩ ।। મુલ ઉત્તર ગુણ સંગ્રહ કરતા, ત્યજતા ભિક્ષા દોષો; પગ

પગ વ્રત દૂષણ પરિહરતા, કરતા સંયમ પોષેા. ધન્ય૦ ॥ ૪ ॥ મેાહ પ્રતેં હણુતા નિત આગમ, ભણુતા સદ્‌ગુરૂ પાસેં, દૂષમ કાલેં પણ ગુણવંતા. વરતે શુભ અભ્યાસેં ધન્ય૦ ॥ ૫ ॥ છઠ્ઠું ગુણઠાણું ભવ અડવી, ઉલંઘણ જેણે લહિઉં, તસ સેાભાગ સકલ મુખ એકે, કેમ કરિ જાએ કહિઉં. ધન્ય૦ ॥ ૬ ॥ ગુણ ઠાણાની પરિણતિ જેહની, ન છીપે ભવ જંજાલે; રહેશેલડી ઢાંકી રાખી, કેતેા કાલ પરાલેં. ધન્ય૦ ॥ ૭ ॥ તેહવા ગુણ ધરવા અણધીરા, જે પણ સૂધું ભાષી; જિનશાસન શેાભાવે તે પણ, સુધા સંવેગ પાખી. ધન્ય૦ ॥ ૮ ॥ સદ્‌હણા અનુમેાદન કારણ, ગુણથી સંયમ કિરિયા; વ્યવહારેં રહિયા તે ફરસે, જે નિશ્ચય નય દરિયા, ધન્ય૦ ॥ ૯ ॥ દુઃકર કાર થકી પણ અધિકા, જ્ઞાન ગુણે ઇમ તેહેા. ધર્મદાસ ગણી વચને લહિયેં, જેહને પ્રવચન નેહેા. ધન્ય૦ ॥ ૧૦ ॥ સુવિહિત ગચ્છ કિરિયાનેા ધેારી, શ્રી હરિભદ્ર કહાય; એહ ભાવ ધરતેા તે કારણ, મુઝ મન તેહ સુહાય. ધન્ય૦ ॥ ૧૧ ॥ સંયમ ઠાણ વિચારી જોતાં, જો ન લહે નિજ સાખેં; તેા જીહું બેાલીને દુરમતી, શું સાધે ગુણ પાખે. ધન્ય૦ ॥ ૧૨ ॥ નવિ માયા ધર્મે નવિ કહેવું, પરજનની અનુવૃત્તિ, ધર્મ વચન આગમમાં કહિયેં, કપટ રહિત મન વૃત્તિ, ધન્ય૦ ॥ ૧૩ ॥ સંયમ વિણ સંયતતા થાપે, પ પશ્રમણ તે ભાખ્યેા; ઉત્તરાધ્યયને સરલ સ્વભાવે, શુદ્ધ પરૂપક દાખ્યેા, ધન્ય૦ ॥ ૧૪ ॥ એક બાલ પણ કિરિયા નયેં તે, જ્ઞાન નયેં નવિ બાલા; સેવા યેાગ્ય સુસંયતને તે, બેાલે ઉપદેશ માલા, ધન્ય૦ ॥ ૧૫ ॥ કિરિયા નયેં પણ એક બાલ તે, જે લિંગી

મુનિરાગી; જ્ઞાનયોગમાં જસ મન વરતે, તે કિરિયા સોભાગી. ધન્ય૦ ।। ૧૬ બાલાદિક અનુકૂલ ક્રિયાથી, આપેં ઇચ્છા યોગી; અધ્યાતમ મુખ યોગ અભ્યાસેં કેમ નવ કહિયેં યોગી. ધન્ય૦ ।। ૧૭ ।। ઉચિત ક્રિયા નિજ શક્તિ છાંડિ, જે અતિ વેગે ચઢતો; તે ભવ થિતિ પરિપાક થયા વિણ, જગમાં દિસે પડતો. ધન્ય૦ ।। ૧૮ ।। માચે મોટાઈમાં જે મુની, ચલવે ડાકડમાલા; શુદ્ધ પરૂપણ ગુણ વિણ ન ઘટે, તસ ભવ અરહટ માલા. ધન્ય૦ ।। ૧૯ ।। નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રથ ભણી જન વંચે, લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે. ધન્ય૦ ।। ૨૦ ।। યોગગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે; ફોકટ મોટાઇ મન રાખે, તસ ગુણ દુરેં નાસે ધન્ય૦ ।। ૨૧ ।। મેલે વેશેં મહિયલ મ્હાલે, બક પરેં નીચો ચાલે; જ્ઞાન વિના જગ ધંધે ધાલે, તે કેમ મારગ ચાલે ધન્ય૦ ।। ૨૨ ।। પરપરિણતિ પોતાની માને, વરતે આરતધ્યાને, બંધ મોક્ષ કારણ ન પીછાને, તે પહિલે ગુણઠાણે ધન્ય૦ ।।૨૩ ।। કિરિયા લવ પણ જે જ્ઞાનીનો, દ્રષ્ટી થિરાદિક લાગે; તેથી સુજશ લહિજેં સાહિબ, સીમંધર તુજ રાગે ધન્ય૦ ।।૨૪।।

ઢાલ ૧૬ મી.

" સફલ સંસાર અવતાર એ હું ગુણું—એ દેશી "

સ્વામી સીમંધરા તું ભલેં ધ્યાઇએં, આપણો આત્મા જેમ પ્રકટ પાઇયેં; દ્રવ્ય ગુણ પજજવા તુજ યથા નિર્મલા, તેમ મુજ શક્તિથી જઈ વિભવ સામલા. ।।૧।। ચાર છે

ચેતનાની દિશા અવિતથા, બહુ શયન શયન જાગરણ ચોથીતથા; મિચ્છ અવિરત્ત સુયત તેરમેં તેહની, આદિ ગુણ ઠાણે નયચક્ર માંહેં મુણી. ।। ૨ ।। ભાવ સંયોગ જા કર્મ ઉદયાગતા, કરમ નવિ જીવન વિમૂલતેન નવિ છતા; ખડીયથી ભિતિમાં જેમ હોએ શ્વેતતા, ભીતિ નવી ખડીય નવી તેહ ભ્રમ સંગતા. ।। ૩ ।। દેહન વિચ્ચન નવિ જીવન વિચિત્ત છે, કર્મ નવિ રાગ નવિ દ્વેષ નવિ ચિત્ત છે, પુદ્ગલિભાવ પુદ્ગલપણે પરિણમેં, દ્રવ્ય નવિ જૂઓ જૂઓ એક હોવે કિમે. ।। ૪ ।। પંથી જન લુંટતાં ચોરને જેમ ભણે, વાટેં કો લુંટિયેં તેમજ મુઢોગિણે, એક ક્ષેત્રે મલ્યા આણુતણી દેખતો, વિકૃતિ એ જીવની પ્રકૃતિ ઉવેષતો. ।। ૫ ।। દેહ કર્માદિ સવિ કાજ પુદ્ગલતણા, જીવના તેહ વ્યવહાર માને ઘણા, સયલ ગુણ ઠાણ જીઅ ઠાણ સંયોગથી, શુદ્ધ પરિણામ વિણ જીવ કાર્ય નથી. ।। ૬ ।। નાણ દંસણ ચરણ શુદ્ધ પરિણામ જે, તંત જોતાન છે જીવથી ભિન્ન તે, રત્ન જેમ જ્યોતિથી કાજ કારણપણે, રહિત એમ એકતા સહજ નાણી મુણે. ।।૭।। અંશ પણ નવિ ઘટે પૂરણ દ્રવ્યતા, દ્રવ્ય પણ કેમ કહું દ્રવ્યના ગુણ વિના, અકાલનેં અલખ એમ જીવ એક અતિ તંતથી, પ્રથમ અંગે વંદિઓ અપદને પદનથી ।।૮।। શુદ્ધતા ધ્યાન એમ નિશ્ચયેં આપનું, તુજ સમ યતિ ઓષધ સકલ પાપનું, દ્રવ્ય અનુયોગ સંમતિ પ્રક ખથી લહી, ભક્તિ વૈરાગ્યને જ્ઞાન ધરિયેં સહી. ।। ૯ જેહ અહંકાર મમકારનું બંધનં; શુદ્ધ નય તે દહે દહ જેમ ઈંધનં, શુદ્ધ નય દીપિકા મુક્તિ મારગ ભણી, શ

નય આથ છે સાધુને આપણી. ।। ૧૦ ।। સકલ ગણી પિટકનું સાર જેણે લહ્યું, તેહને પણ પરમ સાર એહજ કહ્યું; ઓઘ નિયુક્તિનાં એહ વિણ નવિ મિટે, દુઃખ સવિ વચનએ પ્રથમ અંગે ઘટે. ।।૧૧।। શુદ્ધ નય ધ્યાન તેહને સદા પરિણમે, જેહને શુદ્ધ વ્યવહાર હીયડે રમે; મલિન વસ્ત્રે યથા રાગ કુંકમ તણો, હીન વ્યવહાર ચિત્ત એહથી નવિ ગુણો. ।। ૧૨ ।। જેહ વ્યવહાર સેઢી પ્રથમ છાંડતા, એક એ આદરે આપ મત માંડતાં; તાસ ઉતાવલે નવિ ટલે આપદા, ક્ષુધિત ઇચ્છાએ ઉંબર ન પાચે કદા. ।।૧૩।। ભાવ લવ જેહ વ્યવહાર ગુણથી ભલે, શુદ્ધ નય ભાવના તેહથી નવિ ચલે; શુદ્ધ વ્યવહાર ગુરૂ યોગ પરિણત-પણું, તેહ વિણ શુદ્ધ નયમાં નહિ તે ઘણું. ।। ૧૪ ।। કેઈ નવિ ભેદ જાણે અપરિણત મતી, શુદ્ધ નય અવિહિ ગંભીર છે તે વતી; ભેદ લવ જાણતાં કેઈ મારગ તજે, હોય અતિ પરિણતી પર સમય સ્થિતિ ભજે. ।। ૧૫ ।। તેહ કારણ થકી સર્વ નય નવિ કહ્યા, કાલિક શ્રુતમાંહે તીન પ્રાયે લહ્યા; દેખી આવશ્યકે શુદ્ધ નય ધુરે ભણી, જાણીયે ઊલટી રીતી બોટિકતણી. ।।૧૬।। શુદ્ધ વ્યવહાર છે ગચ્છ કિરિયાથિતિ, દુષ્પ સહ જાવ તીરથ કહ્યું છે નીતિ; તેહ સંવિગ્ન ગીતાર્થથી સંભવે, અવર એરંડ સમ કોણ જગ લેખવે. ।। ૧૭ ।। શાસ્ત્ર અનુસાર જે નવિ હઠે તાણિયે, જીત દાખે જિહાં સમય સારૂ બુધા, નામ ને ઠામ કુમતે નહી જસ મુધા. ।। ૧૮ ।। નામ નિર્ગ્રંથ છે પ્રથમ એહનું કહ્યું, પ્રથમ અડપાટ લગે ગુરૂ ગુણે સંગ્રહ્યું, મંત્રી કોટી જપી નવમ પાટે યદા, તેહ કારણ થયું નામ

કોટીક તદા ।। ૧૯ ।। પન્નરમેં પાટેં શ્રી ચંદ્રસૂરે કહ્યું, ચંદ્રગચ્છ નામ નિર્મલપણે વિસ્તર્યું; સોલમેં પાટ વનવાસ નિર્મમમતિ, નામ વનવાસી સામંત ભદ્રોયતિ. ।। ૨૦ ।। પાટ છત્રીશમેં સર્વ દેવાભિધા, સૂરિવડ ગચ્છ તિહાં નામ શ્રવણે સુધા; વડ તલેં સૂરિપદ આપીઉં તે વતી, વલીય તસ બહુ ગુણે જેહ વાંદયાયતી. ।। ૨૧ ।। સૂરિ જગચંદ જગ સમરસ ચંદ્રમા, જેહ ગુરૂ પાટે ચઉ અધિક ચાલીસમાં; તેહ પામ્યું તપા નામ બહુ તપ કરી, પ્રગટ આઘાટપુરી વિજય કમલાવરી. ।। ૨૨ ।। એહ પટ નામ ગુણ ઠામ તપ ગણુતણા, શુદ્ધ સદ્દહણ ગુણ રયણ એહમાં ઘણા; એહ અનુગત પરંપર ભણી સેવતા, જ્ઞાન યોગી વિબુધ પ્રગટ જગ દેવતા. ।। ૨૩ ।। કોઇ કહે મુક્તિ છે વિણતાં ચીથરાં, કોઇ કહે સહજ જમતાં ઘર દહિયરાં; મૂઢએ દોય તસ ભેદ જાણે નહી, જ્ઞાન યોગેં ક્રિયા સાધતાં તે સહી. ।। ૨૪ ।। સરલ ભાવેં પ્રભો શુદ્ધ એમ જાણતાં, હું લહું સુજસ તુજ વચન મન આણતાં; પૂર્વ સુવિહિત તણા ગ્રંથ જાણી કરી, મુજ હોજ્યો તુજ કૃપા ભવ પયોનિધિ તરી. ।। ૨૫ ।।

ઢાલ ૧૭ મી.

“ કડખા ” ની દેશી છે.

આજ જિનરાજ મુજ કાજ સિદ્ધા સવે, વીનતિ માહરી ચિત્ત ધારી; માર્ગ જો મેં લહ્યો તુજ કૃપા રસ થકી, તો હુઈ સંપદા પ્રગટ સારી. ।। આજ૦ ।। ૧ ।।

વેગલો મત હુ જે દેવ મુજ મન થકી, કમલના વન થકી જેમ પરાગો; ચમક પાષાણ જેમ લોહને ખેંચશે, મુકિતને સેહેજ તુજ ભકિત રાગો. ।। આજ૦ ।। ૨ ।। તું વસેજો પ્રભો હર્ષ ભર હીયડલે, તો સકલ પાપનો બંધ તુટે; ઉગતે ગગન સૂરય તણે મંડલે, દહ દિશિ જેમ તિમિર પડલ ફૂટે. ।। આ૦ ।। ૩ ।। સીંચજે તું સદા વિપુલ કરૂણા રસેં, મુજ મને શુદ્ધ મતિ કલ્પવેલી, નાણ દંસણ કુસુમ ચરણ વર મંજરી, મુકિત ફલ આપશે તે એકેલી. ।।આ૦ ।। ૪ ।। લોક સંજ્ઞા થકી લોક બહુ વાઉલો, રાઉલો દાસ તે સવિ ઉવેષે; એક તુંજ આણસું જેહ રાતા રહે, તેહને એહ નિજ મિત્ર દેખે. ।। આજ૦ ।। ૫ ।। આણ જિન ભાણ તુજ એક હું શિર ધરૂં, અવરની વાણી નવિ કાને સુણિયેં; સર્વ દર્શન તણું મૂલ તુજ શાસનં, તેણ તે એક સુવિવેક થુણિયેં. ।। આજ૦ ।। ૬ ।। તુજ વચન રાગ સુખ સાગરે હું ગણું, સકલ સુર મનુજ સુખ એક બિન્દૂ; સાર કરજો સદા દેવ સેવક તણી, તું સુમતિ કમલિની વનદિણુંદૂ. ।। આજ૦ ।। ૭ ।। જ્ઞાન યોગે ધરી તૃપ્તિ નવિ લાજિયે, ગાજિયે એક તુજ વચન રાગેં, શકિત ઉલ્લાસ અધિકો હુ સે તુજ થકી, તું સદા સકલ સુખ હેત જાગેં. ।। આજ૦ ।। ૮ ।। વડ તપાગચ્છ નંદન વને સુરતરૂ, હીરવિજયેાસૂરિ રાયા; તાસ પાટે વિજય સેનસૂરિ સરૂ, નિતનમે નરપતિ જાસ પાયા. ।। આજ૦ ।।૯।। તાસ પાટેં વિજય દેવસૂરિ સરૂ, પાટ તસ ગુરૂ વિજયસિંહ ધેારી, જાસહિત સીખથી માર્ગએ અનુસર્યો, જેહથી સવિ ટલી કુમતિ ચેારી. ।। આજ૦ ।।૧૦।। હીર ગુરૂ શીસ અવતંસ

મોટો હુઓ, વાચકો રાજ કલ્યાણવિજયો; હેમ ગુરૂ સમ વડે શબ્દ અનુશાસને, શીસ તસ વિબુધ વર લાભવિજયો. ॥ આજ૦ ॥ ૧૧ ॥ શીસ તસ જિતવિજયો જયો વિબુધ વર, નયવિજય વિબુધ તસ સુગુરૂ ભાયા, રહિ અકાશી મઠે જેહથી મેં ભલે, ન્યાયદર્શન વિપુલ ભાવ પાયા. ॥ આજ૦ ॥૧૨॥ જેહથી શુદ્ધ લહિયે સકલ નય નિપુણ, સિદ્ધ સેનાદિ કૃત શાસ્ત્ર ભાવા; તેહએ સુગુરૂ કરૂણા પ્રભો તુજ સુગુણ, વયણ રયણાયરી મુજ નાવા. ॥આજ૦॥૧૩॥

કળસ.

ઇમ સકલ સુખકર દુરિત ભય હર સ્વામી શ્રીમંધરતણી, એવી–નતિ જે સુણે ભાવે તે લહે લીલા ઘણી; શ્રી નયવિજય બુધ ચરણ સેવક જસવિજય બુધ આપણી; રૂચિ શાન્તિ સારૂં પ્રગટ કીધી શાસ્ત્ર મર્યાદા ભણી. ॥૧॥

॥ ઇતિ શ્રી સીમંધરજીન વિજ્ઞપ્તિ સંપૂર્ણ. ॥

अथ श्री गोडीपार्श्वनाथजीनुं पंचढालीयुं प्रारंभः

ढाल १ ली.

પાસ જિણંદ પ્રસિદ્ધ સિદ્ધ, ગોડીપુર મંડણ; મહિમા મંદિર મોહ મયણ, મિથ્યાત વિહંડણ, એકલ મલ્લ અનેક રૂપ, અગણિત ગુણ આગર; ત્રિભુવન બંધવ ધવલ ધિંગ, કરૂણા રસ સાગર. ।। ૧ ।। જિન તુમ અજબ સરૂપ સકલ, કલ અકલ અગોચર; નલહે અલહે ઉતપતિ થગતિ, થિતિ ભટકે જો ચર; વૃદ્ધ વચન જીરણ લિખિત, અનુસારે જાણી; થુણશું સ્વામી નિરીહપણે, સુણજો ભવિ પ્રાણી. ।। ૨ ।। વિધિપક્ષ ગચ્છ મહેંદ્ર સૂરિ, ગચ્છેશ નિદેશે; શાખા ચારજ અભયસિંહ, સૂરિ ઉપદેશે; ગોત્ર મીઠડીયા ઓસ વંશ પાટણ પુરવાસી; સાહ મેઘો જેણે સાત ધાત, જિન ધર્મે વાસી. ।। ૩ ।। ચૌદ બત્રીસે ફાગણ શુદિ, બીજને ભૃગુવારે; ખેતા નોડી તાત માત, નિજ સુકૃતસારે; તેણું પઇઠા પાસ બિંબ, લેહવા નર ભવ ફળ; ચઉવિહ સંઘ હજુર હરખે, ખરચી ધન પરિગલ. ।। ૪ ।। ભક્તિ યુક્તિ અતિ થકિત ચિત્ત, નિત્ય નિર્મળ સારી; પણ પિસતાલે તુરક ભયે, પ્રતિમા ભંડારી; મલક મહાબલ હુસનખાન, કીધો ઉતારો; પાંસઠે તેણું ઠામ જોર, ગુજરાતી વારો. ।। ૫ ।। તરલ તુરંગ કિશોર અસુર, કરતા હય હણુતા; કેઈ એરાકી ઉછલંત, ખુરીયે ભુંઈ ખણુતા; બાંધણ ત્યાંહિ ઘોડાર માંહિ, ખીલી ખોશંતાં; પ્રકટ થયા તિહાં

પાસ બિંબ, સુખદાયક સંતા. ॥ ૬ ॥ બિજમતગાર નફર ફજર, નજરે ગુજરાવે; હોઈ ખુશાલ નિહાલ મલક, યાકોણ કહેલાવે; બાન પડિલ કોઈ વણિક સુતા, તસુ હુરમ ભણે ઈમ; કીજે ઈસકું દંડવ્રત, સદા તાજિમ દાજિમ. ॥ ૭ ॥ યહ મજબુત બહુત કૌત, હે ભૂત હિંદુકા; ધરિયે ઈસ શિર જાફરાન, સિંદલકા ભૂકા; એણી પરે રહેતાં તેણે ઠામે, વહોલ્યા દિન કેઈ; સિંતેરે જે વાત હુઇ, સુણજો મન દેઇ. ॥ ૮ ॥

ઢાલ ૨ જી.

ચુનડીની દેશીમાં.

ઈણે અવસરે પુર પારકરે, રાણો એંગાર રાજનરે; તેહને દરબારે દીપતો, સંઘવી કાજલ પરધાનરે. ઈણે૦ ॥ ૧ ॥ તસ બન્હેવી નિજ કુલનિલેા, દેવાણંદ શાહ છે દયાળ રે; મેઘો બેતા ઉત પાડણે, વ્યાપાર કરે ધૂતાલ રે ઈણે ॥ ૨ ॥ સુપનાંતર સુર કહે શાહને, છે મ્લેચ્છ મહોલ જિન બિંબરે; તસ દામ સવાસો દેઇને, લેજો મ કરજો વિલંબરે. ઈણે૦ ॥ ૩ ॥ પ્રતિમા લેઈ આવે ગુરૂ કન્હે, જોઇ કહે શ્રીમેરૂતુંગરે; તુમ દેશે એ અતિ અતિશયી, તીરથ થાશે ઉત્તંગ રે. ઈણે૦ ॥ ૪ ॥ કરિયાણું લઇ પોહોચ્યે ઘરે, મૂરતી ઠવેરૂ માંહેરે; પંથે કોઇ ન ગણે પોઠીઆ, વાધ્યેા ઘણેા મોહ ઉચ્છાહે રે; ઈણે૦ ॥ ૫ ॥ સમજાવે નામૂ. શેઠને, જંપે દેજો મુજ રાસરે; માંડો એ નામે માહરે, પ્રતિમા રહેશે અમ પાસરે, ઈણે૦ ॥ ૬ ॥

મેઘો કહે લેખો રાખશું, પણ તે સઘલો તિણ ઠામરે; ગાડું ભરી ચાલે થળ દિશે, વાસો વસે ગોડી ગામરે. ઇણે૦ ।। ૭ ।। સુહણે સુર કહે ગહુંલી જિહાં, માંડો પ્રાસાદ મંડાણરે; નાણું તિહાં ધન શ્રીફલ તલે, મીઠું જળ પાહાણની ખાણરે. ઇણે૦ ।। ૮ ।।

ઢાલ ૩ જી.

નિદ્રડી વેરણ હુઈ રહી. દેશી.

હાંજી ઉદયપાલ ઠાકુર તિહાં જોરાવર હો ખેતશી લુણોતકે; ઇહાં રહો નિરભય શાહજી, આદરશું હો કહે દેહ મહોતકે; ધન ધન ગોડી જગ ધણી, પોહવી પાલે હો પ્રાજે જસ પીઠ કે. ધન૦ ।। ૧ ।। આવે શિલાટ દેશાતરી, યક્ષ પ્રેર્યો હો કરે પ્રથમ તૈયાર કે; ભૂમિ કરૂં પ્રભુ બેસવા, રહે ચિહું દિશિ હો લશકર હુશિયાર કે. ધન૦ ।। ૨ ।। પુખતી બંધાવી પીઠિકા, વર દિવસે હો જાણે અહિનાણકે; સખર ગંભારો શિખરશું, મધ્ય મંડપ હો સવિ મોક્ષ મંડાણ કે. ધન૦ ।। ૩ ।। પખાસણે બેઠા પાસજી, ભરેઓ કરી હો પૂજે ભલે ભાવકે; સજળ મધૂર જળ લહકતી, વરદાયી હો બંધાવી વાવકે. ધન૦ ।। ૪ ।। એહવે ચઉદ ચોરાણુયે, આયુ યોગે હો કર્યો મેઘે કાલકે; ભાણેજે આણી ઘરે, કાજલશા હો કરે ચૈત્યની ચાલકે. ધન૦ ।। ૫ ।। રંગ મંડપ રચના બની, અતિ ઉંચા હો થંભ ઠામો ઠામ કે; કોડે કરાવે કોરણી, વિત્ત વાવરી હો થિર કીધું છે નામ કે. ધન૦ ।। ૬ ।। વલીરે મહાજનના સહાયશું, મેઘાના હો સુત ચલવે કામ કે; મુખ્ય મંડપ શુભ

માંડણી, કરી જિનહર હો છોળંધ અભિરામ કે. ધન૦ ॥ ૭ ॥ ચોવીશવટ્ટો પંચાણુંએ, તેણે થાપ્યો હો આગળ રહી જેહ કે; ચોવીશ ગોત્રની દેહરી, મહાજનની હો, ફરતી છે તેહકે. ॥ ૮ ॥

ઢાલ ૪ થી.

ધણરા ઢાલા. દેશી.

ઇણી પરે વર્તે બહુને રે, માંહો માંહે વિવાદ; ગિરૂઓ ગોડી; ગોડી ગાજેજી જીણંદ, તેજે દીપેજી દિણંદ, જગ મહિમા અગમ અપાર; ગિરૂ૦ પણ સરખા રાખે પ્રભુરે, વધવા ન દીયે વિખવાદ. ગિરૂ૦ ॥ ૧ ॥ બનેવી મ્હોટો હશે રે, એ છે પૂજક પ્રાય. ગિરૂ૦ મેઘના સંતત હજીયે, તેણે ગોઠી કહેવાય. ગિરૂ૦ ॥ ૨ ॥ શિખર દંડ વડી ધ્વજારે, ચઢતાં કરે રે કલેશ. ગિરૂ૦ આજ લગે છે એહને રે, ઇમ બહુ વચન વિશેષ. ગિરૂ૦ ॥ ૩ ॥ અંગુલી બાંધી એકઠી રે, પૂજન લીજે કદાચ; ઠાકુર લે નહીં મુંડકુંરે, એ બિહુનું અધ્યાપ. ગિરૂ૦ ॥ ૪ ॥ ઉદયવંત અતિ ઉજળા રે, વિધિ પક્ષ શ્રાવક એહ. ગિરૂ૦ તેખદાર દિલ દોલતીરે, પ્રભુજીશું પૂરણ સનેહ. ગિરૂ૦ ॥ ૫ ॥ સમકિત ધારી જગતોરે, ધિંગ ધવલ ધરધીર. ગિરૂ૦ સાહ્ય કરી આગળ રહ્યો રે, બગધર બેતલ વીર. ગિરૂ૦ ॥ ૬ ॥ અધિકુ ઓછું જે કહ્યું રે, તે બમજો મહારાજ. ગિરૂ૦ ઠેકાણાબંધ પણ બરી રે, વાત છે ગરીબ નિવાજ. ગિરૂ૦ ॥ ૭ ॥ પહેલાં સ્તવન ભણ્યા ઘણાં રે, તિહાં બાબા

સંવાદ. ગિરૂ૦ સજ્જન સાચો સદ્દહજો રે, શોરે જૂઠામાં સવાદ. ગિરૂ૦ ॥ ૮ ॥

ઢાલ ૫ મી.

ધન્યાશ્રી રાગ

જયો જયો ગોડી શ્રી પાસ જિનેશ્વર ભકત વત્સલ ભગવાનરે; દેવળ બાર ને બીજીરે પ્રતિમા, વિષમા થળ વિચ થાનરે; જયો૦ ॥ ૧ ॥ આયુધ ધારી નીલે ઘોડે, આપ થઈ અશવાર રે; કિયાં રે બાળકઅવધુત ભુજંગમ, દેખાડે દીદાર રે. જયો૦ ॥ ૨ ॥ આવે સંઘ અનેક વિદેશી, નિરૂપમ મહિમા માટરે; ચોર ચરડનું કાંઈ ન ચાલે, વિઘ્ન નિવારે વાટરે; જયો૦ ॥ ૩ ॥ જંગલ ભૂલ્યા રાત્રે જાત્રુ, તતક્ષણ લેતા નામરે; દીવી રે ઘરી માર્ગ દેખાડે, મુકે ચિંતિત ઠામરે. જયો૦ ॥ ૪ ॥ દરિયા વિચ માંહે વ્હાણ ડોલંતા, સમરંતા દીયે સાદરે; સયલ અસુર સુર નરવર સેવે, નવિ લોપે મરજાદરે. જયો. ॥ ૫ ॥ વિષહર વૈરી વ્યાધિ વૈશ્વાનર, ભય ભાંજે હરિ ભ્રાંત રે ॥ પ્રાયે કેહને અધિક ન રાખે, પંચ દિવસ ઉપરાંતરે. જયો૦ ॥ ૬ ॥ આ ભવે વંછિત સકલ હોવે, પણ કર્મ નિબિડ બંધ કોયરે, ધ્યાન શુદ્ધે સમકિત નિર્મલતા, સ્વર્ગ મુક્તિ ફળ હોયરે જયો૦ ॥ ૭ ॥ દ્રવ્ય ભાવ વિધિ પૂજે પ્રણમો, નામ જપો નર નારરે, સ્તવન ગુણો મદ મત્સર મુકી; ઉત્પતિ સાચી મન ધારરે. જયો૦ ॥ ૮ ॥ કળશ; ઇમ થુણ્યો ગોડી પાસ સ્વામી, હુકૂમ પામી જેહનો; દશ દિશે પસરતો

અરતિ હરતો, પ્રગટ પરતો જેહનો; શ્રી અમર સાગર સૂરિ અચળ, ગચ્છપતિ રાઉ પસાઉલે; પય નમી લખમીચંદ્ર વાચક, શિષ્ય લાવણ્ય ઈમ ભણે. ॥ ૯ ॥

અથ શ્રી મહાવીરસ્વામીનાં પાંચ કલ્યાણિકનું ચોઢાળીયું.

॥ દોહા ॥

પ્રેમે પ્રણમું સરસ્વતી, માગું અવિરલ વાણી; વીર તણા ગુણ ગાયશું, પંચ કલ્યાણિક જાણી. ॥ ૧ ॥ ગુણ ગાતા જિનજી તણા, લહીયે ભવનો પાર; સુખ સમાધિ હોય જીવને, સુણજો સહુ નર નાર. ॥ ૨ ॥

ઢાલ ૧ લી.

જંબુદ્વીપના ભરતમાં જો, રૂડું મહાણકુંડ છે ગામજો; રૂષભદત્ત માહણ તિહાં વસેજો. તસ નારી દેવાનંદા નામજો. ॥ ૧ ॥ ચરિત્ર સુણો જિનજી તણો જો, જેમ સમકિત નિર્મલ થાય જો; અષ્ટ મહાસિદ્ધિ સંપજે જો, વલી પાતક દૂર પલ્લાયજો. ॥ ચરિત્ર૦ ॥ ૨ ॥ ઉજલી છઠ અષાઢની જો યોગે ઉત્તરા ફાલગુની સાર જો; પુષ્પોત્તર સુવિમાનથી જો, ચવી કુંખે લીએો અવતાર જો. ॥ ચરિત્ર૦ ॥ ૩ ॥ દેવાનંદા તેણી રયણીયેજો, સુતાં સ્વપન લહ્યાં દશચાર જો;

ફળ પુછે નિજ કંતને જો, કહે રૂષભદત્ત મન ધારજો. ।। ચરિત્ર૦ ।। ૪ ।। ભોગ અરથ સુખ પામશું જો, તમે લહેશો પુત્ર રતન્ન જો; દેવાનંદા તે સાંભળી જો, કીધું મનમાં તહત્તિ વચન જો. ।। ચરિત્ર૦ ।। ૫ ।। સંસારિક સુખ ભોગવે જો; સુણો અચરજ હુઓ તેણી વાર જો; સુધર્મ ઇંદ્ર તિહાં કણે જો, જોઈ અવધિતણે અનુસારજો. ।। ચરિત્ર૦ ।।૬।। ચરમ જિણેસર ઉપના જો, દેખી હરખ્યા ઇંદ્ર મહારાજ જો; સાત આઠ પગ સામો જઇજો, ઇમ વંદન કરે શુભ સાજ જો. ।। ચરિત્ર૦ ।। ૭ ।। શક્ર સ્તવ વિધિશું કરી જો; ફરી બેઠા સિંહાસન જામજો, મન વિમાસણમાં પાયું જો, ચિત્ત ચિંતવે સુરપતિ તામજો. ।। ચરિત્ર૦ ।।૮।। જિન ચક્રી હરીરામજી જો, અંત પંત માહણ કુલે જોયજો; આવ્યા નહી નહી આવસેજો; એ તો ઉગ્ર-ભોગરાજ કુલે હોયજો. ।।ચરિત્ર૦।।૯।। અંતિમ જિણેસર આવિયાજો, એતો માહણકુળમાં જોણજો; એતો અછેરાં ભૂત છે જો; થયું હુંડા અવસર્પિણી તેમજો. ।।ચરિત્ર૦।।૧૦।। કાલ અનંત જતે થકેજો, એહવાં દશ અછેરાં થાય જો; ઇણ અવસર્પિણીમાં થયા જો, તે કહીજે ચિત્ત લાય જો. ।। ચ૦ ।। ૧૧ ।। ગર્ભ હરણ ઉપસર્ગનો જો; મૂળ રૂપે આવ્યા રવિચંદ્ર જો; નિષ્ફળ દેશના જે થઇ જો, ગયો સૌધર્મ ચમરેંદ્રજો. ।। ચ૦ ।। ૧૨ ।। એ શ્રીવીરની વારમાં જો, કૃષ્ણ અમર કંકા ગયા જાણજો; નેમનાથને વારે સહીજો, સ્ત્રી તીર્થ મલ્લી ગુણ ખાણજો. ।। ચ૦ ।। ૧૩ ।। એકસો આઠ સિદ્ધા રૂષભને જો, વારે સુવિધિને અસંયત્તિ જો;

શીતળનાથ વારે થઈ જો, કુળહરિવંશની ઉતપત્તિજો. ॥ ચ૦ ॥૧૪॥ એમ વિચાર કરી ઇંદ્રજીજો, પ્રભુ નીચ કુલે અવતારજો; તેહનું કારણ શું અછેજો, ઇમ ચિંતવે હૃદય મુઝારજો. ॥ ચ૦ ॥ ૧૫ ॥ ઇતિ.

ઢાલ ૨ જી.

ભવ મોટા કહીએ પ્રભુના સત્તાવીશજો, મરિચી ત્રીદંડી તે માંહે ત્રીજેભવે રેજો; તિહાં ભરત ચક્રીસર વાંદે આવી જોયજો, કુળનો મદ કરી નીચ ગોત્ર બાંધ્યું તેહ વેરે જો. ॥ ૧ ॥ એતો માહણ કુળમાં આવ્યા જિનવર દેવજો, અતિ અણુજુગતું એહ થયું થાશે નહીરે જો; જે જિનવર ચક્રી નીચ કુલ માંહેજો, છે માહરો આચાર ધરૂં ઉત્તમ કુલે સહીરે જો. ॥ ૨ ॥ એમ ચિંતવી તેડયો હરિણુગમેષી દેવજો, કહે માહણ કુંડે જઇને એ કારજ કરો રે જો; છે દેવાનંદાની કુંખે ચરમ જીણંદ જો; હર્ષ ધરીને પ્રભુને ત્યાંથી સંહરો રે જો. ॥ ૩ ॥ નયર ક્ષત્રી કુંડ રાય સિદ્ધારથ ગેહજો, ત્રિશલા રાણી તેહની છે રૂપે ભલી રે જો; તસ કુંખે જઈ સંક્રમાવો પ્રભુને આજજો, ત્રિશલાનો જે ગર્ભ અછે તે માહણ કુલે રે જો. ॥ ૪ ॥ જેમ ઇંદ્રે કહ્યું તેમ કીધું તતક્ષણે તેણ જો; બ્યાશી રાતને અંતરે પ્રભુને સંહર્યા રે જો; માહણી સુપનાં જાણે ત્રિશલા હરીને લીધજો, ત્રિશલા દેખી ચૌદ સુપન મનમાં ધર્યાં રે જો. ॥ ૫ ॥ ગજ, વૃષભ, અને સિંહ, લક્ષ્મી ફૂલની માલજો ચંદો, સૂરજ, ધ્વજ, કુંભ, પદ્મ સરોવર રે જો; સાગરને દેવ વિમાનજ રત્નની રાશીજો, ચૌદમે સુપને

દેખી અગ્નિ મનોહરૂ રે જો. ।।૬।। શુભ સુપના દેખી હરખી ત્રિશલા માત જો, પરભાતે ઉઠીને પીયુ આગળ કહે રે જો; તે સાંભળી દિલમાં રાય સિદ્ધારથ નેહજો, સુપન પાઠક તેડીને પૂછી ફળ લહે રે જો. ।। ૭ ।। તુમ હોશે રાજ અરથને સુત સુખ ભોગ જો, સુણી ત્રિશલા દેવી સુખે ગર્ભ પોષણ કરે રે જો; તવ માતા હેતેં પ્રભુજી રહ્યા સંલીનજો, તે જાણીને ત્રિશલા દુઃખ દિલમાં ધરે રે જો. ।। ૮ ।। મેં કીધાં પાપ અઘોર ભવોભવ જેહજો, દૈવ અટારો દોષી દેખી નવિ શકેરે જો, મુજ ગર્ભ હર્યો જે કેમ પામું–હવે તેહજો, રાંક તણે ઘર રત્ન ચિંતામણિ કિમ ટકેરેજો. ।। ૯ ।। પ્રભુજીએ જાણી તતખિણ દુઃખની–વાતજો, મોહ વિટંબન જલીમ જગમાં જે લહું રે જો, જુઓ દીઠા વિણપણ એવડો જાગે મોહ જો, નજરે આંધ્યા પ્રેમનું કારણ શું કહું રે જો ।। ૧૦ ।। પ્રભુ ગર્ભ થકી હવે અભિગ્રહ લીધો એહજો, માત પિતા જીવતાં સંયમ લેશું નહી રે જો; એમ કરૂણા આણી તુરત હલાવ્યું અંગજો, માતાને મન ઉપન્યો હર્ષ ઘણો સહીરે જો. ।। ૧૧ ।। અહોભાગ્ય અમારૂં જાગ્યું સહિયર આજજો, ગર્ભ અમારો હાલ્યો સૌ ચિંતા ગઈ રે જો એમ સુખભર રહેતાં પૂરણ હુઆ નવ માસજો, તે ઉપર વલી સાડી સાત રયણી થઇરે જો ।।૧૨।। તવ ચૈત્ર તણી શુદિ તેરસ ઉત્તરા રિખ્ખ જો, જનમ્યા શ્રી જિન વીર હુઇ વધામણીરે જો; સહુ ધરણી વિકસી જગમાં થયો પ્રકાશ જો, સુર નરપતિ ઘર વૃષ્ટિ કરે સોવન તણીરે જો. ।। ૧૩ ।।

ઢાલ ૩ જી.

જનમ સમય શ્રી વીરનો જાણી, આવી છપ્પન કુમારીરે; જગજીવન જિનજી; જનમ મહોત્સવ કરી ગીતજી ગાવે, પ્રભુજીની જાઉ બલિહારી રે. જગ૦ ॥ ૧ ॥ તતક્ષણ ઇંદ્ર સિંહાસન હાલ્યું, સુઘોષ ઘંટા વજડાવીરે; જગ૦ મલીયા કોડી સુરાસુર દેવા, મેરૂ પર્વતે આવી રે, જગ૦ ॥ ૨ ॥ ઇંદ્રો પંચ રૂપે પ્રભુજીને, સુરગિરિ ઉપર લાવે રે; જગ૦ યત્ન કરી હિયડામાં રાખે, પ્રભુને શીશ નમાવે રે. જગ૦ ॥ ૩ ॥ એક કોડી સાઠ લાખ કળસલા, નિર્મલ નીરે ભરિયા રે; જગ૦ નહાનો બાળક એ કેમ સહેશે, ઇંદ્રે સંશય ધરિયારે. જગ૦ ॥ ૪ ॥ અતુલિ બળ જિન અવધે જોઇ, મેરૂ અંગુઠે ચંપ્યોરે; જગ૦ પૃથ્વિ હાલ કલ્લોલ થઈ તવ, ધરણીધર તિહાં કંપ્યોરે. જગ૦ ॥ ૫ ॥ જિનનું બળ દેખીને સુરપતિ, ભક્તિ કરીને ખમાવેરે; જગ૦ ચાર વૃષભનાં રૂપ ધરીને, જિનવરને નવરાવે રે. જગ૦ ॥ ૬ ॥ અમૃત અંગુઠે થાપીને, માતા પાસે મેલે રે; જગ૦ દેવ સહુ નંદીસર જાયે, આવતાં પાતક ઠેલે રે. જગ૦ ॥ ૭ ॥ હવે પ્રભાતે સિદ્ધારથ રાજા, અતિ ઘણાં ઉચ્છવ મંડાવે રે; જગ૦ ચકલે ચકલે નાચ કરાવે, જગતના દાણ છંડાવે રે. જગ૦ ॥ ૮ ॥ બારમે દિવસે સજ્જન સંતોષી, નામ દીધું વર્દ્ધમાન રે; જગ અનુક્રમે વધતા આઠ વરષના, હુઆ શ્રી ભગવાનરે; જગ૦ એક દિન પ્રભુજી રમવા ચાલ્યા, તેવ તેવડા સંઘાતી રે; જગ૦ ઇંદ્ર મુખે પ્રશંસા નિસુણી, આવ્યો સુર મિથ્યાતીરે. જગ૦ ॥ ૧૦ ॥

પન્નગરૂપે ઝાડે વળગ્યેા, પ્રભુજીએ નાંખ્યેા ઝાલીરે; જગ૦ તાડ સમાન વળી રૂપજ કીધું, મુઠીએ નાંખ્યેા ઉછાળીરે. જગ૦ ।। ૧૧ ।। ચરણે નમીને ખમાવે તે સુર, નામ ધરે મહાવીરરે; જગ૦ જેહવા તુમને ઇંદ્રે વખાણ્યા; તેહવા છેા પ્રભુ ધીર રે. જગ૦ ।। ૧૨ ।। માત પિતા નિશાળે ભણવા મૂકે બાળક જાણીરે, જગ૦ ઇંદ્ર આવી તિહાં પ્રશ્નજ પૂછે, પ્રભુ કહે અર્થ વખાણીરે. જગ૦ ।। ૧૩ ।। જોવન વય જાણી પ્રભુ પરણ્યા, નારી જસોદા નામે રે; જગ૦ અઠાવીશે વરષે પ્રભુનાં, માત પિતા સ્વર્ગ પામે રે. જગ૦ ।। ૧૪ ।। ભાઇજીનેા આગ્રહ જાણી, દોય વરસ ઘર વાસી રે; જગ૦ તે હવે લેાકાંતિક સુર બેાલે, પ્રભુ કહેા ધર્મ પ્રકાશી રે. જગ૦ ।। ૧૫ ।।

ઢાલ ૪ થી.

પ્રભુ આપે વરસી દાન ભલું રવિ ઉગતે; જિનવરજી. એક કેાડીને આઠ લાખ સૈાનૈયા, દિન પ્રત્યે જિન૦ માર્ગશીર્ષ વદિ દશમી ઉત્તરાચેાગે મન ધરી; જિન ભાઇજીની અનુમતિ માગીને દીક્ષા વરી. જિન૦ ।। ૧ ।। તેહ દિવસ થકી ચઉનાણી, પ્રભુજી થયા. જિન૦ સાધિક એક વરસ તે ચીવરધારી પ્રભુ રહ્યા; જિન પછી દીધું બંભણને બે વાર ખંડેા ખંડે કરી. જિન પ્રભુ વિહાર કરે એકાકી અભિગ્રહ ચિત્ત ધરી. જિન ।। ૨ ।। સાડા બાર વર્ષમાં ઘેાર પરિસહ જે સહ્યા. જિન શૂલપાણિને સંગમ દેવ ગેાશાળાના કહ્યા. જિન૦ ચંડ કેાશીને ગેાવાળે ખીર રાંધી પગ ઉપરે; જિન૦ કાને ખીલા ખેાસ્યા તે દુષ્ટ સહુ પ્રભુ

ઉદ્ધરે. જિન૦ ॥ ૩ ॥ લેઉ અડદના બાકળા, ચંદન બાળાને તારિયા. જિન૦ પ્રભુ પર ઉપકારી સુખ દુઃખ સમ ધારીયા. જિન૦ છ માસી બે. ને નવ ચોમાસી કહીયેરે. જિન૦ અઢી માસ ત્રિમાસ દોઢમાસ એ બે બે લહીયે રે. જિન૦ ॥ ૪ ॥ ખટ કીધા બે બે માસ પ્રભુ સોહામણા, જિન૦ બાર માસને પખ બહોંતેર તે રળીયામણા. જિન૦ છઠ અસે ઓગણત્રીશ, બાર અઠમ વખાણીયે. જિન૦ ભદ્રાદિક પ્રતિમા દિન બે ચૌદિશિ જાણીએ. જિન૦ ॥ ૫ ॥ સાડાબાર વરસ તપ કીધાં વિણ પાણીયે; જિન૦ પારણાં ત્રણસે ઓગણ પંચાસ તે જાણીયે જિન૦ તવ કર્મ ખમાવી ધ્યાન શુકલ મન ધ્યાવતા; જિ૦ વૈશાખ શુદી દશમી ઉત્તરાયોગે સોહાવતા જિન૦ ॥ ૬ ॥ શાલિવૃક્ષ તલે પ્રભુ પામ્યા કેવળ જ્ઞાન રે, જિન૦ લોકાલોક તણાં પ્રકાશી થયા પ્રભુ જાણ રે; જિન૦ ઇંદ્રભૂતિ પ્રમુખ પ્રતિબોધી ગણધર કીધરે; જિન૦ સંઘ સ્થાપના કરીને ધર્મની દેશના દીધરે. જિન૦ ॥ ૭ ॥ ચૌદ સહસ ભલા અણગાર પ્રભુને શોભતા જિન૦ વલી સાધવી સહસ છત્રીશ કહી નિર્લોભતા જિન૦ ઓગણસાઠ સહસ એકલાખ તે શ્રાવક સંપ્રદા, જિ૦ તિન લાખને સહસ અઢાર તે શ્રાવિકા સમુદા. જિન૦ ॥ ૮ ॥ ચૌદ પૂર્વાધારી ત્રણશે સંખ્યા જાણીયે, જિન૦ તેરશે ઓહિનાણી સાતશે કેવલી વખાણીયે; જિન૦ લબ્ધિધારી સાતશેં વિપુલમતિ વલી પાંચશેં, જિન૦ વળી ચારશેં વાદી તે પ્રભુજી પાસે વસે. જિન૦ ॥ ૯ ॥ શિષ્ય સાતસેં ને વળી ચૌદશેં સાધવી

સિદ્ધ થયા, જિન૦ એ પ્રભુજીનો પરિવાર કહેતાં મન ગહગહ્યાં, જિન૦ પ્રભુજીયે ત્રીશ વરસ ઘરવાસે ભોગવ્યાં, જિન૦ છદ્મસ્થ પણામાં બાર વરસ તે ભોગવ્યાં. જિન૦ ॥ ૧૦ ॥ ત્રીશ વરસ કેવળ, બેહેંતાલીશ વરસ સંયમપણું, જિન૦ સંપૂરણ બહોંતેરે વરસ આયુ શ્રીવીરતણું, જિન૦ દીવાળી દિવસે સ્વાતી નક્ષત્ર સોહંકરૂ, જિન૦ મધ્યરાતે મુકિત પહોતા પ્રભુજી મનોહરૂ. જિન૦ ॥ ૧૧ ॥ એ પાંચ કલ્યાણિક ચોવીશમાં જિનવર તણા, જિન૦ તે ભણતાં ગુણતાં હરખ હોયે મનમાં ઘણા, જિન૦ જિનશાસન નાયક ત્રિશલાસુત ચિત્ત રંજણો, જિ૦ ભવિયણને શિવ-સુખકારી ભવોભય ભંજણો. જિન૦ ॥૧૨॥ કળશ–જયશ્રી વીર જિનવર સંઘ સુખકર, થુણ્યો અતિ ઉત્સુક ધરી; સંવત સત્તર એકયાશીયે, સૂરત ચોમાસું કરી, શ્રી સહજ સુંદર તણો સેવક, ભકિત શું એણીપરે કહે; પ્રભુજી શું પૂરણ પ્રેમ પામ્યો, નિત્યલાભ વંછિત લહે. ॥૧૩॥ ઇતિ.

અથ શ્રી જ્ઞાનનું ચોઢાલિયું.

તીન લિંગ સમકિત તણારે–એ દેશી.

જ્ઞાન ભજો ભવિ ભાવથીરે, શાશ્વતા સુખ હેત; આતમ વસ્તુને ઓળખોરે, સમકિત રયણ ઉપેતરે ભવિયા, જ્ઞાન ભણો ગુણખાણ. (એ આંકણી). ॥ ૧ ॥ જ્ઞાન વિના નવિ પામિયેરે, જગમાં સાર અસાર; સુખ દુઃખ કારણ નવિ લહેરે, જ્ઞાન વિના ભવ પારરે, ભવિયા જ્ઞાન૦ ॥૨॥ બંધ મોક્ષનાં કારણોરે, આશ્રવ સંવર દોય, કાર્ય અકાર્યના

ભેદનેરે, જ્ઞાન વિના નવિજોયરે. ભવિયા૦ ॥ ૩ ॥ ભક્ષા ભક્ષને નવિ લહેરે, ન લહે પુણનને પાપ; ચોગ્યા ચોગ્ય એ દોયનેરે, ન લહે થાપ ઉત્થાપરે. ભવિ૦ ॥ ૪ ॥ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનેરે; નવિ જાણે વિણ નાણ; સત્પ નયોની ભિન્નતારે, નહિ જાણે ગુણ ઠાણરે. ભવિ૦ ॥૫॥ સચિત્તા ચિત્ત મિશ્ર વસ્તુનેરે, શુદ્ધા શુદ્ધ વિચાર; ઉત્સર્ગ અપવાદનેરે. જ્ઞાની રહેલ નિરધારરે, ભવિ૦ ॥ ૬ ॥ નિશ્ચયને વ્યવહારનેરે, જીવાજીવ સ્વભાવ; સત્યા સત્ય બેઉનારે, જાણે જ્ઞાની દાવરે, ભવિ૦ ॥ ૭ ॥ હેયાદેય વિચારનેરે, રૂપારૂપી સ્વરૂપ, આગમ નિગમ ભાવનેરે, જાણે જ્ઞાની અનૂપરે; ભવિ૦ ॥ ૮ ॥ પેયાપેયને જાણિયેરે, ગતિ આગતિ વિનાણ; કિરિયા વિધી ચારિત્રનુંરે. જ્ઞાન થકી સવિ જાણુરે, ભવિ૦ ॥ ૯ ॥ ધર્માધર્મના ભેદનેરે; જાણે વિનય વિવેક, દયા નિજપર ઓળખેરે, જ્ઞાન રવિથી છેક રે. ॥ ૧૦ ॥

ઢાલ ૨ જી.

સ્વામી સુધર્માંરે કહે જંબૂ પ્રત્યે એ-દેશી.

ઉંચી પદવીરે જ્ઞાન થકી લહે, પામે જગ યશ સ્વાદ; ગીતારથપદ પામે નાણથી, મૂકે મન ઉન્માદ. ॥ ૧ ॥ જ્ઞાન અધિકુંરે જિનવર ભાષિયું, જ્ઞાન સમું નહીં કોય; તીર્થંકર પદ લઇયે જ્ઞાનથી, પૂજે તિહુયણ લોય, જ્ઞાન અધિકુંરે જિનવર ભાષિયું. ॥૨॥ સૂરિ પાઠક મુનિવર જ્ઞાનથી; કરતા જગ ઉપકાર; ચોર ન લુંટે રાજા નહિ ગ્રહે; નહિ હોવે દેહ ભાર. જ્ઞાન૦ ॥ ૩ ॥ સંયમ દીપેરે દેશ સર્વ થકી, જીતે દુર્ધર કામ, સમકિત સોહેરે ખોએ દુર્મતિ,

જ્ઞાને આતમરામ. જ્ઞાન૦ ।। ૪ ।। રાગદ્વેષનેરે બાળે મૂલથી, ટાલે કુમતિનો પાશ; પર આશામાં મન નવિ જોડીયે, જ્ઞાને આતમ વાસ; જ્ઞાન૦ ।। ૫ ।। સમતા વાધેરે સાધે ચરણને, બાધે દુર્ગતિ બાર; જડતા નાશેરે ભ્રમપણું વળી, જ્ઞાને જ્યોતી અપાર. જ્ઞાન૦ ।। ૬ ।। તપસ્યા સફલીરે હોવે જ્ઞાનથી, ક્રોધ ન ફાવે લગાર; શુદ્ધા ચરણારે જ્ઞાને દીપતી, આળસ અંગ નિવાર જ્ઞાન૦ ।। ૭ ।। જ્ઞાને આય સ્વરૂપે રમણુતા, નિર્જરાવે દુષ્કર્મ, ધર્મે નિશ્ચલ પરને જોડિયેં, જ્ઞાન થકી જાય ભ્રમ. જ્ઞાન૦ ।। ૮ ।। મોહ મિથ્યાત્વરે નાસે જ્ઞાનથી, હોવે ભાષારે શુદ્ધ; ઈંદ્રિય વિષયોરે જ્ઞાને જીતીયે; ઝગડા ને વળી યુદ્ધ, જ્ઞાન૦ ।। ૯ ।। મમતા ભાવરે નાસે જ્ઞાનથી, પ્રગટે મૈત્રિરે ભાવ; અકેંદુ ગુરૂવાણી મીઠડી, ભવજલધિમાંરે નાવ. જ્ઞાન૦ ।। ૧૦ ।।

ઢાલ ત્રીજી

જ્ઞાન તે પંચ ભેદે કહ્યું રે લાલ. નંદી સૂત્ર મઝારરે જિણુંદરાય; પરોક્ષ રીતે જાણિયેરે લાલ, મતિ શ્રુત સુખકારરે જિણુંદરાય ।। ૧ ।। વીરજીણુંદે પ્રકાશીયુંરે લાલ ભવિયણને હિતકારરે; જિણુંદ૦ કેવળ મન પર્યવાવધિરે લાલ, પ્રત્યક્ષ ત્રણ અવધારરે. જિણુંદા૦ ।। ૨ ।। અઠાવીશ ભેદે મતિરે લાલ, ચતુર્દશ સુય નાણુરે જિણું૦ છ અવધિ મન દોયથીરે લાલ; એક કેવળ ગુણ ખાણુરે. જિ૦ વી૦ ।। ૩ ।। વ્યજનાવગ્રહ ચઉભેદથીરે લાલ, ચક્ષુ મૂકી ઈંદ્રિય ચારરે, જિણું૦ અર્થાવગ્રહ છ ભેદથીરે લાલ, પાંચ ઈંદ્રિય મન ધારરે; જિ વી૦ ।। ૪ ।। અવગ્રહ ઈહા અવાય ધાર-

ણારે લાલ, છછ ભેદેએ ચારરે; જિણ૦ ભેદ અઠાવીશ એ લહીરે લાલ, મતિ નાણે ભવપારરે. જિ વી૦ ।। ૫ ।। પ્રથમ અક્ષર શ્રુત ગણોરે લાલ; બીજું અનક્ષર સારરે; જિ૦ સન્ની ત્રીજું અસન્નિ વળીરે લાલ, ચતુર્થ કહ્યું સુખકારરે. જિ૦ વી૦ ।। ૬ ।। સમ્યક પંચમ સાંભળો રે લાલ, છઠું અસમ્યક હોય રે, જિ૦ સપ્તમ સાદિ સુંદરૂં રે લાલ, અનાદિ અષ્ટમ જોયરે. જિ૦ વી૦ ।। ૭ ।। નવમ સપજ્જવસી ધારિયેરે લાલ, દસમ અપજ્જવસી દેખી રે, જિ૦ ગમિક તેહ ઈગ્યારમુંરે લાલ, બારમું અગમિક પેખર. જિ૦ વી૦ ।। ૮ ।। અંગ પ્રવિષ્ટ તે તેરમુંરે લાલ, ચઉદમું અનંગ પ્રવિષ્ટરે, જિ૦ ચઉદ ભેદ એ સૂત્રનારે લાલ, સૂર્યશશી મન ઈષ્ટરે. જિ૦ વી૦ ।। ૯ ।।

ઢાલ ચોથી.

શ્રુત અભ્યાસ કરો મુનિવર સદારે-એ દેશી.

વીર પ્રભુ પરમાતમ આગમેરે, અવધિતણા કહું ભેદ, અનુગામિક તે પહેલું કહ્યુંરે, સાથે ચાલે ત્યજી ખેદ, વીર-પ્રભુ પરમાતમ આગમેરે. ।। ૧ ।। જિહાં ઉપજે તિહાંહિ રહેરે અનાનુગામિક જાન, અધ્યવસાય શુભથી સદારે, વાધે ત્રીજું વર્દ્ધમાન. વીર૦ ।। ૨ ।। અધ્યવસાય હીણે કરીરે, હાનિ પામે હીય માન, સમકાલે નાશે સર્વથીરે, પડિવાઇ પંચમ નાણ વીર૦ ।। ૩ ।। વૃદ્ધિ પામી કેવળી હુવેરે, છઠું અપડિવાઇ તેહ, છ ભેદ એ અવધિતણારે, આરાધો ગુણ ગેહ. વીર૦ ।। ૪ ।। મનપર્યવ નાણે કરીરે, જાણે મનના ભાવ, દોય ભેદે તેહ દાખીયુંરે, નિર્મલ જાસ સ્વ-

ભાવ. વીર ।। ૫ ।। ઋજુમતિ તે સામાન્યથીરે, વિપુલ મતિ સુવિશેષ, જડ ચેતનને સર્વથારે, લોકાલોક અશેષ. વીર૦ ।। ૬ ।। એક સમયમાં સર્વનેરે, જાણે દેખે જેહ, ભેદ નહીં કોઈ એહમાંરે, કેવળ જ્ઞાનજ તેહ. વીર૦ ।। ૭ ।। ભેદ એકાવન નાણનારે, સર્વ મળી થયા એહ, વિધિ સહિત આરાધીયેરે, આણી અધિકો નેહ. વીર૦ ।। ૮ ।। આશાતના કરતાં થકાંરે, વિરાધિક હોય જીવ, જ્ઞાન કદી પામે નહીંરે, દુર્ગતિ કરતો રીવ. વીર૦ ।। ૯ ।। જ્ઞાનીને જ્ઞાનોપકરણનીરે. ભક્તિ કરો નિત્યમેવ, શુકલ પંચમીને દિનેરે, વિશેષે કરો સેવ. વીર૦ ।। ૧૦ ।। ઈહિભવ પરભવ જ્ઞાનથીરે, પામિયે શિવસુખ ગેહ, સૂર્ય શશી ગુરૂદેવનીરે, વાણી ધરો નિસંદેહ. વીર૦ ।। ૧૧ ।।

કલશ.

જ્ઞાનિ શ્વાસોશ્વાસ માંહે, કર્મની કોડી હણે, કિરિયા નિયમા જ્ઞાનમાંહિ, કેવલી પ્રભુ ઈમ ભણે, જ્ઞાન ભણિયે, અવિધિ હણિયે, શાંતિ વરિયે સર્વદા, જ્ઞાન સંપદ જસ હૃદયે હોય, દૂર તસ સવિ આપદા, અચલગચ્છ અલવેશ્વરૂ શ્રી, ગુરૂવર શુભ ગુણનિધિ, જ્ઞાનરવિ પદ પૂજી ધ્યાવો, થાય જેમ આતમસિદ્ધિ. ।। ૧ ।।

અથ શ્રી ચંદનબાલાનું ત્રીઢાળિયું.

ઢાલ ૧ લી.

શ્રી સરસતિના રે પય પ્રણમી કરી, થુણશું ચંદન બાલાજી, જેણે વીરનો રે અભિગ્રહ પુરીઓ; લાધી મંગળ માળાજી, દાન ઉલટધરી ભવિયણ દીજીએ. ॥ ૧ ॥ જેમ લહિયે જગ માનોજી, સ્વર્ગતણાં સુખ સ્હેજે પામીયે, નાસે દુર્ગતિ થાનોજી. દાન૦ ॥ ૨ ॥ નયરી કોસંબી રાજ્ય તિહાં કરે, નામે સંતાનિક જાણુંજી; મૃગાવતી રાણીરે સહિયર તેહની, નંદી નામે વખાણુંજી. દાન૦ ॥૩॥ શેઠ ધનાવો રે તિણ નગરી વસે, ધનવંતમાં શિરદારોજી; મૂળા નામે ધરણી જાણીએ, રૂપે રતિ અવતારોજી. દાન૦ ॥ ૪ ॥ એણે અવસર શ્રી વીર જિણેશ્વર, કરતા ઉગ્ર વિહારોજી; પોસ વદ પડવેરે, અભિગ્રહ મન ધરી, આવ્યા તિણ પુર સારોજી. દાન૦ ॥ ૫ ॥ રાજસુતા હોય મસ્તક ક્ષુર કરી, કીધા ત્રણ ઉપવાસોજી; પગમાં બેડીરે રોતી દુઃખભરે, રહેતી પર ઘર વાસોજી. દાન૦ ॥ ૬ ॥ ખરે રે બપોરે બેઠી ઉમરે, એક પગ બાહેર એક માંહેજી; સુપડાને ખુણે રે અડદના બાકળા, મુજને આપે ઉચ્છાંહેજી. દાન૦ ॥ ૭ ॥ એહવું ધારીરે મનમાંહે પ્રભુ, ફરતા આહારને કાજેજી; એક દિન આવ્યારે નંદીના ઘરે, ઈર્યાસમિતિ બિરાજેજી. દાન૦ ॥ ૮ ॥ તવ સા દેખી રે મન હર્ષિત થઇ, મોદક લઇ સારોજી; વોહરાવે પણ પ્રભુજી નવિ લીયે, ફીરી ગયા તેણી વારોજી. દાન૦ ॥ ૯ ॥ નંદી જઇનેરે સહિયરને કહે, શ્રી વીર જિનેશ્વર આવ્યાજી; ભિક્ષા કાજે રે

પણ લેતા નથી, મનમાં અભિગ્રહ લાવ્યાજી. દાન૦ ।।૧૦।। તેહનાં વચન સુણી નિજ નિયરમાં, ઘણારે ઉપાય કરાવેજી; એક નારી તિહાં મોદક લેઇ કરી, એક જણી ગીતજ ગાવેજી. દાન૦ ।। ૧૧ ।। એક નારી શૃંગાર સોહામણા, એક જણી બાળક લેઇજી; એક જણી મુકે રે વેણુજ મોકલી, નાટક એક કરેઇજી. દાન૦ ।। ૧૨ ।। એણી પરે રામા રે રમણી રંગ ભરી. આણી હરખ અપારોજી; વોહરાવે બહુ ભાવ ભક્તિ કરી, તો પણ ન લીયે આહારોજી. દાન૦ ।। ૧૩ ।। ધન્ય ધન્ય પ્રભુજી વીર જિનેશ્વરૂ, તુમ ગુણનાં નહી પારોજી; દુસ્કર પરિસહ ચિત્તમાં આદરિયેા, એહ અભિગ્રહ સારોજી. દાન૦ ।। ૧૪ ।। એણિ પરેં ફિરતાં રે માસ પંચજ થયા, ઉપર દિન પચવીશોજી; અભિગ્રહ સરિખોરે જોગ મળે નહીં, વિચરે શ્રી જગદીશોજી. દાન૦।।૧૫।।

ઢાલ ૨ જી.

તેણે અવસર તિણાં જાણિયે. રાય સંતાનિક આવ્યેા રે; ચંપા નગરીની ઉપરે, સેના ચતુરંગ દળ લાવ્યેા રે. તેણે અવસર તિહાં જાણીયે. ।। ૧ ।। દધિવાહન નાઠેા થયેા, સેના સઘળી નાઠીરે; ધારણી ધુઆ વસુમતી, બાંધ પડ્યા થઈ માઠીરે. તેણે૦ ।। ૨ ।। મારગમાં જાતાં થકાં; સુભટને પુછે રાણીરે; શું કરશેા અમને તમે, કરશું ધરણી ગુણ ખાણીરે. તેણે૦ ।। ૩ ।। તેહ વચન શ્રવણે સુણી; સતીય શિરેામણી તામરે; તતક્ષણ પ્રાણ તજ્યા સહી, જોજ્યેા કર્મના કામરે. તેણે૦ ।। ૪ ।। વસુમતી કુમરી લેઇ કરી; આવ્યેા નિજ ઘરમાંહીરે, કોપ કરી ધરણી

તિહાં, દેખી કુમરી ઉત્સાહીરે. તેણે૦ ।।૫।। પ્રાતઃ સમય ગયે વેચવા, કુમરીને નિરધારોરે; વેશ્યા પૂછે મૂળ તેહનો, કહે શત પંચ દિનારોરે. તેણે૦ ।। ૬ ।। એહવે તિહાં કણે આવિયો, શેઠ ધનાવો નામરે; તે કહે કુમરી લેશું અમે, ખાસાં આપીશ દામરે. તેણે૦ ।। ૭ ।। શેઠ વેશ્યા ઝગડે તિહાં, માંહો માંહે વિવાદોરે; ચક્રેશ્વરી સાન્નીધ કરી, વેશ્યા ઉતાર્યો નાદોરે. તેણે૦ ।। ૮ ।। વેશ્યાથી મુકાવીને, શેઠ તેડી ઘર આવેરે; મનમાં અતિ હર્ષિત થકો, પુત્રી કહીને બોલાવેરે. તેણે૦ ।। ૯ ।। કુમરી રૂપે રૂયડી શેઠ તણું મન મોહેરે; અભિનવ જાણે સરસ્વતી, કળા ચોસઠ સોહેરે. તેણે૦ ।। ૧૦ ।। કામકાજ ઘરનાં કરે, બોલે અમૃત વાણીરે; ચંદનબાલા તેહનું, નામ દીધું ગુણ જાણીરે. તેણે૦ ।। ૧૧ ।। ચંદનબાળા એક દિને, શેઠ તણા પગ ધોવે રે; વેણી ઉપાડી શેઠજી, મુળા બેઠી જોવેરે. તેણે૦ ।। ૧૨ ।। તે દેખીને ચિંતવે, મુળા મન સંદેહરે; શેઠજી રૂપે મોહિયા, કરશે ઘરણી એહરે. તેણે૦ ।। ૧૩ ।। મનમાં ક્રોધ કરી ઘણો, નાવીને તેડાવીરે; મસ્તક ભદ્ર કરાવ્યું, પગમાં બેડી જડાવીરે. તેણે૦ ।। ૧૪ ।। ઓરડામાંહિ ઘાલીને તાળું દઇને જાવેરે; મુળા મન હર્ષિત થઇ, બીજે દિને શેઠ આવેરે. તેણે૦ ।। ૧૫ ।। શેઠ પૂછે કુમરી કિહાં, ઘરણીને તિણ કાળે રે; તે કહે હું જાણું નહીં, એમ તે ઉત્તર આલેરે. તેણે૦ ।। ૧૬ ।। એમ ફરતાં દિન ત્રણ થયા, તોહી ન જાણે વાતરે; પાડોસણ એક ડોકરી, સઘળી કહી તેણે વાતરે. તેણે૦ ।। ૧૭ ।। કાઢી બહાર ઉઘાડીને, ઉમરા

વચ્ચે બેસારીરે; આપ્યા અડદના બાકળા, સુપડામાંહે તિણ વારીરે. તેણે૦ ।। ૧૮ ।। શેઠ લુહાર તેડણ ગયેા, કુમરી ભાવના ભાવેરે; ઇણ અવસર વેાહરાવિયે, જો કેાઇ સાધુજી આવેરે. તેણે૦ ।। ૧૯ ।।

ઢાલ ૩ જી.

એણે અવસર શ્રી વીર જિનેશ્વર, જંગમ સુરતરૂ આયા; અતિ ભાવે તે ચંદનબાળા, વંદે શ્રી જિન સુખ કાયા, આધા આમ પધારેા પુજ્ય, અમ ઘર વેાહરણ વેળા. ।।૧।। આજ અકાળે આંબેા મેારચેા, મેહ અમીરસ વુઠયા; કર્મ તણા ભય સર્વે નાઠા, અમને જિનવર તુઠયા; આધા આમ પધારેા વીર, મુજને પાવન કીજે. ।। ૨ ।। એમ કહીને અડદના બાકળા, જિનજીને વેાહરાવે, ચેાગ્ય જાણીને પ્રભુજી વેાહરે અભિગ્રહ પુરણ થાવે; આધા. ।। ૩ ।। બેડી ટળીને ઝાંઝર હુઆ, મસ્તક વેણી રૂડી; દેવ કરે તિહાં વૃષ્ટિ સેાવનની, સાડી બારહ કેાડી. આધા૦ ।। ૪ ।। વાત નગરમાં સઘળે વ્યાપી, ધન લેવા નૃપ આવે; મુળાને પણ ખબર થઇ છે, તે પણ તિહાં કણે જાવે. આધા. ।। ૫ ।। શાસન દેવી સાનિધ્ય કરવા, બેાલે અમૃત વાણી; ચંદન-બાળાનું છે એ ધન, સાંભળ ગુણમણિ ખાણી. આધા૦ ।। ૬ ।। ચંદનબાળા સંયમ લેશે તવ એ ધન ખરચાસે; રાજાને એણીપરે સમજાવે, મનમાં ધરી ઉલ્લાસે. આધા૦ ।। ૭ ।। શેઠ ધનાવેા કુમરી તેડી, ધન લઇ ઘર આવે; સુખ સમાધે તિહાં કણે રહેતાં, મનમાં હર્ષ ન માવે. આધા૦ ।। ૮ ।। હવે તેણે કાળ વીરજીણુંદજી, હુઆ કેવળ

નાણી; ચંદનબાળા વાત સુણીને, હૈડામાં હરખાણી. આધા૦ ॥૯॥ વીર કને જઇ દીક્ષા લીધી, તતક્ષણ કર્મ ખપાવ્યા, ચંદનબાળા ગુણહ વિશાળા; શિવમંદિર સિધાવ્યા. આધા૦ ॥ ૧૦ ॥ એહવું જાણી રૂડા પ્રાણી, કરજો શિયળ જતના; શિયળ થકી શિવસંપદ લહીયેં, શિયળે રૂપ રતના. આધા૦ ॥૧૧॥ નયન વસુ સંયમને ભેદે, સંવત સુરત મઝારે, વદિ અષાઢ તણી છઠ દિવસે ગુણગાયા રવિવારે. આધા૦ ॥૧૨॥ શ્રી વિદ્યાસાગર સુરિ શિરોમણી, અચળગચ્છ સોહાયા; મહિયલ મહિમા અધિક બિરાજે, દિન દિન તેજ સવાયા. આધા૦ ॥૧૩॥ વાચક સહજ સુંદરનો સેવક; હરખ ધરી ચિત્ત આણી; શિળ ભલીપરે પાળો ભવિયણ, કહે નિત્ય લાભ એ વાણી. આધા૦ ॥૧૪॥ ઇતિ. સંપુર્ણ.

અથ નારકીનું છઢાળિયું.

ઢાલ ૧ લી.

વર્દ્ધમાન જિમ વિનવું સાહિબ, સાહસ ધીરોજી; તુમ દરિસણ વિણ હું ભમ્યો. ચઉગતિમાં વડવીરોજી. પ્રભુ નરક-તણાં દુખ દોહિલાં. ॥ ૧ ॥ મેં સહ્યા કાળ અનંતોજી, સોર કિયાં નવ કો સુણે, એક વિના ભગવંતોજી પ્રભુ. ॥ ૨ ॥ પાપ કરીને પ્રાણીયો, પહોતો નરક મઝારોજી. કઠિન કુભાષા સાંભળી, નયણ શ્રવણ દુઃખકારોજી. પ્રભુ૦ ॥ ૩ ॥ શીતળ યોનીયે ઉપજે, રહેવું વળી તે ઠામોજી; જાનું પ્રમાણ રૂધિર-ના, કીય કહ્યાં બહુ તામોજી. પ્રભુ૦ ॥ ૪ ॥ તવ મન માંહિ ચિંતવે, જઈએ કિણી દિશિ નાસોજી; પરવશ પડીયો પ્રા-

ણીએ, કરતો કોડિ વિખાસોજી. પ્રભુ૦ ।। ૫ ।। ચંદ્ર નહિ સૂરજ નહી, ઘોર ઘટા અંધારોજી. સ્થાનક અતિ અસુહામણો, ફરસ જિશો ખુર ધારોજી. પ્રભુ૦ ।। ૬ ।। નવો નરકમાં ઉપજે, જાણે અસુર નિવારોજી. કોપ કરે આવે તિહાં, હાથે ધરિ હથીયારોજી. પ્રભુ૦ ।। ૭ ।। કરે કાતરણી દેહની, કરતા ખંડો ખંડજી; રીવ કરે તિહાં કણે બહુ, પામે દુઃખ પ્રચંડજી. પ્રભુ૦ ।। ૮ ।।

ઢાલ ૨ જી.

ભાંજે કાયા ભાંજતોરે; મારે ફેંચા રે માંય; ઉંધે માથે અગનિ દિયેરે, ઉંચા બાંધે પાયોરે. જીનજી સાંભળો કડુઆં કર્મ વિપાકોરે, પ્રભુજી સાંભળો. ।। ૧ ।। આવે વૈતરણી તટે રે, જળમાં નાંખેરે પાસ; કરીએ કુહાડે તરૂપરે રે, છેદે અધિક ઉલ્લાસોરે. જીનજી૦ ।। ૨ ।। ઉંચો જોજન પાંચશેરે, ઉછાળે આકાશ; શ્વાન રૂપે કરડે તિહાં રે, મૃગ જિમ પાડે પાસોરે. જીનજી૦ ।। ૩ ।। પંદરે ભેદે સૂર મળીરે, કરવત દિયેરે કપાળ, આરોપે શુળી શિરેરે, ભાંજે જિમ તરૂડાળોરે. જીનજી૦ ।। ૪ ।। બોળે તાતા તેલમાંરે, તળી કરી કાઢેરે તાન; વળી લોભરમાં બેપવેરે, વિરૂઆ તાસ વિરામોરે. જીનજી૦ ।। ૫ ।। ખાલ ઉતારે તેહનીરે, અભક્ષ સદા દે આહાર; બહુ અરડાટો પાડતાંરે. તનુ વીચ ઘાલે ખારોરે. જીનજી૦ ।। ૬ ।।

ઢાલ ૩ જી.

તાપ કદી તિહાં ભુમિકા રે, વન સુશીતલ જાણુ; આવી બેસે તરૂવર છાંયરે, પડતાં ભાંજે પ્રાણુ. ચતુર મન રાચ

જોરે. ॥ ૧ ॥ વિરૂઆ વિષય વિલાસ; સુખ થોડાં દુઃખ ઘણાં જેહથીરે, લઇયે નરક નિવાસ. ચતુર૦ ॥ ૨ ॥ કુંભીમાં પાક કરે તસ દેહનોરે, તિલ જિમ ઘાણીમાંય; પીલી પીલી રસ કાઢે તેહનોરે, મ્હેર ના આવે ત્યાંય. ચતુર૦ ॥ ૩ ॥ નાઠા જાણે ત્રીજી નરક લગેરે, મન ધરતાં ભય ભ્રાંત; પુઠે પરમાધામી સુર પુલેરે, જેહવા કાળ કૃતાંત. ચતુર૦ દાંત વચ્ચે દિયે દશ આંગળીરે; ફરી ફરી લાગે પાય; વેદન સ્હેતાં કાળ ગયો ઘણો રે, હવે મુજ સહ્યો ન જાય. ચતુર૦ ॥ ૫ ॥ જ્યાં જાય ત્યાં ઉઠે મારવારે, કોઇ ન પૂછે સાર; દુઃખ ભર સોર કરે ઘણોરે, નિપટ હૈયે નિરધાર. ચતુર૦ ॥ ૬ ॥

ઢાલ ૪ થી.

પરમાધામી સુક કહે, સાંભળો તુમે ભાઇ; કહેશો દોષ અમારડો, નિજ દેખો કમાઈ; પરમાધામી. ॥ ૧ ॥ પાપ તુમે કીધાં ઘણાં, બહુ જીવ વિણાશા; પીડ ન જાણી પરતણી, કુડાં મુખે ભાંખ્યા. પરમાધામી૦ ॥ ૨ ॥ ચોરી લાવ્યા ધન પારકાં, સેવી પરનારી; આરંભ કીધાં અતિ ઘણાં, પરીગ્રહ નવી મારી. પરમાધામી૦ ॥ ૩ ॥ માત પિતા ગુરૂ ઓળવ્યા, કીધો ક્રોધ અપાર, માન માયા લોભ મન ધર્યો, મતિહીન ગમાર. પરમાધામી૦ ॥ ૪ ॥ નિશિ ભોજન કીધાં ઘણાં, બહુ જીવ દિયા માર; ભક્ષાભક્ષ ઘણું ભાખ્યાં, પાતકનો નહીં પાર. પરમાધામી૦ ॥ ૫ ॥

ઢાલ ૫ મી.

એમ કહી સુર વેદનાએ, વૈર [1]ઉદીરે ત્યાંહિતો;
શિલા કંટાળા વજ્ર તણાએ, તિહાં પછાડે શરિર તો. ॥ ૧ ॥
સયળવદન ક્રીડા ભરેએ, જીભ કરે શતખંડતો, એ ફળ નિશિ
ભોજન તણાંએ, જાણો પાપ અખંડતો. ॥ ૨ ॥ તરસ વશે
તાતો તરએા, મુખમાં રેડે તામતો; અગ્ની વરણી પુતળીએ,
સ્પર્શ કરાવે જામતો૦ ॥ ૩ ॥ ઊનું ને અતિ આકરૂં એ, આણે
તાતું નીર તો, તે ઘાલે તસ આંખમાંએ, કાનમાં ભરેય
[2]કથીરતો૦ ॥ ૪ ॥ કાળો અધિન બીહામણો એ, [3]હુંડક જે
સંસ્થાન તો; દીશે દીન દયામણો એ, વળીયે સંહારે પ્રાણ
તો૦ ॥ ૫ ॥

ઢાલ ૬ ઠી.

ઈણપરે બહુ વેદન સહી, ચિત્ત ચેતોરે; વસતાં નરક
મઝારરે, ચતુર ચિત્ત ચેતોરે; જ્ઞાન વિના જાણે નહીં,
ચિત્ત૦ કહેતાં ન આવે પાર. ચતુર૦ ॥ ૧ ॥ દશ દ્રષ્ટાંતે
દોહેલેા, ચિત્ત૦ લાધ્યેા નરભવ સાર પામી એળે મહારલે,
ચિત્ત૦ કરલે એહ વિચાર ચતુર૦ ॥ ૨ ॥ સૂધેા સંયમ
આદરેા, ચિત્ત૦ ટાળેા વિષયવિકાર. ચતુર. પાંચે ઇંદ્રિય
વશ કરેા. ચિત્ત૦ જિમ હાથે છુટકબાર. ચતુર૦ ॥ ૩ ॥
નિંદ્રા વિકથા પરિહરેા, ચિત૦ આરાધેા જિન ધર્મ; ચતુર૦
સમકિત રત્ન હૈયે ધરેા ચિત્ત૦ ભાંજે મિથ્યા ભર્મ, ચતુર૦
॥ ૪ ॥ વીર જિણુંદ પસાઊલે, ચિત્ત૦ અહિપુર નગર

---

૧ પ્રગત કરે.

મઝાર; ચતુર૦ સ્તવન રચ્યું રળીયામણું, ચિત્ત૦ પરમ કૃપાળુ ઉદાર. ચતુર૦ ॥ ૫ ॥ ઇતિ.

અથ શ્રી આદીનાથજિનું ચોઢાલીયું પ્રારંભઃ

ઢાલ ૧ લી.

રાયજી અમે તો હીંદુયાણી કે રાજ ગરાશીયારે લેાલ-એ દેશી

જિનજિ રૂષભ પ્રભુ મહારાજ કે, નિત નિત વંદીયેરે લેા, જિનજી સમકિત દાયક દેખીને કે, મન આણંદીયેરે લેા, જિનજી દીઠો તુજ મુખ શારદ કે, ચંદ સમોવડેરે લેા; જિનજી બીજો આવે કેાણ કે, તુજ તડોવડેરે લેા. ॥ ૧ ॥ જિનજી પામે મન ઉલાસ કે, તુજ સેવનેરે લેા, જિનજી નિરખી ચંદ ચકેાર કે, મેાર ઘનાઘનેરે લેા; જિનજી તેમ હું હરખ્યેા આદિ પુરૂષ કે, તુમ દેખીનેરે લેા; જિનજી ભવ ભમતાં વિસામેા કે, તુજ પદ દેખીનેરે લેા. ॥ ૨ ॥ જિનજી દરિસણ તાહરે આવ્યા કે, અજરામર લહેરે લેા, જિનજી આજ લગે તુજ આણ કે, અખંડે શિર વહેરે લેા; જિનજી જુગલા નિતી નીવારી કે; ધર્મ બતાવીએારે લેા, જિનજી વરત્યેા જગ વ્યવહાર કે, તે ઉપજાવીયેારે લેા. ॥ ૩ ॥ જિનજી તાહરા બહુ ઉપગાર કે, કેાઈ ન શકે કહીરે લેા, જિનજી ચાહે તુજ પદ સેવ કે, હરીહર સુર સહીરે લેા; જિનજી આપેા અનુભવ સ્વાદ કે, મીથ્યાત્વ નીવારીયેરે લેા. જિનજી જેહથી આતમ શુદ્ધ કે, સ્વરૂપ સંભારીયેરે લેા. ॥ ૪ ॥

ઢાલ ૨ જી.

આદિ જિનેસર વિનંતિ હમારી—એ દેશી.

આદીસર અરીહંત અનોપમ; લોકાલોક પ્રકાશીરે, નાભિ નરેસર નંદ નીરંજન કેવલ લીલ વિલાશીરે. આ૦ ॥ ૧ ॥ મનમોહન મહારાય મનોહર; દેવ દયા પરસ્વામીરે, તજી સંસાર અસાર સ્વભાવી, લહી કેવલ સુખકામીરે, આ૦ ॥ ૨ ॥ શીવપુર રાજ લહ્યો, જિનરાજે જન્મ મરણ નીવારીરે, શ્રી જિન પ્રતિમા જિનવર સારીખી આગમ વચન વિચારીરે. આ૦ ॥ ૩ ॥ ભાવ સહિત ઉલટ અધીકેરે શ્રી જિન મત અનુસારીરે; તેહથી નરભવ સફલ કરીજે, શુદ્ધ સ્વરૂપ સંભારીરે. આ૦ ॥ ૪ ॥

ઢાલ ૩ જી.

સુરત સુવિધિ જીણંદનીરે લો—એ દેશી.

પર ઉપકારને કારણેરે લો, વિચરે શ્રી જિનરાજ. ભવી પુજીએરે૦ પરમાતમ પરમેસરૂરે લો, એ આંકણી૦ તેમ હવે શાસન દેવતારે લો, વંછીત પુરણ કાજ. ભવી૦ ॥ ૧ ॥ પુરાણ કોઇ જેહનેરે લો, શ્રાવક કુળ શણગાર. ભવી૦ જિન પ્રતિમા થાયે તિહાંરે લો, સફલ કરે અવતાર. ભવી૦ ॥ ૨ ॥ ઇણી વિધિ આદિ જીનેસરૂરે લો, વિચરંતા દેશ અનેક. ભવી૦ રૂષભપુરે કચ્છ દેશમાંરે લો, પધાર્યા સુવિવેક. ભવી૦ ॥ ૩ ॥ શ્રાવક સહુ જિન વાંદવારે લો, આવ્યા ભાવ અનુપ. ભવી૦ થોભ કરણ મન તું મલ્યોરે લો; દેખી શુદ્ધ સ્વરૂપ. ભવી૦ ॥ ૪ ॥

ઢાલ ૪ થી.

આણા મોકલેરે મોરારી—એ દેશી.

પ્રભુજી પધરાવ્યાં ઘરેરે, વરત્યા મંગલ ચાર, ગુરૂ વચને મુરત કીએારે, તેડાવ્યા ગજધાર; શ્રી જિન પૂજે સહુ નરનાર. ॥ ૧ ॥ વીત ખરચે મન ગહગહેરે, સંચે જશનો માલ, શીખર કલશ ધ્વજ શોભતોરે; દેહશે જાક જમાલ. શ્રી૦ ॥ ૨ ॥ વિધિ કરી શ્રી જિન થાપીઆરે; મૂલ ગંભારામાંહી; સ્નાત્ર મોહોસ્તવ સહુ કીઆરે, થોભણ-શા ઉછાંહી. શ્રી૦ ॥ ૩ ॥ યાચક જન સંતોષીઆરે, જુગતો દેઇ દાન; સાહમી વચ્છલ પણ કીએારે, વંશ વ-ધાયો વાન. શ્રી૦ ॥ ૪ ॥ ગામ રૂષભપુર શોભતોરે, ઓશવંશ અધીકાર, ગાંધી ગોત્ર ગુણાકરૂરે, ગચ્છ વિધિ-પક્ષ વિચાર. શ્રી૦ ॥ ૫ ॥ ભાવિક શાહ ભારાતણોરે, પત્રામલ પુન્યવંત, તેહના સુત જીવરાજનેરે, થોભણ બુદ્ધિ મહંત. શ્રી૦ ॥ ૬ ॥ સંવત અઢારશો જાણીએરે, છેતા-લીશ સાલ, વૈશાખ સુદી તેરસ દીનેરે, થાપ્યા દેવ દયાલ. શ્રી૦ ॥ ૭ ॥ યાત્રા કરે સાજન સહુરે, પૂજે ભાવ ઉદાર, વંછીત દે ચકેસરીરે, સુખ સંપતિ ભંડાર. શ્રી૦ ॥ ૮ ॥ પુન્યસાગર સૂરીશ્વરૂરે, ગચ્છ નાયક ગુણ ખાણ, આરી કારી શોભતોરે, મુનિવર સુગુણ સુજાણ. શ્રી૦ ॥ ૯ ॥

કળશ.

ઇમ ધર્મ નાયક મુગતિ દાયક કર્મ ઘાયક ભવહરૂ, ભવતરણ તારણ દુઃખ વારણ સુખ કારણ સુરતરૂ, સુરકરે વંદન નાભી નંદન રૂષભપુર મંડન વરૂ સૌભાગ્યચંદ ગુરૂ ચરણ સેવક સરૂપચંદ જય જય કરૂ. ॥ ૧૦ ॥

ઇતિ આદીનાથજીનું ચોઢાલીઉં સંપૂર્ણ.

અથ શ્રી ચોવીશ દંડકનું અઠાવીશ દ્વારનું સ્તવન

દોહા

વંછીત દાયક સુરતરૂ સાચા જીન ચોવીશ, સદગુરૂ દેવી સરસ્વતી પ્રણમુ નામી શીશ. ।। ૧ ।। જીન વાણીથી વેગળો, ભમીયો કાળ અનંત, સમકિત રયણ વિના કદી નાવે ભવનો અંત. ।। ૨ ।। ચાર ગતિ સવિ દંડકે ફરિઓ વાર અનેક, સંક્ષેપે તે વરણવું અડવીશ દ્વારે છેક. ।। ૩ ।। [૧]નામ પ્રથમ [૨]લેશાવલી ત્રીજે દ્વાર [૩]શરીર [૪]અવગાહના [૫]સંઘણ કહ્યો, ચોથો પંચમ વીર ।। ૪ ।। [૬]સંજ્ઞા [૭]સંસ્થાનજ વલી, આઠમો દ્વાર [૮]કષાય, [૯]ઈંદ્રિને વલી [૧૦]સમુદઘાત [૧૧]ઈગ્યારમો દ્રષ્ટિ થાય. ।। ૫ ।। [૧૨]દર્શન [૧૩]જ્ઞાનને [૧૪]યોગ વલી, [૧૫]ઉપયોગ ઉતપન્ન [૧૬]ઠાણ, [૧૭]ચવણ [૧૮]આયુ [૧૯]પર્યપતિ, ઓગણીશમો મન આણ. ।। ૬ ।। [૨૦]આહાર [૨૧]ગતા ગતિ ને વલી વેદ [૨૩]ભવન અવધાર, [૨૪]પ્રાણ અને પચવીશમો [૨૫]ધર્મ જગતમાં સાર ।। ૭ ।। [૨૬]યોની કુલ [૨૭]કોડી વલી [૨૮]અલ્પ બહુ કહ્યો અંત, અનુક્રમે સર્વે હવે, સાંભળજો ધરી ખંત ।। ૮ ।। સંપુર્ણ.

પહેલો નામદ્વાર.

ઢાલ ૧ લી.

ભવીકા સિદ્ધચક્રપદ વંદો-એ દેશી

નારકીને વલી અસુર કુમાર, નાગ સુવર્ન વિતદ્યુત,

અગ્નિ દીપ કુમારને ઉદધિ, દિશી વાયુસ્ત નિતરે, ભવિયા૦ જીનવાણી મન ધરજો, ભવજલધિથી તરજો રે. ભવિયા૦ ॥ ૧ ॥ પૃથ્વી પાણીને વલી અગ્નિ, વાયુ વણ સઇ જાણી, બેઇંદ્રિ તેઇંદ્રિ ચઉરિંદ્રિમાં, ન સુણી જીનવર વાણીરે, ભવિયા૦ ॥ ૨ ॥ તિરિય પંચેંદ્રિને વલી મનુજા, વ્યંતરને જ્યોતિષ, વૈમાનિક ભેલીને ગણીયેં, દંડક એ ચોવીશરે. ભ૦ ॥ ૩ ॥ નારકીને વલી તેઉ વાઉ, વિગલેંદ્રિ ત્રણ જાણુ, એ છએમાં કૃષ્ણ લેશા, નીલ કપોત વખાણુરે. ભ૦ ॥ ૪ ॥ પૃથ્વી પાણી વનસ્પતિને, ભવનપતિ દશ કહીયેં, વ્યંતરએ ચઉદેમાં પ્રથમ લેશા ચારજ લહીયે. ભ૦ ॥ ૫ ॥ જ્યોતિષીને પહેલે બીજે દેવ લોકે તેજુ ગ્રહીયેં, પદ્મ ત્રીજે ચોથે પંચમે, ઉપર શુકલ લહીયેં. ભ૦ ॥ ૬ ॥ મનુષ્ય પંચેંદ્રિ તિર્યંચમાંહે, છ લેશા સવિ જાણી, કૃષ્ણ નીલ કાપોતને તેજુ, પદ્મ શુકલ મન આણીરે. ભ૦ ॥ ૭ ॥ શરીરો દારિક વૈક્રિય આહારક, તેજશ કારમણ જાણી, કર્મ ભૂમિમાંરે પંચને ત્રણ, યુગલ સમુછિમે આણીરે. ભ૦ ॥ ૮ ॥ નારકી જ્યોતિષી વૈમાનિક વ્યંતર ભવન પતિએ, એચઉદેમાં વૈક્રિય તેજશ, કારમણ એ ત્રણ લહીયે રે. ભ૦ ॥ ૯ ॥ તિર્યંચ પંચેંદ્રિ વાઉકાયે, આહારક વિણ સવિચાર, સ્થાવર ચાર વિગલેંદ્રિયેં તેજશ કાર્મણ ઔદારીક ધારરે. ભવિકા૦ ॥ ૧૦ ॥

ઢાલ ૨ જી.

વીર પ્રભુ રિદ્ધ થયા-એ દેશી.

ચોથોદ્વાર અવગાહનારે સહુની અળગીરે હોયે, કર્મ

વશે એણે પ્રાણીયેંરે વિવિધપરે લહી સોયરે, ભમતા ચઉ-ગતિ, અનંત અનંતિ વારોરે ભમતા ચઉગતિ ।। ૧ ।। અંગુલ અસંખ્ય ભાગનીરે, જઘન્યત સર્વનીરે હોયે; ચાર સ્થાવરની ઉત્કૃષ્ટીરે વણુ સહી વીણુ તે જોયરે. ભમતા૦ ।। ૨ ।। તિરિય સહસ જોજન તણીરે, વણુસઇ જાજેરી જાણુ, મનુજ અને તીઇંદ્રિનીરે તીન કોશ મન આણુરે. ભમતા૦ ।। ૩ ।। બેઇંદ્રિ ચઉરીંદ્રનીરે, જોજન દ્વાદશ એક, સાતહાથનું જાણીએરે, દેવતણું ધરી ટેકરે. ભમતા૦ ।। ૪ ।। પાંચશે ધનુષની મૂલથીરે, નારકીની હોય કાય, ઉત્તર વૈક્રીય ભમણું કહ્યુંરે, અંતર મુહુર્ત્ત રહી જાયરે, ભમતા૦ ।। ૫ ।। સુરનર સાધિક લાખનુરે, જોજન તિરિ નવશત, પક્ષ એક રહે દેવનુરે, નરતિરી ચાર મુહુર્ત રે. ભમતા૦ ।। ૬ ।। સંઘયણદ્વાર પાંચમોરે, છ નર તિરિ-નેરે હોય, વજ્ર રિષભ નારાચેરે, રિષભ નારાચે જોયરે. ભમતા૦ ।। ૭ ।। નારાચ અર્દ્ધ નારાચરે, કીલકુ છેવહુ જાણુ, વિગલેંદ્રીને છેવહુરે, બાકી અસંઘયણી જાણુરે. ભમતા૦ ।। ૮ ।। આહાર ભય મૈથુનરે, પરિગ્રહ ચોથી વિનાણુ, ચાર સંજ્ઞા સવિ જીવનેરે, કર્મબંધનું ઠાણુરે. ભમતા૦ ।। ૯ ।। શમચઉરસ નિગ્રોધરે, સાદિત્રીજેરે હોયે, વામન કુબજ સંસ્થાનરે, હુંડક છઠો જોયરે. ભમતા૦ ।। ૧૦ ।। નરતિરિમાં છ જાણીયેરે, પ્રથમ દેવમાં કહંત, દ્રિંસ્થાવર નારકીરે, હુંડક છઠો લહંતરે. ભમતા૦ ।। ૧૧ ।। ક્રોધમાન માયાવલીરે, ચોથો લોભ કષાય, ચોવીશે દંડકે સવેરે, ભવ તરૂવરના પાયરે. ભમતા૦ ।। ૧૨ ।। કૂરસ

ઘ્રાણરશેંદ્રીરે ચક્ષુશ્રોત પંચૈક, ફરશેંદ્રી પંચ સ્થાવરેરે, બે ઇંદ્રી રસના અધીકરે. ભમતા. ।। ૧૩ ।। ઘ્રાણ વધી તિ ઇંદ્રિનેરે, ચક્ષુ ચઉરીંદ્રીને થાયે, સુર નર તિરિને નારકીરે, શોલે પંચ કહાયરે. ભમતા૦ ।। ૧૪ ।।

ઢાલ ત્રીજી.

આદિ અજીતજરે-ત્રુટકની દેશી.

વેદની શમુદ્દઘાતરે, કષાય મરણાંતિક કહી, વૈકીય તેજશરે, આહારક કેવલીની લહી, દેવ તિરિયંચેરે, પ્રથમ પાંચે જાણીયે, વાઉ નરકમાંરે, ચાર પહેલી મન આણીયે. ।। ૧ ।। આણીયેં સાતે મનુજ માંહી, બાકી દંડકસાતયે, વીર જીનવર વયણ સુણીયેં, પેલી ત્રણ ગુણ ઘાતયેં, ઇ-ગ્યારમો હવે દ્વારદૃષ્ટિ, સમક્તિ મિશ્ર બીજીએ, મિથ્યાત્વ ત્રીજી દૃષ્ટિ કહીયેં, સ્થાવરે એક ત્રીજીએ. ।। ૨ ।। બે દૃષ્ટિ વીગલેંદ્રીરે, સમકિત ને મિથ્યા વલી? શેષ સર્વમાંરે ત્રણ દૃષ્ટિ કહે કેવલી, ચક્ષુ અચક્ષુરે અવધિ દર્શન જાણીયે? ચોથો કેવલરે, મનુષમાં ચારે વખાણીયેં. ।। ૩ ।। વખા-ણીયેં સ્થાવર બી તિ ઇંદ્રી માંહે અચક્ષુ એકએ, ચૌરીંદ્રીમાંહે દોયપેલી, ત્રણપેલી બાકી છેક એ, મતિશ્રુતને નાણ અ-વધી મન પર્યવ પંચમ કેવલી, મતિશ્રત વિભંગ ત્રીને, અજ્ઞાન ત્રણ જાણો વલી. ।। ૪ ।। દેવનારકીરે, તિર્યંકમાં ત્રણ ત્રણ કયા, બે બે વિકલેંદ્રીરે, અનાણ સ્થાવરે બે લહ્યા, પાંચને ત્રણરે, કર્મ ભૂમિનરે લેખીયે, દ્વાર ચૌદમેરે યોગ તે પનરે દેખીયે. ।। ૫ ।। દેખીયેં સત્ય અસત્ય મિશ્ર, અસત્ય મૃષા ચાર એ, મન વચન એ બેથી ગણતાં, આઠ

એ અવધાર એ, વૈક્રિય આહારક ઔદારિક, મિશ્ર સહિત્ત એ છ થયા, કાર્મણ કાય મલી પનરે, કર્મમુચિ નરે સવિ કયા. ॥ ૬ ॥ તેર તિરિયંચેરે, સુર નારકીમાં ઇગ્યાર એ, પંચ વાઉમાંરે, વિકલેંદ્રિયે ચાર એ; ચાર સ્થાવરેરે, યોગ ત્રણ સવિ જાણુરે, બાર ઉપયોગરે, દર્શણ નાણુનાણુરે, ॥ ૭ ॥ જાણ સુર તિરિ નારકે નવ, સ્થાવરે સવિ ત્રણ કહ્યા, પાંચ બિ તિ ઇંદ્રીમાંહી, ચઉરીંદ્રીમાં છ લહ્યા; મનુષ્ય કર્મભૂમિ સર્વે દ્વાદશ ઉપયોગ એ; શ્રીવીર આગમ વયણ નીસુણી ટાલજો ભવ રોગ એ. ॥ ૮ ॥

ઢાલ ચોથી.

ભવ મહોટા કહીયે પ્રભુના સત્યાવીશજો એ દેશી.

ગર્ભજ તિરિય સુર નારકી વિકલા જાણજો, સંખ્ય અસંખ્ય ઉપજે સમયે ને ચવેરેજો, વણશઈ માનંતા નરમાં સંખ્યા જોયજો, અશંજ્ઞી નર સ્થાવરમાં અસંખ્યાતા હુવેરેજો. ॥ ૧ ॥ સ્થાવર વિગલેંદ્રિ નર તિરિયંચમાં જોય જો, જઘન્ય આયુ એક મુહુર્ત આગમથી લહ્યોરેજો, દશ સહસ વરષનું વ્યંતર નરક મુઝારજો, ભવનપતિ માંહે પણ જઘન્યજ એમ કહ્યો રે જો. ॥ ૨ ॥ વૈમાન્યક પલને જોષિ આઠમું ભાગજો, ઉત્કૃષ્ટો વાયુ વણ શઈ પાણી પૃથવીરે જો, ત્રણ દશને સાતજ બાવીશ વરષ હજારજો, અગ્નિતિ ચઉરીંદ્રી હવેથી સમજવીરે જો. ॥ ૩ ॥ ત્રણ દીવસ ઓગણ પચાસ અને છ માંસજો, સન્નિ અસંજ્ઞિ જલચર ઉરપર સન્નીનોરે જો, ગણો પૂર્વ કોડી વરસ તિહુંનું આયજો, ગર્ભજ થલચર આયુઃ પલ્ય તીનનોરે જો.

।। ૪ ।। ચોરાશી વરસ હજાર સમુર્છિમ જાણુજે, ખેચર ગર્ભજ ભાગ અસંખ્ય પલ્યનુરેજે, બહુંતેર હજાર વરસ સમુર્છિમ જોયજો, અસન્નિ ઉર પર ત્રેપન સહસ વર્ષનુરેજે. ।। ૫ ।। હવે સંજ્ઞિ અસંજ્ઞિ ભુજપુર કમથી જાણુજે, પૂર્વ કોડી વર્ષ બેતાલીશ સહસનુંરેજે, વલી ગર્ભજ નરનું તીન પલ્યોપમ આયજો, વ્યંતર પલ્ય અર્ધો તેહની દેવીનુંરેજે. ।। ૬ ।। વલી દક્ષિણ દિશીના અસુરનું સાગર એકજો, સાડાત્રણ પલ્યોપમ તેહની દેવીનુંરેજે, દિશી ઉત્તર સાધિક સાગર અસુર કુમારજો, દેવી તેહની પલ્યસાડા ચારનુરેજે. ।। ૭ ।। દિશી દક્ષિણ નવનિકાયે પલ્ય દોઢજે, દેવીનું વળી અર્ધાપલ્યનું જાણીયેરેજો, દોપલ્ય દેશે ઉણા ઉત્તર નવ નીકાયજો, દેશે ઉણુપલ્ય દેવી તસ આણીયેરેજે. ।। ૮ ।। શશિપલ્ય એક વલી લાખ વરષનો આયુજો, સૂર્યપલ એક સહસ વરષનુ લીજીયેરેજે, બિહું દેવીનું તે કમથી અરધોં હોયજો, ગ્રહ એક પલને દેવી અર્ધો કીજીએરેજે. ।। ૯ ।। અર્ધો પલ નક્ષત્ર પા પલ તારા ધારજો, દેવી સાધીક ચઉ અડભાગે કમથી રેજો, પહેલે બે સાગર બીજે સાધિક જોયજો, ત્રીજે સાતજ ચોથે કલ્પ અધિકથીરેજો. ।। ૧૦ ।। પંચમ દેવલોકે દશને છઠે ચઉદજો, સતર સાગર સાતમે આયુઃ જાણીયેરેજો, એકેક વૃદ્ધિથી ગ્રઇવેક નવમી જોવજો, એકત્રીશ સાગર તિહાંનું આય વખાણીયેરેજો. ।। ૧૧ ।। અનુત્તર પાંચેમાં તેત્રીસ સાગર આય, પહેલી તે નરકે સાગર એક વિચારીયેજો, બીજીમાં તીનજ ત્રીજીમાં વલી સાતજો, ચોથી

દશને પાંચમી સતર ધારીયેરેજો. ।। ૧૨ ।। છઠી બાવીશ સાતમીમાં તેત્રીશજો, બે ઇંદ્રીનું બાર વરસ મન આણીયેરેજો, ઉત્કૃષ્ટો આયુઃ જાણી સવિનો એહજો, જિન ધર્મ કરીએ તોડી શીવ સુખ માણીયેરેજો. ।। ૧૩ ।।

ઢાલ ૫ મી.

પૃથવી પાણી તેઉરે વાઉ વણસઇ એ દેશી.

આહાર શરીરને ઇંદ્રીરે, ચોથો શ્વાસોરે શ્વાસ, ભાષા મણ છ પજજતી એ. ।। ૧ ।। પહેલી ચાર સવિ સ્થાવરેરે, વિકલેંદ્રીનેરે પંચ, બાકી સહુને છ કહીએ. ।। ૨ ।। આજ રોમને કવલરે, આહાર કહીયે તીન, નર તિરિ વિકલેંદ્રીમાંએ. ।। ૩ ।। નારક સ્થાવર દેવરે, પ્રથમના બે આહાર, હવે ગતિ આગતિ સાંભલો એ. ।। ૪ ।। છ દેવ લોક ત્રીજાથીરે, વલી ચવી નારક જાય, નર તિરિંચ એ બેહુ માંએ. ।। ૫ ।। ભવનપતિથી બે કલ્પેરે, ભૂદગ વણશઇ જાણ, નર તિરિએ પાંચેમાંએ. ।। ૬ ।। નવમાંથી ઉપર સવેરે, જાયે એક નરમાંહે, આવે પણ તેહિજ થકી એ. ।। ૭ ।। નર તિરિ જાયે સવિ સ્થલેરે, વિગલેંદ્રિ દશમાંહે, નર તિરિ વિકલા સ્થાવરે એ. ।। ૮ ।। આવે પણ એ દશ થકીરે, હવેભૂદગ વણશઇ, જાયે દશ તેહિજ માંહે એ. ।। ૯ ।। નારકી વિણ ત્રેવીશરે, આવે એ ત્રણમાંહિ હવે તેઉ વાઉમાંએ. ।। ૧૦ ।। સ્થાવર તિરિ વિકલા નરારે, આવે એ દશ ભેદ, જાયે નર વિણ નવમાંએ. ।। ૧૧ ।। ભૂવનપતિથી અષ્ટમોરે, કલ્પ વલી નારકમાંહી, આવે નર તિરિ બિહુંથી એ. ।। ૧૨ ।। નરમાંહે બાવીશરે, તેઉ વાઉ

વિહિણ, તિરિયકમાં ચોવીશથી એ. ।। ૧૩ ।। પુરૂષ નપું-શક વેદરે, ત્રીજે સ્ત્રી મન આણ, નર તિરિમાંહે એ સવિએ, ।। ૧૪ ।। સ્ત્રી પુરૂષ સુરમાંહિરે, ભાકી સર્વે નપુંસક આ-ગમ વચને લહીએ. ।। ૫ ।।

ઢાલ ૬ ઠી.

ચોપાઇની દેશી.

પહેલી નરકે નરકાવાસ, ત્રીશલાખ નહિ સુખનુ ભાસ, બીજી ત્રીજી ચોથી ભાખ, પણ વીશ પનરને દશ લાખ ।। ૧ ।। પાંચમી નરકે લાખજ તીન, છઠીમાં લખ-પંચે હીન, સાતમી નરકે પાંચજ કહ્યા, લાખ ચોરાશી સર્વે થયા. ।। ૨ ।। ચમરેંદ્રને લાખ ચોત્રીશ, ધરણેંદ્રને ચઉમાલીશ, વેણું દેવને અડત્રીશ લાખ, વેલંબિકને પચાસ લાખ. ।।૩।। હરિકંતને અગ્નિ શિખ, પૂર્ણેંદ્ર જલકંત જઈખ, અમિત ગતિ ગેાપેંદ્ર જાણુ, ચાલીશ ચાલીશ લાખ વખાણુ. ।। ૪ ।। દક્ષિણ દિશના સર્વે મલી, ચાર કેાડી છ લાખજ વલી, ચાર ચાર લખ ઉણા જાણુ; ઉત્તર દિશનાં સર્વે ઠાણુ. ।। ૫ ।। ત્રણ કેાડીને છાશઠ લાખ, ઉત્તર દિશના ભુવનજ ભાંખ, બિહું મલિને સાતજ કેાડ, બહુંતેર લાખ વલી ઉપર જોડ. ।। ૬ ।। રત્ન પ્રભાની પોલ છે જેહ, તિહાં જાણેા ભુવન સવિ એહ, તે ઉપર વલી વ્યંતર જાણુ, નગર અસંખ્યતા મન આણુ. ।। ૭ ।। સાતશેં નેવું યોજન જાણુ, સમ ભૂતલથી જોતીશ ઠાણુ, તારાથી દશ યોજન જાણુ, રવિ ઉપર એંશી ચંદ આણુ, ।। ૮ ।। ચઉ જોજન નક્ષત્ર ચઉ બુધ ત્રણ શુક્ર ત્રણ ગ્રહસ્પતિ રૂધ, ત્રણ જોજન

મંગલ ત્રણધાર, શનીશ્વર છેલ્લો અવધાર.।।૯।। ઇગ્યારશેં જો-જન એકવીશ મેરૂ થકી ચાલે જ્યોતિશ, ઇગ્યારશે જોયણ ઇગ્યાર અલોકથકી સ્થિર જ્યોતિશ ધાર ।। ૧૦ ।। સંખ્યા વિણ જોઇશિ વિમાણ હવે સુણો વૈમાનિક ઠાણ, સૌધર્મે તે લાખ બત્રીશ, ઇશાને વલી અઠાવીશ. ।। ૧૧ ।। દ્વાદશ સનત કુમારે જાણ, માહેદ્રમાં અડલખ વિમાણ, બ્રહ્મમાંહિ કહ્યા લાખજ ચાર, લાંતકમાં પચાસ હજાર. ।। ૧૨ ।। શુક્રમાં ચાલીશ હજાર, સહસારમાં છ હજાર, અનંત પ્રાણતમાં સયચાર, આરણ અચ્યુતે ત્રણ સતધાર, ।। ૧૩ ।। પહે-લીમાં એકસો ઇગ્યાર, સાત અધિકશો બીજી ધાર, ત્રીજી ત્રીકે એકશો જાણ, ઉપર અનુતર પંચ વખાણ, ।। ૧૪ ।। સર્વ મલી ચોરાશી લાખ, સહસ સતાણું ત્રેવીશ ભાખ, દેવસ્થલે સવિ જીનઘર જાણ, શીશ નમાવી કરૂં પ્રણામ, ।। ૧૫ ।। વિગલેંદ્રિતિરિ સ્થાવર જાણ, વિવિધ પરે તસ રહેવાઠાણ, અઢીદ્વીપમાંહે નર જાણ, બાદર અગ્નિ વલી વખાણ; ।। ૧૬ ।।

ઢાલ ૭ મી.

ધર્મ જીનેશ્વર ગાઉં રંગ શું—એ દેશી.

મન તનુ વય બલ પંચ ઇંદ્રિવલી, શ્વાસોશ્વાસને આય,—ચતુર નર નારકી સુર નર તીરી પંચેંદ્રિમાં દશે પ્રાણ કહાય. ચતુર નર સાચી વાણી શ્રી જીનદેવની. એ આંકડી. ।। ૧ ।। બિતિ ચઉરિંદ્રિ વલી સ્થાવરે, છસગ અડવલી ચાર. ચતુર સન્નિ નર તિરિ બેહુમાં કહ્યો, કરણી ધર્મ સદાચાર. ચ૦ સા૦ ।।૨।। બાકી સર્વે સ્થલે તે

નવિહોચે, એહવી જીનવર શાખ. ચ૦ પૃથ્વી પાણી તેઉ પવનની, યેાની સગ સગ લાખ. ચ૦ સા૦ ॥ ૩॥ સાધારણ પ્રત્યેક વણુ સહી, લાખ ચઉદ દશમેય ચતુર૦ લખ બે બે બિતિચઉરિંદ્રિના, ચઉદ મનુષ્યના હોય. ચ૦ સા૦ ॥૪॥ ચઉ ચઉ લખ સુર તિરિ તે નારકી, લક્ષ ચેારાશી સર્વ ચતુર૦ દ્વાર શતાવીશમેા કુલ કેાડીનેા, સુણીએ મુકી ગર્વ ચ૦ સા૦ ॥ ૫॥ લાખ પચીશતે નારકી જાણીએ, છવીશ સુર સવિ હોય. ચતુર૦ બાર બાર લખ ખેચર નરમહિ, અગ્નિના ત્રણ જોય ચ૦ સા૦ ॥ ૬ ॥ સાત સાત લખ હોચે *તીનના, બે ઈંદ્રિ અપવાય, ચતુર૦ અડનવ લખ* તિચઉરિંદ્રિ કહ્યા, વણુશઈ અડવીશ થાય. ચ૦ સ૦ ॥ ૭ ॥ દશ દશ ઉપર થલચરના કહ્યા, જલચર શાઠી બાર ચતુર૦ ભુજપુરના નવલક્ષ કહ્યાવલી, આગમ વચણે સાર. ચ૦ સા૦ ॥ ૮ ॥ સર્વમલી એક કેાડીને વલી સાડીસતાણું લાખ ચતુર૦ અલ્પ બહું હવે ક્રમથી સાંભલેા, અલ્પ પજજતિ નરદાખ ચ૦ સા૦ ॥૯॥ વૈમાનિક ભુવનેશર અસંખ્યાતા નારકી વ્યંતર નેશ. ચતુર૦ અસંખ્ય પદ ચઉરિંદ્રિ તક ભણેા વિશેષ પંચેંદ્રિ આણ. ચ૦ સા૦ ॥ ૧૦ ॥ અધિકાધિક બિ તિ ઈંદ્રિલગે, હવે અસંખ્ય જોય. ચતુર૦ ભૂદગ વાઉ તેઉ જાણીએ, વણુસઈ અનંતા હોચે. ચ૦ સા૦ ॥૧૧॥ સંપુર્ણ.

કલશ

ધનનેા લેાભીરે વાણીઉં-એ દેશી.

ચેારાશી લખ ચેાનીમાં, વાર અનંતિ રહ્યોરે, છેદન ભેદન દુઃખ ઘણું, કહેતાં પાર ન લહ્યોરે. ॥ ૧ ॥ વીર-

જીનેશ્વર સાહિબા તુમ શરણે હવે આયોરે, દાસ અવગુણ નવી લેખીયેં, જેહ નિજ નામ આધારોરે, વીર૦ ।। ૨ ।। ભવ દુઃખથી અતિ ઉભગી, પ્રભુ ચરણે હું આયોરે, ભવ-જલધીથી તારજો, તારણ બિરૂદ ધરાયોરે. વીર૦ ।। ૩ ।। જલધર મહીપર વરષતો, જુવે ન ઠામ કુઠામોરે, મહેર સદા સવી ઉપરે, સરખી પ્રભુ ગુણ ધામોરે. વીર૦ ।। ૪ ।। અપરાધી સવિ તારિયા, તુમ કરૂણા નહી પારોરે, તિમ મુજને પ્રભુ તારજો, તુમ વિણ નહી આધારો. વીર૦ જી. ।। ૫ ।। સુધો સંયમ નવિપલે, એહ દુસ્સમ પંચમ આરોરે, જો કરૂણા સાહિબ તણી, હોશે તો ભવ પારોરે, વીર૦ ।। ૬ ।। શુભ વિધિયે કરી શોભતો, પંડિતને મન ભાયોરે, અચલ ગુણથી દીપતો, અચલ ગચ્છ સવાયોરે. વીર૦ ।। ૭ ।। સૂરીશ્વર નાયક ભલા, જીનેંદ્ર ગુણ નિધિ રાયોરે, સૂર્ય શશી ગુરૂ સેવતાં, ભવિયણ શિવપુર પાયોરે. વીર૦ ।। ૮ ।। ઓગણીશશેં ઓગણોતેરેં, બિદડા નગર મુજારોરે; પાર્શ્વ પ્રભુ પસાઉલે, સ્તવન રચ્યો મનોહારોરે વીરજીનેશ્વર સાહિબા. ।। ૯ ।। સંપુર્ણ.

।। અથ શ્રી વૈકુંઠ પંથ પ્રારંભ ।।

વૈકુંઠ પંથ બીહામણો દોહિલો છે ઘાટ, આપણનો તિહાં કોઈ નહિ; જે દેખાડે વાટ. ।। ૧ ।। માર્ગ વહેરે ઉતાવલો, ઉડે જીણેરી ખેહ, કોઇ કોઇને પડખે નહિ, છાંડી જાય સનેહ. માર્ગ૦ ।। ૨ ।। એક ચાલ્યા બીજા ચાલશે, ત્રીજા ચાલણહાર; રાત દિવસ વહે વાટડી, પરખે નહિ

લગાર. માર્ગ૦ ।। ૩ ।। પ્રાણીને પરિયાણું આવિયું, ન ગણે વાર કુવાર; ભદ્રા ભરણી યોગિણી, જો હોય સામો કાલ. માર્ગ૦ ।। ૪ ।। જમરૂપે બિહામણો, વાટે દીયેરે માર, કૃત કમાઈ પૂછશે; જીવનો કીરતાર. માર્ગ૦ ।।૫।। લોભે વાહ્યો જીવડો; કરતો બહુ પાપ, અંતરજામી આગલે કેમ કરીશ જબાપ. માર્ગ૦ ।। ૬ ।। જે વિણ ઘડી સરતો નહીં, જીવન પ્રાણ આધાર; તે વિણ વરસ વહી ગયાં, શુદ્ધ નહીં સમાચાર. માર્ગ૦ ।। ૭ ।। આવ્યો તું જીવ એકલો, જાતાં નહીં કોઇ સાથ; પુણ્ય વિના તું પ્રાણીયા. ઘસતો જાઈશ હાથ. માર્ગ૦ ।। ૮ ।। મગ કેરી માંહે પેશીયે, તોહિ ન મેલે મોત, ચેતણહારા ચેતજો; જાશે ગોફણ ગોલા સોત. માર્ગ૦ ।। ૯ ।। છત્રપતિ ભૂપ કોઇ ગયા, સિદ્ધ સાધક લાખ; ક્રોડ ગમે કરણ આવટયા, અમર કોઈ જીવ દાખ. માર્ગ૦ ।। ૧૦ ।। આપણ દેખતાં જગ ગયેા, આપણે પણ જાના; રૂદ્ધિ મેલી રહેશે નહિ, મોહોટા રાયને રાણા. માર્ગ૦ ।। ૧૧ ।। દાહાડે પહોતે આપણે, સહુ કોઇ જાશે; ધર્મ વિના તુમે પ્રાણીયા, પડશો નરકા વાસે. માર્ગ૦ ।। ૧૨ ।। સંબલ હોયતો ખાઇયે, નહિતો મરીયે ભૂખ; આપણો તિહાં કોઈ નહિં, જેહને કહીયે દુઃખ. માર્ગ૦ ।। ૧૩ ।। આગલ હાટ ન વાણીયા, ન કરે કોઈ ઉધાર; ગાંઠે હોયતો ખાઇયે, નહીં કોઇ દેઅણહાર. માર્ગ૦ ।। ૧૪ ।। નિશ્ચલ રહેવું છે નહિં, મ કરો મોડામોડ; પર સ્ત્રી પ્રીત ન માંડિયે, એતો મહોટી ખોડ. માર્ગ૦ ।। ૧૫ ।। વસ્તુ પીયારી મત લીયેા, મ કરો તાંત પીયારી;

ધર્મ વિના જગ જીવને, હોશે અંતે ખુઆરી. માર્ગ૦ ॥ ૧૬ ॥ કુડ કપટ તમે મત કરો, જીવ રાખજો ઠામ; જીવ દયા પ્રતિપાલજો, જો હોય વૈકુંઠ કામ, માર્ગ૦ ॥૧૭॥ મોહોટાં મંદિર માલીયાં, ઘર પણ ઘણેરી આથ, હીરા માણેક અતિ ઘણા, પણ કાંઇ નાવે સાથ. માર્ગ૦ ॥૧૮॥ કોડી ગમે કુકર્મ કિયાં, કેતા કહું તુમ આગલ; લખે કિણિપરે પોહોચીયે; પ્રભુજીશું કાગલ. માર્ગ૦ ॥ ૧૯ ॥ આગલ વૈતરણિ વહે, તિહાં કોઇ ન તારે, ધર્મી તરી પાર પામશે, પાપી જાશે પાયાલે. માર્ગ૦ ॥ ૨૦ ॥ દીઠે મારગ ચાલીયે, ન ભરીયે કુડી સાખ, કાલ કાયા પડી જાયશે, મશાણે ઉડશે રાખ. માર્ગ૦ ॥ ૨૧ ॥ જતના કરંતા જાયશે, ઉડી જાશે સાસ; માટી તે માટી થાયશે, ઉપર ઉગશે ઘાસ. માર્ગ૦ ॥ ૨૨ ॥ માય બાપ એ કેહનાં, કેહનો પરિવાર; પુત્ર પૌત્રાદિક કેહનાં; કેહની ઘરનાર. માર્ગ૦ ॥ ૨૩ ॥ કોઇ મ કરશો ગારવો, ધન યૌવન કેરો, અંતે ઉગર્યો કોઇ નહી, આપણુથી ભલેરો. માર્ગ૦ ॥૨૪॥ માહારૂં માહારૂં કરતો થકો, પડયો માયાને મોહ; લોચન બે મીંચાણુડા તવ, ઘણી અનેરાઈ હોઈ. માર્ગ૦ ॥૨૫॥ જે જિહાં તે તિહાં રહ્યું, ચાલ્યો એકલો આપ; સાથે સંગતે બે થયાં, એક પુણ્યને પાપ. માર્ગ૦ ॥ ૨૬ ॥ સુગુરૂ સુસાધુ વંદિયે, મંત્ર મોહોટો નવકાર; દેવ અરિહંતને પૂજીયે, જેમ તરીયે સંસાર. માર્ગ૦ ॥ ૨૭ ॥ શાલિભદ્ર સુખ ભોગવ્યા, પાત્રતણે અધિકાર; ખીરખાંડ ઘૃત વહોરાવીયાં; જાશે મુકિત મજાર. માર્ગ૦ ॥ ૨૮ ॥ તસ

ઘર ઘોડા હાથીયા, રાજા દીયે બહુ માન, દાન દયા કરી દીજીએ; ભાવે સાધુને માન. માર્ગ૦ ।। ૨૯ ।। ધર્મે પુત્રજ રૂઅડા, ધર્મે રૂડી નાર; ધર્મે લક્ષ્મી પામીયેા, ધર્મે જય જયકાર. માર્ગ૦ ।। ૩૦ ।। નવનંદ માતા મેલી ગયા, ડુંગરે કેરા પાણા; સમુદ્રમાં થયા શંખલા, રાજા નંદના નાણાં. માર્ગ૦ ।। ૩૧ ।। પૂજી મેલી મરી જાયશે, બાવે બરચવે બેાટા, તે કડા ઉપર થઈ અવતર્યા; મણિધર મેાટા. માર્ગ૦ ।। ૩૨ ।। માલ મેલી કરી એકઠા, બરચે નવિ બાય, લઇ ભંડારે ભૂમિમાં; તિહાં કેાઇ કાઢી જાય. માર્ગ૦ ।। ૩૩ ।। પૂંજી લક્ષ્મી મેલશે, કેહને પાણી ન પાય; ધર્મકાર્ય આવે નહીં, તે ધુળધાણી થાય. માર્ગ૦ ।।૩૪।। જીવતાં દાન જે આપશે, પેાતે જમણે હાથ; શ્રી ભગવાન એમ ભાંખિયું, સહુ આવશે સાથ. માર્ગ૦ ।। ૩૫ ।। દયા કરી જે આપશે, ઉલટે અન્નનું દાન; અડસઠ તીર્થ ઈહાં અછે, વલી ગંગા સ્નાન. માર્ગ૦ ।। ૩૬ ।। જોગી જંગમ ઘણા થાયશે, દુખિયા ઇણ સંસાર; બીચડી બાય બાંતશુ, સાચેા જીન ધર્મ સાર. માર્ગ૦ ।। ૩૭ ।। બાંડાની ધારે ચાલવું, સુણજો એ સાર; પર સ્ત્રી માત કરી જાણવી, લેાભ ન કરવેા લગાર. માર્ગ૦ ।। ૩૮ ।। કનક કામિની જેણે પરિહરી, તેતેા કર્મથી છૂટા; ભીખારી ભમે ઘણા, બીજા બીચડ બુટા. માર્ગ૦ ।। ૩૯ ।। પાથરણે ધરતી ભલી, ઓઢણ ભલું આકાશ; શણગારે શીયલ પહેરવું, તેહને મુક્તિનેા વાસ. માર્ગ૦ ।। ૪૦ ।। ઉપવાસ આંબીલ નિત કરે, નિત અરિહંત ધ્યાન; કામ ક્રોધ લેાભ પરિહરે, તેહને

મુક્તિ નિદાન. માર્ગ૦ ।। ૪૧ ।। મનુષ્ય જન્મ પામી કરી, જે કરશે ધર્મ; સુખ સઘલાં સંપ જે, છુટે સર્વે કર્મ. માર્ગ૦ ।। ૪૨ ।। ધર્મે ધનજ પામીયે, ધર્મે સવિ સુખ થાય; અરિહંત નામ આરાધિયે, પાપ પરલે જાય. માર્ગ૦ ।। ૪૩ ।। ખાટ પાથરણે સૂઇ રહો, ખાઓ નિત્ય ખાણું; એક અરિહંત નામ સંભારતાં, કયાં એસે તુજ નાણું. માર્ગ૦ ।। ૪૪ ।। મનસા વાચા કાયથી, લીજે ભગવંત નામ; સુખ સ્વર્ગના સંપ જે, સીજે વંછિત કામ. માર્ગ૦ ।। ૪૫ ।। ખાતાં પીતાં ખરચતાં, હઇડા મ કરે ખલ ખંચ; કાયા માયા કારમી, યોવન દહાડા પંચ. માર્ગ૦ ।। ૪૬ ।। કેહી સુચંગી વાઢીયેા, કેહી સુચંગી નાર, કેતે માટી હોઇ રહી, કેતે ભચે અંગાર. માર્ગ૦ ।। ૪૭ ।। હંસ રાજા જબ ઉડીયેા, તવ કોઇ ન કરે સાર; સગાં કુટુંબ સહુ એમ ભણે, વહી કાઢો બાર. માર્ગ૦ ।। ૪૮ ।। મિત્ર પુત્રાદિક તિહાં લગે, સ્નેહ ભરપૂર; હંસ રાજા જવ ચાલીયા, તવ થયા સહુ દૂર. માર્ગ૦ ।।૪૯।। જેવેા જન્મ્યેા તેવેા કાઢીયેા, નવિ માગીયેા ભાગ; આગળ ઓખર હાંડલી, માંહે અધબળતી આગ. માર્ગ૦ ।। ૫૦ ।। પતિત પાવન પ્રભુજી તમે, સુણેા હેા દિનાનાથ; સંસાર સાગરમાંહી બુડતાં, દેજો તુમે હાથ. માર્ગ૦ ।। ૫૧ ।। સાંભળેા સ્વામી શામળા, મેારી અરદાસ; હું માગું પ્રભુ એટલું, દેજો વૈકુંઠવાસ. માર્ગ૦ ।। ૫૨ ।। અહંકાર ચિત ન આણીયે, કેહને ગાળ ન દીજે; કામ ક્રોધ લેાભ મારીયે; તેા અમર કર લીજે માર્ગ૦ ।। ૫૩ ।। કરત કમાઇ જો-

ડીયે, કેહને દોષ ન દીજે; વિષના ફલ જો વાવીયે, તો અમ્રત ફલ કેમ લીજે. માર્ગ૦ ।। ૫૪ ।। છતી રૂદ્ધિ ખરચે નહીં, તે પણ મૂરખ મોહોટા; ઠાલો આવ્યો ભુલો જાયશે, આગળ પડશે સોટા. માર્ગ૦ ।। ૫૫ ।। ચોરાશી લખ જીવ જોનીમાં, ફિરીયો વાર અનંત; મુનિ ભીમ ભણે અરિહંત જપો, જીમ પામો ભવ અંત. માર્ગ૦ ।।૫૬।। સંવત સોળ નવ્વાણુંયે, બીજને બુધવાર; આસો માસે ગાઈયો, છીકારી નગરી મઝાર. માર્ગ૦ ।। ૫૭ ।। ભીમ ભણે સહુ સાંભળો, મત સંચો દામ; જીમણે હાથે વાવરો, તો સહી આવશે કામ. માર્ગ૦ ।। ૫૮ ।। ભીમ ભણે સહુ સાંભળો, નવી કીજે પાપ; ઓછો અધિકો જે મેં કહ્યો; તે તમે કરજો માફ. માર્ગ૦ ।। ૫૯ ।।

अथ नानो आराधना लिख्यते.

તીર્થનાથ જીનવર નમું, ત્રિભુવન તિલક સમાન; આસનના ઉપગારી થયા, મહાવીર ભગવાન; ચેત ચતુર થઇ જીવડા. ।। ૧ ।। શ્રી જીન વચને જાગ, મોહ તણી મતિ પરિહરી; સુદ્ધે માર્ગે લાગ, ચેત ચતુર થઇ જીવડા. ।। ૨ ।। ગોયમ ગણુધર તેહના, જગ ગુરૂ જગ આધાર; તસુ પ્રણામ ત્રિવિધે કરૂં; જેમ પામું ભવપાર. ચે૦ ।।૩।। સદગુરૂ પય પ્રણમી કરી, કહીશ જંકી વિચાર; આતમ સુખને કારણે, આરાધના પ્રકાર. ચે૦ ।। ૪ ।। ત્રીજે અંગે જીણવરે, ભણ્યું તિયજયણી, તિય ઠાણી ત્રિહું પ્રકારે આરાધના, ચારિત્ર દંસણ નાણ. ચે૦ ।। ૫ ।। તિણ વિણું કીધે પ્રાણીઓ, ભમીઓ વાર અનંત; ચઉ ગઇ માંહી, કર્મ

વસે, નહું લીધેા દુહ અંત. ચે૦ ।। ૬ ।। ભાગ્યવસે હવે ગુરૂ મિલ્યા, તિણે દેખાડયેા મર્મ; ભવજલ તરવા બેડલી, દેવ અને ગુરૂ ધર્મ. ચે૦ ।। ૭ ।। દેવ એક મુજ જીનવરૂ, ગુરૂ તે સુગુરૂ વિચાર; જીન પ્રવચન સાચેા કહે, ગણધરને અનુસાર. ચે૦ ।। ૮ ।। પઢમ અંગે જીનવરે કહ્યું; તૃતીય જયણીએ ધર્મ, ત્રિણ તત્વ એમ સદહી, પાલે ટાલે કર્મ. ચે૦ ।। ૯ ।। જીવ ન કેાઇ તુજ સગેા, શત્રુ ન કેાઇ સંસાર, રાગ દ્વેષ અળગા કરી, પહુંચીજે ભવપાર. ચે૦ ।। ૧૦ ।। કર્મવસે સંગતિ મિલી, તરૂ પંખી અહિનાણ; સ્વાર્થે બાંધ્યું સેવીયે, છાંડી ન જાયે નિદાન. ચે૦ ।। ૧૧ ।। અરિહંત સિદ્ધ સુસાધુને, કેવલી ભાષીઉં ધર્મ; ચારે સરણ ભવિ હું જપું, જેહથી લહીએ શિવ શર્મ. ।। ૧૨ ।। કર્મભૂમિ પંનરહ લગે, અરિહંત કેવલી સાધુ; તેહની સાખે ખમાવીયે, સવિહું જીવ અપરાધ. ચે૦ ।।૧૩।। છહઈ કાય વિસ્તર ભણી, પન્નવણા ભગવંત, અંતકાલે કેમ સાંભરે, તેણે સંક્ષેપે ખમંત. ચે૦ ।। ૧૪ ।। પુઢવી સુક્ષિમ વાયરે, પજજતા પજજત, એણીપરે સઘળા જાણવા; ખામું તે એક ચિત્ત. ચે૦ ।। ૧૫ ।। લેાહાદિક શસ્ત્રે કરી, અરથે અનરથે જેય; ધરણી વિરાધના જે હુઈ, મનસ્યું હર્ષ ધરેય. ચે૦ ।। ૧૬ ।। પાહણ માહી ફટકડી, હિંગુલ લૂણ હરિયાલ, ઈત્યાદિક ત્રિવિધે કરી, ખામું તેય ત્રિકાલ ચ૦ ।। ૧૭ ।। પાણી લેાયણ પીવણે, ધેાવણ તનુ ને ન્હાણ, ભેલ સંભેલા જે કર્યા, નિંદું તે સવિઠાણ ચે૦ ।। ૧૮ ।। દ્વીવે ચુલ્હે સં-

ધુષણે, સિગડી સુખને હેતે, ઇત્યાદિક કાજે ઇંગણી, આલોવું તે ચિત્તે ચ૦ ।। ૧૯ ।। પર વંદન પૂજા ભણી, તાલ ઘંટ ચમરાદિ, ધમવે ભોયણે કુંકવે, નિંદુ વાઉ અપ્રમાદી ચ૦ ।। ૨૦ બિહું ભેદે વણસ્સઈ ભણી, સાધારણ પ્રત્યેક હણી હણાવી અનુમતિ નાણ્યેા ચિત્ત વિવેક ચે૦ ।। ૨૧ ।। ખાંડી પીષી, વાવરી, છેદી જીવ્હા સ્વાદે, ખાર ભેદને સૂકવી, નાણ્યેા મન વિખવાદે. ચે૦ ।। ૨૨ ।। આતમ સરખી વરણવી, તિર્થનાહ પઢમંગે, સાંભલી તાસુ વિરાધના, આલોવું મન રંગે. ચે૦ ।। ૨૩ ।। બે ઇંદ્રિ પ્રમુખાવલી, આરંભે ત્રસ કાય, પંચ પ્રમાદે દુહવી, ખામું તે જીનરાય. ચે૦ ।। ૨૪ ।। પ્રાણ હણી મુખે ભાખીઉં, અલીય લીઉં અદત, મૈથુન સેવ્યું મન વસે, નિજપર તિયસ્યું રત્ત. ચે૦ ।। ૨૫ ।। પરિગ્રહ બહુ એકઠેા કર્યો, વિવરેાવી છહકાય, ક્રોધ માન માયા ઘણી, લેાભ કીયેા મન ભાય. ચે ।। ૨૬ ।। રાગ દ્વેષ કલઈ કર્યા, અબ્ભખાણ પરસ્ય, પરચાડી અરતી રતી, પર અપવાદ વિરસ. ચે૦ ।। ।। ૨૭ ।। માયા કરી કુડેા લ૦યેા, મિથ્યા દસણ સલ્લ, પાપ અઢાર જે આચર્યા, આલોવું નિસલ્લ. ચે૦ ।। ૨૮ ।। કુગુરૂ નમ્યેા ગુરૂ ભોલિમે, કુદેવ થાપ્યા કરી દેવ, કુધર્મ કર્યો ધર્મ તાલિમેં, દશ વિધ મિથ્યા સેવ. ચે૦ ।। ૨૯ ।।

ઢાલ ૨ જી.

અધર્મે ધર્મ્મ સંજ્ઞા કરી, અભાગ્ય વસે તે આદરી પરિહરી સુત્ત બુદ્ધિ તે વેગલીએ ઇણિપરે ધર્મ્મ અધર્મ્મ વલી, માર્ગે માર્ગ થઈ મતિ ભલીએ ।। ૩૦ ।। અજીવે

જીવતે જાણીએ, જીવ અજીવ વખાણીએ, પ્રાણીએ ઈમ કેમ જૂહું પામીએ, અસાધુ સાધુ મતિ વંદીએ, સાધુ અસાધુ નિંદીએ, છિદીએ સંયમ શ્રુત સુણિ નામિયેએ૦ ।। ૩૧ ।। નવિ મૂકયા સંસારથી, કેવલ જ્ઞાન રતી નથી, દુઃખથી છુટા એમ મુખે ભાખીએ એ સકલ કર્મનો ક્ષય કરી, પોહોતા જે શિવપદ પૂરી ભ્રમ ધરી ચઉગતિ તેહને રાખીએ એ. ।। ૩૨ ।। ઠાણાંગે એમ સદહ્યું, દશ વિધ મિથ્યા ગુરૂ કહ્યું, હવે લહ્યું સમકિત તેણે તે પરિહરૂં એ, પાપ અઢારહ સેવીએ, ત્રિવિધ ત્રિવિધ તે નિષેધીએ, છેદીએ આઠ કર્મ ભવજલ તરૂંએ ।। ૩૩ ।। શ્રાવક ભાવે ભાવના, કઇયે ત્યજસ્યું ઘણુ, સયણા સુધે લયણે, સંજમ ગ્રહિ હોંશે, સેવસ્યું એ પંચ મહાવૃત ઉચરી, નિરતી કરૂણા મને ધરી અણુસરી ગુરૂપય મૂલે વિહરસ્યુ એ ।। ૩૪ ।। સંલેખન પહિલું કરી, અસના દિકને પરિહરી, ઓસરી સંલેખણના દોષથી, એ એણિપરે મનોરથકરે, અવસર આવે આદરે ગુરૂમુખે ચિત્ત ધર્મ, સમાધિથી એ ।। ૩૫ ।। એણિપરે હુઈ આરાધના, અહોનિસ જે વરી સાધના, તે ધન્ય પંડિત મરણે જે મરેએ બાલમરણ બહુ પરે કરી, જીવડલે ચિહું ગતિ ફિરી મને ધરી મમતા તિણે કેમ ભવ તરે એ ।। ૩૬ ।। પુત્ર કલત્ર ધને મન રમ્યો, એલે માનવ ભવ ગમ્યો નહું દમ્યો તપ સંજમે એ પ્રાણીયોએ સુગુરૂ વચન શ્રવણે સુણી, મૂઢ પણે તે અવગણી વિણુ ઘણી દુર્ગતિ જારે તાણિયોએ. ।। ૩૭ ।। તે દુઃખ સાંભલી ઉભગ્યો, જીનવર વચને ચિત્ત લગ્યો, નઉ લગ્યો આરતિ ધ્યાને મન

રતિએ, રૌદ્ર ધ્યાન નઉ ધ્યાઇએ, ધર્મ્મયુક્ત આરાધીએ, સાધીએ શિવ રમણી એમ સંતતી એ ।। ૩૮ ।। અણ સણ કરી પંડિત મરે, સદ્ગહીયાથી ઉધરે તે તરે ભવજલ શુભ ભાવે થયા એ કર્મ્મબીજ બાલી કરી, ભવ અંકુર નિરા કરી મન ઠરી સુખ વિલસે સિદ્ધિ ગયા એ ।। ૩૯ ।।

કલશ.

વિહરમાણ જગે દીપતા, પાસચંદ્ર ઉવઝય, કીધી નિશિ આરાધના, સમર સિંધ મન ભાય ।। ૪૦ ।। સાધુ શ્રમણ જે મન ધરે, શ્રાવક શ્રાવિકા એહ, અનુક્રમે તે શિવગતિ લહે, એણે વચને ન સંદેહ. ।। ૪૧ ।। સંપુર્ણ.

શ્રી જીવરાશીની સઝ્ઝાય.

હવે રાણી પદ્મમાવતી, જીવરાસી ખમાવે, જાણપણું જગતે ભલું, એણી વેળાયે આવે, તે મુજ મિચ્છામિદ્ગક્કડં. ।। ૧ ।। અરિહંતની સાખ, જે મેં જીવ વિરાધિયા, ચોરાશી લાખ. તે મુજ૦ ।। ૨ ।। સાત લાખ પૃથ્વીતણા સાતે અપકાય, સાત લાખ તેઉ કાયના, સાતે વળી વાય. તે મુજ૦ ।। ૩ ।। દસલાખ પ્રત્યેક વનસ્પતિ, ચઉદે સાધાર, બી તી ચૌરેંદ્રીય જીવના, બે બે લાખ વિચાર. તે મુજ૦ ।। ૪ ।। દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી, ચઉદ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે મુજ૦ ।।પા। ઇણભવે પરભવે સેવિયાં, જે પાપ અઢાર, ત્રિવિધે ત્રિવિધે કરી પરિહરૂં, દુર્ગતીનાં દાતાર. તે મુજ૦ ।। ૬ ।। હિંસા

કીધી જીવની, બોલ્યા મૃષાવાદ, દોષ અદત્તાદાનના, મૈથુન ઉનમાદ. તે મુજ૦ ।। ૭ ।। પરિગ્રહ સેવ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ, માન માયા લોભ મેં કીયા વળી રાગને દ્વેષ. તે મુજ૦ ।। ૮ ।। કલહ કરી જીવ દુહવ્યાં, દીધાં કુડાં કલંક, નિંદા કીધી પારકી, રતિ અરતિ નિશંક. તે મુજ૦ ।। ૯ ।। ચાડી કીધી પારકી કીધો થાપણ મોસો કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે મુજ૦ ।। ૧૦ ।। ખાટકીને ભવે મેં કીયાં, જીવના વધ ઘાત, ચડીમાર ભવે ચરકલાં માર્યાં દિન રાત. તે મુજ૦ ।। ૧૧ ।। કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર, જીવ અનેક જબ્બે કિયાં કીધાં પાપ અઘોર. તે મુજ૦ ।। ૧૨ ।। માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ, ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડયા પાસ. તે મુજ૦ ।। ૧૩ ।। કોટવાળને ભવે મેં કિયા, આકરા કર દંડ, બંધીવાન મરાવિયા, કોરડા છડી દંડ. તે મુજ૦ ।। ૧૪ ।। પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ, છેદન ભેદન વેદના, તાડન અતિ તિક્ખ, તે મુજ૦ ।। ૧૫ ।। કુંભારને ભવે મેં કિયા, નીભાડ પચાવ્યા, તેલી ભવે તલ પીલિયા; પાપે પિંડ ભરાવ્યા, તે મુજ૦ ।। ૧૬ ।। હાળી ભવે હળ ખેડીયા, ફોડયાં પૃથ્વીનાં પેટ, સૂડ નિદાન કિયાં ઘણાં, દીધા બળદ ચપેટ, તે મુજ૦ ।। ૧૭ ।। માળી ભવે રોપ રોપિયા, નાનાવિધ વૃક્ષ, મૂળ પત્ર ફળ પુલનાં, લાગ્યાં પાપ અલક્ષ, તે મુજ૦ ।। ૧૮ ।। અદ્દોવાઇયાને ભવે, ભર્યા અધિકા ભાર, પોઠી ઉંટ કીડા પડયા, દયા નાણી લગાર. તે મુજ૦ ।। ૧૯ ।। છીપાને ભવે છેતર્યા,

કીધાં રંગણ પાસ, અગ્નિ આરંભ કીધાં ઘણા, ધાતુર્વાદ અભ્યાસ, તે મુજ૦ ।। ૨૦ ।। સુરપણે રણ ઝુઝતાં, માર્યા માણસ વૃંદ, મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ. તે મુજ૦ ।। ૨૧ ।। ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં, આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યા. તે મુજ૦ ।। ૨૨ ।। અંગાર કર્મ કીયા વળી, ઘરમે ધ્વજ દીધા, સમ ખાધા વીતરાગના, કુડા કોસજ કીધા. તે તે મુજ૦ ।। ૨૩ ।। બિલ્લી ભવે ઉંદર ગળ્યા, ગિરોળી હત્યારી, મૂઢ ગમાર તણે ભવે, મેં જુ લીખ મારી. તે મુજ૦ ।। ૨૪ ।। ભાડભુંજા તણે ભવે, એકેન્દ્રિય જીવ, જાર ચણા ઘઉં શેકીયા, પાડંતા રીવ. તે મુજ૦ ।। ૨૫ ।। ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક, રાંધણ ઇંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્વેગ. તે મુજ૦ ।। ૨૬ ।। વિકથા ચાર કીધી વળી, સેવ્યા પંચ પ્રમાદ, ઇષ્ટ વિયોગ પડાવિયા, રૂદન વિષવાદ. તે મુજ ।। ૨૭ ।। સાધુ અને શ્રાવક તણાં, વ્રત લેઈને ભાંગ્યાં, મુળ અને ઉત્તર તણા, મુજ દુષણ લાગ્યાં. તે મુજ૦ ।। ૨૮ ।। સાપ વીંછી સિંહ ચીતરા, શકરાને સમળી, હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી. તે મુજ૦ ।। ૨૯ ।। સૂવાવડી દુષણ ઘણાં વળી ગર્ભ ગળાવ્યાં, જીવાણી ઢોળ્યાં ઘણા, શીળવ્રત ભંજાવ્યાં. તે મુજ૦ ।। ૩૦ ।। ભવ અનંત ભમતાં થકાં, કીધો દેહ સંબંધ, ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર. મુજ૦ ।। ૩૧ ।। ભવ અનંત ભમતાં થકાં, પરિગ્રહ સબંધ, ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે મુજ૦

॥ ૩૨ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધા કુંટુંબ સંબંધ ત્રિવિધે ત્રિવિધે કરી વોસિરૂં, તિણશું પ્રતિબંધ. તે મુજ૦ ॥૩૩॥ ઇણપરે ઇહ ભવ પરભવે, કીધાં પાપ અબત્ર, ત્રિવિધે ત્રિવિધે વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર. તે મુજ૦ ॥ ૩૪ ॥ એણિ વિધિએ આરાધના, ભાવે કરશે જેહ, સમય સુંદર કહે પાપથી, વળી છુટશે તેહ. તે મુજ૦ ॥ ૩૫ ॥ રાગ વૈરાટી જે સુણે, એહ ત્રીજી ઢાળ, સમય સુંદર કહે પાપથી, છુટે તતકાળ. તેમજ૦ ॥ ૩૬ ॥ ઇતિ.

अथ जीवा पांत्रीशी.

મોહ મિથ્યાતકી નિંદમે, જીવા સુતો કાળ અનંત; ભવ ભવ માંહે ભટકીઓ, જીવા તે સાંભળ વરતાંત. જીવા તુંતો ભૂલોરે, પ્રાણી એમ રડીઓ રે સંસાર૦ ॥ ૧ ॥ અનંતા જન હોવે કેવલી, જીવા ઉત્કૃષ્ટા જ્ઞાની અગાધ; ઇણ ભવસું લેખો લીએ, જીવા તારી ન કહે કો આદ. જીવા૦ ॥ ૨ ॥ પૃથ્વી પાણી અગ્નીમાં, જીવા ચઉથી વાઉ કાય; એકેકી કાયા મધ્યે, જીવા કાલ અસંખ્યાતો જાય. જીવા૦ ॥ ૩ ॥ પાંચમી કાયે વિણસઇ, જીવા સાધારણ પ્રત્યેક; સાધારણમાં તું વસ્યો, જીવા તે વિવરો તું દેખ. જીવા૦ ॥ ૪ ॥ સોહી અગ્ર નીગોદમેં, જીવા શ્રેણી અસંખ્યાતી જાણ; અસંખ્યાતા પ્રતર કહ્યા, જીવા ગોલા અસંખ્યાતા જાણ. જીવા૦ ॥ ૫ ॥ એકૂકા ગોલા મધ્યે, જીવા અસંખ્યાતા શરીર; એક શરીરમાં જીવડા, જીવા અનંતા કહ્યા મહાવીર. જીવા૦ ॥ ૬ ॥ તિણ માંહેથી નીકળી, જીવા મોક્ષ જાએ નિરધાર; એક શરીર ખાલી ન હુઓ, જીવા ન

હોશે અનંતે કાલ. જીવા૦ ॥ ૭ ॥ એક અભવીને સંગે, જીવા ભવી અનંતા હોય; વળી વિશેષે તેહના, જીવા જનમ મરણ તું જોય. જીવા૦ ॥ ૮ ॥ દોય ઘડી કાચી મધ્યે, જીવા પાંસઠ સહસસેં પાંચ; છત્રીશ અધિકા જાણીએ, જીવા જનમ મરણની ખાંચ, જીવા૦ ॥ ૯ ॥ છેદન ભેદન વેદના, જીવા નરકે સહી બહુવાર; તીણ થકી નિગોદમેં, જીવા અનંત ગુણી તું જાણ. જીવા૦ ॥ ૧૦ ॥ એકેંદ્રી માંહેથી નિકળી, જીવા બે ઇંદ્રિ માંહે જાય; તવ પુનાહી તેહની, જીવા અનંત ગુણી કહેવાય. જીવા૦ ॥ ૧૧ ॥ એમ ત્રેંદ્રી, ચૌરંદ્રી, જીવા દોએ દોએ લાખ જાત; દુઃખ દીઠું સંસારમાં, જીવા સુણતાં અચરજ વાત. જીવા૦ ॥ ૧૨ ॥ જલચર થળચર ખેચરૂ, જીવા ઉરપુરી ભુજપુરી જાણ; તાપ સીત તરષા સહી, જીવા દુઃખ મટાવણ કોણ. જીવા૦ ॥ ૧૩ ॥ ધર્મ રડવડતો જીવડો, જીવા પામ્યો નર અવતાર; ગિરભાવાસનાં દુઃખ સહ્યાં, જીવા તે જાણ જગનાથ ! જીવા૦ ॥ ૧૪ ॥ મસ્તક તો હેઠો હોવે, જીવા ઉપર હોવે પાય; આંખ આડી દોય મુઠીઓ, જીવા રહ્યો વિષ્ટા ઘરમાંહે. જીવા૦ ॥ ૧૫ ॥ બાપવીર્ય રૂદ્ર માતાનો, જીવા એ તેં લીધો આહાર; ભૂલી ગયો જનમ્યા પછી, જીવા સેવે વિષય વિકાર. જીવા૦ ॥ ૧૬ ॥ ઉંઠ કોડ સોહી તાતી કરી, જીવા ચાંપે રૂરૂ માંહે; આકુગુણી હોવે વેદના, જીવા ગીરભાવાસે થાય. જીવા૦ ॥ ૧૭ ॥ *જન્મ સમય કોડી ગણી, જીવા મરતાં કોડા કોડ; જન્મ મરણ* દુઃખ દોયની, જીવા એ લાગી મોટી ખોડ. જીવા૦ ॥ ૧૮ ॥

દેશ અનાર્યે જો ઉપન્યો જીવા ઇંદ્રી હાણી થાય; આયુષ્ય ઓછો હોવે, જીવા ધર્મ કીધો કેમ જાય. જીવા૦ ।। ૧૯ ।। કદાચિત નરભવ પામીયો, જીવા ઉત્તમ કુળ અવતાર; દેહ નિરોગી પામીઓ, જીવા એળે ગયો અવતાર. ।। ૨૦ ।। ઠગ ફાંસીગર ચોરટા, જીવા ધીવર કંસાહી જાત; જન્મીને મુઓ નહીં, જીવા એ ન રહી કોઈ જાત. જીવા૦ ।। ૨૧ ।। ચૌદ રાજ લોકમેં, જીવા જન્મ મરમરણનો જોર; વાલાગ્ર માત્ર ભૂમિકા, જીવા ઠાલી ન રાખી ઠોર. જીવા૦ ।। ૨૨ ।। એહિજ જીવ રાજા હુવો, જીવા હસ્તી બાંધ્યા બાર, કબહીક કર્મને વશે, જીવા ન મળ્યો અન્ન આધાર. જીવા૦ ।। ૨૩ ।। એમ સંસાર ભળતાં થકાં, જીવા પામ્યો સામગ્રી સાર; આદર દે છકાયને, જીવા જાયે જન્મારો હાર. જીવા૦ ।। ૨૪ ।। ખોટા દેવજ પૂજીઆ, જીવા લાગ્યો કુગુરૂ કો પાસ; ખોટો ધર્મ આદર્યો જીવા લાગી મિથ્યાત્વની વાસ જીવા. ।। ૨૫ ।। કબહીક તો નરકે ગયો, જીવા કબહીક હુઓ દેવ; પુણ્ય પાપના ફળ થકી; જીવા ચિહું ગતિ કીધો ફેર જીવા૦ ।। ૨૬ ।। ઓઘાને વળી મોહપત્તિ જીવા મેરૂ સમા ઠગ કીધ, સાચી શ્રદ્ધા આહેરો, જીવા એકે ન કાર્ય સિદ્ધ. જીવા૦ ।। ૨૭ ।। ચાર જ્ઞાનથી પડયા પછી, જીવા નરક સાતમી જાય; ચઉદ પૂરવના ભણ્યા, જીવા પડે નિગોદમાંહે. જીવા. ।। ૨૮ ।। ભગવંત ધર્મ પામ્યા પછી જીવા કરણી ન જાએ ફોક; કદાચિત પડવાઈ હોયે, જીવા અરધા પુદ્ગલમાં મોક્ષ. જીવા૦ ।। ૨૯ ।। સૂક્ષ્મને બાદર પણે, જીવા મેલી વર્ગણા

સાત; એક પુદ્ગલ પ્રાવર્તનની, જીવા ઝીણી ગણી છે વાત. જીવા૦ ।। ૩૦ ।। પાપ આલોયણ આપણું, જીવા અશ્રવ બારાં રોક; જાએ અરધાં પુદ્ગલ મધ્યે, જીવા અનંત ચોવીશી મોક્ષ. જીવા૦ ।। ૩૧ ।। અનંતા જીવ મોક્ષે ગયા, જીવા ટાલી આતમ દોષ; નવી ગયા નવી જાયસે, જીવા ભારી કર્મી મોક્ષ. જીવા૦ ।। ૩૨ ।। એવા ભાવ સુણી કરી, જીવા શ્રદ્ધા આણી નાંએ; જિન આગ્યેા તિમહિંજ ગયેા; જીવા લાખ ચોરાશી માંહે. જીવા. ।। ૩૩ ।। કોઇક ઉત્તમ ચિંતવ્યેા, જીવા જાણી અથિર સંસાર; સાચેા મારગ સરધીને, જીવા પોતા મોક્ષ મોઝાર. જીવા૦ ।। ૩૪ ।। દાન શીયળ તપ ભાવના, જીવા ઇણશું રાખેા પ્રેમ; કોડ કલ્યાણ છે તેહનાં, જીવા રૂષી જેમલ કહે એમ. જીવા. ।। ૩૫ ।। ઇતિ

અથ ગર્વની સઝ્ઝાય.

ગરવ મ કરશોરે ગાત્રનું, આખર એહ અસારરે; રાખ્યેા કોઇનોરે નવિ રહે, કર્મ કરે કીરતારરે. ગર્વ૦ ।। ૧ ।। સડણ પડન વિધ્વંસણિ, જેહવેા માટીનેા ભંડરે; ખિણમાં વાજેરે ખોખરેા, તે કિમ રહેસે અખંડરે. ગર્વ૦ ।। ૨ ।। મોને પૂછી પૂછી જીમતેા, પાન ચૂટી ચૂટી બીટરે; તે નર અંધાણા જાલમાં, કાગડા ચિરકે છે વિઠરે. ગર્વ૦ ।। ૩ ।। મેાં મરડે મોને કરે, કામનીસું કરતેા કલોલરે, તે નર પડયારે કષ્ટમાં. મોહ માયા ને છોડરે, ગર્વ૦ ।। ૪ ।। ચિહું દિશ ખેલતેા હેજમાં, નરનારી લાખ કોડરે;

તે જઇ સૂતા સ્મસાનમાં, સઘળી માયાને છોડરે. ગર્વ૦ ॥ ૫ ॥ ક્રોડ ઉપાય સોં કીજીયેં તોપણ નવિ રખાયરે; સજ્જન મેળાવોરે તેહનો, કીધો અગ્નીસું દાહરે. ગર્વ૦ ॥ ૬ ॥ જરા કુમર જંગળ વસે, વનમાં એલે શિકારરે; હરિપગ પદ્મને પેખીને, મૃગની ભ્રાંતિ તેણી વારરે. ગર્વ૦ ॥ ૭ ॥ કૃષ્ણ સરીખોરે રાજવી, બલભદ્ર સરીખો ભાઈરે; જંગલમાં જઇ તે જુએ, તાકી નાંખ્યો છે તીરરે. ગર્વ૦ ॥ ૮ ॥ સહસ બત્રીસ અંતેઉરી, ગોપી સોળ હજારરે; તરસે તરફડે ત્રીકમો, નહી કોઇ પાણી પાનાર રે. ગર્વ. ॥ ૯ ॥ કોટી શલા ઉંચી કરી, ગિરધારી ધરાવતો નામરે; વેઠો નથાવાણો તીહાં થકી, જુએ જુએ કર્મના કામરે ગર્વ૦ ॥ ૧૦ ॥ જણતાં કિણે નવી જાણીએ, મરતાં નઇ કોઇ રોનારરે; મહા અટવીમાં એકલો, પડિયો પાડે પોકારરે. ગર્વ૦ ॥ ૧૧ ॥ ગજ ઉપરે બેસીને, ગાજતો દેતો નગારાની ઠોરરે; વાસુદેવ વનમાંરે એકલો, જાણીયેં વન કેરો રોજરે. ગર્વ૦ ॥ ૧૨. ॥ છબિલો છત્ર ધરાવતો, ફિરાવતો ચિહું દિસે ફોજરે; હો હર હોલા તીહાં ઘુઘવે, સાવજ કરે છે સોરરે. ગર્વ૦ ॥ ૧૩ ॥ તીર નાખ્યો તીહાં તાણીને, પગ તલે વલ ભારીરે; પગ ભેદી તીર નીસર્યો જઇ પડિઉં તે દૂરરે, ગર્વ૦ ॥ ૧૪ ॥ આપ બલે ઉઠી કહે, હું છું કૃષ્ણ નરેશરે; કિણ મુઝ બાણેરે વીધીઉં, એવો કોણ પાપીષ્ટરે. ગર્વ૦ ॥ ૧૫ ॥ શબ્દ કૃષ્ણનો રે સાંભળી, વિલખાણો જરા કુમારરે; હું છું વસુદેવ બેટડો, રહું છું વન મુઝારરે. ગર્વ૦ ॥ ૧૬ ॥ કૃષ્ણ રક્ષણને કારણે, વરસ ગયા

મુઝ બારરે; પણ નવી દીઠારે માનવી, આજ લગે નિરધારરે ગર્વ૦ ।। ૧૭ ।। દુષ્ટ કર્મ તણા ઉદયેં, ઇહાં તમે આવ્યા વળી આજરે. મુઝને હત્યારે આપવા, પણ વળી લગાડવા લાજરે, ગર્વ૦ ।। ૧૮ ।। કૃષ્ણ કહે ઉરો આવ બંધવા, જે કારણ સેવ્યો છે વનરે; તે કૃષ્ણને તેં મારીયો, ન મટે શ્રી નેમના વચનરે. ગર્વ૦ ।। ૧૯ ।। આંખે આંસુડાં નાંખતાં, આવ્યો કૃષ્ણને પાસરે, તબ મોરારી ઇમ બોલીયા, લેઇ અંકુશ ઉલાસરે. ગર્વ૦ ।। ૨૦ ।। એ નીસાની પાંડવને આલજે, ઈંહાથી ભાગીજા દૂરરે; બળભદ્ર આવસે તો મારશે, ઉપજશે બહુ ઉદ્વેગરે. ગર્વ૦ ।। ૨૧ ।। આ સમયેં કેમ જાઉં વેગળો, જો તમે મેકલો મુરારીરે; ફરી ફરી મોં સામો જોવતો, આંખે આંસુ જલધારરે. ગર્વ૦ ।। ૨૨ ।। દુષ્ટ કર્મ જેણે કર્યાં; એકશો ત્રેવીસમી ઢાલરે; ઉદય રતન કહે એહની, આગળ વાત રસાલરે. ગર્વ૦ ।। ૨૩ ।। ઇતિ

अथ वैराग्य पचवीशी.

માતાને ઉદરે ઉપનો, નવ માસ રહ્યો ગુપ્ત છાંનો; પછે જનમ્યો ત્યારે માતા હુલરાવે, પૂણ્ય કરો ધર્મ જીવ સાથે આવે. ।। ૧ ।। પાલી પોસી મોટો કીધો, માત તાત જાણે કારજ સીધો; વય યોવન જાણી પરણાવે. પૂણ્ય૦ ।। ૨ ।। જીવ જાણે છે રે મારી આથી પોથી, એતો પડયો રેસે તાકું કોઇ નથી; કરણી વિના જીવ ગોથા ખાવે. પૂણ્ય૦ ।। ૩ ।। પૂણ્ય યોગે તું નરભવ પામ્યો, જ્યારે જનમ્યો ત્યારે તું શું લાવ્યો ? આવ્યો તું એક એકલો જાવે.

પૂણ્ય૦ ।। ૪ ।। પરદેશી પ્રદેશથી આવ્યેા, મેરા ધન મેરા ધન કરીને ધાયેા, અંતકાળે તુજ સાથે કાંઈ નાવે. પૂણ્ય૦ ।। ૫ ।। સંસારની માયા મમતા ખેાટી, એક પ્રિત રાખેા પ્રભુશું મેાટી, જેમ ગરભાવાસમાં ફિર નાવે. પૂણ્ય૦ ।। ૬ ।। કેઇ તરીયા જીવ કેઇ તરસે, સાલીભદ્ર ધનેા મુનિ મેાક્ષ વરસે, છતી રીદ્ધી સિદ્ધિ ત્યાગી કહેતાં પાર નાવે. પૂણ્ય૦ ।। ૭ ।। મદ આઠ છેાડેા તુમે અહંકારી, સુણી સમજો ધર્મના વેપારી, સેાધી પૂણ્ય તણેા કરેા સદ્‌ભાવે. પૂણ્ય૦ ।। ૮ ।। કેાડી ધ્વજ લખપતી કઈ થયા, રાણા રાજીઆ કેઈ વઇ ગયા, રામ રાવણ રાજ સમ કેાણ આવે. પૂણ્ય૦ ।। ૯ ।। પરનારી પુરૂષ પ્રીત નવી કરીયેં, વિષયાસુખ દુખ એ પરિહરીયેં, શીયલ ચિંતામણી નરનારી યશ પાવે. પૂણ્ય૦ ।। ૧૦ ।। માત તાત સગા બાંધવ ભાઇ, સાસુ સસરેા કેાઇ ન સગાઇ, પછે પડીશ જીવ તું પસ્તાઈ. પૂણ્ય૦ ।। ૧૧ ।। મેડી મંદિર મ્હેાલને માળીયેા, ઘરે ગરાસ ઘેાડાને વાડીયેા, આખર અસ્થિર એ કહાવે. પૂણ્ય૦ ।। ૧૨ ।। ભય મરણ તણેા જીવને મેાટેા, જાણ જાણ સુજાણ સંસાર ખેાટેા, આજીવિકાર્થે તું ધન કમાવે. પુણ્ય૦ ।। ૧૩ ।। માયાને વશ ખેાટું બેાલે, પણ પુણ્યની વાત કેાઇ નવિ તેાલે, સુજાણ હેાય તેને સમજ આવે. પુણ્ય૦ ।। ૧૪ ।। દીઠે મારગ ન્યાયે ચાલેા, બળવંત થઈ ક્રેાધને ટાળેા, પંચ ઇંદ્રિને તું જીપાવે. પુણ્ય૦ ।। ૧૫ ।। દાન દીજીયેં ને શીલ પાલીજેં, તપ આદરીયેં ને ભાવ ભાવીજેં, જીવ દયા

વળી નિત્ય પાળીજે. પુણ્ય૦ ।। ૧૬ ।। હસતાં હસતાં કર્મ બંધાયે, તે તો રોવંતા નવી છુટાયે, બોલ વિચારીને પછી બોલીજે. પૂણ્ય૦ ।। ૧૭ ।। મારૂં મારૂં કહેતાં શું હીંડો, એક પ્રીત પ્રભુજીસું માંડો, વાણી મીઠી જેહને સુહાવે. પૂણ્ય૦ ।। ૧૮ ।। દિન દિન તેડો આવે જોઇલો, ચેત ચેત મૂંઢ તું કાં થયો ઘેલો, દધિ કંઠે વૃક્ષ કેતાં ઠેરાવે. પૂણ્ય૦ ।। ૧૯ ।। કાચા કુંભ તણી પરેં એ કાયા, અસ્થિર બાજીને કુડી માયા, બાદલ છાયા સમ કહાવે. પૂણ્ય૦ ।। ૨૦ ।। દેવ અરિહંતને સુસાધ ગુરૂ, સ્મરણ કરો એહ નવકાર તણો; મયણાં ધ્યાને ઉંબર રોગ જાવે. પૂણ્ય૦ ।। ૨૧ ।। દિન રાતની સાઠ ઘડી જાણો, તેમાં ચાર ઘડી ધરમની આણો, છપન્ન ઘડી ધંધો કમાવો. પૂણ્ય૦ ।। ૨૨ ।। અંતર આતમા સૌ સૌ સાંભળસે, જેહની પોખ તે તેવીજ લુણસે, બીજ ધર્મ તણાં જે પોખાવે. પૂણ્ય૦ ।। ૨૩ ।। સંવત અઢાર ચમોત્તરે સહી, વૈરાગ્ય પચીસી (કચ્છ) હાલાપુરમેં કહી, જિહાં જૈન ધર્મ સૌ દીપાવે. પૂણ્ય૦ ।। ૨૪ ।। તજ લાભનો શિષ્ય એણીપરે ભાખે, ભાઇ ધર્મની વાત જે ચિત્ત રાખે, મેઘ લાભ કહે હેતે ભાવે. પૂણ્ય૦ ।। ૨૫ ।। ઇતિ.

ક્ષમા છત્રીશીની સજ્ઝાય

આદર જીવ ક્ષમા ગુણ આદર, મ કરીશ રાગને દ્વેષજી; સમતાયે શિવ સુખ પામીજે, ક્રોધે કુગતિ વિશેષજી. આદર૦ ।। ૧ ।। સમતા સંયમ સાર સુણીજે, બૃહતકલ્પની

શાખજી; ક્રોધે ક્રોડ પૂરવનું સંયમ, બાળીને કરે રાખજી. આ૦ ।। ૨ ।। કોણ કોણ જીવ તર્યા ઉપશમથી, સાંભળ તું દ્રષ્ટાંતજી; કોણ કોણ જીવ ભમ્યા ભવમાંહે, ક્રોધ તણે વિરતંતજી. આ૦ ।। ૩ ।। સોમલ સસરે શીશ પ્રજાળ્યું, બાંધી માટીની પાળજી; ગજસકુમાર ક્ષમા મન ધરતો, મુગ્તી ગયેા તતકાળજી. આ૦ ।। ૪ ।। કુળવાળુએા સાધુ કહાતેા, કીધેા ક્રોધ અપારજી; કોણિકની ગણિકા વશ પડીએા, રડવડિયેા સંસારજી. આ૦ ।। ૫ ।। સોવન કરી કરી અતિ વેદન, વાઘશું વીંટયું શીશજી; મેતારજ ઋષિ મુકતેં પહેાતા, ઉપશમ એહ જગીશજી. આ૦ ।। ૬ ।। કુરૂડ અકુરૂડ બે સાધુ કહાતા, રહ્યા કુણાલા ખાળજી; ક્રોધ કરી તે કુગતિ પહેાતા, જન્મ ગમાયેા આળજી. આ૦ ।। ૭ ।। કર્મ ખમાની મુકતે પહેાતા, ખંધક સૂરિના શિષ્યજી; પાલક પાપીયેં ઘાણી પીલ્યા, નાણી મનમાં રીસજી. આ૦ ।। ૮ ।। અચ્યંકારી નારી અતિચુકી, તેાડયેા પીયુશું નેહજી, બબ્બર કુળ સહ્યાં દુઃખ બહેાળાં, ક્રોધ તણાં ફળ એહજી. આ૦ ।। ૯ ।। વાઘણે સર્વ શરીર વલુંચ્યું, તતક્ષણ છેાડયા પ્રાણુજી; સાધુ સુકેામળ શિવ સુખ પામ્યા, એહ ક્ષમા ગુણ ખાણુજી. આ૦ ।। ૧૦ ।। કુણ ચંડાળ કહીજે ભિહુમેં, નિરતિ નહી કહે દેવજી; ઋષિ ચંડાળ કહીજે વઢતેા; ટાળેા વેઢની ટેવજી. આ૦ ।। ૧૧ ।। સાતમી નરક ગયેા તે બ્રહ્મદત્ત, કાઢી બ્રાહ્મણ આંખજી; ક્રોધતણાં ફળ કહુઆં જાણી, રાગ દ્વેષ ધેા નાંખજી. આ૦ ।। ૧૨ ।। ખંધક ઋષિની ખાલ ઉતારી,

સહ્યો પરિસહ જેણજી; ગર્ભવાસના દુઃખથી છૂટયો, સબળ ક્ષમા ગુણ તેણજી. આ૦ ।। ૧૩ ।। ક્રોધ કરી ખંધક આચારજ, હુઓ અગ્નિકુમારજી; દંડક નૃપનો દેશ પ્રજાળ્યો, ભમશે ભવ મઝારજી. આ૦ ।। ૧૪ ।। ચંડ રૂદ્ર આચારજ ચલતાં, મસ્તક કીધ પ્રહારજી; ક્ષમા કરંતા કેવળ પામ્યો, નવ દિક્ષીત અણગારજી. આ. ।। ૧૫ ।। પાંચ વાર ઋષિને સંતાપ્યો, આણી મનમાં દ્વેષજી; પંચ ભવ સીમ દહ્યો નંદનાદિક, ક્રોધ તણાં ફળ દેખજી. આ૦ ।। ૧૬ ।। સાગરચંદ્રનું શીશ પ્રજાલ્યું, નિશિ નભસેન નરિંદજી; સમતા ભાવધરી સુરલોકે, પહોતો પરમાનંદજી. આ૦ ।। ૧૭ ।। ચંદના ગુરૂણીયે ઘણું નિભ્રંછી, ધિગ ધિગ તુજ અવતારજી; મૃગાવતી કેવળસિરિ પામી, એહ ક્ષમા અધિકારજી. આ૦ ।। ૧૮ ।। શાંબ પ્રદ્યુમ્ન કુમાર સંતાપ્યો, કૃષ્ણ દ્વૈપાયન સાહજી; ક્રોધ કરી તપનું ફળ હાર્યો, કીધો દ્વારિકા દાહજી. આ૦ ।। ૧૯ ।। ભરતને મારણ મૂઠી ઉપાડી, બાહુબળી બળવંતજી; ઉપશમ રસ મનમાહેં આણી, સંયમ લે મતિમંદજી. આ૦ ।। ૨૦ ।। કાઉસગમાં ચડયો અતિ ક્રોધે, પ્રસન્નચંદ્ર ઋષિરાયજી; સાતમી નરક તણાં દળ મેલ્યાં, કડુઆ તેણ કષાયજી. આ૦ ।। ૨૧ ।। આહાર માંહે ક્રોધે ઋષિ થુકયાં, આણ્યો અમૃત ભાવજી; ક્રૂરગડુયે કેવળ પામ્યું, ક્ષમા તણે પરભાવજી. આ૦ ।। ૨૨ ।। પાર્શ્વનાથને ઉપસર્ગ કીધા, કમઠ ભવાંકર ધીઠજી; નરક તિર્યંચતણાં દુઃખ લાગ્યાં, ક્રોધ તણાં ફળ દીઠજી. આ૦ ।। ૨૩ ।। ક્ષમાવંત દમદંત મુનીશ્વર, વનમાં રહ્યા

કાઉસગજી; કૌરવ કટક હણ્યો ઇટાળે, તોડ્યા કર્મના વગજી. આ૦ ।। ૨૪ ।। સજ્યા પાળક કાને તરૂઓ, નાંખ્યો ક્રોધ ઉદારજી; બેહુ કાને ખીલા ઠોકાણા, નવી છૂટ્યા મહાવીરજી. આ૦ ।। ૨૫ ।। ચાર હત્યાનો કારક હુતો, દ્રઢપ્રહારી અતિરેકજી; ક્ષમા કરીને મુગતેં પહોતો, ઉપસર્ગ સહ્યા અનેકજી. આ૦ ।। ૨૬ ।। પહોર માંહે ઉપજતો હાર્યો, ક્રોધ કેવળ નાણજી; દેખી શ્રી દમસાર મુનીસર સૂત્ર ગુણ્યો ઉઠણજી. આ૦ ।। ૨૭ ।। સીંહ ગુફા વાસી રૂષિ કીધો, સ્થુળભદ્ર ઉપર કોપજી; વેશ્યા વચન ગયો નેપાળે, કીધો સંયમ લોપજી. આ૦ ।। ૨૮ ।। ચંદ્રાવતંસક કાઉસગ રહીયો, ક્ષમાતણો ભંડારજી; દાસી તેલ ભર્યો નિશિ દીવો, સુર પદ્ધી લહે સારજી. આ૦ ।।૨૯।। એમ અનેક તર્યા ત્રિભુવનમેં, ક્ષમા ગુણે ભવિ જીવજી; ક્રોધ કરી કુગતેં તે પ્હોતા, પાડંતા મુખ રીડજી. આ૦ ।। ૩૦ ।। વિષ હળાહળ કહીયે વીરૂઓ, તે મારે એક વારજી; પણ કષાય અનંતી વેળા, આપે મરણ અપારજી. આ૦ ।। ૩૧ ।। ક્રોધ કરંતાં તપ જપ કીધાં, ન પડે કાંઈ ઠામજી; આપ તપે પરને સંતાપે, ક્રોધ શું કેહો કામજી. આ૦ ।। ૩૨ ।। ક્ષમા કરંતાં ખરચ ન લાગે, ભાંગે ક્રોડ કલેશજી; અરિહંત દેવ આરાધક થાયે, વ્યાપે સુજસ પ્રદેશજી. આ૦ ।। ૩૩ ।। નગર માંહે નાગોર નગીનો, જિહાં જિનવર પ્રસાદજી; શ્રાવક લોક વસે અતિ સુખીયા, ધર્મતણે પરસાદજી. આ૦ ।। ૩૪ ।। ક્ષમા છત્રીશી ખાંતે કીધી, આતમ પર ઉપગારજી; સાંભળતાં શ્રાવક પણ

સમજ્યા, ઉપશમ ધર્યો અપારજી. આ૦ ॥ ૩૫ ॥ જુગ પ્રધાન જિણચંદ્ર સૂરિશ્વર, સકળચંદ્ર તસુ શિષ્યજી; સમય સુંદર તસુ શિષ્ય ભણે એમ, ચતુર્વિધ સંઘ જગીશજી, આ૦ ॥ ૩૬ ॥ ઇતિ.

અથ શ્રી ચિત્ત અને બ્રહ્મદત્તની સજ્ઝાય

ચિત્ત કહે બ્રહ્મરાયને, કછુ દિલમાં આણોજી, પૂરવ ભવની પ્રીતડી, તે તો મુજથી મ તોડો હો. બંધવ બોલ માનો હો. કતિયારીનો સૂત્ર જ્યું, ટૂટે ત્યું, જોડે હો. બંધવ૦ ॥ ૧ ॥ દેશ દશાર્ણનો રાજીઓ, ભવે પહેલે દાસોજી; બીજે ભવ કાળિંજરે, આપણ મૃગ વનવાસોજી હો. બં૦ ॥ ૨ ॥ ત્રીજે ભવ ગંગા નદી, આપણે બેહુ હંસ હતાજી; ચોથે ભવ ચંડાળને ઘેર જન્મ્યા પૂતા હો. બં૦ ॥ ૩ ॥ ચિત્ત સંભુતિ બેહુ જણા, સબહી ગુણ પુરાજી; જગ સહુ તિહાં મોહિ રહ્યું, ધરણીધર સુરા હો. બં૦ ॥ ૪ ॥ વિપ્રો અણખ કરે ઘણી, રાજાને ભરમાવેજી; દેશવટો તિહાંથી દિયો, ગયા મરવાને ભાવે હો. બં૦ ॥ ૫ ॥ પર્વત ઉપર મુનિ મળ્યા, પગે પડયા ધાઈજી; અકામ મરણ મુનિ ભાખ્યો; ધર્મ દેશના સુણાઇ હો. બં૦ ॥ ૬ ॥ ધર્મ સુણી ઘર છોડીયો, આપણે બેહુ સંયમ લીધો હો; નીયાણો તેં આદર્યો, કર્મ ભુંડો તેં કીધો હો. બં ॥ ૭ ॥ નારી રત્નને નિરખતાં; તપનો ફળ હાયોજી; મેં તુને વાર્યો ઘણો, તેં કાંઇ ન વિચાર્યો. બં૦ ॥ ૮ ॥ પાકયો ક્ષેત્ર જ્યું વેચાયો, શીરામણ સાટેજી;

ખેતારીની પરેં ઝુરશો, કહું છું હું તે માટે હો. બં૦ ॥ ૯ ॥ પદ્મગુલ્મ વિમાનમાં; ભવ પાંચમો કીધોજી; તિહાંથી ચવિને ઉપન્યો, કંપિલપુર પ્રસિધ્ધે હો. બં૦ ॥ ૧૦ ॥ ચક્રવૃત્તિ પદની તેં લહી; સબહી અહંકારજી; કીધાનાં ફળ પામીયો, ત્હારી કરણી સારી હો. બં૦ ॥૧૧॥ પુરિમંતાળે હું ઉપન્યો, શ્રાવક તે આચારીજી; સંયમ માર્ગ આદર્યો, મેં નારી નીવારી હો. બં૦ ॥ ૧૨ ॥ મેં પણ રિદ્ધિ લીધી, બહુ વિધ પ્રકારેજી; શુભ માનવ ભવ પામીને, કોણ મૂરખ હારે હો. બં૦ ॥ ૧૩ ॥ ઈણ સંસારમાં રાચીયા, વિષયા રસનાં લોલેજી; તારણ નાવ તણી પરેં, ધર્મ કોઇ ન તોલેં હો. બં૦ ॥ ૧૪ ॥ ચિત્ત કહે બ્રહ્મરાયને. કછુ દિલમાં આણોજી; આ અવસર છે દોહિલો, ધર્મ મારગ જાણો હો. બં૦ ॥ ૧૫ ॥ નિયાણું કરી સુખ લહ્યાં, માનવ ભવ કેરાંજી; ઇણ કારણથી જાણજે, ત્હારા નરકમાં ડેરા હો. બં૦ ॥ ૧૬ ॥ છઠે ભવે જૂજૂઆ, આપણ બે ભાઇજી; હવે મળવું છે દોહલું, જિમ પર્વત રાઇ હો. બં૦ ॥ ૧૭ ॥ સાધુ કહે સુણો રાયજી; અબ આ રીદ્ધિ ત્યાગોજી; આ અવસર છે પરવડો, સંયમ મારગ લાધો હો. બં૦ ॥ ૧૮ ॥ રાય કહે સુણો સાધુજી, કછુ અવર બતાવોજી; આ રિદ્ધિ તો છુટે નહીં, મુજ હોવે પસ્તાવો હો. બં૦ ॥ ૧૯ ॥ ચિત્ત કહે બ્રહ્મરાયને, ત્હારી ભવ સ્થિતિ નાઇજી; મારા વાર્યા નહિ વળો, ત્હારાં કર્મ સખાઇ હો. બં૦ ॥ ૨૦ ॥ ચિત્તે વચન કહ્યાં ઘણાં, નિજ મનને રાગેજી; ભારે કરમી જીવડો, કહો કિણિ પરે જાગે

હો. બં૦ ।। ૨૧ ।। ચિત્ત મુનિ તિહાંથી વળ્યા, કઠિણ કર્મને ધોતાજી; જ્ઞાન લહી મુગ્તેં ગયા, ચક્રી સાતમે પ્હોતા હો. બં૦ ।। ૨૨ ।। મન વચ કાયાયેં કરી, જે કોઈ જૈન ધર્મ કરશેજી; ટાળી કર્મ પરંપરા, તે શિવપુરી વરશે હો. બં૦ ।। ૨૩ ।। ઉત્તરાધ્યયનને તેરમે, એહી અર્થ વખાણ્યાજી; રૂપ મુનિ સુપસાયથી, જ્યેષ્ટમલ્લજીયેં જાણ્યા હો. બં૦ ।। ૨૪ ।। ઇતિ.

અથ શ્રી જીવદયાની સજ્ઝાય

ચતુર નર, જીવ દયા ધર્મ સાર; જેથી પામીએ ભવનો પાર. ચતુર નર જીવ દયા સાર. ।। ૧ ।। ગજ ભવે સસલો ઉગાર્યો રે, કરૂણા આણી અપાર; શ્રેણિકને ઘેર ઉપન્યોરે, અંગજ મેઘ કુમાર. ચ૦ ।। ૨ ।। વીર વાંદી વાણી સુણીરે, લીધો સંયમ ભાર; વિજય વિમાને ઉપન્યોરે, સિધશે મહા વિદેહ મઝાર. ચ૦ ।। ૩ ।। નેમી પ્રભુ ગયા પરણવારે, સુણિ પશુડાંનો પોકાર; પશુડાંની કરૂણા ઉપનીરે, તજ્યા રાજીમતી નાર. ચ૦ ।। ૪ ।। શરણે પારેવો ઉગારીયોરે, દયાનિધિ મેઘરથ રાય; શાંતિનાથ ચક્રી થયારે, દયા તણે સુપસાય. ચ૦ ।। ૫ ।। માસ ખમણને પારણેરે, ધર્મ રૂચી અણગાર; કીડીયોની કરૂણા ઉપનીરે, કીધો કડવા તુંબાનો આહાર. ચ૦ ।। ૬ ।। સર્વાર્થ સિદ્ધમાં ઉપન્યારે, સિધ્યા વિદેહ મોઝાર; ધર્મઘોષના શિષ્ય થયારે, શુભ દયાં તણાજ પસાય. ચ૦ ।। ૭ ।। અર્જુનમાલી જાણજો રે, લીધો

સંયમ ભાર; કર્મ છ માસે ક્ષય કરીરે; પ્હોતા મુક્તિ મઝાર. ચ૦ ।। ૮ ।। દેવકીનંદન સોહ્યામણારે, નામે તે ગજસુકુમાર; ધિખ ધિખતી સઘડી સહીરે, આણી દયારે અપાર. ચ૦ ।। ૯ ।। એ ધર્મ છે સુરતરૂ સમોરે, જેહની શીતળ છાંય; સેવક જન નિત સેવજોરે, એહ છે મુક્તિનો નાવ. ચ૦ ।। ૧૦ ।। ઇતિ. સંપૂર્ણ.

અથ શ્રી કર્મ પચીશોની સજ્ઝાય.

દેવ દાનવ તિર્થંકર ગણધર, હરિ હર નર વર સબળા; કર્મ સંયોગે સુખ દુઃખ પામ્યા, સબળા હુઆ મહાનિર્બળારે પ્રાણી, કર્મ સમો નહીં કોય; કીધાં ધર્મ વિના ભોગવિયાં, છૂટકબારો ન હોય રે પ્રાણી, કર્મસમો નહી કોય૦ ।। ૧ ।। આદીશ્વરને અંતરાય વિટંબ્યો, વર્ષ દિવસ રહ્યા ભૂખે; વીરને બાર વરસ દુઃખ દીધું ઉપન્યા, બ્રાહ્મણી કૂખે રે. પ્રાણી૦ ।। ૨ ।। સાઠ સહસ સુત સગરચક્રીના, શૂરા એક દીન મૂઆ; સગર હુઓ વિણપુત્રે દુઃખીયો, કર્મ તણાં ફળ એવાં રે. પ્રાણી૦ ।। ૩ ।। બત્રીશ સહસ્ત્ર દેશોનો રાણો, ચક્રી સનત કુમાર; સોળ રોગ શરીરે ઉપન્યા, કર્મ કિયો તસ ખુવાર રે. પ્રાણી૦ ।। ૪ ।। સુભુમ નામે આઠમો ચક્રી, કર્મે સાયરમાં નાંખ્યો; સોળ સહસ ઉભાં યક્ષે દીઠો, પણ તિણ કોણે ન રાખ્યો રે. પ્રાણી૦ ।। ૫ ।। બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી, કર્મે કીધો તો અંધો; એમ જાણી પ્રાણી વિણ કામે, કોઇ મત બાંધો કર્મ રે. પ્રાણી૦ ।। ૬ ।। વીશ ભુજા દશ મસ્તક કહેવાતા, રાવણને લક્ષ્મણે

માર્યો; એકલ રાવણે જગ સૌ જીત્યો, (પણ) કર્મથી તે પણ હાર્યો રે. પ્રાણી૦ ।।૭।। શ્રી રામ લક્ષ્મણ મહા બળવંતા, વળી સત્યવંતા શ્રીસીતા; બાર વરસ લગે રહ્યાં વનવાસી; વીતક તસ બહુ વિત્યાં રે. પ્રાણી૦ ।।૮।। છપ્પનકોડ જાદવનો રાણો, કૃષ્ણજી મહાબળી જાણી; અટવી કોશાંબીમાં એકલડો હતો, વળવળતો વિણ પાણી રે. પ્રાણી૦ ।। ૯ ।। પાંચે પાંડવો મહા ઝુઝારા, હારી સતી દ્રોપતી રાણી; બાર બાર વરસ વન દુઃખ દીઠાં, ભમિયા દુઃખે ભારી રે. પ્રાણી ।। ૧૦ ।। સતીય શિરોમણી દ્રોપતી કહીયેં, પાંચે પાંડવની રાણી, સુકમાળિકા ભવે બાંધ્યું નિયાણું, પામી પાંચ ભરતાર રે. પ્રાણી૦ ।। ૧૧ ।। કર્મે હલકો કીધો હરિશ્ચંદ્રને, વ્હેચાણી તારા મહારાણી; બાર વરસ લગેં માથે આણ્યું, ડુંભ (ચાંડાલ) તણે ઘર પાણીરે. પ્રાણી૦ ।। ૧૨ ।। દધિવાહન રાજાની કુવરી, ચાવી (પ્રસિદ્ધ) ચંદન બાળા, ચૌપદની (પશુઓની) પરે ચૌટે વેચાણી, કર્મતણા એ ચાળા રે. પ્રાણી૦ ।। ૧૩ ।। સમકિત ધારી શ્રેણિક રાજા, બેટે બાંધ્યો મુસ્કે; ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસ્કે રે. પ્રાણી૦ ।। ૧૪ ।। ઇશ્વર દેવને પાર્વતી રાણી, કર્તા પુરૂષ કહેવાયા; અહોનિશ સ્મશાને વાસો, ભિક્ષા ભોજન આયા રે. પ્રાણી૦ ।। ૧૫ ।। સહસ કિરણ સૂરજ પ્રતાપી, રાત દિવસ રહે ભમતા, સોળ કળા શશિ હરજગ જાચો, દિન દિન જાય ઘટતો રે પ્રાણી૦ ।। ૧૬ ।। નળરાજા પણ જુવટે રમતાં, અરથ ગરથ રાજ્ય હાર્યો; બાર વરસ લગેં વન દુઃખ દીઠાં, તેને પણ કર્મ ભમાડ્યો રે. પ્રાણી૦ ।।

૧૭ ।। સુદર્શનને શૂળીયે દીધો, મુંજરાયે માગી ભીખ; તમસ ગુફા મુખ કેાણિક બળિયેા, માની કેાઈની ન શીખરે. પ્રાણી૦ ।। ૧૮ ।। ગજમુનીના શિર ઉપર સઘડી, સાગરદત્ત બળ્યું શિશ; મેતારજ વાધરે વિંટાણા, ક્ષણ ન આણી રીશ રે. પ્રાણી૦ ।। ૧૯ ।। પાંચસે સાધુ ઘાણીમાં પીલ્યા, રેાષ ન આણ્યેા લગાર; પૂરવ કર્મે ઢંઢણ ઋષિને, છ માસ ન મળ્યેા આહાર રે. પ્રાણી૦ ।। ૨૦ ।। ચૈાદ પૂરવધર કર્મતણે વશ, પડયા નિગેાદ મઝાર; આર્દ્ર કુમાર અને નિંદિષણે, ફરિવાશેા ઘરબાર રે. પ્રાણી૦ ।। ૨૧ ।। કળાવતીના કર છેદાણા, સુભદ્રા પામી કલંક; મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મતણા એ વંક રે. પ્રાણી૦ ।। ૧૨ ।। દ્રૌપદી હેતે પદ્મનાભનું, ફેડયું કૃષ્ણે ઠામ; વીરને કાને ખીલા ઠેાકાણા, પગે રાંધી ખીર તામ રે. પ્રાણી૦ ।। ૨૩ ।। કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્ની મઝાર; મેરૂ શિખર ઉપર ચઢે પણ, કર્મ ન મૂકે લગાર રે. પ્રાણી૦ ।। ૨૪ ।। એવાં કર્મ જીત્યાં નર નારી, તે પ્હેાતાં શિવ ઠાય; પ્રભાતે ઉઠી નિત્ય નિત્ય વંદેા, ભક્તિથી તેહના પાય રે. પ્રાણી૦ ।। ૨૫ ।। એમ અનેક નર બંડયા કર્મે, ભલ ભલેરા જે સાજ; ઋષી હરષ કરજોડીને કહે નમેા નમેા કર્મ મહારાજ રે પ્રાણી૦ ।। ૨૬ ।। ઇતિ સંપૂર્ણ.

अथ मन भमरानी सज्झाय.

ભૂલ્યેા મન ભમરા તું કયાં ભમ્યેા ? ભમ્યેા દિવસને રાત; માયાનેા બાંધ્યેા પ્રાણીયેા, ભમે પરિમળ જાત. ભૂલ્યેા૦ ।। ૧ ।। કુંભ કાચેા કાયા કારમી, તેહનાં કરેા

રે જતન્ન; વિણસતાં વાર લાગે નહી, નિર્મલ રાખેા આ મન્ન. ભૂલ્યેા૦ ।। ૨ ।। કેાના છેારૂ કેાના વાછરૂ, કેાનાં માત ને બાપ; અંતે નકી જવું એકલું, સાથેં પૂણ્યને પાપ.-(અથવા પ્રેમ, જ્ઞાન અને અનુભવ એ ત્રણે વસ્તુ-એાજ આ ભવમાં તથા પ્રત્યેક ભવમાં સ્થાયી સાથે રહે છે.) ભૂલ્યેા૦ ।। ૩ ।। જીવને આશા ડુંગર જેવડી, મરવું પગલાં હેઠ; ધન સંચી સંચી કાંઈ કરેા દવની વેઠ. ભૂલ્યેા૦ ।। ૪ ।। ધંધેા કરી ધન મેળવ્યું, લાખેા ને વળી ક્રેાડ, મરણની વેળા માનવી, લીધેા દેારેા પણ છેાડ. ભૂલ્યેા૦ ।। ૫ ।। મૂરખ કહે ધન માહરૂં, ધેાખે ધાન્ય ન ખાય; વસ્ત્ર વિના દેહ પેાઢશે, લખપતિ લાકડા માંય. ભૂલ્યેા૦ ।। ૬ ।। ભવ સાગર દુઃખ જળ ભર્યેા, તરવેા છે પેલે પાર; વચમાં ભય સબળેા થયેા, કર્મ લેાભને મેાહ. ભૂલ્યેા૦ ।। ૭ ।। લખપતિ કહેવાતા તે ગયા, ગયા અગણિત લાખ; ગર્વ કરી ગેાખે બેસતા, સર્વ થયા બળી રાખ. ભૂલ્યેા૦ ।। ૮ ।। ધમણ ધખંતી રે રઈ ગઈ, બુજ ગઈ તે લાલ અંગાર; એરણનેા હથેાડેા મટયેા, ઉઠ ચાલ્યેા જેમ લેાહાર. ભૂલ્યેા ।। ૯ ।। ઉવટ (ઉંધે માર્ગે) મારગ ચાલતાં, જાવું પેલે રે પાર; આગળ ત્યાં હાટ ન વાણીયેા, સઘળું લેજો એ સાર ભૂલ્યેા૦ ।। ૧૦ ।। પરદેશી પરદેશમેં કુણશું કરેારે સ્નેહ; આયા કાગળ ઉઠ ચલ્યા, ન ગણે આધીને મેાહ. ભૂલ્યેા૦ ।। ૧૧ ।। કેઈ ચાલ્યા કેઈ ચાલશે, કેઈ ચાલણહાર; કેઇ બેટા બુઢા બાપડા, કેઈ જાય નર્ક મઝાર. ભૂલ્યેા૦ ।। ૧૨ ।। જે ઘેર નેાબત વાગતી, થતાં

અનેક રાગ; ખંડેર થઈ તે ખાલી થયાં, બેસવા લાગે ત્યાં કાગ. ભૂલ્યેા૦ ।। ૧૩ ।। ભમરેા આવ્યેા કમળમાં, લેવા પરિમલ ફૂલ; કમળની સુગંધે માંહિ રહ્યેા, જિમ આથમતે સુર. ભૂલ્યેા૦ ।। ૧૪ ।। રાતનેા ભૂલ્યેારે માનવી, તે દિવસ માર્ગે આય; પણ દિવસનેા ભૂલ્યેા જે માનવી, તે ફીર ફીર ભવ ભટકાય. ભૂલ્યેા૦ ।। ૧૫ ।। સદગુરૂ કહે તે વસ્તુ વ્હેારિયેં, જે કંઇ આવે સાથ; આપણેા લાભ ઉગારીયેં, લેખું પરમાત્મને હાથ. ભૂલ્યેા૦ ।। ૧૬ ।। ઇતિ.

અથ શ્રી સેાળ સતીઓની સજ્ઝાય.

સરસતી માતા પ્રણમું સદા, તું તુઠી આપે સંપદા; સેાળ સતીજીનાં લીજે નામ, જિમ મન વાંચ્છિત સીજે કામ૦ ।। ૧ ।। બ્રાહ્મી સુંદરી સુલસા સતી, જપતાં પાતક ન રહે રતી; કૈાશલ્યા કુંતિ સતિ સાર, પ્રભાવતી નામે જય જયકાર. ।। ૨ ।। ભગવતી શીળવતી ભય હરે, સુખ સંપત્તિ પદ્માવતી કરે; દ્રૌપદી પાંડવ ઘરણી જેહ, શીયળ અખંડ વખાણ્યું તેહ. ચુલા દમયંતી દુઃખ હરે, શિવા દેવી નિત્ય સાનિધ્ય કરે; ચંદનબાળા ચઢતી કળા, વીરપાત્ર દીધા બાકુળા. ।। ૪ ।। રાજીમતી નવી પરણ્યા નેમ, તેાય રાખ્યેા અખંડ પ્રેમ; સીતાતણું શિયળ જગ જયેા, અગ્નિ ટળીને પાણી થયેા. ।। ૫ ।। ધન્ય ધન્ય સતી સુભદ્રા ધીર, કાચે તાંતણે ચાલણી નીર; ચંપાપેાળ ઉઘાડી ચંગ, મૃગાવતી પ્રણમું મનરંગ. ।। ૬ ।। પ્રભાત ઉઠી સતી જપીયે સેાળ, જેમ લહીયેં રિદ્ધિ સિદ્ધિ ધૂત્ર ગેાળ; શ્રી

વિનય વિજય વાચક સુપસાય, રૂપવિજય ભાવે ગુણ ગાય; ॥ ૭ ॥ ઇતિ.

अथ सद्भक्त्या देवलोके चैत्यवंदन.

સદ્ભકત્યા દેવલોકે રવિ શશિભવને વ્યંતરાણા નિકાયે, નક્ષત્રાણાં નિવાસે ગ્રહગણ પટલે તારકાણાં વિમાને; પાતાલે પન્નગેંદ્ર સ્ફુટ મણિ કિરણ દવસ્તસાદ્રાંધકારે, શ્રીમત્તીર્થંકરાણાં પ્રતિદિવસમહં તત્ર ચત્યાનિ વંદે૦ ॥ ૧ ॥ વૈતાઢયે રજત શૃંગે રૂચક ગિરિવરે કુંડલે હસ્તિદંતે, વખ્ખારે કૂટ નંદિશ્વર કનકગિરૌ નૈષધે નીલવંતે; ચિત્રે શૈલે વિચિત્રે યમક ગિરિવરે ચક્રવાલે હિમાદ્રૌ. શ્રીમતી૦ ॥ ૨ ॥ શ્રી શૈલે વિંધ્ય શૃંગે વિમલ ગિરિવરે હ્યર્બુદે પાવકે વા, સમ્મેતે તારકે વા કુલ ગિરિશિખરેષ્વાપદે સ્વર્ણશૈલે; સહ્યાદ્રૌ વૈજયંતે વિપુલ ગિરિવરે ગુર્જરે રોહણાદ્રૌ, શ્રીમતી૦ ॥૩॥ આઘાટે મેદપાટે ક્ષિતિતટમુકુટે ચિત્રકૂટે ત્રિકૂટે, લાટે નાટે ચ ઘાટે વિટપિઘનતટે દેવકૂટે વિરાટે; કર્ણાટે હેમકૂટે વિકટ તરકટે ચક્રકૂટે ચ ભોટે. શ્રીમતી૦ ॥ ૪ ॥ શ્રીમાલે માલવે વા મલયિની નિષધે મેખલે પિચ્છલેવા, નેપાલે નાહલે વા કુવલય તિલકે સિંહલે કેરલે વા; ડાહાલે કોશલે વા વિગલિતસલિલે જંગલે વા તમાલે. શ્રીમતી૦ ॥ ૫ ॥ અંગે વંગે કલિંગે સુગત જન પદે સત્પ્રયોગે તિલંગે, ગૌડે ચૌડે મુરંડે વરતદ્રવિડે ઉદ્રિયાણે ચ પુંડ્રે; આદ્રે માદ્રે પુલિંદ્રે દ્રવિડ કુવલયે કાન્ય કુબ્જે સુરાષ્ટ્રે. શ્રીમતી૦ ॥ ૬ ॥ ચંપાયાં ચંદ્રમુખ્યાં ગજપુર મથુરા પત્તને યોજ્જયિન્યાં,

કૈાશાખ્યાં કૈાશલાયાં કનકપુરવરે દ્વેવગિર્યાં ચ કાશ્યાં; નાશિકયે રાજગેહે દશપુર નગરે ભદ્દિલે તામ્રલિપ્ત્યાં. શ્રીમતી૦ ।। ૭ ।। સ્વર્ગે મર્ત્યેંતરિક્ષે ગિરિશિખરદ્રહે સ્વર્ણદીનીરતીરે, શૈલાગ્રે નાગલેાકે જલનિધિપુલિને ભૂરૂહાણાં નિકુંજે; ગ્રામે રણ્યે વને વા સ્થલજલ વિષમે દુર્ગ મધ્યે ત્રિસંધ્યં. શ્રીમતી૦ ।। ૮ ।। શ્રીમન્મેરૈા કુલાદ્રૈા રૂચક નગવરે શાલ્મલૌ જંબુવૃક્ષે, ચૌજન્યે ચૈત્યનંદે રતિ કર રૂચકે કૈાંડલે માનુંષાંકે; ઇક્ષુકારે જિનાદ્રૈા દધિમુખ ચ ગિરૈા વ્યંતરે સ્વર્ગલેાકે, જ્યેાતિર્લોકે ભવંતિ ત્રિભુવન વલયે યાનિ ચૈત્યાલયાનિ. શ્રીમતી૦ ।। ૯ ।। ઇત્થં શ્રી જૈન ચૈત્ય સ્તવનમનુદિનં યે પઠંતિ પ્રવિણા; પ્રેાદ્યત્કલ્યાણ હેતું કલિમલહરણું ભક્તિભાજસ્ત્રીસંધ્યં; તેષાં શ્રી તીર્થયાત્રાફલમતુવમલં જાયતે માનવાનાં કાર્યાણાં સિદ્ધિ રૂચૈઃ પ્રમુદિતમનસાં ચિત્તમાનંદકારિ. શ્રીમતી૦ ।। ૧૦ ।। ઇતિ.

અથ સુગુરુ પચ્ચીશી પ્રારંભ

સુગુરૂ પીછાણેા એણે આચારે, સમકિત જેહનું શુદ્ધજી. ।। એ આંકણી૦ ।। કહેણી કરણી એકજ સરખી, અહર્નિશ ધર્મ વિલુદ્ધજી. સુગુરૂ૦ ।। ૧ ।। નિરતિચાર મહાવ્રત પાલે, ટાલે સઘલા દેાષજી, ચારિત્રશું લયલીન રહે નિત્ય, ચિત્તમાં સદા સંતેાષજી. સુગુરૂ૦ ।। ૨ ।। જીવ સહુના જે છે પીયર, પીડે નહીં ષટકાયજી, આપ વેદન પર વેદન સરખી, ન હણે ન કરે ઘાયજી. સુગુરૂ૦ ।। ૩ ।। મેાહ કર્મનેજે વશ ન પડે, નિરાગી નિરમાયજી,

જયણા કરતો હલુયે ચાલે, પૂંજી મૂકે પાયજી. સુ૦ ।।૪।। અરહો પરહો દૃષ્ટિ ન દેખે, ન કરે ચાલતાં વાતજી, દૂષણ રહિત સૂજતો દેખે, તો લિયે પાણી ભાતજી. સુ૦ ।। ૫ ।। ભુખ તૃષા પીડયા દુઃખ પીડે, છુટે જો નિજ પ્રાણુજી, તોપણ અશુદ્ધ આહાર ન લેવે, જિનવર આણ પ્રમાણુજી. સુ૦ ।। ૬ ।। અરસ નિરસ આહાર ગવેખે, સરસ તણી નહીં ચાહજી, એમ કરતાં જો સરસ મલે તો, હરખ નહીં મનમાંહજી. સુ૦ ।। ૭ ।। શીત કાલે શીત તનુ સૂકે, ઉનાળે રવિ તાપજી, વિકટ પરિસહ ઘટ અહીયાસે, નાણે મન સંતાપજી. સુ૦ ।। ૮ ।। મારે કૂટે કરે ઉપદ્રવ, કોઈ કલંક ઘે શીશજી, કર્મતણાં ફળ જાણી ઉદીરે, પણ નાણે મન રીશજી. સુ૦ ।। ૯ ।। મન વચ કાયા જે નવિ દંડે, છંડે પાંચ પ્રમાદજી, પંચ પ્રમાદ સંસાર વધારે, જાણે તે નિઃસ્વાદજી. સુ૦ ।। ૧૦ ।। સરલ સ્વભાવ ભાવ મન રૂડો, ન કરે વાદ વિવાદજી, ચાર કષાય કરમના કારણ, વરજે મન ઉનમાદજી. સુ૦ ।। ૧૧ ।। પાપસ્થાન અઢારે વરજે, ન કરે તાસ પ્રસંગજી, વિકથા મુખથી ચાર નિવારે, સમિતિ ગુપતિ શું રંગજી. સુ૦ ।। ૧૨ ।। અંગ ઉપાંગ સિદ્ધાંત વખાણે, ઘે સૂધો ઉપદેશજી, સૂધે મારગે ચાલે ચલાવે, પંચાચાર વિશેષજી. સુ૦ ।। ૧૩ ।। દશ વિધ યતિ ધર્મ જિન ભાંખ્યો, તેહનાં ધારણ હારજી, ધર્મ થકી જે કિમહી ન ચુકે, જો હોયે કોડિ પ્રકારજી. સુ૦ ।। ૧૪ ।। જીવ તણી હિંસા જે ન કરે, ન વદે મિરષા વાદજી, તૃણમાત્ર અણ દીધું ન લીયે, સેવે નહી અબ્રહ્મજી.

સુ૦ ।। ૧૫ ।। નવવિધ પરિગ્રહ મૂલ ન રાખે, નિશિ ભોજન પરિહારજી, ક્રોધ માન માયા ને મમતા, ન કરે લોભ લગારજી. સુ૦ ।। ૧૬ ।। જ્યોતિષ આગમ નિમિત ન ભાંખે, ન કરાવે આરંભજી, ઔષધ ન કરે નાડી ન જૂવે, સદા રહે નિરારંભજી. સુ૦ ।। ૧૭ ।। ડાંકિણી શાકિણી ભૂત ન કાઢે, ન કરે હળવો હાથજી, મંત્ર યંત્ર ને રાખડી કરી તે, નવિ આપે પરમાર્થજી. સુ૦ ।। ૧૮ ।। વિચરે ગામ નગર પુર સઘળે, ન રહે એકણ ઠામજી, ચોમાસા ઉપર ચોમાસું, ન કરે એકણ ગ્રામજી. સુ૦ ।। ૧૯ ।। ચાકર નફર પાસે ન રાખે, ન કરાવે કોઇ કાજજી, ન્હાવણ ધોવણ વેસ બનાવણ, ન કરે શરીરની સાજજી. સુ૦ ।।૨૦।। વ્યાજવટાનું નામ ન જાણે, ન કરે વણજ વ્યાપારજી, ધર્મ હાટ માંડીને બેઠાં, વણિજ છે પર ઉપકારજી. સુ૦ ।। ૨૧ ।। તે ગુરૂ તરે અવરાંને તારે, સાયરમાં જિમ જહાજજી, કાષ્ટ પ્રસંગે લોહ તરે જિમ, તેમ ગુરૂ સંગ તે યોગ્યજી. સુ૦ ।। ૨૨ ।। સુગુરૂ પ્રકાશક લોચન સરિખા, જ્ઞાન તણા દાતારજી, સુગુરૂ દિપક ઘટ અંતર કેરા, દુર કરે અંધકારજી. સુ૦ ।। ૨૩ ।। સુગુરૂ અમૃત સરિખા શિલા, દિયે અમર ગતિ વાસજી, સુગુરૂ તણી સેવા નિત્ય કરતાં, છૂટે કરમનો પાસજી. સુ૦ ।। ૨૪ ।। સુગુરૂ પચીશી શ્રવણ સુણીને, કરજો સુગુરૂ પ્રસંગજી, કહે જિન હરખ સુગુરૂ સુપસાયે, જ્ઞાન હરખ ઉછરંગજી. સુ૦ ।। ૨૫ ।। ઈતિ.

શ્રી ગૌતમ સ્વામીનો રાસ.

" પ્રથમ ભાષા " વીર જિણેસર ચરણ કમલ, કમલા કયવાસો, પણમવિ પભણિ શું સામિ સાલ, ગોયમ ગુરૂ રાસો. મણ તાણું વયણ એકંત કરવી, નિસુણો ભો ભવિયાં જિમ નિવસે તુહ્મ દેહ ગેહ, ગુણ ગણ ગહગહીયા. ।।૧।। જંબુદ્દીવ સિરિ ભરહખિત્ત, ખોણીતલ મંડણ, મગધદેશ સેણિય નરેશ, રિઉદલ બલ ખંડણ. ધણવર ગુવ્વર ગામ નામ જિહાં ગુણ ગણ સજ્જા, વિપ્પ વસે વસુભુઇ તત્થ જસુ પુહવી ભજ્જા. ।। ૨ ।। તાણુપુત સિરિ ઇંદભૂઇ, ભુવલય પસિદ્ધો, ચઉદહ વિદ્યા વિવિહ રૂપ, નારીરસ લુદ્ધો, વિનય વિવેક વિચાર સાર, ગુણ ગણુહ મનોહાર, સાત હાથ સુપ્રમાણ દેહ, રૂપે રંભાવર. ।। ૩ ।। નયણ વયણ કર ચરણ જિણવિ, પંકજ જલ પાડિય, તેજેં તારા ચંદ સૂર, આકાશ ભમાડિય. રૂવે મયણ અનંગ, કરવી મેલ્હિઓ નિરધારીય, ધીરમે મેરૂ ગંભીર સિંધુ ચંગમ ચયચાડીય. ।। ૪ ।। પેખવિ નિરૂવમ રૂવજાસ, જિણ જંપે કિંચિય; એકાકી કીલ ભીત ઇથ્થ, ગુણ મેલ્હા સંચિય. અહવા નિશ્ચે પુવ્વજમ, જિણવર ઇણ અંચિય, રંભા પઉમા ગઉરી ગંગા, રતિહા વિધિ વંચિય. ।। ૫ ।। નહિં બુધ નહિં ગુરૂ કવિ ન કોઈ, જસુ આગલ રહિઓ, પંચસયા ગુણ પાત્ર છાત્ર, હિંડે પરવરિઓ, કરે નિરંતર યજ્ઞ કર્મ, મિથ્યા-મતિ મોહિય,ઇણ છલ હોસે ચરમ નાણુ, દંસણ વિસોહિય. ।। ૬ ।। " વસ્તુછંદ " જંબૂદ્દીવહ જંબૂદ્દીવહ ભરહ વાસંમિ, ખોણિતલ મંડણો, મગધ દેસ સેણીય નરેસર, ધણવર ગુવ્વર

ગામ તિહાં, વિપ્પ વસે વસુભૂઇ સુંદર, તસુ ભજ્જા પુહવી સયલ, ગુણ ગણ રૂવ નિહાણુ, તાણુ પુત્ત વિઘાનિલએો, ગેાયમ અતિહિ સુજાણુ. ।। ૭ ।। "દ્વિતિય ભાષા" ચરમ જિણેસર કેવલ નાણી, ચઉવિહ સંઘ પઇઠા જાણી, પાવાપુરી સામી સંપત્તેા, ચઉવિહ દેવ નિકાયે જુત્તેા. ।।૮।। દેવે સમવસરણ તિહાં કીજે, જિણ દીઠે મિથ્યા મતિ ખીજે; ત્રિભુવન ગુરૂ સિંહાસન બઇઠા, તતક્ષણ મેાહ દિગંતે પઇઠા. ।। ૯ ।। ક્રોધ માન માયા મદ પૂરા, જાયે નાઠા જિમ દિન ચેારા; દેવ દુંદુહિ આકાશે વાજી, ધરમ નરેસર આવિએો ગાજી. ।। ૧૦ ।। કુસુમવૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચેાસઠ ઇંદ્ર જસુ માગે સેવા, ચામર છત્ર સિરેાવરિ સેાહે, રૂપે જિણવર જગ સહુ મેાહે. ।। ૧૧ ।। ઉવસમ રસભર ભરી વસંતા, જોજન વાણિ વખાણુ કરંતા; જાણુવિ વર્દ્ધમાણ જિણ પાયા, સુરનર કિંન્નર આવે રાયા. ।। ૧૨ ।। કાંતિ સમૂહે ઝલહલ કંતા, ગયણુ વિમાણે રણ રણ કંતા, પેખવિ ઇંદભૂઇ મન ચિંતે, સુર આવે અમ્હ જધન હેાવંતે. ।। ૧૩ ।। તીર તરંડક જેમ તે વહતા, સમવસરણ પહેાતા ગહગહતા; તેા અભિમાને ગેાયમ જંપે, ઇણુ અવસરે કેાપે તણુ કંપે. ।। ૧૪ ।। મૂઢ લેાક અજાણીએો બેાલે, સુર જાણુંતા ઇમ કાંઇ ડેાલે; મૂ આગળ કેાઈ જાણુ ભણિજે, મેરૂ અવર કેમ ઉપમા દીજે. ।। ૧૫ ।। "વસ્તુછંદ" વીર જિણવર વીર જિણવર નાણુ સંપન્ન, પાવાપુરિ સુરમહિય પત્તનાહ સંસાર તારણુ, તિહિં દેવેહિં નિમ્મવિય સમવસરણુ બહુ સુખ્ખ કારણુ, જિણવર જગ ઉજ્જોય

કરે તેજે કરી દિનકાર, સિંહાસણ સામિય ઠવિઓ, હુઓ સુજય જયકાર. ।। ૧૬ ।। "તૃતીય ભાષા" તવ ચઢિઓ ઘણુમાણ ગજે, ઇંદ્રભૂઇ ભૂયદેવતો, હુંકારો કરી સંચરિઓ, કવણ સુજિનવર દેવ તો. ।। ૧૭ ।। જોજન ભુમિ સમોસરણ, પેખવી પ્રથમારંભ તો, દહદિસિ દેખે વિબુધ વધુ, આવંતી સુરરંભ તો. ।। ૧૮ ।। મણિમય તોરણ દંડ ધજ, કોસીસેં નવ ઘાટ તો, વયર વિવર્જિત જંતુગુણ, પ્રાતિહારજ આઠ તો. ।। ૧૯ ।। સુરનર કિન્નર અસુરવર, ઇંદ્ર ઇંદ્રાણી રાય તો; ચિત્ત ચમક્કિય ચિંતવે એ, સેવંતા પ્રભુ પાય તો. ।। ૨૦ ।। સહસકીરણ સમ વીર જિણ, પેખવી રૂપ વિશાલ તો, એહ અસંભવ સંભવ એ, સાચો એ ઇંદ્રજાલ તો. ।। ૨૧ ।। તવ બોલાવે ત્રિજગ ગુરૂ; ઇંદ્રભુઈ નામેણ તો, શ્રીમુખ સંશય સામી સવે, ફેડે વેદ પયણ તો. ।। ૨૨ ।। માન મેલી મદ ઠેલી કરે, ભક્તે નામે શીસ તો, પંચસયાસું વ્રત લિયેાએ. ગેાયમ પહિલેા શીસ તો. ।। ૨૩ ।। બંધવ સંજમ સુણવિ કરે, અગ્નિભુઇ આવેઇતો, નામ લેઇ આભાસ કરે, તંપુણ પ્રતિબોધેઇતો. ।। ૨૪ ।। ઇણિ અનુક્રમે ગણ હરરયણ, થાપ્યા વીર ઇગ્યારતો, તો ઉપદેશે ભુવન ગુરૂ, સંયમ શું વ્રત બાર તો. ।। ૨૫ ।। બિહું ઉપવાસે પારણું એ, આપણુપે વિહરંત તો, ગેાયમ સંગમ જગ સયલ, જય જયકાર કરંત તો. ।। ૨૬ ।। "વસ્તુછંદ" ઇંદ્રભુઈ ઇંદ્રભુઈ ચઢિય બહુમાન, હુંકારો કરી સંચરીયેા, સમવસરણ પુહતો તુરંતતો, ઇહ સંશય સામી સવે, ચરમ નાહ ફેડે કુરંતતો,

બોધ બીજ સજ્ઝાય મને, ગોયમ ભવહ વિરત્ત દિખ
લેઇ સિખ્ખા સહિય, ગણુહર પય સંપત્ત. ।। ૨૭ ।।
"ચતુર્થ ભાષા" આજ હુઓ સુવિહાણુ, આજ પચેલિમાં
પુન્ન ભરેા, દીઠા ગોયમ સામી, જો નિય નયણે અમિય
ઝરેા. ।। ૨૮ ।। સિરિ ગોયમ ગણુધાર, પંચસયા મુનિ
પરવરિય, ભુમિય કરય વિહાર, ભવિયાં જન પડિબોહ
કરે. ।। ૨૯ ।। સમવસરણુ મઝાર, જે જે સંશય ઉપજે
એ, તે તે પર ઉપકાર, કારણુ પૂછે મુનિ પવરેા. ।।૩૦।।
જિહાં જિહાં દીજે દિખ્ખ, તિહાં તિહાં કેવલ ઉપજે એ,
આપ કન્હે અણુહુંત, ગોયમ દીજે દાન ઈમ. ।। ૩૧ ।।
ગુરૂ ઉપર ગુરૂભક્તિ, સામી ગોયમ ઉપનિય, ઇણુ છલ
કેવલ નાણુ, રાગજ રાખે, રંગભરે. ।। ૩૨ ।। જો અષ્ટાપદ
શૈલ, વંદે ચઢિ ચઉવિસ જિણુ; આતમ લબ્ધિ વસેણુ,
ચરમ શરીરી સોઇ મુનિ. ।। ૩૩ ।। ઇમ દેસણુ નિસુણેઇ,
ગોયમ ગણુહર સંચલિયેા; તાપસ પન્નરસ એણુ, તેા
મુનિ દીઠેા આવતોએ. ।। ૩૪ ।। તવ સોસિય નિય અંગ;
અમ્હ શકિત નવિ ઉપજેએ; કિમ ચઢસે દૃઢકાય, ગજ
જિમ દિસે ગાજતોએ. ।। ૩૫ ।। ગિરૂઓ એ અભિમાન,
તાપસ જો મન ચિંતવેએ; તેા મુનિ ચઢિઓ વેગ, આલં-
બવિ દિનકર કિરણુ. ।। ૩૬ ।। કંચણુમણિ નિષ્પન્ન, દંડ
કલસ ધજ વડ સહિય; પેખવી પરમાનંદ, જિણુહર
ભરહેસર મહિઅ. ।। ૩૭ ।। નિય નિય કાય પ્રમાણુ,
ચિહું દિશિ સંઠિઅ જિણુહર્બિબ, પણુ મવિ મન ઉલ્લાસ
ગોયમ ગણુહર તિહાં વસિય. ।। ૩૮ ।। વયરસામીનેા

જીવ, તિર્યંક જંભક દેવ તિહાં, પ્રતિબોધે પુંડરિક, કંડરિક અધ્યયન ભણી. ।। ૩૯ ।। વલતા ગોયમસામી, સવિ તાપસ પ્રતિબોધ કરે, લેઇ આપણે સાથ, ચાલે જિમ જુથાધિપતિ. ।। ૪૦ ।। ખીરખંડ ઘૃત આણી, અમીઅ વુઠ અંગુઠ ઠવે, ગોયમ એકણ પાત્ર, કરાવે પારણું સવે. ।। ૪૧ ।। પંચસયા શુભ ભાવ, ઉજ્જલ ભરીઓ ખીરમીસે, સાચા ગુરૂ સંજોગ, કવલ તે કેવલરૂપ હુઆ. ।। ૪૨ ।। પંચસયા જિણુનાહ, સમવસરણ પ્રાકાર ત્રય, પેખવી કેવલ નાણ, ઉપન્નો ઉજ્જોય કરે. ।। ૪૩ ।। જાણે જિણહ પિયૂષ, ગાજંતિ ઘણ મેઘ જિમ, જિનવાણી નિસુણેઇ, નાણી હુઆ પંચસયા. ।। ૪૪ ।। "વસ્તુછંદ" ઇણે અનુક્રમે ઇણે અનુક્રમે નાણ સંપન્ન, પન્નરહસય પરવરિય હરિય દુરિય જિણનાહ વંદે, જાણવિ જગગુરૂ વયણ, તિહનાણ અપ્પાણુનિંદે, ચરમ જિણેસર ઇમ ભણે, ગોયમ મ કરિસ ખેઉ, છેહ જઇ આપણ સહિ, હોસું તુલ્હા મેઉ. ।। ૪૫ ।। "પંચમ ભાષા" સામીઓ એ વીર જિણંદ, પુનિમચંદ જિમ ઉલ્લસિય, વિહરિઓ એ ભરહવાસમ્મિ, વરિસ બહુંત્તર સંવિસય, ઠવતો એ કણય પઉમેવ, પાય કમલ સંઘે સહિય, આવિયો એ નયણાનંદ, નયર પાવાપુરી સુર મહિય. ।। ૪૬ ।। પેખિઓ એ ગોયમ સામી, દેવસર્મા પ્રતિબોધ કરે, આપણ એ ત્રિસલાદેવી, નંદન પહોતો પરમપએ, વલતો એ દેવ આકાસ, પેખવિ જાણિય જિણ સમે એ, તો મુનિએ મન વિખવાદ, નાદ ભેદ જિમ ઉપનો એ. ।। ૪૭ ।। કૂણ સમો એ સામીય દોખ, આપ

કન્હે હું ટાલિએા એ, જાણુતેા એ તિહુઅણુનાહ, લેાક વિવહાર ન પાલિએા એ, અતિ ભલું એ કીધલું સામિ, જાણીઉં કેવલ માગસે એ, ચિતવિઉં એ બાલક જેમ, અહવા કેડે લાગસે એ. ।। ૪૮ ।। હું કિમ એ વીર જિણુંદ, ભકતે ભેાલેા ભેાલવિએા એ, આપણેા એ અવિહલ નેહ, નાહ ન સંપે સાચવ્યેા એ, સાચેા એ એહ વીતરાગ, નેહ ન જાણે લાલિએા એ, ઈણ સમે એ ગેાયમ ચિત્ત, રાગ વૈરાગે વાલિએા એ. ।। ૪૯ ।। આવતેા એ ને ઉલટ, રહેતેા રાગે સાહિએા એ, કેવલ એ નાણ ઉપન્ન, ગેાયમ સેહેજે ઉમાહિએાએ, ત્રિભુવન એ જય જયકાર, કેવલ મહિમા સુર કરે એ, ગણુધરૂ એ કરય વખાણુ, ભવિયણ ભવ ઇમ નિસ્તરે એ. ।। ૫૦ ।। “વસ્તુછંદ” પઢમ ગણુહર પઢમ ગણુહર વરસ પંચાસ, ગિહવાસે સંવસિય તીસ વરિસ સંજમ વિભુસિય, સિરિકેવલ નાણુ પુણ બાર વરિસ તિહુયણુ નમંસિય, રાયગિહિ નયરિ ઠવિઅ ણાણુવઇ વરિસાએા, સામિ ગેાયમગુણ નિલેા, હેાસે શિવપુર ઠાએા. ।। ૫૧ ।। “ષષ્ઠ ભાષા” જિમ સહકારે કેાયલ ટહુકે, જિમ કુસુમવને પરિમલ મહકે, જિમ ચંદન સુગંધ નિધિ, જિમ ગંગાજલ લહેરે હલકે, જિમ કણુયાચલ તેજે ઝલકે, તિમ ગેાયમ સૌભાગ્યનિધિ. ।। ૫૨ ।। જિમ માન સરેાવર નિવસે હંસા, જિમ સુરવર સિરિ કણુયવતંસા, જિમ મહુયર રાજીવવની, જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણુ વિકસે, તિમ ગેાયમ ગુણકેલિવની ।। ૫૩ ।। પૂનિમનિસિ જિમ સસિહર સેાહે, સુરતરૂ મહિમા

જિમ જગમોહે; પૂરવ દિસિ જિમ સહસ કરો, પંચાનન જિમ ગિરિવર રાજે, નરવય ધર જિમ મયગલ ગાજે, તિમ જિન શાસન મુનિવરો. ।। ૫૪ ।। જિમ સુરતરૂ-વર સોહે શાખા, જિમ ઉત્તમ મુખ મધુરી ભાખા, જિમ વન કેતકી મહમહે એ, જિમ ભુમિપતિ ભુયબલ ચમકે, જિમ જિનમંદિર ઘંટા રણુકે, તિમ ગોયમલબ્ધિહિ ગહ-ગહે એ. ।। ૫૫ ।। ચિંતામણિ કર ચઢિઓ આજ, સુરતરૂ સારે વંછિત કાજ, કામ કુંભ સવિ વશ હુઆએ, કામગવી પૂરે મનકામીય, અષ્ટ મહાસિદ્ધિ આવે ધામીય, સામીય ગોયમ અનુસરોએ. ।। ૫૬ ।। પણવક્ખર પહેલો પભણી જે, માયા બીજ શ્રવણ નિસુણી જે, શ્રીમતી શોભા સંભવે એ, દેવહ ધુરિ અરિહંત નમી જે, વિનય પહુ ઉવજ્ઝાય થુણીજે, ઇણિ મંત્રે ગોયમ નમો એ. ।। ૫૭ ।। પુર પુર-વસતાં કાંઈ કરીજે, દેશ દેશાંતર કાંઈ ભમી જે, કવણ કાજ આયાસ કરો, પ્રહ ઊઠી ગોયમ સમરીજે, કાજ સુમંગલ તતખણ સીજે, નવનિધિ વિલસે તાસ ઘરે.।।૬૮।। ચઉદહસય બારોત્તર વરસે, ગોયમ ગણહર કેવલ દિવસે, "ખંભનયર સિરિ પાસ પસાયે" કિયું કવિત ઉપગાર કરો, આદે મંગલ એહ પભણીજે, પરવ મહોચ્છવ પહેલો કીજે, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. ।। ૫૯ ।। ધન્ય માતા જિણે ઉદરે ધરિયા. ધન્ય પિતા જિણે કુલ અવતરિયા, ધન્ય સહગુરૂ જિણે દિક્ખયાએ, વિનયવંત વિદ્યા ભંડાર, જસગુણ પુહવી ન લાભે પાર, વડ જિમ શાખા વિસ્તરો એ, ।। ૬૦ ।। ગૌતમસામીનો રાસ ભણી જે, ચઉવિહ

સંઘ રલિયાત કીજે, સકલ સંઘ આણંદ કરો, કુંકુમચંદન છડો દેવરાવો, માણેક મોતીના ચોક પુરાવો, રયણ સિહાસણ બેસણોએ. ।। ૬૧ ।। તિહાં બેસી ગુરૂદેશના દેસે, ભવિક જીવના કાજ સરેશે. ઉદયવંત મુનિ ધર્મ ભણે એ, ગૌતમસ્વામીતણો એ રાસ, ભણતાં સુણતાં લીલ વિલાસ, સાસય સુખનિધિ સંપજે એ. ।। ૬૨ ।। એહ રાસ જે ભણે ભણાવે, વર મંગલ લચ્છિ ઘર આવે, મનવંચ્છિત આશા ફલે એ. ।। ૬૩ ।।

અથ–મોટા આસંબીઆ (કચ્છ) ના દેરાસર જિન સ્તવન.

શ્રી સુપાર્શ્વ જિણંદનેરે લાલ, વંદન લહી શુભ ભાવ; સજ્જન ચાલોરે. પરમાત્મ પદ્ધીના ધણીરે લાલ, નાસે સર્વ વિભાવ. સજ્જન૦ ।। ૧ ।। મૂર્તિ મોહન મન વશેરે લાલ ઉપશમ ભાવ પ્રધાન. સ૦ સમપરિણામે સેવતારે લાલ, નાસે દુઃકૃત ધ્યાન. સ૦ ।। ૨ ।। અરિહંત પૂજી આત્મારે લાલ, તેહીજ પામે પાર; સ૦ અંતર ઘટ જ્યોતિ જૂવેરે લાલ, પાવે રિદ્ધિ સિદ્ધિરૂપ. સ૦ ।। ૩ ।। મોટા આસંબીઆમાં સ્થુણ્યારે લાલ, કચ્છ સુદેશ મુઝાર; સ૦ સમમ જિનવર શોભતારે લાલ, ઉતારે ભવપાર. સ૦ ।।૪।। આકૃતિ જોતાં ઉપશમેરે લાલ, પાતકી ભાવ પ્રવાહ; સ૦ સ્મરણ કરતાં સાહેબારે લાલ, શીતળ અંતર દાહ. સ૦ ।। ૫ ।। અડસઠ સાલ ઓગણીસસેંરે લાલ, ત્યાંહીજ રહી ચઉમાસ, જીનધર્મ ઉદ્યોતમાંરે લાલ, સૂર્યશશી શુભવાસ. સ૦ શ્રી સુપાર્શ્વ જિણંદને વંદનારે લાલ. સ૦ ।।૬।। ઇતિ.

વૃદ્ધિવિજયજી કૃત

દશવૈકાલીકની સજ્ઝાય.

પ્રથમ અધ્યયનની સઝાય

સુગ્રીવ નયર સોહામણું જી—એ દેશી.

શ્રી ગુરૂપદ પંકજ નમીજી, વલિ ધરી ધર્મની બુદ્ધિ, સાધુ ક્રિયા ગુણ ભાંખશું જી, કરવા સમકિત શુદ્ધિ, મુનિ-શ્વર ધર્મ સયલ સુખકાર, તુમ્હે પાલો નિરતિચાર મુનિ-શ્વર, ધર્મ સયલ સુખકાર. ।। ૧ ।। એ આંકણી૦ ।। જીવદયા સંયમ તણોજી, ધર્મ એ મંગલ રૂપ, જેહના મનમાં નિત્ય વસેજી, તસ નમે સુર નર ભૂપ. મુ૦ ધ૦ ।। ૨ ।। ન કરે કુસુમ કિલામણાજી, વિચરતો જિમ તરૂ વૃંદ; સંતોષે વળી આતમાજી, મધુકર ગ્રહિ મકરંદ. મુ૦ ધ૦ ।। ૩ ।। તેણિ પરેં મુનિ ઘરઘર ભમીજી, લેતો શુદ્ધ આહાર, ન કરે બાધા કોઇનેજી, દિયે પિંડને આધાર. મુ૦ ધ૦ ।। ૪ ।। પહિલે દશવૈકાલિકેજી, અધ્યયને અધિકાર, ભાંખ્યો તે આરાધતાંજી, વૃદ્ધિ વિજય જયકાર. મુ૦ ધ૦ ।। ૫ ।। ઇતિ.

બીજા અધ્યયનની સઝાય.

શીલ સોહામણું પાલીયેં—એ દેશી.

નમવા નેમિજિણુંદને, રાજુલ રૂડી નારરે, શીલ સુરંગી સંચરે, ગોરી ગઢ ગિરનારરે. ।। ૧ ।। શીખ સુહામણી મન ધરો—એ આંકણી૦ તુમેં નિરૂપમ નિર્ગંથરે, સવિ અભિલાષ તજી કરી, પાલો સંયમ પંથરે. શી૦

॥ ૨ ॥ પાઉસ ભીની પદ્મિની, ગઇ તે ગુફા માંહિ તેમ રે; ચતુરા ચીર નિચોવતી. દીઠી ઋષિ રહનેમરે. શી૦ ॥ ૩ ॥ ચિત્ત ચલે ચારિત્રિયો, વયણ વદે તવ એમરે; સુખ ભોગવીયેં સુંદરી, આપણે પૂરણ પ્રેમરે. શી૦ ॥૪॥ તવ રાયમતી એમ ભણે, ભૂંડા એમ શું ભાંખેરે; વયણ વિરૂદ્ધ એ બોલતાં, કાંઇ કુલ લાજ ન રાખેરે. શી૦ ॥૫॥ હું પુત્રી ઉગ્રસેનની, અને તું યાદવ કુલ જાયોરે; એ નિર્મલ કુલ આપણાં, તો કેમ અકારજ થાયોરે. શી૦ ॥ ૬ ॥ ચિત્ત ચલાવી એણીપરેં, નિરખીશ જો તું નારીરે; તો પવનાહત તરૂપરે, થાઇશ અથિર નિરધારીરે શી૦ ॥૭॥ ભોગ ભલા જે પરહર્યા, તે વલી વાંછે જેહરે, વમન ભક્ષી કતર સમો કહીયેં કુકર્મી તેહરે. શી૦ ॥ ૮॥ સરપ અંધક કુલ તણા, કરે અગ્નિ પ્રવેશરે; પણ વમિયું વિષ નવિ લિયે, જુઓ જાતિ વિશેષરે. શી૦ ॥ ૯ ॥ તિમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગ સંજોગરે; ફરિ તેહને વાંછે નહિં, હુવે જો પ્રાણ વિયોગરે. શી૦ ॥ ૧૦ ॥ ચારિત્ર કિમ પાલી શકે, જો નવિ જાયે અભિલાષરે; સીદાતો સંકલપથી, પગ પગ ઈમ જિન ભાંખેરે. શી૦ ॥ ૧૧ ॥ જો કણ કંચન કામિની, ઇચ્છતા અને ભોગવતારે; ત્યાગી ન કહીયેં તેહનેં, જો મનમેં શ્રી જોગવતારે. શી૦ ॥ ૧૨ ॥ ભોગ સંયોગ ભલાલહિ, પરહરે જેહ નિરીહરે; ત્યાગી તેહજ ભાંખીયો, તસપદ નમું નિશદીહ રે. શી૦ ॥૧૩॥ એમ ઉપદેશને અંકુશે, મયગલ પરેં મુનિરાજો રે; સંયમ મારગ સ્થિર કર્યો, સાધ્યું-વંછિત કાજો રે. શી૦ ॥૧૪॥

એ બીજા અધ્યયનમાં ગુરૂહિત શીખ પયાસે રે; લાભવિજય કવિરાયનો, વૃદ્ધિ વિજય એમ ભાસે રે. શી૦ ।।૧૫।।

ત્રીજા અધ્યયનની સઝાય.

પંચ મહાવ્રત પાલીયેં—એ દેશી.

આધાકર્મી આહાર ન લીજિયેં, નિશિ ભોજન નવિ કરીયેં; રાજપિંડને સઝાતરનો, પિંડ વલી પરિહરિયેં કે; ।। ૧ ।। મુનિવર એ મારગ અનુસરિયેં, જિમ ભવજલ નિધિ તરિયેં; મુનિ૦ એ૦ એ આંકણી૦ સાહામો આણ્યો આહાર ન લીજે- નિત્ય પિંડ નવિ આદરિયેં; શી ઇચ્છા એમ પૂછી આપે, તેહ નવિ અંગી કરિયેં કે. મુ૦ ।। ૨ ।। કંદમૂલ ફલ બીજ પ્રમુખવલી લવણાદિક સચિત્ત; વર્જે *તિમ વલી નવિ રાખીજે*, તેહ સન્નિધિ નિમિત્ત કે. મુ૦ ।। ૩ ।। ઉવટણું પીઠી પરહરિયેં, સ્નાન કદા નવિ કરિયેં; ગંધ વિલેપન નવિ આચરિયેં; અંગ કુસુમ નવિ ધરિયેં કે. મુ૦ ।। ૪ ।। ગૃહસ્થનું ભાજન નવિ વાવરિયેં, પરહરિયેં વલી આભરણ; છાયા કારણ છત્ર ન ધરિયેં; ધરે ન ઉપાનહ ચરણ કે. મુ૦ ।। ૫ ।। દાતણ ન કરે દર્પણ ન ધરે, દેખે નવિ નિજરૂપ; તેલ ચોપડીને કાઉસી ન કીજે, દીજે ન વસ્ત્રે ધૂપ કે. મુ૦ ।। ૬ ।। માંચી પલંગ નવિ બેસીજે, કિજે ન વિંજણે વાય; ગૃહસ્થ ગેહ નવિ બેસીજે, વિણ કારણ સમુદાય કે. મુ૦ ।। ૭ ।। વમન વિરેચન ચિકિત્સા, અગ્નિ આરંભ નવિ કીજે, સોગઠાં શેત્રંજ પ્રમુખ જે ક્રીડા, તે પણ સવિ વરજી જે. મુ૦ ।। ૮ ।। પાંચ ઇંદ્રિય નિજ વશ આણી, પંચાશ્રવ પચ્ચખ્ખીજે;

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીને, છકકાય રક્ષા તે કીજે કે. મુ૦ ॥ ૯ ॥ ઉનાલે આતાપના લીજે, શીયાલે શીત સહીયેં; સાંત દાંત થઈ પરિસહ સહેવા, સ્થિર વરસાલે રહિયેં કે. મુ૦ ॥ ૧૦ ॥ ઇમ દુકકર કરણી બહુ કરતાં ધરતાં ભાવ ઉદાસી; કર્મ ખપાવી કેઇ હૂઆ, શિવરમણી શું વિલાસી કે. મુ૦ ॥ ૧૧ ॥ દશ વૈકાલિક ત્રીજે અધ્યયનેં, ભાંખ્યેા એહ આચાર; લાભવિજય ગુરૂ ચરણ પસાયેં, વૃદ્ધિવિજય જયકાર કે. મુ૦ ॥ ૧૨ ॥ ઇતિ.

ચેાથા અધ્યયનની સઝાય.

સુણ સુણ પ્રાણી, વાણી જિન તણી—એ દેશી.

સ્વામી સુધર્માંરે કહે જંબુ પ્રત્યે, સુણ સુણ તું ગુણખાણિ; સરસ સુધારસ હૂંતી મીઠડી, વીર જિણેસર વાણી. સ્વા૦ એ આંકણી૦ ॥ ૧ ॥ સૂક્ષ્મ બાદર ત્રસ થાવર વલી, જીવ વિરાહણ ટાલ, મન વચ કાયારે, ત્રિવિધે સ્થિર કરી, પહિલું વ્રત સુવિચાર. સ્વા૦ ॥ ૨ ॥ ક્રોધ લેાભ ભય હાસ્યેં કરી, મિથ્યા મ ભાંખેારે વયણ, ત્રિકરણ શુદ્ધેં વ્રત આરાધજે, બીજું દિવસ ને રયણ. સ્વા૦ ॥૩॥ ગામ નગર વનમાંહે વિચરંતાં સચિત્ત અચિત્ત તૃણમાત્ર, કાંઇ અદીધાં મત અંગીકરેા, ત્રીજું વ્રત ગુણ પાત્ર, સ્વા૦ ॥ ૪ ॥ સુર નર તિર્યંચ ચેાનિ સંબંધિયાં, મૈથુન કરી પરિહાર; ત્રિવિધે ત્રિવિધે તું નિત્ય પાલજે, ચેાથું વ્રત સુખકાર. સ્વા૦ ॥ ૫ ॥ ધન કણ કંચન વસ્તુ પ્રમુખ વલી, સર્વ અચિત્ત સચિત્ત, પરિગ્રહ મૂર્ચ્છા રે તેહની પરહરી, ધરી વ્રત પંચમ ચિત્ત. સ્વા૦ ॥ ૬ ॥ પંચ મહાવ્રત એ-

ણીપરેં પાલજો, ટાલજો ભોજન રાતિ; પાપ સ્થાનક સઘલાં પરહરિ, ધરજો સમતા સવિ ભાંતિ. સ્વા૦ ॥૭॥ પુઢવી પાણી વાયુ વનસ્પતિ, અગ્નિ એ થાવર પંચ, બિતિ ચઉં પંચિંદિ જલયર થલયરા, ખયરા ત્રસ એ પંચ સ્વા૦ ॥ ૮ ॥ એ છક્કાય નીવારો વિરાધના, જયણા કરિ સવિ વાણિ; વિણ જયણારે જીવ વિરાધના, ભાંખે તિહુઅણ ભાણ. સ્વા૦ ॥ ૯ ॥ જયણા પુર્વક બોલતાં, બેસતાં કરતા આહાર વિહાર; પાપ કર્મ બંધ કદિયે નવિ હુવે, કહે જિન જગદાધાર. સ્વા૦ ॥ ૧૦ ॥ જીવ અજીવ પહિલાં ઓલખી, જિમ જયણા તસ હોય; જ્ઞાન વિના નવિ જીવ દયા પલે, ટલે નવિ આરંભ કોય. સ્વા૦ ॥ ૧૧ ॥ જાણપણાથી સંવર સંપજે, સંવરે કર્મ ખપાય, કર્મ ક્ષયથી રે કેવલ ઉપજે, કેવલી મુક્તિ લહેય. સ્તા૦ ॥ ૧૨ ॥ દશવૈકાલિક ચઉથાધ્યયનમાં, અર્થ પ્રકાશ્યો રે એહ; શ્રી ગુરૂ લાભવિજય પદ સેવતાં, વૃદ્ધિવિજય લહે તેહ. સ્વા૦ ॥ ૧૩ ॥ ઇતિ.

પાંચમા અધ્યયનની સઝાય.

વીર વખાણી રાણી ચેલણા. એ દેશી.

સુઝતા આહારનો ખપ કરોજી, સાધુજી સમય સંભાલ; સંયમ શુદ્ધ કરવા ભણી જી, એષણા દુષણ ટાલ. સુઝ૦ ॥ ૧ ॥ પ્રથમ સઝાયેં પોરિસી કરી જી, અણુસરી વલી ઉપયોગ; પાત્ર પડિલેહણ આચરોજી, આદરી ગુરૂ અણુયોગ. સુ૦ ॥ ૨ ॥ ઠાર ધુંઅર વરસાતનાજી, જીવ વિરાહણ ટાલ; પગ પગ ઇર્યા શોધતાંજી, હરિ કાયાદિક ભાલ. સુ૦ ॥ ૩ ॥ ગેહ ગણિકા તણાં પરિહરોજી. જિહાં ગયા

ચલ ચિત્ત હોય; હિંસક કુલ પણ તેમ તજે જી, પાપ તિહાં પ્રત્યક્ષ જોય. સુ૦ ॥ ૪ ॥ નિજ હાથે બાર ઉઘાડીને જી, પેસીયેં નવિ ઘર માંહિ; બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટે, જઇયેં નહિં ઘરમાંહિ. સુ૦ ॥ ૫ ॥ જલ ફલ જલણ કણ લુણશું જી, ભેટતાં જે દિયે દાન; તે કલ્પે નહિં સાધુને જી, વરજવું અન્નને પાન. સુ૦ ॥ ૬ ॥ સ્તન અંતરાય બાલક પ્રત્યેં જી, કરીને રડતો ઠવેય; દાન દિયે તો ઉલટ ભરી જી, તોહિ પણ સાધુ વરજેય. સુ૦ ॥ ૭ ॥ ગર્ભવતી વલી જો દિયે જી, તેહ પણ અકલ્પ હોય, બાલ નિશરણી પ્રમુખેં ચઢી જી; આણિ દીયે કલ્પે ન સોય. સુ૦ ॥ ૮ ॥ મુલ્ય આણ્યું પણ મત લીયો જી, મત લીયો કરી અંતરાય; વિરહતાં થંભ ખંભાદિકેં જી, ન અડો થિર ઠવો પાય. સુ૦ ॥ ૯ ॥ એણીપરેં દોષ સર્વે છાંડતાં જી, પામીયેં આહાર જો શુદ્ધ, તો લહિયેં દેહ ધારણ ભણી જી, અણુલહે તો તપ વૃદ્ધિ. સુ૦ ॥ ૧૦ ॥ વયણ લજ્જા તૃષા ભક્ષના જી, પરિસહથી સ્થિર ચિત્ત; ગુરૂ પાસે ઇરિયા વહી પડિક્કમી જી, નિમંત્રી સાધુને નિત્ય. સુ૦ ॥ ૧૧ ॥ શુદ્ધ એકાંત ઠામેં જઇ જી, પડિક્કમી ઇરિયાવહી સાર; ભોયણ દોષ સવિ છાંડિને જી, સ્થિર થઇ કરવો આહાર. સુ૦ ॥ ૧૨ ॥ દશવૈકાલિકે પાંચમેંજી, અધ્યયને કહ્યો એ આચાર; તે ગુરૂ લાભવિજય સેવતાં જી, વૃદ્ધિવિજય જય-કાર. સુ૦ ॥ ૧૩ ॥ ઇતિ.

છઠા અધ્યયનની સજ્ઝાય.

મમ કરો માયા કાયા કારમી—એ દેશી.

ગણધર સુધર્મ એમ ઉપદિસે, સાંભલેા મુનિવર વૃંદ રે, સ્થાનક અઢાર એ ઓલખેા, જેહ છે પાપના કંદ રે. ગ૦ ॥ ૧ ॥ પ્રથમ હિંસા તિહાં છાંડિયેં, જુઠ નવિ ભાંખિયેં વયણ રે. તૃણ પણ અદત્ત નવિ લીજીયેં, તજીયેં મેહુણ સયણ રે. ગ૦ ॥ ૨ ॥ પરિગ્રહ મુચ્છા પરિહરેા, નવિ કરેા લેાયણ રાતિ રે, છંડેા છજ્જીય વિરાધના, ભેદ સમજી સહુ ભાંતિ રે. ગ૦ ॥ ૩ ॥ અકલ્પ આહાર નવિ લીજીયેં, ઉપજે દેાષ જે માંહિ રે, ધાતુનાં પાત્ર મત વાવરેા, ગૃહી તણા મુનિવર પ્રાહી રે. ગ૦ ॥ ૪ ॥ ગાદીયે માંચીયેં ન બેશીયેં, વારિયેં શય્યા પલંગ રે, રાત રહિયેં નવિ તે સ્થલેં, જિહાં હેાવે નારિ પ્રસંગ રે. ગ૦ ॥ ૫ ॥ સ્નાન મજ્જન નવિ કીજીયે, જિણ હુવે મન તણેા ક્ષેાભ રે, તેહ શણગાર વલી પરિહરેા, દંત નખ કેશ તણી શેાભ રે. ગ૦ ॥ ૬ ॥ છઠેં અધ્યયને એમ પ્રકાશીયેા, દશ વૈકાલિક એહ રે, લાભવિજય ગુરૂ સેવતાં, વૃદ્ધિવિજય લહ્યો તેહ રે. ગ૦ ॥ ૭ ॥ ઇતિ.

સાતમા અધ્યયનની સજ્ઝાય.

કપૂર હુવે અતિ ઉજલેા રે—એ દેશી.

સાચુ વયણ જે ભાંખીયે રે, સાચી ભાષા તેહ, સચ્ચામેાસા તે કહિયેં રે, સાચું મૃષા હેાય જેહરે. ॥ ૧ ॥ સાધુજી કરજો ભાષા શુદ્ધ, કરી નિર્મલ નિજ બુદ્ધિ રે. સા૦ ક૦ એ આંકણી. કેવલ જુઠ જિહાં હેાવે રે, તેહ અસચ્ચા

જાણુ, સાચું નહી જુઠું નહીં રે, અસત્યા અમૃષા ઠાણુ રે. સા૦ ક૦ ।। ૨ ।। એ ચારે માહે કહી રે, પહેલી ભાષા હોય, સંયમધારી બોલવી રે, વચન વિચારી જોય રે. સા૦ ક૦ ।। ૩ ।। કઠિન વયણુ નવિ ભાંખિયેં રે, તુકારો રે કાર, કોઈના મર્મ ન બોલીયેં રે. સાચા પણુ નિર્ધાર રે. સા૦ ક૦ ।। ૪ ।। ચોરને ચોર ન ભાંખિયેં રે, કાણાને ન કહે કાણુ, કહીયેં ન અંધો અંધને રે, સાચું કઠિન એ જાણુ રે. સા૦ ક૦ ।। ૫ ।। જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય, સાચું વયણુ તે ભાંખતાં રે, લાભથી ત્રોટો જાય રે. સા૦ ક૦ ।। ૬ ।। ધર્મ સહિત હિત કારીયા રે, ગર્વ રહિત સમતોલ, થોડલા તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે. સા૦ ક૦ ।। ૭ ।। એમ સવિ ગુણ અંગી કરી રે, પરહરિ દોષ અશેષ, બોલતાં સાધુનેં હુવે નહિં રે, કર્મનો બંધ લવલેશ રે. સા૦ ક૦ ।। ૮ ।। દશ વૈકાલિક સાતમે રે, અધ્યયને એ વિચાર, લાભવિજય ગુરૂથી લહે રે, વૃદ્ધિ-વિજય જયકાર રે. સા૦ ક૦ ।। ૯ ।।

આઠમા અધ્યયનની સજ્ઝાય.

રામ સીતાને ધીજ કરાવે—એ દેશી.

કહે શ્રી ગુરૂ સાંભલો ચેલા રે, આચારજ એ પુન્યના વેલા રે, છજ્જીવ વિરાહણ ટાલો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે. ।। ૧ ।। પુઢવી પાષાણુ ન ભેદો રે, ફળફુલ પત્રાદિ ન છેદો રે, બીજ કુંપલ વન મત ફરજો રે, જીવ વિરાધનથી ડરજો રે. ।। ૨ ।। વલી અગ્નિ મ ભેટશો ભાઈરે, પીજો પાણી ઉનું સદાઇ રે, મત વાવરો કાચું પાણી રે, એહવી

છે શ્રી વીરની વાણીરે. ।। હિમ ધુઅર વડ ઉંબરાં રે, ફળ કુંથુઆ કીડી નગરાં રે, નીલ પુલહરી અંકુરા રે, ઈંડાલ એ આઠે પૂરા રે. ।। ૪ ।। સ્નેહાદિક ભેદેં જાણી રે, મત હણજો સુક્ષ્મ પ્રાણી રે, પડિલેહી સવિ વાવરજો રે, ઉપકરણે પ્રમાદ મ કરજો રે. ।। ૫ ।। જયણાયેં ડગલાં ભરજો રે, વાટે ચાલતાં વાત મ કરજો રે, મત જ્યોતિષ નિમિત્ત પ્રકાસો રે, નિરખો મત નાચ તમાસો રે. ।। ૬ ।। દીહું અણદીહું કરજો રે, પાપ વ્યસન ન શ્રવણે ધરજો રે, અણસૂજતો આહાર તજજો રે, રાતે સન્નિધ સવિ વરજો રે. ।। ૭ ।। બાવીસ પરિસહ સહેજો રે, દેહ દુઃખે કૂલ સદહજો રે, અણપામે કાર્પણ્ય મ કરજો રે, તપ શ્રુતનો મદ નવિ ધરજો રે. ।। ૮ ।। સ્તુતિ ગતિ સામત ગ્રહેજો રે, દેશકાલ જોઇને રહેજો રે, ગૃહસ્થ શું જાતિ સગાઇ રે, મત કાઢજો મુનિવર કાંઈ રે. ।। ૯ ।। ન રમાડો ગૃહસ્થના બાલ રે, કરો ક્રિયાની સંભાલ રે, યંત્ર મંત્ર ઔષધનો ભામો રે, મત કરજો કુગતિ કામો રે. ।। ૧૦ ।। ક્રોધે પ્રીતિ પૂરવલી જાય રે, વલી માને વિનય પલાય રે, માયા મિત્રાઇ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે. ।। ૧૧ ।। તે માટેં કષાય એ ચાર રે, અનુક્રમે દમજો એણગાણ રે, ઉપશમ શું કેવલ ભાવે રે, સરલાઇ સંતોષ સભાવેં રે. ।। ૧૨ ।। બ્રહ્મચારીને જાણજો નારી રે, જૈસી પોપટને માંજારી રે, તેણે પરિહરો તસ પરસંગ રે, નવવાડ ધરો વલિ ચંગ રે. ।। ૧૩ ।। રસ લોલુપ થઇ મત પોષો રે, નિજકાય તપ કરીને શોષો રે, જાણો અથિર પુદ્ગલ પિંડ રે, વ્રત પાલજો પંચ

અખંડ રે. ।। ૧૪ ।। કહિયું દશવૈકાલિકે એમ રે, અધ્યયને આઠમે તેમ રે, ગુરૂ લાભવિજયથી જાણી રે, બુધ વૃદ્ધિ-વિજય મન આણી રે. ।। ૧૫ ।। ઈતિ.

નવમા અધ્યયનની સજ્ઝાય.

શેત્રુંજે જઇયેં લાલન શેત્રુંજે જઇયેં—એ દેશી.

વિનય કરે જો ચેલા, વિનવ કરે જો, શ્રી ગુરૂ આણા શિર ધરે જો. ચેલા૦ શી૦ એ આંકણી૦ ક્રોધી માનીને પરમાદી; વિનય ન શીખે વલી વિષવાદી. ચે૦ વ૦ ।।૧।। વિનય રહિત આશાતનાં કરતાં, બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં; ચે૦ દુ૦ અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે, ગુરૂ આસાયણુ તેથી અધિક પ્રકારેં. ચે૦ અ૦ ।।૨।। અવિનયેં દૂસિયેા બહુલ સંસારી, અવિનયી મુક્તિનેા નહિં અધિકારી; ચે૦ ન૦ કેાહ્યા કાનની કૂતરી જેમ, હાંકી કાઢે અવિનયી તેમ. ચે૦ અ૦ ।। ૩ ।। વિનય શ્રુત તપ વલી આચાર, કહિયેં સમાધિનાં ઠામ એ ચાર; ચે૦ ઠા૦ વલી ચાર ચાર ભેદ એકેક, સમજો ગુરૂ મુખથી સવિવેક; ચે૦ થી૦ ।।૪।। તે ચારેમાં વિનય છે પહેલેા, ધર્મ વિનય વિણ ભાંખે તે ઘેલેા; ચે૦ ભાં૦ મૂલ થકી જેમ શાખા કહિયેં, ધર્મ ક્રિયા તિમ વિનયથી લહિયે. ચે૦ વિ૦ ।। ૫ ।। ગુરૂ માન વિનયથી લહે સેા સાર; જ્ઞાન ક્રિયા તપ જે આચાર; ચે૦ જે૦ ગરથ પખેં જિમ ન હેાયે હાટ, વિણ ગુરૂ વિનય તેમ ધર્મની વાટ. ચે૦ ધ૦ ।। ૬ ।। ગુરૂ નાન્હેા ગુરૂ મેાટેા કહિયેં, રાજા પરેં તસ આણા વહિયે; ચે૦ આ૦ અલ્પશ્રુત પણ બહુ શ્રુત જાણેા, શાસ્ત્ર સિદ્ધાંતે તેહ મનાણેા. ચે૦ તેહ૦

।। ૭ ।। જેમ શશી ગ્રહ ગણે વિરાજે, મુનિ પરિવારમાં તેમ ગુરૂ ગાજે; ચે૦ તે૦ ગુરૂથી અલગા મત રહો ભાઇ, ગુરૂ સેવ્યે લહો શો ગૌરવાઇ. ચે૦ શો૦ ।।૮।। ગુરૂ વિનયે ગીતારથ થાશો, વંછિત સવિ સુખ લખ્મી કમાશો; ચે૦ લ૦ શાંત દાંત વિનયી લજ્જાલુ, તપ જપ ક્રિયાવંત દયાલુ. ચે૦ વં૦ ।। ૯ ।। ગુરૂ કુલ વાસી વસતો શિષ્ય, પૂજનીય હોયે વિસવાવીશ; ચે૦ વી૦ દશવૈકાલિક નવમેં અધ્યયનેં, અર્થ એ ભાખ્યો કેવલી વયણેં. ચે૦ કે૦ ઇણીપરેં લાભવિજય ગુરૂ સેવી, વૃદ્ધિવિજય સ્થિર લખ્મી લહેવી. ચે૦ લ૦ ।। ૧૦ ।। ઇતિ.

દશમા અધ્યયનની સજ્ઝાય.

તે તરીયા ભાઇ તે તરીયા—એ દેશી.

તે મુનિવંદો તે મુનિવંદો, ઉપશમ રસનો કંદો રે; નિર્મલ જ્ઞાનક્રિયાનો ચંદો, તપ તેજે જેહવો દિણંદો રે. તે૦ ।। ૧ ।। એ આંકણી૦ પંચાશ્રવનો કરી પરિહાર, પંચ મહાવ્રત ધારો રે, ષટ્ જીવ તણો આધાર, કરતો ઉગ્ર વિહારો રે. તે૦ ।। ૨ ।। પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મ ધ્યાન નિરાબાધ રે; પંચમ ગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધે રે. તે૦ ।। ૩ ।। ક્રયવિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિરહંકાર રે, ચારિત્ર પાલે નિરતિચારેં ચાલંતો ખડગની ધાર રે. તે૦ ।। ૪ ।। ભોગ ને રોગ કરી જે જાણે, આપે પુન્ય વખાણો રે, તપ શ્રુતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણે રે. તે૦ ।। ૫ ।। છાંડી ધન કણ કંચન ગેહ, થઈ નિઃસ્નેહી નિરીહ રે, ખેહ

સમાણી જાણી દેહ; નવિ પોસે પાપે જેહ રે. તે૦ ॥૬॥ દોષ રહિત આહાર જે પામે, જે લુખે પરિણામે રે, લે તો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઈ જામે રે. તે૦ ॥ ૭ ॥ રસના રસ રસીયો નવિ થાવે, નિલોભી નિર્માય રે, સહે પરિસહ સ્થિર કરી કાયા; અવિચલ જિમ ગિરિરાય રે. તે૦ ॥ ૮ ॥ રાતે કાઉસ્સગ્ગ કરી સમશાને, જો તિહાં પરિસહ જાણે રે, તો નવિ ચુકે તે હવે ટાણે, ભય મનમાં નવિ આણે રે. તે૦ ॥ ૯ ॥ કોઈ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે, કર્મ આઠ ઝાંપવા જોધ, કરતો સંયમ શોધ રે. તે૦ ॥ ૧૦ ॥ દશવૈકાલિક દશમાધ્યયને, એમ ભાંખ્યો આચાર રે, તે ગુરૂ લાભવિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે. તે૦ ॥ ૧૧ ॥ ઇતિ.

ઇગ્યારમા અધ્યયનની સજ્ઝાય.

નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી.

સાધુજી સંયમ સૂધો પાલો, વ્રત દૂષણ સવિ ટાલો રે, દશ વૈકાલિક સૂત્ર સાંભલો, મુનિવર મારગ અજુવાલો રે. સા૦ સ૦ ॥ ૧ ॥ એ આંકણી૦ રોગાંતિક પરિસહ સંકટ પરસંગે પણ ધાર રે, ચારિત્રથી મત ચુકો પ્રાણી, ઇમ ભાંખે જિન સાર રે. સા૦ સ૦ ॥ ૨ ॥ ભ્રષ્ટાચારી મૂડો કહાવે, ઇહભવ પરભવ હાર રે, નરક નિગોદતણાં દુઃખ પામે, ભમતો બહુ સંસારે. સા૦ સ૦ ॥ ૩ ॥ ચિત્ત ચોખે ચારિત્ર આરાધે, ઉપશમ નીર અગાધ રે, *ઝીલે સુંદર સમતા દરિયે, તે સુખ સંપત્તિ સાધે રે. સા૦* સ૦ ॥ ૪ ॥ કામધેનું ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિત્તમેં

આણો રે, ઇહભવ પરભવ સુખદાયક એ સમ, અવર કાંઇ ન જાણા રે. સા૦ સ૦ ।। ૫ ।। સિજંભવ સૂરિયેં રચીયાં, દશ અધ્યયન રસાલાં રે, મનક પૂત્ર હેતેં તે ભણતાં, લહીયેં મંગલ માલા રે. સા૦ સ૦ ।। ૬ ।। શ્રી વિજય પ્રભ સૂરિને રાજ્યેં, બુધ લાભવિજયને શિષ્યેં રે, વૃદ્ધિ-વિજય વિબુધ આચાર એ ગાયો સકલ જગીશેં રે. સા૦ સ૦ ।। ૭ ।।

ઇતિ દશ વૈકાલીક સઝાયો સંપૂર્ણ.

શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષનો છંદ.

ચોપાઈની દેશી.

પ્રહસમે પ્રણમું સરસતી માય, વલી સદ્‌ગુરૂને લાગું પાય; ત્રેસઠ સલાકાના કહું નામ, જપંતા શીઝે સહું કામ. ।।૧।। પ્રથમ ચોવીશ તીર્થંકર જાણ, તેહ તણાં હું કરીશ વખાણ; રિષભ અજિતનેં સંભવ સ્વામ, ચોથા અભિનંદન અભિ-રામ. ।। ૨ ।। સુમતિ પદ્મ પ્રભુ પૂરે આશ, સુપાર્શ્વ ચંદ્ર પ્રભ દે સુખવાસ; સુવિધિ શીતલને શ્રેયાંસનાથ, એહ છે સાચા શિવપુર સાથ. ।। ૩ ।। વાસુપુજ્ય જિન વિમલ અનંત; ધર્મ શાંતિ કુંથુ અરિહંત; અરમલ્લિ મુનિ સુવ્રત સ્વામ, એહથી લહિયેં મુક્તિ સુ ઠામ. ।। ૪ ।। નમીના-થને નેમીસરદેવ, જસ સુરનર નિત સારે સેવ; પાર્શ્વનાથ મહાવીર પ્રસિદ્ધ, તૂહા આપે અવિચલ રિધ. ।। ૫ ।। હવે નામ ચક્રવર્તિ તણાં, બાર ચક્રી જે શાસ્ત્રે ભણ્યા; પહિલો

ચક્રી ભરત નરેશ, સુખે સાધ્યા જિણે ષટ ખંડ દેશ.
॥ ૬ ॥ બીજે સાગર નામે ભૂપાલ, ત્રીજે મઘવરાવ સુવિસાલ; ચોથા કહિયેં સનત કુમાર; દેવ પદવી પામ્યા છે સાર. ॥ ૭ ॥ શાંતિ કુંથુ અર ત્રિને રાય. તીર્થંકર પણ પદ કહિવાય; સુભૂમ આઠમો ચક્રી થયો, અતી લોભે તે નરકે ગયો. ॥ ૮ ॥ મહા પદ્મરાય બુદ્ધિ નિધાન, હરીષેણ દશમો રાજાન; ઈગ્યારમો જય નામ નરેશ, બારમો બ્રહ્મદત્ત ચક્રેશ. ॥ ૯ ॥ એ બારે ચક્રીસર કહ્યા, સૂત્ર સિદ્ધાંત થકી એ લહ્યા; હવે વાસુદેવ કહું નવનામ, ત્રિન ખંડ જિણે જીત્યા ઠામ. ॥ ૧૦ ॥ વીર જીવ પ્રથમ ત્રિપૃષ્ટ, બીજો નૃપ જાણો દ્વિપૃષ્ટ; સ્વયંભૂ પુરૂષોત્તમ મહારાય, પુરૂષસિંહ પુંડરીકરાય. ॥ ૧૧ ॥ દત્ત નારાયણ કૃષ્ણ નરેશ, એહ નવ હવે બલદેવ વિશેષ; અચલ વિજય ભદ્ર સુપ્રભ ભૂપ, સુદર્શન આનંદ નંદન રૂપ. ॥ ૧૨ ॥ પદ્મરામ એ નવ બલદેવ, પ્રતિ શત્રુ નવ પ્રતિ વાસુદેવ; અશ્વગ્રીવ તારક રાજેંદ્ર, મેરક મધુનિશુભ બલેંદ્ર. ॥ ૧૩ ॥ પ્રલ્હાદને રાવણ જરાસંધ, જીત્યા ચક્ર બલેં સત્ય સંધ; ત્રેસઠ સંખ્યા પદવી કહી, માતા ઈકસઠ ગ્રંથે લહી. ॥૧૪॥ પિતા બાવન નેં સાઠ શરીર. ઓગણસાઠ જીવ મહાધીર; પંચ વર્ણ તીર્થંકર જાણ, ચક્રી સોવનવાન વખાણ.॥૧૫॥ વાસુદેવ નવ સામલવાંન, ઉજવલ તનુ બલદેવ પ્રધાન; તિર્થંકર મુક્તિપદ વર્યાં, આ ચક્રી સાથે સંચર્યા. ॥૧૬॥ બલદેવ આઠ તેહને સાથ, શિવપદ લીધો હાથોહાથ; મઘવ સનત કુમાર સુરલોક, ત્રીજે સુર સેવે ગતસોક.

।। ૧૭ ।। નવમો બલદેવ બ્રહ્મ નિવાસ, વાસુદેવ સહુ અધગતિ વાસ; અષ્ટમ બારમ ચક્રી સાથ, પ્રતિ વાસુદેવ સમા નર નાથ. ।। ૧૮ ।। સુરવર સુખસાતા ભોગવી, નરક દુઃખ વ્યથા અનુભવી; અનુક્રમેં કર્મ સૈન્ય જયકરી, નરવર ચતુરંગી સુખવરી. ।। ૧૯ ।। સદ્‌ગુરૂ જોગે ક્ષાયક ભાવ, દર્શન જ્ઞાન ભવોદધી નાવ. આરોહી શિવ મંદીર વસેં, અનંત ચતુષ્ટય તવ ઉલ્લસેં. ।। ૨૦ ।। લહિ સે અક્ષય પદ નિરવાણ, સિદ્ધ સવે મુઝ દો કલ્યાણ, ઉત્તમ નામ જપો નરનાર, સરૂપચંદ્ર લહે જય જયકાર. ।।૨૧।। ઇતિ.

શ્રી બૃહત્‌શાંતિ સ્તોત્રમ્.

ભો ભો ભવ્યાઃ ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્‌ યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ! ભક્તિભાજઃ; તેષાં શાંતિર્ભવતુ ભવતામર્હદાદિપ્રભાવા-દારોગ્યશ્રીધૃતિમતિકરી કલેશવિધ્વંસહેતુઃ ।। ૧ ।।

ભો ! ભો ! ભવ્યલોકા ! ઇહ હિ ભરતૈરાવતવિદેહસંભવાનાં સમસ્તતીર્થકૃતાં જન્માન્યાસનપ્રકમ્પાનન્તરમવધિના વિજ્ઞાય, સૌધર્મોધિપતિઃ સુઘોષાઘણ્ટાચાલનાનન્તરં સકલસુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનયમર્હદ્‌ભટ્ટારકં ગૃહીત્વા, ગત્વા કનકાદ્રિશૃંગે, વિહિતજન્માભિષેકઃ શાન્તિમુદ્‌ઘોષયતિ, યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા, મહાજનો યેન ગતઃ સ પન્થા ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાન્તિમુદ્‌ઘોષયામિ, તત્પૂજાયાત્રાસ્નાત્રાદિમહોત્સવાનન્તરમિતિ કૃત્વા કર્ણૌ દત્ત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા ।।

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયતાં ભગવન્તોઽર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિનસ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતાસ્ત્રિલોકપૂજ્યાસ્ત્રિલોકેશ્વરાસ્ત્રિલોકોદ્યોતકરાઃ ।।

ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનન્દન-સુમતિ-પદ્મપ્રભ-સુપાર્શ્વ-ચન્દ્રપ્રભ-સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનન્ત-ધર્મ-શાંતિ-કુંથુ-અર-મલ્લિ-મુનિસુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વ-વર્દ્ધમાનાન્તા જિનાઃ શાંતાઃ શાન્તિકરાભવંતુ સ્વાહા ।। ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજયદુર્ભિક્ષકાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ।।

ૐ હ્રીં શ્રીં ધૃતિ-મતિ-કીર્ત્તિ-કાંતિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધા-વિદ્યાસાધન-પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીતનામાનો જયંતુ તે જિનેંદ્રાઃ ।।

ૐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃંખલા-વજ્રાંકુશી-અપ્રતિચક્રા-પુરૂષદત્તા-કાલી-મહાકાલી-ગૌરી--ગાંધારી- સર્વાસ્ત્રા મહાજ્વાલા-માનવી-વૈરૂટયા-અચ્છુપ્તા-માનસી-મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્ય સ્વાહા ।।

ૐ આચાર્યોપાધ્યાયપ્રભૃતિચાતુર્વર્ણસ્ય શ્રી શ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ ।।

ૐ ગ્રહાશ્ચન્દ્રસૂર્યાંગારકબુધબૃહસ્પતિશુક્રશનૈશ્ચરરાહુકેતુસહિતાઃ સલોકપાલાઃ સોમયમવરૂણકુબેરવાસવાદિત્યસ્કંદવિનાયકોપેતા યે ચાન્યેઽપિ ગ્રામનગરક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતાં અક્ષીણકોશકોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા ।।

ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબન્ધિ-

બંધુવર્ગસહિતા નિત્યં ચામોદપ્રમોદકારિણઃ, અસ્મિંશ્ચ ભૂમણ્ડલાયતનનિવાસિ–સાધુસાધ્વીશ્રાવકશ્રાવિકાણાં રોગોપસર્ગ વ્યાધિદુઃખદુર્ભિક્ષદૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ ।।

ૐ તુષ્ટિપુષ્ટિઋદ્ધિવૃદ્ધિમાંગલ્યોત્સવાઃ ।। સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ દુરિતાનિ, શત્રવઃ પરાઙ્-મુખા ભવન્તુ સ્વાહા ।।

શ્રીમતે શાન્તિનાથાય, નમઃ શાન્તિવિધાયિને ત્રૈલોક્ય સ્યામરાધીશ–મુકુટાભ્યર્ચિતાંઘ્રયે ।। ૧ ।।

શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન્ શાન્તિર્દિશતુ મે ગુરૂઃ; શાન્તિરેવ સદા તેષાં યેષાં શાન્તિર્ગૃહે ગૃહે ।। ૨ ।।

ઉન્મૃષ્ટરિષ્ટ દુષ્ટગ્રહગતિદુઃસ્વપ્નદુર્નિમિત્તાદિ સમ્પાદિતહિતસંપન્નામગ્રહણું જયતિ શાન્તેઃ ।। ૩ ।।

શ્રીસંઘજગજજનપદ રાજાધિપરાજસન્નિવેશાનાં; ગોષ્ટિકપુરમુખ્યાણાં, વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્ ।। ૪ ।।

શ્રીશ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ, શ્રી જનપદાનાં શાન્તિર્ભવતુ, શ્રીરાજાધિપાનાં શાન્તિર્ભવતુ, શ્રીરાજસન્નિવેશાનાં શાન્તિર્ભવતુ, શ્રીગોષ્ટિકાનાં શાન્તિર્ભવતુ, શ્રીપૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ, શ્રીપૌરજનસ્ય શાન્તિર્ભવતુ.

શ્રીબ્રહ્મલોકસ્ય શાતિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રીપાર્શ્વનાથાય સ્વાહા ।।

એષા શાન્તિઃ પ્રતિષ્ટાયાત્રાસ્નાત્રાદ્યવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વા, કુંકુમચન્દનકર્પૂરાગુરૂધૂપવાસકુસુમાંજલિસમેતઃ, સ્નાત્રચતુષ્કિકાયાં શ્રીસંઘસમેતઃ, શુચિશુચિવપુઃ પુ-

ષ્પવસ્ત્રચન્દનાભરણાલંકૃતઃ, પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા, શાન્તિમુદ્ઘોષયિત્વા શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ ।।

નૃત્યન્તિ નૃત્યં મણિપુષ્પવર્ષં, સૂજન્તિ ગાયન્તિ ચ મંગલાનિ; સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે ।। ૧ ।।

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિતનિરતા ભવન્તુ ભુતગણાઃ; દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખીભવંતુ લોકાઃ ।।૨।।

અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ નયરનિવાસિની અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોપસમં શિવં ભવતુ સ્વાહા ।। ૩ ।।

ઉપસર્ગાઃ ક્ષય યાન્તિ. ચ્છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ; મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ।। ૪ ।।

સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણું; પ્રધાનં સર્વધર્માણું, જૈનં જયતિ શાસનમ્ ।। ૫ ।।

ઇતિ શ્રીબૃહચ્છાન્તિસ્તવઃ સંપૂર્ણઃ

શ્રી લઘુશાન્તિ સ્તવઃ

શાંતિ શાંતિ નિશાંતં, શાંત શાંતાશિવં નમસ્કૃત્ય, સ્તોતુઃ શાંતિ નિમિત્તં, મંત્રપદૈઃ શાંતયે સ્તૌમિ. ।। ૧ ।। ઓમિતિ નિશ્ચિત વચસે, નમો નમો ભગવતેઽર્હતે પૂજામ્, શાંતિજિનાય જયવતે, યશસ્વિને સ્વામિને દમિનામ્. ।।૨।। સકલા તિશે ષક મહા, સંપત્તિ સમન્વિતાય શસ્યાય,

ત્રૈલોક્ય પૂજિતાય ચ, નમો નમઃ શાંતિ દેવાય. ॥ ૩ ॥ સર્વામર સુસમૂહ, સ્વામિક સંપૂજિતાય ન જિતાય, ભુવનજન પાલનોદ્યત, તમાય સતતં નમસ્તસ્મૈ. ॥ ૪ ॥ સર્વ દુરિતૌ ઘનાશન, કરાય સર્વાશિવ પ્રશમનાય, દુષ્ટ ગ્રહ ભૂત પિશાચ. શાકિનીનાં પ્રમથનાય. ॥ ૫ ॥ યસ્યેતિ નામ મંત્ર, પ્રધાન વાકયોપયોગ કૃત તોષા, વિજયા કુરૂતે જનહિત, મિતિ ચ નુતા નમત તં શાતિં. ॥ ૬ ॥ ભવતુ નમસ્તે ભગવતિ, વિજયે સુજયે પરાપરૈ રજિતે, અપરાજિતે જગત્યાં જયતીતિ જયાવહે ભવતિ. ॥ ૭ ॥ સર્વસ્યાપિ ચ સંઘસ્ય, ભદ્ર કલ્યાણ મંગલ પ્રદદે, સાધુનાં ચ સદાશિવ સુતુષ્ટિ પુષ્ટિપ્રદે જીયાઃ ॥ ૮ ॥ ભવ્યાનાં કૃતસિદ્ધે, નિરૂવૃતિ નિર્વાણ જનની સત્ત્વાનાં, અભય પ્રદાન નિરતે, નમોઽસ્તુ સ્વસ્તિ પ્રદે તુભ્યં. ॥ ૯ ॥ ભકતાનાં જંતૂનાં, શુભાવહે નિત્ય મુદ્યતે દેવી, સમ્યગ્ દૃષ્ટિનાં ધૃતિ રતિ મતિ બુદ્ધિ પ્રદાનાય. ॥ ૧૦ ॥ જિન શાસન નિરતાનાં, શાંતિનતાનાં ચ જગતિ જનતાનાં, શ્રી સંપત્કીર્તિ યશો, વર્દ્ધની જયદેવી વિજયસ્વ. ॥ ૧૧ ॥ સલિલાનલ વિષ વિષધર, દુષ્ટ ગ્રહ રાજ રોગ રણ ભયતઃ રાક્ષસ રિપુ ગણ મારી, ચોરેતિ શ્વાપદાદિભ્યઃ. ॥ ૧૨ ॥ અથ રક્ષ રક્ષ સુશિવં, કુરૂ કુરૂ શાંતિં ચ કુરૂ કુરૂ સદેતિ, તુષ્ટિં કુરૂ કુરૂ પુષ્ટિં, કુરૂ કુરૂ સ્વસ્તિં ચ કુરૂ કુરૂ ત્વં. ॥ ૧૩ ॥ ભગવતિ ગુણવતિ શિવ શાંતિ, તુષ્ટિ પુષ્ઠિ સ્વસ્તીહ કુરૂ કુરૂ જનાનામ્, ઓમિતિ નમો નમો હ્રૂં હ્રીં હ્રૂં હ્રઃ યક્ષઃ હ્રીં પુટ્ટ કુટ્ટ સ્વાહા. ॥ ૧૪ ॥ એવં યન્નામાક્ષર,

પુરસરં સંસ્તુતા જયાદ્દેવી, કુરૂતે શાંતિ નમતાં નમો નમઃ શાંતયે તસ્મૈ. ।। ૧૫ ।। ઈતિ પૂર્વ સૂરિ દર્શિત, મંત્ર-પદવિદર્ભિતઃ સ્તવઃ શાંતેઃ, સલિલાદિ ભય વિનાશી, શાંત્યાદિ કરશ્ચ ભક્તિમતાં. ।। ૧૬ ।। યશ્ચૈનં પઠતિ સદા, શૃણોતિ ભાવયતિ વા યથાયોગં, સ હિ શાંતિપદં યાયાત્, સૂરિઃ શ્રીમાન દેવશ્ચ. ।। ૧૭ ।। ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્નવલયઃ મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિને-શ્વરે. ।। ૧૮ ।। સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણું, પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ।।૧૯।। ઈતિ.

શ્રી પાર્શ્વજિન સ્તુતિ પ્રારંભ.

લક્ષ્મી મહંસ્તુલ્ય સતી સતી સતી, પ્રવૃદ્ધ કાલો વિરતો રતો રતો. જરા રૂજા પદમહતા હતા હતા, પાર્શ્વંજિણે રામ ગિરૌ ગિરૌ ગિરૌ. ।। ૧ ।। અચ્ચેંય માદ્યં સુમના મના મના, યઃ સર્વ દ્વેશેષુ વિના વિના વિના, સમસ્ત વિજ્ઞાન મયેા મયેા મયેા. પાર્શ્વં૦ ।। ૨ ।। વ્ય-નિષ્ટજંતેાઃ શરણું રણું રણું, ક્ષમાદિતેા યઃ કમઠં મઠં મઠં, નરા મરા રામ કમં કમં કમં, પાર્શ્વંજિણે૦ ।।૩।। અજ્ઞાન સત્કામ લતા લતા લતા, યદીય સદ્ભાવ નતા નતા નતા, નિર્વાણ સૈાખ્યં સુગતા ગતા ગતા. પાર્શ્વંજિણે૦ ।। ૪ ।। વિવાદિશા શેષ વિધિ વિધિ વિધિઃ, બભૂવ સર્વાંવ હરિ હરિ હરિ. વિજ્ઞાન સંજ્ઞાન હરેા હરેા હરેા. પાર્શ્વં૦ ।। ૫ ।। યદ્વિશ્વ લેાકૈક ગુરૂં ગુરૂં ગુરૂં, વિરાજિતાયેન વરં વરં વરં, તમાલ નીલાંગ ભરં ભરં ભરં. પાર્શ્વંજિણે૦ ।।૬।।

સરંક્ષિતો દિગ્ભુવનં વનં વનં, વિરાજિતા યેષુ દિવૈ દિવૈ દિવૈ, પાદદ્વયે નૂત સુરા સુરા સુરાઃ. પાર્શ્વ૦ ।। ૭ ।। રરાજ નિત્યં સકલા કલા કલા, મમાર તૃષ્ણો વૃજિનો ાજનો જિનો, સંહાર પૂજ્યં વૃષભા સભા સભા. પાર્શ્વ ફણે૦ ।। ૮ ।। તર્કે વ્યાકરણે ચ નાટક ચયેકા વ્યાકુલે કૌશલે, વિખ્યાતો ભુવિ પદ્મનંદિ મુનિ પસ્તત્વસ્ય કોશં નિધિઃ, ગંભીરં યમ કાષ્ટકં ભણુતિ યઃ, શંભૂયસા લભ્યતે, શ્રી પદ્મપ્રભદેવ નિર્મિતમિદં સ્તોત્રં જગ–મંગલં. પાર્શ્વ- ફણે૦ ।। ૯ ।। ઇતિ.

અથ શ્રી પાર્શ્વજીન સ્તુતિ.

દ્રેં દ્રેંકિ ધપ મપ ધુધુમિ ધેાં ધેાં પ્રસકિ ધર ધપ ધેારવં, દેાં દેાંકિ દેાં દેાં દાગ્ડિદિ દાગ્ડિદિ કિ દ્રમકી દ્રણ રણ દ્રેણવં, ઝઝિ ઝ્રેંકિ ઝેંઝેં ઝ્રણુણ રણુ રણુ નિજકી નિજ જન રંજનં, સુર શેલ શિખરે ભવતિ સુખદં, પાર્શ્વજિનપતિ મજ્જનં. ।। ૧ ।। કટ રેંગિનિ થેાંગિનિ કિટતિ ગિગડદાં ધુધુકિ ધુટ નટ પાટવં, ગુણ ગુણુણ ગુણ ગણ રણકિ ણેંણેં ગુણુણ ગુણ ગણ ગૌરવં, ઝ્રેંગિ ઝ્રેંકિ ઝ્રેંઝેં તણુણ રણ રણ નિજકી નિજ જન સજના, કલયંતિ કમલા કલિત કલમલ મુકલમીસ મહે જિનાઃ. ।।૨।। ઠકિ ઠ્રેંકિ ઠ્રેંઠેં ઠહ્રિ ઠરિક ઠરિપટ્ટા તાડયતે તલલેાંકિલેાં લેાં ત્રેંષિ ત્રેંષિનિ ડેંષિ ડેંષિનિ વાદ્યતે, ૐ ૐ કિ ૐ ૐ થુંગિ થુંગિનિ ધેાંગિ ધેાંગિનિ કલરવે, જિન મત મનંતં મહિમ તનુતા નમતિ સુર નર મુછવે. ।। ૩ ।। પુદાંકિ પુદાં પુપુડદિ પુંદાં પુપુડદિ દેાં દેાં અંબરે, ચાચપટ ચચપટ રણકિ ણેંણેં ડણુણ ડેંડેં ડંબરે,

તિહાં સરગમ પધુતિ નિધપ મગરસ સસ સસસ સુર સેવતા, જિન નાટય રંગે કુશલમુનિસં દિસતુ શાસન દેવતા. ।। ૪ ।। ઇતિ.

अथ सरस्वती स्तोत्र प्रारंभ.

નમસ્તે શારદે દેવિ, કાશ્મિરપુર વાસિની, ત્વા મહં પ્રથમે નાથે, વિદ્યાદાનં પ્રદેહિમે. ।। ૧ ।। પ્રથમં ભારતી નામ, દ્વિતીયં ચ સરસ્વતી, તૃતીયં શારદાદેવી, ચતુર્થં હંસગામિની. ।। ૨ ।। પંચમં જગ વિખ્યાતા, ષષ્ટં વાગીશ્વરી તથા કુમારી સપ્તમં પ્રોકતમં અષ્ટમં બ્રહ્મવાદિની. ।। ૩ ।। નવમં વિદુષાં માતા, દશમં બ્રહ્મચારિણી, એકાદશં ચ બ્રહ્માણી, દ્વાદશં વરદાયિની. ।। ૪ ।। વાણી ત્રયોદશં નામ, ભાષાચૈવ ચતુર્દશં, શ્રુતદેવી પંચદશં, ષોડશં ગૌર્નિગદ્યતે. ।। ૫ ।। એતાની શુદ્ધ નામાની, પ્રાત ઉત્થાય યઃ પઠેત, તસ્ય સંતુષ્યતે દેવી, શારદા વરદાયિની. ।।૬।। યા કુંદેંદુ તુષાર હાર, ધવલાયા શ્વેત પદ્માસના, યા વીણા વર દંડ મંડિત, કશયા શુભ્રા વસ્ત્રા વૃતા; યા બ્રહ્માચ્યુત શંકર પ્રભૃતિભિઃ દેવૈ સદા વંદિતા સામાં પાતુ, સરસ્વતી ભગવતી નિરશેષ જાડ્યા પહા. ।। ૬ ।। સરસ્વત્યાઃ પ્રાસાદેન રાજ્યં કુર્વંતિ માનવાઃ તસ્માત્ નાઃચલભાવેન પૂજનીયા સરસ્વતી. ।। ૭ ।। સરસ્વતી મધદ્વા દેવી કમલ લોચના; હંસંયાન સમારૂઢા વીણા પુસ્તક ધારણી. ।। ૮ ।। યા દેવી સ્તુયતે નિત્યં વિબુધે વેદ પારગે સામાં ભવતુ જીવા ગ્રહે બ્રહ્મરૂપા સરસ્વતિ. ।।૯।।

श्री चतुर्विंशति जिन स्तुति.

શ્રી તીર્થરાજ વિમલાચલ નિત્ય વંદો, દેખી સદા નયનથી જેમ પૂર્ણચંદો; પૂજે મલી સુરવરો નરનાથ જેને, ધોરી સદા ચરણ લંછન માંહિ તેને. ॥ ૧ ॥ શ્રેયાંસના ઘર વિષે રસ ઇક્ષુ લીધો, ભીક્ષા ગ્રહી નિજ પ્રપૌત્ર સુપાત્ર કીધો; માતા પ્રતે વિનય ભાવ ધરી પ્રભુએ, અપ્યું અહો પરમ કેવલ શ્રી વિભુએ. ॥ ૨ ॥ દેવાધિદેવ ગજ લંછન ચંદ્રકાંતિ, સંસાર સાગર તણી હરનાર ભ્રાંતિ, એવા જીનેશ્વર તણા યુગ પાદ પૂજે, દીઠો નહી જગતમાં તુમ તુલ્ય દૂજે. ॥ ૩ ॥ જન્મ્યાતણી નયરી ઉત્તમ જે અયોધ્યા, ત્રાતા નરેશ પ્રભુના જીત શત્રુ યોધા, દેદીપ્યમાન જનની વિજયા સ્વીકારી; સેવો સદા અજીતનાથ ઉમંગકારી. ॥૪॥ વાધેન કેશ શિરમાં નખ રોમ વ્યાધિ, પ્રસ્વેદ ગાત્ર નહિ લેશ સદા સમાધિ, છે માંસ શોણિત અહો અતિ શ્વેતકારી; હે સ્વામિ સંભવ સુસંપદ ગાત્ર તારી. ॥ ૫ ॥ છે શ્વાસ અંબુજ સુગંધ સદા પ્રમાણે, આહારને તુમ નિહાર ન કોય જાણે, એ ચાર છે અતિશયો પ્રભુ જન્મ સાથે, વંદુ હમેશ અભિનંદન જોડી હાથે. ॥ ૬ ॥ ભૂ-મંડલે વિચરતા જિનરાજ જ્યારે, કાંટા અધો મુખ થઇ રજ શુદ્ધ ત્યારે, જે એક જોજન સુધી શુભવાત સુદ્ધિ, એવા નમું સુમતિ નાથ સદા સુબુદ્ધિ. ॥ ૭ ॥ વૃષ્ટિ કરે સુરવરો અતિ સુક્ષ્મ ધારી, જાનું પ્રમાણ વિરચે કુસુમો શ્રીકારી, શબ્દો મનોહર સુણી શુભ શ્રોત્ર માંહિ, શ્રી પદ્મ-નાથ પ્રભુને પ્રણમું ઉછાંહિ. ॥ ૮ ॥ સેવા કરે યુગલ યક્ષ

મુહુંકરોને, વીંજે ધરી કર વિષે શુભ ચામરોને, વાણી સુણે સરસ જોયણ એક સારી, વંદુ સુપાર્શ્વ પુરૂષોતમ પ્રીતિકારી. ॥ ૯ ॥ જલ્યે જીનેંદ્ર મુખ માગધિ અર્ધ ભાષા, દેવો નરો તિરિ ગણો સમજે સ્વભાષા, આર્યો અનાર્ય સઘળા જન શાંતિ પામે, ચંદ્ર પ્રભું ચરણ લંછન ચંદ્રનામે. ॥ ૧૦ ॥ વૈરી વિરોધ સઘળા જન ત્યાં વિસારે, મિથ્યાત્વિઓ વિનયી વાકય મુખે ઉચારે, વાદી કદી અવિનયી થઇ વાદ માંડે, દેખી જીનેશ સુવિધિ જન ગર્વ છાંડે. ॥ ૧૧ ॥ જે દેશમાં વિચરતા જીનરાજ જ્યારે, ભીતી ભયંકર નહી લવલેશ ત્યારે, ઇતિ ઉપદ્રવ દુકાલ અતિ દૂર ભાજે, નિત્યે કરૂં નમન શીતલ નાથ આજે. ॥ ૧૨ ॥ છાયા કરે તરૂ અશોક સદૈવ સારી, વૃક્ષો સુગંધ શુભ શીતલ શ્રેયકારી, પચ્ચીસ જોયણ લગે નહિ આધિ વ્યાધિ, શ્રેયાંસનાથ તુમ સેવનથી સમાધિ. ॥ ૧૩ ॥ સ્વપ્નો ચતુર્દશ લહે જીનરાજ માતા, માતંગને વૃષભ સિંહ સુલક્ષ્મી દાતા, નિર્ધૂમ અગ્નિ શુભ છેવટ દેખિને તે, શ્રી વાસુપૂજ્ય પ્રભુતો શુભ સ્વપ્નથી તે. ॥ ૧૪ ॥ જે પ્રાતિહાર્ય શુભ આઠ અશોક વૃક્ષે, વૃષ્ટિ કરે કુસુમથી સુરનાદ દક્ષે, બે ચામરો શુભ સુખાસન ભાસ્કરો તે, છે છત્ર હે વિમલનાથ સુદુંદુ ભીતે. ॥ ૧૫ ॥ સંસ્થાન છે સમ સદા ચતુરસ્ર તારૂં, સંઘેણ વજ્ર ઋષભાદિ દીપાવનારૂ, અજ્ઞાન ક્રોધ મદ મોહ હર્યા તમોએ, એવા અનંત પ્રભુને નમિએ અમો એ ॥ ૧૬ ॥ જે કર્મ વૈરી અમને બહુ પીડનારા, તે કર્મથી પ્રભુ તમેજ મુકાવનારા, સંસાર

સાગર થકી તમે તારનારા, શ્રી ધર્મનાથ પદ શાશ્વત આપનારા. ।। ૧૭ ।। શ્રી વિશ્વસેન નૃપ નંદન દીવ્ય કાંતિ, માતા સુભવ્ય અચિરા તસ પુત્ર શાંતિ, શ્રી મેઘના ભવ વિષે સુર એક આવી, પારેવ સિંચનકનું સ્વરૂપ બનાવી. ।। ૧૮ ।। પારેવને અભય જીવિત દાન આપ્યું, પોતા તણું અતિ સુકોમળ માંસ કાપ્યું, તેવા મહા અભયદાનથી ગર્ભવાસે, મારી ઉપદ્રવ ભયંકર સર્વ નાસે. ।। ૧૯ ।। શ્રી તિર્થ નાયક થયા વલી ચક્રવર્તિ, બન્ને લહી પદવીઓ ભવ એક વર્તિ, જે સાર્વભૌમ પદ પંચમ ભોગવીને, તે સોલમા જીન તણા ચરણે નમીને ।। ૨૦ ।। ચૌરાશિ લક્ષ ગજ અશ્વ રથે કરીને, છન્નું કરોડ જન લશ્કર વીસ્તરીને, તેવી છતે અતિ સમૃદ્ધિ તજી ક્ષણીકે, શ્રી કુંથુનાથ જીન ચક્રિ થયા વિવેકે ।। ૨૧ ।। રત્નો ચતુર્દશ નિધાર્ન ઉમંગકારી, બત્રીસ બદ્ધ નિત નાટક થાય ભારી, પદ્માનની સહસ ચોસઠ અંગનાઓ, તેવી તજી અરજીનેશ્વર સંપદાઓ. ।। ૨૨ ।। નિત્યે કરે કવલ ક્ષેપન કંઠ સુધી, ષટ મિત્રને તરણ કાજ નિયાઈ બુદ્ધિ, ઉદ્યાન મોહન ગૃહે રચિ હેમ મૂર્તિ, મલ્લિ જીનેશ પડિમાં ઉપકાર કર્તિ. ।। ૨૩ ।। નિસ્સંગ દાંત ભગવંત અનંતજ્ઞાની, વિશ્વોપકાર કરૂણા નિધિ આત્મધ્યાની, પંચેંદ્રિયો વશ કરી હણી કર્મ આઠે, વંદો જીનેંદ્ર મુનિસુવૃત તેહ માટે ।। ૨૪ ।। ઇન્દ્રોસુરો નરવરો મળી સર્વ સંગે, જન્માભિષેક સમયે અતિ ભક્તિ રંગે, વિદ્યાધરી સુરવરી શુભ શબ્દ રાગે, સંગીત નાટ કરે નમિનાથ આગે ।। ૨૫ ।। રાજેમતી ગુણવતી સતી

સૌમ્યકારી, તેને તમે તજી થયા મહા બ્રહ્મચારિ, પૂર્વે-ભવે નવ લગે તુમ સ્નેહધારી, હે નેમિનાથ ભગવંત પર ઉપકારી. ।। ૨૬ ।। સંમેત શૈલ શિખરે પ્રભુ પાર્શ્વ સોહે, સંખેશ્વરા અમીઝરા કલિકુંડ મોહે, શ્રી અશ્વસેન કુલ-દીપક માતુ વામા, નિત્યે અચિંત્ય મહિમા પ્રભુ પાર્શ્વ-નામા ।। ૨૭ ।। સિદ્ધાર્થરાય ત્રિશલા સુત નિત્ય વંદો, આનંદકારક સદા ચરણારવિંદો, જે શાસનેશ્વર તણો ઉપકાર પામી, પૂજું પ્રભુ ચરણ શ્રી મહાવીરસ્વામી, ।। ૨૮ ।। શ્વેતાંબરી શુભ પરંપર આદ્ય જેની, સંવેગ રંગ રસ રંગતિ આત્મતેની, શાસ્ત્રોક્ત શુદ્ધ ઉપદેશક મુખ્યસૂરિ, શ્રી પાર્શ્વચંદ્ર ગુરૂરાજ પ્રતાપભૂરિ ।। ૨૯ ।। ચંદ્રાર્ધ શોભિત વિશાળ કપાલ કાંતિ, શ્રી હર્ષચંદ્ર સૂરિ-રાજ સ્વભાવ શાંતિ, શિષ્યો થયા તસ પદે સૂરિ હેમચંદ્રો; છે જેષ્ટ ભ્રાત કુશલેંદુ સુમુક્તિ ચંદ્રો ।। ૩૦ ।। પટે પરંપર યુગંધર ઉગ્રભાજી, રિદ્ધિ પરિગ્રહ મહામદ મોહ ત્યાગી, તે વિદ્યમાન વિચરે ગુણવંત આજે, શ્રી ભ્રાતૃચંદ્ર ગુણ નિર્મલ સૂરિરાજે. ।। ૩૧ ।। વિખ્યાતશ્રી ગુરૂ સદા હરચંદ્ર હેતે, તેના પ્રતાપ સુપસાયથી શાંતિ ચિત્તે, દ્વાત્રિંશિકા સ્તુતિ જીનેન્દ્ર અખંડ કાવ્યે, શ્રેયો વસંત તિલકા કૃતિ સુદ્ધ ભાવ્યે. ।। ૩૨ ।। સંપુર્ણ.

શ્રી સામાન્ય જીવની સ્તુતિ.

ભક્તિ થકી પરમ ભાવ ધરી પ્રભુને, નિશ્ચે કરી રદયમાં ન ધર્યા વિભુને, જેથી અચિંત્ય પરિતાપ વિયોગ પામું, વ્યાક્ષેપ ચિત્ત ક્રિયા ફળથી વિરામું. ।। ૧ ।। શબ્દો કદી

શ્રવણુમાં તુમ સાંભળેલા, પુજ્યેા તણા ચરણ કેાઈ સમે પૂજેલા, દેખ્યા હશે નજરથી કહિ કેાઈ વેલા, એકાગ્રચિત્ત શુભ ભાવ ન ચિંતવેલા ।। ૨ ।। સ્વામી જીનેશ કરૂણા નિધિ-દીન બંધુ, હે નાથ પૂજ્ય પરમેશ્વર તાત સિંધુ, ગંભીર વીર અતિ ધીર મહા પ્રતાપી, છેા શાંત દાંત ભગવંત અનંત વ્યાપી. ।। ૩ ।। નેત્રેા સુકેામળ સુભવ્ય પ્રકાશકારી, દૃષ્ટિ સુધારસ સુરા નિરખી તુમારી, ચાહે નિરંતર સુધારસ સ્વાદ લેવા, પીનાર ભક્ત વચનામૃત સુજ્ઞ દેવા ।। ૪ ।। વંદુ ત્રિલેાકે પરમેશ્વર પ્રીતી ધારા, વંદું ત્રિલેાક પરિ-તાપની વારનારા, વંદું જીનેંદ્ર ભવસિંધુ ઉતારનારા, વંદુ જીનેંશ ભુવિ ભૂષણ શ્રેયકારા. ।। ૫ ।।

સિધાચલ વર્ણન.

કેાણ.	કેવલી સંખ્યા સાથે.
શ્રી ઋષભ દેવના વંશને.	અસંખ્યાતા.
શ્રી પુંડરીક ગણધર.	પાંચ ક્રોડ સાથે.
દ્રાવિડ વારિખિલ્લ.	દશ ક્રોડ સાથે.
આદિત્ય યશા (ભરત મહા-રાજાના પુત્ર).	એક લાખ સાથે.
સેામયશા (બાહુબળીના પુત્ર)	તેર ક્રોડ સાથે.
બાહુ બળીના પુત્ર.	એક હજાર નેઆઠ સાથે.
નમિ વિદ્યાધરની પુત્રી ચર્ચા પ્રમુખ.	ચેાસઠ.
નમિ વિનમિ વિદ્યાધરા.	બે ક્રોડ સાથે.

કોણ.	કેવલી સંખ્યા સાથે.
સાગર મુનિ.	એક ક્રોડ સાથે.
ભરત મુનિ.	પાંચ ક્રોડ સાથે.
અજીતનાથ પ્રભુના સાધુઓ.	દશ હજાર સાથે.
શ્રી સાર મુનિ.	એક ક્રોડ સાથે.
શ્રી શાન્તિનાથ પ્રભુ સાથે.	૧, ૫૨, ૫૫, ૭૭૭. મુનિઓ ચોમાસુ રહ્યા.
રામ, ભરત (દશરથના પુત્રો)	ત્રણ ક્રોડ સાથે.
પાંચ પાંડવો.	વીશ ક્રોડ મુનિઓ ચાથે.
વસુદેવની સ્ત્રીઓ.	પાંત્રીશ હજાર.
વૈદર્ભી.	ચુમાલીશસો, ૪૪૦૦.
નારદ ઋષિ.	એકાણું લાખ સાથે.
શાંબ પદ્યુમન.	સાડીઆઠ ક્રોડ સાથે.
દમિતારિ મુનિ.	ચૌદ હજાર.
થાવચ્ચા પુત્ર.	એક હજાર.
શુક પરિવ્રાજક (શુકાચાર્ય).	એક હજાર સાથે.
સેલગાચાર્ય.	પાંચસો સાધુ સહિત.
સુભદ્રમુનિ.	સાતસો સાધુ સહિત.
કાળિક મુનિ.	એક હજાર સહિત.
કદંબ ગણધર ગત ચોવીશીમાં	એક ક્રોડ સાથે.
સંપ્રતિજિનના થાવચ્ચા ગણધર.	એક હજાર સાથે.

આ સિવાય ઋષભસેન જિન પ્રમુખ અસંખ્યાતા તીર્થંકરો દેવકીજીના છ પુત્રો જાળી મયાળી ને ઉવયાળી

(જાદવ પુત્રો) સુવ્રત શેઠ મંડકમુનિ સુકોસલ મુનિ તેમજ અઇમત્તોમુનિ વિગેરે સંખ્યા રહિત મહાત્માઓ અત્ર સિદ્ધિપદને પામ્યા છે.

પૂ૦ ઉ૦ મહારાજ શ્રી રવિચંદ્રજી મહારાજ કૃત.

સ્તુતિ સંગ્રહ

એકમની સ્તુતિ.

શ્રી કરૂણાકર પ્રભુ કુંથુસ્વામી, મુકિત ગામી જીનવરૂં, કાંતિ કાંચન દેહચારૂ; ધનુષ પાત્રીસ દુઃખ હરૂં, પંચાણું સહસ્ત્ર વર્ષ આયુ, પાલીને સીધાવિયા, વૈશાખ કૃષ્ણની એકમે પ્રભુ મોક્ષનગરે આવીયા. ।। ૧ ।। તેર ભવ શ્રી આદિજીનના, શાંતિ બાર વખાણીયે, શ્રી નેમીજીન નિધાન ગણીયે પાર્શ્વના દશ જાણીએ, સત્તાવીશ મહાવીરસ્વામી, શેષ જીનના ત્રણ કહ્યા, સમકીત પામ્યા ત્યાંથી ગણીએ, નમનથી બહુ સુખ લહ્યા. ।। ૨ ।। અરિહંતદેવે અર્થ ભાખ્યો, અર્ધ માગધી વાણીમાં, ગણધરદેવે સૂત્ર રચિયા, મનોહર શુદ્ધ ભાષામાં, આગમાર્થ સાંભલીને ધર્મ જીનનો આદરો, અસંજમ અલગો કરીને શુદ્ધ સંયમ ચિત્ત ધરો. ।। ૩ ।। શ્રી તીર્થંકરની આણ પાલે સમકીત શુદ્ધ મન ધરી, ગંધર્વ નામે યક્ષ સાચો, બલાદેવી કિંકરી, અચલ ગચ્છ શુભ નીતિ પૂરો સૂરીશ્વર શ્રી ગુણનિધિ, રવિચંદ્ર કહે જીનદેવની, ભલી સ્તવના કીજે શુદ્ધ વિધિ. ।। ૪ ।।

બીજની સ્તુતિ.

માઘ સુદિ દ્વિતીયા દિને એ અભિનંદન જગનાથ તો, જન્મ્યા ત્રિભુવન નાયક એ સાચા શિપુર સાથતો, સોવન વરણે પ્રભુ દેહડીએ ધન્વ ત્રણુસે પચાસતો, સર્વ કર્મનો ક્ષય કરી એ પામ્યા અવિચલ વાસ તો. ।। ૧ ।। સુમતિનાથ પ્રભુ પાંચમાએ ચવણ કલ્યાણક જાણતો, વાસુપૂજ્ય પ્રભુ કેવલીએ શીતલજીન નિર્વાણ તો, માતા ઉદરે ચવિ આવીઆએ અઢારમાં શ્રી અરનાથ તો, એ સવિ જીનવરને નમો એ જોડી નિજ બે હાથ તો. ।। ૨ ।। દુષ્ટ ધ્યાન દોય પરિહરોએ આદરો શુભ દોયે ધ્યાન તો, દ્વિવિધ ધર્મ અંગી કરોએ જીન ગુણનું કરી પાનતો, દ્વિવિધ શિક્ષા ગુરૂથી લીહોએ બીજ તણે દિન સારતો, જ્ઞાનક્રિયા બિહું આદરોએ વીર વચન મન ધારતો. ।। ૩ ।। સમકીતવંતા સુરવરાએ કરે જીન શાસન સારતો, અહો નિશ જીનના ગુણ થુણીએ પાપ કરે પરિહારતો, અચલગચ્છપતિ સુંદરૂએ શ્રી ગુણ નિધાન સૂરી રાજતો, રવિચંદ્ર જીનવર નમીએ સાધો આતમ કાજ તો. ।। ૪ ।।

ત્રીજની સ્તુતિ.

માઘ શુકલની ત્રીજે જન્મ્યા ધર્મજીણુંદ, લખ જીવ ચોરાશી, સુખ પામ્યા સવિ વૃંદ પ્રભુ વયણ સુધાકર, મુખ શારદકો ચંદ તનુ કાંચન વરણે, નિરખ્યાથી આનંદ. ।।૧।। શ્રી સુવિધિ જીનેશ્વર પામ્યા પંચમ નાણ શ્રેયાંસનાથ પ્રભુ પહોચેયા ઉતમસ્થાન જનમી યશ લીધો ત્રયોદશમાં જીનદેવ,

શ્રી કુંથુનાથ શુભ કેવલીની કરે સેવ. ।। ૨ ।। ત્રિકદંડ તજીને પાલે ગુપ્તિ સાર શ્રી ચરણ નાણ વલી દર્શન એ ત્રણ ધાર વલી ગર્વનીવારો તીન ભેદ યશ જાણ સમકીત ત્રિક ધારો સાંભલી આગમ વાણ. ।। ૩ ।। ત્રણ હિંસા ટાલો હેતુ સ્વરૂપનું બંધ શુભ કિન્નર યક્ષ દેવી કંદર્પાનંદ શ્રી ધર્મનાથ જીન શાસનના રખવાલ રવિચંદ્ર પ્રભુને નમન કરો ત્રિકાલ. ।। ૪ ।। સંપુર્ણ.

चोथनी स्तुति.

વિમલ જીનેશ્વર તેરમાં અમલ ગુણાકર ભૂપ માઘ સુદિની ચોથે પ્રભુ ચરણ ગ્રહે ગુણરૂપ અતિ સુંદર જીન મૂર્તિ સાઠ ધનુષ ગુણ ગેહ અષ્ટકર્મ અલગા કરી પામ્યા લોકનો છેહ. ।। ૧ ।। આદિનાથ પારસ પ્રભુ અભિનંદન જગદીશ પરમાતમ પ્રભુતા ઘણી ઓગણીશમાં મલ્લીશ ઇત્યાદિ જીનવર તણા ચવણ નાણ કલ્યાણ ભાવ ધરી નિત નિત નમો જીમ પામો નિર્વાણ. ।। ૨ ।। ચાર કષાય નિવારીએ વલી વિકથા કહી ચાર દાન શીયલ તપ ભાવના આદરીએ એ ચાર સંજ્ઞા ચાર નિવારીએ ધરીએ શિક્ષા ચાર વીરાગમ વિચારીને કર્મબંધ નિવાર. ।। ૩ ।। ચાર અહત નિવારીએં લહીંએ શરણા ચાર, ચઉવીહ સંધ સેવન કરી ચાર ગતિ પરિહાર યક્ષષણ મુખવિદિતા સૂરી શાસન સેવ હજૂર રવિચંદ્ર જીનવર તણા નમન થકી દુઃખ દુર. ।। ૪ ।।

પાંચમની સ્તુતિ.

નમિ જીનરાયા શંખ લંછન પાયા, શ્રાવણ સુદિ જાયા પંચમી દિન પાયા, કાજલ સમકાયા શિવાદેવી માયા, શુદ્ધ ચારિત્ર રાયા આતમ સિદ્ધિ પાયા. ।। ૧ ।। અજીત જીનસ્વામી સંભવ મોક્ષ ગામી, ચંદ્રપ્રભુ પામી સુવિધિથી પાપ વામી, અનંત ધર્મ ધામી કુંથુનાથ ભિરામી, પંચ-કલ્યાણુક પામી હું નમું શિશ નામી. ।। ૨ ।। પંચાશ્રવ નિવારી જ્ઞાનપંચને ધારી, પ્રમાદ પંચ વિદારી મહાવૃત પંચ ધારી, પંચ સુમતિ સુધારી કામ ગુણ પંચ વારી, જ્ઞાન પંચમી સુખકારી વીર આગમ ધારી. ।। ૩ ।। સમ-કિતવંત શુરા શાસને સેવ પૂરા, જીનગુણ આતુરા નિજ દુઃકૃત ચૂરા, વિધિપક્ષ ગચ્છે હીરા ગુણનિધાન સૂરી ધીરા, રવિચંદ્ર જીન પ્યારા જગ જન સુખકારા. ।। ૪ ।।

છઠની સ્તુતિ.

સુવિધિ પ્રભુ જીન દેવરાજ મગર લંછન પાય માર્ગશીર્ષ વદિ છઠ દિને દીક્ષા લીએ જીનરાય ઉજવલ વર્ણે શાતિ દાતા, એકસો ધનુ કાયા અષ્ટ કર્મને દૂર ટાલી પામ્યા શિવપુર ઠાય. ।। ૧ ।। પદમ પ્રભુ સુપાર્શ્વનાથ, શીતલને શ્રેયાંસ, વિમલ જીનેશ્વર નેમિનાથ, મહાવીર જીનેશ ઇત્યાદિ જીનવર તણા, દીક્ષાચ્યવણને નાણ છઠતણે દિન જાણીએ, એ ત્રણ કલ્યાણ. ।। ૨ ।। ષટકાય જયણા કીજીએ, હાસ્યાદિ ષટ વાર, ષટ્ દ્રવ્યને જાણીએ ષટ્ ભાવ વિચાર, રસ છયે નિવારીએ દુષ્ટ ભાષાને ટાલ શ્રી જીન

આગમ સાંભલી ધરીએ આણુ. માલ. ।। ૩ ।। અરિહંત આણા પાલતાં, ધારી સમકિત શુદ્ધ, સુતારીકા દેવી ભલી યક્ષ અજીતા બુદ્ધ, અચલગચ્છે સુહંકરૂ ગુણનિધાન, સૂરિ શ્રી રવિચંદ્ર જીનેશ્વરૂ કરજો દુકૃત દૂરી. ।। ૪ ।।

સાતમની સ્તુતિ.

(શાર્દુલ વિક્રીડિત છંદ).

શ્રી ચંદ્રપ્રભુ દેવ અષ્ટમ જીન, ભાલ શશી અષ્ટમી, દોઢશેં ધનુષની કાય, ઉજ્જવલ છબી પ્રણુમે સુરા કિન્નરા, ફાલ્ગુન વદની સપ્તમી શુભ દિને, જ્ઞાન વર્યા પંચમો આઠે કર્મનો ક્ષય કરી જીનવર, પામ્યા પરમ સંપદ. ।। ૧ ।। શ્રી સુપાર્શ્વનાથ વિમલ ગુણ ગણ, વંછિત સુખ દીએં, સ્વામી ધર્મનંત વિભુ જગજન, મોક્ષ સુખ દાયક, શાંતિ સુખકર દેવ ભવિયણ જના, શાંતિ સદા કારકં, ચવણ મોક્ષ દો કલ્યાણુક ગ્રહી, ઇત્યાદિ જીનવર નમો. ।। ૨ ।। શ્રી જીનવર શુદ્ધાગમો ગ્રહી, હૃદિ વિસ્તાર કીજે મુદા, વિઘ્નસપ્ત નિવારીએં સુખ ઇચ્છું, પ્રમોદ આણી મને, સત્ય મહાભય વરજીયેં દુઃખગ્રહ, નિર્ભય સ્થાનક લહી, ક્ષેત્ર સપ્ત વિચારીને પુણ્ય કરો સંતાપ નિવારીયેં. ।। ૩ ।। શ્રી જીન શાસન સેવ તત્પર અતી, સમકિત શુદ્ધ હક, યક્ષ માતંગ શ્રી શુભ પરિણુતિ, શાંતાદેવી સદ્-બુદ્ધિ; શ્રીમદ્ અચલ ગચ્છ નાયક સુધી, આચાર્ય શ્રીગુણ નિધી શ્રી રવિચંદ્રજીનેશ્વર મુજહૃદિ, વાસો વસો સર્વદા. ।। ૪ ।।

આઠમની સ્તુતિ.

ચૈત્ર વદિ અષ્ટમી દિન રૂડો, જન્મ્યા રૂષભ જીણું-દાજી, ધનુષ પાંચસે કાય વખાણો, ભવિજન મન આન-દાજી, લાખ ચોરાશી પૂરવનું આયુ, એક લાખની દીખજી, અષ્ટ કર્મ ક્ષયે મોક્ષે પહોતા, જનને દેઈ શિખજી. ॥૧॥ અજીતનાથ સંભવ અભિનંદન, સુમતિનાથ સુપાર્શ્વજી, પાર્શ્વનાથ નમી નેમિનાથ, મુનિસુવ્રત મન વાસજી, ઇત્યા-દિક જીનનાં ચવણ કલ્યાણુક, દીક્ષા જનમ નીરવાણુજી, હૃદયે રાખી પ્રણમો એહને, વીરવચન મન આણુજી ॥૨॥ અષ્ટ પ્રકારી પૂજા કરીને, અષ્ટ કર્મને જીપોજી, આઠે પ્રવચન મનમાં ધારી, અષ્ટ મદોને ખીપોજી, અષ્ટ મંગલ જીન આગે ધરીને, પ્રણમે સુરનર નાથજી, પ્રાતીહાર્ય યશ આઠ બિરાજે, જ્ઞાન દિવાકર હાથજી. ॥ ૩ ॥ અષ્ટ કરસ પ્રભુ અંગ ન રાખે, અષ્ટમી ગતિ દાતારજી, અષ્ટ-મીનો તપ કરીને લીજે, અષ્ટ મહા સિદ્ધિ સારજી, ગોમુખ યક્ષ ચક્રેશ્રી દેવી, શાસનના રખવાલજી, વિધિપક્ષ ગચ્છે નીત નીત દીપે, રવિચંદ્ર ગુણ માલજી. ॥ ૪ ॥ સંપુર્ણ.

નોમની સ્તુતિ.

અજીતજીનસ્વામી, કાય સોવન કામી, ગજ લંછન પદ ઠામી, આતમ ધ્યાન રામી, નવમી દિન નોમી, ઉજ્વલ માઘ પામી, ગ્રહસ્થ પદવી વામી, પ્રભુ થયા ચરણ ધામી. ॥ ૧ ॥ શ્રી સુમતિ જીનરાયા, સુવિધીથી સુખ પાયા, વાસુપુજ્ય મન ભાયા, સોલમા શાંતિ ગાયા,

મુનિસુવ્રત મન આયા, કુંથુજીન હેમ કાયા, શ્રી નમિ સુખદાયા, ચાર કલ્યાણ પાયા. ॥ ૨ ॥ નિયાણ નવ નિવારી, કોટી નવ ચરણ ધારી, નવ વિહ જીવ ઉગારી, નવ વિધ બ્રહ્મચારિ, નવનો કષાય મારી, લીજીયે સમતા નારી, વીર આગમ વિચારી, આતમ દોષહારી. ॥ ૩ ॥ મહા યક્ષ ગુણખાણી, અજીત બલાદેવી રાણી, શ્રી જીન ગુણ જાણી, સેવતા દુઃખ હાણી, જીનશાસન મન આણી, કરે વિઘ્નનીહાણી, રવિચંદ્ર જીન વાણી, ધારીયેં હૃદયે પ્રાણી. ॥ ૪ ॥ સંપુર્ણ.

दशमनी स्तुति.

પોષ વદની દશમી દિવસે, જનમ્યા શ્રી જીન પાસજી માત વામા હર્ષ પાયેા, હાથ નવ તનુ જાસજી, નીલ વર્ણે કાંતિ રૂડી, અષ્ટમી શશિ ભાલજી, મોક્ષ પહોતા વિશ્વ-સ્વામી, છોડી દુઃકૃત જાલજી. ॥ ૧ ॥ અરનાથ જન્મ નિર્વાણ પામ્યા, નમિનાથ શિવ સુંદરી, મહાવીરસ્વામી પાપ વામી, ચરણ કેવલ શ્રી વરી; ઇત્યાદિ જીનવર ભજી ભાવેં, આતમ અધ ટાલીયેં, સમકિત પામી દુઃકૃત વામી સુકૃતમાં મન વાલીયે. ॥ ૨ ॥ શ્રી પાર્શ્વજીન પતિ કેવલી થઇ, અર્થની દેશના દીયે, દશ પ્રકારે ધર્મ મુનિનો, આદરો હરખી હઈયે, દશ દિશે પ્રમાણ કીજે, અનર્થ દંડથી ઓસરી, દશ પ્રકારે વિનય કરીયે, માન મચ્છર પરિહરી. ॥ ૩ ॥ ચોવિશ સંઘના વિઘ્ન ચુરે, કુમતિને દૂરે હરે, ધરણેંદ્ર પદ્મવતી દેવી, શાસન રક્ષા કરે, અચલ ગચ્છમાં અતી દીપે,

ગુણનિધાન સૂરીશ્વરા, રવિચંદ્ર જીનવર ચરણ વંદી, પામીયેં અક્ષર ખરા. ।। ૪ ।। સંપુર્ણ.

अगीयारसनी स्तुति.

માર્ગશીર્ષ સુદિ એકાદશીએં, જનમ્યા મલ્લિ દેવતો, પચીશ ધનુષની દેહડીયે, સુરનર સારે સેવતો, નીલ વર્ણે પ્રભુ મૂર્તિયે, અમિઅ કચેા લડા નેણતો, કર્મ ખપી શિવ પામીયાએ, બ્રહ્મચારી ગુણ શ્રેણતો. ।। ૧ ।। આદિ અજીત સુમતિ નમીયે, મલ્લિનાથ પ્રભુ નાણતો, અર પાર્શ્વ મલ્લિ દીક્ષાએ, પદ્મપ્રભુ નિર્વાણતો, ઇત્યાદિક જીનના થયાએ, એકાદશેં કલ્યાણતો, ભાવ ધરી નમુ એહને એ, વીર વચન પ્રમાણતો ।। ૨ ।। મલ્લિનાથ જીનવર દીયે એ, દેશના ભવિને સારતો, ઇગ્યાર અંગ સુધા ભણેા એ, આશાતન પરિહારતો, ઇગ્યાર અંગ સુધા ભણેાએ, આશાતન પરિહારતો, ઇગ્યાર પડીમાં આદરેાએ, ટાલી મિથ્યા ભર્મતો, નિંદા કલહ દૂરે તજેએ, આરાધેા જીન ધર્મતો. ।। ૩ ।। એકાદશીનેા તપ કરીએ, ટાલેા આતમ દોષતો, સમકિત ધારી સુરવરાએ, કરજે શાસન પેાષતો, વિધિપક્ષ ગચ્છ નાયક ભલાએ, ગુણનિધાન સૂરિદેવતો, રવિચંદ્ર જીનવર તણીયે, આરાધેા વરસેવતો. ।। ૪ ।।

बारसनी स्तुति.

જેઠ સુદિ બારસેં જીનરાય, જનમ્યા શ્રી સુપાર્શ્વ મહારાય, શાંતિઃ સુધાકર કાંચન કાય, પદ્મપ્રભુ ચંદ્રપ્રભુ દેવ, ધ્યાન કરેા એહનેા નિત્યમેવ, સેવ કરે જેહની ઘણા

દેવ, દશમાં શિતલનાથ કહીજે, નેવું ધનુષની કાય લ-
હીજે, વાણી ગુણાકર અમૃત પીજે, શ્રી શ્રેયાંસ જીન
દુઃકૃત વારી, ત્રસ થાવરને અભય દાતારી, જનમ્યા તિન
ભુવન ભયહારી. ।। ૧ ।। અભિનંદન જીન શિતલનાથ,
ચરણ લીયેા છેાડી સર્વ આથ, શિવ વધુનેા જાલ્યેા જઈ
હાથ, તેરમાં વિમલનાથ જીણુંદા, અરપ્રભુથી પામેા આ-
ણુંદા, મલ્લિનાથ છેાડી દુઃકૃત ફંદા, મુનિસુવ્રત મન રાખી
સેવેા, શ્રી નેમિનાથ દેવાધી દેવેા, પૂજ્યાથી ભવ ભવનેા
ખેવેા, ઇત્યાદિ જીનના ચવણ કલ્યાણ, દીક્ષા કેવલને નિ-
ર્વાણ, નમન કર્યાથી ઉત્તમ ઠાણ. ।। ૨ ।। ઉવવાહરાય
પ્રશ્નેણી સાર, જીવાભિગમ પન્નવણાધાર, જંબૂ પન્નતિ કરેા
વિચાર, ચંદ્ર પન્નતિ સુર પન્નતિ, અષ્ટમ નિરયાવલી કાસંતિ,
કપવડિં સિઆ નવમ કહંતિ, પુપ્ફીયા પુષ્ફ ચુલીયા વ-
ખાણેા, વહનિ દશા બારમેા મન આણેા, એહથી નાણ
લહી સુખમાણેા દ્વાદશ બાહ્યાભ્યન્તર ધારેા, આદરી તપને
કર્મ નિવારેા, વીર જીનેશ્વર આગમ સારેા. ।। ૩ ।। બાર
ગુણે વંદેા અરિહંતા પ્રગટયા જેહનાં ગુણ અનંતા, પડિમા
મુનિવર બાર વહંતા, માતંગ યક્ષ શાંતા નામે દેવી, શા-
સન સાર કરે નિત્ય મેવી, સમકિત સાર સદામન સેવી,
ચઉવીહ સંઘ તિર્થ રખવાલ, વિઘ્નેાપદ્રવ સવિ દૂરે ટાલ,
હૈડે ધારી જીનગુણ માલ, શ્રી અચલગચ્છ અતિશય દીપે,
ગુણનિધાન સૂરિશ્વરજીપે, વંદેા જીન રવિચંદ્ર સમીપે.
।। ૪ ।।

તેરસની સ્તુતિ.

શ્રી વીર જીનેશ્વર, સુરપતિ સારે સેવ, પ્રભુ ચૈત્ર તણી સુદિ, તેરસે જનમ્યા દેવ, તનુ કંચન વર્ણે, આંખડી અંબુજ પાંખ, જીન વદન વિલોકી, ભવિ હરખે મન સાંખ. ।। ૧ ।। શ્રી આદિ જીનેશ્વર, અષ્ટાપદ ગિરિસિદ્ધ, ચંપાપુર નયરે, વાસુપૂજ્ય લહી રિદ્ધ, પાવાપુરી વીર, નેમ મુગતિ ગીરનાર, નમુ વીસ જીનેશ્વર, સમેત શિખર શ્રીકાર. ।।૨।। ઘાતી સવિ કર્મ હણીને, જ્ઞાન લીહો મહાવીર, દીયે દેશના જનને, અમૃત રસ ભર ધીર, મીથ્યામતિ વારી, કરો ધર્મ સુખકાર, ગુણિના ગુણ ગાવો, નિંદા વિકથા વાર. ।। ૩ ।। પ્રભુ આણા પાલે, સમકિત શુદ્ધ આધાર, સંઘ ચઉવીહ તીર્થ, રક્ષ કરે થઇ બુદ્ધ, શાસન સુખકારી, માતંગ નામે યક્ષ, રવિચંદ્ર પ્રભુના, ગુણ ગાવે થઈ દક્ષ. ।।૪।।

ચૌદશની સ્તુતિ.

ફાલ્ગુન વદિ ચૌદશે શ્રી જીનેશ્વર, જનમ્યા પ્રભુ વાસુપુજ્ય ગુણેશ્વર, મુખશરદ ચંદો સવિ સુખ કંદો, ધનુષ સિત્તેર કાયા ભવિ લોક વંદો. ।। ૧ ।। અનંતા અભિનંદ પ્રભુ શાંતિનાથ, કુંથુનાથ વાસુપુજ્ય મોક્ષસાથ, જન્મ પ્રવ્રજ્યા લેઇ મોક્ષપોતા, વલીનાણ કલ્યાણીકે પાપ ધોતા. ।। ૨ ।। અહિંસા કરો ને ધરો સત્યવાણી, અદત્તાન લીજે અતિ દોષ જાણી, ધરો શિલને તૃષ્ણા દુરવારી, મહાવીરનાં આગમોચિત્ત ધારી. ।। ૩ ।। તિથી ચૌદશે તપ કરો ભાવ

આણી, પ્રભુ દેવનો ધ્યાન કીજે વખાણી, જીનશાસને સાન્નિધ્ય સુર કીજે, રવિચંદ્ર જીનવર નમી નાણ લીજે. ।।૪।।

त्रोटक छंद पूर्णिमांनी स्तुति.

ત્રિસલા સુત દેવ નમો ઘટમાં, અરિહંત ન રાગ ધરે ચિત્તમાં, ગુણ બારસુ કેવલ નાણધરા, પરમાતમ પાતક દુર કરા, ઇષ માસ સુદશ વદિ પ્રણમો, સવિ કર્મ હણી શિવનાથ નમો, વર અંતિમ શાસન સોહધરા, સુરરાજ વધુ પ્રણમે શંકરા. ।। ૧ ।। વાસુપુજય સુસંભવ આણધરી, પ્રભુ દીખ લહી નિજ રિદ્ધિ વરી, જીન ધર્મસુ પદ્મ ઇગાર સમો, શુભ યાદવ નાથ સુનેમિ નમો, વર કેવલ નાણ લહી તરિયા, અરિહંત અનંત ગુણે ભરીયા, નમિનાથ નમો મુનિ સુવ્રતને, જનની ઉરમાં ઉપનાયતને. ।। ૨ ।। સુઅ અંગ ઇગાર સદા સુણિયેં, શુભ બાર ઉપાંગ મુખે ભણિયેં, ચઉ મૂલ અને ષટ છેદ ગણો, શ્રુત નાણ થકી ત્રિઅ નાણ હણો, પયના દશથી પણ પાપ હરો, શુભ આવશ્ય કદ્વિક ટાઇમ કરો, તિમ ઓગ નિઉક્તિ ભદંત ભલી, પણ તીસ અને દશ સર્વ મલી. ।। ૩ ।। શુભ પુનમમાં પરમેશ ભજો, તિમ દર્શદિને તપને વરજો, પરનિંદ નહી મુખથી વદજો, ગુણ સજ્જનના મનમાં ધરજો, પ્રભુ આણ ધરંત સુયક્ષ સદા, જીનશાસન સેવ કરંત મુદા, વિધિપક્ષ સુગચ્છ ગુરૂ પ્રણમો, શશિ સૂર્ય મુણિંદ સુસંત નમો. ।।૪।। સંપુર્ણ.

॥ અથ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની સજ્ઝાયો. ॥

અથ શ્રી ચોથા અધ્યયનની સજ્ઝાય.

રાગ મુનિવર ઇરિયા સમિતિ સંભાલ.

આયુઃ અસ્થિર જીનવરેં કહ્યું જીરે, ત્રુટે સાંધો ન કોયે, જેમ આવ્યો તેમ જાયશે જીરે, ક્ષણ ભંગુર સવિ-લોય, સુગુણનર પરિહર પંચ પ્રમાદ, આયે દુર્ગતિ શાદ, સુગુણ નર. પરિહર૦ ॥ ૧ ॥ ધનયૌવન પણ સ્થિર નહી જીરે, જાણો જલધિ ઉદ્ધામ, સ્વારથિઆ સ્વજન મલ્યા જીરે, કોઇ ન આવે કામ સુગુણનર. પરિહર૦ ॥ ૨ ॥ રાગદ્વેષ વશ જીવડો જીરે, વશ નહિં મન વચ કાય, કુડ કપટ છલ ભેદથી જીરે, કરતો બહુલ અન્યાય. સુ૦ ૫૦ ॥ ૩ ॥ બાંધે કર્મ તુ એકલો જીરે, ભોગવે પણ તુંહી એક, પરિજન મોહે મુંજીઓજીરે, હાયો ભાવ અવિવેક સુ૦ ૫૦ ॥ ૪ ॥ દેવગુરૂ જીન ધર્મને જીરે, આરાધો ધરી ટેક, અવિચલ આતમ તારવો જીરે ધરી સુ વિનય વિવેક સુ૦ ૫૦ ॥ ૫ ॥ ચોથા ઉત્તરાધ્યયનમાં જીરે, એહ કહ્યો અધિકાર અકેંદુ ગુરૂ સેવતાં જીરે, જગમાં જય જયકાર. સુગુણનર પરિહર૦ ॥ ૬ ॥ સંપુર્ણ.

અથ અષ્ટમ અધ્યયનની સજ્ઝાય.

રાગ. શુભ ભાવે કરી.

કપિલ મૂનિશ્વર વંદિયેંરે લાલ, જેણે કીધો લોભનો અંતરે, હું વારી લાલ, જીત ડંકો જગમાં દીયોરે લાલ,

પામ્યા નાણ અનંતરે, હું વારી લાલ. કપિલ૦ ।। ૧ ।।
સુવન માસા દોય કારણેરે લાલ, દશ શત લાખને કોડરે,
હું વારી લાલ, અબજ માગું કે રાજનેરે લાલ, નાવે
તૃષ્ણાની જોડ રે, હું વારી લાલ. કપિલ૦ ।। ૨ ।। દુર્ગ-
ગતિ દાતાએ વારીનેરે લાલ, સંતોષ લીએ જીન દીખ રે
હું વારી. સંયમ ધરી ષટ માસ મારે લાલ, કેવલી દીયે
શીખરે, હું વારી, ।। ૩ ।। પાંચશેં ચોર પ્રતિ બોધિઆ રે
લાલ, દેશના દઇ જીન ધર્મ રે હું વારી૦ મોહ
માયા મદ વારિયા રે લાલ, જાણી ધર્મનું મર્મ રે, હું
વારી લાલ. કપિલ૦ ।। ૪ ।। સંયમ લહી સુખીયા થયા
રે લાલ, પામ્યા ભવ દુઃખ પાર રે, હું વારી૦ ઉપદેશે
પ્રતિ બૂજવ્યારે લાલ, થયા અનેક અણગાર રે, હું
વારી૦ કપિલ૦ ।। ૫ ।। અંતે અણશણેં શિવ વર્યા રે લાલ
કપિલ કેવલી મહારાયરે, હું વારી૦ અષ્ટમ ઉત્તરાધ્યયનમાં
રે લાલ, અકેંદુ નમે પ્રાયરે હું વારી લાલ, કપિલ મૂની-
શ્વર વંદિયેરે લાલ ।। ૬ ।। સંપૂર્ણ.

અથશ્રી નવમા અધ્યયનનો સજ્ઝાય.

રાગ. ગિરૂઆ રે ગૂણ તુમ તણાં.

રાજ ઋષી નમિ વંદીયેં, ઉત્તમ યશ અવદાત રે,
ઉત્તમ નિજ કારજ કર્યું, છોડી મોહની ભ્રાંત રે. રાજ૦
।। ૧ ।। ચુડ શબ્દ સુણી ચેતીયેા, બહુ મલ્યા બહુ દુઃખરે,
એકપણેા નિજ આદરૂં, જેહથી લહું શિવ સુખરે રાજ૦
।। ૨ ।। જાતિ સ્મરણ જ્ઞાનથી, જાણી જગત જંજાલ રે,
રાજ્ય દેઇ નિજ પુત્રને, લીધું સંજમ ભાર રે. રાજ૦

॥ ૩ ॥ રાજ્ય રમણી રિદ્ધિ પરિહરી, એક સહસ અડ નારી રે, ભોગ સંયોગ સર્વે તજ્યાં, ધન્ય યશ કુલ અવતારી રે. રાજ૦ ॥ ૪ ॥ ધ્યાન ધ્યાવે વન ખંડમાં, એકાકી અણુગારો રે, મન વય તનુ નિજ વશ કર્યો, નહિ તન મમતા લગારો રે. રાજ૦ ॥ ૫ ॥ ઇંદ્ર આકાશથી આવિયો, દ્વિજ રૂપે મુનિ પાસે રે, જ્ઞાન ધ્યાન યશ જાણવાં, પુછયા પ્રશ્ન ઉલ્લાસે રે. રાજ૦ ॥ ૬ ॥ પ્રશ્નોત્તર દશ સાંભળી, સુરપતિ મન હરખાયો રે, ધન્ય તુમ જ્ઞાન વૈરાગ્યને, ઉત્તમ અર્થ બતાયો રે. રાજ૦ ॥ ૭ ॥ રાગ દ્વેષ તુમ મન નહીં, કામ ક્રોધ અહંકારો રે, તૃષ્ણા તરૂણી મર ગઈ, તુમ ગુણનો નહીં પારો રે. રાજ૦ ॥ ૮ ॥ સુરપતિ સ્તવી સ્વર્ગે ગયો, મુનિવર ઉગ્ર વિહારી રે, પ્રત્યેક બુદ્ધ પદે થયા, અંતે શિવ અધિકારી રે. રાજ૦ ॥ ૯ ॥ ઉત્તરાધ્યયન નવમેં કહ્યો, નમિ રાજ્ય અધિકારો રે, ભણતાં સુણતાં ભાવથી, અકે દુ સુખકારી રે. રાજ૦ ॥૧૦॥ ઇતિ ॥

અથશ્રી દશમા અધ્યયનની સજ્ઝાય.

રાગ. શ્રી ગુરૂ પદ પંકજ નમીજી.

વૃક્ષ પત્ર પાકો થકોજી રે, અણુચિંત્યો પડીજાય, મનુષ્ય જીવન તિમ જાણજો રે, જાતાં વાર ન થાય રે, ગોયમ મ કરીશ સમય પ્રમાદ, જુઠો વિષય સવાદ રે ગોયમ૦ ॥ ૧ ॥ ડાભ અણી જલ બિંદુઓજી રે, ક્ષણમાંહિ વિખરાય, વિઘ્ન બહુ જીવન વિષેજી રે, મનુષ્યઆયુતિમ જાય રે. ગોયમ૦ ॥ ૨ ॥ ચિર કાલે દુર્લભ કહ્યોજી રે. મળવો માણુ અવતાર, પુન્ય વિના નહિ પામિયેંજી રે,

ધર્મ સામગ્રી સાર રે. ગોયમ૦ ।। ૩ ।। પૃથ્વી પાણી તે ઉભાંજી રે, વાયુ વનસ્પતિ માંય, બીતિ ચઉરિંદ્રી વિશેજી રે, કાલ ઘણો રખડાય રે. ગોયમ૦ ।। ૪ ।। પંચેંદ્રિય સુર નારકીજી રે, ધર્મહીન દુઃખદાય, આર્ય મનુષ્ય દુર્લભ કહ્યુંજી રે, ઇંદ્રિય બલ સુખદાય રે. ગોયમ૦ ।। ૫ ।। શ્રુતને શ્રદ્ધા ધર્મમાંજી રે, દુર્લભ શક્તિ પ્રકાશ, મિથ્થા કુતીરથી વિશેજી રે. કુમતિને કુવાસ રે. ગોયમ૦ ।। ૬ ।। જરા આઇ યૌવન ગયુજી રે, ઇંદ્રિય બલ થાય ક્ષીણ, કુટુંબ કામ આવે નહીંજી રે, સહુ સ્વારથ પ્રવીણ રે. ગોયમ૦ ।। ૭ ।। વૃદ્ધપણે થાશે નહિજી રે, તપ સંજમ ઉપકાર, તે માટે સુકૃત કરોજી રે, સમ્યક શિવ સુખકાર રે. ગોયમ૦ ।। ૮ ।। વીર વચન શ્રવણે સુણીજી રે, શ્રેણી શ્રપક વિચાર, ઉત્તરાધ્યયન દશમે કહ્યોજી રે, અર્કેંદુ સુખકાર રે. ગોયમ૦ ।। ૯ ।। ઇતિ.

અથ શ્રી પનરમા અધ્યયનની સજ્ઝાય.

રાગ સાંભલજો મુનિ.

ગુણ ગાવો મુનિ સંયમ રાગી, સત્તર ભેદ સુભાગી રે. પંચ મહાવ્રત પાવનકારી, પંચાશ્રવના ત્યાગી રે. ।। ગુણ૦ ।। ૧ ।। પંચેંદ્રિય વશ દંડ ત્રિક હારી. ચાર કષાય નિવારી રે, સ્વજન સંઘાતે મોહ નિવારી, નાણ દંસણ ગુણ ધારી રે. ।। ગુણ૦ ।। ૨ ।। નિજ પર રક્ષક રાગ નિવારે, મમતા મનની મારે રે, માનાપમાને સમ પરિણામી, હર્ષ શોક નવિ ધારે રે. ।। ગુણ૦ ।। ૩ ।। કઠીન વચન સહે તે સાધુ, મંત્ર યંત્ર ન પ્રકાશે રે, સાધુ સંઘાતે સરલ સ્વભાવી,

હાસ્યાદિક નવિ ભાખે રે. ગુણ૦ ।। ૪ ।। આહાર વસ્ત્રાદિ મૂર્છાવારી, મૂલોત્તર ગુણ પાલે રે, વૈર વિરોધ વિવાદ નિવારે, તત્ત્વા તત્ત્વ વિચારે રે. ।। ગુણ૦ ।। ૫ ।। જીવિત મરણે સમ પરિણામી, આણ વહે જીનરાયાં રે, ઉત્તરાધ્યયન પનરમેં પ્રીતેં, અકેંદુ ગુણ ગાયા રે. ।। ગુણ૦ ।। ૬ ।। ઇતિ.

અથ શ્રી પચવીશમાં અધ્યયનની સજ્ઝાય.

રાગ સમદમ ગુણના આગરૂંજી.

કાશી વાણારસી પુરીજી, વિપ્ર વિજય જયઘોષ, વૃદ્ધ બન્ધુ જયઘોષ કહાજી, ગંગા નદી ગયેા હોંસ, સૌભાગી ભવિયા ધર્મ કરેા જીનરાજ, જેમ સીજે આતમ કાજ. સૌભાગી૦ ।। ૧ ।। કુરર અહિ મંડુગ્રાહનેજી, દેખી હુએા વૈરાગ્ય, તપ જપ સંજમ પાલતાંજી, દૂષણનેા કરી ત્યાગ. ।। સૌ૦ ।। ૨ ।। વિચરી દેશ વિદેશમાંજી, વાણારસી આવંત, વિજયઘોષ કરે યજ્ઞનેજી, ત્યાં આવ્યા ગુણવંત. ।। સૌ૦ ।। ૩ ।। યજ્ઞ કરંતેા વારીએાજી, દોષ હિંસાદિક દાખ, માહણને મુનિવર કહેજી, બહુવિધ શાસ્ત્રની સાખ. ।।સૌ૦ ।। ૪ ।। જિન શાસન પ્રતિ બેાધીયેાજી, વિજયઘોષ લઘુ ભાઇ, સંયમ દઈ સુખીયેા કર્યોજી, જ્ઞાન સુધારસ પાઈ. ।। સૌ૦ ।। ૫ ।। અનુત્તર ધર્મે પામીયાજી, પંચમ ગતિ સુખવાસ, ઉત્તરાધ્યયન પચવીસમેજી, અકેંદુ જિનદાસ. ।। સૌ૦ ।। ૬ ।।

અથ શ્રી સત્તાવીશમા અધ્યયનની સજ્ઝાય.

રાગ. અરણિક મુનિવર.

ગર્ગાચારજ સ્થિવિર ગુણે ભર્યો, સંયમ તપ જપ ધારીજી, જ્ઞાન ગુણે કરી ઉજવલ આતમા, દર્શને દુર્ગતિ વારી રે. ॥ ગર્ગાચારજ૦ ॥ ૧ ॥ ગર્ગાચારજ વંદો મુનિવરા, કામ ક્રોધ મદ વારી રે, કુશિષ્ય અવિનીત કર્મે જશ મલ્યા, વચન વદે અવિચારી રે. ॥ ગર્ગા૦ ॥ ૨ ॥ જેમ જેમ શીખ દીયે ગુરૂ ગણધરા, તેમ તેમ અવિનય કારી રે, ગલિયા બળદ પરે રથ છોડીને, ઉત્પંથે વહે ભારીરે. ॥ ગર્ગા૦ ॥ ૩ ॥ પગ પગ બંધન ગુરૂ ગુણ નાશકા, જડ વક્ર ગુણ લોપીરે, એહવા શિષ્યને છોડી ગુરૂવરા, યોગ કષાયને ગોપીરે. ॥ ગર્ગા૦ ॥ ૪ ॥ ચરણ સમાધિ રે નાણ દંસણ ધરા, કરતા ઉગ્ર વિહારો રે, ઉત્તરાધ્યયને રે સત્યાવીશમેં, અર્કે હુ મનોહારીરે. ॥ ગર્ગા૦ ॥ ૫ ॥ ઇતિ.

શ્રી ઉત્તરાધ્યયન વીશમી સજ્ઝાય.

રાગ—ઇડર આંબા આંબલીરે.

શ્રેણિક વન ફરવા ગયો રે, દીઠા શ્રમણ મહંત, મનોહર રૂપે મોહિયો રે, પૂછે તસ વિરતંત, શ્રેણિકરાય હું રે અનાથી નિર્ગ્રંથ, તેણે લીધો મુનિવર પંથ, શ્રેણિકરાય હું રે અનાથી નિર્ગ્રંથ. ॥ ૧ ॥ રાય કહે નાથ હું થાઉં રે, ભોગવો ભોગ અનૂપ; મુનિ કહે તુંહિ અનાથ છો રે, નાથ થાય કેણ ભૂપ. શ્રે૦ ॥ ૨ ॥ હાથી ઘોડા રથ માહરે રે, અંતે ઉર સુખ ભોગ, અનાથ હું કેમ

રાજીયેા રે, મૃષા મ બેાલેા મુનિ યેાગ. શ્રે૦ ।। ૩ ।। નાથ અર્થ જાણે નહી રે, મુનિ કહે સુણ ભૂકંત, ઇણ કુસંબી નયરે વસે રે, મુજ પિતા ધનવંત. શ્રે૦ ।। ૪ ।। તસ સુત મેં યૌવન લીયેા રે, સુખ ભેાગવું હું સદાય, એક દિન મુજ તનું ઉપની રે, વેદના મેં ન ખમાય. શ્રે૦ ।। ૫ ।। વૈદ્ય અનેક તેડાવિયા રે, દીધા બહુ ધનમાલ, ઉપાય કરી બહુ થાકીયા રે, શાન્તિ ન હુઇ લગાર. શ્રે૦ ।। ૬ ।। માત પિતા જૂરે ઘણું રે, ભાઈ ભગિની સહુ જોય, મુજ કાંતા રોવે ઘણું રે, દુઃખથી મુકાવે ન કોય. શ્રે૦ ।। ૭ ।। રેાગ પીડામાં ઉપનેા રે, મુજ મન પરમ વિચાર, મુજ વેદના જો ઉપશમે રે, તેા લહું સંજમ સાર. શ્રે૦ ।। ૮ ।। રેાગ ગયેા તેહિ રયણીયેં રે, હુઇ સમાધિ અપાર, સ્વજન કુટુંબ પૂછી કરી રે, લીધેા સંજમ ભાર. શ્રે૦ ।। ૯ ।। નાથ વીના બહુ દુઃખ સહ્યાં રે, ભમતાં ચઉ ગતિ બાર. જિનવર ધર્મ વિના નહી રે, દુઃખિયા અવર આધાર. શ્રે૦ ।। ૧૦ ।। તત્ત્વ લહી મુનિરાજથી રે, ક્ષમાવી નિજ અપરાધ, પરિકર સહ નિજપુર ગયેા રે, નરવર નમી વર સાધ. શ્રે૦ ।। ૧૧ ।। મુનિ અનાથી ગાવતાં રે, લહીયેં કોડ કલ્યાણ, વીશમે ઉતરાધ્યયનમાં રે, અર્કેંદુ નમે જાણ. શ્રે૦ ।। ૧૨ ।। ઇતિ.

અથ શ્રી જંબુસ્વામીની સજ્ઝાય.

રાગ—સેાના કેરા ફાંગરા.

ત્રિશલાના જાયા જિનજી, તાર્યા નરનારી રે, ચઉદ ચેામાસા કીધા રાજગ્રહી પધારી રે, ધન્ય ધન્ય જંબુસ્વામી

જેણે મોહ વાયું રે, આતમ કારજ સાધીઆ. ।। ૧ ।। ઋષભદત્ત તાત જેનું, ધારણીના જાયા, ગુણી કુમર જંબુ જેહની, કનક વરણી કાયા રે. ધન્ય૦ જેણે૦ આતમ૦ ।। ૨ ।। સુધર્માસ્વામીની વાણી, સાંભલી ગુણ ખાણી રે, ચરણમાં ચિત્ત મોહ્યું, મીઠી લાગી વાણી રે. ધન્ય૦ ।।૩।। માતા અનુમતિ આપો, ભાવે સંજમ લેશું રે, નાણને ચરણ સાધી, શિવસુખ વરશું રે. ધન્ય૦ ।। ૪ ।। ઘરણી આઠ પરણી બેટા, હોંસ પૂરો મારી રે, પછી સંજમ સુખે લેજો, કુલને અજવાલી રે. ધન્ય૦ ।। ૫ ।। માતા વયણે પરણી ઘરણી, જાણી ગુણ ખાણી રે, પ્રીતમ આગે ઉભી પ્યારી, મીઠી જેહની વાણી રે. ધન્ય૦ ।। ૬ ।। જંબુ કહે નારી પ્રતે, સંયમશું મુજ ભાવ રે, સંસારમાં સુખ નથી, અસ્થિર બનાવ રે. ધન્ય ।। ૭ ।। ।। કરજોડી કહે નારી, પ્રાણના આધાર રે, એમ કેમ છોડી જાશો, અમને નિરાધાર રે. ધન્ય૦ ।। ૮ ।। પરણીને શું પરિહરો, હાથનું સંબંધ રે, પછીથી પસ્તાવો થાશે, મન હોશે મંદ રે. ધન્ય૦ ।। ૯ ।। જુઠી કાયા જુઠી માયા, જુઠનો ભરમાયોરે, બહુ કાલ ભોગ કીધા, તોય તૃપતિ ન પાયો રે. ધન્ય૦ ।। ૧૦ ।। સડી જાશે પડી જાશે, વનમાં થાશે વાસ રે, માટીમાં તન મલી જાશે, ઉપર ઉગશે ઘાસ રે. ધન્ય૦ ।। ૧૧ ।। આઠે નારી બુજવીને. વલી માત તાત રે, સાસુ સસરા સાથે બુજવ્યા, બાંધે ધર્મે ધાત રે. ધન્ય૦ ।।૧૨।। પાંચસો ચોરોની સંગે પ્રભવોજી આવ્યા રે, તેને પણ પ્રતિબોધી, વ્રતે મન ભાવ્યા રે. ધન્ય૦ ।। ૧૩ ।। પાંચસે

સત્યાવીશ સાથે, ભાવે સંજમ લીધું રે, સુધર્માસ્વામીની સંગે, સહુનું કારજ સીધું રે. ધન્ય૦ ।। ૧૪ ।। થયા બાલ બ્રહ્મચારી, વંછી નહિ નારી રે, ચરમ કેવલી ઈણ ચોવીશી, પામ્યા ભવપારી રે. ધન્ય૦ ।। ૧૫ ।। તત્ત્વ-સિદ્ધિ અંક ઈંદુ, ગુણી ગુણ ગાયા રે, સૂર્યચંદ્ર નિત્ય વંદે, જેણે છોડી માયા રે. ધન્ય૦ ।। ૧૬ ।। ઈતિ.

શ્રી મેતારજ મુનીની સજ્ઝાય.

સમદમ ગુણના આગરૂજી, પંચ મહાવ્રત ધાર, માસખમણને પારણેજી, રાજગ્રહી નગરી મોઝાર, મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર. ।। ૧ ।। એ આંકણી૦ સોનીને ઘરે આવીયાજી, મેતારજ રૂપીરાય, જવલા ઘડતો ઉઠીયોજી, વંદે મુનિના પાય. મેતારજ૦ ।। ૨ ।। આજ ફલ્યો ઘર આંગણેજી, વિણકાલે સહકાર, લ્યો ભીક્ષા છે સુજતીજી, મોદક તણો એ આહાર. મે૦ ।। ૩ ।। ક્રોંચ-જીવ જવલા ચણયોજી, વહોરી વલ્યા રૂપીતામ, સોની મન શંકા થઈજી, સાધુતણા એ કામ. મે૦ ।। ૪ ।। રીસ કરી રૂપીને કહેજી, ધો જવલા મુજ આજ, વાઘરે શિશજ વીંટીયોજી, તડકે રાખ્યા મુનિરાજ. મે૦ ।। ૫ ।। ફટ ફટ ફુટે હાડકાજી, ત્રટ ત્રટ ત્રુટેરે ચામ, સોનીડે પરીસહ દિયોજી, મુનિ રાખ્યો મન ઠામ. મે૦ ।। ૬ ।। એહવા પણ મોટા મુનિજી, મન નવિ આણે રોષ, આતમ નિંદે આપણોજી, સોનીનો શ્યો દોષ. મે૦ ।। ૭ ।। ગજસુકુ-માર સંતાપીયાજી, બાંધી માટીની પાળ, ખેર અંગારા

શીર ધર્યાજી, મુક્તે ગયા તતકાલ. મે૦ ।। ૮ ।। વાઘણ શરીર વલુરિયુંજી, સાધુ સુકોશળ સાર, કેવલ લહી મુક્તિ ગયાજી, એમ અરણીક અણુગાર. મે૦ ।। ૯ ।। પાપી પાલક પીલીયાજી, ખંધક સૂરિના શિષ્ય, અંબડ ચેલા સાતસેંજી, નમો નમો તે નિશદિશ. મે૦ ।। ૧૦ ।। એહવા મુનિને સંભારતાજી, મેતારજ ઋષિરાય, અંતગડ હુઆ કેવલીજી, વંદે મુનિનાં પાય. મે૦ ।। ૧૧ ।। ભારી કાષ્ટની સ્ત્રીએ તિહાંજી, લાવી મુકી તેણીવાર, ધમકે પંખી જાગીયેાજી, જવલા કાઢયા તેણીવાર. મે૦ ।। ૧૨ ।। દેખી જવલા વીઠમાંજી, મન લાજ્યેા સેાનાર, ઓઘેા મુહપતિ સાધુનાજી, લેઇ થયેા અણુગાર. મે૦ ।। ૧૩ ।। આતમ તાયેા આપણેાજી, સ્થિર કરી મન વચ કાય, રાજવિજય રંગે ભણેજી, સાધુતણી એ સજાય. મે૦ ।। ૧૪ ।। ઇતિ.

નેમિનાથજીની સજ્ઝાય.

કોડ ઉપાય કરી ચુકી, પાછા ન વલ્યા નાથજી, કુંવારી મુકીરે મુજને એકલી, ગયા મુજ જીવણ હારજી, દયા ન લાવ્યારે પ્રભુ માહરી. ।। ૧ ।। કષી કષીરે ભર જોબને, એળે જાશે અવતારજી; નર વિનાની નારીને બેસે કલંક અપારજી. દ૦ ।। ૨ ।। પાપ કર્યા મેં પરભવે, પોપટ પુર્યા પાંજરા માંહેજી; તે જીવ દયા દોષ લાગીયા, શું કરે માયને બાપજી. દ૦ ।। ૩ ।। મને વહાલા મુજ નેમપતિ, ધારી બેઠી એ વાટજી; પાણી ગ્રહણ બીજા નહિ રૂચે, મુજ લાગશે દોષજી. દ૦ ।। ૪ ।। હઠ ન કરો માહરી દીકરી, શેને થઇને અકળાવેાજી; નેમ સરીખેા

પતિ લાવશું, થાશે જન્મના સુખજી. ૬૦ ॥ ૫ ॥ માત પિતા તુમે માહરા, એવી ન બોલો વાતજી; નેમ વિના બીજા માહરે, સર્વે ભ્રાતને તાતજી. ૬૦ ॥ ૬ ॥ હઠ ન કરો માહરી દીકરી, શેને થઇને અકળાવોજી; માતપિતાનું કહ્યું માનીને, દીકરીને દે તિહાં જાયજી. ૬૦ ॥ ૭ ॥ નહિં નહિં કરૂં માયરે, નેમ વિના બીજો ભરથારજી, સંસાર છોડી સંજમ આદરૂં, કરૂં સફલ અવતારજી. ૬૦ ॥ ૮ ॥ હિરવિજય ગુરૂ હીરલો, વીરવીજય ગુણ ગાયજી; લબ્ધીવિજય ગુરૂ રાજીયા, તેને પણ નમું પાયજી ૬૦ ॥૯॥ ઇતિ નેમનાથ સઝાય સંપૂર્ણ.

अथ मनोरमानी सज्झाय.

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારીરે; શીયલ પ્રભાવે શાસન સૂરિ, થઇ જશ સાન્નિધકારીરે. મોહનગારી મનોરમા. ॥ ૧ ॥ દધિવાહન નૃપની પ્રિયા, અભયા દિયે કલંકરે, કોપ્યો ચંપાપતી કહે, શુળી રોપણ વંકરે. મો૦ ॥ ૨ ॥ તેની સુણીને મનોરમા, કરે કાઉસગ્ગ ધરી ધ્યાન રે; દંપતી શીયળ જો નિરમલુ, તો વાધે શાસન મામરે. મો૦ ॥ ૩ ॥ શુળી સિંહાસન થઈ, શાસન દેવી હજુરરે, સંજમ ગ્રહી થયા કેવલી, દંપતી દોય સનૂરરે. મો૦ ॥૪॥ જ્ઞાનવિમલસૂરિ શીયલથી, શાસન શોભા ચઢાવેરે, સુરનર સવિ તસ કિંકરા, શિવ સુંદરી તે પાવેરે. મો૦ ॥ ૫ ॥ ઇતિ.

शाळीभद्रजीनी सज्झाय.

રાજગ્રહી નગરી મોઝારોજી, વણઝારા દેશાવર સારોજી, ઇણ વણઝેજી, રત્નકંબળ લઇ આવીઆજી. ॥ ૧ ॥ લાખ

લાખની વસ્તુ લાખેણી, એ વસ્તુ છે અતિ ઝેણી, કાંઇ પરિમલજી, ગઢ મઠ મંદિર પરિહરીજી. ॥ ૨ ॥ પૂછે ગામને ચોતરે, લોક મળ્યા વિધ વિધ પરે, જઇ પૂછયોજી, શાળીભદ્રજીને મંદિરેજી. ॥ ૩ ॥ શેઠાણી સુભદ્રા નિરખેજી રત્ન કંબળ લેઈ પરખેજી, લેઈ પોચાડીજી, શાળીભદ્રને મંદિરેજી. ॥ ૪ ॥ તેડાવ્યો ભંડારીજી, વીશ લાખ નિરધારીજી, ગણી દેજ્યોજી એહને ઘર પોચાડજોજી. ॥ ૫ ॥ રાણી કહે સુણો રાજાજી, આપણું રાજ કીસે કાજજી. મુજે કાજે જી, એક ન લીધી લોંબડીજી. ॥ ૬ ॥ સુણ હો ચેલણા રાણીજી, એહ વાત મેં જાણીજી, પીછાણીજી, એ વાતનો અચંબો ઘણોજી. ॥ ૭ ॥ દાતણ તો જબ કરશુંજી, શાળીભદ્ર મુખ જોશુંજી, શણગારોજી, ગજ રથ ઘોડા પાલખીજી. ॥ ૮ ॥ આગળ કુંતલ હીંચાવતા, પાછળ પાત્ર નચાવતા, રાય શ્રેણિકજી શાળીભદ્ર ઘેર આવીયાજી. ॥ ૯ ॥ પહેલે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકીયો, કાંઇ જોજ્યોજી, આ ઘર તો ચાકર તણુંજી. ॥ ૧૦ ॥ બીજે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકીયો, કાંઇ જોજ્યોજી, આ ઘર તો સેવક તણુંજી. ॥ ૧૧ ॥ ત્રીજે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકીયો, કાંઇ જોજ્યોજી. આ ઘર તો દાસી તણુંજી. ॥ ૧૨ ॥ ચોથે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકીયો, કાંઇ જોજ્યોજી, આ ઘર તો શ્રેષ્ટી તણુંજી. ॥ ૧૩ ॥ રાય શ્રેણિકની મુદ્રિકા, ખોવાઈ ખોળ કરે જીકા, માય ભદ્રાજી, થાળ ભરી તવ લાવીયાજી ॥ ૧૪ ॥ જાગો જાગો મોરા નંદનજી, કેમ સૂતા આણંદ જી, કાંઇ

આંગણેજી, શ્રેણિક રાય પધારીયાજી. ।। ૧૫ ।। હું નવિ જાણું માતા બોલમાં, હું નવિ જાણું માતા તોલમાં, તુમે લેજ્યોજી, જિમ તુમને સુખ ઉપજેજી. ।। ૧૬ ।। પૂર્વે કદી પૂછતાં નહી, તો આમા શું પૂછો સહી, મોરી માતાજી, હું નવિ જાણું વણજમાંજી. ।। ૧૭ ।। રાય કરિયાણુ લેજોજી, મોહ માગ્યા દામ દેજોજી, નાણાં ચુકવીજી, રાય ભંડારે નંખાવી દીયોજી. ।। ૧૮ ।। વળતી માતા ઇમ કહે, સાચી નંદન સદ્દહે, કાંઇ સાચેજી, શ્રેણિક રાય પધારીયાજી. ।। ૧૯ ।। ક્ષણુમાં કરે કાંઈ રાજીયો, ક્ષણુમાં કરે બેરાજીયો, કાંઈ ક્ષણુમાંજી, ન્યાય અન્યાય કરે સહીજી. ।। ૨૦ ।। પૂર્વે સુકૃત નવિ કીધાં, સુપાત્રે દાન નવિ દીધાં, મુજ માથેજી, હજુ પણ એવા નાથ છે જી. ।। ૨૧ ।। અબ તો કરણી કરશુંજી, પંચ વિષય પરિહરશું જી, પાળી સંયમજી, નાથ સનાથ થશું સહીજી. ।। ૨૨ ।। ઇંદુવત અંગ તેજજી, આવે સહુને હેજજી, નખ શિખ લગીજી, અંગોપાંગ શોભે ઘણાજી. ।। ૨૩ ।। મુગતાં ફળ જિમ ચળકેજી, કાન કુંડળ ઝળકેજી, રાજા શ્રેણિકેજી, શાળિભદ્ર બોળે લીયોજી. ।। ૨૪ ।। રાજા કહે સુણો માતાજી, તુમ કુવર સુખ શાતાજી, હવે એહનેજી, પાછો મંદિર મોકલોજી. ।। ૨૫ ।। શાળિભદ્ર નિજ ઘર આવ્યાજી, રાયે શ્રેણીક ઘેર સીધાવ્યાજી, પછી શાળીભદ્રજી ચીંતા કરે મનમાં ઘણીજી. ।। ૨૬ ।। શ્રી જીનનો ધર્મ આદરૂં, મોહ માયાને પરિહરૂં, હું છાંડું જી ગજ રથ ઘોડા પાલખીજી. ।। ૨૭ ।। સુણીને માતા વીલખેજી, નારીઓ સઘળી તલ્લખેજી, તિણી વેળાજી અશાતા

પામ્યાં ઘણીજી. ।। ૨૮ ।। માત પીતાને ભ્રાતાજી સહું આળ પંપાળની વાતજી, ઇણ જગમાજી, સ્વારથના સર્વે સગાજી ।। ૨૯ ।। હંસ વિના શા સરોવરિયા, પીયું વિના શા મંદરિયાં, મોહ વશ થતાજી, ઉચાટ એમ કરે ઘણોજી ।। ૩૦ ।। સર્વ નીર અમૂલ્યજી, વાટકડે તેલ કુલેલજી, શા ધન્નેજી શરીર સમારણ મા દીયોજી. ।। ૩૧ ।। ધન્ના ઘેર સુભદ્રા નારીજી, બેઠા મોલ મુઝારીજી, સમારતાંજી એકજ આંસું બેરીયુંજી. ।। ૩૨ ।। ગોભદ્ર શેઠની બેટડી, ભદ્રાબાઇ તોરી માવડી, સુણ સુંદરીજી, તે કેમ આંસુ બેરીયુંજી. ।। ૩૩ ।। શાળીભદ્રની બેનડી, બત્રીશ લોજાઇની નણંદલી, તો તારેજી શા માટે રોવું પડેજી ।। ૩૪ ।। જગમાં એકજ ભાઇ માહરે, સંજમ લેવા મન કરે, નારી એક એકજી, દિન દિન પ્રત્યે પરિહરેજી. ।। ૩૫ ।। એતો મિત્ર કાયરૂં, શુ લે સંજમ ભાયરૂ, જીભલડીજી, મુખ માથાની જુદા જાણવીજી ।। ૩૬ ।। કહેવું તો ઘણું સોહેલું, પણ કરવું અતિ દોહલું, સુણો સ્વામીજી, એહવી ઋદ્ધિ કુણ પરિહરેજી. ।। ૩૭ ।। કહેવું તો ઘણું સોહલું, પણ કરવું અતિ દોહેલું, સુણ સુંદરીજી, આજથી ત્યાગી તુજનેજી. ।। ૩૮ ।। હું તો હસતી મલકીને,તુમે કીઓ તમાસો હલકીને, સુણો સ્વામીજી, અમતો ચીંતા નવિ ધરૂજી. ।। ૩૯ ।। ચોટી અંબોડો વાળીને, શાહ ધન્નો ઉઠ્યા ચાલીને, કાંઈ આવ્યાજી, શાળિભદ્રને મંદીરેજી. ।। ૪૦ ।। ઉઠો મિત્ર કાયરૂં, સંજમ લઇયે ભાયરૂ, આપણ દોયે જણજી, સંયમ શુદ્ધ આરાધીયેજી. ।। ૪૧ ।। શાળીભદ્ર વૈરાગીયા, શા ધન્નો અતિ ત્યાગીયા,

દોનું રાગીયાજી, શ્રી વીર સમીપે આવીયાજી. ।। ૪૨ ।। સંયમ મારગ લીનોજી, તપસ્યાએ મનભીનોજી શાહ ધન્નોજી, માસ ખમણ કરે પારણાજી. ।। ૪૩ ।। તપ કરી દેહને ગાળીજી, દુષણ સઘળાં ટાળીજી, વૈભાર ગીરિજી, ઉપર અણસણ આદર્યોજી. ।। ૪૪ ।। ચઢતે પરિણામે સોયજી, કાળ કરી જણ દોયજી, દેવગતિયેજી, અનુત્તર વિમાન ઉપન્યાજી. ।। ૪૫ ।। સુર સુખને તિંહાં ભોગવી, ત્યાંથી દેવ દોનું ચવી, વિદેહેજી, મનુષ્યપણું તેહ પામશેજી. ।। ૪૬ ।। સુધો સંયમ આદરી, સકળ કર્મને ક્ષય કરી, લહી કેવળજી, મોક્ષ ગતિને પામશેજી. ।। ૪૭ ।। દાન તણા ફળ દેખોજી, ધન્નો શાળીભદ્ર પેખોજી, નહિ લેખોજી, અતુલ સુખતિહાં પામશેજી. ।। ૪૮ ।। ધર્મ જાણી સુપાત્રને પેખાજી, જિમ વેગે પામો મોક્ષોજી, નહિ ઝોખોજી, કદીયે જીવને ઉપજેજી. ।। ૪૯ ।। ઉતમના ગુણ ગાવેજી મનવંછિત સુખ પાવેજી, કહે કવિજનજી શ્રોતાજન તુમે સાંભળોજી. ૫૦ ।। ઈતિ.

अथ थावच्चाकुमारनी सज्झायो.

ढाल १ ली.

માય કહે થાવચ્ચા પ્રત્યેરે વાલા, સાંભલ માહરી વાતરે વાલા, આતમના પ્યારા મારારે વાલા, સોભાગી સુજાતરે, પુત્ર વાલારે, મીઠા બોલારે, મોહનગારારે, આજ્ઞા નહીં દઉં. ।। ૧ ।। બત્રીશે ભલી ભામિનીરે વાલા, ભોગવો ઇણશું ભોગરે, દિવસ નહિ એ યોગનોરે વાલા, વૃદ્ધપણે લેજો યોગરે. પુ૦ મી૦ મો૦ ।। ૨ ।। રયણ સોવન મોતી

ધણારે વાલા, ધનનો નહીં છે પારરે; ખાએો પીએો સુકૃત કરોરે, વાલા ખરચેો ઇણે સંસારરે. પુ૦ મી૦ મેા૦ ।।૩।। સુખ આવ્યા જે હાથમાંરે વાલા, પરભવ ચિત કેમ જાયેરે; કેડ ન મુકું પુત્રનીરે વાલા, સ્ત્રી મન આશા થાયરે. પુ૦ મી૦ મેા૦ ।। ૪ ।। સાધુ માર્ગ છે દેાહિલેારે વાલા, જેહવી ખડગની ધારરે, પંચમહાવ્રત મેાટકારે વાલા; દુષ્કરતા આચારરે. પુ૦ મી૦ મેા૦ ।। ૫ ।। બાવીશ પરિસહ જીતવારે વાલા, લેાચેવા શિર કેશરે, ભાત પાણી લેવા સુજતાંરે વાલા, બ્રહ્મવૃત કેમ પાલિશરે. પુ૦ મી૦ મેા૦ ।।૬।। મેાહ તણે વશ માતા કહેરે વાલા, એણીપરે વચન સુ હેતરે, લેાગ થકી જો એાસરેારે વાલા, વાત ન આવે ચીતરે. પુ૦ મી૦ મેા૦ ।। ૭ ।। સંપુર્ણ.

ઢાલ ૨ જી.

આવેાને નેમજી નાહલા, અથવા બાર માસીની દેશી.

માવડીરે જે કહેા છેા તે સાચું સહી, માહરે ન આવે દાય મારી માતા, સંયમ લેશું માતજી, સાચા જેમ સુખ થાય મેારી માતા, થાવચ્ચેા કહેરે માતા પ્રતે. ।।૧।। માવડીરે વિષય ખુતા જે માનવી, તેહને દેાહિલેા હેાય મેારી માતા, શૂરા નરને સેાહિલેા, સંયમ વીચારી જોય મેારી માતા. થા૦ ।। ૨ ।। માવડીરે આ સંસાર અસાર છે, દુઃખમા પુર્યો છે લેાક મેારી માતા, જનમ જરા ભય મરણુનેા, દેહમાં છે બહુ રેાગ મેારી માતા. થા૦ ।।૩।। માવડીરે લક્ષ્મી ચંચલ જાણીએ, વિજળી જેમ જબુકાર મેારી માતા, અથિર કુટુંબની પ્રીતડી, આખર ધર્મ આધાર

મોરી માતા. થા૦ ।। ૪ ।। માવડીરે કામિની રંગ પતંગની, સાચો ન પાળે સ્નેહ મોરી માતા, મોક્ષ માર્ગની દ્વેષિણી, તિણશું કિસ્યો સનેહ મોરી માતા. થા૦ ।। ૫ ।। માવડીરે લાખ ચોરાશી ફેરા ફર્યો, કર્મ તણે પરિમાણ મોરી માતા, માનવ ભવ પુન્યે પામીઓ, હવે કેમ થાઉ અજાણ મોરી માતા. થા૦ ।। ૬ ।। માવડીરે દીનમુખે રડતી માતા કહે, લ્યો દીક્ષા કુમાર મોરા પુત્ર, ધર્મ યત્ન કરજો ઘણી, જેમ જીવને હિતકાર મોરા પુત્ર, થાવચ્ચો કહેરે માતા પ્રત્યે. ।। ૭ ।। સંપુર્ણ.

ઢાલ ૩ જી.

જીવડા તુ મ કરીસ નિંદા પારકી–એ દેશી.

થાવચ્ચા ગાહાવયણીરે ભેટણું લઇને, આવ્યા શ્રી કૃષ્ણની પાસ, હે સ્વામી મુજ પુત્ર તે એક છે, લેશે સંજમ ભાર, થાવચ્ચા ગાહાવયણી ભેટણું લઇને. ।। ૧ ।। તે માટે સ્વામીમુજ દીજીએ, છત્ર ચામર વાજીંત્ર; દીક્ષા મહોત્સવ કરવા કારણે, મન ઉમાયો વિચિત્ર. થા૦ ।। ૨ ।। કૃષ્ણ કહે શેઠાણી સાંભલો, તમે પધારોરે ઘેર, દીક્ષા મોહોત્સવ અમે કરશું સહી, તમારા કુવરનુંરે જેહ. થા૦ ।। ૩ ।। કૃષ્ણ આવ્યાં ત્યાં હરષે અતિ ઘણાં, થાવચ્ચા કુમરને રે ગેહ, દીક્ષા લ્યો છો સ્યા કારણે, મુજને કહોનેરે તેહ. થા૦ ।।૪।। કૃષ્ણ કહે થાવચ્ચાકુવરને, મુજ છત્ર છાયારે કુવર તુમે વસો, ભોગવો સુખ શિરતાજ; પીડાકારીરે તુજને જે હુવે, તેહને વારૂરે આજ, કૃષ્ણ કહે થાવચ્ચાકુવરને. ।।પા। દુઃખકારી નર મુજને કો નહી, સ્વામી તુમે આધાર; પણ

મુજ જીવને દુઃખ દીયે ત્રણ જણા, મુંકું તેણે સંસાર; થાવચ્ચો કહેરે શ્રી કૃષ્ણ પ્રતે. ।।૬।। કૃષ્ણ કહે રે તે નર કોણ છે, નામ કહોને કુમાર, જનમ જરાને મરણ એ દુઃખ દીયે, કાયા દુઃખનો ભંડાર. થા૦ શ્રી કૃષ્ણ૦ ।। ૭ ।। એહને વારોરે જો સ્વામી તુમે, તો રહું હું સંસાર, તેહને વારીરે હું પણ નવી શકું, મનુષ્યને વારૂ કુમાર. કૃષ્ણ૦ થા૦ ।। ૮ ।। જીનવર સુરવર ચક્રી જે થયા, તેણે નવી વાર્યારે એહ, કર્મ ક્ષય કરી છુટે એ સહી, લ્યો દીક્ષા ધરી નેહ૦ કૃષ્ણ૦ થા૦ ।। ૯ ।। સાદ પડાવ્યોરે નગરી દ્વારીકા, રાજા અથવા કુમાર, શેઠ સેનાપતિ જે લીયે; પાળું તસ પરિવાર. કૃષ્ણજી કહેરે નીજ લોકો પ્રત્યે. ।।૧૦।। થાવચ્ચાકુવર દીક્ષા લે સહી, મુકી ધન પરિવાર; તેહના રાગીરે સહસ પુરૂષ થયા, સંજમ લેવા ઉદાર. કૃષ્ણજી૦ નિજ૦ ।। ૧૧ ।। ઓત્સવ મોહત્સવ કૃષ્ણ રાજા કરે, ખરચે બહુલારે દામ. શિબિકા બેસીરે નિજ નિજઘર થકી, આવ્યા રૈવત વન ઠામ. કૃષ્ણ૦ નિજ૦ ।। ૧૨ ।। સ્વ હસ્તે દીક્ષા દીધી નેમજી, હુઆ થાવચ્ચા અણગાર, શિષ્ય પોતાનારે કરીને થાપીઆ; મહિયલ કરે વિહાર. કૃષ્ણ કહે ધન થાવચ્ચા સાધુને૦ ।। ૧૩ ।। અનુક્રમે આવ્યારે સેલંગપુર સહિ, સેલંગ રાયે શ્રાવક કીધ; સૌગંધીકા નગરેરે, થાવચ્ચા આવિયો, સુદર્શણ વૃત લીધ. કૃષ્ણ૦ ધન્ય૦ ।। ૧૪ ।। વાત સુણીનેરે શુક તીહાં આવીયો, સહસ સન્યાસી સંઘાત; મારો શિષ્યરે એણે ભોળવ્યો, કરે થાવચ્ચા શું વાત. કૃષ્ણ૦ ધન્ય૦ ।। ૧૫ ।। પ્રશ્ન પડુતર સુક બહુ પુછીઆ, કુટિલપણે

ઉલ્લાસ, ચઉદ પુર્વધારી થાવચ્ચા મુનિવરૂ; પ્હોંચાહે કેમ તાસ. કૃષ્ણ૦ નિજ૦ ।।૧૬।। ખોટો ધર્મ મિથ્યાતનું મુકીને, શ્રી શુક થયેા અણગાર, સહસ સન્યાસીરે દીક્ષા લે સહિ; હુઆ ચઉદ પુરવધાર. કૃષ્ણ૦ ।। ૧૭ ।। માસ અણસણરે સહસ સાધુસું, શેત્રુંજે દીધસંથાર, થાવચ્ચા મુનિવર કેવલ પામીને, લીધુ સિવપદ સાર. કૃષ્ણ કહે ધન્ય થાવચ્ચા મુનિવર. ।। ૧૮ ।। સંપુર્ણ.

ઢાલ ૪ થી.

ભવી તમે જોજોરે સંસારના નાતરા-એ દેશી.

સેલંગપુર આવ્યાહેા શુકમુનિવરૂરે, સહસ શિષ્ય પરિવાર, સેલંગરાજાહેા પાંચસે મંત્રીશુંરે, વાંદા ચરણ ગુણધાર. ।। ૧ ।। હું ગુણ ગાઉંરે, થાવચ્ચા મુનિ પરિવારનારે; ઉત્તમ અરથ ભંડાર સુત કેવલી, અણગાર ભવી જીવા સુખકાર. હું ગુણ૦ એ આંકણી૦ વૈરાગ પામીહેા સેલંગરાયજીરે, મંડુકને દઇ રાજ, દીક્ષા લીધીહેા પાંચસે મંત્રીશુંરે, કરે ધર્મના કાજ. હું ગુણ૦ ।। ૨ ।। શુક આચાર્યહેા પુંડરીકે ચડીરે, પાદેા પગમન સંથાર; સાધુ સહસનાહેા પરિવારે કરીરે, લઇ મુક્તિ સુખકાર. હું ગુણ૦ ।। ૩ ।। સેલંગ રૂષીહેા વિહાર કરતા થકારે, અંત પ્રાંત આહાર, રેાગે વ્યાપીહેા કાયા તેહનીરે, આવ્યા નિજપુર સાર. હું ગુણ૦ ।। ૪ ।। તાત શરીરેહેા રેાગ દેખી કરીરે, મંડુક કરે ઉપચાર, વિવિધ પ્રકારેહેા ઔષધીએં કરીરે, સમાન્યેા રેાગ તેણીવાર. હું ગુણ૦ ।। ૫ ।। આહાર તણે રસેહેા તે થયા લેાલુપીરે, શ્રી શેલંગ રૂષીરાય, પડિ-

ક્રમણાદિક કિરિયાને વિષેરે, પ્રમાદી હુઆગુ રૂરાય. હું ગુણ૦ ।। ૬ ।। પાંચસે સાધુહો મનમાંહે ચિંતવેરે, રહેવું નહિ એક ઠામ, પંથક શિષ્યને પાસે થાપીનેરે, ચાલ્યા મુનિવર સુજાણ. હું ગુણ૦ ।। ૭ ।। કાર્તિક ચોમાસુહો આહાર કરી ગણોરે, સુતા સેલંગ રૂષીરાય, પંથક ખમાવણહો પક્ષિમણા સમેરે, આવ્યો તે મુનિ ચિત્ત લાય. હું ગુણ૦ ।। ૮ ।। શિષ્ય સંગટેહો તતક્ષણ જાગીયોરે, ક્રોધ ચડયો વિકરાલ, સુખભર સુતાહો મુજને જગાડીયોરે, એહવો કોણુરે ચંડાલ. હું ગુણ૦ ।। ૯ ।। પંથક નામેહો સ્વામી હું શિષ્ય છુંરે, ખમજો મુજ અપરાધ, આજ પછી હું અવિનય નવિ કરૂંરે, શ્રી જિનવચન આરાધ. હું ગુણ૦ ।।૧૦।। પંથક વયણેહો મુનિ પ્રશ્ન થયોરે, આવ્યો શુદ્ધ આચાર, હું અજ્ઞાનીહો પાસ થો થયોરે, કરશું શુદ્ધ વિહાર, હું ગુણ૦ ।। ૧૧ ।। મુંડુકરાયને હો પ્રભાતે પૂછીનેરે, ચાલ્યો સેલંગ રૂષીરાય, પાંચસો સાધુહો આવીને મલ્યારે, વાંદ્યા ગુરૂનારે પાય. હું ગુણ૦ ।। ૧૨ ।। કઠણ તપ કરીહો કર્મ ખપાવીયારે, શત્રુંજય કરી સંથાર, અઢી હજાર સાધુ મુકતે ગયારે, થાવચ્ચાદિક પરિવાર. હું ગુણ૦ ।। ૧૩ ।। ગુણ મેં ગાયાહો ઉત્તમ સાધુનારે, નામે પાપ પલાય, ભણે ગુણે જે ભવિયણ ભાવશુંરે, તસ ઘર નવ નિધી થાયે. હું ગુણ૦ ।। ૧૪ ।। ગચ્છનાયકહો શ્રી ભાગચંદ્રજીરે, ઉત્તમ શ્રી પૂજ્ય નામ, શાસનમાંહેહો ગોવર્ધ મુનિવરૂરે, સાધુ ગુણે અભિરામ. હું ગુણ૦ ।। ૧૫ ।। શિષ્ય રાયચંદહો કહે હરષે કરીરે, ગુણ ગાયા અણગાર, જ્ઞાતા સૂત્ર અધ્યયન પાંચમેં કહ્યોરે, થાવચ્ચા મુનિ અધિકાર. હું ગુણ૦

।। ૧૬ ।। સંવત સતરસો સતાણુંએરે, વિજયા દશમી સાર,
ચાર ઢાલે થાવચ્ચા ગુણ ગાઇયારે, નવારે નગર મોજાર.
હું ગુણ ગાઉંરે થાવચ્ચા મુનિ પરિવારનારે. હું ગુણ૦ ।।૧૭।।
ગુણ ગ્રાહક શ્રાવક આગ્રહે કરીરે, રહ્યા બીજુ ચોમાસ;
શ્રી ભગવંતતણા પ્રસાદથીરે, સંગની ફલજો હો આશ.
હું ગુણ૦ ।। ૧૮ ।।

કલશ

થાવચ્ચા ગાયા સુજસ પાયા, હર્ષ મનમાં અતિ ઘણો,
રૂદ્ધિ વૃદ્ધિ સુખ સંપત્તિ કારક, શ્રી સંગ કોડી વધામણાં.

ઇતિ થાવચ્ચા કુમારનું ચોઢાલીયું સંપૂર્ણ.

ગજસુકુમાલની સજ્ઝાય પ્રારંભ.

સોનાં કેરા કાંગરાને, રૂપા કેરાં ગઢરે, કૃષ્ણજીની દ્વારીકા, જોવાની લાગી રઢરે, ચીરણજીવો કુંવર તુમે ગજ સુકુમારરે, આ પુરા પુને પામેઆ. ।। ૧ ।। નેમ જીણંદ આવ્યા, વંદન ચાલ્યા ભાઇરે, ગજ સુકુમાર વીરો, સાથે બોલાઇરે. ચીરણજીવો૦ ।। ૨ ।। વાણી સુણી મીઠી લાગી, મન મોયું એમાંરે, જૈન ધર્મ વિના, સાર નથી સેમાંરે. ચીરણજીવો૦ ।। ૩ ।। ઘરે આવી એમ બોલે, આજ્ઞા દીયો માતારે, સંજમ લેશું સુખે, જેથી પામુ શાતારે. ચીરણજીવો૦ ।। ૪ ।। કુમરની વાણી સુણી, મૂછોણી માડીરે, કુમર કુમર કેતાં, આંખે નથી માતા પાણીરે. ચીરણજીવો૦ ।। ૫ ।। હૈયા કેરો હાર જાયા, તજી કેમ જાશોરે, દેવના દીધેલા તુમ વિના, સુખ નવિ

થાસેરે. ચીરણુજીવો૦ ।। ૬ ।। સંજમ ખંડાની ધાર, એમા નથી સુખરે, બાવીશ પરિસહ જીતવા, એ છે અતિ દુઃખરે. ચીરણુજીવો૦ ।। ૭ ।। દુખથી બળેલો દેખું, સંસાર આ ખોટોરે, કાયાને માયા જાણું, પાણીનું પરપોટોરે. ચીરણુજીવો૦ ।। ૮ ।। જાદવ કૃષ્ણ એમ ભણે, રાજ કરો ભાઇરે, આજ્ઞા આપો આણા સ્થાપો, છત્ર શિર ધારોરે. ચીરણુજીવો૦ ।। ૯ ।। સોનાની થેલી કાઢો, ભંડારી બોલાઇરે, ઉઘો પાત્રા લાવો તમે, દીક્ષા દીઓ ભાઇરે. ચીરણુજીવો૦ ।। ૧૦ ।। આજ્ઞા પામી મોહોછવ કીધો, દીક્ષા આપે લીધીરે, દેવકી કહે છે જાયા, સંજમે ચિત સ્થાપોરે. ચીરણુજીવો૦ ।। ૧૧ ।। મુજને તજીને જાયા, માતા મત કરજેરે, કર્મ ખપાવી ઇણ ભવ, વેલો મુક્તિ વરજેરે. ચીરણુજીવો૦ ।। ૧૨ ।। ગુરૂ આજ્ઞા લઈ કરી, મશાણે કાઉસ્સગ કીધોરે. સસરાયે ખીરાઠવ્યા, શાંત રસ પીધોરે. ચીરણુજીવો૦ ।। ૧૩ ।। વેદના અનંતિ સહી, દોષ નવી જોયુરે, ઘર ભાતો લઈ કેવળ મુકિતએ મન મોયુંરે. ચીરણુજીવો૦ ।। ૧૪ ।। ધન કુમર જનમેઆ, ગજ સુકુમાર નામરે, સમરથ થઈ જેણે, સાર્યા આતમ કામરે. ચીરણુજીવો કુમર તુમે ગજ સુકુમારરે. ।।૧પા।।સંપૂણ.

નેમકુમારની સજ્ઝાય.

રાગ–સોના કેરાં કાંગરાને.

ધન ધન નેમકુમાર, જેણે સંજમ લીધોરે; પશુડા છોડાવી જેણે આતમ કાર્ય કીધોરે. ચીરંજીવો નેમકુમાર બાળ બ્રહ્મચારીરે, આ બાવીસમાં તીર્થંકર થયા. ।। ૧ ।।

સૌરીપુર નગરીમાં, સમુદ્રવિજય રાજારે, માતા શિવાદેવી કુખે, પ્રભુ જન્મ ધારીરે. ચીરણુ૦ ।। ૨ ।। ચૌદ સુપન્ન માતા જુવે, હરખે ઉઠી જાગેરે, રાજા પાસે જઇ કરી; સ્વપના કૂલ પૂછેરે. ચીર૦ ।।૩।। રાજા કહે સુણો રાણી, સ્વપના તમે દીઠારે, તેનો ફૂલ છે મોટો, પુત્ર રત્ન થાશેરે. ચિર૦ ।।૪।। રાણી હરખે ભરાણી, સુખેદિન કાઢેરે; પુરણ માસે પ્રભુ જન્મેયા,જય જય થાયેરે.ચિર૦।।૫।। છપન્ન કુમરીઓ આવે, માતાને નમેરે; ચોસઠ ઇંદ્રો આવી, મેરૂગિરિ નવરાવેરે. ચિર૦ ।।૬।। માતા પિતા યોવન જાણી, પ્રભુને પરણાવેરે, પશુડાં પોકાર સુણી, રથ પાછો વાળેરે. ચિર૦ ।।૭।। ગોખેં ઉભી રાજીમતિ, વિલાપને કરતીરે, નેમજી કરૂણા આણો; નવ ભવની પ્રીતીરે. ચિર૦ ।। ૮ ।। નેમપ્રભુ જઈ ચઢયા, ગઢ ગીરનારરે, સહસા વનમાં સંજમ લીધો, પંચ મુષ્ટી લોચેરે. ચિર૦ ।। ૯ ।। રાજીમતિ પ્રભુ પાસે, દિક્ષા લેવે ભારીરે, નેમપ્રભુ કેવલ પામ્યા; કર્મોને વામીરે. ચિર૦ ।। ૧૦ ।। રાજીમતી પ્રભુ પહેલાં, મોક્ષમાં જાવેરે; નેમપ્રભુ પ્રિતિ પાળવા, પાછળ શિવ જાવેરે. ચિ૦ ।।૧૧।। સંવત ઓગણીશ મંગલવારે, ગુણ ગાયા પુષ્પે રે; હાથ જોડી માન મોડી, નમે મનોહારીરે. ચિરંજીવો. ।। ૧૩ ।। સંપુર્ણ.

ચંદનબાળાની સજ્ઝાય.

રાગ–સોના કેરાં કાંગરાને.

ચંપાનગરી ભાગ્યવંતી દધીવાન રાજારે, ધારિણી રાણી રૂપે રંભા સમાણીરે; ધન્ય ધન્ય કુંવરી નામે વસુમતિ બાળારે, વીરનાં અભિગ્રહ પૂર્યાં. ।। ૧ ।। દધીવાન

શતાનિક લડતા, દધીવાન હારેરે; ધારણી રાણી કુંવરી, સુભટે હરાણીરે. ધન્ય૦ ॥૨॥ રાણી પૂછે સુભટને, અમને શું કરશોરે, પુંછતા પાપી બોલ્યેા; કરીશ ઘર નારીરે. ધન્ય૦ ॥૩॥ તેહના વચન સુણતાં, પ્રાણ તજ્યા રાણીરે; કુંવરીને લઈ કરી, નીજ ઘર આવ્યેારે. ધન્ય૦ ॥ ૪ ॥ નારીના વચનેા સુણી, વેચવાને ચાલ્યેારે, ચેાવટે લઇને આવ્યેા; વેશ્યા મુલ પૂછેરે. ધન્ય૦ ॥૫॥ વસુમતિ કુંવરી, વેશ્યાને જોઈ બેાલેરે; તમારા ઘરની રીતેા, કહીને સંભળાવેારે. ધન્ય૦ ॥ ૬ ॥ મદીરા માંસનું આહાર, નિત્ય નવા શણગારીરે, શિયલ સંરક્ષણે; શાસનદેવી સમરીરે. ધન્ય૦ ॥ ૭ ॥ વેશ્યાથી છેાડાવીને, ધનેા શેઠ લેવેરે, ભલુ કરીયું કુમરી ભણે; તમ ઘર શેા આચારરે. ધન્ય૦ ॥૮॥ પેાષા પ્રતિક્રમણા બાઈ, નિત્ય ચેાવિહારરે; દેવવંદન પૂજન, જીવદયા પાળીરે. ધન્ય૦ ॥ ૯ ॥ શેઠ તેડી ઘેર આવ્યા, આનંદ અંગ ન માયરે; ચંદનબાળા નામ થાપે, ધર્મ પુત્રી જાણેરે. ધન્ય૦ ॥ ૧૦ ॥ શેઠના પગ ધેાતાં, વેણી શેઠ ઉપાડેરે, મુલા શેઠાણી જોતાં; વહેમે ભરાણીરે. ધન્ય૦ ॥ ૧૧ ॥ શેઠ ગયા પરગામે, નાવીને તેડાવીરે; મસ્તક મુડાવી હાથે, પગે બેડી ઘાલીરે. ધન્ય૦ ॥ ૧૨ ॥ એમ ચિંતવી ચંદનબાળા, અઠ્ઠમ કરે ચેાવિહારીરે, મહાસતિ મનમાં; સમતા રાખે ભારીરે. ધન્ય૦ ॥૧૩॥ એણે અવસરે શેઠ આવે, ન દેખે કુંમારીરે; ડેાસીએ સર્વે વાત કહી, શેઠ ઓરડેા ખેાલેરે. ધન્ય૦ ॥૧૪॥ ચંદનબાળાની અવસ્થા દેખી; શેઠને દુઃખ થાયેરે, ઉંબરા વચ્ચે બેસાડી, બાકુળા

અડદનાં આપેરે. ધન્ય૦ ।। ૧૫ ।। શેઠ લુહાર તેડવા જાયે, કુંમરી ભાવના ભાવેરે, ઇણ અવસરજો કોઈ; મુનિમહારાજ આવેરે. ધન્ય૦ ।।૧૬।। સુપડામાં બાકુળાં લઇ,ચંદનબાળા ઉભીરે,પૂરવ પૂણ્યે વીર પ્રભુ ત્યાં આવી પધારેરે.ધન્ય૦ ।।૧૭।। ષટ માસઅભિગ્રહ ધારી, ત્યાં પ્રભુ આવેરે, તેર બોલમાં એક છે ઓછો પાછા પ્રભુ જાવેરે. ધન્ય૦ ।।૧૮।। કલ્પવૃક્ષ આવીને જાવે, ચંદનબાળા રોવેરે, હજી મુજ કર્મ ભારી ત્યારે પ્રભુ જોવેરે. ધ૦ ।। ૧૯ ।। પાછા વળી બાકુલા વોહરે દેવ દુદ્રંભી વાગેરે, વૃષ્ટિ સોવન તણી તત્કાળ થાવેરે. ધ૦ ।। ૨૦ ।। બેડી તુટી ઝાંઝર થાવે, મસ્તકે વેણી રૂડીરે, જય જય શબ્દ થાવે, અચરજ સહુને થાયેરે. ધ૦ ।।૨૧।। ધન લેવા નરપતિ આવે, મુલાને મન થાયેરે, ચક્કેસરી સહુને કહે, સુણો કાન દઇરે. ધ૦ ।। ૨૨ ।। ચંદનબાળા દીક્ષા લેશે ત્યારે ઓછવ થાસેરે, એમ સુણી સહુ જાવે, શેઠ રાજી થાયરે. ધ૦ ।। ૨૩ ।। એવે અવસરે શ્રી વીર પ્રભુ થયા કેવલધારીરે, ચંદનબાળા વાત સુણી હૈડે હરખાણીરે. ધ૦ ।। ૨૪ ।। વીરપાસે દીક્ષા લીધી સુખે સંજમ પાળેરે, સહસ છત્રીશમાંહે હુવા શિરધારીરે. ધ૦ ।।૨૫।। કર્મ ખપાવી કેવલ પામી હુવા મોક્ષ ગામીરે, એવા સતીના ગુણ ગાતા હોવે ભવ પારીરે. ધ૦ ।। ૨૬ ।। એવું જાણી ભવી પ્રાણી શીયલ પાળો પ્રેમેરે, દાનતણો મહિમા મોટો, સુણો નરનારીરે. ધ૦ ।। ૨૭ ।। સંવત ઓગણીશ નેવું સાલે સઝાયે જોડી ભાવેરે, ગામ નલીઆમાં રહી પુષ્પ નમે પ્રેમેરે. ધ૦ ।। ૨૮ ।। ઇતિ.

અથ વૈરાગ્યોપદેશ સજ્ઝાય.

ધન ધન શાસન મંડલ મુનિવરા—એ દેશી.

ધર્મ ન પામેરે બહુલ સંસારીઆ, મોહે અંધ ગેમાર, આપ ન જાણેરે સાર અસારને ન સુણે આગમ સાર. ધર્મ ॥ ૧ ॥ બાલપણામાંરે રમત વિષે રતિ, યૌવન તરૂણીરે રંગ, વૃદ્ધપણામાંરે ચિંતા અતિ ઘણી, ન કરે સદ્ગુરૂ સંગ. ધ૦ ॥ ૨ ॥ ચઉટે બેસીરે કર્મ કથા કરે, વિણ સ્વાર્થ નિત્ય મેવ, વિણ વિચારેરે વાચા બોલતાં, અવગુણ લેવારે ટેવ. ધ૦ ॥ ૩ ॥ તન ધન યૌવન મદ-માતો રહે, કરતો નવ નવ રંગ, ઉલટ જેમ અતિ ઉદભટ વેસથી, શોભાવે નિત્ય અંગ. ધ૦ ॥ ૪ ॥ ધર્મગુરૂ વલી દેવજ બોલવે, દ્રવ્ય ગણે ભગવંત, વ્યભિચારાદિક નીચ કુમારગે, પૈસાનું કરે અંત. ધ૦ ॥ ૫ ॥ માને ઉન્નત જિમ તરૂવર શુકકેા, નિજ અંકારેરે લીન ગુણીજન કેરા રે, વિનય ન સાચવે મૂર્ખતા મતિ હીન. ધ૦ ॥ ૬ ॥ અમૂલ્ય નરભવ ખોવે સહજમાં, જૂઠાઈમાંરે જાય, ફરિ ફરિ મળવેારે દુર્લભ જીન કહે, બેરા બૂસટ ન્યાય. ધ૦ ॥ ૭ ॥ ચેતો ચેતોરે ચેતો પ્રાણીયા, ન મલે આવેારે ચેાગ, રવિચંદ્ર કહે પસ્તાશેા પછી, મળતા યમનેારે ચેાગ. ધર્મ૦ ॥ ૮ ॥ ઇતિ.

અથ મૈત્રી ભાવના પદ.

અવધુ સેા જોગી ગુરૂ મેરા એ દેશી.

સંતેા મૈત્રી ભાવના ભાવેા, શત્રુ ભાવ ન સાવેા.

